॥ ॐ ॥

रस र्वणा

યાને

સ્વાત્માનુભવ લહરિ

ભાગ ૧ લો.

રચનાર—પ્રભુલાલ પ્રીતમલાલ. પઢિયાર, ચોરવાડકર.

મુ. જુનાગઢ (કાઠિઆવાડ)

પ્રકાશક—શેઠ પુરૂષોત્તમ નાનજી ઠકકુર

કેસોદ—(કાઠિયાવાડ)

પ્રત ૧૦૦૦. પ્રથમાવૃત્તિ. સને ૧૯૧૪.

અમદાવાદ—શાહપુર નવીપોળમાં પટેલ દલપતરામ મકનદાસે

પોતાના શ્રી " પ્રજાહિતાર્થ પ્રેસમા " છાપ્યું.

કિંમત રૂપિયા ૧-૧૨-૦

આ પુસ્તક રાજ્યનિયમાનુસાર

રજીસ્ટર કરાવ્યું છે.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

(ગ્રાહકોની સંખ્યા એકદમ વધી જવાથી ઘણી જુજ
પ્રતો બાકી છે વ્હેલો તે પહેલો.)

રા. નવનિધરાય ઇચ્છાશંકર કીકાણી
ઠે૦ બજાર ફળીયામા જુનાગઢ (કાઠીઆવાડ.)

મે. કાહરીસાહેબ
જેતલસર જંકશન (કાઠીઆવાડ.)

વૈદ્ય હિંમતરામ નારાયણજી પઢિયાર
સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય—**અમદાવાદ.**

શેઠ પુરૂષોત્તમ નાનજી ઠક્કુર
કેશોદ (કાઠીયાવાડ.)

ૐ

અર્પણમ્

સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ

વ્યાસજી બાપા મૂળશંકર મયારામ

ની ત્રિકાળ પવિત્ર સેવામાં,

મુ. શ્રી જુનાગઢ.

આપશ્રીના સદ્દુપદેશ રૂપી ફુક વડે હૃદયકર્ણ ફુંકાતાં જે આનંદોર્મીના ઉભરા ઉભરાયા તેના સમૂહ રૂપ આ વીણા આપના પાદ પંકજે વિરામવામાં આવે છે તેને સ્વીકારી અખંડ વિશ્રામ આપો એવી પ્રાર્થના કરનાર

ચર્ણરજ

પ્રભુલાલ પ્રીતમલાલ પઢીયાર

ચોરવાડકર.

ના સવિનય સા—દં. પ્ર.

સ્વર્ગસ્થ સ્નેહિ બન્ધુ છોટાલાલ પદમશી

પ્રત્યે પ્રેમ પુષ્પાંજલી.

રાગ મેવાડો.

કારમો કીધો ઘા ! છેટુ ભા ! કારમો કીધો ઘા ! ટેક.
ભવની ભારી ભીડમા ભુંડા ! ભાવ ભૂલ્યો શુ ભા !
સુત નારીને સ્નેહીઓ સર્વે, છોડયા બાપને મા ! છે૦
તાર વિણાનો મૂકી હતો તું, કેમ તૂટયો તજી ઠા !
હાય ! હવે કો આ ધી કહેશે, ભાઇ ! વિણા ગા ! ગા ! છે૦
તાર તૂટંતા આજ વિણાનો, અંત થયો છે હા !
ભગ્ન દિલે વાજીંત્ર નકામું, સમજુ સમજી જા ! છે૦
ચિંતામણી પ્રભુરામને નામે, નાખુ આકરી ધા !
સાભળી સ્નેહી શોર અરે ! ૨ ! આવ બુઝાવા તા ! છે૦

રાગ સોરઠ ત્રિતાલ.

કાચા કરમાતા લે હૃદય કુસુમ કુસુમાંજલી રે
પ્રિય પુષ્પાંજલી રે; ટેક

ખીલ્યા ટાણે હા ! કરમાણુ, સ્નેહ ન ભાળી શુ શરમાણુ,
સિરજનાર ! છો તું શાણું, આ સુમનાંજલી રે. કા૦
સાથીને રડવડતા મેલી, ચાલ્યું તું ચોળાવી શેલી,
કબુલ કર પ્રિય ! છેલ્લી, હા ! જલાંજલી રે; કા૦
વિણા તાર અધવચ્ચે ત્રોડી, સ્નેહ સાંકળો નાખી છોડી,
પણ લે કહુ કરજોડી, આ કંજાવલી રે, કા૦
મૂર્તિ તવ દષ્ટે તરવરતી, અર્પુ અંતિમ અમૃત શ્રવતી,
રામમણી રમ ઝરતી, આત્મ રસાંજલી રે, કા૦

" When true hearts lie withered,
And fond ones are flown,
O! who would inhabit
This black world alone?"

MOORE.

" Fair pledges of a fruitful tree,
Why do ye fall so fast?
Your date is not so past,
But you may stay yet here awhile
To blush and gently Smile,
And go at last

What were ye born to be
An hour or half's delight,
And so to bid good night?
'Twas pity nature brought ye forth
Merely to show your worth,
And lose you quite.
But you are lovely leaves, where we
May read how soon things have
Their end, though ne'er so brave
And after they have shown their pride
Like you, awhile, they glide
Into the grave

R HERRICK

રાગ સવૈયા.

દ્વયદ્વિજ સુંદર સુયોગ વડે, મમતા મળીયાં જગ કાનનમાં;
હું છુ ભિન્ન તું થી "હુ છું ભિન્ન તું થી," ધ્વની એ થી પુરી રહી આનનમાં
અરે આંખ જુદી વળી પાંખ જુદી, ગતિ જુદી જુદીજ નિશાનનમાં;
તેમ ચચુ અને વળી ચારોય ભિન્ન, જવાનુંય ભિન્ન વિમાનનમાં.
નથી વાણીનુ સામ્ય ન દેહનું સામ્ય, ન કાર્યનું સામ્ય સુ ચાહનમાં.
બન્યાં ભિન્ન સ્વભાવ વડે ન થશે કદી, ઐકય વધ્યાંજ ગુમાનનમા;
સુણ્યું સ્વાત્મિય ગાન અચાનક ત્યાં, સમજ્યા ઉભયે ઝટ સાનનમાં,
પ્રભુરામ મણિ ઝગી જ્યોતિ, અભિન્ન બન્યા મટી ભિન્ન અજ્ઞાનનમાં.

રાગ. હંસલો નાનો ને દેવળ જુનું થયું.

આ તન નગરીનો ટંટો જીવડા જો તું જરી,
જો તું જરી રે જીવડા મોહના ધરી, આ૦ ટેક.

મન મથે મારૂં મારૂ, ચિત્ત ચહે ચારૂ ચારૂ,
બુદ્ધિ બકે મ્હારૂં બારૂં, ગેતું હુ ખરી રે,
જગમાં ફરી રે ફરી. આ૦

અહંકાર ચોંધ્યો ત્યાં તો, હાકલ પાડીને ઉઠયો,
તમારા ત્રણેની હુંતો ફરૂં ક્ષું ધરી;
જાશો ઝપાટે ડરી. આ૦

પડકારો પ્રૌઢો પાડયો, અંતઃકરણે ત્યાં આવી,
ચારે છો છેયાં મારા, લડો મા મરી રે;
બેસો ઠરી ઠરી રે. આ૦

સેનાનીને સપડાવા, ઇંદ્રિયો ઉલટી ચાલી,
મચાવીને જંગ વેળા, આણી આકરીરે,
ચાલે નહિ પાધરી. આ૦

સહુ સહુ પોતાનુ ખેંચે, હુકમ ન માને તારો,
એને વશ થાતાં જુક્તિ જડશે નરીરે;
પડશે પેટ ભરી. આ૦

મહદ્ મોટાની માગી, જંગી જંજાળે જાગી,
પ્રભુરામ શરણે જાતા, જવાશે તરીરે;
ભજતાં હરિ રે હરિ. આ૦

ૐ

પ્રસ્તાવના.

આ સહિગ્ય દેખાતા સસારમાં પણ સર્વેશ્વરની મહાન સામર્થ્ય શકિતના પ્રભાવે સકળ વિશ્વ તે વિભુની અત્યત નજીક જવાના પ્રયાસમાં પડેલુ, અને સર્વ તે શ્રેષ્ઠ લક્ષ્ય તરફ પોતાની પ્રગતિ કરતું સૂક્ષ્મ અવલોકનકારને સહજ દૃષ્ટિગોચર થયા વિના રહેતું નથી. અને એવી રીતે પ્રગતિના પ્રયાસમાં પડતાં પ્રાણી માત્રને ફક્ત બે હેતુજ પોતાની દૃષ્ટિ મર્યાદામાં રમી રહેલા હોય છે. પ્રથમ હેતુ તે એજ કે દુઃખની આત્યતિક નિવૃત્તિ અને દ્વિતીય હેતુ સુખની અખડ પ્રાપ્તિ હવે એજએ કે—દુઃખ અને સુખ તે શું છે? દુ+ખ એ અક્ષર મળી એક શબ્દ થયેલ છે તેમાં દુ= ખરાબ-મુશ્કેલી વાળું આદિ અર્થ થાય છે અને ખ= આકાશ એતો સ્પષ્ટજ છે તેજ પ્રમાણે સુખને તપાસતા સુ-ખ અર્થાત સુ= સારૂં અને ખ= આકાશ હવે એ બન્નેને સમગ્રપણે જોઇએ તો સહજ જણાઇ આવશે કે—આકાશ તે હૃદયાકાશ, અને તેને સારામા સારૂ કે માઠામા માઠુ કરવુ તેનુ જે પરિણામ તે સુખ કે દુઃખ. પ્રાણી માત્ર સુખ દુઃખના સબધે ભિન્ન ભિન્ન વિચારો ધરાવે છે, પરતુ તત્ત્વ દૃષ્ટિએ નિરીક્ષણ કરતાં તો ઉપર દર્શાવ્યા મૂજબ સ્થિતિ પ્રતિત થાય છે.

હવે એવી રીતે સમજીને પોતાના હૃદયને ઉત્તમોત્તમ બનાવતાં સહજ સુખાનુભવ મળી શકે એવું સરલમા સરલ સાધન તે માત્ર ઇશ્વર ગુણાનુવાદનું સગીતમાં કથનજ છે કે—જે વડે હૃદય ભરપૂર ભરાવાથી વ્યાવહારીક દૃષ્ટયા પ્રાપ્ત દુઃખાદિનુ પણ તે કાળે ભાન થતું નથી. અને ક્રમે ક્રમે આગળ વધતાં સર્વ દુઃખોનો સમૂળ સહાર થઇ અભંગ સુખની પ્રાપ્તિ બની રહે છે.

नाद वस्तु पंचमो वेदः ॥

नाद ब्रह्म.

એ આદિ સૂત્રો ગાનની મહત્તા સ્પષ્ટ કથે છે અને તેમાં પણ જો તે ગાન ઇશ્વર પ્રણિધાન રૂપ હોય તો પછી ખૂબી તો ઓરજ છે.

ઉપરમા વ્યક્ત કરેલા વિચારામાથી ઉદ્દ્ભવેલ નાદ જેમાથી ધ્વનિત થાય છે એવુ આ રામત્રીણારૂપી વાજીત્ર મારા અનત આત્મ સ્વરૂપોની સાનિધ્ય મૂકતા જે આનદ અનુભવુ છુ તે અગાધ છે.

सर्वा रंभा हि दोषेण धूमे नाग्नि रिवा वृत्ताः

તદ્વત્ આમાં પણ અનેક દોષ હોયજ તેમા આશ્ચર્ય નથી પરતુ સજ્જનોની ભ્રમરવત્ ગુણ ગ્રાહકતામા મહાન શ્રદ્ધા હોવા થીજ નિશ્ચિત બનાય છે

સર્વ પ્રેરક રામ છે તેની પ્રેરણાથી સર્વોત્તમતા જ પ્રાપ્ત થાય. માટે જ્યા જ્યા સર્વોત્તમતાના સુસ્વર સભળાય ત્યા ત્યા તે મહાન પ્રભુનો નાદ અનુભવવો, અને જ્યા જ્યા દોષ દૃષ્ટિગોચર થાય ત્યા ત્યાં એક ક્ષુદ્ર પ્રાણીનીજ અર્થાત મારી મૂર્ખતાજ દર્શન દે છે એમ જાણી ક્ષમાવાન થવુ એ સુ સ્વજનોનુ કર્ત્તવ્ય છે.

" રામ સુ સ્વામી દોષ સબ જનહિ "

અલ્પ મતિ મુજબ અલ્પ પ્રસ્તાવના પુર્ણ કરતા પહેલાં સ્વાત્મભાવે અને વ્યવહાર ભાવે જે જે વ્યક્તિ વિશેષ તરફથી આશ્વાસન રૂપ મદદો મળી છે તેઓ પ્રત્યે સ્વાભાવિક બે બોલ બોલવાની ઇચ્છા થાય જ.

સુજ્ઞ સુદૃઢ અને સુવૃત માણેક બેન ઉર્ફે મોઘી બેન જેઓ જ્ઞાતિએ સારસ્વત બ્રાહ્મણ છે અને આજ દશ વર્ષથી વૈધવ્યની મહાન વ્યથામા હોવા છતા પણ જેમણે પરમાત્માના પરમ

ભકિતમાર્ગનું અવલંબન પકડી સુપથે ચડી સેંકડો બેનો તથા ભાઇઓને તે ભકિત રસાયણનુ પાન કરાવ્યું છે અને હજુ પણ કરાવે છે તે સુશીલા બેનના વારવાર મળતા આત્મરસથી બીંજાયેલા પ્રાત્સાહક પ્રવાહ વિના આ સ્થિતિએ મારાથી આવવાનું બનવું તદ્દન અશકયજ હતું એમ કહુ તો અતિશયોકિત લેશ પણ નથીજ.

આ ભજનોને પ્રસિદ્ધ કરવામા કેશોદ નિવાસી મારા મિત્ર ભક્તરાજ પુરૂષોત્તમ નાનજીએ જે નાણા સબંધી સંપુર્ણ મદદ આપી છે તે માટે તેનો સદાનો રૂણી છું.

मनसा चिंतितं कार्यं दैव मन्यत्र चिंतयेत् ।

એ પ્રમાણે મારા પોતાના અન્ય હૃદયરૂપ, મૂળ જામનગર નિવાસી પરંતુ હાલ મુબંઇ નિવાસી સ્નેહી ભાઇ શ્રી છોટાલાલ પદમશી કે જેનીજ આ " રામ વીણા " પ્રસિદ્ધ કરવાના કાર્યમા મુખ્ય પ્રેરણા હતી તથા જેણે તેને મુદ્રાંકિત કરાવવાના કાર્યમાં આરંભથી તે અંત સુધી પોતાની વ્યાવહારીક પ્રવૃત્તિના દબાણ છતાં પણ મારા તરફના તેમના નિ:સ્વાર્થ સ્નેહને લઇને સ્વાત્મભોગ તથા ઉત્સાહથી જે અથાગ માનસિક અને શારિરીક શ્રમ ઉઠાવ્યો હતો, તે જેને તે પોતાનુ આહ્‌લાદ ભાજ્ય માનતા હતા તે " રામ વીણા " ના મુદ્રાંકિત કાર્યનો અવશેષજ ભાગ બાકી રહ્યો હતો ત્યા તેને જન્મ સમયે જોઇએ એકાએક મરકીના રોગથી તરૂણ વયમા અકાળ મૃત્યુનો ભોગ થઇ પડવાથી લેખકની હૃદય-વ્યથા તથા અફસોસનો પાર રહેતો નથી. તેના દૈવથી મારો " આ પુસ્તકને લગતો " સ્વાર્થ જેટલે અંશે નષ્ટપ્રાય થવા પામ્યો હોય તેને માટે મને કિંચિત માત્ર પણ ક્ષોભ જ નથી, માત્ર તેના જેવું નિ:સ્વાર્થ, નિરભિમાની, હૃદયાકર્ષક ગુણોથી વિભૂષિત પુષ્પ આવી રીતે કાળના નિષ્ઠુર, કાતિલ દાતરડાના ઘાનો ભોગ થઇ પડવાથી તેના કુટુંબી તથા સ્નેહિ જનોને

ખરેખર એક અત્યંત ઉદાર જીવનાદર્શની પૂર્ણ ખોટ થયેલી છે. તેના સાથે અલ્પ સમય માટે સહવાસમા આવેલ જનોના મન ઉપર તેના ઉચા, ઉદાર અને મિલનસાર ગુણોની છાપ એવી તો ઉંડી પડેલી છે કે તેની યાદીને લઈને તેઓને પણ આ ખોટનાથી ખેદ થયેલ છે મારા પોતાના તરફના તેના નિઃસિમ નિઃસ્વાર્થ સ્નેહ તથા ઉપકારના પ્રમાણમાં આ તેના હૃદય-વિદારક મરણથી થયેલ વ્યથા માત્ર કયા શબ્દોમા પ્રદર્શિત કરવી તેની મને સૂઝ પડતી નથી કારણ કે મારૂ હૃદય બહેર મારી ગયુ છે, તેને માટે યોગ્ય શબ્દો મળતા નથી, હાથ ગતિવિહિન બન્યો છે તથા જડ કલમ પણ તેનો ઉલ્લેખ કરવાનુ કાર્ય કરવા દિલગીર છે જેથી માત્ર શ્રી સર્વ શક્તિમાન કૃપાળુ જગન્નિયતા પાસે ગત સ્નેહિના આત્માને અખંડ શાંતિ બક્ષવાની ખરા અંતઃકરણપૂર્વક પ્રાર્થનારૂપી સ્નેહ-સ્મરાંજલી આપી વિરમવા સિવાય અન્ય માર્ગ નથી.

ॐ शांतिः ॐ शांतिः ॐ शांतिः

પ્રૂફ તપાસવામાં મારા પરમ મિત્ર રા નવનિધરાય ઈચ્છાશંકર કીકાણીએ તથા અનુક્રમણિકા તૈયાર કરવા વિગેરેના કામમા ચિ ભાઈ હિમતરામ વિ નારણજી વૈદે જે અથાગ શ્રમ ઉઠાવ્યો છે તે માટે તે બન્ને બન્ધુઓને ધન્યવાદ સાથ હૃદય સ્પર્શિત આભાર સ્વિકારવા વિનવુ છું.

પુસ્તકની છપાઈ વિગેરે કાર્યમા જે સહાનુભૂતિ ભરેલો ભાગ પ્રજાહિતાર્થ પ્રેસના વ્યવસ્થાપક મહાશય ડાહ્યાભાઈ દલપતરામે ભજવ્યો છે તે અર્થે ઉપકૃત છુ.

શ્રી રામ જયંતિ,
ચૈત્ર વિક્રમાક ૧૯૫૭
શનિવાર સુ. કેસોદ.

પ્રભુલાલ પ્રીતમલાલ
પઢીયાર ચોરવાડકર.

જાહેર ખબર.

આ પુસ્તકનો બીજો ભાગ થોડા વખતમાં જ બહાર પડવાનો છે જેમા અનુપમ ભક્તિ—રસાત્મક સિદ્ધાતો દર્શન દેશે.

ગ્રાહકે પોતાનાં નામ ત્વરાથી નીચેને શીરનામે નોંધાવવા.

કીમત રૂ૦ ૧ાા ટપાલ ખર્ચ જુદુ.

શેઠ પુરૂષોત્તમ નાનજી.

કેશોદ. (કાઠીયાવાડ)

॥ ૐ ॥

જાહેર ખબર.

રામ વિજય.

એ નામનું સાર્વજનિક ધર્મ, ભક્તિ, જાતિ તથા સામાજીક સુધારણાના વિષયો સબધે ગદ્ય તેમજ પદ્ય લેખોથી ભરપુર આશરે ઓકટેવા ૩૨ પાનાનુ દ્વિમાસિક ઓછામાઓછા ૨૦૦ ગ્રાહકનાં નામો રજીસ્ટર થયેથી “ રામવીણા ” ના લેખકના આધિપત્ય નીચે પ્રસિદ્ધ કરવામા આવનાર છે માટે સુજ્ઞ બંધુઓ તથા ભગિનીઓને પોતાના નામો ગ્રાહક તરીકે નીચેને શીરનામે તુરત લખી જણાવવા વિજ્ઞપ્તિ છે હાલમા વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સહિત માત્ર રૂા. ૧ાા દોઢજ રાખેલું છે. આ દ્વિમાસિક પ્રસિદ્ધ કરવામા અધિપતિનો આર્થીક પ્રાપ્તિ કરતા જન કલ્યાણનો ઉદ્દેશ વધારે પ્રબળ છે જેથી ભવિષ્યમા ગ્રાહકોની સંખ્યા અમને માસિક પ્રસિદ્ધ કરવાના ખર્ચ માટે પુરતી થશે તો તેને માસિક કરવામા આવશે.

આ પત્ર સબધે તમામ પત્ર વ્યવહાર નીચેને શીરનામે કરવો.

નવનિધરાય ઇચ્છાશંકર ફીકાણી.

તંત્રી રામવિજય બજાર કુવીઆ—જુનાગઢ.

અનુક્રમણિકા.

અ

ખ

છ

જ

ઝ

ટ

ઠ

થ

દ

ધ

ન

પ

ફ

બ

મ

ય

ર

શ

ષ

સ

હ

ળ

ક્ષ

જ્ઞ

॥ ॐ ॥

राम-विणा

अर्थात्

स्वात्मानुभव लहरि.

પદ ૧. લું રાગ ધન્યાશ્રી.

રઘુનંદનરે, સ્વામી સહાય કરો. ટેક.
અંતરજામી, જગ અભિરામી, હું કપટી ને ક્રોધી કામી,
ખામી, માફ કરો; સ્વામી ૧
હવે છેક થાકયો છું હરજી, જગતપિતા શી છે તુજ મરજી,
અરજી ઊરે ધરો; સ્વામી. ૨
ભવાટવીના ફેરા ખાધા, ગડગડી ગયા સરવે સાંધા,
વાંધો, કરીને પરો; સ્વામી ૩
શાને વાર કરો જગરાયા, આ આપદમાં અતિ મુંઝાયા,
પ્રભુજી, કરૂણા કરો; સ્વામી. ૪

પદ ૨ જું. રાગ ધન્યાશ્રી.

રામમંત્ર સુખમૂળ, રટવો. ટેક.
રામમંત્ર સુખસંપત્તિ કેરૂં, સુખકારક સુમૂળ, રટવો.
રામમંત્રથી કલેશ કપાશે, કષ્ટ દેનાર કુમૂળ; રટવો.
રામમંત્ર વિનાનાં સાધન, સૌ સમજો દુઃખ મૂળ; રટવો.
રામમંત્ર સાધન વિનાનો, માનો મંગળમૂળ; રટવો.
રામમંત્ર છે એક અનાદિ, સાચું જગનું મૂળ; રટવો.
રામમંત્ર પ્રભુ દોષ દળે છે, પાપ કરે નિરમૂળ; રટવો.

પદ ૩ જું રાગ સદર.

અદ્ભુત સીતારામ, લીલા તારી, અદ્ભુત સીતારામ; ટેક.
નમ્રભાવેથી વિનતિ કરે ત્યાં, કોઇ ન દરશે રામ; લીલા તારી.
મેણાં, ટોણાં ને ગાળો, મેતા દેતા, કરતા સર્વે કામ; લીલા તારી.
છપન ભોગનો થાળ ધરે ત્યાં, આરોગે નહિં રામ; લીલા તારી.
કરમાનો ખીચડો ને સવરીનાં બોરો, ભાવ્યાં તને ઘનશ્યામ. લીલા તારી.
કર્મે અકર્મો ધર્મે અધર્મો, ઉલટ સુલટ તારાં કામ; લીલા તારી.
દાસ પ્રભુ સૌ રીતે અધો, સુઝે ન મારગ શ્યામ, લીલા તારી.

પદ ૪ થું રાગ સદર.

વૈષ્ણુવ વિરલા થાય, જગતમાં, વૈષ્ણુવ વિરલા થાય. ટેક.
આ કરવું ના કરવું એવો, અન્યને બોધ દેવાય; જગતમાં.
પણ આચારે ટાઢજ આવે, જગમાં હડહડ થાય; જગતમાં.
ગળાં કપાતા ગળગળા થાયે, અંતર આનંદ થાય; જગતમાં.
પ્રભુ જગતને છેતરતો પણ, રામ નહિં છેતરાય; જગતમાં.

પદ ૫ મું રાગ સદર.

બાંહ્ય ગ્રહ્યાની લાજ, રાખો હરી, બાંહ્ય. ટેક.
પીડા ન પામું કરજો એવું, ગોવિંદ ગરીબનિવાજ; રાખો.
વાણી, કાયા, મન, બે ચો ચરણે, દેજો શુભ સમાજ; રાખો.
પતીતપાવન બાનુ તમારૂં, સત્ય કરો શિરતાજ; રાખો.
હું સમ બીજો પતિત ન મળશે, સાચું કહુ છુ આજ; રાખો.
હું સમ દિન તમ સમ દિનબંધુ, જડશે ન આવો બાજ; રાખો.
રેહેમ કરીને રાંકની સાથે, દેખાડી દ્યો પાજ; રાખો.
બખતર બાનાનું પહેરાવો, લાગે ન જમના ઘા જ; રાખો.
જન પ્રભુરામ ગણી પોતાનો, દેજો સુધારી કાજ; રાખો.

પદ ૬ ઠું રાગ સદર.

સંકટ સર્વ સહો, સુભાગી ભકતો, સંકટ; ટેક
સંકટ સંસારે સાંપડતાં, દિલ દુ.ખમાં ન દહો; સુભાગી.
સંકટથી શોષાવુ ન લેશે, સતોષમાં જ રહો; સુભાગી.
સંકટ પુર્વીય પાપ સજા છે; સહજાનદે જહો, સુભાગી.
દિલ કપડું દુઃખથી ધોવાતુ, સુખથી ભાર વહો; સુભાગી.
સકટ દુઃખ દરિયાને ઉલેચે, સકટ શાનુ કહો; સુભાગી.
સંકટમાં પ્રભુ રામ ભજાગે, સહજ સુલાભ લહો, સુભાગી.

પદ ૭ મું રાગ સદર.

એ પણ મોટી ભુલ, ભજન ભૂલ્યો, એ પણ મોટી ભુલ, ટેક.
ચાહ કરીને આવી ચડીયો, ચોપે ચિતાચૂલ, ભજન.
આધિ વ્યાધિ ઉપાધિ કેરી, ઓઢી રાખી ઝૂલ; ભજન,
સુત વિત નારી ખાતર ખંધા, જાન કરી તે ડૂલ; ભજન.
કાળ સમીર સપાટે ઉડયો, અર્ક તણું જેમ તુલ, ભજન.
પેટ ચોળી ઉપજાવ્યાં હાથે, પાપી પ્રૌઢાં શુલ, ભજન.
જન પ્રભુ રામ સુનામ શરણુ લે, ભવ દરિયે તે પુલ; ભજન,

પદ ૮ મું. રાગ સદર.

લજવી માની કુખ, ભજન વિના, લજવી માની કુખ; ટેક.
ધાયો ધધામાં, ધર્મે ન ધાયો, ઝાઝાં પામ્યો દુઃખ; ભજન.
સુખ નહિં સાધ્યુ, દુ.ખ બહુ વાધ્યું, ભાગે કયાંથી ભુખ;ભજન.
ગીત ગાયા નવ, ગોવિંદ ગાયા, શાનુ મળશે સુખ; ભજન
નર તન પામ્યો, જ્ઞાન ન પામ્યો, શુ દેખાડે મુખ; ભજન.
રામ રતન પ્રભુ રાખ જતનથી; બીજાં સાધન લુખ; ભજન.

પદ ૯ મું. રાગ સદર.

આળસ તજી ને ગમાર, ભજન કર આળસ તજીને ગમાર; ટેક.
સાધુ સંતને લોટ ન દેતો જઇશ જમડાને દ્વાર; ભજન.

સગાં કુટુંબી જમી મિષ્ટાન્નો, મારે મોચડાંનો માર; ભજન.
જગજાળમાં જપી ન બેઠો, થયો ખાંતેથી ખુવાર, ભજન.
પ્રભુ ભજ રામા છોડીને કામા, હજુયે થાશે ઉદ્ધાર; ભજન.

પદ ૧૦ મું. રાગ સદર.

અકળ કળા ન કળાય, પ્રભુ તારી, અકળ કળા ન કળાય. ટેક.
રચના પાલણુ, સંહારણુમા, અદભુત યુક્તિ ભળાય; પ્રભુ.
અંડ અનેકમા લીલા તારી, જોતા મનડું છળાય; પ્રભુ.
જગસિદ્ધ નિયમો, નજરે ન આવે, ટાળ્યા નહિં જ ટળાય; પ્રભુ.
દાસ પ્રભુ રામા, જરી નવ જાણુ, ભક્તિ કેમ રળાય, પ્રભુ.

પદ ૧૧ મું. રાગ સદર.

તારી ગતિ ન જણાય, દયાસિંધુ, તારી ગતિ ન જણાય; ટેક.
પિતાવચન કદી લોપ્યું ન જાયે, પ્રલ્હાદથી જ કરાય; દયાસિંધુ.
સંકટ તેનાં હરવા કાજે, નરસિંહ રૂપ ધરાય; દયાસિંધુ.
ગાયને દાને પાપીથી પણુ, વૈતરણી જ તરાય; દયાસિંધુ.
નૃગરાજા કોટી ગૌ દેતા, અંધકુપે ગીધ થાય; દયાસિંધુ.
તારી કૃપાવિણુ પ્રભુ પ્રિયરામા, ભવ જળ કદી ન તરાય;દયાસિંધુ.

પદ ૧૨ મું ભજન બનત નહિ એ લય.

પાપમાં પડુ છું પ્યારા, દુઃખમાં દડું છુ;
નામ તારૂ લીધા વિના, છીતલાં છડું છુ. પાપમાં.
ઘણા અણુઘટતા ઘાટો, ઘટમાં ઘડું છુ.
ખી ક્ષમા ધર્યા વિના, ક્ષેમથી ખડુ છુ. પાપમાં.
ચોરી ચાડી ચુગલીથી, ચકમા ચડું છુ;
જમ જાળ કાપ્યા વિના, જડતા જડું છુ પાપમાં.
કલેજેન કાપ દીધો, ભાઠમાં ભડું છુ;
નઠારી નકામી નીતે, નેકને નડું છુ. પાપમાં.

મમતા મરી ન મારી, મરેલ મડું છું;
લબાડ બની આ લોકે, લોભમાં લડું છું. પાપમાં.
રંક થઇને રામા, રડવડી રડું છું;
પ્રભુ રામ સ્હાય કરો, સેડમાં સડું છું. પાપમાં.

પદ ૧૩ મું રાગ સદર.

કુડની કમાણી કુડી, કુડમાં સમાણી;
ભવે ભારી ભારી ખોટો, કેમ રે ખમાણી. કુડ.
ભક્તિ ભાવની વાની ના, જીવથી જમાણી;
વધેલી વૃત્તિઓ તારી, કેમ ના ડમાણી. કુડ.
ઇંદ્રિયોનું જોર ઝાઝું, દુખે ના દમાણી;
ધંધા ધકમાર કીધા, ધુળ તો ધમાણી. કુડ.
ભ્રમણ કર્યું છે ભારી, બુદ્ધિ ભરમાણી;
મૂઢ મોહ માયામાહે, મોજ બહુ માણી. કુડ.
નટવર નાગર લીલા, મોજમાં ન માણી,
પ્યારા પ્રિય પરમેશ્વરની, પ્રીતી ના પમાણી. કુડ.
ભવાબ્ધિ ભયકર ભારી, ત્યાં હોડી વમાણી,
પ્રભુરામ બુદ્ધિ બોધી, રાખમા રમાણી. કુડ.

પદ ૧૪ મું. ધન્યાશ્રી.

રામ કૃપા ન પમાય, કપટથી, રામ કૃપા ન પમાય, ટેક.
રામ સ્મરણમાં, રામ ભજનમાં, અતિશે આળસ થાય, કપટ.
પરનિંદા માથાકુટમાંથી, લેશન નવરો થાય, કપટ.
પ્રભુ પુજન જો કરવું પડે તો, કાયા તારી કપચં, કપટ.
રામ પ્રભુ સાચાનો સંગી, સેવી જોયે દરશાય, કપટ.

પદ ૧૫ મું રાગ સદર. (તરતાં ત્રાસ પડે. એ લય.)

ભાવી ! કોથી ન ઔકું કરાય, ભાવી: ટેક.

દાણો પાણી હોયે જેવું, આ પ્રાણીને મળશે તેવું,
હોય વધુજ હરાય; ભાવી.
મર કરતો દીન રાત મજૂરી; આપે આખી પાલી અધુરી,
પેટ' પુરૂં ન ભરાય; ભાવી.
ભયથી ભાગે ભોંય તજીને, આગળ ચાલે ભાગ્ય સજીને,
છોડે ન ભાગ્ય જરાય; ભાવી.
તું ઉંઘે પણ ભાગ્ય ન ઉંઘે, મૂરખ મન શું રાચે ડુંઘે,
હાય હજુ ન ધરાય; ભાવી.
મેંઢા પેરે મેં મેં કરતાં, ભાગ્ય પકડશે ચરતાં ચરતાં,
કેમ ન મૂઢ ડરાય; ભાવી
દાસ પ્રભુ ભાવી ના લેખો, રામ કૃપાળુ મારે મેખો;
મુજથી તો જ તરાય. ભાવી.

પદ ૧૬ મું રાગ સદર.

બેઠો દેહ રૂખે, વિહગ તું બેઠો. ટેક.
જીવ ખરો છે રાત્રિ નિવાસી, સ્નેહતણી કાં બાંધે ફાંસી,
હાંસી, થાય દુઃખે, વિહગ તું બેઠો.
ઝાડતણી તારે શી પરવા, મિત્ર સંગમા જા તું ચરવા,
મરવા ન્હા ન ભુખે, વિહગ તું બેઠો.
અરે કરી તેં ઝાઝી હાણો, તેથી મંડાણી છે કાણો,
મ્હાણો, પાકયો કુખે; વિહગ તું બેઠો.
દોસ્ત અકામ અહિ છે તારો, ગોતી લે ટાળે દુઃખ ભારો,
આરો, આણે સુખે; વિહગ તું બેઠો.
શુભ શીખ માની જીવ કપિ, લે, પ્રભુ રામભક્તિ તપ તપી લે,
જપી લે, રામ મુખે; વિહગ તું બેઠો.

પદ ૧૭ મું રાગ સદર.

લક્ષણ બારે જણાય, આત્મા, લક્ષણ. ટેક.

વ્યાપક વિશ્વે એક અસંગી, કારણ સૌનું શુદ્ધ અભંગી;
અવિકારી જ ભણાય. આત્મા.
જ્ઞાતા નિત્ય આધાર વદાયે, ઢંકાયે નહીં કોથી કદાયે;
સ્વયંપ્રકાશ ગણાય. આત્મા.
દ્વાદશ લક્ષણ આત્માનાં છે, વિપરીત સર્વે દેહ તણાં છે,
લક્ષણે લક્ષ્ય છણાય. આત્મા.
લક્ષ દઇને લક્ષણ સારે, લક્ષ્ય જુદો કરી આત્મ વિચારે;
દેહનો ભાવ હણાય. આત્મા.
દાસ પ્રભુ મન રામ ભજાવી, દેહ તણા જ વિકાર તજાવી;
આતમ ભાવ તણાય; આત્મા.

પદ ૧૮ મું રાગ સહર.

મૃદંગમાં વાગે તાલ, જુઓ; ટેક.
ધીક ધીક કહીને તે ધિકકારે, ફીટ ફીટ કરીને તે ફિટકારે,
પ્યારે, શીદ મુઓ; વાગે.
કીટ કીટ કહે છે કીડા ખાશે, ભમ્ ભમ્ વાગી પોલ પ્રકાશે,
કાશે, કેમ મુઓ, વાગે.
ધીમ્ ધીમ્ નાદે જીવ જગાડે, ખુટલ થઇ કાં ખેલ બગાડે,
પાડે, રાડો ભુઓ; વાગે.
તાગડ વદે ત્રટે સટુ ત્રાગો, તરકટ કહી બતાવે "ભાગો"
લાગો, શાને ખુઓ; વાગે.
મૃદંગ વાણી મનમાં આણી, પ્રભુ રામને લૈને જાણી,
પ્રાણી, પાપ ધુઓ; વાગે.

પદ ૧૯ મું રાગ સારંગ.

મન ક્રોધી ક્રુર ! કષ્ટ કરી બીજાને કપટી રાચ માં,
તું થા અક્રૂર, મણી મેલી મન મર માં મેલા કાચમાં. ટેક.
ચાંડાલ ક્રોધ મન વાસ કરે, આભડછટ આચી એજ ખરે,

અભડાતાં શોચ ન મન શું ધરે; મન.
એ ક્રોધ શત્રુ સાચો તારો, બચવાનો બંગા નહી આરો,
એ એળે કરશે જન્મારો; મન.
એ પાપ મૂળ પાખડી છે, તપ તેજ તણીજ વિખંડી છે,
સુકૃત સર્વેનો ભંડી છે; મન.
એ ક્રોધ શત્રુ મારો કાઢી, મનની મમતા મારો ગાઢી,
પ્રભુ રામ રંગ રંગો ડાઢી; મન.

પદ ૨૦ મું રાગ સદર.

પ્રભુ મ્હારે શું ! લાજ તમારી જાશે ભુધર ભાળજો; ટેક.
હું અધમ અને તમે ઉત્તમ છો, હું અજ્ઞ હરિ સર્વજ્ઞ છો,
હું અલ્પ હરિ તમે પ્રજ્ઞ છો; પ્રભુ.
નાના ને પડતાં લાજ નથી, જેને ઉત્તમતાના સાજ નથી,
ખોવાને કશું એ રાજ નથી; પ્રભુ.
જાશે તો સા તારૂ જાશે, તે તારાથી કેમ જોવાશે,
મને ફીકર નથી મારૂં શું થાશે; પ્રભુ.
હરિ લાજ તારી જગમાં મોટી, તે કેમ થવા દેશે ખોટી,
પ્રભુ રામ ચરણ પડતો લોટી; પ્રભુ.

પદ. ૨૨ મું રાગ સદર.

મોરલીધરજી ! વાત કહું આ ભત્રની સાંભળ સ્નેહથી. ટેક.
તું અન્ય દેશમાં ઉચ્ચ સ્થળે, બિરાજે બજીયો થઇને બળે;
મારી કંગાલી કેમ કળે; મોરલી.
કોઇ વાત કરે તું નવ માને, તું મસ્ત બન્યો તારા માને.
લેવાતો જા માં અભિમાને; મોરલી.
દારિદ્રપણાનું દુઃખ જોવા, તું આવ્ય જરા આંસુ લોવા;
તારા અંતરની અંધી ખોવા; મોરલી.
પુરૂં પાન મળે નહિં ધાન નથી, પણ તેનુ તુજને ભાન નથી;
સાંભળવા સારા કાન નથી; મોરલી.

તું માન તજીને કાન ધરે, સંકટ સૌનાં શાને ન હરે;
પ્રભુ તારે શરણે કેમ મરે, મોરલી.

પદ ૨૨ મું રાગ કાફી.

પ્રભુ છો ખાસ હમારા, રામ બડા રખવાળ. ટેક.
માત પિતા લે છે બચ્ચાંની, સ્નેહ ભરી સંભાળ;
જગતપીતા લેજોજી હમારી, હે, ભગવંતા ભાળ. પ્રભુ
ગાયોની ગતિ જાણી પાળે, પ્રીત ધરી ગોવાળ,
અમ ગાવડીઓને સાચવજો, ગોવિંદા ગોપાળ; પ્રભુ.
ધીંગો ધણી જે ધીનો તેને, દઇ ન શકે કોઇ ગાળ,
દાસી ચર્ણ કમળની અમે તો, ખાઇ જશે શું કાળ; પ્રભુ.
સ્વામી કરે છે નિજ સેવકનો, સ્નેહ થકી પ્રતિપાળ,
સમરથ સ્વામીના સેવકનો, થાય ન વાંકો વાળ, પ્રભુ.
પોતાનો પોતે સંભાળો, જેમ ન આવે આળ,
જગજીવન જુકિતથી છોડો, આ જગની જંજાળ. પ્રભુ.
સમજુને શું ઝાઝું કહેવું, છો માધવ મરમાળ,
પ્રભુ પતિ રામ દયાઘન દેવા, કરૂણાસિંધુ કૃપાળ. પ્રભુ.

પદ ૨૩ મું રાગ ધીરાની કાફી.

તરણા આડો મેરૂ રે, મેરૂ કોઇને સુઝે નહીં;
તરણાનો તોર ભારી રે, મૂરખ મનડું બુઝે નહીં. તરણા. ટેક.
બુધ ગઇ ને શુદ્ધિ મળે નહીં, લેશ કરે ન વિચાર;
ઝાકળથી કેમ સૂર સંતાયે, બેસે બનીને લાચાર;
સાર નહીં સમજે રે, સાચે ઝુઝે નહીં; તરણા.
ચંદ્રને કદી પણ ગ્હુ અડે નહી, મિથ્યા દેખે મૂઢ;
ધુમ થકી અગ્નિ ન ઢંકાયે, એ વાતો છે ગુઢ;
બુઢ થયો બોઘા રે, સમજ્યો ગુંજે નહીં. તરણા.
આકાશે કદી કુસુમ ન હોયે, વંધ્યા પૂત ન ાય

ઝાંઝવાં જળ ને છીપમાં રૂપું; જીઅતે સમજી જોય,
હોય માટીની રે, ઘેનું તે દુઝે નહી. તરણા.

તન તરણું અને આતમ મેરૂ, વિવેકે કરી જાણું;
બીજાં સર્વે એ સમજાવે, પરગટ છે પરમાણું;
પ્રાણ પ્રભુ શરણે રે, પથર પુજે નહીં. તરણા.

પદ ૨૪ મું રાગ કાફી.

તમે છો ખાજ હમારા, હે ! ભિન્નતા ! અભિમાન !
અફળ કરો માં આ જીંદગાની, સમજો રાખી સાન. તમે
જોર ન ઝાઝું કરશો ક્યારે, નાહક ઘટશે માન;
ભાગી જાસો ભુંડે હાલે; કાઢીશ પકડી કાન. તમે.
તમને રહેવા જેવું નથી આ, વસમું છે બહુ સ્થાન;
ચટપટ ચેતી ચતુર થઇને, બેશો જઇ સ્વસ્થાન. તમે.
પતંગ કાયા દીપ હોમાયે, હોમશો જ નીદાન,
ઝટપટ નાસો જાવા દઉ છું, ત્રોડો માં મૂજ તાન. તમે.
ધરણીધર ધણી મારો મોટો, મુકાવશે તમ માન;
જોર ન ચાલે જોરાવરનું, એવો એ બળવાન. તમે.
સોની સાઠ થશે જીવ જાશે, ભૂલ્યા છો શું ભાન;
પ્રભુ પતિ રામની પાસે ન રહે; જગમાં કોનું ગુમાન. તમે.

પદ ૨૫ મું રાગ કાનડો.

સદગુરૂને શરણે જાવું, જાતા જીવ શીદ લજાવું, ટેક.
જે અશુદ્ધને શુદ્ધ કરે છે, તેથી કાં અભડાવું;
અભીમાન અંતરનું ગાળે, તેથી કેમ મરડાવું. સ૦
મોહતણાં વાદળ વીખેરે, તેનુ ગાણું ગાવું;
જ્ઞાન સુર્ય જે ઉદય કરાવે, તેજ ચરણ ચિત્ત ચ્હાવું; સ૦
ભક્તિ હૃદયમાં જે પ્રકટાવે, દાસ જ તેના થાવું;
જડ જીવ જંગલમાં શીદ ભટકે, કેમ ગમે સપડાવું. સ૦

માન માન તજી મૂરખ મનબા, વાર વાર લપટાવું;
ભૂખલ ભુંડ ભટકતો શાને, નર્ક ગમે કાં ખાવું. સ૦

માયાને આઘી ઠેલી દે, તે પદ સૂખથી સ્હાવું:
આવ આવ તું આવ હઠીલા, શી પેરે સમજાવું. સ૦

આદિ શિવ ચરણે જઈ સ્નેહે, જગની કરી લે રાવું;
પ્રભુ પ્રિયતમ પતિ રામ ભજનનું, ઝટપટ કરી લે ઝાવું. સ૦

પદ ૨૬ મુ રાગ સદર.

શઠ ખા માં ઠપકો ઠાલો, માથે મૃત્યુનો ભાલો. શઠ. ટેક.

કીર્તન કરતાં કોડા શીદને. થઈ બેસે છે કાલો;
જમને હાથે તારી જીવતી, ખજ ખેંચાશે ખાલો. શઠ.
ગર્ભ ગળ્યો ફળનો મુકીને, શીદ ચાટે છે છાલો;
જમ ઝટકેથી નહીં બચાવે, કુડ કાગળની ઢાલો. શઠ.
બાવળ વાવ્યાથી નહીં આવે, કદી આંબાના ફાલો;
મૂઢ મણી મેળવશે કયાંથી, મિત્રો કરી બકાલો. શઠ.
સંત સમાગમથી કાં છટકે, કરતાં હાલો ચાલો;
લોભી લંપટ મિથ્યા થા માં, તું લાપશીયો લાલો; શઠ.
કાલ જુવાની જાતી રહેશે, સુકાઈ જાશે ગાલો;
તક છે ત્રેવડ કરી લે ખાસી, બેઠો કાં ખા પાલો. શઠ.
નામ નારાયણનું લેવામાં, કેમ બને છે નમાલો:
રામ પ્રભુ રટ ભાવ ભલાથી, થા તું હરિનો વ્હાલો. શઠ.

પદ ૨૭ મું રાગ સદર.

ધન્ય સંતોની જ કમાણી, વેદોએ ઘણી વખાણી. ધન્ય ટેક

તૃષ્ણા ત્યાગ કરી તનમનથી, શીળ ગુણ લીધા જાણી;
સુખ સંતોષ સદા મન માંહે, વૃત્તિ રહે નિરવાણી. ધન્ય.
ગુણ ગ્રાહક અવગુણ સંહારક, સંત ગતી ઓળખાણી;
રામ રામ શ્રી રામ મુખેથી, રટતા સારંગ પાણી. ધન્ય.

રહેણી કરણી કહેણી બરાબર, સંતોની એંધાણી;
સંગીને નીજ સરખા કરતા, પારસ વૃત્તિ પીછણી. ધન્ય.
મલયાચળ સમ શાંત અચળ છે ઝેર કીધુ ધુળ ધાણી;
દ્વેષ દંભ ને દુઃખ દુષ્ટતા, પીલ્યાં ઘાલી ઘાણી. ધન્ય.
મહત્તા દેખી માયા ભાગી, ખુણે જઇ સંતાણી;
લેશ પરાક્રમ કરી શકે નહી, ઉભી ઘુંઘટ તાણી. ધન્ય.
રામ રતનની રંગે ચંગે, જગમાં કરતા લાહાણી;
દાસ પ્રભુ રઘુવર રૂપ સંતો, હ્યો; નિજ પંદ માંતાણી, ધન્ય.

પદ ૨૮ મું રાગ સદર.

ધન્ય ધન્ય સંતોની રીતી, જગજીવન લીધો જીતી. ધન્ય.
અમૃત ઝરતી કોમળ વાણી, બોલે રાખી પ્રીતી;
અનુભવ સુખ આપે નિજ જનને, ટાળે ભવભય ભીતી. ધન્ય,
શશીકરથી પણ અતિ શીતળતા, તાપો જાયે વીતી;
વચન પ્રતાપે શ્રીરઘુવરમાં, પ્રેમે કરાવે પ્રતીતી. ધન્ય.
સદગુણ દેવોને પ્રકટાવા, સાધુ વાણી અદીતી;
સુખદાયક સ્નેહે સંભળાવે. ગોવિંદ ગુણની ગીતી ધન્ય.
ન્યાય નીયમના પથો પાળે, રાખે સર્વે નીતી;
વચન બાણથી એક સપાટે, મારી હઠાવે અનીતી. ધન્ય.
બોધ દઈ બળવાન કરાવે, સંસારે જ અપ્રીતિ,
બગલામાથી હંસ બનાવે, મુકાવે જ કુ રીતિ. ધન્ય
હિંમતવાન બને ઉપદેશે, વૃત્તિ પ્રથમ જે બીહીતિ;
દાસ પ્રભુ રઘુવર રૂપ સંતો, ગુણની કથા છે ઇતિ. ધન્ય.

પદ ૨૯ મું. રામબાણ લાગ્યાં હોય તે જાણે, એ લય.

કામ કાણુ કરવી નહીં કોઇ ટાણે,
અંધા, અકલ મેલ માં અડાણે,
કામની તો નથી કામની તારે, નાંખે નરકની ખાણે;
સ્વારથિયાંના સ્નેહે ભૂલી, અધી શું અંતરે આણે. કામ.

કામ સરે ત્યાં સૂધી તારી, પછી બીજા સંગ માણે,
ખોડચાંમાં ખડકીને તુજને, જમશે ભરીને ભાણે; કામ
નેહ નકામો નારીનો છે, નાહક શાને વખાણે,
મ્હારી માની મુરખ મનવા, કુટ માં માથું મ્હાણે; કામ.
ફોલી ફોલી ખાશે ખધી, પાછળ મારશે છાણે,
પત્નીત પ્રેમદા પોકળ પ્રેમી, મૂઢ કાં મ્હારી જાણે; કામ.
માંગણું પેલા ભવનું લેવા, ભેળાં મળ્યા ભાવ નાણે,
ફંદ ગળામાં નાખી પૂરો, ખુબ ખુબ જોરે તાણે; કામ.
છૈયાં છોકરાં લેઇને નારી, બેઠી ચોકીરૂપ થાણે,
કામ પોતાનું કાઢી મારશે, વચન આકરાં બાણે; કામ.
જયાં સુધી જોરૂમાં પ્રીતિ; ઠરીશ નહીં ઠેકાણે,
પેટ વડીયો ચાકર થઇ રહેતાં, છૂટકો નથી ન્હેંચાણે; કામ.
મમતા મૂકી મડા માયાની, વ્હેલો ઉઠ તું વ્હાણે,
રામ પ્રભુ મન સાથ જડીજે, કર પ્રીતી ગુણ ગાણે; કામ.

પદ ૩૦ મું રાગ સદર.

હે જીવડા, જાવા દે માં ટાણું,
અલ્યા આવશે આકરૂં અાણું; ટેક.

પાછળથી પસ્તાવો થાશે, ટાણું ન જો ઓળખાણું,
દુર્લભ દેહ પડી આ જાશે, ખરાબ થાશે ખાણું, જીવડા.
હાથ હજાર હતા એવાથી, પળ પણ નહીં રહેવાણું,
કર કુવાડે કેશવે કાપ્યા, પીતળ ત્યાં પરખાણું; જીવડા.
દશ માથાં દેવે ઊડાડયાં, રાજ બધું રોળાણું,
કાળ ઝપાટે રાવણ કેરૂ, કુળ બાધું બોળાણું; જીવડા.
હું હું કરતો હુંકે શાને, વાગશે શીરમાં છાણું,
આજ કાલ કરતાં કપટી કુડા, વા'ઇ જાશે વ્હાણું; જીવડા.
ધામ ધરા ધન ધુતવા ધંધે, ધા માં રળવા નાણું,
રહ્યું નથી ને નહીં રહેવાનું, ઉલટી થાશે હાણું; જીવડા.

આખર હાથ પસારી જાવું, મન શાને મોહિવાણું,
ગદ્ધાની દોસ્તીમાં લાતો ખાવા કાં લલચાણું; જીવડા.
સુત વનિતાના સ્નેહે રાચી, ચંચળ ચિત્ત થોભાણું,
અંતે આઘાં ખસશે સર્વે, શીદ એમા લોભાણું; જીવડા
પ્રભુ પતિરામ પદે કર પ્રીતિ, ત્યાગ દુરાશા ભાણું,
નાખ નહીં ઘી કામાગ્નિમાં, ગા ગોવિંદ ગુણ ગાણું; જીવડા.

પદ ૩૧ મું રાગ સદર.

મૂરખા મોહન ભજ મદ માતે,
નહી બનશે જીંદગી જાતે; મૂરખા. ટેક.
વિઠલ વરને વશ વરતાવી, દે બાંધી પ્રેમ નાતે,
પડમાં પાપી પડે જઇને, વિશ્વસ્વરૂપી અખાતે; મૂરખા.
આયુષ કા ગાળે છે ગોલા, ભવ આખો અથડાતે,
દંભી દ્વેષી થઈને ડોબા, દુનિયાંમાં દબડાતે; મૂરખા.
ઉમર ખો કાં ખંધાં ખાસી, પાપ વિષે પછડાતે,
મમતમાં મદ ધારી છાકી, મોહમદે મરડાતે; મૂરખા.
વરસો શાને ગાળ્યાં ગદ્ધા, હડ હડ થઇ હડકાતે,
ખોયું ખાસું ટાણું ખોટા, ખોડચમાં ખડકાતે; મૂરખા.
તક જાવા દે મા જીવ જોંગા, પશુ પેરે ખડ ખાતે,
ઘાસ ખાવાનું હોત જો તારે, ભાગ્ય વિષેજ લખાતે; મૂરખા.
જમ કીંકરની જબરી ઝાપટ, વળશે નહીં કોઇ વાતે,
અંતરના અભિમાને મર માં, મારી નાંખશે લાતે; મૂરખા
નાશ થશે આશાઓ મનની, ઝાલશે જોરે જાતે,
કાળ કળાપો પુરો થાશે, વાગશે પાટુ કાતે, મૂરખા.
હરિ ભજવામાં હેતજ રાખી, ભજવી લે ખેલ ખાંતે,
પ્રભુ પતિ રામ શરણુની ઓથે, તરતું ગુણ ગણ ગાતે;

પદ ૩૯ મું. સિંહાનો કનેરો.

ઓળખ જ્યાં લગી થાય ન સાચી, ત્યાં લગી વાત બધી છે કાચી, ટેક.

સાધન કરતાં સો વીતે પણ,
આત્મ વિના મરતો જગ જાચી, ઓળખ.
ટીલાંમાં ત્રોતેર ગયાં પણ, જીવ ન પહોચ્યોં પ્રેમથી પ્રાચી, ઓળખ.
જીવનને ઝટ જાણી લઇને, રામ ચરણુમાં રહેને રાચી, ઓળખ.
પ્રભુ પતિ રામ પીછાણી પ્યારા, નટવર પદમાં રહેતું નાચી, ઓળખ.

પદ ૩૩ મું રાગ સદર.

નિર્દય હે મન ? નીચ નઠારા, ઠાલા કર્મમાં હાય ઠઠારા, નિર્દય.
ફંદી ફોકટ ફંદ રચાવે, પાજી પડશે કંઠ કુઠારા, નિર્દય.
ભાવઠ ભવભોગે નહિ ભાગે, ઠેબે આવે ખોટ ખટારા, નિર્દય.
પોલ પોલ ને ડાળ નકામો, ખાલીખમ આ પેટી પટારા, નિર્દય.
પાપી ભારો શિરપર લઇને, ચાલી ન શકશો કેમે ટટારા, નિર્દય.
પ્રભુ મન રામ તજીને, ધંધા, કરતે ઝાઝા લાગે લટારા, નિર્દય.

પદ ૩૪ મું રાગ સદર.

આ સંસાર જણાયે તીખો, વિષય કથાની વળગી લીખો; આ.
ઝટ સમજી મન ચેતી ચાલો, રામ રટ્યાની રીતિ શીખો, આ.
બાજીગરની બાજી જેવી, ઝટપટ જગની બાજી વીખો, આ.
તક નહિં સાધી વ્યાધિ બાંધી, આખર ફોક શું ? જટિયાં
પીંખો; આ.
સ્નેહી સગાં અગ્નિની સગડી, માથે લઇ કાં મનમાં ધીખો; આ.
દાસ પ્રભુ શું ? રામ તજીને, ઘેરે ઘેરે, માગો ભીખો; આ.

પદ ૩૫ મું રાગ સદર.

ચિંતન ચામવિષે વય ગાળી, આવરદા દીધી શઠ બાળી; ચિંતન ટેક.
રત્ન ગયુ હાથેથી વછુટી, બેઠો પાછળ શું મોં વાળી; ચિંતન.
આત્માની ઓળખાણુ ન કીધી, પંડ મારી પેટે પાળી; ચિંતન.
ચિંતામણી ચોરાણું ચોખા ! હાય ! કરે શું આંસુ ઢાળી; ચિંતન.
પ્રભુપતિ રામવિના વલખાંમાં, વૃત્તિઓ વટકી છે ભમરાળી; ચિંતન.

પદ ૩૬ મું રાગ સદર.

રામચરણ પંકજ દ્રઢ સેવો, મીઠામાં મીઠો એ મેવો. ટેક.
તત્વતણું તે તત્ત્વ બિરાજે, આ સંસારે સાર એ લેવો; રામ.
સત અસતમાં એ સત સાચું, લાભ નહીં કો એના જેવો; રામ.
સારા સારનો સારજ સુંદર, સાધન સર્વનો તોલ ન તેવો, રામ.
પ્રીતમ પ્રભુ હરિરામ સેવીને, આ જંજાળ ઉડાવી દેવો. રામ.

પદ ૩૭ મું રાગ સદર.

હરિ શરણે મન જાજા જાજા, હરિ ભજવામા વાંધા શાશા,હરિ.ટેક.
ખામોશ ખાંતે કાં ધરી બેઠો, ખાસા ખાસડ કાં ખાખાખા; હરિ.
વાટ સુવાટ છોડીને અંધા, હાય કુ વાટે શું ધાધાધાધા, હરિ.
દુષ્ટજનોનો સંગ તજીને, હાલ સુસંગી થા થા થા થા, હરિ.
પછત્રાડેથી પડઘા પડશે, વાગે પીઠે ઘા ઘા ઘા ઘા, હરિ.
અમૃતસર છોડીને શઠ શુ, વિષ પિયે છે કાં કાં કાં કાં, હરિ.
દાસ પ્રભુ રામામૃત પીને, અન્ય જનોને પા પા પા પા; હરિ.

પદ ૩૮ મું રાગ સદર.

ભોટ ભવે ભટકે શુ ભાભા, ગુણ ગોવિંદના ગા ગા ગા ગા; ભોટ.
ઠામ ગયું ને ઠોકર ખાધી, રાખ્ય હવે કાંઇ ઠા ઠા ઠા ઠા; ભોટ.
તક સાધે તો શ્રેયજ થાશે, સૌજન કહેશે, વા વા વા વા; ભોટ.
મૃત્યુ માથે આવે ત્યારે, વળશે નહિં કરતાં મા મા મા મા; ભોટ.
ઓચી પકડે કાળ જ જ્યારે, બુંમ નકામી બા બા બા બા;ભોટ.
હરિજનથી મળવાને મૂરખ, શાને કહેતો ના ના ના ના, ભોટ.
દાસ પ્રભુ હરી ગુણ ગાવાને, કહેને હઠીલા હા હા હા હા; ભોટ.

પદ ૩૯ મું તૃષા લાગી મા બાપ, એ લય.

જીવ જૂઠા લબાડ જીવ જુઠા, તારામાથે બહુ રામજી રૂઠા, લબાડ, ટેક.
કરી ચોરી ચબાબલા ચાડી, પીધાં દારૂ અફિણને તાડી;

અળખામણો તું થયો અનાડી, મર મર તું અકલના મૂડા, લગાડ,
બહુ વાતના લડાકા હાંકયા, ફોતરાંના તે ફાકડા ફાકયા,
પુરા પાપના પેપડા પાકયા, ઘાણું વાળ્યો બુદ્ધિના બુડા. લગાડ.
દાયરામાં હા ! બા ! હા ! કીધું, દીલ દ્વેષ દંભમાં તે દીધું,
લુંટી ઝુંટી લુચ્ચા ધન લીધું, મુઢ માયાના ધાળ્યો અંગુઠા, લગાડ.
દાટ વાળ્યો ડાહાપણમા ડોઘા, ધમશાણો કર્યા બહુ ઘોઘા,
બળમાંહે બંધાયો બોઘા. જુઠા કીધા એકર ને ગુંઠા, લગાડ.
ફાતડા કા ફોકટમાં ફાટયો, ઉંધા કામા કરી શું ખાટયો,
નથી રહેતો અભાગીયા દાટયો, જેને તેને ભણાવતો ઉઠાં, લગાડ.
ભુંડ જામાં ભજનથી ભડકી, ફંદ છોડી દે મનમાં ફડકી,
ખેર બાવળ રાખ્યા છે ખડકી, બધા તારે કાજે છે કુઠાં, લગાડ.
મન જાણી લે જાળ આ ખોટી, મોહમાંથી જોનાં છે મોટી,
આભ ફાટયું હજી લે ઓટી, બહુ ખાધાં એઠાં ને જુઠાં, લગાડ.
કુડાં કર્મનો કોટ તેં કીધો, દીન બંધુએ દોષ નવ લીધો,
માનવીનો મહા દેહ દીધો, પ્રભુરામ પ્રેમ ભાવથી ત્રુઠા, લગાડ

પદ ૪૦ મું રાગ સફર.

ધૂમ લાગી ભજન ધૂમ લાગી,મારા અંતરમાં જયોતિ જાગી ભજન
તન મનના તે તાપ ટળ્યા છે, ભેદ ખેદ કેદ બંધનો બળ્યાં છે.
આજ અમૃતનાં ફળ તો ફળ્યાં છે, મોહ માથે વૈરાગ હાક
વાગી, ભજન.
ચોર ચિંતાના ચિતથી ચળ્યા છે, ગમખ્વારી ગુમાનો ગળ્યાં છે,
આશા તૃષ્ણાને તાવડે તળ્યાં છે, થયા રાગી મટીને વિરાગી,ભજન.
વેદ વાદ તો અભેદમાં વળ્યા છે, કામ, ક્રોધ કૃષ્ણ કૃપાથી પળ્યાછે
રઘુકુળ પતી રામજી રળ્યા છે; લીધી તૃષ્ણા તળાવડી તાગી,ભજન.
કપટ છળને છબીલે છળ્યાં છે, લોભ મોહ લક્ષ્મીનાથમાં વળ્યાંછે
હૈયે હાશ કરી હરીમા હળ્યાછે,હાથભકિત તરવારલીધીનાગી,ભજન.
દ્વેષ દુઃખ દંભ દાહને દળ્યા છે, મદ મત્સર માધવમાં મળ્યા છે,
કલેશ કજીયા કંકાશને કળ્યા છે,ત્રિવિધ વાસના દીધીછેત્યાગીભજન.

પુન્ય પાપ તણું બીજતો ગજ્યાં છે, હતા જુદા ભેળા ને ભજ્યા છે.
રામ પદમાં સર્વાંગથી હજ્યા છે, પ્રભુરામ નામના થયા રાગી,ભજન.

પદ ૪૧ મું રાગ સદર.

રામ રાખે જેને રામ રાખે, તેની સામે ન કાળ કદી ઝાંખે, જેને.
મીરાંબાઇના વ્હાલે ઝેર પીધાં, મેતા નરસીને દરશન દીધાં,
વળી કામો પાંડવનાં કીધાં, કૃપા થાય તે ખરો સ્વાદ ચાખે, જેને.
જયદેવે જીવનજી જાણ્યા, પ્રીતમદાસે પ્રીતેથી પીછાણ્યા,
રોહીદાસ રામરંગમાં માણ્યા, કોઇ ઉધર્યા નથી હરી પાખે. જેને.
હરિ મ્હાર બન્યા દ.માજી માટે, શ્રાધ કીધું મેતાજી સાટે,
હુંડી સ્વીકારી શામળે હાટે, ભકિત ભાવે ભલો સ્નેહ દાખે, જેને.
ખાધી વીદુરજીની ભાજી, થયા શબરીના બોરથી રાજી,
બિભિષણ નિવાજ્યો સાજ સાજી, શોધી શોધી શત્રુને મારી
નાખે. જેને.
પીતા પ્રહલાદને મારવા આવ્યો, ખાસ લોઢાનો થંભ ધગાવ્યો,
નૃસિંહરૂપે ત્યા નેહથી બચાવ્યો, નહી દાસનો દ્રોહ કદી
સાખે, જેને.
બોધલાની આરોગી બાટી, ખીચડીથી કરમાં બાઇ ખાટી,
હતા મીણુના કર્યા તેને માટી, શોધ કરી જુઓ શાસ્ત્ર આખે,જેને
પાપ નીધિ થકી નાથ તારે, ડુબતાને હાથેથી ઉગારે,
જમદુતને ઠોકરે મારે, નામવિના બચાવ નથી લાખે, જેને.
કાળ પાસથી જીવને છોડાવે; મહામાયાનાં બંધનો ત્રોડાવે,
કુડાં કર્મોની હાડકી ફોડાવે, પ્રભુરમ ગુણ કેટલાક ભાખે, જેને

પદ ૪૨ મુ. જોડી તેં ના જોઇ માડી, એ લય.

ગહન ગતી કર્મતણી ભારે (૨)
જેથી ચીત્ર વિચિત્ર ખેલ દેખાતા સંસારે.
જુઓ જગ નાટકના ખેલો. (૨)
સમજણ પામો શાંતિ રાખો ભરમાયે ઘેલો,

ધાડ ધર્મીને ત્યાં પડતી. (૨)
અધર્મના કરનાર જનોને લેશ નથી નડતી.
ભગતને ભારે ભય આવે (૨)
બગસમ ઠગ રગમાં રોગીને ચિંતા ચીત નાવે,
ધુંચવણુ જ્ઞાનીને મોટી. (૨)
અજ્ઞાની અંધાની જગમાં ઉચી છે કોટી,
સૂમને સુખ સર્વ મળતા. (૨)
દીવાળું દાતાર ઘેર જો ભાગ્ય ભુંડાં બળતાં,
સતીપર આળ ચડે આવી (૨)
કુલટાનાર નરક પડનારી પણ જાતી ફાવી,
વગોવાતા બહુ વેરાગી, (૨)
રાગી રંગ વિષે આળોટે સુખ નિદ્રા લાગી,
વિષમતા વિશ્વ વિષે વ્યાપી. (૨)
સઘળું કર્મગતી આધારે થાય નિતી સ્થાપી,
શોચ ઉરમાં જરી ના ધરવો. (૨)
સ્નેહ સરળતા સૌ જન સાથે સંપ સદા કરવો,
કર્મની વક્રગતી મૂકી. (૨)
પ્રભુરામ સુખધામ શરણમા પ્રિય પડવું ઝુકી.

પદ ૪૩ મું રાગ સદર.

મુસાફર મનજી માન મજા (૨)
સંકટ સંસારે સાંપડનાં પૂર્વ પાપ સજા,
માધવની આ માયા મોટી (૨)
કદી કળાય નહીં કો જનથી છેક નથી છોટી
ધરે જે જન્મ મરે સાચો (૨)
એમાં શું અકળાય અભાગી જીવ બની કાચો,
દુઃખોના ઓઘ પડે આવી (૨)
અવધિ આખર આવે એની એ જબરી ચાવી,
ઉપાધી વ્યાધિ આધિ આવે (૨)

એ સઘળું પ્રારબ્ધ યોગથી આવે ને જાવે.
સમયની છાયા ફરતી છે (૨)
સુખ દુઃખ આદી દ્વંદ ભરેલી આ સહુ ધરતી છે;
વિચારી વાળ જરા વૃત્તિ (૨)
કરૂણા કંદ કૃપા મેળવવા કર સાચી કૃતિ,
જીવનમાં મનવા ઝટ જોડા (૨)
નહીતર અંતે ખાવા પડશે પેટ ભરી જોડા,
વિકળ થઈ ટાઢ અને તડકે (૨)
અમથો શાને થાય હરામી, હાય, હજી થડકે.

પદ ૪૪ મું રાગ સદર.

શીખામણ દેવામાં શુરો (૨)
દેય શીખામણ મુજને તેનાં શીર કરૂં ચુરો,
વખાણો મનમાં બહુ ગમતાં;
અન્ય પુરૂષનાં વખાણ કરવા ચિત્ત નથી શમતા,
સિદ્ધ બની બેઠો છું મદમાં (૨)
નમ્ર થઇ નથી પડતો પ્રીતે સંતોના પદમાં,
ભક્તનું ખોટું નામ ધાર્યું (૨)
ભલા ભકત દીઠા દષ્ટે પણ મનને નહીં માર્યું,
વગોણું કરવામા પ્હેલો (૨)
રામનામ જપવામાં જઇને બેસું. સહુ છેલો,
પરાયા માલ પચાવ્યા છે (૨)
ઘરમાંથી પૈ દેવાના ન પ્રસંગ રચાવ્યા છે,
કર્યું નથી કામ લેશ સારૂં (૨)
ખોટી બડાઇ મુખથી હાકી, ગપાં ઘણાં મારૂં,
લાજતો નથી જરા ગાજું (૨)
સમજ નથી કે અંત સમામાં ઉંધું વળે વાજું,
અધમતામાં આયુષ ગાળી (૨)
વરસ ઘણાં વીત્યાં પણ દીધાં અગ્નીમાં બાળી,

હવે પ્રભુ રામ શરણુ તા'રૂં (૨)
અવગુણુ મારા ગણુતાં ગણુતાં હું હૈયે હારૂ,
માન સૂખ રૂપ જે જે થા'તું (૨)
પ્રભુ પતિ રામ પદે સુપ્રેમે હે મનવા ! ધા તું,

પદ ૪૫ મું. રાગ મદર.

જીભલડી ! રામ રામ જપજે (૨)
કામ કામ મિથ્યા લવરીમાં તાપે નહીં તપજે.
ભજનમાં ભાવ ભલો કરજે (૨)
મૂર્ખ લોકની કુથલીમાંહે કદી ન પરવરજે,
ભક્તિના ભેદ ભલા ભણુજે (૨)
ગમાર જનના ગુણુ અવગુણુની ગણુના નહીં ગણુજે.
મૂઢ નહીં ચબાબલી થાજે (૨)
હેતે હરીવર હૈયે રાખી ગુણુ ગણુ બહુ ગાજે.
ચોરટી ચાડી નહીં ખાજે (૨)
નહિં નિંદામાં નવરી થઇને તું ભસવા જાજે,
ચેત તું આમ તણો કટકો (૨)
અવળી જો ચાલી તો પડશે ઝટ માથે ફટકો,
મુખમાં હરિ ભજવા ઘાલી (૨)
માને નહિં તો વાઢી નાખુ મદ ઘરમાં ખાલી,
સમજ તું થા થા પ્રિય શાણી (૨)
પલપલ પ્રીતે પરમેશ્વરને ભજી લે સુખ માણી,
સફળ કરને થા તું વહાલી. (૨)
આ અવસર શઠ જાવા દે માં તું એગે ચાલી,
રઘુવર રંગ વિષે રંગા (૨)
પ્રભુરામના નામ તણી હેતી કર ઝટ ગંગા.

પદ ૪૬ મું રાગ સદર.

નીચ કરમાં ઝાઝી શેખી, કુલ્લા માં મૃગજળને દેખી;
લબાડ લેને જગ બાધાને, છીપરૂપું લેખી
જગતં વિજળીનો ઝબકારો, થતો આકાશે ચમકારો;
તનધન તેવાં સમજી લેજે; માયા પલકારો.
ઘડો કાચો તારી કાયા, ધરે તેમાં શાને માયા;
શોધ કરોડો વરસો તો પણ, જડશે નહીં પાયા.
વખતપર વાદળની છ.યા, મ ન તેવા પુત્રો જાયા;
પંડિતો પણ ભુલ્યા ફુલ્યા, જ્ઞાની ઘુંચવાયા.
શરીર પાણીનો પરપોટો, બધો છે ખેલ બન્યો ખોટો;
ભાવ ધરી ભભકામાં બન મા, મુરખનો જોટો.
દોરીમાં સર્પ રહ્યા માની. બની બુદ્ધિ તો એભાની;
શોધ કરી જો સાચે જ્ઞાને, જણાય ઝટ ફાની.
કરી વિચાર વળી જાને, ખરી વાતો ધારી કાને;
સમજણ સાચી સાંભળ મુરખા, મર માં અભિમાને.
બની બાજીગરની બાજી, થયો તેમા શાને રાજી;
માટીમાં મળી દર્શન થાતું, ખોટું છે પાજી.
મથન કર વીવેકથી વીરા, વિચારે બહુ થાવું ધીરા;
તો તો ધીમે ધીમે, મળશે હરી નામ હીરા.
સ્મરણ કર સ્નેહ સહિત સાચું, નહીં આવે ઉની આંચુ;
પ્રભુરામના નામ વિનાનુ બીજું બળ કાચુ.

પદ ૪૭ મું એને ભુલાવે એકાન્ત રે કાન્તાની કેલિ. એ લય.

આંખો ઉઘાડી અંધા દેખ રે, રામાની રીતી,
રામાની રીત ભુડી, પકડે ગળામાં મુંડી;
લુંડી મારે છે માથે મેખ રે, જાણે જે વીતી. આંખો.
મૃગ લલચાવા ભીલડી, ગાન અલાપે આપ;
જાળ બીછાવી પકડતી, મૃગનાં પુરાં પાપ.

મધુરાં વેણાં તે બોલે, અંતરથી અંગ ડોલે;
ડોલે ના,દે પે'રાવી ભેખ રે, દેખાતી બીતી. આંખો.

ફાંસો નાખે પ્રેમનો, રાખે કાતી પેટ;
તનમન ધન ચુસી પછી, કરે કાળને ભેટ.

મેડકથી ડરતી ભારે, સાપને આજણુ સારે;
ખારે ન ડુંમ નજરે પેખ રે, સમજાશે સ્થિતિ. આંખો.

તનડુ તારી પાસ પણ, બેઠું ઓટે મન;
લોટે ખાટ તળે ખરૂં, કાળ જ કેરૂ રતન.

એવી અંતરની ખોટી, શાને તુજ ચિત્ત ચોટી;
બોટી છે ગામે, જો તુ તેખ રે, નહીં છે ત્યા ઇતિ. આંખો

ખોગ ખેલ ગર્યા ખરા, ખપ માં ખરમાં ખધ;
ચેત ચેત ચતુરાં થકી, ચતુર થયો કાં અધ.

ગંધ રામાની બાળી, પ્રભુરામ રીતી પાળી;
ટાળી તુ નાખ કર્મો રેખ રે; તો જાશે જીતી. આંખો

પદ ૪૮ મું રાગ સદર.

સાચો તું સ્નેહ જીવડા જોઠ રે, શામળિયા સાથે,
સુંદર વર શ્યામ પ્યારો, મુકી માં ચુંથ ગારો;
કર માં તું બીજી માથા ફોડ રે, હડકીને હાથે. સાચો.

સારૂ તારૂ સાસરૂં, સોતા પતિનુ દ્વાર;
જાતાં કહી કો ના શકે, લુચ્ચો લંપટ જાર.

સાધનં કર સારાં સારાં, મુક તું મારાં મારાં;
તારૂં નથી કો પ્રીતિ ત્રોડ રે, મૃત્યુ છે માથે. સાચો.

ભવમાં ભૂલો આથડી, મર માં મુઢ મવાલ;
ચાતર માં તું ચોરટા, ભુડા થશે હવાલ.

ધનુષ ધીરજનુ સાંધી, દોરી દયાની બાધી;
બાનાનાં બાણુ સુખથી છોડ રે, ભરી રાખી ભાથે સાચો.

ત્રિભુવન પતિએ તુજને, આપી ઉત્તમ તક;
ગુમાવ મા અદ્ધો થઇ, ઝાઝી કર માં જક.

સંકટમાં શોધા શાને; વાઢ જમના ફાંસાને;
પ્રેમ વધારી પુર્યા કોડ રે, કરૂણાળુ નાથે. સાચો.
દેવ દયાઘનની ઘણી, દયા થકી આ દેહ,
મળ્યો તને માનવ તણો, દેવી ન ઘટે છેહ;
મળશે નહિ પાછો એવો, હાથ આવ્યો છે મેવો,
પ્રભુ પતિ રામમા ચિત્ત ચોંડ રે, ગોવિંદનો ગાથે; સાચો.

પદ ૪૯ મું રાગ સહર.

અગ્નિ ઉઠે છે અંગે અંગ રે, વેશ્યાની સંગે,
વેશ્યાની પ્રીત ખોટી, ઉપરથી લાગે મોટી;
અંતરમાં છોટી છે, અડમંગ રે, પજવે છે જંગે. અગ્નિ.
સ્વાર્થ કુશળતા દાખવે, પ્રિતિ નામે પોક,
જગ આધાને ધુતતી, પ્રેમ વાત છે ફોક.
વિષયની વાસ રાખે, કપટી તે પાશ નાખે,
દિલને બનાવનારી ઢંગ રે, અભડાવે અંગે; અગ્નિ.
મીઠાં મીઠાં બોલતી, મધ બોળેલાં વેણ,
અંતર ઝેર ભર્યું ઘણું, ચહે ખેણુ ને ઝેણુ.
કપટી કુચાલી કુડી, રામા દેખાય રૂડી;
પરખો તો વિટી માહીતું નંગરે, ત્રોડાવે તંગે; અગ્નિ.
વ્યસનો બહુ વળગાડતી, ચુકાવતી સુચાલ,
નર્કખાડમાં ઝીકતી, હાલત કરે બેહાલ.
વંઠાવી દે છે નરને, લુટી તે લેછે જરને,
બેંકાવી દેય છે અનંગ રે, ભુલાવે ઢંગે; અગ્નિ.
છેલ છબીલા છેતર્યા, તપસી લપસ્યા ત્યાં જ,
જ્ઞાની ભાન ભુલી ગયા, ગણુતી શઠની કયાં જ.
લોળવ્યા ભકતો ભોળાં, ચોળવ્યા ભસ્મ ગોળા,
બચે પ્રભુરામ રાખે રંગ રે, આવી ઉમંગે. અગ્નિ.

પદ ૫૦ મું અ રામ મનરે મતવાલો પ્યાલો ચાખીયો એ લય.

તનરે ત્રૂટયા નાં ભાલાં ભોંકીયાં, ભાલાં ભારે ખુંચેલાં,
બચવાની આશા ટળી ગઇ, આરંપારે પુગેલાં. તન૦ ટેક.
નાંખી મારેલાં એ નિર્દયે, કાળજ કોર્યાં કઠોરે,
ચૂકયો શીકારીન ચોટને, જખમી કીધાં નઠોરે તન૦
ખેંચી કાઢું અણીઓ રહી જતી, પીડા એવીને એવી,
જાણે અજાણુ ન એહને, જાણે માણ્યા જેવી. તન૦
ભાલાં ભોંકયાં તો ભલે ભલે, જેથી આ તન ત્રૂટયાં,
રામ મણિ કર આવીયો, ભવ બંધન છૂટયાં. તન૦

પદ ૫૦ બ. મું રાગ બિભાસ.

રજની નસાડો મારી, મોહની કરાળ,
મોહની કરાળ પ્યારા, રામ હે રસાળ. રજની. ટેક.
ઘેનમાં ઘેરાણો ભારે, મોહના નિશાને મારે;
વ્હાલા શું ચડો ન વ્હારે, રામ દયાળ. રજની.
સોડ આઘી આઘી તાણું, ઉંઘમાં હું મોજે માણું;
વાશે શું નહિં જ વા'ણુ, રામ કરૂણાળ. રજની.
ઘોઘરા ઘરેડું મોટા, સ્વપ્નના સહુ છુ ઝોટા;
કેમ કરૂણાના ટોટા, રામ હે કૃપાળ રજની.

પદ ૫૧ મું રાગ સહર.

ઉઠ તું અભાગી જીવડા, ઉંઘમાં અડયો કાં,
ઉંઘમાં અડયો કાં, જતુ જોરથી જડયો કાં. ઉઠ. ટેક.
જાગવા વિચાર કર તું, ઉંઘમાં ન પ્યાર કર તું;
કાનમાં આ શબ્દો ધર તું, સ્વપ્નમાં પડયો કાં. ઉઠ.
સ્વપ્ન ભાત ભાત આવે, લાભ હાનિઓ સતાવે;
જાગ્રતી હજુએ નાવે, ચક્રમાં ચડયો કાં. ઉઠ.
શમણામાં સુખ માની, ઘોરતાં ન રાખી કાની;
જાગ થાય જોજે હાની, રાનમાં રડયો કાં. ઉઠ.

સન વિશ્વરૂપ મોટું, નિંદ્રામાં દીઠી દોટું,
ક્રમ થાય છે જ ખોટું જાગમા પડયો કાં. ઉઠ.
વીરા વાત માન સાચી, રમતો નિદ્રાની કાચી;
ઉંઘમાં રહ્યો શું રાચી, લોભથી લડયો કાં, ઉઠ.
આવરદા ઉંઘે વીતે, જાગ જીવ તો ઝટ જીતે;
પ્રભુ રામ ભજ તું પ્રીતે, સ્નેહમાં સડયો કા. ઉઠ.

પદ પર મું રાગ સહર.

આવરદા ઓછી થાયે, જોને જીવ જાગી;
જોને જીવ જાગી, પ્યારા, ઉંઘ માં અભાગી. આવરદા. ટેક.
પલ પલ જો જાય ચાલી, રહે મા માયામાં મ્હાલી;
વાત આ કહું છુ વ્હાલી, માન દુરભાગી. આવરદા.
જાણે તુ " મોટો થાઉં, " " ઝટપટ ધધામા ધાઉં; "
કાળ તો કહે છે " ખાઉં, " ચેત હિણભાગી. આવરદા.
હત્યારા આંખો કુટી, ઉમર હાથેથી છૂટી;
કાળ નાખશે જ કૂટી, દેખ હાક વાગી. આવરદા.
આળસમાં અમથો પડીયો, જઈને જનદ્વારે ચડીયો;
કાળ તો ગણે છે ઘડીયો, મુઓ ચોટ લાગી. આવરદા.
કાળ આ કરાળ રોકી, મૂક નામની ત્યાં ચોકી;
કહુ વાર વાર ટોંકી, ઉઠ થા સુભાગી. આવરદા.
ચડ તું ભક્તિને નાવે, જોર કાળનુ ન ફાવે;
પ્રભુરામ ભજવા ભાવે, લે કૃપાણ નાગી. આવરદા.

પદ પ૩ મું રાગ આશાગોડી.

ગણપતિનાથ મનાવું, ચરણ પડી, ગણપતિ. ટેક.
શાંકર સુત પારવતી નંદન, વંદન કરી ગુણ ગાઉં. ચરણ.
સિદ્ધિસદન ગજવદન દયાકર, વારંવાર વારી જાઉં ચરણ.
વિદ્યાસાગર બુદ્ધિ વિશારદ, શરણ તમારૂં ચ્હાઉં. ચરણ.
દાસ પ્રભુજી કરૂણા કરજો, રામચરણ રતિ ચ્હાઉં. ચરણ.

પદ ૫૪ મું રાગ સહર.

ધીરજ ધરવી સુધાસી, મૂરખ મન ધીરજ. ટેક.
ધીરજથી ધન ધામ મળે છે, થાય સહાય સુપાસી. મૂરખ.
સિંહાદિક ક્રુર પ્રાણી પોતે, પ્રીતિ કરે છે ખાસી મૂરખ.
અંતર આનંદ અતિ ઉપજાવે, થાય ન કો દી હાંસી. મૂરખ
જપ તપ ધ્યાન સમાધી સારી, સહેજે બનતી સુહાસી. મૂરખ.
દાસ પ્રભુ ધીરજની લેતો, દુઃખ જાશે સૌ નાસી. મૂરખ.

પદ ૫૫ મું રાગ સહર.

ગહન ગતિ અતિ ભારી, કરમતણી, ગહન ગતિ. ટેક.
રાજ્ય સિંહાસન બેસવા ટાણે, રામ બન્યા વનચારી. કરમ.
રાવણ હાથે આપ હરાયાં, માત સીતા સુખકારી. કરમ.
દશરથ પ્રાણાધિક પ્રભુ પ્યારા, આપે કર્યા વનચારી કરમ.
રાજ્ય વિભિષણ પામ્યો પ્રૌઢું, હનુમત સિંદુરધારી. કરમ.
દાસ પ્રભુ પરાધિન પડયો છું, ઉગરવાની ન બારી. કરમ.

પદ ૫૬ મું રાગ સહર.

દેહ ઘણી છે નકારી, અરે આ દેહ ઘણી છે નકારી, ટેક.
ક્ષણ ક્ષણ કાળ ગળે છે એને, અતિશય છે જ વિકારી, અરે.
હાડ ચામ ને વિષ્ટા મુત્રે, જોતાં આવે બકારી, અરે.
માટી વિષ્ટા રાખજ થાશે, એવી છે એ અકારી, અરે.
ઉત્તમ અન્ન તે વિષ્ટા કરે છે, છે જ ખરી ક્ષયકારી, અરે.
દાસ પ્રભુ તું એથી આગો, માન્ય ખરો અધિકારી, અરે.

પદ ૫૭ મું રાગ સહર.

આશા ખરી દીલ ધારી, હરિ તારી, આશ ખરી દીલ ધારી. ટેક.
આશા આ જગની હતાશ થઇ પણ, શ્વાસ ગઇ તાહીં મારી,
હરિ તારી.

પ્યાસ ખરી પણ પાસે જાતાં, ખાલી સરોવર ભારી, હરિ તારી.
ફાંફાં માર્યાં ફોકટ ફંદે, એ ફસવાની બારી, હરિ તારી.
મૃગજળ દેખી દોડયો ઝાઝું, અંતે ગયો હું હારી, હરિ તારી.
પ્રભુ પતિ રામા રાખ શરણમાં, કરતો બહુ લાચારી, હરિ તારી.

પદ ૫૮ મુ રાગ સદર.

હાર ઘણી ઘણી ખાધી; હવે તો, હાર ઘણી ઘણી ખાધી. ટેક.
જ્યાં જ્યાં જશ લેવાને દોડયો, ત્યાં ત્યા વળગી ઉપાધિ, હવે તો.
જાણ્યું કે આ જાળ તુટે ત્યાં, જાડી જાળો બાધી, હવે તો
ચિંતા ટળવા ચિત્ત કર્યું ત્યાં, ઉલટી ચીતા વાધી, હવે તો.
પારસ આશાથી પટકાયો, કાચ કરચ ત્યાં લાધી, હવે તો.
દાસ પ્રભુ ભવ દરિયે ડુબુ, તું તારે તક સાધી, હવે તો.

પદ ૫૯ મું રાગ સદર.

વાર કરો મા વહાલા, દયાનિધિ, વાર કરો માં વહાલા, ટેક.
મમતા તારે મુજપર ઝાઝી, કયા જાઉં નંદલાલા, દયાનિધિ
દીનજન વત્સલ ભાવ તજી શું, ઠેલો ઠગીયા ઠાલા, દયાનિધિ.
પ્રણત પ્રતિપાલક નામજ સાચું, કર કરૂં કાલાવાલા, દયાનિધિ.
ભક્તપરે હરિ ભાવ ધરીને, તાર હમે તો નમાલા, દયાનિધિ.
દાસ પ્રભુ ભવ ભટકયો ભારી, શરણુ ગહ્યું છે કમાલા
(સારૂ) દયાનિધિ.

પદ ૬૦ મું રાગ સોરઠ ત્રિતાલ.

જય જય જય જય જય જય રામ કૃપા કરજો હરી રે;
દયા દિલમાં ધરી રે. ટેક.
જય જગવદન દશરથનંદન, આનંદકંદ હરિ દ્વંદ્વ નિકંદન,
જનમનરંજન રામ, શ્યામ વરજો હરી રે; જય.
વનમાળા કૌસ્તુભમણી શોભે, પીત પીતાંબર મનડું લોભે,
ચરણ મૃદુ મન થોભે, ત્યમ કરજો હરી રે; જય,

ચિંતાહરણુ વરણઘનશ્યામા, ગુણાતીત ગતિ ગોવિદ રામા,
ગુણનિધાન સુખધામા, મન ઠરજો હરી રે, જય.
ગુણ તારા અતિશય છે ગરવા, દાસ પ્રભુ બેઠા છે મરવા,
રામકૃપામૃત ઝરવા, મન ધરજો હરી રે; જય.

પદ ૬૧ મું રાગ સદર.

નૂતન વર્ષે નાથ નિવાજો નેહે દાસને રે, કાઢો કાશને રે ટેક.
બહુ જન્મોના બંધન બાળો, વીખેરી નાખો સહુ જાળો,
ત્રીકમ ટેકે ઢાળો, ઉંધા ભાસને રે, નુતન૦
ભુધર ! ભવમાં નવ ભટકાવો, લોભ લાકડે નવ લટકાવો,
અવિનાશી અટકાવો, ને ઉપહાસને રે; નૂતન૦
વિષમ વિષય વાસના વિદારો, નાશ કરો કામાદિ વિકારો,
ત્રિભુવન નાથ નિવારો, તૃષ્ણા ત્રાસને રે; નૂતન૦
કર્મ કોટ ફેકટનો ફોડો, જગજીવન ! જીવ તમમાં જોડો,
દેવ દયાઘન દોડો, ત્રોડો પાસને રે; નૂતન૦
કુમતિ કુટિલના કેશવ કાપો, પરમેશ્વર પરજાળો પાપો,
આપ પદે હરિ આપો, દઢ વિશ્વાસને રે; નૂતન૦
ભાંગીને ભવનિધિ ભેખાડો, પ્રભુરામ પ્રીતે પેખાડો;
દયા કરી દેખાડો, અખંડ રાસને રે, નૂતન.

પદ ૬૨ મું રાગ સદર.

રઘુવર બ્રહ્માંડોમાં છે મોટાઈ આપનીરે, જગમાબાપનીરે ટેક.
ધનવંતોને ઠેલી આઘા, રંક ભકતની કરતા શ્લાઘા,
પહેરાવો શુભ વાઘા, ગર્જન જાપની રે; રઘુવર.
દર્શન સ્વપ્ને દેવ ન પામે વાનરસંગે વસ્યા વિરામે,
ભીલપર પ્રીતિ જામે, બ્હીક ન તાપની રે. રઘુવર.
મુની મળવાની વાતો ભુલ્યા, શબરી ગીધને સ્નેહે ડુલ્યા,
વખાણ કરતાં ફુલ્યા, ખુબી પ્રતાપની રે, રઘુવર.
જનકાજે નહીં થજો પ્રમાદી, કર્મતણી કાપોને કાદી,

જરી ન કરજો યાદી, મુજ ભુલથાપની રે; રઘુવર.
રંક નિવાજક નામ ન લ્હેચો, ઝટ આપો જમદુતનેરેચો,
દયા કરીને ખેંચો, દોરી ચાપની રે; રઘુવર.
દીન આદરવા રીત દરબારે, દીન પ્રભુ હે રામ પુકારે,
હરો પીડા આભારે, આ જગ સાપની રે; રઘુવર.

પદ ૬૩ મું રાગ સદર.

જે જે ત્રિપુટી ઐકય બને ત્યાં, તું વાસો વશેરે,
આઘો નહીં ખસેરે. ટેક.
કર્તા કર્મ કરણ ભ્રમ ભાગે, આ તનથી મન જો વિરાગે,
ઐકય થતાં સુરાગે, ત્યા ત્યાં તું ઠસેરે; જે જે.
સાધક સાધન સાધ્ય સમાને, વૈરાગી વિચરે નિજવાને,
ઐકય ધરે જો ધ્યાને, ત્યા ત્યાં તું થશેરે, જે જે.
ધ્યાતા ધ્યાન ને ધ્યેયની વૃત્તિ, ટળે મળે સાચી નિવૃત્તિ,
પરવારે પ્રવૃત્તિ, ત્યા ત્યાં તુ ધસેરે, જે જે
જ્ઞાતા જ્ઞાન ને જ્ઞેય ત્રણે તો, મનથી એકાકાર ગણે તો;
મન હરિદાસ બણે તો, ત્યા ત્યા તું લસેરે. જે જે.
બ્રહ્મા વિષ્ણુ મહેશ અભેદે, મિથ્યા ગ્રંથીને જો છેદે,
રામ પ્રભુ મન દેદે, ત્યાં ત્યા તું દશેરે; જે જે.

પદ ૬૪ મું રાગ સદર.

પ્યારા સાચાના સંગાથી અવસરે આવજો રે, કહેણુ નહીં
કહાવજો રે. ટેક.
ઉંડા જળમાં ઝૂડ પકડતાં. માળા ફુલની ચરણે ધરતાં;
ગજ મુગાવ્યો મરતા, સમય સભાળજો રે; પ્યારા.
પ્રહલાદનું પણ પરખી ચિત્ત, વાસ કર્યો સ્થંભમાંહી પ્રીતે,
તેમ કૃપા કરી હેતે. દાસ બચાવજો રે, પ્યારા.
દાસ સુદામે તાંદુલ દીધા, તેના મહોલ કનકના કીધા;
દાવાનળને પીધા, દુષ્ટ દમાવજો રે, પ્યારા.

કુબ્જાનું ચંદન સ્વીકારી, રૂપ કર્યું અદ્ભુત અવિકારી;
પ્રભુ રામપરે હું વારી, પ્રેમ પરખાવજો રે; પ્યારા.

પદ ૬૫ મું રાગ સદર.

મારા અંતરજ્યોતિ રામ રઘુવર જાગજોરે;
દૂર નવ ભાગજોરે, હે હરિ ! ટેક.
મોહ મદોન્મત્ત સિંહ પછાડી, કામ ક્રોધ હસ્તી જ નસાડી,
ભુંડણ લોભ ભગાડી, ભયને ભાગજો રે, મારા.
ધર્મ અર્થ કામાદિક મોટા, કૂવા અહીં છે ઉંડા ખોટા,
માંહે જળના ટોટા, કુંફૂવે નાગ જો રે, મારા.
નાગ પકડવા મુરલી મધુરી, વાજે કાન ન રાખો અધુરી,
ભજન તણીજ મજુરી, માધવ માગજો રે; મારા.
વાદળ જેમ વિખેરી વહાલા, સુર પ્રકટે છે દીનદયાળા,
માયાનાં જે ઠાલાં વાદળ ત્યાગજો રે; મારા.
દિલ દુસ્મનથી જાઉ હારી, શત્રુઓ સંતાપે ભારી,
વ્હાર ચડો દુઃખહારી, ભણકા વાગજો રે, મારા.
દાસ પ્રભુ અંતરમાં પ્રકટો, રામ રટું છુ થઈને નકટો.
આંતર શત્રુ પટકો, ઝટકો લાગજો રે; મારા.

પદ ૬૬ મુ રાગ સદર.

હે ! અવિનાશી ! આ અજ્ઞાન હવે અટકાવજો રે,
નહિ ભટકાવજો રે ટેક.
અંધારે અથડાયો ભારે, હરિ દિલ મારૂ હિમત્ત હારે,
જગ ફાંસીથી પ્યારે, ઝટ છટકાવજો રે; હે !
અમથી માયા આવી વળગે, નહિં ત્યાંથી પણ ઘેરો સળગે,
રઘુપત્તી રહીને અળગે, નહી લટકાવજો રે; હે.
માયામા મન જ્યાં ત્યાં ભટકે, ચડી ઝાડપર ડાળે લટકે.
કાળરૂપ ફટકે, હજી નવ ફટકાવજો રે; હે.

અગ્નિમાં હાઝુંછું ડરથી, કામ ન થાતું સારૂં કરથી,
ભ્રમણા ડુંગરપરથી, નહીં પટકાવજો રે; હે.
ભય ભેદોના ખુંચે ભાલા, ખ્યાલો ખોટા આવે ઠાલા,
મન વાનરને વ્હાલા, નહિ વટકાવજો રે; હે.
અટકાવો મન વેગી વાજી, રામ પ્રભુજનપર થઈ રાજી.
જગ બાજીગર બાજી, હજી ન ટકાવજો રે; હે

પદ ૬૭ મું રાગ સદર.

આવો આવો રઘુપતી રામ કૃપા કરી આંગણેરે, શુર
સમરાં ગણે રે; ટેક.
પ્રેમે પ્યારા હુ બોલાવું, નિત્ય હૃદય ઝુલે ઝુલાવું,
ખેલ ખાસા ખેલાવું, મોહ્યા માખણે રે; આવો.
શા માટે હરિ અંતર રાખો, પોતાનો કરી પડતો નાખો,
ભીખ માગી ભવ આખો, હું રૂપ માગણે રે; આવો.
મોહન મુખ જોવાને તમારૂ, વ્યાકુળતા પામે મન મ્હારૂં,
દીલ અગ્નિ કયાં ઠારૂં, ન રહે ખામણે રે; આવો.
શોકાતુર જીવન હું ગાળુ, ઉપાય એનો એક ન ભાળું,
પળ પળ પ્યારા ઢાળું, આંસો પાંપણેરે; આવો.
કોને કહું અતરની વાતો, કેમે ઉભરો નથી સમાતો;
બહુ ગભરાતો ધાતો, હું ગભરામણે રે, આવો.
રામ પ્રભુ મનની જાણો છો, તો પણ પ્રિયતમ શું તાણોછો,
વાગે કદી બાણો છો, તારું તાપણે રે; આવો.

પદ ૬૮ મુ રાગ સદર.

જમની અજબ ઝપટ જો જગમાં કેવા ગજબ કરે રે;
શાને ભુલી મરે રે. જગની. ટેક.
માત પીતા મનમાં મલકાયે, દિન દિન દિકરો દિસણુ થાયે;
વચમાંથી ઝડપાયે માથું કુટી મરે રે. જગની.

વરરાજા વળમાં જોડાણા, માનુની માટે મન લોભાણા,
કાળ પુરે જ તાણાણા, અતે રડી મરેરે. જમની.
બાલપણે બાલીશતા બોજે, જોર જુવાનીમા ઝકઝોળે,
આખર જમને ખોળે, કુદ્યો શુ ફરે રે. જમની.
સગાં સંબંધી સારૂં સારૂ, મેથ્યા બોલે મારૂ મારૂં;
પ્રભુ રામ વિના સૌ ન્યારૂ ન્યારૂં થઇ ફરે રે. જમની.

પદ ૬૯ મું રાગ સદર.

જુઠા જખ મારીને જગમાં લાજ્યો શુ નહી રે,
ગાજ્યો શુ અહીં રે જુઠા.
દેશ દેશાતર ભટકી ભટકી, બાઝ્યો બહુ ઠેકાણે બટકી,
શીર લઇ પાપી મટકી, ગાંજ્યો જા કહી રે. જુઠા.
સો સો ઉંદર ખાધા ખાસા, કરે બીલાડી પયની આશા,
પોબાર પડે નહિ પાસા, બાઝ્યો શુ સહી રે. જુઠા.
કથા પુરાણુ કહે પરપચે, તૃષ્ણા પાણો આઘો સચે;
ચડવું જમને મંચે, દીલ દાઝ્યો નહીં રે. જુઠા.
જ્ઞાન કથાથી લોક રીઝાવે, પી જી પી જી શું પી જાવે,
પ્રભુ વેશે રામ ખીજાવે, છાજ્યો એ નહીં રે. જુઠા.

પદ ૭૦ મું રાગ સદર.

સ્વર્ગપુરની શેરીનો મારગ અતિ સાંકડો રે.
ત્રાડે આકડો રે. ટેક.

કુખે દુખ પામ્યો મર લાજી, ગંદા જીવ રહે કા ગાજી;
માં કર હાજી હાજી, બન મા ફાકડો રે. સ્વર્ગ.
નારી પાસ વિષયની આશે, નાચે પણ છેટો નહિ નાસે;
નાચે મુંડ પાસે જેવો માકડો રે. સ્વર્ગ.
તાજો સી તાજમ લેવામા, ગદ્ધા સમ બોજો વહેવામા;
સાધુને દેવામાં પાડો, પાંકડો રે. સ્વર્ગ.
દુસંગમાં પડતો શુ ઝુકી, સતસગત કાં જાતો ચૂકી,

સાકર સેવન મૂકી ખાતો, કાં ? *કડો રે. સ્વર્ગો.
શું બેઠો તું લઇને આડો, સમજ ન સંતો પાડે રાડો;
વિષય વરૂનો વાડો વંઠલ વાંકડો રે. સ્વર્ગો.
સીતા રામ વિના કશું વદ માં, મૂઢ ન મરતું મમતા મદમાં;
જન પ્રભુ રામ સુપદમાં પડ થઇ રાંકડો રે. સ્વર્ગો.

પદ ૭૧ મું રાગ સદર

અંધા ! અળગી કર આસા ઉંધી, અળખામણી રે,
ટેક લજામણી રે. ટેક.
શું શ્રવણે પડી ગઇ છે ધાકો, જો જો જો આવે જમ કાકો,
કાળદૂતની હાકો અતિ ડરામણી રે. અંધા
આશ ત્રાસમાં જમપૂર જાશે, જમને હાથે જોડા ખાશે.
નિષ્ઠુર નકટા થાશે; દશા દયામણી રે; અંધા.
ચિંતા સ્વાદ બુરા કાં ચાખે, એમ ન હોળી બુઝે લાખે,
ફસવા શાને હાખે, રીત રીસામણી રે; અંધા.
કૃતિ કર મા તું કુડા ઠગની, વૃત્તિ ધર માં ઓધા તું બગની,
વૈતરણી નદી જગની, નથી તરામણી રે; અંધા.
આસપાસ ખાસો છે ખારો, તરવા લાયક તટ એક સારો,
હરી નામરૂપ આરો; દઉં વધામણી રે, અંધા.
સાધન સીમા નથી સો અબજે, દેવ દુદુભી સૌથી ન બજે,
પ્રભુરામ રૂપ કબજે, કર ચિતામણી રે; અંધા.

પદ ૭૨ રાગ સદર.

ભકતો ભેળા થઇને ભજનો ગાવા આવજો રે,
તંબુર લાવજો રે. ભકતો.
અમે તડાકે વાતો કરશું, લેશ ભજન ના કાને ધરશું,
કહેશું ન સારૂં નરશું, ધુન મચાવજો રે; ભકતો.
ગામ ગપાટા ગમતા અમને, કામ ન બીજું છે આદમને,
ખોટ ન જાશે તમને, તાન લગાવજો રે; ભકતો.

* ઘંટ્રજન.

અમે ઉઘીયે ધ્યાન ન દેજો, જોઈતા હોય તો પૈસા લેજો,
હડધુતકાર સહેજો, ભની જગાવજો રે; ભકતો.
ગમત બે ઘડીની તો થાશે, રાત અમારી નીકળી જાશે,
ગાજો સારૂં ભાસે, નહીં ભડકાવજો રે; ભકતો.
બે પસા ફાળામાં દેશું, સારૂં સારૂં જીભે કહેશું,
ભજન ચિત્તે નવ લેશું, નહીં સતાવજો રે; ભકતો.
પરમતત્વના થાય પવાડા, કેવા ભજનોના જ ભવાડા,
પ્રભુરામ એ વાડાથી જ, બચાવજો રે. ભકતો.

પદ ૭૩ મું રાગ સહર.

જીવડા ! સ્વારથમા કાઢયું છે, સત્યાનાશ તેં રે,
કર્યો વિલાસ તેં રે; જીવડા.
ભરતખંડની ભૂમી સારી, નર તન દેવો ને સુખકારી,
અતિશય જે હિતકારી, કીધું નાશ તેં રે; જીવડા.
આ દેહે ફળ ચારે મળતા, કપટી તે કીધાં તેં ટળતાં,
ભક્તિમાં નહીં ભળતાં, કર્યું વિનાશ તે રે; જીવડા.
જીજ્ઞાસુ જન મુક્તિ પામે, તે તન ખોયુ વળગી ભામે,
ક્લેશી ચોટયો કામે, ખાધું ઘાસ તે રે; જીવડા.
કલ્પવેલમાં વિષફળ લાગ્યાં, ચાહી ચાહી ખાવાને માગ્યાં;
મુવો ખાસડાં વાગ્યાં, પીધી છાશ તે રે; જીવડા.
ચેત હજી તું ચતુર થઈને, પરમારથનો પંથ લઈને,
સંત ચરણ પડ જઈને, અતિ કરી કાશ તે રે, જીવડા.
નાહક સંતો કાં સંતાપે, દીધાં શુભ સાધન ગ આપે,
પ્રભુરામ નિજ પાપે, કીધ નિરાશ તેં રે; જીવડા.

પદ ૭૪ મું રાગ સહર.

ભાવે ભવપતિ જો ન ભજાયા ભભકો ધૂળ છે રે,
પાંસા શૂળ છે રે. ટેક.
ભભકામાં કાયા શણગારી, ભભકે શોધી નવલી નારી,
દેભવ ભભકયા ભારી, એ સહુ ઉળ છે રે; ભાવે.

ફક્કડ ફેદ વધાર્યો ફાગે, શીખામણ સંભળાવી સાંગે,
એશ છતા પણ બાગે, લજ્જા કુળ છે રે; ભાવે
મોટાને મળવાને ધસતો, વિદ્યાલયમા વાસો વસતો,
ભમકે ભષણ ભસતો, પણ વર્તુળ છે રે, ભાવે.
ભભકો મારી નાત જમાડી, ફર્યો પ્હેરી પીતાંબર સાડી,
ભરે મારી માડી, જન્મ કમૂળ છે રે ભાવે.
મોટાનાં અભિમાન મુકાવ્યાં, વખાણનાં બણગાં ફુકાવ્યાં,
ગદ્ધા ઘણા ભુંકાવ્યાં, પામ વલૂળ છે રે, ભાવે
ભભકાની મૂકી દે પરવા, સમજ કાન રાખીને સરવા,
રામપ્રભુ મન ધરવા, એ સુખ મૂળ છે રે; ભાવે.

પદ ૭૫ રાગ ભૈરવી

મારી અંતર વાતો છાની, માની શુ સમજે જ્ઞાની. ટેક.
જ્ઞાન ધ્યાન ને માન મસ્તિમા ઘૂમે ડાચા ડોળા,
ડાહ્યા થઈને ડૂબે દુખમા, ભરમાતા થઈ ભોળા: મારી.
પ્રેમ પતંગી રંગ નહી પણ, ઘાટો ઘેર કરારી,
ફાટે પણ ફીટે નહી કદીએ, રંગ ચડયો બહુ ભારી, મારી.
પ્રેમ પટોળે ભાત પડી તે, થાપ નથી કાંઈ ત્રાટે,
ત્રાટું ટુટે એક તડાકે, પ્રેમ પટોળું ન ફાટે; મારી
પાટાંબરમા પાટ શીવણી, છૂટે નહિ છોડાવ્યે,
રામભજનનો રંગજ રૂડો, પ્રભુ પ્રભુજ ભજાવે, મારી.

પદ ૭૬ રાગ સદર.

ગુણ ગોવિંદના નથી ગાતો, થઈને ફર્યો મદમાતો રે, ગુણ ટેક.
કર્મ કથાની કુથલી કામી, કરતા કેમ ન કાતો,
રામ નામના મેવા મીઠા, ખોટા કેમ ન ખાતો રે, ગુણ
માન ઘણુ નિજ જોગે માની, જોડા ખાવા જાતો,
જીવન જાણ પડી નહી જોગા, દોઢી દીધી દાતો રે, ગુણ.
ત્રીકમ રટવા તાલ બન્યો છે, જો જો જો જરી તાતો,

ધર્મ ધ્વજ ! ધીટ ધુર્ત બનીને, ધંધામાં શું ધતો રે ગુણ.
થરેરાટ થરથરશે જ્યારે, જમની સન્મૂખ થાનો,
નીમ ધરીને નેહ કરી કર, નારાયણથી નાતો રે, ગુણ
પાપી પ્રાણ પલકમા જાશે, પ્રેમ મૃત નથી પાનો,
ગદ્ધાની મૈત્રીમા મૂરખ, ખાગી ખધી લાતો રે; ગુણ.
ગામગપાટા ગપના ગોળા, ફેંકી કર મા વાતો,
પ્રભુ મન રામ ધરી લે પ્રીતે, થા થા થા રંગરાતો રે, ગુણ.

પદ ૭૭ રાગ સદર.

વૈરાગ્ય મેલીને ઠણકો, મન માળાનો મણકો રે. વૈરાગ્ય.
હોય હરામીથી મેળવેલો, ખનીજનો જો ખણકો,
તેથી સારો મહેનતનો પણ, ભાતતણો જો કણકો રે, વૈરાગ્ય.
કાને કરી તું સાભળ શાને, વિષય કથાનો ભણકો.
હરિવર રસમા રસબસ થાવુ, આવે સુખનો ઢણકો રે, વૈરાગ્ય
ભાગ્ય ફરે નહી ભોગ્ય પડયા જે, અમથા શાને છણકો;
લેખ લલાટે ગુપ્ત લખ્યા, શુ ગણુંા ! એ ગણુકો રે, વૈરાગ્ય.
સ્નેહ સબધ સગાઇ ખોટી, જો સાચા છે જણ કો;
દાસ પ્રભુ મન શાત કરી કર, રામ નામનો રણકો રે, વૈરાગ્ય

પદ ૭૮ મું રાગ સદર.

મને મોત વિનાનો માર્યો, નારાયણ નેહ વિસાર્યો રે. ટેક.
નિષ્ઠુર કર્મોની જાળોથી, કેમ નહિ જ નિવાર્યો,
વસમી વેળામાંહે વ્હાલા, શાને નહિ સંભાર્યો રે, મને.
વ્યાધિ આધિ ઉપધિ થકી, નિશ્ચય ના નિસ્તાર્યો;
જશને ઠેકાણે જગજીવન, અપજશ કા વિસ્તાર્યો રે, મને.
મોહ મધુને માધવ શાને, વ્હાલે ના જ વિડાર્યો,
ફંદે ફોકટ ફુલી ફસેલો, માથે ના ફટકાર્યો રે, મને
કરવાનું હોય તે કહોને; શુ મનસૂબો ધાર્યો;
નિજ જનની બાંહડલી રહાવા, શે નહીં સ્નેહ વધાર્યો રે, મને

જીવન જોર ન ચાલે મારૂં, હૈયે હરજી હાર્યો;
મોહન માયા મસ મદમાતી, હણવા શે ન પધાર્યો રે, મને
હડીયો કાઢી હાકલ ખાધી, હું તો હરિવર હાર્યો;
પાપી પંથે પરવરતાં હું, પ્રિયપતી પરવાર્યો રે, મને.
ન્યાયી રાજ્યે જુલ્મો કરતાં, જમને કાં નહી વાર્યો;
કેર કરંતા કાળ કુડાને, કેમ નહિં સંહાર્યો રે, મને.
ચાકર મરતાં લાજ ધણીની, જાય ન ન્યાય વિચાર્યો;
દાસ પ્રભુ પ્રિયરામ દયા કર, ત્રીકમ કેમ ન તાર્યો રે, મને

પદ ૭૯ મું રાગ ભૈરવી.

બગીચામાં વાનર આવ્યો, બહુ શોર બકોર મચાવ્યોરે, બ૦ ટેક.
ફળ કાંઇ ખાધાં વૃક્ષો ભાગ્યા, ઉત્પાતી બળ લાવ્યો રે;બગીચા
રક્ષક માર્યા બહુ સંહાર્યા, જુલ્મો કરતાં ફાવ્યો રે; બગીચા.
સુંદર સદનો તોડયાં બળથી, લુટયો માલ લુટાવ્યો રે; બગી.
શાંતિ વિષેજ અશાંતિ વશાવી, ઉલ્કાપાત કરાવ્યો રે, બગી.
બાગ અશોકે શોક વસાવ્યો, ચાબુક ચોંપે ચલાવ્યો રે; બગી.
આનંદધામે આપદ સ્થાપી, ફટકો ભારે લગાવ્યો રે; બગી.
આતે વા નર વાનર છે શું ? કોથી ન જાય હરાવ્યો રે; બગી
પ્રભુપતી રામતણો દુત જબરો, સીતાને મન ભાવ્યો રે; બગી.

પદ ૮૦ મુ રાગ ભૈરવ.

અવગુણ એકે હરિ ના ગણુશે,
ના ગણુશે, હરિ ના ગણુશે, અવ ટેક.
સુગ્રીવ તાર્યો વાલી માર્યો, તેમ તારા શત્રુ હણુશે,
પ્રેમ હશે તો કામ જ થાશે, જળ પર તે ભીંતો ચણુશે, અવ.
ભાવેથી ભગવાન ભળાશે, નહિ તો નાહક નીર છણુશે, અવ.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, પાપ પહાડો તે ખણુશે, અવ

પદ ૮૧ મું રાગ ભૈરવ.

જગ આગ ઉઠી ભાઈ ભાગી જજો,
ભાગી જજો, ભાઇ ભાગી જજો, જગ. ટેક.

ભડકા ભારે ઉઠે અપારે, વારે વારે કહું સંગ તજો. જગ.
દશે દિશામાં જ્વાળા જાગી, આપે બળિરૂપ નાજ થજો. જગ.
ધુમગોટ ગોટા મારે ઝપાટા, નાહક ના શીદ તેહ ભજો. જગ.
આકરી આંચે શેકાવાની, માણો માં મૂઢતાથી મજો. જગ.
રામ ચરિત માનસમાં પડજો, જીવ્યાનો જીવફર ખપજો. જગ.
રામપ્રભુ ભજો આગ ઓલાવા, શીતળતાના સાજ સજો. જગ.

પદ ૮૨ મું. સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ, એ લય.

કળિમા મુંડ મુંડાવી, ઘણા દંડ લઇ ફરે છે;
કમંડલ હાથ ઝાલી, ઠાલાં ભગવાં ધરે છે, કળિમાં. ટેક.
વર્ણું વિવેક વિરાગ નહીં, મન કળિ મળની ખાણુ,
કલહ પ્રીય પાપી ઘણા, જગનો કાઢે ઘાણ;
ઢોગીના ઢંગ, દુનિયાં દંગ, જુઠા જંગ કરે છે, કળિ.
નિષ્ઠા નિયમ નીતિ નહિં, શમ દમ સાધન શૂન્ય,
તત્વમસી કહેતા ફરે, ગણે પાપ ના પૂન્ય;
વાળીને ખંગ, પીયે બહુ ભંગ, ગંગે ના મરે છે. કળિ.
દિવસે યોગ સમાધિમાં રાતે ભાવે ભોગ,
હંસ વેશ બક ધ્યાનને, રગ રગમાં છે રોગ;
અજ્ઞાને અંધ, ધુતારાના ધંધ, બંધે ના ડરે છે. કળિ.
પરમારથ વાદો વદે, પંડીત પણુ પાષાણુ,
નારી ધન અર્થે કરે, ઝાઝી તાણા તાણુ;
પ્રભુરામ દ્વાર. મોચી પત્રા માર, જડે તે ના તરે છે. કળિ.

પદ ૮૩ મું રાગ કાલીંગડો.

જાણુ માં તું જીવ માયા તાહરીરે. ભાઇ.
મોહન ઘરનાર માયા જાણજે જી,
માતને નરનાર કહે માહરીરે ભાઇ.
આશ જરી અતરે ન આણજે જી.

મુઢ મતિમંદ સમજ સાનમા રે ભાઈ,
નર્કતણી ખાણુ એ પ્રમાણજે જી.
સાચી વાત આજ કહું કાનમાં રે ભાઈ,
મોજ નહિં માયાતણી માણજે જી
લક્ષપતિ રંક થઇને મુવો રે ભાઇ,
લંગુરે લુંટાણો તે પીછાણજે જી.
નાણું નંદનું રહ્યુ નહીં જુવો રે ભાઇ,
એજ તું પ્રયોગ ના અવાણજે જી.
મોહ મુકીને માયાને તજોરે ભાઇ,
રામદાસનું જ છે એ ધાણુ જે જી
દાસ પ્રભુરામ પ્રેમથી ભજો રે ભાઈ,
પામશોજ પદ નિરવાણુ જે જી.

પદ ૮૪ મું. રાગ ભૈરવ

રટ રામ પ્રભુ, સુખધામ હરી,
ધામ હરી સુખધામ હરી; રટ. ટેક.
હાથ પગો બાંધીને હાથે, થાવુ ન આપે આપ અરી, રટ
ચક્રતણા પાખા ચાડાને, લે પકડી ઝટ સાચી ધરી; રટ.
રહેણી કરણી રૂડી કરવી, કામ ન આવે કહેણી નરી, રટ
મમતનુ ઘર ખાલી માની, મેલ મમત્વ તો જાય તરી, રટ.
સ્નેહ કરી સીતાપતિ સાથે, ફેંકી દે કરમાંથી છરી, રટ.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, ભાવ ભલો ભભકાર ભરી, રટ.

પદ ૮૫ મું રાગ પીલુ.

ગોવિંદ ગુણ તું ગા મન ઘેલા; આ સંસારે ઠેલમ ઠેલા, ટેક.
રામનીરોટી કાંકર ખોટી, બનીને બેઠા કામના ચેલા, ગોવિંદ.
પગરણ લાંબા શાંને કરતો, વિષયાનંદમા છેલમ છેલા; ગોવિંદ
હરિહરિ રટતા રંક બને શું, થાઓ ભજનનાં સૌથી, પહેલા; ગોવિંદ.
રામ પ્રભુ હરિ પરખી મનથી, રંગ ઉડાવો રેલ રેલા; ગોવિંદ.

પદ ૮૬ મું. રાગ દીંડી.

દયા દેવ શું ઉતારી હાય નાખો, જરી દાસ ભણી જરૂર જરૂર ઝાંખો
ભવનાથ ભવ જાઉ હારી આખો, બિરદ આપતુ વિચારી નેહ રાખો.
જટાયુ જોરથી લંકેશ સાથ બાધ્યો, દુષ્ટ રાવણુને ક્રોધ અતી વાધ્યો,
ચાંચ પાડીને પછાડી કાપી પાંખો, બિરદ.
વિષયવાસનાની વૃત્તિ ખેંચનારાં, જાણી નેત્રનેજ દુઃખ આપનારાં,
સૂર ક્રૂર માની ફોડી હાથે આંખો, બિરદ
પીડે પાપ આ અમાપ પરિતાપો, ત્રીકમતાપથી તપાવે ત્રિવિધતાપો
મહા પાપની ઉડાડો રામ ખાખો, બિરદ
વિવિધ વાસના ભરી છે હૃદય મા'રે, શરણુ સન્મુખ થાતાંજ મ્નહારે
કુડી કલ્પના કરીને કુટી કાખો, બિરદ
સોય દાસને ખુચેજ રામ જયારે, શુળી જેટલી પીડા થતી તમારે,
મહાશુળમાં મરૂંછુ કેમ સાંખો, બિરદ.
ગળે જાળ બહુ આકરી બંધાણી, પુરા પ્રેમથી ન પ્રીતડી સંધાણી
જગત જાળની ઉડાવો રામ રાખો, બિરદ
અખિલ વિશ્વનાથ આશ એક તારી, કૃપા કર કરોને વૃત્તિએકતારી:
પ્રભુદાસ ચુકયો જન્મ લઈ લાખો, બિરદ.

પદ ૮૭ રાગ સદર.

હરીરામ હવે શરણુ પડયો તારે, તું ડુબાડ કે ઉતાર ભવ પારે,
જેવો હોય તેવો પણ પોતાનો ધારી, પ્રભુ રાખ રાખશરણુમાંમુરારી,
હરિ.
ચોરાશી લક્ષતણા ફેરમાં ફર્યો છું, હરિ હંશ કરી શરણુમાં ઠર્યો છું,
હવે ચિંત મારી કરજો અસુરારી, પ્રભુ રાખ રાખ શરણુમા મુરારી,
અતિ અધમ બન્યો આંધળો હરિ હું, રમાનાથ હાથ ઝાલજેહવેતું,
હવે છેક ગયો હારી હારી હારી, પ્રભુ રાખ રાખ શરણુમાં મુરારી,
ખાધી ખોટ દીધી દોટ લોટ ફાકયો, હવે નાથ થઇ નિરાશછેકથાકયો,
ત્રીકમ ત્રાસમાં મતિ ગઇ છે મારી, પ્રભુ રાખ રાખ શરણુમાં મુરારી,

પછી શરણ્ કહું કરણ કષ્ટ મારાં, રઘુનાથ સહું દુઃખ તણા ભાર,
પ્રભુરામ હવે હતથી લો તારી, પ્રભુ રાખ શરણમા મુરારી.

પદ ૮૮ મું. માઢ શિદ કલ્પાવો સતાવો, એ લય.

રામ રામેતી રામે રામેતિ રામે, રામેતિ રામે રામેતિ રામે રામ. ટેક
સીતાપતી રઘુનાથ હરિ હે, રામા રામા રામ,
રામેતિ રામા સ્વામી ઘનસ્યામા, રામા રામા રામા; રામ.
કૌશલ્યાજી નંદન, હરિ જન વદન, કોશલ મંડન રામ,
દશરથ પ્રાણ પ્યારે; જગત આધારે રામેતી રામે રામ; રામ.
દાનવ મદ ગંજન, હરિજન રંજન, ભવભયભંજન રામ,
દશકંધનિકંદન, હો રઘુનંદન, રામેતિ રામે રામ; રામ.
ભક્તવત્સલ ભગવાન ભવાબ્ધિમાં, તારણ સુંદરસ્યામ,
પ્રભુ રાજી રાજી ગરીબ નિવાજી, રામેતિ રામે રામ; રામ.

પદ ૮૯ રાગ માઢ.

હું રંક વંક રડું ઘણો, મારી શુદ્ધિ કો લહે,
છું દીનદાસ દયામણો, કો સ્વામીને કહે, હું. ટેક.
આ ઘાટાઘોર અંધારમાં, ભટકુ ભુલો પડીજ,
અથડાતાં આ અરણ્યમાં, કો વાટ નહીજ જડીજ રે; કો.
ગંભીર વન ઘાટું ઘણું, પહાડ ઘણાજ કરાળ,
વાઘ વરૂને રીંછ ઝાઝાં, સીંડો દેતા ફાળ રે; કો.
ત્રાડ સુણીને તે તણી,મમ મન ધડકે નાથ,
રણવગડે રખડું હું રામા, સાથ મળે નહીં સાથ રે; કો.
મુંઝાઇ મરવા વિના, એકે નથીજ ઉપાય,
સાર કરો તો શામળા મારી, જાતી રહેશ લજ્જાય રે; કો.
સુર ભટકી ખાડે પડે ત્યાં, હરિએ ઝાલ્યો હાથ,
હાથ પ્રભુરામા પકડી પ્રેમે, લીડો બળિયા બાથ રે; કો.

પદ ૯૦ મું રાગ સહર.

મને કેમ વિસારો નાથ વિચારો, અવસર ચાલ્યો જાય. ટેક.
ખોટો ખરો પણ દેવ તમારો, દાસ છું દીન દયાળ;
વિશ્વપતિ વગદાં ન વિણાવો, રામ થજો રખવાળ રે, મને.
છોરૂ કછોરૂ થાય કદી, નઠારાં, માત પીતાથી થવાય;
ભુંડો થયો ભુલ ખાધી ખરી મેં, તમારાથી કેમ ખવાય રે, મને.
પ્રણુત પાળક દીનદયાળક, બીરદ તારૂ ગવાય;
જાનું શુણી તુજ બારણે યાચક, આવ્યો હરિન ખસાય રે, મને.
દેવ દયાઘન બીજું ન માગું, બાનાની પત રાખ,
દાસ પ્રભુજી રામ દયા કરી, કૃપા કટાક્ષો નાખ રે, મને.

પદ ૯૧ મું રાગ મેવાડો.

આવીશ તારે ધામ, વાલીડા, આવીશ તારે ધામ,
નથી મુજ માટે આંહીં ઠામ; વાલીડા. ટેક.
મુકતું તોયે હું નવ મુંકું, ચૂક ન ચુકું હું જ,
ફુંક ભલે તું પ્રેમનો ધાગો, પદમા ઝુકું હુ જ, વાલીડા.
રસ ચખાડયા, સ્વાદ બતાવ્યો, સ્નેહ લગાડયો નાથ,
છોડતાં છુટકો કેમે ન થાશે, ભારે ભીડાણી બાથ, વાલીડા.
આનંદ સાગરમાં ન્હવરાવી, ખુબ કરી તરબોળ,
હવે હરિવર કેમ ઘટે તને, કરવી ચોળાચોળ; વાલીડા.
નટવર નાટક તેજ બતાવ્યુ, મન બન્યું મસ્તાન,
ઝાંખી થઇ પ્રેમરંગની પ્યારા, હવે શાં કારસ્તાન; વાલીડા.
પહોંચવામાં પણ બળ છે તારૂ, આપ ન તો પણુ લઉં,
પકડયો પાલવ પ્રીતમ પ્રીતે, કેમે ન મુકી દઉં; વાલીડા.
પ્રભુપતિ પ્રિય રામ તું પ્યારો, પૂરણ બ્રહ્મ પ્રકાશ,
અંતર આનંદ ઓઘ ઉછળી, વાટ કરી દે વિકાશ, વાલીડા.

પદ ૯૨ મું રાગ સહર.

પ્રેમનો પ્યાલો પા, રામૈયા, પ્રેમનો પ્યાલો પા
મારી સાંભળ વેગે ધા; રામૈયા. ટેક.
ગોપીઓને ઘરમાથી બોલાવી, મારી વેણુના ઘા,
એમ મને જગઘરથી કાઢી, રસ પાનારો થા; રામૈયા.
શબરી શોધવા વનમા ચાલ્યો, બોર ખાધાં તે ભા,
સસાર વનથી શોધ મને તું, કર્મના બોર તું ખા, રામૈયા.
સર્વેશ મ્હેરે તું સસારે, તું જ પિતા ને મા,
જે જે કહુ તે તું તું તું તુ, તુ જ બચ્ચાની બા, રામૈયા.
હેત ન હોય તો નામાજીની, છાપરી શાને છા,
સેના કાજે સર્વેશ્વર કા, નાઇ બનીને જા, રામૈયા.
ઠાકોર ઠાવકી રીતી તારી, ચુક માં તારો ઠા,
પ્રેમ પલીતો તેજ કરીને, આકરો દે દે તા, રામૈયા.
રામ પ્રભુ નિજ દાસની વ્હારે, વ્હેલો વ્હેલો ધા,
નટવર નાગર નાથ નમ્હેરો, થઇ નવ પાડીશ ના; રામૈયા.

પદ ૯૩ મુ રાગ સહર.

એક તારો આધાર, રામૈયા એક તારો આધાર,
તને પારખ્યો પરાત્પાર રામૈયા. ટેક.
સગુણનિર્ગુણ વેદ કરે છે, નાથ તારો વિસ્તાર;
કામ મ્હારે સાકારની સાથે, રૂપ લે નિરાકાર, રામૈયા.
નિર્ગુણતાથી વિશ્વે વ્યાપ્યો, સાચો તું સરદાર,
તલમાં તેલ ભરેલ ઘણું એ, દીપ ન થાયે લગાર, રામૈયા.
લાકડે લાકડે અગ્નિ વસતો, તાપ ન દે તલ ભાર,
જો પ્રકટે તો ટાઢ ઉડાડે, સૂખ પામે સસાર, રામૈયા.
જળ ભરેલુ ભૂમીમાહે, કાજ નથી સરનાર;
ઉભરી આંખો આગળ આવે, ત્યારે તૃષ ટળનાર, રામૈયા.
સતચિદ આનંદરૂપ અનાદિ, નાથ તારૂં નિરધાર;

નિર્ગુણ ગુણ ભરેલ નારાયણ, દર્શન દઇ નિસ્તાર, રામૈયા.
રામ પ્રભુજનના પડદાને, ભેદી કર આભાર;
દાસ જાણ્યો દીન હે' દીનબંધુ, દેને ઉતારી આ ભાર, રામૈયા.

પદ ૯૪ રાગ ગઝલ. વિદેશ વાટ જાઉં છું, એ લય.

ચળેલમાં ચળેલ હું ચળિત ચિત છું;
અચળ તો બનાવ નાથ, અચળ એક તું. ચળેલ.
ટળેલમા ટળેલ હું, ટળેલ ટોળ છુ;
અટળતા અપાવ રામ, અટળ છેજ તુ. ચળેલ.
છળેલમા છળેલ હું, છળેલ છેક છું,
અછળતા અપાવ નાથ, અછળ છેજ તુ. ચળેલ.
સળેલમાં સળેલ હું સળેલ ગાત્ર છુ,
અસળતા અમાપ આપ, અસળ ખાસ તુ ચળેલ.
અબળમા બળેલ હું, નિર્બળોજ છુ,
સબળતા સજાવી દે જ, સબળ શ્યામ તુ. ચળેલ.
મળેલમા મળેલ હું જ, મળ વિષેજ છુ,
અમળતા અપાવી દેજ, અમળ ઇશ તું ચળેલ.
નોધારમાં નોધાર દેવ. હું નોધર છુ;
આધાર હરિ આપજે, આધાર સર્વ તું. ચળેલ.
દળેલમાં દળેલ હુ, દળીત દાસ છું,
આદિનને બચાવ નાથ, વિશ્વનાથ તું. ચળેલ.
પલીતમા પલીત હું, પલીત જીવ છું,
પુનીત તો બનાવ પ્રભુ, પુનીત રામ તું. ચળેલ.

પદ ૯૫ મું રાગ સદર.

વિશ્વના વિલાસી પ્રભુ રામ શું કરૂં;
જગતજાળ જણુત્રાનુ, કામ આકરૂં, વિશ્વ.
સુખે લેવા ધાઉં દુ:ખ, ત્યા થકી વરૂ,
સ્થાનમાં ન સ્થિર થાય, ચિત્ત બાવરૂં. વિશ્વ.

શાંતિના ઉપાય શ્યામ, લાખ આદરૂં;
છટકી વટકી દૂર જાય, મૂઢ વાદરૂં. વિશ્વ.
અચળતા અમાપ મન, માં કદી ભરૂં;
ચચળાઇ માંહે ચોર થાય ગાભરૂં. વિશ્વ.
ફેરવીને નાથ તુજ ચરણુમાં ધરૂં;
રઝળવાને ધાય રામ, ત્યાથી પાધરૂં. વિશ્વ.
બાવરી બનેલ બુદ્ધિ, કષ્ટ એ ખરૂં;
કંઠ ઘાલી તે ફરે છે, વિષય ઝાખરૂં. વિશ્વ
કર કૃપા કૃપનિધિ, સુકર્મ આચરૂં;
પ્રપચ પ્રીત વાઢી હું, અસંગ વિચરૂં. વિશ્વ.
કાપજે દયાળુ દેવ, જગત જોતરૂં;
રામ પ્રભુ હાથ ઝાલ્ય, ભવનિધિ તરૂં. વિશ્વ.

પદ ૯૬ મું. સોરઠની ગઝલ પ્રેમી જીવે જે પ્રેમી મળતાંએ લય,

જગમાં જીવી જીવ શું કર્યું, નવ ઓળખ્યા અવિનાશને, ટેક.
આવ્યોજ ઠાલો ગયોજ ઠાલો, ઠાલો જગમાં જીવીયો,
ખાલી ખના ખાધી ખરી, હરિ રામ જો નવ રીઝીયો. જગમાં.
કર્મો કર્યા કષ્ટો સહ્યાં, જીવ વેઠના ગડાં વહ્યા,
મા આખરે અહીં રહ્યા, (પશુ) કર્યાં નહિ કોનાં કહ્યાં; જગમાં.
શ્વાને ગદ્ધનુ મૂખ ચખ્યું, વેપલા એવા કર્યા,
વ્યવહાર ધર્મ ન વાધીયું, ઘણી ખોટના ખાડા ભર્યા; જગમાં.
ખાડમા ખુતો ગયો, અંધો બનીને આથડે,
પ્રભુરામને વિસરી ન જા, તું બાઝને જાડે થડે; જગમાં.

પદ ૯૭ મું રાગ સદર.

ભગવાન ભૂખ્યા ભાવના, ભલ ભાવથીજ ભજાય છે,
ભજાય છેજ મજાય છે, એકરૂપતા જ પમાય છે. ભગવાન.
જળ અંજળી શુ સાગરે, કુબેરને શું પૈ ધરે,
સૂરને દીપક ધરે જ, પ્રકાશ શાનો તે કરે; ભગવના.

જે જગતનેજ જમાડના, નૈવેદ તેને શું ધરૂં,
જે વિશ્વનેજ રમાડના, તે પાસ રમતો શું કરૂં; ભગવાન.
રચે પાળે, ક્ષય કરે, બ્રહ્માંડને જે પલકમા,
તેની કૃપા વિણુ કો તરેના, કામ કપરૂં ખલકમાં; ભગવાન.
રીઝાવવાની રીત રૂડી, રટણુ રજની દીન કરો,
પ્રેમે પ્રભુ હરિ પારખો, તો ખોટ શું? શુ? ખરખરો, ભગવાન.

પદ ૯૮ મું રાગ સદર.

કળિયુગ આવ્યો કારમો, શર્મો, ગઇ ધર્મો ગયા,
ઘરબારી ભીખારી થયા, તપસ્વી ધનીક બની ગયા; કળિયુગ
અનુજા તનુજા ભેદ ભાગ્યા, વિષયમાં વલખા કરે,
માના પિતા મર્યાદ ગઈ, કોઇ માન નહીં મનમાં ધરે; કળિયુગ.
માર્ગો બન્યા મન ભાવતા, કોઇ વર્ણ ધર્મ ગણે નહી,
આશ્રમ ટળ્યા આશ્રય ગય, આશ્ચર્ય એજ થયું અહી, કળિયુગ.
નર પાપમાં પ્રીતિ કરે, જરી પુન્યનો છાટો નહી,
મન માનતાં કર્મો કરે, સૌ જાય છે ફંદે વહી; કળિયુગ.
નિજ સ્રીપરે દૃષ્ટિ પડી, પરિવાર પ્રિય ઝેરી થયો,
સાળીજ સાઙી મેળવે, કમખો કળે ઈનો ગયો. કળિયુગ.
એવી કુચાલે ચાલતાં, બેહાલ હાલત થઇ રહી,
પ્રભુરામ સ્વામી શરણમા, કઇ સાલ નડતું છે નહીં; કળિયુગ.

પદ ૯૯ મું બનજારા.

મન મોટપણે મરડા માં. ભુખ ભોટ બની ભરડા માં, ટેક.
કોડા કાળમુખે કરડા માં, ખંધા ખામુખો ખરડા માં,
ગોબા ગબડયો ગરડા મા; મન.
ઘોંઘાટ કરી ઘરડા મા, તું ચરડ ચરડ ચરડા માં,
જઇ ઝાંખર માં ઝરડા માં; મન.
જો આવી જરા ટરડા માં, ઠાલો ઠોઠ બની ઠરડા માં,
તું ઢોર થઇ ઢરડા માં; મન.

તોરી તરકટ કરી તરડામાં નાગ નીકળશે દરડામાં,
નકટા વળગે નરડામાં, મન.
બહુ ભાવ ધર્યો પરડામાં, વાગે ઠુઠાં બહુ ખરડામાં,
તું ફોકટમા ફરડા માં; મન.
ડર ડર ડોબા ડરડામા, તુ હડ હડ થઇ હરડામાં,
પ્રભુ દાસ બની સરડા મા, મન.

પદ ૧૦૦ મું રાગ લહર.

એક અવિનાશી અવિકારી, અ માં આવ્યો છે વિશ્વ વિસ્તારી. ટેક.
કેવળ કેશવ નામે ક કહેવાણો, ખરો ખગપતિ નાથ ખ ગણાણો,
ગતિ ગોવિંદની ભગુજો ગ ન્યારી. એ.
ઘનશ્યામ ઘટાઘોર ઘ ની ઘાટી. ચરણ ચપળાપતિ ચ લે ચાટી,
છબી છોગાળાની છ વિચારે. એ.
જગજીવન જ્યોતિ જ ની જાણો, ઝગઝગતો ઝ ન ઝખવાણો;
ટેક ટ ની ખરી છે કટારી એ.
ઠીક ઠાકોરનો ઠાઠ ઠ લખાણો, ડોળ ડહાપણનો ડ થી રખાણો,
ઢોગ ઢાઢો ઢ એ કાઢી ભારી એ.
તત્વ ત્રિકમનું ત થી જણાતુ, થાન થિરતાનું થ તો ગણાતુ,
દયદાને દ ની દીલદારી. એ.
ધ એ ધરણી ધરી ધીરે સાચે, નામ નારાયણ ન સાથ નાચે,
પ ને પ્રેમને પવિત્રતા પ્યારી. એ.
ફ થી ફાસી ફદો જાળ પુટી, બળવતાના બળની બ બૂટી;
ભીડ ભજન મ જ ભયહારી. એ.
મ છે મોહનની માયામા મોહ, ય થી યોગને વિયોગનો જોટો;
ર માં રામ નામ નીરણ કરી એ.
લ એ લક્ષ્મીપતી લાભ લેખો, વાણી વિવેકે વ નેજ દેખો;
શાંત શીળો શૂરો શ લો ધાર. એ.
ષટ્દર્શનો ષ થી જ લખાણા, સત્ય સાર સત સ માં સમાણા;
હ માં હરિ હેતુ દુઃખહારી એ.

જમાં પ્રેમ ક્ષીર ક્ષાંતિ મળે છે, જ્ઞાતા જ્ઞાન જ્ઞેય જમાં ભળે છે,
પ્રભુરામ રટો લેશેજ તારી. એ.

પદ ૧૦૧ રામ સહર.

હરી ! તજી ભજુ હું કોને તું પાપો મારા ધોને. ટેક.
જનપર મમતા ધરનારો, તું સમો ન કોઇ થનારો,
આંસુડાં તું પ્રીય હડોને, હરિ.
સહુ સ્વાર્થ મિત્રતા રાખે, પરમારથ નહિ તુજ પાખે,
તું ટાળ દયા કરી ભોને, હરિ.
આધાર એક તું સાચો, બીજો આશ્રય સહુ કાચો,
ખોડ ખાંપણુ ખામી ખોને, હરિ.
સેવકપર સ્નેહ વધારી, કરજે ઝટપટ તૈયારી,
જમ ઝઘડા કરતા જો ને; હરિ.
જો જાય આબરૂ તારી, નહિં જાય લેશ પણુ મ્હારી,
જતી લાજ નાથ ઝટ ઠોને; હરિ.
શકિત ન હોય જો આવી, પ્રભુરામ પાસ પટ આવી,
મુજ સાથે બેસી રોને, હરિ.

પદ ૧૦૨ રાગ સહર.

માધવ એવી તુજ માયા, જેના પ્રગટ જણાય ન પાયા. ટેક.
કદી કોટી ઉપાયો કરતાં, મળે ત્રાગ ન કેમે મરતાં,
છુટે દયા કરો જગરાયા, જેના પ્રગટ જણાય ન પાયા,
મુણી મન ગણુના બહુ કરીએ, સમજી સમજાવી મરીએ,
એ દશા હૃદય ન અમાયા; જેના.
ભવ દારૂણુ દુઃખથી સતાવે, જે અનુભવવિણુ મોહ આવે,
તે અખંડ એક રઘુરાયા, જેના.
જો બ્રહ્મસુધા કોઇ પામે, નહિં એશે મૃગજળ સામે,
તુજ દયાથકી જદુરાયા; જેના.
ચિંતામણી જેને મળશે, નહિં કાચ કરચ તે રળશે,

ભટકે નહિ થઈ ભરમાયા; જેના.
સ્વપ્ને પરવશતા પેખી, જાગી કરશે શું શેખી,
હું મારૂં ક્યાં છે કાયા; જેના.
જ્ઞાન ભકિત સાધન સાચા, હરી કૃપાવિના સૌ કાચા,
તુજ કૃપા છુટે ભ્રમ છાંયા, જેના.
એ સત્ય સમજી મન સાચું, પ્રભુરામ ભજનમાં રાચુ,
ગુણ ગાઉ બનું નિરમાયા· જેના.

પદ ૧૦૩ મુ નાથ કૈસે ગજકો બંધ છુડાયો એ લય.

સદા રામ રામ જપો મન ભાઇ,
એમા કરવી નથી કંઈ નવાઇ, સદા. ટેક.
સુખ સૌભાગ્યનો સાગર સહજે, જો, તો જાય જણાઇ.
ગોબા ગોટાળે ઘુંચામાં, જદા માંહે ગણાઇ; સદા
ભવજળ નિધિમાં મંથન કરવા, રઘુવર નામ રવાઈ.
મોહ તજી મથન કર મળશે, રત્નો રૂપ કમાઇ; સદા.
કામાદિક ષટ શત્રુ કેરા, કિલ્લા ત્રુટે હવાઇ,
શત્રુ મરતાં ચડતી તારી, દીનપર દીન સવાઇ, સદા.
ભવમાં ભાવ ધરી શું જોતો, ભુગળ વિણ ભવાઇ,
જોતાં જીવન જાતું રહે છે. ઝટપટ જાશો ચવાઈ; સદા.
તાપ ત્રિવિધનું તાપણું ધીખે, તાએ જામાં તવાઇ,
જન્મ સફળ તો થાશે જગમાં, ગોવિંદ ગાથા ગવાઇ સદા.
ખોભર ખોભર કહેતાં મુરખ, ખોખું જાશે ખવાઈ,
દાસ પ્રભુ મન શુરવીર થઇ જા, રામ ગોલોલે ઘવાઇ; સદા.

પદ ૧૦૪ રાગ સહર.

હરિ! અહોરાત બળે મુજ છાતી, કુડા કર્મોતણી ભઠીભાતીહરિ. ટેક
માયા પ્રપંચે હાય ઘુંચાવો મનમા રાખા કાતી,
વ્યૂક્તિ વળગી થાય ન અળગી, અંધ છું આતમઘાતી; હરિ.
દેહાભિમાને કોપે ફબાયો, ચિંતા દૂર ન થાતી,

દારિદ્રતાનાં દુખમા ડુબ્યું, આશા ન અળગી જાતી, હરિ.
સંસારી માયામાં ગુંથાણો, વૃત્તિ થતી મદમાતી,
હામ હજી હૈયે ધાવાની, હાય ન રામ દમાતી; હરિ.
સંચિત મારાં ના સમજાયે, રેખ નથી ઓળખાતી,
નામ પ્રપંચી કામ પ્રપંચી, વૃત્તિ પ્રપંચે ધાતી; હરિ.
મનની ભ્રમણા બહુ ભટકાવે, મા'રી મુજને ખાતી,
આધિ ઉપાધી લાગી ઝાઝી. તેની ચિંતા તાતી હરિ.
માયામા મરડાઇ મરૂછુ, ગાથ ન તારી ગવાતી,
રામ પ્રભુ મનની એ વૃત્તિને, કર તારા ગુણ ગાતી. હરિ.

પદ ૧૦૫ મું રાગ સદર.

હરિ અપરાધ કહો શું છે મારો, જેથી અજ્ઞ ગણીને વિસારો
હરિ. ટેક.

સંત પવિત્ર દેખી કદી સ્વામી, કામ તેના જો સુધારો:
તો ગુણકા ગીધ ને પારાધી, નો કેમ આણ્યો આરો; હરિ.
તે સાથે શુ સગાઇ હતી કાંઇ, રામ હૃદયમા વિચારો,
હું શુ નાથ નથી સગપણુમાં, શાને નહીં નિસ્તારો: હરિ.
કાળ સ્વભાવને કર્મ ગતિના, આપ ઉપર છે ભારો,
તો પછી તેમાં કચડો મને કાં, શામ ગણી પરભારો; હરિ.
આ જગજાળ તમારી રચેલી, ટુકી કરો કે વધારો,
જ્યાં ત્યાં વળગેલી મુજ મમતા, કાપી દેવા ઝટ ધારો;હરિ.
છોડો કદી તમે છો બળવંતા, હું તો નથી છોડનારો,
પ્રાણ છુટે પણ પણ નવ ત્રુટે, એજ સિદ્ધાંત છે મારો; હરિ.
સ્વર્ગ અગર તો નર્ક વીષે જ્યાં, મોકલો ત્યાં હુ જનારો,
આપ દયા કરી પાસ રહીને, અગની અંતરની ઠારો, હરિ.
કામ દેખુ તો જગમા તમારાં, હું નથી તમથી ન્યારો,
મારા દોષ સામું નહી જોશો, મોહન મદદે પધારો; હરિ.
માફ કરો કદી બોલું વધુ ઘટુ, ગણશો નહિંજ નઠારો,
રામ પ્રભુ દુઃખ પામુંછું પેખી કઠેર સ્વભાવ તમારો; હરિ.

પદ ૧૦૬ હું રાગ સદર.

અરે જીવ જો તું જરા જરા જાગી, તને વાણીઓ કેટલી વાગી; અરે.
રાત્રીસમે પંખી વૃક્ષની ઉપર, ટોળે મળે છે સુભાગી,
પરભાતે પંથ જુજવે જાતાં, તારૂં એ તેમ અભાગી; અરે.
સૌ કોઈ પોત પોતાને માટે, સ્વાર્થે બને છે સુરાગી,
તારૂં કોઇ નથી મૂઢ તેમાં, જાણીને બન તું વિરાગી, અરે.
માતપિતા સુત બંધવ દારા, ભગની નથી સત્ સગી,
ધન દોલત ઘરબાર નકામાં, શાને મરે ભીખ માગી; અરે.
સ્વાર્થની જાળો કાપી વિરાગે, જડતા દે ઝટ ત્યાગી,
દાસ પ્રભુ બની રામ ચરણનો, લે અખંડાનંદ માગી; અરે.

પદ ૧૦૭ મુ રાગ સદર.

મુરખ મન જુઠી સગાઈ સાટે, તું તો થા મા હરાજ જમ હાટે. મુરખ
પરબે પાણી પીવા પથી, મળીયા જાશે જુજવી વાટે,
પ્રાત એવી જગની પણ જુઠી, આખર કોઇ ન ખાટે. મુરખ.
મૃગજળ જેવી જાણ મિત્રાઈ, દીકરા તુજને દાટે;
નેહ નારીનો માનજે મિથ્યા, થાપ કરી જેમ ત્રાટે. મુરખ.
બાજીગરની માયા જેવાં, નાણાં થકી શીદ ફાટે;
વ્હાલાં વરૂમાં વ્હાલ ધરે કાં. ફાડી ખવાવા માટે. મુરખ.
માતપીતા પ્યારાંથી પ્યારાં, કુંકે તને નદી ઘાટે;
એવાંની મિથ્યા પ્રીતિમાં, નાહક ચામડું ચાટે. મુરખ.
હાય હજી પણ તું નહિં સમજી, કેમ રહેના ઉચાટે,
માયા ખોટી માની લઇને, આવ તું સાચે પાટે. મુરખ
જુઠા જનની જુઠી સગાઇ, શઠ એમાં શું કાટે;
રામ સુનામ પ્રભુ મન ધારી, હીંચ હીંચોળા ખાટે. મુરખ.

પદ ૧૦૮ મુ રાગ સદર.

પ્રભુપદે પ્યાર કરી લો પાકો, તમે અમથી રાખ ન ફાકો.
પ્રભુ ટેક.

સુત વિત નારી ભાઇ નકામા, બાપો મામો કાકો,
સ્નેહ સંબધતણી સુરાથી, ફોકટમાં શીદ છાકો; પ્ર૦.
ઘાસ છુપાવી આગ ન રહેશે, નાહક ખડથી ન ઢાંકો.
જો જમના સંદેશા ચાલે, નિત્યતણી છે ડાકો, પ્રભુ.
પરધન ને પરનાર ભણી કા, હીણી નજરે તાકો;
હડીયો કાઢી ઠેસો બાધી, હાય હવે તો થાકો; પ્રભુ.
પરના પડાવી ખાવાં ગમે કા, સારાં સારા શાકો
દૈવતણી અવળી દ્રષ્ટિની. અંતર રાખો ધાકો, પ્રભુ.
જમની જાળ પડે જીવ જયારે, પડશે જીવિતનો સાકો;
શુ મોટાઇ મન માનીને, મોટી નાખો હાકો, પ્રભુ.
સંત ચરણની રજ શીર ધારી. માફ કરાવી વાકો
દ્વાર પડી પ્રભુરામ ધણીને, રાડ કરો બની રાંકો; પ્રભુ.

પદ ૧૦૯ મું મારી હુંડી સ્વીકારો મહારાજરે, એ લય.

નહીં પલટે દુરજનનો સ્વભાવરે, જાણજે જીવ સાચુ.
પ્રિત રાખે ન થાશે નિભાવરે, જાણજે જીવ સાચુ.
સાચી વાતોમાં આણશે અભાવરે, જાણજે જીવ સાચુ
પ્રેમ પીતા પણ પ્રકટે દુરભાવરે, જાણજે જીવ સાચુ. ટેક.
બી મધ બોળી વાવીયુ. સાકર કયારો ખાસ,
શરબત પાતા લીબડોરે કદી છાડે નહી કડવાશરે જાણજે.
દુધે ધોયા કોયલા, વળી સાબુનો પાસ,
મહેનત તો માથે પડીરે, કદી છોડે નહીં કાળાશરે જાણજે.
કયારે કસ્તુરી ભરી, અમૃતજળ સીંચાય
પણ ડુંગળીની જાતની રે, દુરગંધી કદી નહીં જાય રે. જાણજે
અગાધ ઊંડા જળ વિષે, રહે કલ્પ શત તોય,
કુણા ન પડે પાણકારે, એવાં જુગતી વિચારીને જોયરે જાણજે.
અમૃત પીશે, નાગ પણ, ઝેરજ વધશે જાણ,
દુરજન એવા દેખજોરે, આખે અંગે છે ઝેરની ખાણરે, જાણજે
કંચન પીંજર કાગને, રાખો પાઓ દુધ,

માંસ લોલતા નહી તજે રે, માસ ખાવા તે જાશે અણુધરે,
જાણજે.
ખીર ખાજા ને લાડવા, શ્વાન ભલે કદી ખાય,
વિષ્ટા દેખી વળગશે રે, તેની પડી કુટેવ ન જાય રે. જાણજે.
દુધ કેસરમા ઘોળતા, ગળી પીળી ન હોય,
સંત મળે સારા ભલે રે, ખરી ખળતા ખળો નવ ખોયરે, જાણજે.
ચંદન અગર ખાતર ભરો, સીંચો અમૃત નીર,
લસણ કુવાસ નહીં તજેરે, કદી આવ મોટા મોટા પીરરે જાણજે.
બાળો પણ કદી મીંદરી, વળ નહી મુકે આપ,
એવા ખળ આઘા ખસેરે, ત્યારે ટળશે ત્રિવિધના તાપરે, જાણજે
બોધ ખરો મનમા ધરી, અવગુણ આઘા કાઢ,
દાસ બની પ્રભુ રામનોરે તારા અંતરની અંધી તું વાઢરે, જાણજે

પદ ૧૧૦ મુ. રાગ સદર.

જરા સમજી ને ચાલો સુજાણ રે, ભવમા ભીડ ભારી,
અંતે થાશે ખરેખરી હાણ રે, ભવમાં ભીડ ભારી,
શાને ઝાઝી કરો તણાતાણ રે, ભવમા ભીડ ભારી, ટેક.
કામી થઇને કુતરા કર માં બહુ મસશાણ
કાળ પડશે કંઠમાં ત્યારે જાવું જરૂર મશાણ રે, ભવ.
ક્રોધ કરીને અતરે, શુ કરતો રમખાણ,
જમડા જોરે ઝાલશે રે, તને નાખે નરકની ખાણ રે ભવ.
લોભે લલુતા રાખતાં, લેશો નહિ કાંઇ લહાણ,
લંપટ લુંડો થઈ ફરે રે, તારે માથે પડે બહુ ખાણરે; ભવ
મોહ મરાવે મુરખા મોજ ન તેની માણ,
હેરાન ન થા તું હાથથી રે, જમ ઘાથી નીકળશે પ્રાણરે, ભવ.
બેલ ! મદે છાકી ન જા, ભાગ ન તજી ગમાણ,
હાય ! હુનાયો જો થયોરે એમાં જીવનું જોખમ જાણરે; ભવ.
મનમા શું મત્સર ધરે, મેલા થાશે પ્રાણ,
મત્સર જન જે રાખતારે, તેને ઘેર બેઠી જોને કાણ રે, ભવ.

પરનારી માતા સમી, પરધન ઢેકું છાણુ,
જાણી ઝટપટ છોડજોરે, તેનું મોઘેરૂં પડશે હાણુ રે; ભવ.
માયા મદીરા પી નહીં, દઉં આકરી આણુ,
ભજ ભાવે ભગવાનને રે. મિથ્યા શાને કરે બુંબરાણુ રે, ભવ
હૃદયકમળ જે ભકતનાં, ખીલાવે થઇ ભાણુ,
રટવો રઘુપતિ રામ તે, મોહનિશામા પાડી ભગાણુ રે, ભવ.
કોમળ માખણથી થજે, થા નહી મન પાષાણુ,
પ્રભુરામ રક્ષા કરે રે, ઝટ પામો જે પદ નિરવાણુ રે, ભવ.

પદ ૧૧૧ મું રાગ મહર.

વહેલા વ્હારે વળો ભગવાન રે, રઘુવીર બીરદાળા.
મારા ગરીબ નિવાજના હાર રે, રઘુવીર.
મારે અવર નથી આધાર રે, રઘુવીર.
હું તો પડયો તમારે દ્વાર રે રઘુવીર. ટેક.
કરમા બાઇનો ખીચડો ખાતેથી ખાનાર,
સાર કરોને શામળા રે, મારી ભીડુના ભાગણહારે. રઘુવીર.
શબરી બાઇના બોર બહુ, ભાવ્યા ભુધર રાય,
મારો તો મરૂ રામજી રે, તમે જીવાડો તો જીવાય રે; રઘુવીર.
ગુહને, ગ્રહી હાથથી, કર્યો ભકત મણિમોડ,
શાને સંતાણા નાથજી રે, દોડો દોડો તમે રણછોડ રે, રઘુવીર.
કેવટપર કરૂણા કરી, ઉતાર્યો ભવપાર,
કેવટ થાઓ કેશવા રે, મારા ભવસાગર મોઝાર રે રઘુવીર.
વાયુસુત પણ વાનરો, કર્યો નિહાલ નિહાલ,
સેવકને સંભારજો રે, સ્વામી કરો નિહાલ નિહાલરે. રઘુવીર.
રીછપતી મત્રી કર્યો, બુધ મત્ર દાતાર,
શી ખોટ પડી આ અવસરેરે, મારી કેમ કરો નહી વ્હાર,રઘુવીર.
વિભિષણને રાખીયો, દીધુ અવિચળ રાજ,
કાળ કેમ ખાયે મને રે, તમે મહેર કરોને મહારાજ રે, રઘુવીર.
વાલીને સંહારીને, સુગ્રીવની સુધ લીધ,

આખર આ આવી છતાં રે, મારી કેમ ન સાર હરિ લીધરે;રઘુવીર
ચર્ણરજે પાવન કરી, અહલ્યા જે પાષાણ,
પતીતને પાવન કરોરે, ધાઓ ધાઓ ધણી ધીંઆણરે; રઘુવીર.
વ્હાલા કર્યા વાલમા, ભીલ કોલી, ભરવાડ,
યવનાદિક ઉદ્ધારીયા રે, હજુ શું કરવી છે રાડ રે; રઘુવીર.
પથ્થર તાર્યા સાગરે, તો પ્રાણીને શું વાર;
કરગરી કહુ છું કાનજી રે, હવે છેક બન્યો છું લાચારરે, રઘુવીર.
ભવ, ધનુ ભાંગ્યુ ભય હણ્યા જનક સભાની માહે;
આ ભવશર શું પીડશેરે, સ્વામી સ્હાઓ વેગે કરી બાંહેરેરઘુવીર
અધમ અધમને દીનદીન, નીચ નીચ ને ભ્રષ્ટ;
તાર્યા; શે તારો નહી રે, પ્રભુ કાપો હમારા કષ્ટ રે; રઘુવીર.
આર્જવતાથી અરજીઓ, કરૂ ઘણા અરજાય,
દયા ન આવે દીનની રે, તારા દાસ શું એમ ડરી જાય રેરઘુવીર
માતાપિતા તારાં વલવલે, ટળવળે પ્રજા અયોધ્યા પૂર,
દામોદર દયા નહી ધરીરે, તને શાનાં ચ્હડે હવે શુરરે રઘુવીર.
ખેલ ખોટના ખેલવા, એ મારૂ નથી કામ;
પ્રભુ પ્રભુ પોકારતો રે, તમે બાંહી ધરો સીતારામરે; રઘુવીર,

પદ ૧૧૧ મું રામ સદર.

હરિ ! આનંદ રૂપ બળ ધામરે, રાઘવા રંગ રાખો,
ગોવિંદા ! ગહન ગુણ ગ્રામરે; રાઘવા રગ રાખો
દૈત્ય વનમા અગ્નિરૂપ રામ રે, રાઘવા રંગ રાખો,
સુખસાગર સુંદર શ્યામરે, રાઘવા રંગ રાખો. ટેક.
રવી કુળ કમળતણા રવી, કોટી કામ સમાન,
શોભા કરોછો શ્રીપતીરે, જયાં પહોંચે નહી અનુમાનરે રાઘવા.
કાળ વ્યાલ કળિ પકડવા, ગરૂડ સમા ધીમાન;
પ્રબળ મહા ભુજ દઢ છેરે, સૌ રીતે સ્વામી છો શ્રીમાન રે,
રાઘવા.
તીખા તીરભાથે ભર્યાં, વળી કાળરૂપીજ કમાન,

કેશવ કાળ રૂપે તમે રે, સર્વ જીવ તણા છો જમાન રે; રાઘવા.
માન ધકેલ્યું જગતમાં, આપે રહ્યા અમાન;
કાળ થરેરે ત્રાસથી રે, મોટા મોગલનું ભાગે અરમાન રે; રાઘવા.
મોટાથી મોટા હરી, નહીં માન અને અપમાન,
માન સરવને આપતા રે, હરિ આપ રહો નિરમાન રે, રાઘવા.
અપ્રમેય બળી આપ છો, લેશ નથી અભિમાન;
ગર્વ ગળે ગર્વીતણો રે, જોત જોતામાં ગાગો ગુમાન રે, રાઘવા
સર્વાધિપ સહાયક થતા, જેને એક ઇમાન;
ભક્તોના ભય ભાંગતારે, ભટકીતે મરે બે ઇમાનરે: રાઘવા,
બ્રહ્માંડોમાં આપનું, ફરી રહ્યું ફરમાન;
જગમાં જીવ દેખું નહિ રે, જે થાયે કદી નાફરમાનરે. રાઘવા.
વિમુખ થતાં દશ શીશનાં, ભરાઈ ગયા આમાન.
આજ્ઞા ભંગી જે થયા રે, તેના સહેજે ખુટયા સામાન રે. રાઘવા.
જન્મ મરણ જગ રોગના, સાચા વૈદ લુકમાન
રામ પ્રભુ વ્હારે ચડો રે, જેને ભજી સિધ્યા હનુમાન રે. રાઘવા.

પદ ૧૧૩ મું રાગ સદર,

આજ અવધે મચ્યો છે આનંદ રે, વધામણી વ્હાલાની.
બ્રહ્માંડેથી નાઠા છે દ્વંદરે, વધામણી વ્હાલાની.
ધર્યો જન્મ જ્યાં કોશલ ચંદ રે, વધામણી વ્હાલાની.
ગાય ગીતો જુવતીનાં વૃંદ રે; વધામણી વ્હાલાની ટેક.
ચૈતર ચાર જુગે છતો, ચૌદ લોક વિખ્યાત,
અજવાળી નવમી ભલીરે, બની બ્રહ્માંડો માંહે પ્રખ્યાતરે; વધામણી.
લગ્ન વાર ગ્રહ યોગને, કર્યું બન્યા શુભ આપ,
જડ ચેતન આનંદમાં રે, સુખ ઉછળી રહ્યું છે અમાપરે; વધામણી.
પ્રસન્ન પૃથ્વિ થઇ રહી, સુર મન રંજન થાય,
અંતરના આનંદથી રે, ગુણ ગરવા શ્રીરામના ગાય રે, વધામણી.
ફુલ વરસે આકાશથી, થાય દુદંભી નાદ,

પ્રકટયા પૂરણ બ્રહ્મત્યાંરે, છકે લોકો હરખ ઉનમાહરે; વધામણી.
કૌશલ્યાદિ માતનો, મોહન વરણ્યો જાય,
સેવક દોડયા હોંસમાં રે, દશરથને વધામણી ખાયરે; વધામણી.
ગુરૂ બ્રાહ્મણ બોલાવીયા, મહારાજા મન મોદ,
વેદ વિહિત ક્રિયા કરી રે, પ્રિય પુત્રને લીધા છે ગોદરે; વધામણી.
વેદ ધ્વનિ મચી રહી, વાગે વાજાં સાર,
પુરવાસી બહુ પ્રેમમાંરે, જાય દર્શન કરવા ધરી પ્યારરે; વધામણી.
તોરણ ધ્વજાઓ ફરફરે, સુત માગધ ગુણ ગાય,
નિરખે રઘુકુળ ચંદ્રને રે, બહુ પ્રીતેથી લાગે છે પાયરે; વધામણી.
કુમકુમને કેસર વળી, કસ્તુરીની સાથ,
અબીલ અરગજા ઉડતાં રે, લોક ગાયે હરિગુણ ગાથરે; વધામણી.
કીચડ મચીયો કારમો, નાચે સુરપુર લોક,
દેહ દશા વિસરી ગઇ રે, પ્રભુ રામે કર્યા છે વિશોકરે;વધામણી

પદ ૧૧૪ મું રાગ ઠુમરી.

મન ભવમાં શીદને ભટકે રે, ચંચળ ચતુરાને ચટકે;મન. ટેક.
ગાંડા ગળથુલીમાંથી કાં, ઝેર હળાહળ ગટકે રે; મન.
ખાના ખરાબી થાય હઠીલા, ખોટના ધંધા ખટકે રે; મન.
ફોકટ ફંદે ફાંફાં મારી, ફેલ ફતુરે ફટકે રે; મન.
લોંડા લીંબોળીને કાજે, લીંબે શીદને લટકે રે; મન.
પ્રિય પરીવારો પાપ કરાવી, પહાડ ઉપરથી પટકેરે; મન.
દાસ પ્રભુ ભજી રામ રસીલો, દઈ દે જમને ઝટકે રે; મન.

પદ ૧૧૫ મુ. રાગ સદર.

અશરણ શરણ શરણ ગ્રહી પ્રીતે, શરણ શોધી જીવ શુંજ
મરે રે; અશરણ.
કલ્પવૃક્ષ આશ્રય લીધો છે, દુઃખ દરિદ્રનું શુંજ કરે રે; અશરણ
સ્વાંતી બુંદ વરસે અવનિમાં, પ્યાસ બપૈયો શુંજ ધરે રે; અશરણ.
અમૃત પ્યાલા હેતે પીધા, મરણ મારથી શુંજ ડરે રે; અશરણ.

દાસ પ્રભુ આશા રઘુવરની, આશ નિરાશામાં શું જ ફરેરે; અશરણ.

પદ ૧૧૬ મું રાગ સદર.

જમદ્વાર ભયંકર ભારે, કંઈક ડુલ્યા એ ખારે રે; જમ.
યમ યાતનાની ઘોર નદીમાં, કોટી મુવા નહિં પારે રે; જમ.
ધાર ભયંકર વહાણુ ન ચાલે, કેવટ નહિ હુંકારે રે; જમ.
કીચડ ઝાઝો કર્મતણો છે, ગારે ખુત્યા છે અપારે રે; જમ.
માતપિતા સુત દારા ભગિની, ભાઈ ચડે નહિ વ્હારે રે; જમ.
રામ પ્રભુ નિઃષ્કામ કૃપાલુ, બાંહી ધરીને ઉધારે રે; જમ.

પદ ૧૧૭ મું રાગ સદર.

કોઇ વિપત્તિ ભાગ ન પાડે, જમદુત આવી પછાડે રે: કોઇ.
સુત પિતુ માત બંધવ નારી, અલગ ઉભીને બરાડે રે; કોઇ.
સ્નેહી સંબંધી શોચ કરે, જમ લુટે ધોળે દહાડે રે; કોઇ.
જીવ પુકારે વ્યાકુલતાથી, કોઈ પડે નહી ખાડે રે; કોઇ.
હાલક લોલક અતર ઉછળે, જમને કો ન નશાડે રે; કોઇ.
દાસ પ્રભુ શ્રીરામ કૃપાલુ, જમદુતોને ભગાડે રે; કોઇ.

પદ ૧૧૮ મું રાગ સદર.

મન રામ કૃપા ખરી ચાચુ, તે વિણુ બીજું કાચું રે, મન.
લંપટ લોભી પ્રાકૃત જનને, મિથ્યા કો દે લાંચું રે, મન.
પથર રાતો દેખી પંખી, ઠોલે ભાગે ચાચુ રે; મન.
નારી આગલ નટવા જેવા, તે આગળ શું નાચું રે, મન.
જગ આશાનો પથર પડતાં, નિશ્ચય ભાગે ડાચું રે, મન.
દાસ પ્રભુ રઘુવીર દયાધન, તેનુ શરણું સાચું રે, મન.

પદ ૧૧૯ મું રાગ સદર.

રઘુવર પરવારી જાવું, જીવિતનું ફળ આવું રે, રઘુ.
રામસ્વરૂપ જળ એક અનુપમ, મીન નયનને પાવું રે; રઘુ.
રામ કથા ગુણ તેનું ગાણું, શ્રવણ શુણી મુખ ગાવું રે, રઘુ.

અંતરસ્થાપન રામ રૂપાળું, બુદ્ધિમાં રામ રમાવુ રે, રઘુ.
ગતિએ રામમા મતિએ રામમા, ખાણુ રામમય ખાવું રે; રઘુ.
રામનું બળ અને રામ ભરૂંસો, દાસ પ્રભુ ચિત્ત ચ્હાવુ રે, રઘુ.

પદ ૧૨૦ મું રાગ બિહાગ—ગઝલ.

સંસાર સંગે આથડું, તારી દયા વિણુ રાઘવા;
તારી દયાવિણુ રાઘવા, તારી દયાવિણુ રાઘવા. સંસારે. ટેક.
પ્રારબ્ધ મારા ના ટળે, જાણુ ન આશા ત્યાગવા;
તુજવિણુ શાંતિ ના મળે, ભટકી ભમુ છું માગવા. સંસાર.
મન તો વિકારી ના મટે, ખાવા ગમે છે કાંગવા.
મન રામ નહી રામા રટે, અવળેજ પથે લાગવા. સંસાર
ભમતું રહે છે ભોગમાં, ભયથી ન લાગે ભાગવા;
રખડી મરૂ છુ રોગમા, જાણુ ન રોગો ભાંગવા. સંસાર.
છે મસ્તીખોર માકડું, માંડે પ્રપંચે લાગવા:
બહુ તુંડ થાય ન રાંકડુ, મરડાટનેજ અથાગ વા. સંસાર.
સમજાવતાં સ્નેહે કરી, મન કામથી તું કા ઘવા;
માને નહીં મારૂ જરી, સમજે ન દોષો દાઘવા. સંસાર.
તૃષ્ણા જળે ડુબી મરૂં, જાણું ન જળને તાગવા;
પ્રભુરામ શરણે મન ધરૂ, મોહ રાતમાથી જાગવા. સંસાર.

પદ ૧૨૧ મું રાગ સદર.

તારી દયા થઇ ત્રીકમા, શુ કામ સાધન હું કરૂં;
શુ કામ સાધન હું કરૂં, પરવા બીજાની કા ધરૂં. તારી. ટેક.
પંચાત પેટ તણી ટળી, તારે પ્રતાપે તે ભરૂ,
આનંદમા રાચી રહુ, ભભકાર લેહરે ઉભરૂ; તારી.
મળતું બધું માગ્યા વિના, ભીખ માગવા હું કા ફરૂ,
કરી પૂર્ણ તે મનકામના, ક. આશ રાખી વિફરૂ; તારી.
છુટો કર્યો જગ જાળથી, કરવા ન જાઉં નાતરૂં,
સહુ ભાર તેંજ ઉપાડીયો, મારે કરે કોણુ વૈતરૂં; તારી.

ત્રિતાપ તૃષ્ણા દાહને, દેવા ન જાઉં નોતરૂં,
ભગવાન તેંજ ભલું કર્યું, ત્રોડી જ નાંખ્યું જોતરૂં; તારી.
નીકળી ગયો જગ ઝાડીથી, વળગાડવું નથી ઝાખરૂં,
હવે કાશ કો બીજી કરે, પ્રભુ રામ પદ પામ્યો ખરૂં; તારી.
એકનાથ ઘેર પાણી ભર્યું, ઝાચું ત્રીલોચન છાપરૂં,
તેવી કૃપા કરી નાથજી, તે કષ્ટ મુજ કીધું પરૂં; તારી.
વન તુલ્ય ઘર ભાસે હવે, ભય લેશ નહીં કોથી ડરૂં,
કુટુંબ વીશ્વ બની ગયું, સહુ જીવ ભાસે ભાંડરૂં; તારી.
તારી દયા દીનવત્સલા, થઇ છે સુખે હુ વિચરૂં,
હમેશ એમ નિભાવજે, સ્નેહે સુસગે સચરૂં; તારી.

પદ ૧૨૨ મું રાગ સદર.

જગમા જુઓ જ સ્વભાવથી, વેશ્યા સતીને વેર છે,
શૂરવીર કાયર ને વળી, ચોર શાહને પણ વેર છે; જગ.
કુરને કરણાળ સાથે, શ્વાન બીલી વેર છે,
સૂમને દાતાર સાથે, સિંહ હાથી વેર છે; જગ.
મુર્ખા જનોને મુળથી, અહ્યા જનોથી વેર છે,
સર્પો તણી સૌ જાતથી જ, ગરૂડજીને વેર છે; જગ.
સજ્જન સંગે દુર્જનોને, સાધુ શઠને વેર છે,
ભુડા ભલાને ખાટકી, ને બ્રાહ્મણોથી વેર છે, જગ.
શુભ સૂર્ય સાથે ઘુડને, કુડ સાચને બહુ વેર છે,
ખળ સંત ચકવાને ખરે; આ ચંદ્ર સાથે વેર છે; જગ.
દેવ દાનવ ઝેર અમૃત, પાપ પૂન્યને વેર છે,
જગના જીવોને ભક્તથી, બહુ બાપમાર્યું વેર છે; જગ.
સાં પુલ ભમરાને ગમે, ચપાની સાથે વેર છે.
સુલક્ષણી લક્ષ્મી અને, સુભ શારદાને વેર છે; જગ.
જોગી ભોગી બીજા બહુને, આ જગતના વેર છે,
પ્રભુ રામ નામ પ્રતાપમાં, નહી કોઈ સાથે વેર છે. જગ.

પદ ૧૨૩ મું રાગ સહર.

જો જો પ્રભુ દુનીયાં વિષે, સભરે ભર્યો ભગવાન છે,
આઘો ન તેને જે જનોને, તેની સાથે તાન છે; જો.
સૌ કાષ્ટમાં અગ્નિ વસે, વ્હાલો વસે છે વિશ્વમાં,
મંથન કરે તે મેળવે, છે નહિ વિષમતા ઇશમાં; જો,
સૌ ઘાટમાં સોનુ રહ્યું, ભાંગી ગળાવો તો મળે,
જોશે ઉપાધિ પાર તે, સર્વેશમાં સહજે ભળે. જો.
જેમ વસ્ત્રમાં તતુ જ છે, નહિ માનશે મૂઢ મન તે,
પણ વસ્ત્રને વિસરી જતાં, પરખે વિવેકી જન તે; જો.
મટકાંવિષે માટી રહી, જગમા હરિ ભરપૂર છે,
તે પાત્ર ફોડી મેળવે, તે તો ખરેખર શુર છે. જો.
મુલ્ય મોંઘુ છે મણિમાં, મેળવે સોદો કરે,
હરિ નામના વેપારમાં, પ્રભુરામ પ્રકટે છે ખરે; જો.

પદ ૧૨૪ મું રાગ ગઝલ.

(દીધાં છોડી પીતા માતા) એ લય.

ચડીલા કાળની ચોટું ફરે જમ ચક્ર શિર મોટું;
મોટી મમતા તજી જાવું, ખરેખર શું ગમે ખાવુ. ટેક.
ખાવું પીવું, ખેલવું રમવું, જમવું રાડ,
કરવી અને કરાવવી, પશુ માથે મોટી ધાડ;
ન એની બીક કેમ લાગે, ઝપાટા ઝાળના વાગે. ચડીલા.
વાગ્યા ભાગ્યા લાગીઆ, કાંટા ઉપર અનેક,
નેક છોડી નરકે જતાં, છોડયો છંદ ન છેક;
છતાં છેકે ગયા છેટે, હજુ શું રાખમાં લેટે. ચડીલા.
લેટે રાખે ખરખરા, ખરેખરો ખર જાત,
ગમ નહી ગધા જેટલી, એવો છુ કમજાત;
ન જાતે જાણી તે પ્રાણી, કર્યું સૌ ધુળને ધાણી. ચડીલા.
ધુળ ધમી ધધા કર્યા, રાખે ઘી રેડાય,

જાતે ટીંગુ જેટલો, કેરી કેમ વહેડાય;
વ્હેડાયો વ્હેમની વાતે, ખતા ખાધી ખરી ખાંતે. ચડીલા.
વકર્યો વંખ્યા સૂતના, મેલી દે મૃગ નીર,
કરોળીયાની જાળમાં, વીંટાવું નહીં વીર;
પ્રભુ હરિ રામને ભજવા, હળાહળ વિષને તજવા. ચડીલા.

પદ ૧૨૫ મું. રાગ મરશીયા.

તમે લેજો સુ નાર નર જાણી,
કહું આજ ખરી, કંજુસના કર્મતણી કહાણી. ટેક.
પાઇ લેવા ઉઘાડે પાય દોડે, બહુ દામ ધરી હામ હૈયે જોડે,
મહા માયાની સાથે માથું ફોડે; કહું.
ધન દાટે ઝાઝું ધરણીમાં, કુડા કામા કસાઇ કરણીમાં,
લેશ પ્યાર ના ધરે પરણીમાં; કહું.
દામ લેવાને ચામ તે કાપે, ઘણા સાધુ સંતોને સંતાપે,
નહીં દોઢીયું ગરીબને આપે; કહું.
મરે ચીથરેહાલ તે ચમડા, અતિ વ્હાલા ગણે દિલે દમડા,
ભલે ઝડપી જાયે જોરે જમડા; કહું.
ધન ખરચ્યાની વાત તો ખોટી, નથી વાળતા પૂરી લંગોટી,
નથી પેટમાં ખાતા પુરી રોટી; કહું.
છૈયાં છોકરાંનાં કાળજાં બાળે, ઘરનારી બેઠી મોઢું વાળે,
રાતી પાઈનું મુખ નહિં ભાળે; કહું.
કદી ચામડી અંગથી ત્રૂટે, નહિં દમડી મનેથી વછૂટે,
ભલે જીંદગી અધવચ ખૂટે; કહું.
ભમે કંગાલ હાલતે હેતે, બહુ ચેતાવો તોય નવ ચેતે,
સામો બીજે શીખામણ દેતે; કહું.
માને મને ધરમનું ઠીંડું, ઘણું ગોતે છટકવા છીંડુ,
પ્રભુરામ ઓળખ્યાનું મીંડુ; કહું.

પદ ૧૨૬ મું રાગ સાદર.

થાય જમડાને હાટડે હરાજી,
થયો વાજ હવે, સમજીને ચાલ જીવ પાજી. ટેક.
રોપ વાવ્યા તેં ઝેરના ઝાઝા, કરી નાશ તેં નીતિની માઝા,
ગડગડી ગયા તારા હાંઝા. થયો.
વડા વ્હેમની વાતો ભાવી, નહી જાણ્યુ થનાર જે ભાવી,
નહીં સમજ્યો સ્વધર્મ નિભાવી; થયો.
ગયો ફાવી શુ છોકરાં રમાડી, ખધા ખાટયો શું નાતને જમાડી,
સંત ચર્ણે ન ખાંધ તે નમાડી; થયો.
ગદ્ધા નારની આગળે નાચ્યો, દી'ફર્યાને રમાડતાં રાચ્યો,
તેને માટે તે ટુકડો જાચ્યો, થયો.
ધરી જન્મ શું કીધી કમાણી, ખધા ધંધામા ધુળતો ધમાણી.
ખારે સાગરે કમાણી વમાણી. થયો.
ભૂત જેવો ભવે ભવ ભટકયો. સંત સાધુના સાથથી છટકયો,
હાય ! હાથે તું લાકડે લટકયો; થયો.
મોંઘો માનવીનો દેહ મૂઢ ખોયો, પછી રાગડો તાણી રોયો,
ગારે ગારો ગધેડા શું ધોયો; થયો.
અલ્યા ચીંથરાં શીદને ચાવે, દેખ આંખો ખોલી જમ આવે,
પ્રભુ રામ પદમાં પડ ભાવે; થયો.

પદ ૧૨૭ મું રાગ મરશીયો.

રાખ રાખ રે રાખે રોળી લાજ લાખની,
હતી લાખની તે કરી કાખની રે. રાખ. ટેક.
કીધા નીંદ્યાવળા ઘણા કામા, રામ મુકી મને રાખી રામા,
બળ્યા પહેર્યા સોનેરી જામા રે; રાખ,
બહુ દંભી બની ડોળ ઘાલ્યો, છેલ થઇને છાતી કાઢી ચાલ્યો,
ઘણો માયાના ઘેનમાં મહાલ્યો રે, રાખ.
મોહના ચાટયા તેં મધપૂડા, સાવ ખાલી ભર્યા માન્યા મુડા,

લેતો જાને તું લાડવો લપૂડા રેઃ   રાખ.
અભિમાનનો પહેર્યો વાઘો, હડકાયો જેવો કુતો ડાઘો;
જરકશી બળી તારી પાઘો રે,   રાખ.
અતિ હાજીયા વેડા કીધા, ઘકા ધુંબા સાધુને દીધા;
રોયા ઝેરના પ્યાલા પીધા રે;   રાખ.
શીંગમાંથી સળેલ શઠ કામી, હૈયા કુટા થયો તું હરામી;
ખેઠ કીધી ઝાઝી પણ નકામી રે,   રાખ.
થઈ શાણો જરા સમજી જા, શીખ સાભળતાં શાને ખીજા;
રામ રસનો પ્યાલો પીજા રે;   રાખ.
પ્રભુ રામ રસાયણ ચાખી, ભજીલેને હરી ભાવ રાખી,
કપટ કામ ક્રોધ કાતી દે નાખી રે;   રાખ

પદ ૧૨૮ મું. રાગ. સદર.

જાય જાય રે જો જો જુવાની આ ચાલી;
અભિમાને મરે મૂઢ ખાલી,   જાય જાય રે. ટેક.
ભભકામાં ભુલે કેમ કપટી, દેહ ઠાઠે જાતો શીદ લપટી,
થઈ જાશે તે રાખની ચપટી રે;   જાય.
શણગારે ઘણા વાળ રાખી, ટાપટીપ કરે તેલ બહુ નાખી;
વાળ ઓળ્યા ઉમર ખોઇ આખી રે,   જાય.
કુડી કાફર ચોટી રાખીં માથે, રેડા પેરે પાડયો સેથો હાથે;
અલ્યા આવશે વાળ શુ સાથે રે,   જાય.
ટીલી કરવામાં ત્રેપન ગાળ્યાં, વિષ્ટાખાણે નાંખી બધા બાળ્યાં;
ખ.ળતા તે રહેશે નહિ ખાળ્યાં રે;   જાય.
અતિ આંખ્યોમાં સૂરમો આંજ્યો, ઘરેણાં એ ઘણો નવ નાજ્યો,
ભભકામાં ભલો ભવ ભાંજ્યો રે;   જાય.
ખરે ઉનાળે મોજાં શું ઘાલે, મોજડીમાં મરડાનાં ઠાલે;
નકકી થાવાનો કાળને હવાલે રે;   જાય.
પાન પટી ચાવી શઠ થુંકે, જરદાના તો ફાકડા ખૂકે;
ભુલ્યો અંતે ખોડચામાં કુકે રે;   જાય.

અહંકારે જાળવ શા મોભા, ખોટી લાજમાં તે શું લોભા;
જમદ્વાર જતાં અગ્રશે ઓભા રે; જાય.
જડ વાનીના ભરમાં ખોબા ધુળ ઉડાડમાં ભરી ધોબા;
અંતકાળના આકરા ઝોબા રે; જાય.
પાપ પૂરે તણુમાં, હે પાજી, કર્યા ગુન્હા રહ્યો શીદ ગાજી;
પ્રભુ રામજી કરી લે તું રાજી રે, જાય

પદ ૧૨૯ મું. (પરજ) રાગ ધડુસલાનો.

કુડથી કથન કર્યું કેશવા રે, તોય કીધો તે ન્યાલ;
કુડ જો ગયું હોત માહરૂં, કરત કેવો તું ખ્યાલ; કુડ.
કપટે કથા કરી કાનજી રે, કરી દીધો તેં સંત,
તુટયું કપટ હોત ત્રીકમા, કેવો કરતે મહંત; કુડ.
ભક્તિ કરી વીણુ ભાવથી રે, ભક્ત પાડયું તેં નામ;
ભાવ ભભુકયો હોત દીલમાં, શું ન કરતે તું રામ; કુ .
કામનાથી ભજતાં છતાં રે, કર્યો સાધુ તેં નાથ;
નિષ્કામ પ્રીત કરી હોત તો, ઝાલત કેવો તું હાથ, કુડ.
શ્રદ્ધા વિના સ્તુતિ મેં કરીરે, તોય કીધો તે દાસ;
શ્રદ્ધા રહી હોત અંતરે, દેત કેવો તુ વાસ; કુડ.
સેવા કરી દંભ ડોળથી રે, હરી માની તેં સેવ;
દંભ જો ટળ્યો હોત સ્યામળા, રીઝત કેવો તું દેવ; કુડ.
ધ્યાન કર્યું મેં ઘડા વિના રે, તોય માન્યુ તેં ધ્યાન,
મનનો ઘડો હોત માધવા, ખોલત કેવું તું મ્યાન, કુડ.
મારા અવગુણ ગુણ તાહરા રે, કથ્યા શેષે નવ જાય;
રામકિંકર પ્રભુ શું ગણું ? એક જીભે ગવાય; કુડ.

પદ ૧૩૦ મું. રાગ સદર.

જમની ઝપટ પડે જીવડા રે, કરશે કાગ કળે ળાટ;
આંખો ફોલી ખાશે ગીધડા, શાને કર તલે લાટ, જીવન
કરી જેવુ ત્યાં જાણજે.

વહુને ઓઢાડીતી ઘરચોળી રે, મુઢાહાર ઝળે જાટ;
તે જગે બધાશે ઠાઠડી, નહિં થાશે ઝળે જાટ; જીવન.
વ્હાલાં સગાંને કંકોતરી રે, લખી હતી સડેડાટ;
ત્યાં ત્યાં જાશે કાળો તરી, હર્ષ નાશે હડેડાટ; જીવન.
મંગળ ત્રાંબાળુ વાજીયાં રે, લગન કેરા ગડેડાટ;
લેવાશે તે સ્થળે છાજીયાં, ભયથી ભાગ ભડેડાટ; જીવન.
શીર પેચ સારી સાડીયું રે, જયાંથી લીધી ઝળકાટ;
ત્યાંથી લેવાશે તારૂં કાટીયું, નહિ કરશે ચળકાટ; જીવન.
શુરવીરનાં શુરકારમા રે, યુધ્ધે વઢવા સળકાટ;
તેનાં વીતી ગયા બરમાં, કેમ કરતો મરકાટ; જીવન.
ભય ઝાઝો ભવ નિધિમાં રે, મોત વાળે છે દાટ;
પ્રભુ પતિ પાસ જા વિધિમાં, રામ રાખે તો ખાટ; જીવન.

પદ. ૧૩૧ મું. રાગ સદર.

થાવું હતું તે થઇ ગયું રે, નથી થાવાનું અન્ય;
રાખ રાખ શરણુ રમજી, કરી બાંસાને ધન્ય; થાવું.
પાણી પીને ઘર પુંછતાં રે, કરે હાંસી સૌ લોક;
તારો થયો હું તો હવે, થાય ના તો ન શોક; થાવું.
કરતાં પ્રીતિ થઇ ગઇ રે, બન્યું બનવાનુ તેજ;
હવે નિભાવ જે નાથજી, રીત તારી પણ એજ; થાવું.
સંગ થાતા તો થઇ ગયો રે; હવે થાય નહીં ભંગ;
તારી ફરજ હરી એજ છે, રાખ્ય બાનાનો રંગ; થાવું.
વાત ફેલાણી વાલમા રે, નથી છાની જરાય;
જાણ થઈ ગઇ જગતમાં, નહીં ખોટી કરાય; થાવું.
નીકળી ચુકયો તુજ મારગે રે, નહીં પાછું ફરાય;
મારે બચાવે તું થકી, પાછો પગ ના ભરાય; થાવું.
જેવો તેવો પણ તાહરો રે, કેમ ટળતો મેલાય;
લાજ જશે થશે ઠેકડી, નહીં તુંથી ઠેલાય; થાવું.
લોકો કહે હું પણ કહું રે, પ્રભુ રામનોજ દાસ;
મૂકે અધવચ તો માધવા, થાય તારો ઉપહાસ; થાવું.

પદ ૧૩૨ મું. રાગ સદર.

દીનનો દયાળ દેવ તું ખરો, રે હુ છુ તારો કંગાલ;
દેજો દયા કરી દાન તે, જેથી છુટે જજાલ, મ્હાને બચાવજો
બાપજી.
દુનિયાંને દેતો દાન તું રે, બહુ બળિયો દાતાર;
હું છું ભીખારી તુજ દ્વારનો, જન જાચકને તાર મ્હાને.
પાપ પુંજ હું હરનાર તું રે, હરિ અનાથનો નાથ;
નાથ હું અનાથ છું તાહરો, સ્નેહે કરજો સનાથ, મ્હાને.
દુઃખમાં ડુબુ દીન વત્સલા રે, દવ લાગ્યો ચોપાસ,
દુ:ખ હરનાર વિભુ તુજ છે, એક તારી છે આસ; મ્હાને.
રકને રજન તું કરે રે, રામ તારો હું રાંક,
માફ કરી અપરાધને, કાપો કર્મોના વાક, મ્હાને.
બ્રહ્મ તું જીવ હું નાથજી રે, સ્વામી રામ પ્રભુ દાસ,
નાતા અનાદિ એવા માનીને, પડયો પાદ પીઠ પાસ; મ્હાને.

પદ ૧૩૩ મુ. રામ સદર.

માગું બીજાની પાસ શું રે, માગ્યુ આપે છે કોણુ,
માગ્યું દેનાર એક માધવો, નાત જાતનુ ન જોણુ, દાની દયાળ
દેવ એકતું.
ઇચ્છી વસ્તુ હરિ આપતા રે, અધિકારનો ન કાર,
પ્રેમે પ્રણામથી પોષતા, સ્નેહે કરી સત્કાર, દાની.
ધર્મ અર્થ કામને મોક્ષનું રે, સુખ દેતા ભરપુર,
દેવું દેવું દેવું દીનને, દાન દેવામાં શુર, દાની.
સારે સમે સૌ કો દીયે રે, ઉડાડે ધર્મોની ધ્વજ;
અવલા અવસરમા એક છો, દાન દેવાને સજ, દાની.
સેવા સાધનહિં. માગતા રે, દીનતાની જરૂર,
દીન બનીને પુકારતાં, દોષ કીધા છે દૂર, દાન.
જાણો જાચકની જાચના રે, માગણુ માગે શું સુખ;
રૂચી જાણી પ્રભુ દાસની, રામ ભાંગોને ભૂખ, દાની.

પદ ૧૩૪ મુ. રાગ સદર.

સ્થિર ન થાય મન માહરૂં રે, ગોથે ગાંડુ શું થાય;
તાપ ત્રિવિધથી બહુ તપે, ચિત્તે ચાળા ચું થાય,
'કરજો કૃપા કરૂણાનિધિ;
યોગ કરી ભોંગમાં ભળે રે, થાય યોગને વિયોગ;
મોહવશ દ્રોહ કરતું ફરે, વાધે વાસનાનો રોગ, કરજો.
પળ પડીત પળ મૂરખુ રે, પળે શોકને વિશોક,
જ્ઞાની અજ્ઞાની બની જતું, કરે સાધન પણ ફોક, કરજો.
રાજા બની થતું રાંકડું રે, મતિ હીન કે ધીમંત;
કંગાલ થઇ કોળિયો ભીખે, કદી થા તુ શ્રીમંત; કરજો.
ઇશ્વર રૂપ જગત દેખતુ રે, કદી નારીમય જોય,
હાલક લોલક સન્નિપાતમા, જેવુ હડકાયું હોય; કરજો.
રામ કૃપા સુધા સીચજો રે, પ્રેમ હૃદયે પ્રકટાય;
નહિ તો પ્રભુનિજ દાસનો, રોગ ભવનો ન જાય કરજો.

પદ ૧૩૫ મું. રાગ સદરૂ.

મળ વળગ્યો બહુ મોહનો રે, અનેક જન્મોના પાપ.
કોટી ઉપાયે ન ઉખડે, થાય જાડેરી થાપ,
પાપ રઘુપતિ કાપજો,
આંખો મેલી પરનારથી રે, વિષય સગ થકી મન;
હૃદયે મલીન ભરી વાસના, દાન વિનાનું ધન. પાપ.
જીવ મેલો મદ માનથી રે, પરનિંદાથી કાન,
પારકા દોષ ગાઇ ગાઇને, ભુલી વાણી પણ ભાન. પાપ.
પાપ મારગમાં ચાલતા રે, ચરણ મેલા, મે કીધ,
હાથ મેલા કર્યા હાય મે, દાન દીનને ન દીધ. પાપ.
મેલુ સર્વાગ મારૂ થયુ રે, ચયો પાપનો પુંજ,
ભાન ભૂલ્યો ભક્તિ તણું, તરૂં તારે જો તુંજ, પાપ.
રામ ચરણ પ્રેમ જળ વિના રે, પાપ મૂળથી ન જાય;
દાસ પ્રભુ પ્રેમ ગંગ નાં, સ્નાન કરતાં શુદ્ધ થાય. પાપ.

પદ ૧૩૬ મું. વ્હાલા વેગે આવો રે. એ લય.

સ્વામી સ્હાય થાજો રે, હે રં હાથ સ્હાજો રે,
ભીડ પડી દશરથના રામા, ફાડજો રે જી ટેક.
વાર કરો મા, વહાર કર્યામા દિના નાથ. ભીડ.
કૌશીક કેરે કારણે મેલ્યા માને બાપ;
મારીચ સુબાહુ મારીને, બાળ્યાં તેનાં પાપ;
યજ્ઞ કરાવ્યો હોંશથી, પ્રૌઢ પ્રતાપ અમાપ;
ભક્ત પરે હરિ ગાજો રે, પ્રેમીલા પ્રભુ છાજો રે. ભીડ.
નીજ જનને ઉદ્ધારવા, ત્રીકમ તારી ટેવ,
વિનવુ વહાલા વહાલથી, હે દેવાદિ દેવ,
અંતરના આનંદથી, રામ કરૂ હું સેવ.
પ્રિય કરૂણા મૃત પાજો રે, દલ બન્યો છિ તાજો રે. ભીડ.
અધમ ઉધારણ તું હરિ, હું અધમા ધમ નાથ,
ગોવિંદ ગરીબ નિવાજ તા, લીડી ભાવે બાથ,
દીન દયાળુ દિનની, માથે મુકા હાથ;
ખળ ખોટાને ખાજો રે, રંક ફરિ નિવાજો રે. ભીડ.
અંત સમાંની આખડી, મોટી છે મહારાજ,
ત્રીભુવન પતિ તારો તમે, છો મારા શીરતાજ;
કાશ કરી કંકાશમાં, વહાલા આવ્યો વાજ,
પ્રભુ રામ જંતરે રાજો રે, પ્રીતમ પ્રાણ બિરાજો રે. ભીડ.

પદ ૧૩૭ મું. રાગ સદર.

રામા રીતી રાખો રે,દયા દીલે દાખો રે,દીનતા મારી દેખજો હોજી.
રાખો રાખો બાના તણી પત રામ, રામા ટેક.
મન નીતિ માને નહીં, કરે કુચાલ અમાપ;
ભવપતિ ભૂલી ભાટકે, જાય પકડવા સાપ,
હુકમ ન માને વેદના, તપી રહ્યું ત્રય તાપ;
પડી ગઇ છે. દીનતા પાખો રે.

વિષય વારૂણીમાં ઝીલે, પીધાનો નથી પાર,
ડગ મગ ડગ મગ ડોલ તું, ડુબ્યું પારાવાર;
કુટુંબ ક્લેષ તણા પડે, માથે મોકમ માર;
તોપણ છુટી કાખો રે, હીનતા.

અનેક ભવની આપદા, ભુજ્યે સઘળા દુઃખ,
તલ પેઠે ઘાણી પડયો, તો પણ માન્યુ સુખ;
હરિજન સંગ કર્યો નહિં, થયો સદાય વિમૂખ;
હવે ન હરિયે નાંખો રે. હીનતા.

લખલુટ લોભ વધી પડયો, મદમોહે મસ્તાન,
કામ ક્રોધ મત્સર મહીં, મગ્ન થા તુ ગુલતાન;
સાધન સહુ છુટી ગયા, વસ્યાં બહુ સેતાન;
લીધા જન્મો લખો રે હીનતા.

પરદોષે પ્રીતી ઘણી, પરગુણમાં નહીં પ્રેમ,
પાપ નીધિમાં બુડીયો, પાછા પર નથી રહેમ,
આખા જગના નાથજી, મુજમા ભરીયા વ્હેમ,
ભવ ખોયો મેં આખો રે. હીનતા.

વેદ પુરાણો શાસ્ત્રનુ, તત્વ જ મજી નામ,
લીધું નહી સ્નેહે કદી, અમથા ગાળ્યા જામ,
ધન ધુત્યુ ધાંગો થઈ, હું ધ્રું શી ગો રામ,
લાજુ નવ છું લાખો રે, હીનતા.

મતી ઊંધા હીણી અતિ, મલીન દિન કંગાલ,
ઝેર વિષય મનમા ભર્યું, જે તા છે જંજાલ,
સિંહ ભાન ભૂલી ગયો, બની બેઠો સ્યગાલ,
જ્ઞાન દીવો છે ઝાખો રે, હીનતા.

ગયો હારી હુ યત્નથી, સંકટ નવ સહેવાય,
માધવ મુજ મનની પીડા, મૂખથી ના કહેવાય,
હરો ત્રાસ પ્રભુ રામ તો, સુખ રૂપે રહેવાય,
દાસ દુખ નવ સાંખો, હીનતા.

પદ ૧૩૮ મું. નવે કાંકરી ન્યારો, એલય.

ચિંતા ચિત્ત નવ ધરજો સંતો, ચિંતા ચિત્ત નવ ધરજો, હેજી ટેક.
સંચીતથી સુખ દુઃખ સાંપડતાં, માની મદને હરજો, હેજી,
દૈવગતી દેવો નવ જાણે, માનવ દુ.ખ પરહરજો, સંતો.
જો સુખ હોયે સંસારે તો, પછી બીજી શી ગરજો હેજી,
ત્રણે કાળમા મિથ્યા સમજી, અલગ રહીને ફરજો, સંતો.
હરીવર આજ્ઞા અંતર ધારી, સુખ દુઃખ ભવ વિસરજો, હેજી,
લાભ હાનિ માન્યતા તજીને, નિત્ય સુખે વિચરજો, સંતો.
ધન દોલતની ધાંખ મુકીને, ધર્મ સુમનમાં ભરજો, હેજી·
સદા સર્વદા શાંતિ રાખી, મુળ પંથે સંચરજો, સંતો.
મિથ્યા મોહ મનેથી કાઢી, માયામાં નહિ મરજો, હેજી,
અખંડ આનંદે મચી રહેતાં, ફેડી નાખો કરજો, સંતો.
અખુટ દોલત અવિનાશીની, નીજની માની ઠરજો, હેજી,
આશા તૃષ્ણા ભુખડી બારશ, સંતોષે સંહરજો, સંતો.
ઉપદેશે બીજાને સુધારી, આપ અધિક સુધરજો, હેજી.
કરો ભાવના કે ત્રિલોકે, શાંતિ વરષા ઝરજો, સંતો.
જગજનનું ઉધારણ કરતાં, આપે પહેલા તરજો, હેજી.
હરિ ભજનમા ધુન લગાવી, પ્રભુરામને વર જો, સંતો.

પદ ૧૩૯ મું. રાગ સહર.

રામરસાયણ ચાખે, જે જન રામરસાયણ ચાખે હે જી. ટેક.
રાતદીવસ રઘુવીર રટવાની, રીતી રૂડી રાખે હેજી,
ઉર અજવાળું રહે નિરંતર, અંતર ઉટકલ રાખે; જે.
તનના તાપો ટળે તડાકે, ભળતી વાણી ભાખે હે જી,
મનના મેલો બળે પલકમાં, મરે નહીં મદ માખે; જે.
જગ જંજાળ જણાયે જુઠી, મૃગજળ જેવી ઝાંખે હે જી;
બુદ્ધિ બેશ બને બળવાળી, ગુરૂ ચરણુની ખાખે; જે.
વધે વિવેક વિરાગ અતિશે; દોષ રહે નહીં આંખે;

વધે વીવેક વીરાગ અતીશે, દોષ રહે નહીં આંખે; હે જી;
ભવની ભટકણુ ભાગે ભારે, થાય સુખી ભવ આખે. જે.
કામ ક્રોધને કોઇ ન કાઢે, રામ રસાયણુ પાખે હે જી;
પાપ પળે હુળવા થઇ ઉડે, જ્ઞાન ભકિતની પાંખે. જે.
વિષય વાસના રહે વેગળી, મન ધનકાજ ન ધાંખે હે જી;
માન અને અપમાન બરોબર, સ્તુતિ નિંદા સૌ સાંખે. જે.
કુદકા મારે કાશ કરે, કકાશે કુટતાં કાખે હે જી,
કલેશ ન કાયાથી કદી જાશે, સાધન કરતાં લાખે. જે.
દંભ ડોળ દીલથી દૂર જાયે, દ્વેષ દૃષ્ટિ નવ દાખે હે જી;
પ્રભુપતિ રામ ભજી લો ઝટપટ, જમડા જાળો નાખે. જે.

પદ ૧૪૦ મું. રાગ સદર

ભળ્યાં ભાગ્ય જગ તેના જેના, રામ આદર કરે એના હોજી. ટેક
જાત ભાત ભીલડીની જોને, શબરી દીઠી ગમે ના, હોજી.
એઠાં બોર આરોગે રામજી, શુ સંતાપ શમે નાં ? જેનાં. ભાગ્ય.
ગજ ગુણિકા વિષયોમાં અંધાં, ઈદ્રીય કેમે દમે નાં, હોજી.
જો અપરાધ વિચારે હરિ તો, મુક્ત થાય કહો શેનાં ? જેનાં ભાગ્ય.
જો મરતાને રામ બચાવે, કોથી કદી મરે નાં, હો જી.
લેખ વિધિના છેકે પોતે, રામ લખેલ ફરે નાં, જેનાં ભાગ્ય.
રામ નામ બળધામ હામથી, લે જગભાર વહે નાં હો જી.
દાસ પ્રભુ પતિ રામ કૃપાથી, ખામી કશી રહે નાં, જેનાં ભાગ્ય.

પદ ૧૪૧ મું રાગ સદર.

રમત ન્યારી રમનારો, પ્યારો, રમત ન્યારી રમનારો; હોજી; ટેક.
કાળ કરાળનો કરી કોળિયો, ઝટપટ છે જમનારો; હો જી;
ભકત જનોનાં કઠણુ વચનને, ક્ષમા ધરી ખમનારો; પ્યારો રમત,
ગોદ્વિજ સુરહિત સગુણુ થઇને, દાસ મને ગમનારો; હો જી;
મોટમ મેલી નિજજન સંગે, સ્નેહ સહિત ભમનારો: પ્યારો; રમત.
દુઃખ દરિદ્રતા દોષ દૈત્ય ને, દંડ દઈ દમનારો; હો જી;

અનમી અજીત સેવક વશ્ય થઇ, નમ્ર બની નમનારો; પ્યારો;
રમત.
વિષય ઝેર જીવે પીધેલુ, વ્હાલ ધરી વમનારો; હો જી;
પ્રભુ પ્રિયતમ પતિરામ ભજી લે, શક શોક શમનારો; પ્યારો
રમત.

પદ ૧૪૨ મું. રાગ સદર.

વિશ્વવિષે વસનારો, હરિવર, વિશ્વવિશે વસનારો હોજી ટેક.
જયાં ત્યા જીવની પાસે ઉભો, આઘો નહિં ખસનારો હો જી,
ભીડ ભાંગવા ભક્તતણી ઝટ, ભાવ ધરી ધસનારો હરિવર, વિશ્વ
કર્મ કરાવી કરે કસોટી, જન મનને કસનારો, હો જી,
કાળ હોય પણ મારી નાખે, ભક્તપ્રતિ ભસનારો, હરિવર, વિશ્વ.
વિમુખ થતા જેની માયામાં, જીવ નકી ફસનારો, હો જી,
જે શરણે જઇ માયા સન્મુખ, જીવ બને હસનારો, હરિવર, વિશ્વ.
પ્રેમ તાતણે બંધાતો હરિ, લેશ નહિં ચસનારો, હો જી,
ભકતોને ભય દેનારાને, વ્યાલ બની ડસનારો, હરિવર વિશ્વ.
વિષય વ્યાલને હરિવર પોતે, ગરૂડરૂપ ગ્રસનારો, હો જી,
દાસ બની પ્રભુરામ શોધી લે, ભક્ત હૃદય ઠસનારો. હરિવર વિશ્વ.

પદ ૧૪૩ મુ. રાગ સદર.

સંગે સચરનારો સાધુ, સગે સંચરનારો હો જી ટેક
ઉત્પન્ન કરીને પાલન કરતો, સૃષ્ટિ સહરનારો, હો જી
ચતુરાનન ચિત્તેથી હારે, ચિતમાં નહિં ચરનારો; સાધુ સગે
ભટકાવી મારે જીવોને, ભ્રાંતિ ભ્રમ ભરનારો, હો જી
ફંદ ફસાવા કર્યા બીજાને, ફક્કડ રહી ફરનારો. સાધુ સગે.
અખિલ વિશ્વ પ્રકટે લય થાતું, જન્મે નહિ મરનારો, હો જી.
કર્મ શુભાશુભથી જીવ બાંધે, કર્મ નહિં કરનારો, સાધુ સગે.
સર્વ ધરે આધાર વિનાનો, ધીરજ બહુ ધરનારો, હો જી
કાળ ડરે જેહેની સેહેથી, કોથી નહિં ડરનારો, સાધુસંગે.

અધમાધમ હરિ સન્મુખ થાતાં, સ્થિર થઇ ઠરનારો, હો જી.
ભવભય ભાંગી ભકતજનોનાં, દૂષણુને હરનારો; સાધુ સંગે.
જેને શરણે થાતા પાપી,[1] પાપ નિધિ તરનારો; હો જી.
પ્રભુ પ્રિયતમ પતિ રામ વરી લે, પ્રેમભક્તિ વરનારો; સાધુ સંગે.

પદ ૧૪૪ મું. રાગ સદર.

કળીનાં કૌતુક દેખે, જન કોઇ કળીના કૌતુક દેખે હો જી-ટેક
વૈરાગી વિરાગ ના સમજે, તાતા થાના તેખે હોજી,
ભૂખે મરતાં ભગવાં ધારે, ભ્રષ્ટ કર્યા છે ભેખે જન.

જ્ઞાની જ્ઞાન કથ્થામાં ડુબ્યા, આંખ ફુટી મદ મેખે હો જી;
ભક્ત બન્યા પણ ભેદ ન ભાગ્યો, પરના દૂષણુ પેખે. જન

જોષી જોષ મહિં મુંઝાણા, ભુલ્યા કરમની રેખે હો જી;
બાવાના બન્ને ભવ બગડયા, કરતા બીજાને બે[1] જન
સંન્યાસીને શાંતિ મળે નહિ, ધન ધૂતે લખ લેખે હો જી;
ભટકી મરે બીજાને મારે, ન કરે ભગવત લેખે[2] જન.

સંતોને સંતોષ જરી નહીં, તૃષ્ણા વધી અલેખે[3] હો જી,
સર્વ જીવો નારકી બનાવ્યા, એવા સત અદેખે જન.

મઠ બંધાવે મોહ ધરીને, મજબુત કરવા લેખે હો જી;
રામ પ્રભુ મનથી નથી ભજતા, કયાંથી તે ચરશે બે[4] જન.

પદ ૧૪૫ મું. રાગ સદર.

ખેંચી દોરી રાખી હાથે, ખેંચી દોરી રાખી હે ! જી ટેક
કર્મ દોરીની જોર કરીને, નિંગઠ પાડી નાખી હે ! જી,
તેથી પરવશ પડયો પાપીયા, કેમ રહ્યો છે સાખી. હાથે
ગર્ભવાસ પણ ફળ તેનું છે, દેખી લે દિલ દાખી હે ! જી;
આગળ એવા અનેક લીધા, દુખ પામ્યો જો ઝાંખી. હાથે.

---

૧ ક્ષય. ૨ ખાતર—અર્થે ૩. ગણનાવિનાની ૪ ઉર્ધ્વગતિએ જશે. ૫ પરવાનાથી

ઉંધે શીર લટક્યો લંપટીયા, ચોટયો થઇ મધમાખી હે ! જી;
ભાવ ન પૂછયો કોઇએ તારો, તું ઇશ્વિર મે સાખી. હાથે.
મૂત્ર માંસમય મળને ખાડે, પડયો ભક્તિ હરિ પાખી હે ! જી;
કૃમી કરડતા કાયા તારી, ભ્રષ્ટ વાત બહુ ભાખી હાથે.
શરીર કોમળ કષ્ટ આકરૂં, સ્વાદ લીધો તેં ચાખી હે ! જી;
પસ્તાયો તું પેટ ભરી ને, ખોઇ ઉમર આખી. હાથે.
સંભાર્યા શ્રીપતિને જયારે, ખુલી અંતર આંખી હે ! જી;
બંધ છુટયા પ્રભુ રામ દયાથી, ભજ ગુણ મનમાં રાખી. હાથે.

પદ ૧૪૬ મું. રાગ સદર.

કર્મ જાળ ઘેરાણો, જીવડા કર્મ જાળ ઘેરાણો હે ! જી. ટેક.
છોડયા તેં રઘુવરને હરિથી, તું તો નથી છોડાણો હે જી;
સંગ સંગ ભટકે છે સ્વામી, તું સાથે જોડાણો જીવડા.
બહુ રીતે પ્રતિપાલન કરતા, જા મા દૂર ઠેલાણો હે ! જી,
પરમ દયાથી જ્ઞાન દીધું તે, હરિવર શે ભૂલાણો. જીવડા.
ગર્ભે જ્ઞાન દીધું ત્યારે તો, માયાસંગ મેલાણો હે ! જી;
બહાર પડતાં બુદ્ધિ બગડી, માતરગ રેલાણો. જીવડા.
દેખ વિચારી કર લાચારી, બાવળ બહુ ફેલાણો હે ! જી,
હવે રાત રહી થોડી જો જો, ખેલ ઘણો ખેલાણો. જીવડા
જાગ જાગ તું જીવ હઠીલા, ઉંઘે શુ હડકાણો હે ! જી;
બસ કર બૂરા કામા કાળા, પાપ પ્હાડ ખડકાણો. જીવડા.
પાપ તાપ સંતાપ ટાળશે, જો રઘુવર ઓળખાણો હે ! જી,
પ્રભુ રામના રટણ વિનાનો, બ્રહ્મ છતાં ઓળગાણો. જીવડા.

પદ ૧૪૭ મું. રાગ સદર.

વ્હાર કરો રઘુવરજી વેગે, વ્હાર કરો રઘુવરજી, હે ! જી.
જેની માયા ત્રિગુણમયી છે, જે છે ધરણીધરજી. હે ! જી.
જીવ અનંત વશ વરતે જેને, ત્રિગુણાતીત નટવરજી. વેગે.
માયાતત્વ રહિત છે તો પણ, રસમય કરતા હરજી. હે ! જી.

દિનદિન ખેલ નવા ઉપજાવે, એવા જે નરવરજી. વેગે.
દુઃખે દિલાસો દીધો જેણે, સાર લીયે હળધરજી હે ! જી.
જ્ઞાન ભાન શુભ સાન દીધી તે, અખંડ અખિલેશ્વરજી. વેગે.
ભજું ભાવથી હે ભગવંતા, વિઠ્ઠલ વિશ્વેશ્વરજી. હે ! જી.
વિચાર મારા દૃઢ કરી આપો, ભલપણથી ભૂધરજી વેગે.
પ્રસવવેદના ફરી ન પામું, એવું કરો શ્રીવરજી. હે ! જી.
અપરાધો સામું ના જોશો, માફ કરો ઇશ્વરજી વેગે
આકુળ વ્યાકુળ અતિ થયો છું, સતાપે શ્રીધરજી હે ! જી.
પ્રભુરામ પોતાનો પેખી, પાળો હે હરિવરજી. વેગે.

પદ ૧૪૮ મું. રાગ સદર.

બચપણનાં દુઃખ ભારે, વ્હાલા, બચપણના દુઃખ ભારે હે ! જી ટેક.
ગણતાં ગણતાં મન ગભરાતું, ગણવા શક્તિ ન મ્હારે. હે ! જી.
ભૂખ તરસના ભડકા મોટા, થડકે ચિત્ત વિચારે. વ્હાલા.
દર્દ થાય તે કોઈ ન જાણે, અવળી વાત ઉચારે. હે ! જી.
ડામ ભૂખમાં, દુધ દુઃખમાં, પાતી માતા પ્યારે. વ્હાલા.
માતાને નવ માલુમ પડતું, મન માને તે ધારે. હે ! જી.
ઉપાય ઉંધા ઉંધા કરતી, અતર આગ ન ઠારે. વ્હાલા
મનની પીડા મન સમજે પણ, નવ બોલાય લગારે. હે ! જી.
વિપરીત વસ્તુ વદને આવે, તે ખાવી લાચારે. વ્હાલા.
સંકટ સહન કર્યાં છે એવાં, કોટી કોટી નહીં પારે. હે ! જી.
નાથ હવે તો હાથ પકડજે, પડું નહીં સંસારે. વ્હાલા.
વિશ્વેશ્વર વિનતી ઉર આણી, વ્હારે વળ આવારે. હે ! જી.
પ્રભુરામ છું શરણે ત્હારે, તું મારે કે તારે. વ્હાલા.

પદ ૧૪૯ મું. પીડા ન પામું એવું કરજે શામળીયા વ્હાલા એ લય.

હું શરણે પડયો છું હરિ તારે, દશરથના રામા;
જાવું હરિ કયાં હવે મારે, ઘનશ્યામા.
ભવરૈ સાગરમાં ભય પામું, દશરથના રામા,
ચિત્તની ચિંતા કેમ વામું, ઘનશ્યામા

દરિયો ડાહોલીને થાકયો થડકયો, દશરથના રામા,
ભાવ ભલેથી મન ભડકયો, ઘનશ્યામા.
કોઠી ધોઇને કાદવ કાઢયો, દશરથના રામા,
અંતર આનંદ વાઢયો, ઘનશ્યામા.
ભારી ખાધી ભુલ થાપો, દશરથના રામા;
પાપ કર્યાં છે અમાપો, ઘનશ્યામા
પ્રણુત પાલ હરિ જાણી, દશરથના રામા;
પ્રીત કરી પરમાણી, ઘનશ્યામા.
સરોવર તીર પંખી જાયે, દશરથના રામા,
જળવિણુ પાછુ કેમ જાયે, ઘનશ્યામા
અમૃતસિંધુ છે સુખકારી, દશરથના રામા,
મરણુ મટે ન કેમ ભારી. ઘનશ્યામા
બીરદ વિચારી બળવંતા, દશરથના રામા;
ભીડ ભાંગો ને ભગવંતા, ઘનશ્યામા
દાસ પ્રભુ તારે શરણે, દશરથના રામા;
રાખોજી રામ નિજ ચરણે, ઘનશ્યામા

પદ ૧૫૦ મું. શરણુ પડયો છું રે શ્રી હરિ, એ લય.

રામા રાખો રે રાકને, હું તો પડયો તમારે દ્વાર,
માફ કરીને રે વાકને, નહીં જાવા દેશો બાર. રામા.
દિન દયાળુ રે બહાનું છે બળિ, ભક્તવત્સલ ભવજળ તાર;
બળવત બેલી રે, થજો વળિ, તમે વહાર કરો કિરતાર રામા.
ભક્તિ ન જાણુ રે ભૂધરા, હું લંપટ લોભી લબાડ;
જપતપ ન કરાણુ રે હરિહરા, છું પડયો ઉંડેરી ખાડ રામા.
કેશવ કપટી રે, છું ઘણો, તુ દયા કરે મહારાજ,
ઉડાડી દેજો રે આપણો, જાદવ જાશે તારી લાજ. રામા.
ધોળો બગ છુ રે ધ્યાનમા, મીન પરે મન પ્યાર;
ઠાકોર ઠગ છું રે, મ્યાનમા રહી તીખી તલવાર. રામા
દુખી બહાનું રે બાપજી, મને ભક્ત કહે છે જગ્ત;

ધંધે મારૂં રે ધાપજી, હું છું પાપી નિપટ અભક્ત. રામા.
શઠતા સામું રે શું જુવો, હું વહાલા થયો છું વાજ;
સંકટ સ્વામી રે નહીં ખુવો, જીવન જાશે તારી લાજ રામા.
કરમ કર્યાં નહીં રે, કીમતી, ડુબુ દુખ દરિયે મોરાર,
દાસ પ્રભુની રે, વિનતિ, રામ રમાપતિ કાને ધાર. રામા.

પદ ૧૫૧ મું. ડરમાં તું દિલ સાથ--એ લય.

ભજ ભજ ભવ ભયહાર, જીવ તું ભજ ભજ ભવ ભયહાર;
ખળ ખા મા અધવચ માર, જીવ તું-ટેક.
રામ કહેતાં દામ શુ બેસે, પરઘરમા કા પાપી પેસે,
ઠાકરને કાં ઉડાડતો ઠેસે, ગળા ગરીબના ગડુ શુ રહેસે.
શીદ ચુથે ચર્મ ચમાર જીવ તું
રાવણામા તું આખી રાત જાગે, માળા ફેરવતા ખોટ શુ લાગે;
કીર્તન કથામાથી કેમ ભાગે, ભક્તિ કર્યામાં શુ ઝાટકા વાગે
કેમ ગોથા ખાય ગમાર જીવ તું.
રડાની પાછળ જાય ઓલાવા, બોલે નહિં તેને ધાય બોલાવા,
ખોટના ખેલ ને ખામી ખોલાવા, દોડી મરે બાપનુ શુ છોલાવા.
ખટપટમા થા ન ખુવાર. જીવ તું.
નાત ને જાતતણા ઝગડામા, દોડી દોગા ન લેખા દગડામા,
વઠેલ વટકી ન ધા વગડામાં, રીગા તું રાક બની રગડા મા.
પ્રભુ રામ રીઝવ સરકાર જીવ તું.

પદ ૧૫૨ મું. રાગ પાંચાળી પ્રાણાધાર,

ત્રીકમ તારે તતકાળ, દુઃખમાથી
છોડાવે દીન દયાળ, દુઃખમાથી ટેક
આવે અલબેલો આપે, કર્મોનાં બંધન કાપે,
ભરતો દોડે છે ફાળ દુઃખ.
ન્હારે ન વાર કરનારો, ઝટ દયા દિલે ધરનારો;
ચટપટ લે છે સંભાળ દુઃખ.

હાથીને માટે દોડયો, ઝુડનાં બંધનથી છોડયો;
એવો હરિ છે કરૂણાળ. દુઃખ.
પ્રહલાદ પ્રતિજ્ઞા પાળી, સ્થંભે આવ્યા વનમાળી;
રઘુવર છે પુર્ણ રસાળ. દુઃખ.
કદી ભાવ કુભાવે ભજતા, સાધન સૌ ઉંધાં સજતાં;
તો પણ ત્રોડે જંજાળ. દુઃખ.
આળસથી નામો લેતાં, દંભેથી દાનો દેતા;
તેની પણ ઠારી ઝાળ. દુઃખ.
પાપીના પાપો બાળે, ઢોંગીના ઢોંગો ઢાળે,
મોહન મહિમા મરમાળ. દુઃખ.
પ્રભુ રામ રંગમા ભીજા, જગ પીંજણમાં નહીં પીંજા;
છે બાનાંનો રખવાળ. દુઃખ.

પદ ૧૫૩ મું. રાગ સદર.

આપે વિશ્રાતિ રામ, ભજ ભાવે
વંઠીને થા મા વામ, ભજ ભાવે. ટેક.
નિશદિન ભ્રમમા ઘેરા માં, ભર પણ ડુબમા વેરા મા
ફેરામાં ખો માં ફામ. ભજ ભાવે.
ઇંદ્રિયો આધી તાણે, તું ચેત ચેત જડ ટાણે;
માણે શુ રાખી મામ. ભજ ભાવે.
મનનુ કર તું ઠેકાણુ, મન ગોળામા છે કાણુ;
કરી દે તું બંધ તમામ ભજ ભાવે.
આ દુઃસહ દાહ છે લાગ્યો, બચસે જે જીવડો જાગ્યો;
મરશે જો રાખી હામ. ભજ ભાવે.
ગાયોને ગોપ બચાવ્યા, આનંદે સગ નચાવ્યાં;
આપ્યો અધિકો આરામ. ભજ ભાવે.
મનવાછિત કામો થાશે, ત્રિગુણાતિત તે થઇ જાશે,
ભજશે ભાવે ઘનશ્યામ. ભજ ભાવે.
ખટપટ મુકી દે મનની, ચળવળ છોડી દે ધનની;

તજી લોભ ક્રોધ ને કામ. ભજ ભાવે.
પ્રભુરામ નામ પરવારી. જા જા, જા માં જીવ હારી;
થા માં મૂરખનો જામ. ભજ ભાવે.

પદ ૧૫૪ મુ. રાગ સદર.

સમજુને સુખ શ્રીકાર, સમજણુમા;
મૂરખને મન વિકાર, સમજણુમા. ટેક.
સમજે તે શાંતિ પામે. મનમા શીતળતા જામે;
ઝટપટ તું દુઃખ વિસાર. સમજણુમા૦
ચરૂમા ઉતરાય ન પાપી, ચોખો જોવાયે ચાપી;
તેમ કરી લે મન વિચાર. સમજણુમા૦
સાગર આખો કા ડોહોળે, નાહી લે પાણી ઓહોળે;
અંતર શત્રુ વિદાર. સમજણુમા૦
પ્રભુરામ ભજી લે ભાવે, ચઢી જા ભક્તિરૂપ નાવે,
ભજનામૃત રસ વિસ્તાર. સમજણુમાં૦

પદ ૧૫૫ મું. રાગ ઓધવજી સદેશો કહેજો શામને.

સર્વ સ્થળે નહિં સ્નેહ સમાન રહી શકે,
જ્યાં ત્યા મનડું એક થડે બધાય જો,
વિલાસીયાંની ટેક નહી જ કદી ટકે,
ઠામે ઠામે વગદાં વિણુવા જાય જો. સર્વ.
નારી જાત સમાન જગતમા સહુ કહે,
માતા સ્ત્રી પુત્રી ભગિની વિવેક જો;
પ્રીત કહો શી પેરે સરખી ત્યાં રહે,
ન્યાય અદલ તું મનવા કરજે નેક જો. સર્વ.
સરખું અન્ન ગણાયે સઘળુ હોય તે,
ઢેઢતણુ નહી બ્રાહ્મણુથી જ ખવાય જો;
સાચું સમજે સીધી નજરે જોય તે,
નહીં તો મગ મટકાં ભેળાં જ ચવાય જો. સર્વ.

પતિવ્રતાની પ્રીતિ પિયુમા જેમ છે,
બીજા નરને નિરખે નારીરૂપ જો.
પ્રેમી જન પરમેશ્વર પ્રત્યે તેમ છે,
પ્રેમ નામ વ્યભિચારવિષે છે ચુપ જો. સ૦.
ખુટલ સ્ત્રીને સ્વામી તે શાને ચહે,
અન્ય પુરૂષપર જેને જબરો પ્યાર જો,
હરિ પણ એ અપનાન કદાપિ ના સહે,
વ્યભિચારીના કરે નહિં દરકાર જો સર્વ
તે માટે એકાતિક ભક્તિ આદરો,
પ્રસન્ન થાશે પ્રીતેથી પ્રભુ રામ જો.
એક ટેક સુનેકે ચડવો દાદરો,
આવે સામો મળવા દોડી શ્યામ જો સર્વ.

પદ ૧૫૬ મું. રાગ સદર.

હે માધવ ! મનસૂબો ફાટ્યો ફદમા,
હુકમો તારા ત્રોડે તુંડ મિજાજ જો,
કામી કાછડ છૂટો ભમે કુચ્છદમા,
આજ્ઞા ધરવા રોજ રહે નારાજ જો, હે ! માધવ
બેદીલ થઇ બેઠો બોઘો બાટો બડો,
બધાવા બધીખાનામા ધાય જો,
ધધ કરે ગધારા ધારે ના ધડો,
રગડાવા રડાની પાછળ જાય જો. હે ! માધવ.
જે કામો કરવા મોકલીયો તેં હરી,
કરતા નથી તે કામ લેશ પણ મૂઢજો,
દુશ્મન સાથે મળી ગયો સધી કરી,
ફરમાનો ભૂલ્યે જે તારા ગુઢજો; હે ! માધવ
દસ સરદારો સૂબા સાથે ખુટીયા,
દરવાણી પર લેશ મળે નહી દાબજો,
દરવાજાના તાળા તેથી તુટીયા,

લશ્કર સઘળુ લજવે ધણીની રાખજો, હે ! માધવ.
ફરેબમા ફસણ્યો મુજને માને નહીં,
દગાબાજ શીરતાજ બની છે ફોજ જો,
દેશ લુટાણો લાજ ન કોની રહી અહી,
મોહરાજ ! શત્રુ માણે છે મોજ જો, હે ! માધવ
રૂકો લખ લક્ષ્મીવર સૂબા ઉપરે,
કબજે કર ઝટ વેળા વીતે નાથ જો,
નહિ તો તેડાવી લે મને હજુરે હવે,
રામ પ્રભુ જન રાખી લે સગાથ જો, હે ! માધવ

પદ ૧૫૭ મું. રાગ સદર.

હે ! દીનબધુ દૂર ન કરજો રાકને,
બાજી મ્હારી સઘળી તારે હાથ જો;
ગુન્હા ન ગણુજે નહિ લેખવજે વાંકને,
શ્રીવર સ્નેહે સ્હાજે મારો હાથજો, હે !
સુધાર તો સુધરે બાજી મ્હારી બધી,
બગાડ તો બગડે નહિ વાર લગાર જો,
શક્તિ તુજ પાસે નથી પાપ ગયાં વધી,
પાપ શાપ સંતાપ કાપ ધરી પ્યાર જો. હે !
ઉદાસ જો તું થા તો હોડી ડૂબશે,
ભરેલ નિરમ પથરા પાપ અપાર જો.
ઉધારવાને નવ ધારે તું હુબ શે ?
ઝટ દેખાડી દે ભવજળનો પાર જો. હે !
છાતીપર પ્હાણા બાંધી હું તો પડયો,
એકે રીતે તરવાનો ન ઉપાય જો,
ભવસાગરના ભાઠામાં આવી ભડયો,
કેવળ કૃષ્ણ કૃપાએ તરી જવાય જો, હે !
કર્મ, ધર્મ કે શર્મ મળે નહીં મુજને,
એક જ તારી દયાતણો આધાર જો;

વારે વારે વિનવું વ્હાલા તુજને,
ભવમાં ભટકી ખાધા ઝાઝા માર જો. હે
વિચાર આપો આનુ તારૂ બુડશે,
ઘટશે મહિમા નામતણો હે નાથ જો;
કાળ કરાળ હરી જો મુજને ગુડશે,
પ્રભુરામ કો ર્‍હાશે તારો સાથ જો. હે !

પદ ૧૫૮ મું. રાગ સદર.

રાજદ્વારે રાડ કરૂં છું કયારનો,
સાંભળતા નથી શા માટે હે શ્યામ જો;
માયાના મૂખમાંહે પડીયો ત્યારનો,
દરબારે પોકાર કરૂં છુ રામ જો. રાજ૦
સેન વછુટયું મોહરાજનું સામટું,
રંજાડે રૈયતને હે રઘુવીર જો,
આરત નાદે અવિનાશી હું તો રટું,
શા કાજે ધારીને બેઠા ધીર જો. રાજ૦
તે પાપી તો પજવે છે પ્યારી પ્રજા,
પ્રાણ નિકળશે જો જોશો નહિં આપ જો;
ઝટપટ દોડો દુષ્ટોને દેવા સજા,
શત્રુના શીર ઉપર કરજો કાપ જો. રાજ૦
દેશે ઉજાડે દેવ ! તમારો દેખજો,
વાર ન કરશો વ્હાર કર્યામાં પ્રાણ જે,
પ્રાણ નિકળશે પલમાં પ્યારા પેખજો,
જોર કરી જબરૂં કરી દઉં છું જાણ જો. રાજ૦
કળિમાં કષ્ટ અપાર પડે પ્રાણી પરે,
પડે દુઃકાળો દારૂણ દુઃખ દેનાર જો;
રડવડતા રઝળે જીવડા જોજો હરે !
તમ વિણ નહીં કો તેની શુદ્ધ લેનાર જો. રાજ૦

ભૂખ દુઃખમા ભટકે દાસ દયાનિધિ,
વિઠલવર વેગે લેજો સંભાળ જો;
કષ્ટહરણ કરવા ધાજો કરૂણાનિધિ,
પ્રભુ રામ છું ખાસ તમારૂં બાળ જો રાજ-

પદ ૧૫૯ મુ. રાગ સદર.

દીન વત્સલ દીન એવો કયારે દેખશું,
ઠરશું ઠામે વરશું દીન દયાળ જો;
મૃગ જળવત્ જગ માની મિથ્યા લેખશું,
ફરશું જાણી ખોટી જગ જંજાળ જો. દીન.
યથાલાભ સંતોષ ગણી મન રાચશું,
મુકી મમતા મનની થશુ અસંગ જો,
હરિગુરૂ સંતચરણમાં સ્નેહે નાચશુ,
જયા ત્યાં કરશું સંત પુરૂષનો સંગ જો. દીન.

પરહીત પર પ્રીતિ પૂરી મનમાં થશે;
જાશે ઝેરી દ્વેષ દંભનો ભાવ જો;
સત સ્વભાવ અસંત મટીને થઇ જશે,
રમશે મનડું રામ રંગના દાવ જો. દીન.

દેવાની ઇચ્છા અંતરમાં વ્યાપશે,
કંગાલોના કરશું કષ્ટો દૂર જો;
ગમશે નહીં કોઇ કોટી ધન કદી આપશે,
પ્રેમ ભભુકશે દિલડામાં ભરપૂર જો. દીન

કઠણ વચન કહેવાની રીતી છોડશું,
વાણી કડવી સાંભળશું ધરી પ્યાર જો;
માન રહિત અપમાનો ખમવા દોડશું,
અપકારી જનનો ગણશુ આભાર જો. દીન
ગુણ અવગુણ દેખાશે સરખાં રૂપમાં.
છુટી જાશે દેહતણું અભિમાન જો;

સમદૃષ્ટિ થાશે રંકો ને ભૂપમા,
ધરશું પ્રભુ શ્રીરામ તમારૂં ધ્યાન જો. હીન

પદ ૧૬૦ મું. રાગ સદર.

માન સરોવર ના હે! હસતા હંસલા,
મોંઘા મોતી ચારાના ચરનાર જો,
ડાબર ડોહોળું જળ ડોહોળે કા હંસલા,
ખાનવિના ને પાનવિના મરનાર જો. માન
હંસ સખા સારા તારા સર હંસલા,
મિત્રો સંગે મસ્તીમા રમનાર જો;
મીન મિત્રો કરી મોહ ધરે કાં હંસલા,
મચ્છો સંગે સ્વાર્થ નથી સરનાર જો માન
દિવ્યતટે કા કનક રેત તજી હસલા,
શેવાળે શુ લાભ કહે મળનાર જો;
મરકત નણી તળ ત્યાગ કરીને હસલા,
કાદવ કીચડમાં કા થા કળનાર જો માન
જાતિ સ્વભાવ ભુલ્યો શાને પ્રિય હંસલા,
હંસ મટી શે ? બકરૂપે ફરનાર જો:
રામ નામ મુક્તા અણુમોલાં હસલા,
શોધી ચર પ્રભુ સરતટ થા ઠરનાર જો. માન

પદ ૧૬૧ મું. રાગ સદર.

વિનવ્યાવિણુ આપે વિશ્વંભર સર્વને,
વિનવવાની જરૂર નથી તલભાર જો;
અંતરજામી જાણે છે શુભ પર્વને,
કદી ન રાખે ભક્તિ કરજનો ભાર જો વિનવ્યા
જાણે તેર શીખવવા ત્રણુ તેને વૃથા,
સમો સમજવા શક્તિવાળા શ્યામ જો;
ઢાણુ સાચવવાની પાડી છે પૃથા,

કરે અન્યથા એવા નહિ શ્રી રામ જો. વિન૦ધ્યા.

જ્યારે જ્યારે ભીડ પડે ભકતો પરે,
ભાંગી નાખે પહોચી પ્રીતે પાસ જો;
એહ સુજાણ શ્રીવરને જાચે શુ અરે,
વ્યાજ શીખે વાઝ્યાની રીતી ખાસ જો વિન૦ધ્યા.

વિનવણી વાહુલને કરવી નહિં કદા,
વાટ નથી જોતા અરજીની છેક જે,
જીવડા કરને તારી ફરજો તુ અદા,
તે તૈયાર ઉભો નીભાવા ટેક જો. વિન૦ધ્યા.

જો વિચારી કયાં ટાણુ જાતુ કર્યું,
એક બતાવી દે દ્રષ્ટાત જરાક જો,
આજીજી અર્થે કદી આળસ ના ધર્યું,
તક જાણી ત્રેવડ કરવા ચાલાક જો. વિન૦ધ્યા.

ભરૂસો ભારે રાખી કરૂણા કદનો,
સ્મરણ કરી લે શરણ ગૃહી લે આજ જો;
દ્દઢ વિશ્વાસી જીવ થા કોશલ ચદ નો,
પ્રભુરામનું બાનું ધરીને ગાજ જો. વિન૦ધ્યા.

પદ ૧૬૨ મું. રાગ મળ્યો મનુષ જન્મ અવતાર માંડ.

જીવ કરી લેને શુભ કામ, અવસર વીતે
ભટકે કાં ભીડી હામ, ભુંડી ભીંતે
ધર કાને વાત હજામ, રૂડી રીતે
ઝટ પ્રસન્ન કરી લે રામ તો જગ જીતે,
ભક્તિ રસ ભાવે ચાખ. ટેક.

નીર વહી જાયે જો વહાલા, બાધ પાળ ઝટ ભાઇ;
પાછળથી પસ્તાવો કરતા, હાથ ન આવે કાંઈ.
ન ચેત્યો ચિત્તે. જીવ.
ખેતર પાકયું સારી પેઠે, ગયા પંખી કણ ખાઈ,

ત્યાં સુધી ઉઘાડયાં નહી કાં, પછી રહ્યો પસ્તાઇ.
ભટકયો ભીંતે. જીવ.

જોતા જુવાની ચાલી જાશે, એમાં નથી નવાઇ;
વૃદ્ધપણામા લેશ ન બનશે, મગજે રાખ ન રાઇ.
ખોટી નીતે. જીવ.

અગ્નિ ઝાળ સમ હોઈ ઝપાટો, જરા ભેટશે ધાઇ,
ટોટો કાળ પકડશે ત્યારે, ચાલે નહી ભવાઇ.
સમજ તું હીતે. જીવ

રામ ભજ્યા વણુ ગઇ જીંદગી, ધુળ બધી જ ધમાઇ,
ભૂલ્યો ત્યાંથી ફરી ગણીને, તજી દે તું અધમાઈ
હર ભજ પ્રીતે. જીવ

પ્રભુ રામ રટ પ્રેમ ધરીને, જા માં જીવ ભમાઈ;
ભાવ થકી તું હાથ કરી લે, રઘુવર નામ કમાઈ.
ગોવિંદ ગીતે જીવ.

પદ ૧૬૩ મું. રાગ સહર.

રઘુનંદન સીતારામ, વિશ્વ વિહારી
પરમેશ્વર પુરણુ કામ, હે અવિકારી
હું બુરો છું બળધામ, લ્યો નિસ્તારી
કઇ રીતે કરૂં ઘનશ્યામ, વિનતિ તમારી
દળી દેજો દોષ દયાળ. ટેક.

અઘ અવગુણનો ઉદધિ હું છુ, અનઘ આપનું નામ;
સાંભળતા ભયથી ભાગું છું, લેશ નથી આરામ,
જાઉં હારી. રઘુ.

પરદુઃખ સુખી દુઃખી પર સુખથી, ઉંધાં મારાં કામ,
દેખી પરની વિપત્તિ વ્હાલા, જાણુ મળિયાં ગામ;
ટેવ નઠારી. રઘુ.

બળું સંપતિ પરની દેખી, આગવિના હું સુદામ,

જ્ઞાનમાનને આગળ કરીને, કરૂં કજીયાની હામ.

વ્હાલી નારી. રઘુ૦

અથાગ પાપતણો છું દરિયો, જાણું પણ સુખધામ;

જળબીંદુ સમ પાપ બીજાનાં, જોઈ લઉં છું વામ.

ભુંડો ભારી. રઘુ૦

રજ સમ પરઅવગુણ તેનો હું, મેરૂ કરૂં હરામ;

મેરૂ સમ પરગુણ ધીકારૂં, મોટો મૂઢ હજામ.

વૃત્તિ ન સારી. રઘુ૦

વિધવિધ વેષ ધરીને ધુતું, પરધન છું મળધામ;

અડોલ મનથી પળ પણ પ્યારા, નથી જપતો શ્રીરામ.

છું અવિચારી રઘુ૦

પરદુઃખ દુઃખી સુખી પરસુખમાં, એવા સંત તમામ;

તે પર ભાવ નહીં ધરતો હું, માયામાં જ મુકામ.

વલોવું વારી. રઘુ૦

મારાં કર્મ જુઓ તો કોડો, કલ્પે નથી વિરામ;

દાસ પ્રભુ પોતાનો જાણી, બચાવજો સિયરામ.

લેજો તારી. રઘુ૦

પદ ૧૧૪ મું. રાગ સહર.

હું શરણ થતાં શ્રીરામ, લાજી મરતો,
મે કીધા અવળાં કામ, સ્થિર ન ઠરતો;
હજુએ છે વૃત્તિ વામ, તોય ન ડરતો,
બચવા બાનું તુજ નામ, ભવ ભય હરતો.
રઘુવર કર વ્હેલી વ્હાર. ટેક.

સર્વભૂતમાં હરિ વસે છે, જાણું છું જગ નાથ,
તોપણ હૈયે હેત ધરીને, નથી નમાવ્યુ માથ;
ફંદે ફરતો. હું.

જુવાન સ્ત્રી પરધન જો દેખુ, વૃત્તિ ત્યાં લલચાય,

પતંગ પેઠે પડતાં બળતાં, પણ મન નવ કચવાય;
નથી થરથરતો હું.
કથા તમારી સાંભળવામાં, નથી દેવાતા કાન,
પરનિંદા સુણવામાં પ્રીતિ, નિશદિન રહે છે ધ્યાન;
જાચુ જર તો. હું
પર અપવાદે જન્મ ગુમાવ્યો, મેંડકસમ હું મૂઢ,
જીભે ગુણ નવ તારા ગાયા, તત્વ વિચારી ગુઢ;
ત્રોડી શરતો હું
કામાદિ ખળમંડળ કેરૂં, મુજ મનમાં જ મુકામ,
વસે રામ રૂદિયામાં એવી, વાતો બકું હરામ;
મન ના ધરતો. હું.
નરતન દેવોને દુર્લભ છે, જે સાધનનું ધામ,
હાય ! ગુમાવ્યું આપે બનીયો, હું મૂરખનો જામ;
વિશ્વંભર તો. હું.
સુધા ભરેલું પાત્ર કનકનું, ઢોળી નાંખ્યું મેં ખાસ,
પ્રભુરામ દીનદયાળ બાંને, છે બચવાની આશ;
કરજે તરતો. હું

પદ ૧૬૫ મું. રાગ સદર.

રૂખડ રોળાયો રાખ, ભર શું ખોબા;
તારી ઉડી જાશે ખાખ, થા મન તોબા,
સત્સગનો રસ તું ચાખ, ડુક્કર ડોબા;
રઝળુ રઝળ્યો શું રાન. રૂખડ૦
આચાર વિચાર કરમને ગોટે, મિથ્યા મર્ય શું મૂઢ;
જા જા જા સંતોને શરણે, તત્ત્વ વિચારે ગુઢ
ચતુર થા ચોબા. રૂખડ૦
જાળ વિશાળ કરાળ કાળની, કાપે સંત સુજાણ;
શરણ હરણ છે સૌ દુઃખોનું, માન્ય વચન પ્રમાણ
શુ આવે ઝોબા. રૂખડ૦

સંત ચરણ રજ અંજન સારૂં, નેત્રાનંદ મંદાર,
ત્યાગી વિષયરસ વિષ તું ભર્યાં મા, ફુટે આંખ નિરધાર.
ધુળના ધોબા. રૂખડ૦
માર મરણનો વસમો વહાલા, સહેવાશે નહિં વીર;
શીર સપાટા પડશે ત્યારે, ધારણ ન રહે ધીર.
પડશે ધોબા રૂખડ૦
સત કૃપામૃત પી લે મુરખ, આખર મોત નિદાન;
દાસ પ્રભુ હરિ સંત કૃપાથી, દે દીનોને દાન.
ગંડુ ગોબા. રૂખડ૦

પદ ૧૬૬ મું. રાગ સહર.

લખ ચોરાશી ફરનાર, દીલના ભોળા,
તુ સમજ સમજ મન સાર, કુળના ઓળા;
તુ ભજ ભાવે ભયહાર, મનના મોળા, જરી રટ રટ
રામ કૃપાળ લખ.
કરોળીયે નિજ જાળ પ્રસારી, ફાંસી ખાધી આપ,
તેમ તારી આ જાળ અકારી, આપે અતિ પરિતાપ,
ડાહાપણ ડહોળા. લખ.
કોશીટાનો કીડો નિજના, તંતુમાં મુઝાય,
તારા અતરને અજ્ઞાને, અમથો તુ ભુજાય;
ચોળંચોળા. લખ.
હડબડતો હરડાય હઠીલા, હાર્યો નહીં તું હામ,
હાશ કરી નહીં દેખે શાને, સુત વિત ધરણીધામ;
ટણકના ટોળા લખ
મન માન્યુ કર્યું શું મદમાતા, માન ઘટયું મૂખ લાત,
વાગી પણ ભાગી નહીં ભ્રમણા, લીધી ન મૂકે વાત,
ગપના ગોળા. લખ.
રામ નામ રંગમાં રંગાવા, હરિજન હાટે જાય,

દાસ પ્રભુ હરિ રામકૃપાથી, કારજ સરવે થાય;
બાકમ ઝોળા. લખ.

પદ ૧૧૭ મું. રાગ સદર.

રખડુ રખડયો રણ માંહી, રોબડ રોંચા,
આવ્યો અમથો શું આંહી, ઓઘડ મોચા;
બોથડ સાહે કો બાંહી, બંગઠ બોચા,
હડ હડ શું થાય હરામ રખડુ૦

કામ નકામાં કામી કરતાં, કોડા થા શું અંધ;
ભાંડ કુભાંડ ભવૈયા ભારી, ભુંડા કર માં ધંધ.
રૂઢ રડોચા. રખડુ૦

ખટક ખરી ખટકે પણ અટકે, લટકે તું લેવાયઃ
આભડછટમાં આયુષ તારી, આ જો એળે જાય.
મનના પોચા. રખડુ૦

માન ધર્યું મન માન મટયું નહિં, અંતરમાં અભિમાન;
સાન ભાન સન્માન મળે નહિં, આવે શું વિમાન.
વાળ્યા લોચા. રખડુ૦

સારૂં અમારૂં તારૂં નઠારૂં, બુદ્ધ અમે તું અબુદ્ધ;
તારૂં તે મારૂં મારૂં તે મારૂં, કરતાં ગઈ છે શુદ્ધ.
ખોળ્યા ખોંચા. રખડુ૦

સુત ગયો ને વિત્ત ગયું વળી, ગઇ ગુણી ઘર નાર;
માત પિતાનું હેત ગયું ગઇ, બુદ્ધિ દુઃખ હરનાર.
વાળ્યા ટોચા. રખડુ૦

હાય ! હરામી હીરલો હાર્યો, હૈડે શું હરખાય;
પ્રભુ રખવાળી રામ કરે જો, સાચો સ્નેહ રખાય.
સુગલા શોચ્યા રખડુ૦

પદ ૧૬૮ મું. રાગ સહર.

કુડ કપટી કીધા કામ, ચાળ્યા કુચ્ચા,
ભોગી ભાળ્યાં બહુ ભામ, ચુગલા ચુંચા;
ભાવે ભજ સીતારામ, લપટ લુચ્ચા, મન માન માન
તજી માન. કુડ. ટેક.

ભવાટવીની ભ્રમણા ભારે, ચકરી ચડે ચમાર,
આટવીચે અટવાઇ મરીને, ખા કા અધવચ માર
શુ ગોટે ઘુચા. કુડ.

માર પડયા પડતાને પડશે, પણ મન મોટું થાય,
મોટપણામાં ખોટ ખરી છે, છોટે મોટું થાય,
ન વાળો ડુચ્ચા. કુડ

નાનાને નવરાશ ઘણી છે, અંતર નહી ઉકળાટ,
બચપણનો જો બોધ વિચારી, મનમાં નહી કકળાટ,
બાળક લુચ્ચા. કુડ

પ્રભુ પ્રભુતા પંડેથી કાઢી, લઘુતામાં મન લાગ,
રામ શરણનો કિંકર થાતો, આપે ઉઘડે ભાગ;
ખર શુ ખુચ્ચા. કુડ.

પદ ૧૬૯ મું. રાગ લાવણી. (આદિત્ય હૃદય)

રણાંગણે રાવણની સામે, રામ ઉભા શર ચાપ ધરી,
મુની અગસ્ત્યે ત્યા આવીને, રઘુવરથી વાણી ઉચરી. રણાં.
રામ ! રામ ! હે મહાબાહુ આ, ગુહ્ય સનાતન આજ કહુ;
સાંભળ વત્સ જે જ્ઞાન ગુહ્યથી, શત્રુ જીતાશેજ સહુ; રણાં.
પુણ્યવાન આદિત્ય હૃદય આ, શત્રૂ વિનાશક જયપ્રદ છે,
જપ કરનારો શ્રેય પામશે, મંગળમાં મંગળપ્રદ છે. રણાં.
પાપ વિદારક ચિંતાહારક, આયુષવર્ધક સ્તોત્ર અતિ,
રશ્મીરૂપ જે ઉદયસ્વરૂપી—ને ભજવા કર વિમળ મતિ; રણાં.
દેવ અસુરોથી વંદાતા, ભાસ્કર ભુવનેશ્વર ભારી;
વિવસ્વાન જે દેવ દયાળુ, પૂજા તેની કર સારી; રણાં.

સર્વ દેવના આત્મા તે છે, તેજસ્વી રશ્મીવાળા,
કિરણવડે દેવા સુરગણ, લોકોને પાળે કરૂણાળા; રણું.
બ્રહ્મા' વિષ્ણુ શિવ વાયુને, સ્કંદ, કાળ, યમ, પ્રજાપતિ;
ધનદ, મહેન્દ્ર, વરૂણ ને પિતૃ, સોમ, સાધ્ય, વસુ એની કૃતિ રણું.
મરૂત, અગ્નિ, અશ્વનિકુમારો, મનુ, પ્રજા, રૂતુ, કર તે છે;
પ્રાણ, પ્રભા સહુ એની શક્તિ, અખિલ વિશ્વ કારણ એ છે, રણું.
સવિતા, સૂર્ય, પુષા, ખગ, ભાનુ, હિરણ્યરેત, દિવાકર તે,
ગભસ્તિમાન, મરીચી, શંભુ, સુવર્ણ જેવા, ત્વષ્ટા તે; રણું.
એ આદિત્ય, સહાસ્રાવર્ચિ, સપ્તપતિ, માર્તંડ ખરા,
તિમિરમથન, હરિદક્ષ, રવી છે, અંશુમાન, ધરનાર ધરા, રણું.
શિશિરતપન ને હિરણ્યગર્ભ, દિતિપુત્ર, શંખ, અહકર, આપે;
રૂગ, યજુ સામે પાર ગયેલા, વ્યોમનાથ તે તમ કાપે, રણું.
ધન, વૃષ્ટિ, જળ, મિત્ર, આતપી, વિંધ્યવિથીના વાનર છે;
શીશીરનાશક, મૃત્યુ, મંડલી, પિંગળ, વિશ્વ, કવી નર છે; રણું.
સર્વતાપ કર, સર્વ ભવોદ્ભવ, મહાતેજ, નક્ષત્રપતિ;
તારાપતિ ને વિશ્વવિભાવન, એ નામોથી કીર્ત્તિ છતી, રણું
તેજવાનમાં તે તેજસ્વી, બારમ સરૂપ શુભરીતે;
સૂર્યનારાયણ, પદમાં પ્રેમે, નમન કરૂં પૂરી પ્રીતે, રણું.
નમન કરૂં ઉદયાચળ ને, અસ્તાચળ, તારા, દિશા, પતી,
હરિદશ્વ ને જય, જયાપ્રદ, નમું ચરણમાં રાખી રતી; રણું.
સહસ્ર અશી, નમન કરૂં છું, નમસ્કાર આદિત્ય, કરૂં;
ઉગ્ર, વીર, સારંગ, નમુ છુ, કમળ વિકાશક, ચિત્તે ધરૂં; રણું.
અચ્યુત, ઇશ, ઇંશાન, નમન છે, પ્રચંડ, બ્રહ્મા, સૂર, નમું
આદિતવર્ચસ, ભાસ્વત, ભારે, રૂદ્રવપુ, પદમાં પ્રણમું; રણું.
નમું તમનાશક, હીમવિનાશક, શત્રુટાળક, સહુ ભક્ષી;
નમુ અમિતાત્મા, દેવ દયાધન, તારાપતિ, પદમાં લક્ષી; રણું.
કૃતઘ્નાશક, રૂચીર, હરી ને, નમું વિશ્વકર્મા કોડે,
તપેલ સોનાવર્ણા સ્વામી, લોક સાક્ષી નમું કરજોડે; રણું.
ઉત્પત્તિ પાલન લય કરનારા, સહુ ભૂતોના જે સ્વામી,
તપાવનારા, વૃષ્ટિકારક, બ્રહ્માડોમાં બહુનામી; રણું.

જ્યારે ભૂતો સહુ ઉંઘે છે ત્યારે પોતે જાગે છે;
ભૂતમાત્રમાં વ્યાપેલા છે, વિશ્વવિષે અનુરાગે છે; રણું.
અગ્નિહોત્ર કરનારાઓનું, અગ્નિ હોત્ર ફળ તે તે છે;
દેવ ક્રતુ ને યજ્ઞતણું ફળ, સર્વ લોક પ્રભુ તે દે છે, રણું.
હે રાઘવ! વનમાં વિચરેલો, કે આપત્તિમા કોઇ પડયો;
ભયે ભરેલો દુખે દબેલો, વ્યાધિને ભાઠે જ ભડયો; રણું
સૂર્ય સ્તુતિ કરે એકવાર તો. દુ:ખ નવ પામે કોઇ કદી,
પ્રભુરામ ત્રણવારે સ્તવતાં, યુદ્ધે જીતાશે જ મહી, રણું.

પદ ૧૭૦ મુ. રાગ સદર.

હરિવર હાટે હોંશે આવી, વ્હોરો વસ્તુ વહાલ ધરી,
વણુ મુલ વસ્તુ મળશે આંહી, છૂટે ગાઠેથી ન જરી, હરિ.
કૃષ્ણુ નામનો કાટો ચાલે, કાન મળે નહીં એક રતી;
ત્રીકમ નામ તોલાં કૃપાળા, તોલ કરે છે વિમલ અતિ; હરિ.
સાકર સારંગ પાણિ ખગપતી નાથ ખાંડ ખાસી લેજો;
ગોકુળપતિ રૂપ ગોળ ગળ્યો છે, સ્વાદ જરા ચાખી કહેજો; હરિ.
ઘનશ્યામ નામનું ઘી રૂપાળુ, ઘઉલા ઘટ ઘટ વાસીના;
બળવંતો બાજરી થઇ બેઠા, મગ છે મથુરા વાસીના; હરિ.
ચતુર્ભુજ ચોખા, જાર જગજીવન, તુવર તારણુ હાર ધણી,
અલબેલોજી અડદ તે સારા, વસ્તુ શુ આપુ હું ગણી, હરિ.
ગણી ન ગણુાયે કહી ન કહેવાયે, જે જોઇએ તે સૌ મળશે;
ભાવ ધરીને હાટે આવે, આશા સૌ તેની ફળશે; હરિ.
જે પેઢીના માલિક મોટા, શામળશાહ શાહુકાર ખરા;
દાસ પ્રભુ દુકાને બેઠે, દુઃખ સૌ જાતા પરા પરાં, હરિ.

પદ ૧૭૧ મું. રાગ સદર.

નિરધન નાણુ રામ રૂપૈયો, રોક ઠોક કામે આવે;
નિશ્ચળ નક્કર ગર્થ તજીશું, વ્યર્થ મોહમાં મચકાવે; નિરધન.
ખરચ કરો ખાતેથી ખાસો, ખાતાં કદીએ નહી ખુટે;

ચોર ચાંચીયા ચોરે નહીં, તે લુંટારા કદી નવ લુંટે; નિરધન.
ભાર કરે નહિં સુખવાહક છે, રાજા કર કદી નહિં લેશે;
ભાગ ન માગે ભાઇઓ ભુંડા; હીસો નહિ કોનો લેશે, નિરધન.
જેમ જેમ ખરચો બમણું થાશે, ખોટ પડે નહીં ખાતામા;
ખાતું એ ખગવાહનનુ છે, કામ આવશે ભાતામાં; નિરધન.
ભાતું ભવસાગરની ખેપે, ખાંત કરીને ખાંધે ધરો;
પ્રભુ પ્રભુ પર કૃપા કરીને, રામરતન ધન ચિત્ત ભરો, નિરધન.

પદ ૧૭૨ મુ. (હું કદિ ખડકીયે ખડી ઝરૂખે ચડી એ લય.)

હું મંદ મદ બહુ ફંદ, દુઃખોના દ્વંદ, વિષયના છંદ, ભર્યા મન મારે
હે અધમઉધારણ નાથ, ચડો ઝટ વ્હારે. ટેક.
હું અંધ કીધા છે ધંધ, ત્રોડી સંબંધ, નમેના ફંધ ભરેલ વિકારે;
ગતિ મારી તો શુ થાય, રામ ધિક્કારે,
મેં કર્યો કુસંગી સંગ, ન નાહ્યો ગંગ, ચડયોના રંગ, ખુંચેલો
ખારે, હે
મનમાંહે ચડાવુ ચંગ, બાદલું નંગ, પડાવું ભંગ, ભજનમાં ભારે,
નવ માનું તમારો હાય જરી આભારે,
મારૂં દીલ થયું છે દંગ, મચાવું જંગ, મુકીને ઢગ, જરી નવ
હારે; હે.
મનના ત્રુટયા છે તંગ, વળ્યો છે ખંગ, ન છે જ અસંગ, બુડયાં
છે બારે, વંઠેલું વટકી ધાય, ડરે ન લગારે;
થઇને બેઠુ જ અપગ, ડુબેલ દુઃસંગ, તોય સત્સંગ, ન કરવા
ધારે; હે.
અંતરમાં જ્વાળ પ્રચંડ, પોષતો પંડ કરૂં છું બડ, ગળ્યો
સુતદારે, તમ વિણુ કો ત્રિભુવન રાય, વિપાક વિદારે,
બાનાપર ધારી હામ, હરી સુખ ધામ, પડયો પ્રભુરામ ચરણમાં
પ્યારે, હે.

પદ ૧૭૩ મું. રાગ લાવણી લંગડી.

ચોપટની બાજી રે, પટોપટ જો મરતા પાજી,
પાજીની પતરાજીથી કદી, રામ નથી રાજી; ચોપટની
રાજી રૂડા રામ રમાવા, રાખ રટણુ દીન રેન,
ચંચળતા ચિત્તની ચળશે, મનમાંહી વળશે ચેન; ચોપટની.
ચેન ચીત્તનાં અવળાં તજીને, કામ ક્રોધ રીપુ માર.
માર મારશે મમતા માયા, મળતાં જમને દ્વાર; ચોપટની.
જમને દ્વારે જાશો જ્યારે, થાશો ખરા ખુવાર.
વાર કરો નહીં વહાલા વેગે, ભજતાં હરી મુરાર; ચોપટની.
મુરાર મુરના અરી અંતરે, જો ન ધર્યો ચંડાળ.
ડાળ તુટી બેઠાની બોઘા, જાણે ખુંટચો કાળ; ચોપટની.
કાળ ઝપટમા જોવું શું ? એની ફાળ અતિ વિકાળ.
ટાળ ટાળ રે ટેવ નઠારી; કંઠે ધારી માળ; ચોપટની.
માળ તુળસી હાથ ધરીને, જપ જપ શ્રી ભગવાન.
વાન રહે નહીં એવો જ્યારે, જવું પડેજ મશાણુ; ચોપટની.

પદ ૧૭૪ મું. વ્હાલો મારો સાચાનો સંગાથી રામ--એ લય.

વેદોથી પાર ન આવે રામ, એવા છે સંતો:
નિર્ગુણને સગુણ બનાવે, રામ, એવા છે સંતો.
સુખનું સુખ સાચું સંતો, આનંદનો આનંદ સંતો,
સંતોષતણું મુળ સંતો, રામ. એવા.
મુક્તિની શાંતિ સતો, તૃપ્તિની તૃપ્તિ સંતો;
ધર્મોનું સ્થાનક સંતો, રામ. એવા.
ભક્તિનું ફળ તે સતો, પુન્યોનું ધામજ સંતો;
નિજ રૂપનું ઠામજ સંતો, રામ. એવા.
છે વિવેક નિધી સંતો; પીયર મુક્તિનું સંતો;
ઘર સમાધિ નું છે સંતો, રામ. એવા.
નિશ્ચયનો નિશ્ચય સંતો, કર્મોનું સાર્થક સંતો;

નિજ રૂપની પ્રાપ્તિ સંતો, રામ. એવા.
સાધનની સિદ્ધિ સંતો, નિયમોની નીષ્ટા સંતો;
ઈંદ્રિય નિગ્રહ પણ સંતો, રામ. એવા.
જગ સાર રૂપ છે સંતો, વિચાર સ્વરૂપ પણ સંતો;
આચાર પ્રતિમા સંતો, રામ. એવા.
મહિમાનો પાર ન સંતો, જગરામ રૂપ છે સંતો;
પ્રભુદાસ શરણુ છે સતો, રામ. એવા.

પદ ૧૭૫ મું રાગ સદર.

સ્તુતી ગર્ભે કરે ગોવિંદા રામ, ગભરામણ ભારે;
જગજીવન જ્યોતી વિંદા રામ, ગભરામણ ભારે. ટેક
ગળ ફાંસ પડયો ઘનશ્યામા, મુજ શ્વાસ રૂંધાયે રામા;
હરિ કેમ થતા નથી સામા, રામ, ગભ.
તન કઠણ બંધે બધાતું, જઠરા ઝાળે રંધાતું;
મળ મુત્ર ઘણુ ગંધાતું, રામ. ગભ.
નર્કોનાં દુઃખ બહુ ભુડાં, વેઠયાં કરી કર્મો કુડાં;
આ આગળ લાગે રૂડાં, રામ, ગભ.
ટાઢુ ઉનુ કે તીખું, મા ખાતી લાગે તીખું;
હરિ દયા તમારી ભીખું રામ, ગભ.
મારી હાલત અતિ અકારી, ગંધે આવેજ બકારી,
હરિ સમજો શું ? અવિકારી, રામ, ગભ.
રઘુવીર વહેલેરા દોડો, આ બંધીખાનું ત્રોડો,
પ્રભુ જનનાં બંધન છોડો રામ, ગભ.

પદ ૧૭૬ મું રાગ સદર.

જગજીવન જોત બુઝાણી રામ, પ્રકટાવો પ્રીતે,
તે તમથી નથી અજાણી રામ, પ્રકટાવો પ્રીતે. ટેક.
ગોવિંદા ઘી તો ખુટયું, વાટોનું સુતર ત્રુટયું;
દેવા ! દીવટીયું ફુટયું રામ, પ્રકટાવો.

ધી કરવા રીત ન જાણું, સાધન ના કંઈ સમજાણું.
હરિ! ખરાબ થાએ ખાણું, રામ, પ્રકટાવો.
કાંડી પેટી ખોવાણી, દીવી દુશ્મન ગયા તાણી;
શું કહું કરમની કાહાણી, રામ. પ્રકટાવો.
રૂ વીણુ વાટો નવ થાયે, તેનું સાધન નહીં સમજાયેં;
અંધારે મન મુંઝાયે, રામ. પ્રકટાવો.
વળી પાત્ર વિના નવ ચાલે, તે ખોટ ખરી મન સાલે,
હરિ! બેહાલ છું આ હાલે. રામ. પ્રકટાવો.
કહો કયાથી કાંડી લાવું, જેથી દીવો સળગાવું;
શું ઉપાયથી હું ફાવું, રામ. પ્રકટાવો.
દીવી ઘડવાની જુક્તિ, જાણું. નહિં છે ના શક્તિ;
કેમ દુઃખથી મળશે મુક્તિ, રામ પ્રકટાવો.
ઘનશ્યામ નામ ઘી સાચું, પુરૂષે.તમ પાત્રે રાચું;
કેશવ કાંડી ખરી જાચું રામ, પ્રકટાવો.

પદ ૧૭૭ મું રાગ સહર.

મારી ખેપ ગઇ છે ખાલી રામ, પરમેશ્વર પ્યારા;
મરતો માયામાં મહાલી રામ, પરમેશ્વર પ્યારા. ટેક.
જીભડીયે જપ નહીં કીધો, જગ જન્મ બગાડી દીધો;
અવળો મારગ મેં લીધો રામ, પરમેશ્વર.
નહીં દાન દીનોને દીધા, વચનામૃત પાન ન કીધાં;
મેં ઝેર હળાહળ પીધાં રામ, પરમેશ્વર.
ચરણે ચોરીમાં ચાલ્યો, તીરથ ગમ નાથ ન હાલ્યો,
મેં દાટ બહુ હરિ વાળ્યો રામ, પરમેશ્વર.
હરદમ હરિ નામ રટયો ના, મન મેલ જરીજ મટયો ના;
પ્રભુ રામ ચરણ લપટયો ના રામ, પરમેશ્વર.

પદ ૧૭૮ મું રાગ–સહર.

પરમેશ્વર પત્ર પઠાવું રામ, વાંચો વ્હાલ ધરી;

કરી કરૂણા દોષ હઠાવું રામ, વાંચો વ્હાલ ધરી. ટેક.
સ્વસ્તિ શ્રી અવિચળ ધામે, પરમાનંદને શુભ ઠામે,
હું બેઠી રહું ગુણુ ગ્રામે રામ. વાંચો.
ત્યાં વસતા નિગમ નિવાસી, ગુણુપર ગુણુમય અવિનાશી;
ત્રિગુણાત્મક વિશ્વ વિલાસી રામ, વાંચો.
શ્રીવર રઘુવર છો સ્વામી, પૂજ્યા લાયક બહુ નામી;
શામળિયા અંતર જામી રામ, વાંચો.
લખનાર અધર લટકે છે, જગ જંગલમાં ભટકે છે;
બહુ ફાટીને ફટકે છે, રામ. વાંચો.
વટકયાના જેને હેવા, તેને દેશ ગામ કહો કેવા;
સરખા મિતિ વારજ દેવા ! રામ. વાંચો.
જડ જીવ વસે છે જગમાં, ખાસી ગણુતી છે ઠગમાં;
પ્રભુ રોગી છું રગ રગમાં, રામ. વાંચો.
લખવાની રીત ન જાણું, નહિં છે મતિનું ઠેકાણું;
લીટાજ નકામા તાણું, રામ. વાંચો.
સુંદર વર સમજુ છો જી, ઝીણી વાતો સમજો જી;
પ્રભુ પ્રણામ પર મન દો જી, રામ. વાંચો.

પદ ૧૭૯ મું રાગ–સદર.

ફરગરતાં કાગળ લખતો, રામ, ધ્યાન દઈ વાંચો;
હરિનામ તમારૂં ઝંખતો, રામ, ધ્યાન દઇ વાંચો. ટેક.
શું કારણુથી તરછોડો, હરિ કાંકર કાંક પીછોડો;
મારાં બંધન કેમ ન છોડો, રામ. ધ્યાન.
ભલે વેદ કહે બેઉ સરખા, કયાં ઈંજીન ને કયાં ચરખા;
કયાં અગ્નિ અને કયાં તણુખા, રામ. ધ્યાન.
અંતર જામી છો મારા, અધવચ મેલો નહિં પ્યારા;
મેલો તો દોષ તમારા, રામ. ધ્યાન
કદી પ્રાણુ ભલે મમ ખૂટે, આયુષની દોરી ત્રુટે;
પણુ ભજન તમારૂં ન છૂટે, રામ. ધ્યાન.

તમે ભૂલો પણ નહિં ભૂલું, નહિં રટણ થવા દઉં લુલું;
કહી હઉંધું ખુલે ખુલું, રામ. ધ્યાન.
આ જન્મે નહિં તો બીજે, બીજે નહિ તો પછી ત્રીજે;
પ્રિય રામ મળીશું રીઝે, રામ ધ્યાન.
ચોપે ચરણે ચિત્ત ચોડી, સૌ તૃષ્ણા તંતુ ત્રોડી;
તુજ દ્વાર પડયો કર જોડી, રામ. ધ્યાન.
જગ આશા સૌ પરહરીને, નવ ગજના નમન કરીને;
પ્રભુરામ શરણુ હર હરિને, રામ. ધ્યાન.

પદ ૧૮૦ મું રાગ સદરે.

રઘુનંદન વાંચો હેતે, રામ, કાગળ આ મારો;
હરિ દયા કરો જીવ ચેતે, રામ, કાગળ આ મારો. ટેક.
ક્ષણમાં મળવા ઉચાટે, મન પાછું ચર્મો ચટે;
શું લખ્યું નથી લલ્લાટે, રામ. કાગળ.
ઇંદ્રિયો આઘો તાણે, મન ઠરવા હે ન ઠેકાણે;
ભટકી ભટકાવે પાહાણે, રામ. કાગળ.
બુદ્ધિ બગડી ને વઠી, અવળી ગાંઠો બહુ ગંઠી;
કંઠે નવ બાંધી કંઠી, રામ. કાગળ.
ચંચળ ચિત્ત ચાળે ચડતું, મને મારી મદે મચડતું;
કપટી કંટેજ કચડતું રામ કાગળ.
મારી કંગાલીના કાણો, શામળ શાહ શાને જાણો;
સહજાનંદે સુખ માણો, રામ. કાગળ.
મુજ ક્ષેમ કુશળ તમ હાથે, શ્રીવર રાખો સંગાથે;
કર કમળ મુકો મુજ માથે, રામ. કાગળ.
તમ રાગ થકી રખડાતો, તમ પ્રેમ થકી પછડાતો;
તુજ દયા વિના હબડાતો, રામ. કાગળ.
નિજ જનના પૂરો કોડો, ધરી દયા રઘુવીર દોડો;
પ્રભુ જનનાં દુઃખો ત્રોડો. રામ. કાગળ.

પદ ૧૮૧ મું રાગ સદર.

કરૂણાજી કૃપાથી વાંચો રામ, પત્ર લખું પ્યારા;
હેવી શું પડશે લાંચો રામ, પત્ર. ટેક.
મન મળવાને અકળાયે, અંધારે હરિ ન કળાયે;
કુવેથી નવ નીકળાયે, રામ, પત્ર લખું પ્યારા
મને આપ વિનાજ ગમે ના, અંતર પરિતાપ શમે ના;
કરતા હરિ કૃપા તમે ના, રામ પત્ર.
હુ તમથી ઝાઝો છેટો, કેમે કરી થાય ન ભેટો;
છું અકલ હિણો ઘેટો રામ, પત્ર.
મારાં કર્મ કઠણ બહુ ભારે, કચડાતો તેને ભારે;
હરિ સ્મરતો નથી આભારે, રામ. પત્ર.
વ્યાકુળતા મનને મારે, નથી વિનય વિચારો મારે;
મન હાય ભર્યું મદ મારે, રામ. પત્ર.
વસનારો હું દુર દેશે, ભટકું છું ભુંડે વેશે;
અટવાતો જાઉં ઠેસે રામ, પત્ર.
વૈરાગે નહિં રંગાણો, ઉંધે શીરે ટંગાણો;
ભય ભ્રમણામાં ભંગાણો, રામ. પત્ર
પ્રભુ પ્રાણ પતિ પ્રિય મારા, મમ નેત્ર તણા છો તારા;
રઘુવર ગુણ ગાઉં તમારા, રામ. પત્ર.

પદ ૧૮૨ મું રાગ સદર.

શઠતા શેઠાઇ છોડો શેઠ, સમજો તો સારૂં.
તમે અમથા શાને દોડો શેઠ, સમજો તો સારૂં. ટેક.
મર હોદે ઘોડા ગાડી, લટકાળી લાડી વાડી;
મૃત્યુની મોટી ખાડી, શેઠ. સમજો.
જાજમ ગાદી ને તકીયા, કોના છેવટ છે ટકીયા;
મોટપમાં મફતે છકીયા શેઠ. સમજો.
તમે ઝાઝા બાંધ્યા માળા, કરમાં લીધી નહીં માળા;

પંખી કરશે ત્યાં માળા શેઠ. સમજો.
લાખો લેખે ધન સંચો, જાચક જનને ઝટ વંચો;
એ ખોટો પડશે સંચો શેઠ. સમજો.
સુત દાગમાં શું માણો. એ ખરી નરકની ખાણો;
વિખરાશે તાણો વાણો શેઠ. સમજો.
રખડો રખવાયા પેઠે, જમરાજ પકડશે વેઠે;
નહીં ચાલે હુંડી પેઠે શેઠ સમજો.
ચાકરપર શી ચતુરાઇ, ફોકટની એ ફતુરાઇ;
જરી શાંત કરો અલુરાઇ શેઠ. સમજો.
તમ જેવા ચાલ્યા લાખો, વણુસાડોમાં ભવ આખો,
પ્રભુરામ રટણુ દ્દઢ રાખો શેઠ. સમજો.

પદ ૧૮૩ મુ રાગ કેદારો (રામનું રામનું રામનું રે એ લય.)

આકરો આકરો આકરો રે, પ્રેમી પંથ અમારો છે આકરો; ટેક.
ત્રણે ભુવનની તૃષ્ણા ભુડી, ફેંકી દેવી જેમ કાકરો રે; પ્રેમી.
રિદ્ધિ સિદ્ધિ બધી પાણી ભરે ત્યાં, દેવો બને છે ચાકરો રે; પ્રેમી.
નિજ શિર પહેલાં કાપી હાથે; શત્રુ પરે પછી ઘા કરો રે; પ્રેમી.
દુનિયામાં રહેવું પણુ માયા,-માંહે મુકામો ના કરો રે; પ્રેમી.
પ્રેમ સમાધિ શ્વાસો શ્વાસે, રઘુવર નામ રટયા કરો રે; પ્રેમી.
પ્રભુ મન રામ રટણુમાં રાખી, તન ધનને જાતાં કરો રે; પ્રેમી.

પદ ૧૮૪ મું રાગ સદર.

જઇશ માં જઇશ માં જઈશ માં રે, જુઠા જનની સંગે
જીવ જઇશમાં; ટેક
જુઠા જનનું જીવતર જુઠું, જુઠા જીવતર વાળો થઇશમાં જુઠા.
જુઠાં જનથી સ્નેહ કરી તું, જમને નોતરૂં દઇશમાં રે. જુઠા.
જુઠા જનનું નામ કહાપી, જીભે કરી જીવ લઈશ માં રે, જુઠા.
જુઠી જગ જંજાળ તજીને, ભાવના કર ઝટ ઈશમાં રે, જુઠા
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, શાને માથું કુટ ઈસમાં રે; જુઠા.

પદ ૧૮૪ મું રાગ દર.

જા ઈશ માં જાઇશ માં જા ઇશમાં રે, કહા કામીની સંગે
જાઇશ માં. ટેક.
કામી કામનીમાં છે અંધા, તેનો રાથી થાઇંશમાં રે. કહી.
કામની અંતે કામ ન આવે, નાહક ખત્તા ખાઇશમાંરે. કહી.
કામી કર્મ કરે છે કુડાં, તે ધંધે તું ધાઇશ માં રે, કહી.
વિષયી ગીતો ગાશે કામી, એવાં ગીત તું ગાઇશમાં રે. કહી.
મોહ મદીરા કામી પીએ છે, તે તું મનને પાઇંશમાંરે. કહી.
કામી નર્કનો પંથ બતાવે, તે મારગ તું સ્હાઇંશ માં રે. કહી
દાસ પ્રભુ મન ધીર ધરીને, રામને ભજતાં ટાઇશ માં રે. કહી

પદ ૧૮૬ મું રાગ સદર

માંકડું માંકડું માંકડું રે, કુદા કુદ કરે મન માંકડું; ટેક.
વિષય મદીરાથી મદ માતું, બની ફરે છે ફાંકડુ રે. કુદા.
અફીણીયાની પેઠે ભીખે, મૂઢ થઇને રાકડું રે; કુદા.
વય વધતાં વિષયોને લોભે, કૃપણ થયું છે સાંકડુ રે. કુદા.
અભિમાને વળ ખાઇ મરે છે, વળવાળું બહુ વાંકડુ રે, કુદા.
ફેલ ફતુરો ફોકટ મનમાં, શીર લોંઠાનું લાકડુ રે. કુદા.
લુંડાની લુંડાઈ ન ચાલે. આવશે જમનું પનાકડું રે; કુદા.
પ્રભુ મન ધર રઘુવરને ગર્લે, થઇ જા માં શઠ પાકડું રે, કુદા.

પદ ૧૮૭ મું રાગ સદર

માણુશે માણુશે માણુશે રે, મરજીવા જીવો રસ માણુશે. ટેક.
સંસારી જીવ કાંઇ ન સમજે, મિથ્યા તાંતણા તાણશેરે; મરજીવા.
બુટી સંજીવન ઘાટા વનમાં વિરલા જોગી કોઈ જાણુશેરે. મરજીવા.
જીવ સાટે ઉંડે જળ જાશે, તેજ સાચાં મોતી આણુશેરે; મરજીવા.
કઠે ફાંસોને આંખો ફુટી, ખાધાનો સ્વાદ શું પિછાણુશે મરજીવા.
નાદ સુણી શું બહેરો જાણે, અંધો શું આરશી વખાંણુશેરે, મરજીવા.

દાસ પ્રભુ પતિ રામને પંથે, જાશે તે પ્રેમ પ્રમાણુશેરે; મરજીવા.

પદ ૧૮૮ મું રાગ સદર

જોખમાં જોખમાં જોખમાં રે, કથા ટાણે તુ રીંગણાં જોખમાં; ટેક.
ઝોલા ખાતો નથી નારી સંગાથે, બેઠો રમે જ્યારે ગોખમાંરે. કથા.
ઉપરા ઉપરી ઉજાગરા કરતો, ભાંડ ભવૈયાના શોખમારે, કથા.
પ્યાલો સુધાનો સોનાનો મુકીને, મૂતર પીમાં તું બોખમાંરે. કથા.
રામ સમા વરરાજ તજીને, વરખરરાજને પોંખમાંરે; કથા.
કથા કીર્તને ઝોલા ખાધા તો, ખુલ્લા તારે કાજે દોખમાંરે. કથા.
ઉંઘ તજી પ્રભુ રામ ભજી લે, માથે છે જમનાં જોખમાંરે; કથા,

પદ ૧૮૯ મું. પ્રેમનો પ્યાલો પીજીયેજી એ લય.

આવશે એ અલબેલડો જી, અંતકાળે આનંદે. ટેક.
દુઃખીયાનાં દુઃખ નાખશે બાળી, છેલ છબીલો છેલડોજી, અંત.
ગુમાન ગંદુ દેશે ગાળી, ગરવો ગોવીંદો ઘેલડો જી. અંત.
નિજજનનાં મન નિર્મળ કરશે, ઉડાવશે રંગ મેલડો જી. અંત.
રહેમ કરવા રંકો ઉપર, આકરે ટાણે થશે વડોજી, અંત.
ગરીબને નહીં ગોંધી મારે, કહુછું વગડાવીને પડોજી, અંત
દીન પ્રભુ શ્રી રામને પ્યારો, બાનાનાં બાણુથી બળે લડોજી.
અંત.

પદ ૧૯૦ મુ. રાગ સદર.

રામ ચરીત રૂડાં વાંચીયેજી, શીદ થોથાં ઉથામો; ટેક.
રઘુવરના જશ, ગાવા મુકી, મિથ્યા ટાંચણાં
ન ટાંચીયેજી. શીદ.
કીર્તિ કેશવ, રાયની સારી, છોડી ન ખાંચા ખાંચીયેજી; શીદ.
ભય હર કેરૂં, ભજન તજીને, ભરીયે ન વડકાં
ડાચીયેજી. શીદ.
અહબક ફની, હરિહર ત્યાગી, જુઠા જન નવ જાચીયેજી; શીદ.

જુઠડા જગના, જન છે નીચા, હરાજ થાય કાં
લાંચીયે જી; શીદ.
દાસ પ્રભુ મન, ધીર ધરીને, રામ રતન ધન સાંચીયેજી. શીદ

પદ ૧૯૧ મું રાગ સદર.

જમડાથી જોર નહીં ચાલશેજી, ઝટ ઝડપી ઉપાડે; ટેક
સગા સહોદર, પાસે ઉભી, જોતાં રહેશે જમ ઝાલશેજી. ઝટ.
પાતળે ભલે, પેસી જાઓ, જમ ઘાણી માંહે ઘાલશેજી; ઝટ.
વૈદ ને સૈદને, સરજન ઝાઝા, ધંતર મંતર નહીં ચાલશેજી. ઝટ
ખમાં ખમાં જે, વ્હાલાં કહેતાં, તેજ મશાણે લઇ હાલશેજી; ઝટ.
વાલની વીંટી કાઢી લેશે, પાછળ કાંઇ નહિ આલશેજી. ઝટ.
પાપ કર્યા જે, પાપી પ્રૌઢાં, પત્રે પત્રે બધાં ફાલશેજી. ઝટ.
દાસ પ્રભુ મન, સાર જો સમજે, ભજતાં રામ સુખે મ્હાલશેજી. ઝટ.

પદ ૧૯૨ મું. રાગ સદર.

દાસ થવા ચહું આપનો જી, મન માયા મુઝાવે. ટેક.
કાળ કળીની સાહેબી ભારી, કીલ્લો ભારે છે ત્રિતાપનો જી મન.
ઇંદ્રિયોને છે વિષયો વ્હાલા, મારો ચલાવે સંતાપનો જી મન;
ઘેરી વળ્યા છે કર્મો યોદ્ધા, આવ્યો છે કાળ પરિતાપનો જી મન.
ગુણ સ્વભાવે ઘાણ કાઢયો છે, ખોલ્યો ખજાનો છે પાપનોજી, મન.
દશે દિશાથી હલ્લાં થાયે, વારો હવે છે વિલાપનો જી મન.
શત્રુ સામે ઉભો ઝુડું છું, બેટો છઉં જગબાપનો જી; મન.
બેલપ કરજો હે બળવંતા, ટંકારવ કરી ચાપનો જી. મન.
દાસ પ્રભુ છું રામ તમારો, મોટો આધાર નામ જાપનો જી; મન.

પદ ૧૯૩ મું. સહુ કોઇ ભાવે ભજો ભગવાનને રે; એલય.

મોહનાશક શાંતિ ચિતે ધરોરે, શુરા સંતની રાખો રીત,
વૃત્તિ અશાંતક આધી આધી કરો રે, ભડ ભૂલી ન જાવી
ભીત, શાંતિ બ્રહ્મ અનુભવ આપતી રે. ટેક.

ચંદ્ર રાત્રી તણો શણગાર છેરે, સૂર્ય દિવસનું છે રતન;
સુંદર સેજ ઘરેણું સુનાર છેરે, દેહ રત્ન ખરૂં નર તન. શાંતિ.
હરિદાસનું ભૂષણ ભક્તિ છેરે, ભક્તિનું તો ભુષણ જ્ઞાન;
જ્ઞાનનું ભૂષણ ધ્યાન આસક્તિ છેરે, ધ્યાન ભૂષણ છે
વિજ્ઞાન; શાંતિ.
નદી મધ્યે ગંગા મણિરૂપ છેરે, સહુ સાધનમાં મણિ ત્યાગ;
ત્યાગમાં મણી શાંતિસ્વરૂપ છેરે, એવો ત્યાગ ખરો
અનુરાગ. શાંતિ.
વિદ્યા રત્ન સભાનું પ્રસિદ્ધ છેરે, મેરૂ ગીરીવરમાં છે રત્ન;
સંયમ રત્ન સુશાંતિ તો સિધ છેરે, પામે પૂરો કરે જે
પ્રયત્ન. શાંતિ.
કળા રત્ન સુગાન ગણાય છેરે, રત્ન સેનાનું છે શુરવીર;
શાંતિ રત્ન તો શમનું જણાય છેરે, મેળવે જે બને પૂરો
ધીર. શાંતિ.
શુણવામાં સુરત્ન હરિ કથારે, ગાવામા સુરત્ન હરિજશ;
ઇંદ્રિય દમનમાં રત્ન શાંતિ તથા, પામે આનંદ જે કરે
વશ. શાંતિ.
ધર્મોમાં મણી શાંતિ એક છેરે, રઘુકુળ વિષે મણીરામ;
કર્મોમાં મણી શાંતિ છેક છેરે, હજારોમાં મણી રામ નામ. શાંતિ
એવી નિર્મળ શાંતિ જે મેળવે રે, સર્વ દુઃખતણી દમનાર,
સુંદર પ્રમ નિધિમાં ભેળવેરે, બધા કલેશતણી શમનાર. શાંતિ.
ત્રિવિધ તાપ ટળે સુશાંતિ થકીરે, મટે દોષ દુઃસહ પરીતાપ;
પ્રભુરામ શાંતિથી રીઝે નકીરે, અખંડાનંદ આપે અમાપ. શાંતિ

પદ. ૧૯૪ મું રાગ ગરબી. (મારા સાચા સ્નેહીરે એ લય.)

પ્રભુરામ રાખો રે, ખરૂં ટાણું જાય વહી,
ભવ ખોયો મેં આખો રે, તારૂં નામ લીધું નહીં; પ્રભુ.
સગાં સ્નેહી તો ભાગ્યાં રે, વાગી હાક કાળ તણી.

ગાત્રો ગળવાને લાગ્યાં રે, તારૂં હવે તારી ભણી; પ્રભુ.
આશા જે પરે બાંધી રે, નિરાશી થયો ત્યાંથી.
ખોટો સ્નેહ તો સાખી રે, મરૂ તરૂં હું તો કયાંથી; પ્રભુ.
આવી અંતે રંજાડે રે, મહા દુઃખ દે છે બધાં.
મારાં બેઉ બગાડે રે, એવાં સ્વારથી છે ગદ્ધાં; પ્રભુ
એક આશરો મોટો રે, તમારો લીધો છેવટે,
થાવા દેજો ન ખોટો રે, પુરી પાળજો જી વટે; પ્રભુ.
ભરોસો છે ભારીરે, કૃપ ળુ કરોને ગતિ,
વૃત્તિ જો જો ન આહારી રે, પ્રભુ રામ પ્રાણુપતિ; પ્રભુ.

પદ. ૧૯૫ મું. રાગ. લલાટે લેખલા લેખ ટાળ્યા નહિરે ટળે.

ગયા વંઠી કળિના આ ભેખ, વાળ્યા નહિ રે વળે;
કુડી કર્મે પડેલી છે રેખ, વાળ્યા નહિ રે વળે, ગયા ટેક
ચલમો ફુંકે ચાવળા, ને ઝાઝું અફીણ ગળે;
તમાકુ વિના ન ચાલતું, એને ગાંજો બંધાણો ગળે રે, વાળ્યા.
ઝોળી રાખે રામકી, જે જગ બાધાને છળે;
છૈયાં છોકરાં સામટાં, કુડા ભેખે શું રામ મળે રે. વાળ્યા.
ખાતું જાયે કુતરૂં, જ્યાં અંધી બેઠી દળે;
લોટ ન આવે હાથમાં, એવી ભક્તિમાં ભુંડા ભળે રે. વાળ્યા.
પરમ પંથ પાપી કર્યો, પાપી ફૂળો ફળે;
નર્ક ખાડમાં ડુબીયા, બગડયાં બે બાવાનાં બળે રે, વાળ્યા.
બે બગડે બાવી બન્યા, પાચો નહિ પળે,
અધમ કરી ઓલાદને, ઘણી આગના ભભુકા બળે રે. વાળ્યા.
ખેતર રાખી ખંતથી, ખેડયુ નહિ હળે;
ઉભુ વરસ વહી ગયું પડવાની ખબર છે ખળે રે. વાળ્યા.
ભેખ ડુબ્યા ભાવે કરી, ભવસાગરને તળે,
સ્થિર થઇ બેસી રહ્યા, નહિ ચોંપ રાખીને ચળે રે. વાળ્યા.
ભેખે ભાવી સત કર્યું, ટાળ્યું ના જ ટળે;
પ્રભુરામ એ લેખથી, ભેંસ ભડકે રિદ્ધિ શું રળે રે, વાળ્યા.

પદ ૧૯૧ મું. રાગ ગરબી.

દેવી જય જય જય માત, જગત જનની છો અંબિકારે,
સુરાસુર મુનીનર સેવ, કરે તારી હો ચંડિકા રે.
ભલી બુધી દેનાર, ભય હરનારી કાલિકારે;
મંગલ મોહની નિધાન, ચાલી આવે પ્રણાલિકા રે.
મુખ પુનેમનો ચંદ, તાપ ત્રણે તું ટાળતીરે,
ભાગે ભમણા ભાવ ફંદ, માત નજરે નિહાળતી રે.
સુરજ કીરણુ સમાન, મોહ તમને નશાડતી રે;
પડે નજરે જયાં માત, પાપ પ્રીતે ભગાડતી રે;
લીધી તેજી તલવાર, ત્રિશુળ ધાર્યું છે હાથમાં રે.
ચાપ બાણુ ધરી ઢાલ, ચાલ્યાં દાનવ દળ સાથમાં રે;
દાનવ દળનું જે વન, અગ્નિ રૂપે તેમાં ફરોરે.
મહા સંગ્રામે કુર, મારી ચુરા તેના કરોરે;
રૂપ નામ છે અનેક, છેક ગણતાં છેડો નહિં રે,
અમિત કર્મો વિવેક, પાર પામે નહી કો અહિંરે;
ચ્યબે કરૂણાળુ માત, દાસ જાણી દયા કરોરે.
તમો દાની દયાળ, દયા દેવી દીલે ધરોરે;
પ્રભુ દાસ મન ખાસ, સમ શરણુની રાખતો રે.
દેવી તારે પ્રસાદ, સ્વાદ અમૃતનો ચાખતો રે;

પદ ૧૯૭ મું ગરબી.

હરિ ઓરા આવો તો કહું વાતડી રે લોલ;
છાની ગુંજ કરી ઠારૂં મારી છાતડીરે લોલ.
આવી આવી અંધારી માજમ રાતડી રે લોલ;
એવા ઘોર અંધારે કરો ઘાતડી રે લોલ.
મેં તો ભરી ભલી છે પ્રેમ માટડી રે લોલ;
બેઠી બેઠી જોઉછું તારી વાટડીરે લોલ.
સુંદર સ્યામા ઓઢી છે ફુડી ઘાટડી રે લોલ,

મેં તો ગાળી તુ માટ પ્યારી જાતડીરે લોલ.
છોડી લીધી વહાલાંની ખાટડી રે લોલ;
લીધી લીધી તુજ વ્હાલ કેરી છાટડી રે લોલ,
વિષય સુખો તજ્યાં છે જેમ ઝાંટડીરે લોલ.
તારી સાથે બાંધી છે પ્રીતિ ગાંઠડી રે લોલ.
જંજાળે ભાગી છે મારી ટાંટડી રે લોલ;
વિવિધ વાસના તે લાગી મને કાંટડી રે લોલ.
તુજ દર્શન આનંદ કેરી પાટડીરે લોલ;
અખિલ વિશ્વે ગવાય જેમ ભાટડીરે લોલ.
ધાગા ટકે નહિં જ કદી ટાટડી રે લોલ;
ચુંથા ચુંથવામાં વાળી વળી હાટડી રે લોલ.
સ્થુળ દેહની બંધાય કદી ઠાઠડી રે લોલ;
પ્રભુરામ રઢ છોડું નહી કાઠડી રે લોલ.

પદ ૧૯૮ રાગ ગરબી.

કામ કુડાની કલ્પના કાઢોરે, રામજી એમ રીઝે;
વિષય વાસનાની વાસ વાઢો રે; રામજી.
મોહ મમતા મનેથી મુકોરે. રામજી.
ચોરી ચાડી ને ચુગલી ચુકો રે; રામજી.
પાપ પહાડને પ્રીતે પછાડો રે. રામજી.
ઘોર નિંદ્રાના ઘોઘરા ઘટાડો રે; રામજી.
જોર જુલ્મે નહીં જર જોડો રે. રામજી.
ફેલ ફાંફાંનાં ફંદને ફોડો રે. રામજી.
છેક છળતાના છદને છોડોરે રામજી.
ખળતાનો કરો પગ ખોડોરે, રામજી
ત્રિકમ નામના તારના તોડોરે. રામજી.
દયા દાન દીનતા દીલ દાખો રે; રામજી.
જુડી વાણી મુખે નહીં ભાખે રે રામજી.

રમાનાથ સાથ રમજો રંગે રે; રામજી.
ન્હાઓ ગોવિંદ ગુણની ગંગે રે. રામજી.
સંત સાથે સાચો સ્નેહ સાંધો રે, રામજી.
બળવંતાને બાનાથી બાંધો રે, રામજી.
નામ લેતાં નાચો ને નચાવો રે, રામજી.
પ્રભુ રામ નામ ધૂન મચાવો રે; રામજી.

પદ. ૧૯૯ મું. ભાઇઓ જેની ભારજા ભુંડી એ લય.

નીંદા કદી ન કરો ભાઇ, લેજો ગુણ રામના ગાઇ રે. ટેક.
નીંદાથી તો નખોદ વળે છે, જાય જડામુળ સોત;
વાંસે ન કરવા કાણુ રહે કો, અચબુચ, આવે મોત. નીંદા.
રાવણે નીંદા કીધી ભારે, જુઓ મુવો ભુંડે હાલ;
રાજ ગયુ ચૌદ ચોકડીનું ને, કુળ થયું પાયમાલ. નીંદા.
હિરિણાકશ્યપ હાલ થયા તે, છે જગમાં જાહેર;
મરવું પડયું મોત કુમોતે, પ્રહલાદથી કીધું વેર. નીંદા.
કુથલી કૌરવે કીધી પાંડવની, નીકલ્યું સત્યાનાશ;
સો ભાઇમાંથી કોઇ રહ્યું નહિ, નાખવાને કાગવાશ. નીંદા.
તુલસીદાસને ખાસ સતાવ્યા, બાદશાહે બદમાશ;
ખેદાન મેદાન દીલ્લી થઈ ગઈ, વાનરે કીધો વાસ. નીંદા.
નરસીમેતાને મારવા માટે, રાહે કીધી છે કુચાલ;
મેતાનો વાંકો વાળ થયોના આપે થયો એ હાલ. નીંદા.
કુતરાં હાથી વાંસે ભસે તે, અમથાં હેરાન થાય,
શુંઢ ફરે ગજરાજની તો ઝટ, જીવ ખોઇને જાય. નીંદા.
ખેતર નથી બોડી બામણીનું કે, ભેળ પાડી શકે લોક;
બાળ ભલી ભકતોની રાખે, રામ મુકાવે પોક. નીંદા.
હોય નહીં તે લાવી આપે, હોય તે સાચવે આપ;
એનાં જનની આડ કરેતે, જનનાં પુરાં પાપ. નીંદા.
ખીલા ઉપાડ ન થાવું ખાંતે, રાખી નીંદાની ટેવ;
દાસ પ્રભુ રઘુવીર ભજો તો, રીઝે દેવાધિ દેવ. નીંદા.

પદ ૨૦૦ મું ગરબી કર પ્રભુસંગાથે દઢ પ્રીતડીરે. એલય.

કદી કોડો પતંગ ભેળા મળેરે,
અંધકાર નહિં રાતનો નશાય.
સદ્ ગુરૂ જ્ઞાની સારા શોધજો રે,
સૂર્ય કીરણો પૃથિવ પરે આવતાંરે;
રાત નાશે વાણું વ્હેલું વાય. સદ્.
જ્ઞાન સુણતાં કરમ બળે રાંકડાંરે,
જીવ ભાત તણો નાશ થઈ જાય. સદ્.
પારસ પરસે પારસ લોહનું થતું;
જીવ પણું મટી શીવ થાય. સદ્
સુખડ ઝાડો બીજાં નિજરૂપ કરે રે;
ભવ સંભવની ભૂલ જ્યાં ભંગાય. સદ્.
ભ્રમર સંગે કીડો ભમરો બનેરે;
જેથી રામ રૂપ ઝટ ઓળખાય. સદ્.
મણી દીપે મંદિર પ્રકાશ તું રે;
રામ નામ મણી ધરે રૂદામાંય. સદ્.
ચડે પ્રેમે ખુમારી ખાસી ખરીરે;
લોક લાજે નહિં લલચાય. સદ્.
માયા અંધી આધી આધી નાસતાં રે.
હૃદય વાસ કરે રઘુરાય, સદ્.
રામ નામ સુધા ગળે ઉતરે રે;
પછી મોત કહો કેમ ખાય. સદ્.
કાળ કર્મો નાસે બધાં વેગળાંરે,
પ્રભુ રામ ગુણ ગાથા ગવાય. સદ્

પદ ૨૦૧ મું. રામ સદર.

સંત સંગે સહુ સંગ છુટી જાયરે;
નીચ સંગે બહુ જીવડો બંધાય,

સાચો સંગ કરી હે સાધુતણોરે.

ફુલ વાડીમાં સુગંધી આવશેરે;
જાજરૂ તો અદુંઢ ગંધાય. સાચો.
તરવારે વઢાય શત્રુ સામટારે;
ભાખશીને ખાંડે ન કામ થાય. સાચો.
આગ તણુએ પ્રકાશની થશે છટારે;
કોયલાથી અંધારૂં ન જાય. સાચો.
સૂકા તુંબથી તરાય નહી સાગરે રે;
લીલું તુંબડું બુડાડે નકી જાણ. સાચો.
નહીં સાગર ઉલેચ્યાય ગાંગરે રે;
કુંભજ હરીયો પીવામાં સુજાણ. સાચો.
ઉર ગાંઠ ને કપાય, અજ્ઞાનથી રે;
ઉદય થાય જ્ઞાન, રહે નહિં ગાંઠ. સાચો.
સમજ સારી સંતોની સાનમાં રે;
બની જા માંહે! મનવા લાંઠ. સાચો.
બોધ દેનારો પાત્ર સારૂં મળેરે;
સેવો લેનારો હોય જો સુપાત્ર. સાચો.
ઝટ જન્મ મરણ જીવનાં ટળેરે;
પ્રભુરામ દયા થાય જરા માત્ર. સાચો.

પદ. ૨૦૨ જું ગરબી. સૈયરે સુખકર સંસાર શીયળ ભુષણ.

સજીયે, એ લય.

જીવ જોબનમાં નહીં ફાંટ, જોશો જોર કરી.
ઘડ મી તું અંવળા ઘાટ, નહીં દેખાય ફરી. ટેક.
જેમ બેટા વાદળની આવે, પાછી ચાલી જાયરે,
જીવ જુવાની જુઠી એવી, શા માટે મલકાય. જાશે.
ધનની ઘોર ઘટામાં ચપળા, ચમકેને સંતાયરે;
પલ પલકારો ખોટો એનો, કામં ન તેથી થાય. જાશે

મૃગજળ માની સાચા ભટકે, મૃગલા મૂઢ ગમાર રે;
પાણી મળેના તૃષા ટળેના, રખડપાટ નીરધાર. જાશે.
જળમાં કાચો કુંભ માટીનો, ગળતાં શાની વારરે,
કાયા એમ ગળી આ જાશે, કર મનવા વિચાર. જાશે
તું જાણે હું પછી કરીશ પણ, પલનો શો વિશ્વાસરે;
કાળ ઝપટમાં ચપટજ થાશે, છુટી જાશે શ્વાસ. જાશે.
બાળક બુઢાનું નહીં લેખું, જાયું તેહ જનાર રે;
અણુ હોણી નહિ થાશે કો દી, થાવાનુંજ થનાર. જાશે.
જમડા રાહ જુએ છે તારી, ચેતી ચાલ ચમાર રે;
શત્રુ મોટો માથે ગાજે, શાને શાંતિ ધાર. જાશે.
સવાર પડતાં સારો તારો, ઝટ ઉતરશે વેશરે;
તત્પર થઇ પ્રભુરામ ભજી લે, વાર ન કરજે લેશ. જાશે.

પદ. ૨૦૩ જું ગજલ કોઇ રબકી મરજી રબ જાને; એ લય.

જીવ જરી જરી જમથીજ ડરી, ઠરી ઠામ, ખરી ખામોશ કરી,
મન ભાવ ધરી હર હરિ ભજી, જા આ સંસાર તરીજ તરી. જીવ.
ફટકચો ફાવ્યો નહિ ફાંફાંમાં, મનમોજ તજી દે ભાફામાં,
લપટી જામાં તું લાંફાંમા, શુ પગ ઘસતો જઇ રાફામાં. જીવ.
કર બંદગી જીંદગી આ જાતી, મનવૃત્તિ કરમાં મદમાતી,
ભટકી ભરમાં ભુંડી ભાતી, તુજ ચંદર આવ્યો છે ઘાતી. જીવ.
તું બળમાં બળતો શું જાતો, ગોવિંદના ગુણ શું નથી ગાતો;
ધોરી થઇ ધંધે કાં ધાતો, ખા મુખા ખાતો શૈ લાતો. જીવ.
ચગવળ મુકી તું શ્યા બળીયો, બેઠો બોધા થઈ કાં ગળીયો;
પ્રભુરામ ખરો ચિતે ચળીયો, પણ રામપથ પ્રીતે પળીયો. જીવ.

પદ ૨૦૪ મું રાગ ગઝલ વિવેકી વિશાળ. (એ લય.)

અરે ! ઓ ચંડાળ, બુદ્ધિ તારી બાળ, ફરે શિર કાળ;
ફકકડ ફરમાં, પાણી પહેલાં પાળ, કરીને સંભાળ.
ટેવો તારી ટાળ, ખાલી શાને ગાળ. અરે.

જમ દુત નર્કે નાંખશે, દેશે મોકમ માર,
બીક ધરીને બાપલા રામ રામ સંભાર;
જગતની છે ઝાળ તોડી દેને જાળ,
ભરી ભરી ફાળ, ઉધું શાને વાળ, અરે.

અસિપત્ર વનમાં તને, નાંખી કાપશે અંગ,
ઘા સહેવાશે નહીં અને, થાશે તું ગતિ ભંગ;
બેઠો શાને માળ, હેઠું જરી ભાળ,
શીરાવે શું દાળ, વાગે મુખ નાળ. અરે.

લાળ લીંટ પરૂ માંસનું, કરાવશે ભોજન,
કીડા અગ કરડે ઘણું, સ્હાય નહીં કો જન;
ખુંચ્યો કેમ ખાળ, છોલાં શાને ચાળ,
તુટી જયારે ડાળ, ભર્યો રહેસે થાળ, અરે

રામ કહેતાં રાંડના, શું છુટે છે ગાંઠ,
પ્રભુ પત રાખે તાહરી, લુંડા બનમાં લાંઠ;
પ્રણુત પ્રતિપાળ, ત્રીકમથી દે તાળ,
તારે તતકાળ, શ્રી રામ રસાળ. અરે.

પદ ૨૦૫ મું ભજન હવે મને હરિનામથી નેહ લાગ્યો,

ખરો જીવ ! જાગે તે લેશે સ્વાદ જાણી,
પ્રેમની પરમ એંધાણી રે, ખરો.

દશમી આ ભક્તિ ખાસી, પ્રેમલક્ષણા ભાસી; નવધા માથે,
એક છોગું, અંતરમાં જાગે જયારે, રામ કૃપાથી પ્યારે;
ભવના ભાગે છે ભય રોગુ રે, ખરો.

ભેદને ભરમો મોટા, અભેદમાં એના ટોટા; ખોટા ખેલ જાય;
નાસી, કીડીથી કુંજર માંહે એકજ વિલસે વહાલો, વિઠ્ઠલવર,
અવિનાશી રે, ખરો

પ્રેમની ખાણુ ખુલ્લે, વ્હેમની વાત ભુલે નવધા ભરે તેનું;

પાણી, જડચેતન બધાં એકરૂપ ભાસે, એવી, કથન કેરી નથી કાંણી રે, ખરો.

ગોપિયે ગાન કરી પ્રેમરસ જ્યારે પીધો, શુક દેવે સાખ દીધી સાચી.

સનકાદિક જેવા શિકક્કો મારી તે ઉપરે, પ્રેમના રસમાં રહે રાચી રે ખરો.

વેણાં ને નેણાં પલટે, અમિરસ સાગર ઉલટે, અંતર ઉછાળી રંગ રેલે; દાસ પ્રભુ રઘુવીરના રંગમાં મસ્તાનો થઈખેલ ખેલેરે, ખરો.

પદ ૨૦૬ મું ગરબી અલબેલી રે અંબે માત. (એલય)

ભકતોના ભુંડા ભાવ, હરજી છે આઘો,
ક્રુમડા રળવાના દાવ, હરજી છે આઘો. ટેક;
ભકતાણીનો ભભકો ભારે, સજીયા છે શણગાર રે,
સાંભળનારા જો રીઝે તો, કરે વધુ ઠણકાર, હરજી.
લટકાં મટકાં ચટકાં થાતાં, ધન હરવાના ધંધરે,
ચમક છમકથી ચમકી જાતા એવા શ્રોતા અંધ. હરજી.
સૂર તીણા એંચે બહુ જોરે, મૂડી છુટ વેપાર રે,
મોહી પડે સાંભળતાં કોઇ તો, થાયે બેડો પાર, હરજી.
ભકત ભરાડી ભારે ભુંડા, કાઢયું સત્યાનાશરે,
ભજનો પર પાણી ફેરવાયું, દામ કામના દાસ, હરજી.
અંધી હાર ચલી દાતારે, તેમ ભજનનું ભાળ્યું રે,
શ્રોતા વકતા બેય બગડીયા, દષ્ટે દષ્ટ નિહાળ્યું, હરજી.
વધ્યા ઘણા પણ છે વંઠેલા, સઘળી ઉંધી રીતરે,
પ્રભુરામ એ ભકતો ભાળી થઇ બેઠો ભયભીત, હરજી.

પદ ૨૦૭ મું મારા સાચા સનેહી રે (એ લય.)

પંચભુતનું પીંજર રે, માંહે જીવ પંખી બેઠો;
અવિનાશી નિરંતર રે, શાને પડી જાય હેઠો. પંચ.
તારૂં જાણે નકામું રે, જુદો તું દેહ થકી;

જોને જાત ગ્રાસું રે, નકામો ન જા તું ઝુકી, પંચ.
તત્વ વીચારી જોને રે, તું તો કોણ ક્યાંથી આવ્યો;
વિવેકે આંખી ધોને રે, કુચ્યો કુશ કેમ આવ્યો. પંચ.
કરવા કામ શું આવ્યો રે, હવે જાવું છે ક્યાં તારે;
લેખ શાનો લખાવ્યો રે, વિચારજો વારે વારે. પંચ.
આડ ધડે તું ધા માં રે, નકી કાળ લેશે લુટી,
વાટ ઉજડે જા માં રે, જેમાં જાશે ભાગ્ય ફુટી. પંચ.
મુળ ખોળ તું તારૂં રે, જડે તને અંતરથી;
માનમાં મુઠ મારૂં રે, મોહી દેહ જંતરથી, પંચ.
ખોળી લે દેવ દીલમાં રે, દામોદર ત્યાંજ વસે;
ભળી જામાં તું ભીલમાં રે, જો જો જમદૂત હસે. પંચ.
પ્રભુરામ પીછાની રે, ભલે મોજ માણ ભલી,
પદમાં પ્રેમ આણી રે, અર્પી દે સુમન કલી. પંચ.

પદ. ૨૦૮ મું ગરબી. (જાણ્યું જાણ્યું હેત તમારૂં જાદવા રે લોલ.) એ લય.

રામ મને શા માટે રખડતો મેલીયોરે લોલ,
હું અણુગમતો બન્યો કહે શું કામ જો;
શ્રીધર શાને સ્થાનેથી તેં ઠેલીયો રે લોલ,
લેવરાવ્યો તેં શીદને રસ્તો વામ જો. રામ.
કામ સ્વભાવ ગુણો મુજને ક્યારે હતાં રે લોલ,
કર્મ તણી તો નહોતી મારે "જાળ" જો;
હું તું એક સ્વરૂપે ભેળા ખેલતા રે લોલ,
તેમાંથી તે આ ઉઠાડી ઝાળ જો, રામ.
ફેર નહોતો મારા તારામાં કશી રે લોલ,
ભવસાગરમાં હડસેલ્યો કેમ નાથ જો;
પાછો ભાવ ન પુછ્યો કોટી ગઇ સદી રે લોલ,
શા અપરાધે હરિ નવ ઝાલ્યો હાથ જો રામ.

પાપ પૂન્યનુ પીંજર તેંજ ઘડયું ખરૂં રે લોલ,
પૂર્યો તેમાં નવ ચાલે મુજ જોર જો;
વાંક બધો તારો તે સાટે હું મરૂં રે લોલ,
આતો કેવો ત્રિકમ તારો તોર જો. રામ.
નવ દરવાજા વાળે નગરે નાખીયો રે લોલ,
જડી સાંકળો વિષય વાસની ખાસ જો;
કરૂણાળુ આ કેદે શાને રાખીયો રે લોલ,
ખોટા ખોટા શું દેખાડે ભાસ જો. રામ.
ઘટે ન આવું અવળું કૃત્ય તને હરીરે લોલ,
દીન દયાળુ બહાનું કરજે યાદ જો;
રામ પ્રભુ પીડા પ્રીતે કરજે પરીરે લોલ,
તારો મારો એકાકારે વાદ જો. રામ.

પદ ૨૦૯ રામ લક્ષ્મણ વનમાં સિધાવતા. (એલય)

સખી આજનો દિન રળીયામણો પ્રકટયા શ્રી રઘુકુળચંદ,
આનંદ સુખકંદ, વાગે છે વધામણી;
ચૈત્ર શુકલ નવમી તિથી શોભતિ, મધ્ય દીવસ શીતન ધામ,
પ્રાકટય શ્રી રામ, વાગે છે.
બ્રહ્માદિક દેવતા મુની સૌ મળી, જય જય જય જય કરતા નાદ,
ફુલોના વરસાદ; વાગે છે.
આજે અવધ આનંદમાં ઉછળે, ઘેર ઘેર સુગીત ગવાય,
મંગળ ધ્વની થાય; વાગે છે.
રાજદ્વાંરની શોભા શું કહું સરવે સજ્યા મંગળના સાજ,
દશરથ મહારાજ; વાગે છે.
માતા મોદ પામે મનમાં ઘણુ, કૌશલ્યાજી આનંદ હુલાસ,
મહોત્સવ ખાસ; વાગે છે.
વાગે વાજાં નગારાંને નોબતો, થાયે ઘાટો ઘેરો ગડગડાટ,
તોપો હડેડાટ, વાગે છે.

ચુવા ચંદન અબીલ ને અરગજા, સર્વે શેરી સુગંધી સીંચાય,
બહેકાટે મચાય; વાગે છે.
કેસર કુમ કુમ કસ્તુરી કોચડે, શીવ કાક ભુશુંડી ખરડાય,
આનંદ લેવા ધાય; વાગે છે.
મંગળ થાળ ભરી ભલી ભામની, સજી સોળ સારાં શણુગાર,
જતી રાજદ્વાર, વાગે છે.
બાળ રૂપ જુવે શ્રી રામનું, મન પામે છે પરમાનંદ,
અખંડ બ્રહ્માનંદ; વાગે છે.
પ્રભુરામ દરશ તૃષા નવ ટળે, નીરખતાં નહીંજ ધરાય,
મુખે ગુણ ગાય; વાગે છે.

પદ ૨૧૦ મું રાગ (મારા વહાલાજીની વનમાંહી) એ લય.

સગપણ શ્રી વરનુ સાર, જગમાં છે સાચું;
ધરી અંતર માંહે પ્યાર, મનથી તે જાચું, ટેક.
કુંટુંબ કબીલો કામ ન આવે, નાત જાત મા તાતરે;
લોહી પીવાને ભેળા ભળીયાં, અંતે કરતાં ઘાત. જગ.
ભાઇ બેન ને પુત્ર નારી તે, સ્નેહ નાણાંનો રાખેરે,
ધન હીણુ થાતાં કોઇ પણ તારી, સન્મુખ જરી નવ ઝાંખે. જગ.
દેહ ધર્યા જુજવા આ જગમાં, અનેક થયાં માબાપ રે,
લેણા દેવી ત્રુટી ત્યારે, મુકી ચાલ્યાં આપ. જગ.
પોતાના સ્વારથને માટે, પ્રેમ કરે સૌ લોક રે,
શાંતિ ઠામ બતાવે નહીં કો, જગની પ્રિતિ ફોક. જગ.
સ્વાર્થ વીના શ્રી વરે દયાથી, દીધો મનુષ અવતારરે,
સાધન શ્રેષ્ટ સકળ આપ્યાં છે, ભજન તણો અધિકાર જગ.
આસક્તિ અંતરથી ટાળી, શ્રીપતીમાં મન રાખે રે,
પ્રભુ પ્રિયતમ પતિ રામ કૃપાનો, સ્વાદ જરી તુ ચાખે. જગ.

પદ. ૨૧૧ મું ઘેલા ભલે થયાં એ લય.

ભટકયો ભુતડા રે, ભ્રમણા ભેદ ભયોનવ ભાગ્યા,
કામી કપુતડા રે, કજીયા લીધા ઉછીના માંગ્યા. ભટકયો ટેક.

કામી કપીસમ થઇને રઝળ્યો, ભાવ ધરી ઓગઠમાં;
સમજ્યો નહિ હાંતો કરડાયા, ચોરીની ચોગઠમાં. ભટકયો.

કપુતના ધંધા તેં કીધા, લાજ ન ખાધી લેશે;
વિચાર નાવે બેઠો નહી તું, વિરાગવાળા વેશે. ભટકયો.

કજીયામાં કષ્ટો વેઠીને, કંકાશી કહેવાણો;
કપરી કાળ ઝપટમાં આવ્યો, ઝટકો શે સહેવાણો. ભટકયો.

ઉછી ઉધારે ટંટા લીધા, રાચ્યો તેમાં રંગે,
રઘવાયો થઇને આથડીયો, તું રામાની સંગે, ભટકયો.

ભુત થઇને ભટકયો ભારે, પાર ન કેમે આવ્યો;
જેના તેના ઘટમાં પેસી, ધુણતાં શું જીવ ફાવ્યો. ભટકયો,

ભ્રમણામાં ભંગાણુ ન પાડયું, પામ્યો નહિ શંઠ છેડો;
તો પણ અક્કલ મંદો બનીયો, હજી ન મૂકે કેડો. ભટકયો.

ભેદ ભર્યાં અંતરમાં તારા, તેથી રખડયો રાને;
સારા સંતોની શિખામણ, શે નવ ધારી કાને. ભટકયો.

મુક્ત થવા ભવભય ભારેથી, જા જા સદગુરૂ શરણે;
પ્રભુરામ ભજ ભાવ ધરીને, પછી જા પ્રીતે ચરણે. ભટકયો.

પદ. ૨૧૨ મું ચેતીને ચાલો રાજ, એ લય.

સમજુ સમજો મન સાર, થાશે ભ્રાંતિ પરી,
વિવેકે કરો વિચાર, સ્નેહે શાંતિ ધરી. ટેક.

નદી કીનારે વસનારાની, તરસ ન છીપે કેમરે;
કાં નદિમાં નહિ નીરનો છાંટો, કાં આળસ અતિ વ્હેમે. થાશે,
સુરતરૂ નીચે બેઠા નરની, ભુખ ન કેમે જાતીરે;

સેવા કરી બાવળની ફાંતો, માગ્યે મતિ મુંઝાતી. થાશે,
શિષે સદ્દગુરૂ સેવા કીધી, મતિ ના બની વિરાગીરે;
જ્ઞાનહિણા એ ગુરૂ બગર તો, શિષ પામર દુરભાગી. થાશે.

ચિંતામણી લેતાં જો ચિતની, ચિંતા નહિં સમાણીરે;
ચિંતન કરતાં ચુકયો મૂરખ, કાં પથરે પાળ કરાણી. થાશે.

નવલખ નાણું મળિયું ઝાઝું, નહિં ખાધું ખરચાણું રે;
ઉઘડયું ભાગ્ય બીજાનું કાં તો, નખોદીયાનું નાણું. થાશે.

પરણ્યો પદમણી પ્યાર ધરીને, ન ભોગવી ભરથારે રે;
નગુણી નારી ગદ્ધી કાં તો, મૂરખ ધણી ગમારે. થાશે.

અમૃત પી અણુખુટે મરીયો, કયાં કહેવી એ કહાણીરે;
રામ પ્રભુ અમૃત રસપીતાં, ચડશે વેગે પાણી. થાશે.

પદ. ૨૧૩ મું આ છે હરિ ભજ્યાનું ટાણું. એ લય.

લટકયો લાકડે રે, લાભો લીધા અવળા અવળા;
ચડીયો ચાકડે રે, મારગ મૂકી સવળા સવળા. લટકયો. ટેક.

ફાંસીને લાકડે લટકતાં, લેશ લાજ નહીં આવી;
જગદોરી ડોકે ઘાલીને, મુવો ગયો શું ફાવી. લટકયો.

લાભ ખાટવા રહ્યા પુરાઇ, અવળી વાતો ભાવી,
હાથ ન આવી અંધા તારે, ખરા સુખની ચાવી. લટકયો.

અવળો થઇ અવળાઇ કીધી, મુઇ મોત્ત શું ધાવી,
સુધા નિધિમાં ઝીલવા માટે, બુદ્ધિ સાચી નાવી. લટકયો.

ચકે ચડતાં ચિંતા વ્યાપી, ચેત્યો નહિ ચિત્ત લાવી,
અમૃત મૂકી વિષવેલીનાં, દીધાં તેં બીજ વાવી. લટકયો.

કંકર કાંટાવાળે રસ્તે, ગમતી ઠેસો ખાવી,
અભાગીયા અથડાવાનું શું? આવ્યો છેજ લખાવી. લટકયો.

સવળી વાટે ન વળ્યો શઠ તું, સાચો સ્નેહ લગાવી;
પ્રભુરામ ગુણ ગણની ગીતા, નથી પરવડતી ગાવી. લટકયો.

પદ ૨૧૪ મું રાગ સંદર.

રૂડી રામ રટ્યાની તક છે, નાહક કેમ ગુમાવે રે, રૂડી, ટેક.
રામ ભજન વિણુ મારૂં તારૂં, ખોટી બધી ખલક છે;
ભક્તિ હિણુ ત્રૈલોકય રાજ્ય તે, મિથ્યા બધા મુલક છે. રૂડી.
હીરલો હાથે આવ્યો નાથે, ખોવાનો નહિં હક છે,
વારંવાર વખત નહિં આવે, અમથી કરવી જક છે. રૂડી.
કર્મ કણુકમાં મોણુ ભજનનું, પડયા વિના નહીં વક છે,
હરિ ગુણુ ગાન વિનાની વાણી, શ્વાન સમી બક બક છે. રૂડી.
ખેસવ ખંધા આવ્યા આડા, માયાના જે ચક છે;
પીતળીયાં ઉજાળેલ પેરે; જેની વૃથા ઝલક છે. રૂડી.
જો વિચારી મનમાં માથે, મોટો જમનો શક છે;
રામ નામ વિણુ વાતો ખાસી, પણુ તે મોળી ફક છે. રૂડી.
દંભે ડુબ્યો વિષયી ડોબા, ઉંધી લીધી અટક છે;
સમજ્યો નહિં શઠ ચાર દિવસની, આ ચાંદની ચટક છે. રૂડી.
જીત્યા મનમાં જેણે રાખી, ભજવા હરિ ખટક છે;
બીજાની આ પર દુનિયામાં, ફોકટનીજ ભટક છે, રૂડી.
સમજી લે મન ભવ દરિયામાં, મોટા મોહ ખડક છે,
પ્રભુરામ જે ભજશે ભાવે, તેને નહી થડક છે, રૂડી.

પદ ૨૧૫ મું રાગ આરતિ.

જયરામ જયરામ. ટેક.
જય જય રઘુવીરા, પ્રભુ જય જય રઘુવીરા,
અધમ ઉધારણુ ધીરા, જય જય રણુ ધીરા. જય.
દશરથનંદન દેવ, જય ચિદઘન સ્વામી (૨)
ગરબી નીવાજવું ટેવ, જય આનંદ ધામી. જય.
જાનકી જીવન નાથ, જય સુખકર દેવા (૨)
ચરણે નામું માથ, જય જય કરૂં સેવા જય.
કોશલ્યા કુખ ચંદ, જય દુઃખહર દાતા (૨)

સેવાથી મુની વૃંદ, જય સુખીયા થાતા. જય.
કરૂણાસિંધુ કૃપાળુ, જય દુરજય દાની (૨)
રઘુપતી રામ રસાળ, જય જય નિર્માની. જય.

પ્રણુતપાલ પરમેશ, જય પ્રીયતમ પ્યારા (૨)
દીનબંધુ દેવેશ, જય જીવન મારા. જય.

અઘહર હે અવધેશ, જય આનંદ કંદા (૨)
વિશ્વ વાસ વિશ્વેશ, જય બ્રહ્મા–નંદા, જય.

રંજન રંક રમેશ, જય અંતર આત્મા (૨)
પરમાનંદ પ્રજેશ, જય જય પરમાત્મા, જય.

ભક્તવત્સલ ભયહાર, જય દશકંધ અરિ (૨)
જય જય જય જયકાર, જય જગદીશ હરિ. જય.

જય જય વિશ્વ વિલાસ, જય જય બહુ નામી (૨)
પ્રભુ પ્રિયતમ પતિ ખાસ, જય રઘુવીર સ્વામી. જય.

પદ ૨૧૬ મું તેં ભજ્યા નહિ ભગવાન ભાવ કરીને એ લય.

વંઠેલ જીવ કર વિચાર, આયુષ્ય ખુટી,
નથી જીવ્યાનો નિરધાર, દોરી ત્રુટી;
હાથે જીવ ઝેર ગમાર, પીમાં ઘુંટી,
મારે જમ જબરો માર, ભાંગે ઘુંટી.
ઝટપટ ભજ સીતારામ. ટેક.

જગવાડીનો જમ છે માળી, જોરાવર ભડ જોધ;
ખીલ્યાં ન ખીલ્યાં ગણે ન લેશે, જરી ન જાણે બોધ,
લેશે ચુંટી. વંઠેલ

ગાંઠે બાંધી આણ્યો મુડી, આવરદાની આપ;
નથી આવડી ગાંઠ બાંધતાં, પૂણ્યાં પુરવ પાપ,
ગઇ તે છુટી. વંઠેલ

રતન રાંક રાખી નવ શકતો, એવો અધમ પિશાચ;

ભરવાડે હીરો મેળવીયો, ફેંક્યો જાની કાચ,
જાયો વછુટી, વંઠલ
છતી આંખથી શક્યો ન દેખી, આત્મસ્વરૂપ અગાર,
અંધારામાં અંધા પેઠે, ભટક્યો કરી વગાર;
આંખ્યો ફુટી, વંઠલ.
સંતોની સાચી શીખામણ, લેશ ન કાને લીધ,
સંપત સારી હતી ધણીએ, નહિ દીનોને દીધ;
લીધી ઝુંટી, વંઠલ.
વિશ્વવને આથડતો ચાલ્યો, શઠનો લીધો સાથ,
વળાવીયા ખુટલ મળવાથી, અધવચ કીધો હાથ,
લીધો લુંટી, વંઠલ.
બેલી નહીં તક છેલી આવી, ખુટ્યું મહીનું માટ,
આટોને આવરદા ખુટયાં, પાક્યો ચસ્તો પાટ,
કાળે કુટી, વંઠલ.
પ્રભુરામનું નામ રસીલું, થા માં હજી નિરાશ,
સંજીવન મૂળી ખા સારી ઉગરવાની આશ;
સાચી બુટી વંઠલ.

ચેલૈયાનું આખ્યાન.

પદ ૨૧૭ મું રાગ વ્હાલો મારો સાચાનો સંગાથી રામ એલય.

ગુરૂ ગણપતી સરસ્વતિ વંદુ રામ, સંતો ગુણ ગાવા,
જેથી ભાગ્ય ખુલે જે મંદુ રામ, સંતો ગુણ ગાવા. ટેક.
વાણી પણ વિલસે ખાસી, બને સંત ગુણોની પ્યાસી,
જગમાં નવ થાયે હાંસી રામ; સંતો.
શેઠ શગાળશાહ શેઠાણી, સંધાવતી શુરવીર જાણી,
સુત ચેલૈયા ગુણ ખાણી, રામ; સંતો.
તે ધર્મ જૈનનો પાળે, દીલમાંહી દયા બહુ ભાળે,
કદી ચુકે ન કોઈ કાળે રામ; સંતો.

અવસાન શેઠનું થાતાં, લઇ સબાં સ્મશાને જાતાં,
સતી બળવા આગળ ધાતાં. રામ; સંતો.
એક સંત મળ્યા ત્યાં સામા, સતીએ કીધા પરણામા,
સૌભાગ્ય અખંડ થા રામા, રામ; સંતો.
આશિષ શુણી શેઠાણી, કહે કર્મ તણી નિજ કહાણી,
સૌભાગ્ય થયું ધુળ ધાણી. રામ; સંતો.
કહે સંત એ શેઠ મરે ના, મુજ વચન કદીજ ફરે ના,
શ્રદ્ધા વાતે કોઇ ધરે ના, રામ; સંતો.
ઠાઠડી સંતે ખોલાવી, ઉઠાડયા શેઠ બોલાવી,
દુઃખ આગ દીધી હોલાવી, રામ; સંતો.
એક સંત જમાડી જમવું, પડે દુઃખ બધું તે ખમવું,
સાધુને ચરણે નમવું, રામ; સંતો.
એ નિશ્ચય શેઠે કીધો, ભક્તિરસ પ્યાલો પીધો,
પ્રભુ રામ નામ જપ લીધો, રામ; સંતો.

પદ ૨૧૮ મું રાગ, સહર.

નીમ દૃઢતાનું છે ભારી, રામ સંત ખરા સાચા,
સેવામાં મન અવિકારી, રામ; સંત ખરા સાચા; ટેક.
ત્યાં અનેક સાધુ આવે, પગ ધોઇ પ્રિતે ન્હવરાવે,
બહુ ભાવ ધરી ખવરાવે, રામ; સંત.
ભક્તિમાં તાળી લાગી, ભ્રમણાઓ મનની ભાગી,
બન્યાં સંત ચરણ અનુરાગી, રામ; સંત
ભજનોની ધુમ મચાવે, ઉત્સવ હરિનાજ રચાવે,
નાચે હરિપાસ નચાવે, રામ; સં૦
એવી ભક્તિ શેઠે માંડી ત્યાં ઇંદ્રે હિમત છાંડી,
તેની બુદ્ધિ બની ગઇ ગાંડી, રામ; સંત૦
હાડકું ઉકરડે પેખી, કુતરો કરડે કરી શેખી,
સંતાડે સિંહને દેખી, રામ; સંત.
તેમ ઇંદ્રની રીતિ એવી, જાણો કુતરાના જેવી,
અંતરમાં સમજી લેવી, રામ; સંત.

નિત નિમ તોડવા કાજે કરી ત્રેવડ ત્યાં સુર રાજે,
વિઘ્નો કરતાં નહિ લાજે, રામ; સંત.
એની મતિ થઇ છે આડી ભક્તિમાં ભેળજ પાડી,
મોકલ્યા છે મેઘ અશાડી, રામ; સંત.
દીન સાત થયાં તે વરસે, કોઇ સંત નજરના દરશે,
શેઠ બેઠા ભૂખે તરસે, રામ; સંત.
ચાકર ચારે દીશ ગોતે, પણ સંત જડે નહીં જોતે,
પ્રભુ રામ પધારે પોતે, રામ; સંત.

પદ ૨૧૯ મું રાગ સદર.

એક તળાવ પાળે બેઠા, રામ, સંત મહા મોટા,
જોઇ ચાકર નગરે પેઠા રામ સંત મહા મોટા. ટેક,
શેઠને ચાકર કહે છે, સરતીરે સાધુ રહે છે,
વરસાદ ઝપટ બહુ સહે છે, રામ; સંત.
શુણી હરખ ધરીને અંગે, શેઠ વાણોતરની સંગે,
પગ પાળા જાય ઉમંગે, રામ; સંત.
આવી સાધુ ચરણે નમીયા, અંતર પરિતાપો શમીયા,
દરશનથી દુંખડાં દમીયાં, રામ; સંત.
શેઠ કહે પધારો ઘેરે, જમવાને રૂડી પેરે,
કરો પાવન સ્વામી મ્હેરે, રામ; સંત.
કહે સંત હું પતીયલ ભારે, ચરણે ન ચલાય લગારે,
બહુ દુઃખથી મનડું હારે, રામ; સંત.
કહે શેઠ ઘોડાને હાથી, રથ, મ્યાના સારા સાથી,
વળી જતન કરીને ન્હાથી, રામ; સંત.
સેવક પર સ્નેહ વધારો, નહિં નિરાશ કરવા ધારો,
કોઇ રીતે નાથ પધારો, રામ; સંત.
કહે સાધુ લાગે થડકો, એ વાત તણો છે ફડકો,
મારા મનમા દુઃખનો ભડકો, રામ; સંત.

તુજ નાર તેડવા આવે, શીરપર લઇ જાયે ભાવે,
એ વાતે મુજને ફાવે, રામ; સંત.
અમે અઘોર પંથી બાવા, મુખ માગ્યું લેશું ખાવા,
પ્રભુ રામ કહે ભડકાવા, રામ; સંત.

પદ ૨૨૦ મું રાગ સદર,

શેઠ આવી ઘેર કહે છે, રામ, સંત ખુબી ન્યારી,
સતી સાધુ તમને ચહે છે, રામ, સંત ખુબી ન્યારી. ટેક,
સાધુને શીરપર લાવો, પતીયલને અહિં પધરાવો,
સત સતિનું શુદ્ધ નિભાવો, રામ, સંત૦
કહે સતિ મુંઝાઓ ન ઠાલે મને પાવન કીધી વ્હાલે,
છુટકો છે ઘરને માલે, રામ, સંત૦
ચાલ્યાં કરીને તૈયારી, અતિ આનંદ હૈયે ધારી,
નિરખ્યા સાધુ સુખકારી, રામ; સંત૦
ઇંઢાણી હીરા જડેલી, મહીં મોતી ભાત પડેલી.
કંચનની ખાસ ઘડેલી, રામ; સંત૦
સોનાની સળીયો વાળો, છે કરંડીઓ મરમાળો,
મુખ મલની ગાદી ભાળો, રામ. સંત૦
પધરાવ્યા મોહન પ્રીતે, શીર ચાલ્યાં લઇ શુભ રીતે;
અતિ આનંદ હુલસે ચિતે, રામ. સંત૦
પતીયલ અંગ છુટું મેલ્યું, પરૂ વહેતું ચાલ્યું રેલ્યું;
સતીના શીરપરથી છેલ્યું, રામ. સંત૦
સતીનો સાળુ ભીંજાણો, પરૂ પાચ થકી સીંચાણો;
જોઈ લોક સમુહ ખીજાણો, રામ. સંત૦
બણુ બણુ માખા બહુ બોલે, લોકો વાતો બહુ ખોલે;
પણુ સતીનું ચિત્ત નવ ડોલે, રામ. સંત૦
દુરગંધી ઉડી ભારી, તાગે છે હેત મુરારી;
પ્રભુરામ ખુબી છે ન્યારી, રામ. સંત૦

પદ ૨૨૧ મું. રાગ સદર.

ભોળી લોકો બોલે છે રામ, ભક્તિ આ ભાળો;
નિજ ભાવ બધા ખોસે છે, રામ, ભક્તિ આ ભાળો. ટેક
આ ચમારવાડો હાથે, લઇ જાય ચડાવી માથે;
એને ઠગીયાં દીનાનાથે, રામ. ભક્તિ૦
ઘાલી આભડ છટ ઘરમાં; ખરે ખાત ગણાયાં ખરમાં;
લેખાયાં નર વાનરમાં, રામ. ભક્તિ૦
આ વણિકના આચારો, એના વંઠયા છે વિચારો;
ભરમાયો છે બિચારો; રામ. ભક્તિ૦
કંટારી કડમાં સારી, પેટ મારે તેજ નઠારી;
આની અક્કલ ગઈ છે મારી, રામ. ભક્તિ૦
શું આમ કરે હરિ ભેટે, ઉલટા તે અશે છેટે;
આણે નાક કપાવ્યું નેટે, રામ. ભક્તિ૦
ભાઇ આ ભક્તિ તો ભારી, લોક લાજ દીધી વીસારી;
શું મળશે હરી મુરારી, રામ. ભક્તિ૦
ભોળા આ શેઠ ભલા છે, પણ બાવો કોક બલા છે;
એ આફતનીજ હલ્લાં છે, રામ. ભક્તિ૦
એ લાવ્યાં કયાંથી ગોતી, ભક્તિ નથી આવી જોતી;
હશે રાખતણું એ મોતી, રામ. ભક્તિ૦
જુઓ ભક્તિ તણા ભવાડા, પરમાથનાજ પવાડા,
છલકે પરૂ પાચ હવાડા, રામ. ભક્તિ૦
લોકો બોલે બહુ ભુંડા, મદ છાકયા મામણ મુંડા;
પ્રભુ રાન ભજન વિણ ભુંડાં, રામ. ભક્તિ૦

પદ ૨૨૨ મું રાગ સદર.

ઠંઠોળી લોકો કરતા, રામ, ભક્ત હઠ લાગી;
તોય વણિક નથી મન ડરતા, રામ, ભક્તિ હઠ લાગી. ટેક.
સાધુ ઘેરે પધરાવી, સુવાડયા પલંગ ઢળાવી;
ચરણામૃત લીધ ન્હવરાવી, રામ. ભક્તિ૦

ચંદન ચરચ્યું છે અંગે, નરનારી ભક્તિ રંગે,
મન જાણે ન્હાયાં ગંગે, રામ; ભક્તિ૦
પરમાનંદ મન તરબોળે, વીંઝણુલે વાયુ ઢોળે,
હીંચે મન પ્રેમ હીંચોળે, રામ, ભક્તિ૦
ઉત્તમ ભોજનો બનાવી, શેઠાણી ઉભાં આવી,
જમવાને અરજ સુણાવી, રામ; ભક્તિ૦
કહે સંત જો અન્ન હું ખાઉં, બહુ આગ થકી બળી જાઉં,
મળે માંસ તો પરસન થાઉં, રામ; ભકિત૦
લોક લાજ તજી લઈ આવી, સતીને હાથે રંધાવી,
લાવ્યા થાળી પીરસાવી, રામ, ભકિત૦
કહે સંત પૂછ્યું નહિં મુજને, કહેવું શું મારે તુજને,
સમજ્યો નહિ મારી ગુંજને, રામ; ભકિત૦
મને મનુષ માસ પર ભાવો, તે કયાંથી તમે લઇ આવો,
હુ અઘોરપંથી બાવો, રામ; ભકિત૦
શેઠ કહે સુણો શેઠાણી, આ કર્મતણી થઇ કહાણી,
કયા ભવની પુણી કમાણી, રામ; ભકિત૦
માણસ માગ્યું નવ મળશે, આ વિપતિ સાથી વળશે,
પ્રભુરામ કૃપાથી ટળશે, રામ, ભકિત૦

પદ ૨૨૩ મુ રાગ સહર.

કહે શેઠાણી સાંભળજો શેઠ, ભકિત શીર સાટે,
તમે અંતર નહીં હડબડજો શેઠ, ભકિત શીર સાટે; ટેક.
પણ લીધું નવ મુકાયે, નીમ લીધું નવ ચુકાયે,
કદી સર્વ ભલે ફુંકાયે, શેઠ; ભકિત૦
સાધુને જમવા તેડી, ના કહીયે ત્રુટે હેડી,
ભકિતની ભાંગે કેડી, શેઠ; ભકિત૦
સુત વિત મિથ્યા કહેવાનું, છે ભાર રૂપ વહેવાનું,
નથી સત જાતાં રહેવાનું, શેઠ, ભકિત૦

સૌ સિદ્ધ બન્યા સત સાધી, લક્ષ્મી રહે સતની બાંધી,
મને સાચી વસ્તુ લાધી, શેઠ; ભક્તિ૦
મારો ચેલૈયો છે નરવો, લક્ષણવતો ગુણ ગરવો,
ભગવત લેખે તે કરવો, શેઠ; ભક્તિ૦
મુંઝવણ એમાં શું મોટી, કાયા માયા સૌ ખોટી,
હરિ ચરણે પડવું લોટી, શેઠ; ભક્તિ૦
જો સુત મારાની માટી, આરોગે હરિ હું ખાટી,
તમે ધીરજ ધરજો ઘાટી, શેઠ; ભક્તિ૦
કુળ થાશે ધન્ય અમારી, જુગ જુગ કીર્તિજ તમારી,
એ માનવ નથી મુરારી, શેઠ, ભક્તિ૦
સૌ શોક સંતાપ ગયો છે, માધવ મહેમાન થયો છે,
આથી શુભ દીન કયો છે, શેઠ, ભક્તિ૦
સતીએ શુભ વાણી ભાખી, શેઠ ચાલ્યા હિમત દાખી,
પ્રભુ રામ રટણ મન રાખી, શેઠ; ભક્તિ૦

પદ ૨૨૪ મું રાગ સદર.

શેઠ જાય નિશાળે ઝટ પટ, રામ, સંત ગુણો જોજો,
હરિ એ માંડી ત્યાં ખટપટ, રામ, સત ગુણો જોજો; ટેક.
હરિ બ્રાહ્મણનું રૂપ લઇને, ચેલૈયા પાસે જઈને,
તેને ચળાવતા ચિત્ત દઇને, રામ; સંત
ધૂતારો આંગણે આવ્યો, ધૂતાર વિદ્યાથી ફાવ્યો,
તુજ તાત તેણે ભરમાવ્યો, રામ, સંત.
તુજ તાત તેડવા આવે, ત્યાં જા તો શીશ કપાવે,
નહિં દયા મારતા લાવે, રામ; સંત.
ધૂતારો ધૂની જાશે, પાછળ પસ્તાવો થાશે,
એ ખાંત ધરીને ખાશે, રામ; સંત૦
ભાગે એ ભણવું મેલી, તો દે મૃત્યુને ઠેલી,
તારી મા તો થઇ છે ઘેલી, રામ, સંત.

એ અતિત બડો છે ખંધો, તુજ તાત ગન્યો છે અંધે,
એણે અવળો માંડયો ધંધો, રામ; સંત.
છું વિપ્ર દયાળુ ખાશો, કહું નાહક માર્યાં જાશો,
જો નસાય તો ભાઇ નાસો, રામ; સંત
હું વાત કહું છું સાચી, તું શીદ રહ્યો છે નાચી.
તારી બુદ્ધિ છે હજુ કાચી, રામ; સંત.
તને વાત ન મારી ગમતી, ચેતાવું થા માં મમતી,
અક્કલ છે તારી કમતી, રામ; સંત;
તારો બચાવ છે નહિ લાખે, ત્યાં જા તો મારી નાંખે,
પ્રભુ રામ વિના કોણ રાખે, રામ; સંત.

પદ ૨૨૫ મું રામ સહર.

ચેલૈયો વળતું વદનો, રામ, વિપ્ર વિચાર કરો,
લજવોમાં બ્રાહ્મણ પદ તો, રામ, વિપ્ર વિચાર કરો;
ભાગે જણનારી લાજે, આ વાત ન તમને છાજે.
અમ શીરપર ગોવિંદ ગાજે, રામ; વિપ્ર.
શીરમાં તે કીંમત શું છે ? એક દહાડે તો મરવું છે,
ક્યાં અમર બની ઠરવું છે, રામ; વિપ્ર
મહેરામણ માઝા મૂકે, મર સાતે સાગર સૂકે,
ચેલૈયો સત નવ ચૂકે, રામ; વિપ્ર.
ભલે ધરતી ધીરજ છૂટે, મેરુ પણ મૂળથી ત્રુટે.
પણ સત મારૂં નવ ખૂટે, રામ; વિપ્ર.
તમે બ્રાહ્મણ આ શું બોલો, કાં અમથા હળીયા ઠાલો.
ડોલું ન વગાડો ઢાલો, રામ; વિપ્ર.
તમે થાઓ માં અવિચારી, જરી વાતજ જુઓ વિચારી,
છે કાય નકામી બિચારી, રામ; વિપ્ર,
મળ મૂત્ર માસનો લોચો, તેમાં મન આપે પોચો,
જરી મનમાં સમજી શોચો, રામ; વિપ્ર.

ાકિતના ભેદો ઉંડા, બ્રાહ્મણ શુ સમજે ભુંડા,
મે ભીખી જાણો કુંડાં, રામ; વિપ્ર.

ીર સાટે સાધુ સેવા, કરવાથી રીઝે દેવા.
ાઈ જાઓ તમે પણ તેવા, રામ; વિપ્ર

ાશું માગે તો દેશું, જગજીવન લ્હાવો લેશું,
ભુ રામ ચરણમ રહેશું, રામ; વિપ્ર.

પદ ૨૨૬ મું રાગ સદર.

ોઠ આવી સુતને કહે છે, રામ; ભકિત ભાવ થકી,
ાધુ તુંજ શીશ ચહે છે, રામ, ભકિત ભાવ થકી, ટેક.

ોલૈયો કહે પિતાને, તમે તજી દેજો ચિતાને,
ગી રહેજો [illegible], રામ; ભકિત

ડકડતે તેલે તળીયો, સૂધન્વા હરિને મળીયો,
ભકિત ભાવે નર ચળીયો રામ; ભકિત.

ોરધ્વજનું અંગ વહેરાણુ, શીબીરાજનુ માંસ તોળાણું,
ારે હરિસામું હેરાણું, રામ; ભકિત.

ીચ ઘેરે પાણી ભરીને, હરિશ્ચંદ્ર ગયો ભવ તરીને,
ાવસર નહિ આવે ફરીને, રામ; ભકિત.

કરવાડે કાયા કાપી, દધીચિને મુકિત આપી,
ત્યારે છાપ કૃપાની છાપી, રામ; ભકિત.

સાધુને કાજે મરશુ, ભવસાગર સહેજે તરશું,
નહી પાપે પેટજ ભરશું, રામ, ભકિત.

વ્રતવાદી બધા સાચા, મૂકે નહિ સતની વાચા,
નહિ બનવું મનના કાચા, રામ; ભકિત.

મીજમાન થયા મુરારી, નવ જાઓ અવસર હારી,
વળી વળી ન આવે વારી, રામ; ભકિત.

થીર મળે સમો નહીં દેખે, આ મળિયો પૂન્ય અલેખે,
હું થાઇશ ઠાકર લેખે રામ; ભકિત.

કીરતાર કાયાથી મોંઘા, શીરસાટે તો બહુ સોંઘા,
પ્રભુરામ ન કરશો ઘોંઘા, રામ; ભક્તિ.

પદ ૨૨૭ મું રાગ સદર.

પડકારો પુત્રે કીધો, રામ, મનોહારી સંતો,
બહુ બોધ પિતાને દીધો, રામ, બલીહારી સંતો; ટેક.
બેઉ ઘેરે ચાલી આવ્યા, કહે આજ અમે અતિ ફાવ્યા,
સતીને મનમાં બહુ ભાવ્યા, રામ, બલી.
ચેલૈયો કહે છે માતા, જગજીવન જગના ત્રાતા,
મહેમાન બન્યા સુખસ્ત દાતા, રામ, બલી.
અરે વિશાંત શીરની શી છે, ચિંતા મન શીદ ધરવી છે,
કુરબાન કાયા કરવી છે, રામ; બલી.
હું જઇશ આવશે બીજો, બીજો જાતા મા ત્રીજો,
આવે નહિં વેળા વીતિ જો, રામ, બલી.
મીજમાની મારી દેજો, કહી સંકટ પડે તે સહેજો,
મારા સમ સુખ બહુ લેજો, રામ, બલી.
કાયા મુજ કેશવ ખાશે, મારી ભવની ભાવટ જાશે;
આ જન્મ સફળ મુજ થાશે, રામ, બલી.
હે રામ! રઘુવીર! પ્યારા, આતમ આધારજ મારા,
હરિવર શરણે છુ તારા, રામ; બલી.
વિશ્વેશ વિભુ કરૂણાળુ, માધવ મોહન માયાળુ,
દીનવત્સલ દીનદયાળુ, રામ; બલી.
એમ કહી ચેલૈયે હાથે, શીર કાપ્યુ સપાટા સાથે,
હેબક ખાધી જગનાથે, રામ; બલી.
ધડ શીશ તો જુદાં થયાં છે, જગજીવન જોઇ રહ્યા છે,
પ્રેમે પ્રભુરામ વહ્યા છે, રામ; બલી.

પદ ૨૨૮ મું રાગ સહર.

મા, સુતશીર શીકે મેલી, રામ, ભકિત ભેદ ભારી,
ઘડ સુધારવા થઇ વ્હેલી, રામ, ભકિત ભેદ ભારી, ટેક
સુધારી રસોઇ બનાવી, હરિ આગળ તે પીરસાવી,
હરિ કહે મારે નથી ખાવી, રામ; ભકિત૦
તમે સાર વસ્તુ સંતાડી, ઘડ મુકયું મુજ અગાડી,
તમે વાત બધીજ બગાડી, રામ; ભકિત૦
ભૂખે માર્યાની ભકિત. મેં જાણી તમારી જુકિત,
છે ખાસાં ખળની પંકિત, રામઃ ભકિત૦
મને મેલી આવો મુજ ઠામે, નથી રહેવું તમારે ધામે,
લેશો મા મારૂં નામે, રામ; ભકિત૦
કહે શેઠ કહો તે કરીયે, માગો તે હાજર કરીયે,
ત્યારે વચન કહ્યાં છે હરિયે, રામ; ભકિત૦
ગીત ગાતા સુત શીર ખાંડા, તમે તરકત તૃષ્ણા છાંડા,
હું તો બાવો છું ગાડો, રામ, ભકિત૦
રોશો નહિં તમે લગારે, કળપિત ન ખપેજં હમારે,
હાલરડા ગાઓ બેઉ હારે, રામ, ભકિત૦
મન જો કચવાય તમારૂં, તો બગડે ખાણું મારૂ,
એ દાન થાય નહીં સારૂં, રામ; ભકિ'૦
મારી અવળી એવી રીતો, મૃત્યુમાં ગાવાં ગીતો,
કહ્યું કરશો તો ઝટ જીતો, રામ; ભકિત૦
સુતશીર માબાપો ખાંડે, હાલરડાં ગાવા માંડે,
પ્રભુરામ ધરમ નવ છાંડે, રામ; ભકિત૦

પદ ૧૭૬ મું રાગ સહર.

આજે આનંદ રંગ રેલે, રામ, ધન્ય ધન્ય વહાલા,
પરમાનંદ સાગર છેલે, રામ; ધન્ય ધન્ય વહા'લા ટેક
સુત બન્યો ખરો બડભાગી, હરિ સંતચરણ અનુરાગી.
દીધા અમને સુભાગી, રામ; ધન્ય.

ભગવત અરપણ તન કીધું, સુત સ્થાન અવિચળ લીધું,
ખરૂં દાન દીકરા દીધું, રામ; ધન્ય.
સમજ્યો તું પ્રેમ ધર્યો, નથી સમજ્યો લેશ ડર્યોમાં,
તું જીવતો છેજ માર્યોમાં, રામ; ધન્ય
મરવામાં જીવન જોવું, મિથ્યા આ જીવતર ખોવું,
એમાં તે શીદને રોવું, રામ; ધન્ય.
આ આત્મ નિવેદન તારૂં, જોઇ હરખે મન હમારૂં,
તે રામધામ કર્યું પ્યારૂં, રામ; ધન્ય.
ભડ ભકત ભલો તું ભાવ્યો, ભકિતમાં ખગ જ વાવ્યો,
ભવ રોગ સમૂળો બાળ્યો, રામ; ધન્ય
તું ભેદ ભકિતનો પામ્યો, મન ચંચળ ઘોડો ડામ્યો,
તને રંગ પ્રેમનો જામ્યો, રામ: ધન્ય.
વાસના વિષયની બાળી અભિમાન ગાંઠ તે ગાળી,
તેથી મારી કડે પાળી, રામ; ધન્ય
તેં તાપ ત્રિવિધના તોષ્યા, હરિસત ખરા સંતોષ્યા,
પરમેશ્વર પ્રેમે પોષ્યા, રામ; ધન્ય.
થઇ ધન્ય કમાઈ તારી, આ હાલરડું સુખકારી,
પ્રભુરામ પરે બલીહારી, રામ; ધન્ય.

પદ ૨૩૦ મું રાગ સહર.

ખાંડયું શીર માત પિતાએ, રામ, હરિ ભકિત સાચી,
દેવો તપતા તે તાએ, રામ, હરિ ભકિત સાચી; ટેક
ડોલ્યું ઇંદ્રાસન તાપે, બ્રહ્મા તપના પરિતાપે,
હરિ કાં સંતો સંતાપે, રામ; હરિ.
વારાહ અંતરે થડક્યા, કચ્છપ પણ મનમા ફડક્યા,
શેષ નાગ સ્થાનથી સળક્યા, રામ, હરિ
ભયથી બ્રહ્માંડો કંપે, જીવ જંતુ જરી નવ જંપે,
જય જય જય કરે સૌ સપે, રામ, હરિ.

શીર ખાંડી પાક પકાવી, સતી થાળ ભરીને લાવી,
તેણે ભકિત ભલી ભજાવી, રામ; હરિ
કહે સંત સુણો સતી માતા, વાંઝીયાનું અન્ન નથી ખાતાં.
એવી શ્રુતીઓ છે વિખ્યાતા, રામ; હરિ.
સતી કેહે શુણો શ્રી વરજી, અમે નથી વાંઝીયા હરજી,
મારે પેટ ગર્ભ નટવરજી, રામ; હરિ.
સાધુ કહે હુ શુ જાણુ, ત્યારે સતીથી નવ સહેવાણું,
જ્યારે કટુ વચન કહેવાણું, રામ; હરિ.
સતી કહે ખબર પડી મુજને, મે જાણ્યો જાદવ તુજને,
તું આવે હાથે જુજને, રામ; હરિ.
તું અવળચડીલો આડો, થાજે માટી મેવાડો,
ઉતારૂં તારાં લાડો, રામ; હરિ.
તારી અવળી ટેવ ત્રોડાવું, ભૂધર તુજને ભડકાવું,
પ્રભુરામ કાન પકડાવુ, રામ, હરિ

પદ ૨૩૧ મુ રાગ દર.

સતિએ શ્રીવર સપડાવ્યા, રામ ભકિત ભલી પ્રકટી,
ચો બાજુથી ચપડાવ્યા, રામ ભકિત ભલી પ્રકટી; ટેક.
ચડીસમ તેજ ભભુકે, હાથે કંટાર ઝબુકે,
વીજળી સરખીજ સબુકે, રામ; ભકિત૦
સતિ કહે સાંભળજે સ્વામી, ખેલ જોજે અંતર જામી,
ચેતાવુંછું બહુ નામી, રામ; ભકિત૦
સતિનું સત લેવું એતો, નથી જમવા લાડુ તે તો,
તુલસી દૃષ્ટાંતે ચેતો, રામ, ભકિત૦
તને ટેવ અનાદિની છે, નહિં આ સતી તો મીની છે,
તારા પ્રેમ રંગે ભીની છે, રામ, ભકિત૦
જ્યાં ત્યાં ઝાંખરામાં ચાલે, આજ પડીયો મારે પાલે,
બહુ હાલ કરીશ હવાલે, રામ, ભકિત૦

સતીયાનાં સત તું ત્રોડે, ઇચ્છાથી પ્રેમે છોડે,
ચડવુ પડશે પનેાે, રામ, ભક્તિ૦
તારી કાનની ચમક રૂડું, કરિ આટોડાઈ ચુરત્રં,
જોગે કેનો ભુંડું, રામ, ભક્તિ૦
મારે હરિ પ્યારા, છેટે ઝપાટો મારો,
છટકવનો ક્રેમ આવો રસ, ભક્તિ૦
હુંશીઆર થઇ અવિનાશી, ચુરતોર થા વેકુંઠવાસી,
સચ્ચિદાનંદ ગુણગાશી, રામ, ભક્તિ૦
સતી પટ કટારી ખોસે, કર પકડયો નાથે જોસે,
ત્રિભુવન પ્રગટીયા હેત, રામ, ભક્તિ૦

પદ રેખતાનું રાગ સફર.

ધનશ્યામ રૂપ ધર્યું, માન, મકરાજનો કાજે,
રૂડ કામતણું છોડયું, રામ, મકરાજનો કાજે ટેક.
સુંદર શરદ ચંદ્રનમ શોભે, હોઠ લાલીમા મન લોભે,
દાડીમ કળી દંતે ઓભે, રામ, ભકત.
દષ્ટિ છે દયાભરેલી, હસવુ મધુકરની એલી,
મુકુટે શોભા સકેલી. રામ; ભકત.
ભકુટી છે મન હરનારી, મરકાકૃત કુંડળ ભારી,
જાઉં નયન કમળપર વારી રામ. ભકત.
શ્રીવત્સ ઊર વનમાળા, મિકુંત જનોઇવાળા,
કોર કરપમ કર મરનળા, રામ ભકત.
હડપચીએ હીરલો ચળકે, લલવટે તીલક ઝળકે,
શર સારંગ હાથે સળકે, રામ, ભકત.
ઉપર ત્રવુ વાંટા ઓપે, નાની ચિત હરતી ચોપે,
ભાળ્યું ભકતનો ભય લોપે, રામ. ભકત.
વિજળીનુ તેજ હરનારૂં, પીતાંબર પહેર્યું સારૂં,
મોહ મુની મનના કરનારૂં, રામ; ભકત.

શુભ ચરણુ કમળ સુખદાતા, નખમણીમાં મુની લોભાતા,
પ્રકટયા હરિવર જન ત્રાતા, રામ; ભકત.
નખ શીખ સુધી નીરખીને, શેઠ શેઠાણી હરખીને,
પદમાં પડીયાં પરખીને, રામ; ભકત.
પ્રેમ આંસુથી પગ ધોયા, અંતર પરિતાપો ખોયા,
પ્રભુરામ પ્રકટ કરી જોયા, રામ, ભકત.

પદ ૨૩૩ મું. રાગ સદર.

હરિએ ઉઠાડયાં હાથે, રામ, સંત મહાજનને,
ચાંપ્યાં છે રૂદીયા સાથે, રામ, સંત મહાજનને. ટેક.

ચેલૈયો સજીવન કીધો, હરિચરણે પડીયો સીધો,
રામે રૂદયાપર લીધો, રામ; સંત.
હરિ કહે વણિકને માગો, માગો માગો ભય ત્યાગો,
નંદન વન સરખા બાગો, રામ; સંત.
કહે શેઠ ન કાંઇ માગું, તમ ચરણુ કમળ અનુરાગું,
મહા મોહ રાતમાં જાણું, રામ; સંત.
આવું કષ્ટ ન દેજો કોઈને, નિજ ભકત નિવાજો જોઇને,
અમે પીયે ચરણુ તમ ધોઇને, રામ; સંત.
બોલ્યા બહુ નામી ભાવે, કદી કોને કષ્ટ ન આવે,
જે પ્રેમ ખરો મન લાવે, રામ; સંત.
તમે જ્ઞાન અખંડિત પામો, મુજ ભકિતમાં મન જામો,
કરજો રૂડાં બહુ કામો, રામ; સંત.
મનથી ઇચ્છો તે થાશે, ત્રય તાપ ટળી તમ જાશે,
હમેશ વસું હું પાસે, રામ; સંત
અરે ધન્ય વણિક છો સાધુ, મુજ અર્થે કીધું બાધું,
છે પદ મુજ તમને લાધું, રામ; સંત.
અદશ્ય થયા અસુરારી, દામોદર દેવ મુરારી,
જયકાર થયો જગ ભારી, રામ; સંત.

કરણાળુ કાલાવાલા, કાને ધર દીન દયાળ,
પ્રભુરામ પ્રણત પ્રતિપાળા, રામ; સંત.

પદ ૨૩૪ મું. ધનાશ્રી.

કર અપરાધો માફ, કૃપાનીધિ, કર અપરાધો માફ; ટેક.
કીટ સમાને મારૂં ગણું નહિ, વાત વદુછું સાફ, કૃપાનિધિ.
હોળી પાપ તણી મુજ હૈયે, અંતર ઉડી બાફ; કૃપાનિધિ.
પાપી છતા પણ પૂન્ય કર્યાની, બહુ મારી મેં બાફ; કૃપાનિધિ.
અશરણુ શરણુ ધર્યું તે આનું, કર દિલે દરિયાફ; કૃપાનિધિ.
પ્રભુજનપર કરૂણા કર પ્યારા, રામ ન કર ઈન્સાફ; કૃપાનિધિ.

પદ ૨૩૫ મુ. રાગ સદર.

દે દર્શન વ્રજરાજ, દયાનિધિ, દે દર્શન વ્રજરાજ. ટેક.
પુરણ બ્રહ્મ સનાતન સ્વામી, જન્મ સુજન હિત કાજ; દયાનિધિ.
સેવક શાળ સુપાળ કૃપાથી, તું જલધર મહારાજ; દયાનિધિ,
અપરાધી છું પાપી પુરો, લેશ ન સારા સાજ; દયાનિધિ.
જાણુ અજાણે ઉધા કામા, મે કીધા જગરાજ; દયાનિધિ.
દેવ દયાળુ ઢીલ નહી ધરજે, માફી દઈ શીરતાજ; દયાનિધિ.
રક્ષ પ્રભુ શ્રી રામ કૃપા ધન; બાંહી ગહ્યાની લાજ; દયાનિધિ.

પદ ૨૩૬ મું રાગ સદર

ભકત વત્સલતા ભાળ, રામા તારી, ભકત વત્સલતા ભાળ. ટેક.
કોલવા, સેના, કબીરા દાદુ, નરસીની લીધી સંભાળ; રામા તારી.
મૂળદાસ, મીરાં, અખી, નઝીરા, બાપુપર થયો છું
દયાળ; રામા તારી.
અધમ ઓધારણુ ભવજળ તારણુ, અનંત કીધા ન્યાલ; રામા તારી.
પ્રભુ હરી રામા આશ્રય તારો, કરૂણાનીધિ કૃપાળ: રામા તારી.

પદ ૨૩૭ મું. રાગ સદર.

હવે તો તાર તાર, હરિ તાર, હવે. ટેક.

સાધન હાર્યો હું પરવાર્યો, કર ઝટ તું નીસ્તાર. હવે
લે પટ માયાનો સંકેલી, ઝાઝો નહિં વિસ્તાર, હવે.
કિંકર જાણી ચરણ કમળનો, કર ... કો લે ... રતાર હવે
દુર કરી દે દિલ દષ્ટિથી, જુઠો જગ ચીતાર, હવે.
પ્રભુજન સ્વામી રામ દયાર્થ, દે પદ બાંધી તાર, હવે

પદ ૨૩૮ મું રાગ સુંદર

કિંકર પર રઘુરાજ કૃપા કર. કિંકર પર ... ટેક
આરતવાણી ઊર ઉમેરણી, ઝટ દે ... કૃપાકર
વિષય રસો માંગે મન ગ યા, કેમ ... દુર અભાજ. કૃપાકર.
દિલ ઝુંપડેથી દે ઉડાવી, આતુર ... છાજ, કૃપાકર.
બહુ જન્મોથી ફેરા ફરતાં, હું આવ્યો ... લાજ, કૃપાકર.
વાર લગાડ નહિં હે! વ્હાલા, ... કર ... કૃપાકર.
રામ પ્રભુ જનનો ધર કાને, આરતવાન અવાજ, કૃપાકર.

પદ ૨૩૯ મું, રાગ સારંગ

ભક્ત વત્સલ ભગવાન, ભજ્યા ભગ, ભક્ત વત્સલ ભગવાન. ટેક.
વેદ વિરૂધ રાવણ બહુ વરત્યો ... માન. ભજ્યા.
સાધુ સતાવ્યા સ્વર્ગ ઉજાડયું, ... કાન, ભજ્યા.
વાત ... ભજ્યા.
લાન ... ભજ્યા.
નિજજનનું અપમાન થયું ... નિ...તાન, ભજ્યા
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, તન મન કરી કુરબાન, ભજ્યા.

પદ ૨૪૦ મું રાગ ...

દયાળુ સૌના દેવ કૃપાળ, ... ટેક.
... દયાળુ.
તેજ પ્રતાપ રૂપે રસરાશ, નારાયણ નરપાળ; દયાળુ.

હરિહર બ્રહ્મા ત્રયરૂપ જગની, હેતા કૃશેછો બાળ, દયાળુ.
મન વનકેરા સુમન મરસની, પ્રીતે ચરપું માગ; દયાળુ.
દાસ પ્રભુ મન રામ વસાવો, કરગરતો બની બાળ, દયાળુ.

પદ ૨૪૧ મું. રાગ સદર.

મદદે ધા યદુરાજ, હવે તો, મદદે ધા યદુરાજ; ટેક.
જ્યાંથી મેં જીવ તન ધરેયુ, થો દાતનુ બજ, હવે તો.
દેહ ધરે તેને જમ ઝરપે, જાત એજ રિવાજ, હવે તો.
તું કરૂણાગુ જો રીઝે તો, મગે નામ દઢ પાજ; હવે તો.
તુ રીઝ્યો છો સઘળાં ખીજે, મગ જમ હોનારાજ; હવે તો.
ભવજળ તરવાને દિનબંધુ, દે ભક્તિ રૂપ જહાજ, હવે તો.
ગરીબ બની પ્રભુજન પોકારે, નામ રખાગ નિવાજ, હવે તો.

પદ ૨૪૨ મું રાગ સદર

કાપ કરમના કોટ, કૃપાનિધિ, કાપ કરમના કોટ; ટેક.
આસ અજાના બમકે ખામા, ત્યાં નહી આવી ખોટ કૃપાનિધિ.
અજવાળો આતમા આવી, કરમ નહી ખોટ, કૃપાનિધિ.
દીન દયાળુ! દુઃખે ભાગ્યો દુનિયામાં દઉં દોટ, કૃપાનિધિ.
ભક્તોને ક્યકાંક ભામ બહુ, મહા મોટ, કૃપાનિધિ.
બાલ્હાનંદી દ્વારે પુકારૂ, દે ઊંડા પની ચોટ, કૃપાનિધિ.
દાસ પ્રભુજન મારે નાચી, નમ નરક નોટ કૃપાનિધિ.

પદ ૨૪૩ મું. રાગ સદર

રામકૃષ્ણ હરિ, બોલોભાઈ, રામકૃષ્ણ હરિ. ટેક.
હરિ હરિ રામા, સુંદર શ્યામ, મહા કૃષ્ણ હરિ, બો. ભા.
નટવર નાગર, શુભ ગુણ સાગર, નામ કૃષ્ણ હરિ, બો. ભા.
ગિરિધારી, કુંજવિહારી, ગોપીજન પ્રાણ હરિ, બો. ભા.
રાસ રમણ પ્રભુ નંદજીનંદન, જગત વંદન શ્રી હરિ; બો. ભા.

પદ ૨૪૪ મું રાગ ક્યાંથી આ સંભળાય.

સુરંગી સ્વર, શું શ્રવણે અફળાય, સુરંગી. ટેક.
તનનન તોમ તોમ તનનન થાયે, સુરસાગર ખળભળાય; સુરંગી.
ધીમી કીટ ધીમી કીટ કીટ કીટ ધાએ, અંતર બહુ અકળાય. સુરંગી.
ગણુણુણુ ગણુણુણુ ઝાલરી સાથે, ખંજરી આ સભળાય; સુરંગી.
રૂમ ઝુમ રૂમ ઝુમ છુમ છુમ શબ્દે રણુકે રામ કળાય. સુરંગી.
દાસ પ્રભુ એ અનહદ નાદે, અંતરમાજ ભળાય, સુરંગી.

પદ ૨૪૫ મું રાગ સદર.

જન્મતણું ફળ પામ, પ્રાણી પ્યારે, જન્મ. ટેક.
કુથલી કુડા જનની મુકી, ભજ ભાવે શ્રી રામ, પ્રાણી.
સગાં કુટુંબી જોવા મેલી, નીરખ સુંદર શ્યામ; પ્રાણી.
નિંદા સાંભળ માં થઇ નકટો, સાંભળ હરિ ગુણ ગ્રામ, પ્રાણી.
હત્યા કરતાં કરને વાળી, સેવી લે ઘનશ્યામ; પ્રાણી.
પાપી પંથે પગ ન જવા દે, જા તીર્થે ધરી હામ, પ્રાણી.
રામ પ્રભુ પાંચે ઇંદ્રીયથી, ભજ ભજ છોડી કામ, પ્રાણી.

પદ ૨૪૬ મું. રાગ સદર

ભજ રઘુનંદનને સુરાગી મન, ભજ રઘુનદનને. ટેક.
જાનકી જીવન મંત્ર સજીવન, દશરથ નંદનને, સુરાગી.
પ્રબળ પ્રતાપી વિશ્વે વ્યાપી, જન મન રજનને; સુરાગી.
ભક્તોની ભેરે ભમનારા, ભવભય ભંજનને, સુરાગી.
ગુણવંતા ગોદ્ધીજ હિતકારી, ગુમાન ગજનને; સુરાગી.
નારાયણ નરપાળ રટી લે, નાથ નિરંજનને, સુરાગી.
દાસ પ્રભુ પ્રિય રામ કરી લે, ખળ મદ ખંડનને; સુરાગી.

પદ ૨૪૭ રાગ સદર.

હુકમ આ રામે કીધા ખાસ, હુકમ. ટેક.
રામે દીધો અરામે દીધો, પુગવા પોતા પાસ, હુકમ.

પરખી દશ્ય પ્રપંચજ જુઠો, તજવી તેની આશ; હુકમ.
કાયા માયા મિથ્યા માની, કરવી ન તેની કાશ, હુકમ.
પ્રભુજન સ્વામી રામ ભજયામાં, રાખ્ય ન લેશ કચાશ; હુકમ.

પદ ૨૪૮ મું રાગ સદર.

જીવા ! જા તપવા તપ તું, જીવા. ટેક.

જા તપ તપવા જાપ સુજપવા, મૂકી બધી લપ તું, જીવા.
આતપે તપમાં મૂઢમાં ખપમાં, સુજ્ઞ વિષે ખપ તું; જીવા.
તાપો ટળશે, પાપો બળશે. માન નહિં ગપ તું, જીવા.
પ્રભુજન સ્વામી રામભરૂસે, રામ હૃદય જપ તું; જીવા.

પદ ૨૪૯ મું. રાગ સદર.

કેમ રહ્યું તપતું, હજીયે મન; કેમ રહ્યું તપતું. ટેક.
જ્ઞાન ન ભાવે સાન ન આવે, ખોટામા ખપતું, હજીયે.
હરિથી છટકે ભવમાં ભટકે, શીદ ફરે લપતું; હજીયે.
માયા કાણો કુકુપ જાણ્યો, તોય હજી ટપતું, હજીયે.
પ્રભુજન સ્વામી રામ ભરૂંસો ધર હરિ હરિ જપતું; હજીયે.

પદ ૨૫૦ મું. રાગ સદર.

લંપટ થા ન લગાર, મુરખ મન, લંપટ થા ન લગાર. ટેક.
ગુરૂ સેવામાં ગણુ ગણુ શાને, ઘરકામે હુંશીયાર, મુરખ.
સ્રીને સાળુ ચણીયો મળતો, ગુરૂને ધબ્બા ચાર; મુરખ.
ટોપી તનીયો દે છોકરાંને, ગુરૂ કૌપિનમાં વાર, મુરખ.
રામ પ્રભુ ભજ ગુરૂ સેવા કરી, તો થાશે નિસ્તાર; મુરખ.

પદ ૨૫૧ મું રાગ સદર.

હરિ હર ધ્યાન ધરો, બુદ્ધિના બાધા, હરિહર ધ્યાન ધરો. ટેક.
અવર ધંધામાં અરથ ન તારો, માયામાં શુ :મરો, બુદ્ધિના.
મિથ્યા માયાના ખેલજ ખોટા, ચિંત, ન ચિત્ત કરો, બુદ્ધિના.

જોબન તારૂં જાશે હરીજા, ફટફેર થઈ ન ફરશે, બુદ્ધિના.
પ્રભુ હર ધ્યાને ચીત ન રાખો, ગંથ પ્રતિણુ ભગે; બુદ્ધિના.

પદ ૨૫૨ મું. રાગ સહર.

શાને તું શોચ કરે, વખત વીતે શાને તું શોચ કરે. ટેક.
નિર વહી ગયું પાળ કરી નહિ, હાણ હવે શું કરે, વખત.
અમૃતનો નળો હાથથી ફુટયો, શાને તું રૂદન કરે, વખત.
સરોવર સુકયું પ્યાસ ગઈ નહિ, તરસ્યો તું જ મરે. વખત.
દાસ પ્રભુ મન સમજી સપાટે મુખ મન રામ ધરે; વખત.

પદ ૨૫૩ મું. રાગ સહર.

રામ વિમુખ સંગ ત્યાગ, મન તું, રામ વિમુખ સંગ ત્યાગ ટેક.
વિમુખ પુરૂષની વાંસે વળતાં, નિશ્ચય ફુટે ભાગ, મન તું
પય જો પાડુ પ્રાનેથી ન થયે કાગને ગિરનિખ કાગ, મન તું
નીચના સંગ નિશ્ચય તજો, નર્કે જવાનો માગ મન તું
પ્રભુ હાથેથી જાવા ન દેશો, રામ ભજનનો રાગ; મન તું

ईश्वर शरणथी ज कृपा थाय छे.

પદ ૨૫૪ મું રાગ સહર.

તોડીને જગ જંજાળ, ભજન કરો, તોડીને જગ જંજાળ ટેક.
જાળ જગતની કઠ બંધાણી રીઝે ન રામ રસાળ, ભજન
બંધન આડા ચોડા સગાના, દઝ ર ન દયાળ, ભજન
સ્નેહીના બંધન સપડાવે, મન ન બને મરમાળ, ભજન.
દાસ પ્રભુ હરિશરણે થાતો, કરૂણા કરે કૃપાળ, ભજન.

भजननी जरुर.

પદ ૨૫૫ મું. રાગ સહર.

જમને ખોળે જાય, ભજન સંગી, જમને ખોળે જાય ટેક.
હરિકિર્ત્તનમાં આડા આવે, યમ દ્વારે હરડાય, ભજન.

કુંભી પાકમાં નાખે નિશ્ચય, જગમા હુડધુત થાય; ભજન.
આ ભવ તે ભવ સર્વ બગાડે, અધમાધમ ગતિ થાય; ભજન.
પ્રભુ કદી રામા ભજને ન નડતો, સૌ સુખકારક થાય, ભજન.

પદ ૨૫૬ મું રાગ સદર.

[illegible] શરણુ દઢ રાખ, મન તું, રામ શરણુ દઢ રાખ. ટેક.
બાનું મોટું બળવંતાનુ, સ્વાદ તેનો તું ચાખ, મન તું.
અધમ ઉદ્ધારે નીજજન પાળે, બિરદાવળી દીલ ઝાંખ; મન તું.
ભુંડા ! ભુધર ભજવાની તને, કેમ ન થાતી ડાંખ, મન તું.
મક્રુમતાથી મમતા મેલી, પ્રભુ ભજ મેલી માખ; મન તું.

પદ ૨૫૭ મું રાગ સદર.

રામચરણુ રજનો, ભરૂસો, રામચરણુ રજનો ટેક.
ઈંદુસમાન સુખદરશ વિના સૈ', હારી ગયા જ જનો, ભરૂસો.
શીલા રૂપ અહલ્યા તારી, મહિમા પરમ રજનો; ભરૂંશો.
એજ સ્પર્શ ચાહે છે નિશદિન, સંત મહા સજ્જનો, ભરૂંસો.
સર્વાંગે પ્રભુરજ લપટાયે; ફેરો નથી વ્રજનો; ભરૂંસો.

પદ ૨૫૮ મુ ભજન કર ભવસિંધુ તરવા એ લય.

નિયમ કર, જગજીવન જપવા. ટેક.
મદમાં અધા, મૂઢ ન બંધા, મૂરખમાં ખપવા, નિયમ.
ધુતવા ધંધા, કર માં ખંધા, ધા માં, કુપ ટપવા, નિયમ.
તૃષ્ણા તોરે પુર માં જો રે, ત્રયતાપે તપવા, નિયમ.
પ્રભુપતિ રામે, ધર મન ઠામે, જા માં જીવ લપવા, નિયમ.

પદ ૨૫૯ મું રાગ સદર.

સ્મરણુ કર, સીતાવર વરવા. ટેક.
સ્થાન અવિચળ, મેળવ નીર્મળ, સ્થિરતાથી ઠરવા, સ્મરણુ.
લે જપ ઝંડી, મટ પાખંડી, ભવભયને હરવા; સ્મરણુ.

ઉભા આમા આનંદધામા, કૃષ્ણુ કૃપા કરવા, સ્મરણુ.
રામ પ્રભુના સ્વામી વિભુના, ગા ગા ગુણુ ગરવા, સ્મરણુ.

પદ ૨૬૦ રાગ સદર.

ફીકર કર, ભવનિધિ આ તરવા. ટેક.
કપટી જનની તન ને ધનની, કરમાં શઠ પરવા, ફીકર.
જગ ઝગડામાં વન વગડામાં, જા માં જડ ચરવા; ફીકર.
મદ મમતાથી, નિચ નમતાથી, માંડ જરી ડરવા, ફીકર.
પ્રભુ પ્રિય સ્વામી, રામ અનામી, ભજ નિર્ભય ફરવા; ફીકર.

પદ ૨૬૧ મું રાગ સદર.

જીકર કર કાં મોહે મરવા. ટેક.
રખડે રાને જે વેરાને, રહે નહીં નરવા, જીકર.
મરશે એકલા થાશે ચેલા, ઉદર જે ભરવા; જીકર.
કાળ ન દંડે, સ્નેહે મંડે, રામ ધ્યાન ધરવા, જીકર.
દાસ પ્રભુના રામ વિભુના, ગા ગા ગુણુ અરવા; જીકર.

પદ ૨૬૨ મું રાગ સદર.

ચિવટ કર; જમને ઝાટકવા.
પાપી પંથે કે નિચ ગ્રંથે, ધા નહીં પાટકવા, ચિવટ.
મન પોચેથી ગિરિ ટોચેથી, ખ્હામાં ત્રાટકવા; ચિવટ.
મન મંગલમાં, જગ જંગલમાં, જા નહીં અટકવા, ચિવટ.
પ્રભુ પ્રિય સ્વામી, રામ અકામી, શરણે ધા ટકવા; ચિવટ

પદ ૨૬૩ મું ધનાશ્રી રઘુ નંદનરે સ્વામી સ્હાય કરો એ લય.

સુધર્મ રે! ધારો ધીર ધરી, ટેક.
ધુસર ધર્મ ધરો થઈ ધોરી,
શમ દમની બાંધી શુભ દોરી;
તોરી થા ન જરી; ધારો.

મમતા મદ ને મોહ ત્યજીને,
વાત ખરી ધરજો જ ખજીને;
ભજીને ભાવે હરી   પ્યારો.
કામ ક્રોધ ને કરીને ધાંધા,
ધર્મ તણા પહેરીને વાઘા;
આવ્યા, ખસો ના ડરી.   પ્યારો.
પ્રભુ જગ ઠાઠ સમજી ને કાચો,
રઘુવર ધર્મ બતાવે સાચો;
રાચો રામ વરી;   પ્યારો.

પદ ૨૬૪ મું રાગ સદર.

અધર્મ રે ! મુકો હાશ થઇ.   ટેક.
નાહકની ધુળ શીદ ધમાવે, ઝાઝી જીત શું જાગ જમાવે,
નાવે, હાથ કંઇ;   મુકો.
અધરમનાં ગાણું જે ગાયે, ચંદ્રગામી તે નર ઝટ થાયે;
જાયે, ભાત લઇ;   મુકો.
ઉદમતિયા મર કેમ ન લાજી, પાપ પયોધિ પડકા પ્રાજી,
બાજી, લાસ ગઇ;   મુકો.
નરદેહી સમ સુદર વાજી, પ્રભુ રામે દીધો થઈ રાજી;
તાજી, શકિત દઈ;   મુકો.

પદ ૨૬૫ મું રાગ સદર.

સુકર્મ રે ! કરવાં પ્રેમ થકી.   ટેક.
નીચાં કર્મ ન કરવાં ઠાલી,
રહેશે હાથે ઉધી પાલી;
ચાલી, જાય ચકી.   કરવાં.
ખાતે ખોટ ન ખાવી ખાલી,
વ્હોરાભાઇનું નાડું ઝાલી;
બાલી, જાન નક્કી.   કરવાં.

ફોકટની ફુલવાડી ફાલી,
તેની ઉડી જાશે લાલી;
વ્હાલી, વાત બકકી. કરવાં.
જીવ તું કરમાં વૃતિ કાલી,
પ્રભુ રામમાં લે મન ઘાલી,
તાલી, મારી પક્કી; કરવાં.

પદ ૨૬૬ મું રાગ સદર.

સુસંગથી જગમાં શું ન થતું ટેક
જાલીમ જાળ જગતની ત્રોડે, હાથીવાળો હરીથી જોડે.
હોડે, કરવા મતું; જગમાં.
બંધન બહુ જનમના છોડે, મુકિતપદ મેળાવે કોડે.
ખોડે, કર માં વતું,[1] જગમાં.
હેય ચઠાવી જશને ઘોડે, અપજશની મરજાદા મોડે,
ચોડે; ધાડે છતું, જગમાં.
જમદુતોને મારે જોડે, હાંકી કાઢે માથે ખોડે,
હોડે, હાર ન તું, જગમા
સુસંગ કરતું થોડે થોડે, પ્રભુ રામથી આવ બથોડે,
(તો) ફોડે, ઉંધુ ચતું, જગમાં.

પદ ૨૬૭ મું રાગ સદર.

દુ:સંગથી, ભાગ્યો, ભાગી જશે. ટેક.
પુન્ય બધાં જાયે પરવારી, હેઠા હાથ પડે હર વારી,
કારી, ઘાવ થશે, ભાગ્યો.
કષ્ટ કલેશ નર્કોની બારી, ધર્મ તણી હાનિ કરનારી,
ધારી, લે કાં ધસે ? ભાગ્યો.
કુસંગની ખાડી છે ખારી, સ્રિ ધનની લાગે ધંખારી,
હારી, હાથ ઘસે, ભાગ્યો

---

૧ વતુ=હજામત.

પ્રકટે આગ હતી જે ઠારી, ભરે વાગના બુરી નઠારી,
નારી, પાસ ફસે; ભાગ્યો.
તજ કુસંગ દઉછું સભારી, પ્રભુ રામનો થા આભારી,
મ્હારી, વાત વસે; ભાગ્યો.

પદ ૨૧૮ મું રાગ સદર.

નિઃસંગરે ! થા તું જીવ ભલા ટેક.
વિષય ધ્યાનની કરતા લપ જે, સંગ કામ તેથી મન નીપજે,
ઉપજે, ક્રોધ બલા; થા તું
ક્રોધ થકી મન મોહ જ વળગે, ભાન બુદ્ધિનું ભાગે અળગે,
સળગે, હોળી ઠલ્લા; થા તું.
બુદ્ધિ નાશ થતા મા ડોબા, અધો ગતિ થાયે થા તોબા,
ઝોબા, કરશે હલ્લા; થા તું.
સંગ સર્વથા મનથી તજાવી, રામ ભકિતનો વેશ ભજાવી,
વાવી, લે આંબલા, થા તુ.
ગાય પકડ મૂકી દે ખરી તું, પ્રભુ રામાશ કરી લે વરી તું,
તરી તુ, જા બાપલા; થા તું.

પદ ૨૧૯ મું રાગ સદર.

અભગ રે ! ધ્યાને રામ ધરો. ટેક.
ધ્યાન ધર્યામાં ધન નવ બેસે, મુશ્કેલી નહિં નડશે લેશે,
વેશે, રાગ કરો; ધ્યાને.
ધરણી ધર હૃદયામાં ધારી, જગતજાળથી ન જવું હારી,
કારી, દાવ ખરો; ધ્યાને.
પાપ તાપ સહુ આગ્રાં પળસે, શ્રીવર ધ્યાને મન જો મળશે,
ટળશે, કર્મ થરો, ધ્યાને.
ધ્યાન ધરી ગોવીંદ ગુણ ગાશે, પૂર્ણ પવિત્ર પલકમાં થાશે;
જાશે કલેશ પરો, ધ્યાને
ધ્યાન જીવનાં બંધ નિવારે, પ્રભુ રામ ભવ પાર ઉતારે,
સારે, સ્થાને ઠરો; ધ્યાને.

પદ ૨૭૦ મું રાગ સહર.

મુજંગમાં, જમથી જોરે વઢો; ટેક.
જ્ઞાન તોપ ભજનના ગોળા, કરો હાથ નહી પડશો મોળા,
ન્હોળા, બાંધી ગઢો; જમથી.
શત્રુસેનમાં પાડો સાકા, રામ નામનાં બાંધો નાકાં,
પાકા, પાઠ પઢો; જમથી.
ધરો દયા થઇને બહુ રહેમી, બનો શ્રદ્ધાળુ મટીને વ્હેમી,
પ્રેમી, ઘોડે ચઢો; જમથી.
બાનાનું બખતર ધરી અંગે, ભાવ થકી વિચરો સતસંગે,
રંગે, પાકે મઢો, જમથી.
ભોળાવું નહી મનતા ભ્રમથી, પ્રભુ રામ બચાવે શ્રમથી,
જમથી, સુખે લઢો; જમથી.

પદ ૨૭૧ મું રાગ સહર.

સુરંગ રે! ખોદો શાંતિ તણી. ટેક.
કાઢો મોહ પડાનો, ભારો, મદ પથરાને ફોડયો સારો,
મારો, માન ફણી; ખોદો.
આવી તક હાથે નવ ચુકો, સુરંગ ઉંડી ખણીને ફુંકો,
મુકો, આગ કણી; ખોદો.
ઓચિંતો કરીનેજ ધડાકો, વીર વિરાગની મારો હાકો,
તાકો, રામ ભણી, ખોદો.
વિષયવાસના ઘો તરછોડી, અભિમાન બધનને ત્રોડી,
છોડી, નાખો પણી; ખોદો.
પંચાતી જગની ધિક્કારો, પ્રભુ રામ શરણુ સ્વીકારો,
ધારો, મોટો ધણી; ખોદો

પદ ૨૭૨ મું રાગ સહર.

કુરંગમાં, ભરતે ભાવ ભર્યો. ટેક.
ધર તો યોગ વિરાગ તણું એ, હતું જ્ઞાન વિજ્ઞાન ઘણુંયે,
આણુંયે, સંગ જો કર્યો; ભરતે.

મૃગલું જો રમતુંતું દગમાં, રોગ ગયો વ્યાપી રગરગમાં,
મૃગમાં, જન્મ ધર્યો; ભરતે.
ત્રણ અવતાર ધર્યા અડબંગે, એ પરિણામ થયુંજ કુસંગે,
સંગે દોષ ઠર્યો; ભરતે.
ઘર ઘર સંગ ન કર કહું હું તો, કદી સંગમાં મન રહ્યું તો,
તું તો નિશ્ચે મર્યો; ભરતે.
જગમાં જીવ વિચર જડ રીતે, પ્રભુરામ ભજ પૂરણ પ્રીતે,
જીતે, છૂટો ફર્યો; ભરતે.

પદ ૨૭૩ મું રાગ સદર.

તુરંગમાં અંતે જાવું પડે; ટેક.
વળગે જેહ વિષયને ભુંડે, ઝાઝા જોડા વાગે મુંડે,
ભુંડે, ભાઠે ભડે, અંતે.
જગમાં જે ચમડો થઇ ચોટે, તેને જમડા વળગે ટોટે,
ખોટે, ખાડે ખડે; અંતે.
ચોવટને ચોરે જે ચડશે, ઝાઝાં જમનાં સંકટ નડશે,
પડશે, હાથે હડે; અંતે.
ધંધામાંથી જાયે બરકત, જમ પાસે નવ આવે તરકટ,
હરકત, ઝાઝી નડે; અંતે.
હવે ઝાળ ઝાઝી દે ઠારી, પ્રભુ રામ લેશે ઝટ તારી,
ધારી, આવ્ય ઘડે; અંતે.

પદ ૨૭૪ મું રાગ સદર.

મલંગની મસ્તી માંહે મચો; ટેક.
પ્રેમ ઘટા છવરાવો ગાઢી, કામકળાનાં કષ્ટો કાઢી,
વાઢી નાખો અચો, મસ્તી.
ભાવનદીમાં ડુબો શૂરે, ધ્યાન તાનમાં રહો ચકચૂરે,
પૂરે પૂરા પચો, મસ્તી.
પરમેશ્વરના પદમાં ઝુકો, બાંધી તાર કદી નવ ચૂકો,

મૂકો ભમ્મો ચચો; મસ્તી.
મોહનની માળાના મુડા, પહેરો રામ ભજનના ચૂડા,
રૂડા, રાગે રચો; મસ્તી.
શુભ સંબંધ કરો સુક્રમથી, વરો પ્રભુ રઘુરામ બ્રહ્મથી,
ભ્રમથી, ભાઇ બચો; મસ્તી.

પદ ૨૭૫ મું રાગ સદર.

અનંગથી, આઘો થા બાઘલા, ટેક.
અંગ વિના વ્યાપેજ અનાડી, બંધ બુદ્ધિના નાખે ફાડી,
પાડી દે ભાગલા, આઘો.
તપસી જોગી ત્યાગી ઝપટયા, વિરાગવાળા જ્ઞાની દપટયા,
લપટયા જો ગાગલા; આઘો.
જડ ચેતન જોયું ન ઉગરતુ, કાળ ચક્ર બ્રહ્માડે ફરતુ,
મર તું, કાં ડાઘલા, આઘો.
કામ બાણુને લેખી હલકા, મરક મરક તું મન કાં મલકા,
છલકા મા ચાગલા, આઘો.
પ્રભુ રામને પડી જા ચરણે, તે સભાળે મરણે પરણે.
ચરણે, ધા. લાડલા; આઘો.

પદ ૨૭૬ મું રાગ સદર.

પ્રસન્નતા, થનમા રાખી રમો; ટેક.
વિષય તજો સમજીને વાતિ, ચિત્ત વિષે ભરી દેજો શાંતિ,
ભ્રાતિમાં શું ભમો; મનમા
તપનો દંડ દઇને તનને, સત્ય દડ આપીજ વચનને,
મનને, ખૂબ દમો, મનમાં
સડકો તો સહી જાઓ સુખનો, ભડકો વેઠી લેજો ભુખનો,
દુઃખનો દાહ ખમો; મનમ
બારસ થઇ બેસો માં ભુખડી, લજવો માં માતાની કુખડી,
સુખડી, સારી જમોમ;માંન.

નાહક નહિં તણાવું મદમાં, પ્રભુ રામની આવો હદમાં, ... જનમાં,
પદમાં, પ્રીતે નમો;

પદ ૨૭૭ મું. રાગ સદર.

દરિદ્રના દિલથી દોષો ક્ષમો; ટેક.
દુખીયાના દુઃખ સામું જોજો, વ્હાર કર્યામાં તક ના ખોજો,
ધોજો, પાપો તમો; દિલથી.
અભિમાનમાં લજવ્યું કુળને, હાથે કરી કાપ્યું છે મુળને,
ધૂળને શાને ધમો; દિલથી.
દાન દીધામાં પ્રેમ કરીને, કંગાલોપર ભાવ ધરીને,
હરીને આપે ગમો; દિલથી.
ઉંચનીચના ભેદો કાઢી, પ્રીત કરો સૌ સાથે ગાઢી,
વાઢી, નાખો ભ્રમો; દિલથી.
પ્રભુરામ હુકમ છે અહિં તો, ખાટો દીનપર દયા રહી તો,
કહી તો ચુકયા અમો; દિલથી

પદ ૨૭૮ મું રાગ સારંગ.

મોરલી ધરજી ! વાત સુદામો કહે છે, સાંભળ સ્નેહથી ટેક.
ગુરૂ ગૃહ ભણતા સાથે રહેતા, કાષ્ટોના ભારા શીર વહેતા,
તો પણ આનંદ અધિક લેતા; મોરલી.
મમતા મુજ પર પ્યારા તારે, તારો દઢ આશ્રય છે મારે,
તમે ચડો ચડો વ્હેલા વ્હારે; મોરલી.
દારા મતિયે સન્માન કર્યું, તુજ સ્નેહે મારૂં મનડું હર્યું,
તાંદુલ બંડલ મેં પાસ ધર્યું; મોરલી.
બે મૂઠી તાંદુલ તેં ખાધા, રૂકૃમણિયે ત્યાં કીધી બાધા,
તું વશ વરત્યો એવા વાંધા, મોરલી.
મને અઢળક દોલત તેં આપી, તન તાપ મહા પાપો કાપી,
પ્રભુ છાપ પ્રતાપી તેં છાપી; મોરલી.

પદ ૨૭૯ મું રાગ સદર.

મોરલી ધરજી ! સાંભળ સાંભળ વાત કહુ છું છેલ્લી. ટેક.

હવે છેક ગયો છું હું હારી, સંતાનો સંતાપે ભારી,
તેં વશમી વેળા નહીં વાળી, મોરલી.
હું સેન સમેટું છું મારૂં, મારાથી સેન ફોડું તારૂં,
તારે નીકળવાનું નહીં આરૂં; મોરલી.
હુંહડતી હડતાળો પાડું, ધંધે ધાપે પાડું ધાડું,
તારા હાટે પાડું હું રાડયું, મોરલી.
પ્રભુ આવો સમો જો નવ આવે, તો મોરલીધર મુજ મન ભાવે,
પ્રભુ પ્રેમ ધરી તુજ ગુણ ગાવે; મોરલી.

પદ ૨૮૦ મું રાગ સદર.

મોરલી ધરજી, વાત વીતકની કહુ સાંભળજે સ્નેહથી. ટેક.

ભુત ભુસ્કાં મારે છે ઘરમાં, તણુકાટ તાવડીનો ઘરમાં,
ઘટ જાડાં મળતાં બળમાં, મોરલી.
એકાદશી ચારે ખૂણ વસે, તારીજ જયતિ મધ્ય ધસે,
હંડીમાં ભુખ્યો ભુત હસે, મોરલી.
પોષણ જ્યાં પૂરૂં નહીં થાયે, બીજી વાતો શું કહેવાયે,
કહેત્રા વિણુસમજી તું જાયે; મોરલી.
ઝટ સમજ સમજતો સારૂ છે, અંતે તો કામ અકારૂં છે,
નકી ફટકયુ હવે મન મારૂં છે, મોરલી.
હું ફટકયે લાભ તું શું લેશે, તારી પેઢીએ તાળાં શું દેશે,
પ્રભુ સારે લીધાં વિણ શું રહેશે, મોરલી.

પદ ૨૮૧ મું રાગ સદર.

મન માંની મૂઢ, માન માન માનવ થા તજી દે માનજી,
બુધલશા બૂઢ, ભંભેરાયો ભટકયો ભૂલ્યો ભાનજી; ટેક.
તું ભાન ખોઇ અભિમાની થયો, હું પદમાં અંધા ગળતો ગયો,

ગધો થઈ ગુણી પીઠ વહ્યો; મન.
અહંકારી હિરિણાકશ્યપ શા, રાવણ બાણાસુર કંસજ શા,
પલ પાભાગે યમદ્વાર વસ્યા; મન.
જે જે જન માને તાની થયા, તે કાળપુરેજ તણાઇ ગયા,
કહાણી કહેવા કોઈ નહીં રહ્યા; મન.
હજુ માન તાન અભિમાન તજે, જરી ભાન ધરીને સાજ સજે,
તરી જશે પ્રભુ હરિરામ ભજે; મન.

પદ ૨૮૨ મું રાગ સદર.

હે પાપી પ્રાણ, પાપ અમાપ કર્યાં પરિતાપો પામતાં;
મંડાણી કાણ, વાણ કરી નહીં વંઠેલા તેં વામતાં; ટેક.
પાપી ચાંપી તેં પાપ ભર્યાં, અકરમ અવળાંજ અથાગ કર્યાં,
તેમા શું કામ સળેલ સર્યાં, હે પાપી.
આ પાપ રૂપ કુપ છે ઉંડો, તેમાં ડુબ્યો તું થઇ ભુંડો,
ઉપર ફરૂકે પાપી ઝુંડો; હે પાપી.
તું પેટ ભરે પામર પાપે, પણ તપતો નથી શું પરિતાપે,
બેટો મરતો પાપી ઝાપે; હે પાપી.
પરચારો પાપ અમાપ થકી, તો ઉગરવાની એક વકી,
પ્રભુરામ ચરણ મન જાય નકી; હે પાપી.

પદ ૨૮૩ મું રાગ સદર.

મન લોભી લાંઠ, લાલચમાં લબદામાં લાખેણું થઇ,
અંતરની ગાંઠ, કાપ કાપરે કાપ ગધા ગમ શું ગઈ; ટેક.
તને લોભે થોભ કે ક્ષોભ નહિ, દમ છૂટે દમડી છૂટે નહિં,
અંધીમાં આયષ ખૂટે અહીં, મન.
લોભે લક્ષણ સઘળાં જાતાં, એથી પાપ કુમુળ પેદા થાતાં,
સદ્દગુણ સૌ જાયે ખોવાતા; મન.
જીવ સાટે નાણું સંઘરતો, જરકાજે ઝઘડા તું કરતો.
લિભે અગ્નિ ધરી પ રળતો, મન.

ધરણી ધરતાં ધન નહીં રહેશે, દેતાં દાને તે સ્થિર થશે,
પ્રભુ રામ કૃપાથી વધતુ જશે, મન.

પદ ૨૮૪ મું રાગ સહર.

મન કામી કાગ, કામ કામની ધામ ધરામાં આથડે,
તારાં ફુટયાં ભાગ, ભમી ભમી ભટકામાં ભુંડા ભાઠડે. ટેક.
કામની છે કામનું ધામ ખરી, અંતે એ કામની છે ન જરી,
તું ત્યાગે તેને સમજી ખરી, (ગધી) મન.
એ પ્રસન્ન થતાં જો શું કરતી, મળ મુત્ર પાત્ર સામું ધરતી,
તેમાં તુજ દષ્ટિ શું ઠરતી; મન
એ કામ કળાથી કષ્ટ કરે, સન્માર્ગ થકી તે ભ્રષ્ટ કરે,
તે પર શઠ શાને દ્રષ્ટ કરે; મન.
કંચન કામની ને ક્રોધ તણી, આ જાળ નડે જીવનેજ ઘણી,
પ્રભુરામ ભજન ગઢ લેને ચણી; મન.

પદ ૨૮૫ રાગ સહર.

મુઢ માર પડે, જમ દ્વારે જીવ જોરે જ્યારે જાય છે,
ગુઢ પ્રેમવડે, ગોવિંદ ગુણ ગાયે નહીં જોખમ થાય છે ટેક.
કામી બંધાય તપેલ કડે, ખેંચી જાયે વૈતરણી તડે,
બાંધી મારે બાવળને થડે. મૂઢ.
ધગધગતા ધોકા આવી અડે, આ અંગ બધું ખીલેથી જડે,
નહીં નીકળવાનો પંથ જડે; મૂઢ.
નરકે નાખે નરદેહ સડે, પગ હાથો બાંધે પાકી હડે,
નીંભામાં ચોખા પેર છડે; મૂઢ.
અંધારે આ જીવડો આથડે, દૂત ઘાવ કરે જ્યાં ત્યાંહી દાંડે,
નહીં રહેશે ત્યારે દિલ ધડે, મૂઢ,
પોકાર કરેને પ્રાણી રડે; ખદખદતા આંધણુ માંહી ચડે,
ભુંડો બળહીણુ શાથીજ લડે, મૂઢ.

જમ ખોદી નાંખે ઉંડી જડે, પ્રભુરામ ભજે નહિં કોઇ નડે,
જમ દુત સાથે ભગવાન ભડે; મૂઢ.

પદ ૨૮૬ મું રાગ કાનડો.

રાધાવર રીસ તમારી, સંતોષ લીધો મેં ધારી, રાધા ટેક.

સાસુ બીજ સંતોષ વહુનો, ન્યાય ભલો છે ભારી,
મોટાની મોટપ મુકાવા, એ ઐાષધ છે કારી; રાધા.
કર્મ કઠણુ બંધો બાંધીને, ધકકો દીધો શું ધારી,
મેં માની મનમાંજ મજા છે, કરતા હશો વિચારી; રાધા.
ઉપજાવો પોષો જ તમે છો, આખર દો સંહારી,
કામ તમારાં તેમાં મ્હારે, કરવી કાં લાચારી; રાધા.
મુસાફરીમાં મુકી રઝળતો, ભાગો કાં ભયહારી,
આ પ્રવાસમાં આપે ઠેલ્યો, જાણો છો અવિકારી; રાધા.
પશુ નાચે સારો કે નરસો, પ્રેરે જેમ મદારી,
પરમેશ્વર પ્રેરક છો પ્યારા, ગતિ તમારી ન્યારી; રાધા.
પુતળાં નાચ કરે પણુ દોરી, નટને હાથે સારી,
અંતરજામી નટ સૌ દોરી, તમ કરમાંજ અમારી; રાધા.
રાગી વિરાગી જોગી ભોગી, ગયા જ્ઞાની ભવહારી,
આશ્રય લીધો એક તમારો, તેજ લીધા તમે તારી; રાધા.
બંધન મુકિત આપ ઇચ્છાએ, બુદ્ધિ કરશે શું બિચારી,
ગતી કરો પ્રભુરામ ગમે તે, સારી અગર નઠારી, રાધા.

પદ ૨૮૭ રાગ સદર.

રઘુવર શું હાય વિસારો, ઘટશે મહિમા જ તમારો. ટેક.

અશરણુ શરણુ અધમ ઉદ્ધારણુ, દિનહિત સુખ દેનારો,
પતીત પાવન શોક નશાવન. દુઃખ બધાં હરનારો; રઘુ.

વેદ પુકાર કરે તુજ મહિમા, સર્વ થકી છે સારો,
મહિમા સામું જોઇને જીવન, હરિવર આપ ઉગારો; રઘુ.

પશુ પંખી ગુણિકા પારાધિ, થી શું નથી હું અકારો,
કે બિરદાવી ખોટી ભાખી, કેમ હજી ન ઉધારો; રઘુ.
જો કળિકાળ પ્રબળ તુજથી તો, તેને ભજું પરભારો,
કરૂણાળુ કળિકાળ રહ્યો શું તારી સત્તાથી ન્યારો; રઘુ.
તરણાનો મેરૂ મેરૂનું તરણું તું કરનારો,
શકિત અગાધ છતાં હરિ મારો, કેમ ન આણો આરો; રઘું.
નર્ક પડયાની બીક ન સ્વામી, એકજ ત્રાસ નઠારો,
દાસ પ્રભુ શું નામ પ્રતાપે, બળે ન પાપનો ભારો, રઘું.

પદ ૨૮૮ રાગ સદર.

ભજને ભ્રમ ભય ભેદાશે, છળ છાક છદ છેદાશે, ભજને. ટેક.

સંસારી ખટપટની જાળો, ઝટપટ તે ફેંદાશે,
મોહન મધુરી મુરલી વા'શે, નવ ભકિત પેદાશે; ભજને.
પ્રકૃતિના જે પ્રૌઢા પડદા, પ્રીતેથી ખેંચાશે,
રમારમણ રતિ રંગે ભીજી, ક્ષારભૂમી રેંચાશે, ભજને
લક્ષ કોડિ બ્રહ્માંડ પતીનો, જયારે જન લેખાશે,
દર્પણ દિલનું નિર્મળ થાતાં દીનદયાળ દેખાશે, ભજને.
બાનાનું બળિયું બળ મળતા, બદ્ધ મટી બેસાશે,
પરમેશ્વરપદ પૂર્ણ પુનીતે, પ્રેમ થકી પેસાશે; ભજને.
લક્ષાલક્ષ વિચાર વિવેકે, લાભ લક્ષ લેવાશે,
ષટ શત્રુને શમદમ શસ્ત્રે, દંડ પૂરો દેવાશે, ભજને.
મોહ મહારાજાનો ગઢ તો, ચોગરદમ ઘેરાશે,
ભુરામ ભકિતને ભાલે, દુષ્મન દળ વેરાશે; ભજને.

પદ ૨૮૯ મું રાગ સદર.

રઘુનંદન ક્યાંથી મળશે, ભકિતમાં જો નહિ ભળશે. ટેક.

ધામ ધરણી ધનના ધધામાં, વઠલ જીવ શું વળશે,
સુરગુરૂનો સત્કાર કર્યા વિણ, રામ રતન કેમ રળશે; રઘુ.

કપટી કુટીલ કુમારગ ગામી ક્રોધી બનવું ખળશે,
કુધન કુધામ કુભામિનિ સંગે, અમૃત ફળ નહી ફળશે; રઘુ.
કુમતિ કુશીલ કુજીવન ગાળે, કલેશ ન તારા બળશે,
અઘ અવગુણ અમાપ કર્યાથી, ચિત્તમાં ઝાઝો ચળશે; રઘુ.
આશ્રમ વર્ણ સુધર્મ તજીને, અધરમથી જો હળશે,
ગંગ કીનારે કુવો ખોદતાં, પાપ ન પાપી પળશે; રઘુ.
જ્ઞાન ગુમાની થાતાં ગધ્ધા, દોષો શાથી દળશે,
પરમારથમાં પ્રીતિ કર્યા વિણ, તાપ ન તારા ટળશે; રઘુ.
છેલ બટાઉ બનીને છક કાં ? છેલાઇ તુજને છળશે,
પ્રભુ પ્રિયતમ પતિ પાયે પડતા, રામ ભજનમાં ગળશે; રઘુ.

પદ ૨૯૦ મું રાગ સદર.

મૂઢ રામ શરણ જા જ્યારે, તે વેના નહી કો તારે, મૂઢ. ટેક.
શમ દમ દાન દયા દીલ રાખી, સત્ય સ્નેહ શીલ સારે,
દીન દીન દોષ તજી દીલેથી, ક્ષમા ખડગ લે ભારે; મૂઢ.
ભોગ રોગ સરખા સમજીને, કામ ક્રોધ રીપુ મારે,
જપ તપ તીરથ કરશે સ્નેહે, ઝટપટ તરશે ત્યારે, મૂઢ.
પૂજન પાઠ કરી પ્રીતેથી, જા જા જલધી પારે,
સેવામાં શઠતા રાખીને, શીદ જન્મારો હારે, મૂઢ.
પર ઉપકારક વૃત્તિ મનની, પાપ અગ્નીને ઠારે,
જન્મ મરણની જાળો ત્રુટે, છળ મળ છૂટે જ્યારે મૂઢ.
જો અપકારક પાપી થયો તે, બૂડયા તારાં બારે,
વખત અમૂલ્ય ગુમાવ્યો પછીથી, કરશે કીર્તન કયારે; મૂઢ.
ચટપટ ચેતી ખટપટ તજીને, રામભજન મન ધારે,
પ્રભુ પ્રિયતમ પતિ પાયે પડતા, ખુંચાશે નહી ખારે; મૂઢ.

પદ ૨૯૧ મું રાગ સદર.

જીવ પડયો કાળ ખોળામાં, ભટકયો વાનર ટોળામા, જીવ. ટેક.
આશા તૃષ્ણા લાલચના, આ, વાયુના ઘોળામાં,
રામ તજી રામાંની પૂઠે, ફરતાં મૂઢ રોળામાં જીવ.

હૈયાફુટા હાથે કરીને, નર્ક વિષે બોળામાં,
અબાબલા ચુકીને રસ્તો, ચાંચડવત ચોળામાં; જીવ.
ઉંધાં કામ કરીને ઉંઘે, માથે શઠ તોળામાં,
કદી અધરમી નહીં ઉધરશે, પૃથ્વિના ગોળામાં; જીવ.
ગંગાજળ સમ નિર્મળ જાતે,; ખાળ વિષે ઢોળા માં,
અકકલ હીણો જગત કહેશે, નહીં ગણુશે ભોળામાં;
ડાહાપણુથી દીવાળું આવે, અમથો તું ડોહોળા માં,
જગજંજાળે જીવ ફસાઈ, લેખામાં મોળામાં; જીવ.
સ્મરણુ ભુલી શ્રીવરનું મર્યમાં, અપરસને સોળામાં,
પ્રભુપતી રામ ભજનજો ભુલ્યો, ધૂળ પડી ધોળામાં, જીવ.

પદ ૨૯૨ મું રાગ સદર.

જડ જીવ જરી થા કુણો, મરમાં રહી મૂઢ અકુણો. ટેક,
કુંટુંબકાશનો શીદ ઉપાડે, ગદ્ધા પેઠે ગુણો,
ગર્ભવ ગતીમાં ગોથાં ખાઇ, સંઘર શીદ અવગુણો; જડ.
જ્યાં ત્યાંથી ધન ભેળું કરમાં, પડશે ખાલી ખુણો,
હેઠળ ધન દાટીને ડોબા, કેમ ધીખાવે ધૂણો; જડ.
અતિ ભારે આભારે દબાયો વધી ગયાં છે રૂણો,
રામનામની ધૂન મચાવી, ઝટ બની જાતું અરૂણો; જડ.
નખથી શીખા સુધી ડુબ્યો, તોય રહે કેમ ઉણો,
ખાર જમીને ખુચ ન ઝાઝો, ખાઇ જાશે લુણો; જડ.
ખારા ભવસાગરમાં જન્મ્યો, તોપણુ રહ્યો અલુણો,
તત્વ શોધ તેમાંથી મળશે, થા થા સમજુ સલુણો; જડ.
ફાંસા કંઠે બાંધ્યા અધિકા, ત્રોડી દે દુરગુણો,
પ્રભુપતિ રામ ભજન કર ભાવે, સંગ્રહ કર સદ્દગુણો; જડ.

પદ ૨૯૩ મું રાગ સિંહાનો કનરો.

ક્યારે રામ કૃપા કરી જોશો, મુજ અંતરની અઘી ખોશો, ક્યારે.
અધમ ઉધારી શું થાકયા છો ? સેવક મન શાને નહિં
તોષો; ક્યારે.

આ વખતે શું શરમ ચડે છે? પ્રેમે નહિં શા માટે પોષો, ક્યારે.
કાપી શકો નહિં તેવા શું છે? કઠણુ કરમના મારા દોષો; ક્યારે.
લજ્જા નાથ તમારી જાશે, જો ઝટ મુજને નહિં સંતોષો, ક્યારે.
હાથેથી તક ચાલી ગયા પછી, ઓઢી માથે રામ શું રોશો; ક્યારે.
જનનિજ જાણી દાસ પ્રભુને, નાથ ઉતારી નાંખો રોષો, ક્યારે.

પદ ૨૯૪ મું રાગ સહર.

હઠ હઠ હઠ હઠ મેલ હઠીલા, રાચ રમાપતિ રંગ રંગીલા.
હઠ. ટેક.
હઠ લઇ એઠે હાર થવાની, છત ના છાક તું છોડ છબીલા. હઠ.
આવે અછતમાં આંચકા ભારી, સમજ સમજ તું સાર
રસીલા; હઠ.
કાળ અચાનક આવશે એવો, કામ ન આવે કોઇ વશીલા, હઠ.
ઝપટ વડે જમદુત તણી ત્યાં, જાશે આઘા કુટુંબ કબીલા; હઠ.
રામ પ્રભુ છે સાચો કબીલો, કાં ભવમાં ભટકે ભરમીલા; હઠ.

પદ ૨૯૫ મું રાગ સહર.

વાગે ઢાલ સમો વડ ઢીકો, ત્યારે પડશે પૂરો ફીકો. વાગે.
આજ ઉંફાદ કરો ઝાઝાં પણુ ભોગવશે નહિં તારી વતીકો, વાગે.
જેવાં પાપ કર્યાં જીવ પાપી, તેવી દેશે જમડા ઝીકો, વાગે.
હાથ ન હાને હાય લંબાવ્યો, ડામ કપાળે દેશે ટીકો; વાગે.
લાગ વગે કંઇ કામ ન થાશે, જમની જબરી જાણો બ્હીકો, વાગે.
માત પિતા બાળક જાણે છે, જમ નહિં જાણે તું છે કીકો; વાગે.
પ્રભુ ડર ખાઇ મન હરખાઇ, રામ શરણુ જાતો થા નીકો; વાગે.

પદ ૨૯૬ મું રાગ તૃષા લાગી માબાપ તૃષા લાગી.

રામ ! માયા, દુઃખદ, રામ ! માયા
નથી દેખાતા પ્રકટેલ પાયા, દુઃખદ. ટેક

ગ્રહું મુકવા મુકાય ના કેમે, ઉલટું આ મન ભરાય વ્હેમે,
ગળે વળગી પડે બહુ પ્રેમે, તોય પકડી શકાય ના છાયા; દુઃખદ
કરૂં કલ્પના વિરાગની જ્યારે, ખોટું ભાસે બ્રહ્માંડ આત્યારે,
નથી છુટતું કંઠથી કયારે, થાય અળગાં નહીં સુત જાયા; દુઃખદ.
મન જાણે ફેંકી દઉં બાજી, વસી વને ખાઉં લુખી ભાજી,
ત્યા તો ઉઠે માયા મહા ગાજી, હશે લેખ તે આવા શું
લખાયા, દુઃખદ.

જાળ ત્રોડીને નાસવા ધારૂં, વાસનાઓ વિરાગની વધારૂં,
એટલામાં આવેછે અધારૂં, "અહં બ્રહ્માસ્મિ" બકતાં
ઠગાયા; દુઃખદ

ગણી ખોટું ગુમાન ત્રોડતામાં, અહંકારની ગાંઠ છે.ડતામાં,
જીવ શિવ એક સાથ જોડતામા, શૂરવીર મુનિ ધીર તો
ભમાયા; દુઃખદ.

જોરવાળી વૃત્તિ જ્યારે થાતી, ત્યાગ કરવા ધસી ધસી ધાતી,
માયા પ્યાલો વિષય વિષ પાતી, બની જાતા જોગી હડકાયા; દુઃખદ.
વિશ્વવ્યાપી વિલાસ આ તારો નથી એકે ઇલાજ ત્યાં મારો,
ચપળ ભારી છે મન રૂપ પારો, એના તેજમાં અનેક તો
અંજાયા; દુઃખદ.

બચવાનો ઉપાય હાથ તારે, દયા થાય તો દુઃખ ના લગારે,
પ્રભુરામજી બચાવ જે પ્યારે, ફરજ મારી મેં તો ગુણ
ગાયા; દુઃખદ.

પદ ૨૯૭ મું રાગ સદર.

નામ સાચું શ્રીરામ, નામ સાચું,
રઘુનાથ નામ વિણ બધું કાચું. શ્રી. ટેક.
અજામીલે કુડું કામ કીધું તન મન ધન વેષાને દીધું,
નામ નારાયણ પુત્રનું જ લીધું, જમ ભાગ્યા કરી ભુડું ડાચું શ્રી.
દેવતા ને દાનવ દળ બીધું, શીવે હાથે હળાહળ પીધું,
ઉંધામાથી થયું કામ સીધું, એજ રામ નામ રંગમાં રાચું; શ્રી.

રામનામે પાપીને ઉધાર્યો, હતા નીચ કરી ઉંચ તે ઉગાર્યો,
ભીલ કોળી ભવપારે ઉતાર્યો, હેતે રામ રામ રામ રટી નાચું; શ્રી.
પ્રેમભાવે પ્રકટ થાય પોતે, મોટા સિદ્ધને મળે નહીં ગોતે,
નામ કાળને હઠાવે જોત જોતે, મોતનું તો મળી જાય બાચું; શ્રી.
ઓથ રામ નામની હોય જેને, પીડી શકે શત્રુ નહીં તેને,
ડરવાનું ન ઠામ કોઇ એન, કદી આવે નહીં ઉની આંચુ; શ્રી.
લાખ શત્રુથી નામ તો બચાવે, પાપ પુંજને બાળી પચાવે,
જડ ચેતનમાં એકતા રચાવે, નથી દેવી જોતી લેશ લાંચુ; શ્રી.
સહુ સિદ્ધિ છે નામની દાસી, અવિનાશીનું નામ સુખરાશી,
પાપ તાપ જે અમાપ જાય નાશી, કહો ટાંચણુ હું કેટલાંક ટાંચુ. શ્રી.
વાલમિક તો વિશોકમાં વિરામ્યા દ્રઢ ભાવે ભજનમાં જામ્યા,
મરાં મરાં કહી સિદ્ધિ પામ્યા, પ્રભુરામ નામ તેજ હું જાચું, શ્રી.

પદ ૨૯૯ મું રાગ સહર.

નામ લેવુ, શ્રી રામ નામ લેવું,
સ્નેહ ભાવે લેતાં દાન દેવુ. શ્રી રામ. ટેક

ભલું ભાતું ભુખલનું એ છે, દેવતરૂ કંગાલનું તે છે,
નિર્ધનોનું નાણું શુભ જે છે, નથી બીજું શ્રીરામ નામ જેવું;
શ્રી રામ.

પરવાર્યોની પુંજી ભારી, મરતાની જીવનદોરી સારી,
ડુબતાનું સુનાવ સુખકારી, કહો મળશે કયાંથી અન્ય એવું, શ્રીરામ.
ભેરૂ ભાગ્યા જનોનો સારો, નર હાર્યાનું હથીયાર ધારો,
નિરાધારનો આધાર છે પ્યારો, બહુ જન્મોનું ટાળે દેવું; શ્રીરામ.
કુળહીણાનું કુળ તે સારૂં, ગરીબોનું ગ્રાહક પ્રીય પ્યારૂં,
ભાગ્યહીણને સુભાગ્યનું બારૂં, સુઠા એના વિના મળે કેવું; શ્રીરામ.
ગુણહીણાનો ગુણ તે સાચો, દીન દાનીના નામમાં રાચો,
પાંગળાના પગો પાસ નાચો, સમજ સાને વધુ શું કહેવું; શ્રીરામ.
આંધળાની તે આંખ તેજ વાળી, ભવસાગરમાં પાજ મરમાળી,
સુખસાગર કારણુ વનમાળી, તજી તેને શાને દુ:ખ સ્હેવું; શ્રીરામ.

મદદ વિનાના લોકનો સખા છે, નબાપાનો માબાપ તે બખાં છે,
રામ નામ વિણુ સરવે વખા છે, નિશદીન નામ ધ્યાનમાં
રહેવું; શ્રીરામ.
સ્મરણુ માત્રે ઉજડને વસાવે, યાદ કરતાં રોતાને હસાવે,
વેદ શાસ્ત્રો સિદ્ધાંત એ ઠસાવે, પ્રભુ રામ નામ હેતે હું
સેવું, શ્રીરામ

પદ ૨૯૯ મું રાગ સદર.

ધુમ લાગે ભજન ધુમ લાગે, ભેદ ભ્રમણાને ભય ઝટ ભાંગે,
ભજન. ટેક.
પ્રથમ જુગમાં પ્રહલાદજીને લાગી, થયા જગતની જાળથી વિરાગી,
ભજયા રામ સુખ સંપતિ ત્યાગી નૃસિંહ પ્રકટયા અસુર દુર
ભાગે, ભજન.
વર્ષ પાંચના હતા ધ્રુવ જયારે, રાજપાટ તજી ગયા વન ત્યારે,
હરિ સેવ કરી રીઝવ્યા છે પ્યારે, દયા કીધી નાથે અનુરાગે; ભજન.
ભજન તાળી લાગી છે પંચાળી, સાર લેવા આવ્યા વનમાળી,
રોતી કૌરવ સભામધ્ય ભાળી, પૂર્યાં ચીર પછી સતી શું માગે ભજન.
મંડળીકે મેતા સપડાવ્યા, ઘણો ડારો દઇ દબડાવ્યા,
સંન્યાસીએ ચોપાસ ચપડાવ્યા, હાર દેવા હરી ઝટ જાગે; ભજન.
મીરાં મોહનની પ્રીતમાં બધાણી, પ્રેમ પાકે પુરી તે રંધાણી,
સબળ સ્વામીના સ્નેહમાં સંધાણી ખેલ્યા ભકિતના દાવ ખાંડે
નાગે, ભજન.
બહુ ખાટયા ભજન ધુમ કરતા, ભજયા તેને દીઠા નથી ડરતા,
પ્રેમ ભાવે જોયા ઘણા તરતા, પ્રભુ રામ પાદ પડતાં સુરાગે ભજન.

પદ ૩૦૦ મું રાગ સદર.

ધુળ ધાણી કર્યું જ ધુળ ધાણી,
કર્યું બાપના નામ પર પાણી, કર્યું જ. ટેક.
ફુલવાડી ખીલેલી સારી, જયાં બ્હેકે સુગંધી ભારી,

વસ્યો તેમાં ન ટેવ ગઇ તારી, બેઠો વિષ્ટા ઉપર મૂઢ
પ્રાણી; કર્યું જ

ગયો માન સરોવર પાસે, સુધા દેખી પીધું ના હુલાસે,
મોતી ગંજ જોઇ થયો ઉદાસે, મચ્છ શેવાળ માગ્યાં શું
જાણી; કર્યું જ.

સંત મંડળીમાં જઈ બેઠો, તોય બોધ અંતરે નવ પેઠો,
ડાક ગાંઠિયો નમ્યો નહિ હેઠો, ઝોલાં ખાધાં શું ઉંઘ
ઘણી આણી; કર્યું જ.

ગળે રાંપ ઉતરી ગઇ ત્યારે, નથી નમતો સુસંતને જ્યારે,
તારી હોડી ખુચી ગઇ ખારે, મોહ મમતામા મોજ શું
માણી; કર્યું જ

રહયો ગંગા કાંઠે ભમરાળા, નહીં નાહ્યો ચુંથ્યા ઘણા ચાળા,
નીર પીધું નહીં ચાળ્યા ગાળા, કુવો ખોદવા કરી બુદ્ધિ
શાણી; કર્યું જ.

દેહ માનવીનો દીધો નાથે, પ્રીત કીધી નહીં સાધુ સાથે,
ગળે ફાંસી નાંખી તારે હાથે, બહુ રાખી તૃષ્ણા દોરી
તાણી; કર્યું જ.

મગરરીમાં મૂઢ શું ફુલે, કેમ હાથી પેરે ષંઢ ઝુલે,
અંતકાળે ખોટા ખેલ ખુલે, જમ ઘાલીને પીલશે ઘાણી; કર્યું જ.
પુરો પસ્તાવો કરી લે પાજી, જીતવાને હારેલી બાજી,
ભજન કરવાને ઉઠ જીવ ગાજી, પ્રભુ રામ રામ રામ વદ
વાણી; કર્યું જ.

પદ ૩૦૧ મું રાગ સહર.

હીણભાગી હું રામ હીણભાગી,
લીધું હાથે કરી મોત માગી, હું. ટેક.
કનકકુંભે સુધા ભરી ભારી, પ્રીતે પીવાની આવી ન વારી,
ગગન કુવો ખોદું ગપ મારી, કર્મ ફુટયાં ઉંધી બુદ્ધિ જાગી; હું.
ડુબ્યાં પાપમાં કરમ મન વાણી, છુપાવા તે આશા ઉર આણી,
નહીં છુપ્યાં ગયું જગ જાણી, દુઃખ દોષે, દાઝું દુરભાગી, હું.

કદી ઇર્ષા બીજાની કરીને, શુભ કાજ કર્યું લાજથી ડરીને,
કરૂં જાહેર જંગમાં ફરીને અહંકારે તણાય વૃત્તિ રાગી; હું.
બ્રાહ્મણોના બુરામા પ્રીતી, વેર સૌથી કરવાની રીતી,
રગે રગમાં ભરેલ છે અનીતિ ઇચ્છું લેભાવા સંતમાં અભાગી; હું.
શેષ ગાયે ન દોષ મુજ ખુટે, શારદાનિ હીમત પણ છુટે,
વેદવાણી અધવચમાં ત્રુટે, નિધિ દોષનો છઉં ઉગ્રભાગી, હું.
શરણ ધાતાં વાણી મન હઠે છે, કુડાં કર્મ કરેલ તે કઠે છે,
કરૂં વિચાર મન તો ભઠે છે, શરણ થાતાં તો લાજ બહુ
લાગી. હું.
નથી ગુણ જે થકી હું ફાવું, બળ બાનાનું મનને બતાવું,
કહી તારો સ્વભાવ સમજાવું, ફોસલાવી બનાવું સુરાગી, હું.
કરૂણાળુ કૃપા તુજ થાયે, ભવ બાધાની ભાવ ઠળાયે,
હું તો વળગી પડયો તુજ પાયે, પ્રભુરામ તું બનાવજે
વિરાગી; હું,

પદ ૩૦૨ રાગ મું જોડી તે ના જોઇ માડી.

પ્રીતિ પગ પૂજાવા કીધી. (૨)
અર્ણું બીજાના પૂજ્યાની નહિં વાત મને લીધી,
દાન લેવા દાનત ખોટી; (૨)
ચહુ નહિં દેવા દિનજનને સૂકેલી રોટી,
મમત બહુ મોટપ લેવાને; (૨)
ઇચ્છા નકરી મહદ પુરૂષને મોટપ દેવાને,
માનમાં મન વળગ્યું મ્હારૂં (૨)
કરવાને સન્માન અન્યનું સૂઝે નહીં બારૂં.
ચોરસમ ટુકડો મેં ખાધો; (૨)
ટુકડો દેવાનો શુભ રસ્તો કેમે નવ લાધો.
વિના વિદ્વતા રહ્યો પુલી (૨)
અંતરના અભિમાન વિષે હું ગયો ભાન ભૂલી.
સતને સંતાપ્યા સ્નેહે, (૨)

સારૂં કોનું કર્યું નહિં કદી આ માનવ દેહે,
જન્મ જગમાં મેં ખોઇ નાખ્યો (૨)
સ્વાદ સુધાસમ હરિ ભકિતનો લેશ નહીં ચાખ્યો,

ટણુકની ટોળીમાં પેઠો; (૨)
સાધુ સંતના સંગ વિષે નહિ સ્થિર થઇને બેઠો,

પ્રભુપતિ રામ ! ખતા ! ખાધી; (૨)
દયા કરીને દેવ દયાળુ અળગી કર વ્યાધિ,

પદ ૩૦૩ મું રાગ સદર.

ફરે કાં ફોકટ જીવ ફંદે, ડુબે કાં નાહક નીર ગંદે,
સ્વરૂપ ચિંતત કરતાં ધર પ્રીતિ રઘુકુળ ચંદે;

તજી હરિચરણ ભમે શાને, મરે કા મૂઢ અભિમાને,
ધીરો થઇ ધરણી ધરને ધર ધુતારા ધ્યાને;

થયો તું દેવ દૈત્ય ડોબા, બન્યો જીવ જંતુ થયા તોબા,
પશુ આદિક યોનીમા ખાધા; અતિશય તેં ઝોબા;

ઉપાડયા ભાર ગધા રૂપે, પટયો જળ ચર રૂપે કુપે,
હાથ કુવાડા ખાધા ઝાઝા, વનસ્પતી સ્વરૂપે;

ભવો ભવ વેઠ કરી ઝાઝી, મળી નહીં ખાવાને ભાજી,
વગાર મૂલ વગરની કીધી, ખાટયો શું પાજી;

નહીં નિજ હિત કીધું કામી, થયો જ્યાં ત્યાં બહુ બદનામી,
કહું કેટલી હાય ભરી છે, લાખ તુંમાં ખામી;

નહીં ભવબંધન તો છુટયું, મર્યો માથું મ્હાણે કુટયું,
વળગ્યો માની મ્હારૂં મ્હારૂં, ભાગ્ય તારૂં ફુટયું;

હજી પણ ફર શું હડકાયો, પકડ માં પાપી પડછાયો,
ભમ્યો ચોરાશી લાખ છતાં પણ, છેક નશું કાયો;

દશા આવી ઓઘડ માઠી, મતી શું મંદ બની નાઠી,
સમજ્યો નહી લાગી માથામાં, બહુ જમની લાઠી;

જીવન જો ક્ષીણુ થતું જાતું, કાળ મુખના પડવા ધા તું,
પ્રભુપતિ રામ ચરણુની પ્રેમે ઝટપટ રજ થા તું;

પદ ૩૦૪ મું. રાગ સદર.

હે રસના રામ રટે રૂડું; (૨)
નહિં તો આવ્યું નક્કી માનજે આ ટાણું કુડું,
જપીશ જયાં લગી નહિં હરીને (૨)
ત્યાં લગી ત્રયતાપે તપવાનું છે લે ચિત્તધરીને,
ગંગકાંઠે મરશે તરશી; (૨)
સુખ સહુ જાશે આધાં થાશે વિ'વાની વરશી,
પામીશ નહીં અત્ર કણી એઠી (૨)
ભાગ્ય જોગથી કહી સુરતરૂની હેઠે જઇ બેઠી,
ભાટકીશ અંધારે ભારે (૨)
સૂર્ય ગ્રહે વસતાં પણુ અજવાળું ન થશે તારે,
ભટક નહિં ભાંગે જરી તારી (૨)
જન્મ જન્મ દુઃખ પડશે પ્રૌઢાં નહીં ચાલે કારી,
પડે રોવું માથે ઓઢી (૨)
દેવ દયાધન નાથ તણી નહીં દેખાશે દોઢી.
છુટતાં બમણી બંધાશે; (૨)
બચવા આશ કરીશ તે ખોટી ઉલટી રંધાશે,
આંધરણુ વિષય તણું ઉકળે; (૨)
શાણી સારી જાણુ જો તેમાંથી તું નિકળે,
કરી લે ઝટ ભવનું ભાતું; (૨)
પ્રભુરામનુ નામ મેઘ બપૈયો બની જા તું,

પદ ૩૦૫ મું રાગ સદર.

કહું કો પાસ કર્મ કા'ણી. (૨)
થનની પીડા મુજ મનમાંહે અતિશય ઉભરાણી,
કર્યા ઉદ્યમ ઉત્તમ ભારે; (૨)

હાંસલમાં દીવાળું આવ્યું કહેવું ક્યાં મા'રે.
દ્રવ્યનું દર્શન કરવાને (૨)
દેશ મૂકી પરદેશે ચાલ્યો રઝળી મરવાને.
મળી નહીં લક્ષ્મીને ભટક્યો (૨)
સ્વદેશનાં સારાં સૂખડાંથી હૈયા ફુટ છટક્યો.
હતી આશા મળશે માયા (૨)
માયાની મોકાણ થઇને નડી ભાગ્ય છાયા.
ઘણી તૃષ્ણા રળવા નાણું (૨)
બળ્યું નાણું એ પેટ ન પુરૂં ભરાય ક્રૂર ટાણું.
વિષમ એવી વેળા વેઠી (૨)
તો પણ અંતરની આશાઓ શાંત નથી બેઠી.
મમતામાં માન ભંગ થાતાં (૨)
દિલ દુઃખ દરિયાનાં મોજાંઓ દિલમાં અથડાતાં.
કરૂં હું રાડકોની પાસે (૨)
કર્મ કઠણ ને કામા કાળા લાગ્યા છે વાંસે.
પ્રભુ પ્રિય રામ પડું પદમાં (૨)
કરો નિવારણ નાથ હવે તો બહુ રખડયો મદમાં.

પદ ૩૦૧ મું. રાગ સદર.

દોષ શું દેવ દઉં તુજને (૨)
ક્રોધ કામની કંચન કંઠે વળગ્યાં છે મુજને.
ભમે મન લોભે ભ્રમણામાં (૨)
વાત લોભની આવે રાતે મારા શમણામાં.
મોહમાં મમત ઘણી મા'રે (૨)
હઠ પગમાં ઘાલીને બેઠો ક્યાંથી તું તારે.
મદન મદમાં મદથી લોટું (૨)
અંધા પેઠે હું અંધારે દઉં ઝાંઝી દોટું.
અંતરે અદેખાઇ પ્યારી (૨)
ચઢતી પરની દેખી બળતી નિત્ય છાતી મા'રી.

પ્રપંચે પ્રાણો પકડાયા (૨)
છૂટયાની નહીં વાત સ્વપ્નમાં જોરે જકડાયા.
અધમ હાલત આ હત્યારી (૨)
નજરે પડતાં છોડું નહીં પરધન કે પરનારી.
વધી ગઈ વ્યાધિ વળ ખાતાં (૨)
દોષ દષ્ટિમાં દુઃખે દબાણો, ધીંગો થઈ ધસતાં.
ભ્રમણમાં ભાન ભલું ભૂલ્યો (૪)
ભવાટવીના ભાઠા મધ્યે આ મછવો ડુલ્યો..
પ્રભુપતિ રામ પાળ પ્રીતે (૨)
લાજ જાય બાનાની જો આ અવસર મુજ વીતે.

પદ ૩૦૭ મું રાગ સહર.

કૃપામય કાજ રૂડાં કીજે (૨)
દયા દીલમાં રાખી સ્નેહે દાન ભલાં દીજે.
પાપની પીંજણ શું પીંજે (૨)
સંતચરણ કર સ્નેહ હૃદય ઝટ ભક્તિ રસે ભીજે.
આવરદા વ્યર્થ વીતાડી જે (૨)
સાટું વાળી દેવા તેનું વાત ચિત્તે લીજે.
શરણ પડતાં નહીં મન બ્હીજે (૨)
નાથ હાથ છે સર્વ જીવોની ગતિ કરવાની જે.
પકડ મન પ્રેમ તણી દોરી [૨]
તો તારે હરિ પદ ધાવાનો છે મારગ ધોરી.
સ્નેહથી સર્વેશ્વર રીઝે (૨)
વીશ્વ દ્રોહ કરનાર કબાડીપર પણ નહીં ખીજે.
પ્રબળ પરમેશ્વરનું બાનું (૨)
અધમ ઉધારણ શરણે ધાતાં ભય લાગે શાનું.
પતિતને પાવન તે કરતા (૨)
પાપ પુંજ પ્રાણીના તેની પરવા નહીં ધરતા.
નીચ પણ ઉંચ બની જાતા (૨)

પ્રીતે પરમાત્માના પદને જેહ સજ્જન રસ્તાતા.
પ્રભુપતિ રામપદે પડ્યું (૨)
જે પદમાં પડવાથી એકે સંકટ નથ નડ્યું.

પદ ૩૦૮ મું રાગ સદર.

પ્રભુને પરોક્ષ કાં જાણો (૨)
સ્થાવર જંગમ પ્રાણીના છે પરમેશ્વર પ્રાણો.
અચ્યુતને આવો શે ગણુતા (૨)
અવિનાશી આ વિશ્વસ્વરૂપે પ્રત્યક્ષ ભણુતા.
દયાળુ દૂર નથી જાતો (૨)
જડ ચેતન જગજીવ સ્વરૂપે, પ્રિય પોતે થાતો.
નારાયણુ નોખો નહી દેખો (૨)
અસ્તિ ભાતિ પ્રિયતારૂપ નામે આકારને પેખો.
રમે છે રામ રમા સાથે (૨)
જ્યાં જ્યાં વૃત્તિ દઢ થાયે ત્યાં, તે આવે હાથે.
હરિવર પાસેનો પાસે (૨)
જીવ જુજવા જોવાથી જુજવું જગ આખું ભાસે.
બ્રહ્મમય બ્રહ્માંડો ભાળો (૨)
નોખું નિરખ્યાની જ અનાદિ ટેવ બુરી ટાળો
સર્વમાં એક રહ્યો વ્યાપી (૨)
ઝીણી દષ્ટે જુઓ જણાશે સત્તા સ્થિર સ્થાપી.
ભરમમાં ભાઇ નહીં ભુલો (૨)
પરમાત્માનું પડખુ છોડી નહીં ચુલે ડુલો.
પ્રભુપતિ રામ વરો પ્રેમે (૨)
ભાસ અનોખા ભાળો ભાવે નહીં ડુબો વ્હેમે.

પદ ૩૦૯ મું. રાગ સદર.

માન મન શીખામણુ મારી (૨)
પ્રપંચ પેખી માયાપ્રપંચમાં જા આમાં તું હારી.

લક્ષ્મીની લ્હેરે શું લપટા (૨)
ભવસાગરના ભારે મોજાથી માં તું ઝપટા.
સમજીને સારગ્રાહી થાને (૨)
લાભ હાનિની વાત નકામી નહીં ધર તું કાને.
સકળ સંસાર જુઠો માની (૨)
સ્વાર્થ વીષે અંધું થઈને તું ઉઠાડ માં વાની.
નથી તલભારે કોઈ તારૂં (૨)
નાહક માં કર માં કપટી તું આ મા'રૂં મા'રૂં.
ભજન સરવેશ્વરનું સાચું (૨)
સાર સાર તે તત્વ તત્વનું તે વિણુ સહુ કાચું.
સુસંગે સ્નેહ પુરો રાખી (૨)
શાસ્ત્ર વિચારે લેજે રસનો સ્વાદ સરસ ચાખી.
કદી કલેશે થા નહીં રાજી (૨)
નાહકનાં નહીં ઢાળ આંસુડાં આંખેથી પાજી.
શોક હરખે નહિં મન ભરા (૨)
માન ગુમાન કુકંટક વાડે નાહકનું ન ભરા.
વિષય દરિયે નથી કો તરતાં (૨)
રીઝવી લે પ્રભુરામ દયાળુ ભક્તિ ભલી કરતાં.

પદ ૩૧૦ મું. રાગ સદર.

સમજ મન શાંત બની શાણું (૨)
આજ કાલમાં વાતો કરતાં આવી જાય આણું.
ભર્યું ત્યારે રહેશે ભાણું (૨)
સુમાં શઠ રાખી ઓશીકે મહા માયા છાણું.
સંઘર માં તું કપટી નાણું (૨)
કોઠારો ઠાંસીને ભર્યો પણ તળીયે છે કાણું.
મોહનની માયાનું માણું (૨)
ભર્યું નથી કોઈએ તું ભરતો હું શાણું જાણું.

જાગીને જો જમનું થાણું (૨)
બેઠું બારે માસ બંડ ના દષ્ટે દેખાણું.
કરે કાં કજીયાનું લ્હાણું (૨)
મુજે ટાંટીયા જમદ્વાર જાવાનું આવે ટાણું.
જીગર જંજાળે લોભાણું (૨)
આ અવસાન વખત આવ્યો તો પણ ના થોભાણું.
મૂળ જો તારૂં ખોદાણું (૨)
ઝાડ ઉભી શકશે નહીં જોને સઘળું ધોવાણું.
દેખ મન ભીતર છોલાણું (૨)
થાંથા થોભ હવે તો સારૂં થડમાં ઠોલાણું.
જાગ જો જો વ્હાયું વ્હાણું (૨)
પ્રીત કરી પ્રભુરામ પદે આ ગુણગણનું ગાણું.

પદ ૩૧૧ મું. રાગ બિભાસ.

મનજી મુસાફર મીઠા, સ્વદેશે પધારો,
સ્વદેશે પધારો પ્યારા, સ્નેહથી સુધારો; મન. ટેક.
મુસાફરી કીધી ઝાઝી, ખાધી લુખી પાખી ભાજી,
રામ થાય રાજી, પાજી પ્યાર પુર ધારો; મન.
પાજ આ પુરાણી સારી, નામની બનેલી ભારી,
લાગ તો મલ્યો છે કારી, વ્હેમ ના વધારો; મન.
પંથ છે પવિત્ર પૂરો, ચાલનાર થાય શુરો,
કર્મનો કરજ ચુરો, ચુકવો ન ધારો; મન.
પ્રભુરામ પાસ પ્રીતે, પહોંચનાર જગમાં જીતે,
રામ રામ રટતાં રીતે, તજાવે વિકારો, મન.

પદ ૩૧૨ મું. રાગ સહર.

મનજી મુસાફર મુકી રામને મરે કાં ?
રામને મરે કાં લુચ્ચા કામને વરે કાં ? મનજી. ટેક

ધરવા નાલાયક વેશો, ધરી ખાય કેમ હેશો,
મૂછે લગાવી મેંશો, ફાંફા ફરે કાં; મનજી.
ભમાં ભમે કાં ભારે, ભીડમાં ભીંસાય ભારે,
પેટ પરમેર પ્યારે, ભીખથી ભરે કાં; મનજી.
મમતે મરા માં મોળા, ભભકામાં ભુલી ભોળા,
માર કેમ ગમતા ગોળા, સ્થિરના ઠરે કાં ? મનજી.
છળ તું છાંડી દે છેલા, કર માં તું ઠેલ ઠેલા.
પ્રભુ રામ રંગે રેલા, ઝાંઝા ઝરે કાં; મનજી.

પદ ૩૧૩ મું રાગ સહર.

રામથી વિમૂખ થાતાં દુઃખ તો થવાનું,
દુઃખ તો થવાનું દોસ્ત, સૂખ તો જવાનું; રામથી. ટેક.
હુકમો લખાય તહીં, આવે ફરમાન અહીં,
જરા જોર ચાલે નહીં, વેદ કે દવાનું; રામથી.
ઘાંચીને જઈને બારે, સુંઘતો શું વારે વારે,
સાદું જો કરે તો હારે, તેલ છે તવાનું, રામથી.
ચેત ચેત જમતો આવ્યો, મુઈ માતને શું ધાવ્યો,
જયારે કાળ બાજ ફાવ્યો, મોત છે લવાનું; રામથી.
વાર વાર વ્હાલા વારૂં, પ્રીતથી કરી લે પ્યારૂં,
પ્રભુરામ ધામ સારૂં, સુખની હવાનું રે; રામથી.

પદ ૩૧૪ મું. રાગ સહર.

આશરો હરીનો લેતાં, સૂખમાં સમાશો,
સૂખમાં સમાશો, સાધુ, દુઃખે ના દમાશો; આશરો. ટેક.
આત્મસ્વાદ લેશો ચાખી, આવશે ન ઘીમાં માખી,
કર્મ જાળ કાપી નાખી, કીર્તિ તો કમાશો; આશરો.
અંતરની અંધી જાશે ધરણીધર વ્હારે ધાશે,
તત્વની પીછાણ થાશે, દેખશો તમાશો; આશરો.

વ્યાપક રૂપ આપે જોશો, મોહાં પાપો પણ ધોશો,
જીવ ભાવ સહજે ખોશો, વિશ્વમાં ન માશો; આશરો.
ભર્યા ઘડા પૂન્ય ઘીનાં, સમજ્યા નથ સાચી બીના;
પ્રભુ રામ આશ્રય વિના, ધુળને ધમાસો; આશરો.

પદ ૩૧૫ રાગ સહર.

રામજી ભરોસે તારે, આખી રાત જાગી,
આખી રાત જાગી, મેં તો દીધી ઉંઘ ત્યાગી; રામજી. ટેક.
નિંદ્રા ખોવાણી ખાસી, નાથ તું ગયો ક્યાં નાસી,
અરે થાય જો જો હાંસી, શર્મ કાં ન લાગી; રામજી.
સુખની આ સેજ છોડી, રહી ચિત્ત તુંમાં ચોડી,
પ્રેમબંધ ત્રોડી ફોડી, થયો શું વિરાગી; રામજી.
અંતર આરામ મુકી, સ્વપ્નાના ખ્યાલ ચુકી,
રહી નાથ પદમાં ઝુકી, તોય છું અભાગી, રામજી.
પ્રભુરામ સામું ઝાંખી, બાનું પોતાનું રાખી,
દોષ દીલના દે નાંખી; કહું ભીખ માગી; રામજી.

પદ ૩૧૬ મું. રાગ સહર.

ભુલ તું ભરોસા બીજા, રામને સંભાર,
રામને સંભાર, ભાઇ, કરે ઝટ વ્હાર; ભૂલ. ટેક.
વારણ વિષાદ ટાળયો, પ્રહલાદ બોલ પાળ્યો,
મિત્ર તો અકામ ભાળ્યો, રામજી ઉદાર; ભૂલ.
કૌરવો કરે જ્યાં શેખી, ચીર ત્યાં પુર્યાં છે પેખી,
દ્રૂપદિની દિનતા દેખી, લગાડી ન વાર; ભૂલ.
દિનતો દયાળ એવો, ભીડ ભાંગનારો તેવો,
સ્નેહથી તે સાધી લેવો, કરી પુર્ણ પ્યાર, ભૂલ.
અધમ ઉધારનારો, બુડતાં બચાવનારો,
પ્રભુ રામ તેજ મારો, નાથ નીરધાર; ભૂલ.

પદ ૩૧૭ મું. રાગ સહર.

જુઓ જુઓ રીતી રૂડી રામની વિચારી,
રામની વિચારી નહીં, થવું અવિચારી; જુઓ. ટેક.
શોકને સમુદ્રે બુડયો, રાજથી મુકુંઠ ઉડયો,
વાલમે વાલીને ગુડયો, સંકટો નિવારી; જુઓ
વિભિષણુ વેરી વીરો, આવિયો બની અધીરો,
દીધો છે સુરાજય હીરો, જાતને વિસારી; જુઓ.
કીધા છે પોતાના પ્રાણી, નામથીજ લીધા તાણી,
પ્રેમને પીછાણી જાણી અવધ વિહારી; જુઓ.
દુઃખ દુઃખીયાનાં ભાગે, પ્રભુ રામજી સુરાગે,
દાસ તો વધુ શું માગે, કરે અવિકારી; જુઓ.

પદ ૩૧૮ મું રાગ સહર.

પુજતાં પ્રીતેથી પ્રાણી, પાપને દહે છે,
પાપને દહે છે, પ્રેમે પાપ ના રહે છે; પુજતાં. ટેક.
રીંછને રમાડયાં રંગે, વાનરાં લડાવ્યાં જંગે,
(ભેટીયા) લગાડી અંગે, ભાર તો વહે છે; પુજતાં.
ભકિત ભીલડીની ભાળી, બોરની ખટાશ બાળી,
પ્રેમની મીઠાશ વાળી, થાળી તો ચહે છે; પુજતાં.
પાપીયા પુરા હતા જે, વિશ્વમાં હતા છતા જે,
કુરને કપુત કાજે, સંકટો સહે છે; પુજતાં,
પ્રભુરામ સેવા થકી, પતિતો તરે જ નકકી,
ખાતરી કરીને પકકી, વેદ તો કહે છે; પુજતાં.

પદ ૩૧૯ મું. રાગ સહર

વેશ તો રહ્યા છે ઝાઝા, રહી રાત થોડી,
રહી રાત થોડી, થાંથા, ગતિ છે કઢોડી; વેશ. વેશ.

વાર તું લગાડ શાને, વાત આ ધરી લે કાને,
સમજી જા જીવ સાને, હાથ કર હોડી; વેશ.
વ્હેલો વ્હેલો થા તું વ્હાલા, ઠાઠ તું તજી દે ઠાલા,
કાળ તો નજીક આલા, ચિત્ત રાખ ચોડી; વેશ.
કાલ કાલ કરમાં કુત્તા, જડવાના ગાઝા જુત્તા,
ધંધમાં ન ધાવું ધુતા, નાખ માન મોડી, વેશ.
ભજી પ્રભુરામ લાલા, કરી લે તું કાલા વાલા,
ઉંધમાં અરે નમાલા, સંત સાથ છોડી; વેશ.

પદ ૩૨૦ મું રાગ સદર.

જીવડા જવાસા પેઠે જાય કાં સુકાતો,
જાય કાં સુકાતો, પ્યાસ, ફરે કાં લુકાતો; જીવડા.
દષ્ટિ છે અદેખી લુડા, જોઇ ના શકાય રુડાં,
સળેલો સ્વભાવ મુંડા, કેમ ના મુકાતો; જીવડા.
મરતો થઇ દુઃખની માખી, સ્વાદ ના શકાતો ચાખી,
અમૃત આંખોમાં રાખી, દ્વેશ ના ચુકાતો; જીવડા.
ઇર્ષાના ઉંધા પાસા, પડે ત્રોટી ચાર ખાસા,
દાવાગ્નિ રૂપ આશા, માં ન જા ફુંકાતો; જીવડા,
સંપીને ચાલ ભાઇ, નાહકનો થા માં નાઇ,
પ્રભુરામ જશ લે ગાઇ, પદે ધા ઝુકાતો; જીવડા.

પદ ૩૨૧ મું રાગ સદર.

એકે અપરાધ નાથે, દાસનો ન લીધો,
દાસનો ન લીધો, શરણે પડયો જેહ સીધો; એકે. ટેક.
નિતિ નાયકાની ખોટી, ગીધની શી જાત મોટી,
ભીલથી કરીને કોટી, દીધી નવ નીધો; એકે.
નામનાં નિશાન ગાજે, ગજને છોડાવા કાજે,
જતાં નહિં જીવન લાજે, મારી ઝુડ દીધો; એકે.
લેતાં નામ એક વારે, ધામ નિજ દેતા પ્યારે,
મનવા શા માટે હારે, સુલભ પંથ કીધો; એકે.

ભજો પ્રભુરામ ભાવે, ચુકવું નહીંજ હાવે,
પછી કાળ કેમ ફાવે, પ્રેમ રસ પાંધો; એકે.

કકાના પદ.

પદ ૩૨૨ મું. રાગ સોરઠ ત્રીતાલ.

કક્કા કેશવ કીર્ત્તન કળીમાં કેમ કર્યું નહી રે,
શું આળ્યો મહિ મહીં રે; ટેક.
કપટ કુચાલ કળિના ધર્મો, કીધાં કાળાં ધોળાં કર્મો,
ભલ ભાગ્યા નહીં ભર્મો; ઘર ધંધે વહી રે; કક્કા.
કામ ક્રોધની કાતી કાળી, પાપી મારી પેટે પાળી,
કાયા છે કરબાળી, શું સમજયો નહિં રે; કક્કા.
કડાકુટ કાયાની કરતાં, કામ કળા કકાસે કળતાં,
કણિયા કાને ધરતાં, શું રખડયો અહિં રે; કક્કા.
કલેષ કુટિલતા કષ્ટ તજીને, કલ્યાણ કારી સાજ સજીને,
પ્રભુ હરિ રામ ભજીને, સાગર તરો સહી રે; કક્કા.

પદ ૩૨૩ મું રાગ સહર.

ખખ્ખા ખગવાહન નવ ભજયો, ખસ્યો,
ખાડે પડયો રે; ભવે ભાઠે ભડયો રે. ટેક.
ખંતીલો થઇ ખોટો ખાધી, ખુણે ખોચરે વળગી વ્યાધિ,
અળગી થઇ ન ઉપાંધિ, ખાંતેથી ખડયો રે; ખખ્ખા.
ખાસાં ખાસડ ખાધાં ઝાઝાં, ખોડ ખામીની નવ રહી માઝા,
ખાઇ ખાઇને ખાજાં, ઉંચેથી દડયો રે; ખખ્ખા.
ખરી વાત ખારી તને લાગે, ખરેખરો ખર થઇને ભાગે,
ખાંધે વાણી વાગે, પણ લોભે લડયો રે; ખખ્ખા.
ખેપ કરી ખરી ખાણે આવો, ખાપણ સાપણ મારી હઠાવો;
પ્રભુ હરિ રામ ભજાવો, શું રહે છે સડયો રે; ખખ્ખા.

પદ ૩૨૪ મું રાગ સહર.

ગગ્ગા ગોવિંદગુણ ગાવામાં ગાંઠા ઘાલમાં રે,
મિથ્યા મહાલમાં રે; ટેક.

ગોટા ગળતાં ગળતાં ગાળ્યો, જન્મારો એળે તેં ટાળ્યો,
ગંધ ધતુરો ભાળ્યો, ચળ્યો નહીં ચાલમાં રે; ગગ્ગા.
ગાડું ગંદુ ગોબરૂં તારૂં, ગાંડા શે લાગે છે સારૂં,
ગમ ગઈ ગધ્ધા ધારૂં, ગળમાં ગાલ[1]માં રે; ગગ્ગા.
ગણુ ગણુ માં તું ગર્વ ધરીને, ગર્વ ગંધારો ગળશે ગળીને,
ચિતડું જાશે ચળીને, વળીને વહાલમાં રે; ગગ્ગા.
ગોકુલપતિ ગોવિંદને ગાજે, ગિરિવરધારી બાનું બિરાજે,
પ્રભુરામ શરણુ થઇ જાજે, તાતા તાલમાં રે; ગગ્ગા.

પદ ૩૨૫ મું રાગ સદર.

ઘધ્ધા ઘટોઘટી ઘનશ્યામ હરિ નવ ઓળખ્યા રે,
પ્રભુ નહિં પારખ્યા રે; ઘધ્ધા.
ઘણુ ઘટડામાં ઘાટો પેઠો, હાશ કરી નહીં હેઠો બેઠો,
ઘાટી વાગી થોટો, ઘોઘર સારખા રે; ઘધ્ધા.
ઘેન ઘણું ઘણું ઘાડુ થાયે, ઘેલી ઘેલછા વધતી જાયે,
ઉંઘેથી ન ઉઠાયે ભુંડાં બાળકો રે; ઘધ્ધા.
ઘર ધંધે ઘમશાણુ મચાવે, લેશ મશાણુની બીક ન લાવે,
ઘડી ઘડીમાં ચાવે, કાળી કાળકા રે; ઘધ્ધા.
ઘાયલ થઇ ઘરમાંથી ભાગે, આતમ જ્યોતિ અંતર જાગે,
પ્રભુરામ પદે જો લાગે, સાચાં પારખાં રે; ઘધ્ધા.

પદ ૩૨૬ મું રાગ સદર.

ચચ્ચા ચિંતન ચરણી ચામ, ચિત્તમાં ચહાય તું રે,
ચળે નિચ હાય તું રે; ટેક.

---

1 બગાઈ.

ચતુરાનું ચિંતન ચિત ધરતાં, ચાક ચડયો તું ચિતડું ચળતાં,
ચાલ કુચાલે ચરતાં, ચપટ ચુંથાય તું રે; ચચ્ચા.
ચોરી ચાડી ચુગલી કરતો, ચંચળતાથી ચારો ચરતો,
ચમક ચટક આચરતો, ચાટ ચંપાય તું રે; ચચ્ચા.
ચોખા ચોળા ચુલે ચડતાં, ચબાવલા ચતુરાઈ કચાડતાં,
ચિંતા ચેહમાં પડતાં, દીલ દઝાય તું રે; ચચ્ચા.
ચોરાની ચોવટ દે મૂકી, ચપળ પણું ચમડા જા ચુકી,
પ્રભુ રામ પદે પડ ઝુકી, શીદ અચકાય તું રે; ચચ્ચા.

પદ ૩૨૭ રાગ સદર.

છછ્છા છેક છકેલ બનીને છદે છાકમાં રે,
છાંદા છાંદ માં રે; ટેક.

છોગાળો થઇ છોગાં મૂકે, છટકેલો થઈ છળમાં ઢુંકે,
છાર છડીને પુ કે, મિથ્યા વ.ડમાં રે; છછ્છા.
છંછેડાઈ છેલો બનતો, છાતી કાઢી ફુલે મનતો,
છાંટેથી છણછણતો, છાપો છાપમાં રે: છછ્છા.
છીનાળવા છેલાઇ ન છાની, છતી થતાં છલકે છે માની,
છંદાશે અભિમાની, છેલ્લે છાણમાં રે; છછ્છા.
છાકટ છડવાં છાલાં છોડી, છળતા છાશ વલોણું તોડી,
પ્રભુરામ શરણ જા દોડી, છમ છમ કારમાં રે; છછ્છા.

અ પદ ૩૨૮ મું રાગ સદર.

જજ્જા જજાળ વિષે જખ મારી જીવન ગાળમાં રે,
ફસીને જાળમાં રે; ટેક.

જુલમી જુલમે ઉંધું વાળ્યું, જોરાવર જીવ જીવન ગાળ્યું,
જીવન ભણી ન ભાળ્યું, ઢળીને ઢાળમાં રે; જજ્જા.
જોગા જંગી થઇને જબરો, જાલીમતાથી ભરલો જકરો,
જરી નહી જ ઠર્યો, જકડાયો જાળમાં રે; જજ્જા.

જાહેર જગમાં જોડા જડતા, જાંજાળે જોડી બહુ જડતા,
જમદ્વારે જઇ પડતાં, ખુત્યો ખાળમાં રે; જગજા.
જમદૂતોના અજબ ઝપાટા, જરી ન ચાલે ત્યાંજ ચપાટા,
પ્રભુ ખોલે રામ કપાટા, તે તતકાળમાં રે; જગજા.

ઝ પદ ૩૨૮ મું રાગ સહર.

ઝઝુંા ઝાઝાં ઝુડો વળગ્યાં, અળગાં નહિ થશેરે, આઘો શું ધશેરે,
ઝંપાપાત કરી જળ માંહે, ઝોંકાવી પડતો તું આહે,
પકડે નહિ કોઇ બાંહે, ઉંડો ડુબી જશે રે; ઝઝુંા.
ઝેર હળાહળ જેવા જળમાં, સર્વાંગે બોળાયો બળમાં,
ગાચમાં હા ? હા ગળમાં, ગળતો શું હશે રૈ; ઝઝુંા.
જોખમ ઝાઝાં ઝપટાવામાં, ઝટ સમજી ઝટકામાં, વામાં,
ઝાકળ જેવી વામા, અંતે ઉડી જશે રે; ઝઝુંા.
ઝઘડા ઝગમગતા દે મુકી, ઝુડા જીંદગી થાશે ટુંકી,
રામ પ્રભુ પદ ઝુકી ઝાઝું શું ભશે રે; ઝઝુંા.

પદ ૩૨૯ મું રાગ સહર.

ટટ્ટા ટાળી ટેવ નઠારી, ટંટા ટાળ તું રે,
જરી કંટાળ તું રે; ટેક.
ઉજડ ટીંપે પાળ ભરે શું, નાહક અખ્યારી સારે શું,
ટણુક તને વારે શું, જો કંગાળ તુ રે; ટટ્ટા.
ટોળ ટણુકની ટોળી તારી, ટગર ટગર જોમાં કહુ વારી,
ટણુકાઈ નથી સારી, જો સભાળ તું રે; ટટ્ટા.
ટોણા ટપલા ખાતો ફરતો, ટોંકાતો પણુશે નહીં ટળતો,
ટેભાટુટ ટળવળતો, શું હંભાળ તું રે; ટટ્ટા.
ટાપ ટીપ ટપટપીયું મેલી, ટળવળ માં ટેકા દે ઠેલી,
રામ ભજન રૂંગ રેલી, પ્રભુ સન ભાળ તું રે; ટટ્ટા.

પદ ૩૩૦ મું રાગ સહર.

ઠઠ્ઠા ઠોઠ રહ્યો તું ઠાલો, ઠકરાઈ ઠાઠમાં રે,
ન સમજ્યો પાઠમાં રે; ટેક.
ઠેકાણું ઠેલ્યું ઠમકીને, ઠોર ઠોર ઠમકયો ધમકીને,
ઠપકાયો ચમકીને, સુક્કા કાઠમાં રે; ઠઠ્ઠા.
ઠામે ઠામે ઠોકર વાગી, ઠઠ્ઠામાં મન કીધું રાગી,
ઠોઠ આકરી લાગી, લેખું લાંઠમાં રે; ઠઠ્ઠા.
ઠર્યો નહીં ઠળીયા મન ઠોલી, ઠમક ઠમક કર્યમાં ઠઠોલી,
ઠગબાજીની હોળી; મનની ગાંઠમાં રે; ઠઠ્ઠા.
ઠુઠવો ઠગ વિદ્યાથી મુકયો, ઠેકડીયે ઠણુઠણુતો ઝુકયો,
પ્રભુ રામ ભજનથી ચુકયો, વરસો સાઠમાં રે; ઠઠ્ઠા.

પદ ૩૩૧ મું રાગ સહર.

ડડ્ડા ડા'પણ ડોહોળો થઇને વાળે ડાટ કાં રે,
અમથો ફાટ કાં રે; ટેક.
ડાહાપણમાં ડુલ્યા કંઈ ડોબા, કાળે કીધા તોબા તોબા,
શું ભર ધુળના ધોબા, લક્ષ્મી હાટ કાં રે; ડડ્ડા.
વાનીના જે ભરતા ખોબા, આખર તેને આવ્યા ઝોબા,
મિથ્યા ઝાલી ઓબા, ચામડ ચાટ કાં રે; ડડ્ડા.
ડુકકર ડાહ્યો થા માં લડીને, મિથ્યા મદ કુડાળે પડીને,
ઉંચે ઉંચે ચડીને, પછડા પાટ કાં રે; ડડ્ડાં,
પ્રભુ કાં અવળે પંથે તું ધા, ડાહાપણ દરિયે પડવા શું ધા,
રામ તજીને ઉંધા, ઘડતો ઘાટ કાં રે; ડડ્ડા.

પદ ૩૩૨ મું રાગ સહર.

ઢઢ્ઢા ઢોંગ તજી દે ઢંઢોળું છું કયારથી રે,
સમજ અત્યારથીરે. ટેક.
ઢાંઢા ઢોંગ ન કરવો તારે, મોત થકી નહી ઢોંગ ઉગારે;
ઢબરાણો જમ દ્વારે, જન્મ્યો ત્યારથી રે; ઢઢ્ઢા.

જન્મ ધરી ઢોંગી કહેવાણો, નારી ધનથી હાય ! ઘવાણો,
કાળ મુખેજ ચવાણો, પ્રકટયો જયારથી રે; ઢહ્યા.
ઢોર સમો થઇને ઢરડામાં, મોહ ધરી મદમાં મરડામાં,
મગ ભેળો ભરડા માં; ભુંડા પ્યારથી રે; ઢહ્યા.
દાસ પ્રભુ ભકિતની આશે, આદિ શીવ પાસે જા પ્યાસે,
રામ ચરણુની પાસે, પડ સુપ્યારથી રે; ઢહ્યા.

પદ ૩૩૩ મું રાગ સદર.

તત્તા તોર તુમાખી તરકટ તારાં તૂટશે રે,
તન ઘટ ફુટશે રે. ટેક.

તબડક તબડક તુરી નચાવે, માલ મફતના મુઢ પચાવે,
કાળ કદી ન બચાવે આખર કુટશે રે; તત્તા.
તૃષ્ણા તંતુ તાણે શાને, વાત ખરી નવ ધરતો કાને,
જરી સમજ જીવ સાને, આયુષ્ય ખુટશે રે; તત્તા.
ત્રેવડ તું કરતો નથી તાજી, હારી બેઠો જીતી બાજી,
રામ ન એમાં રાજી, જમ ઘર લૂંટશે રે; તત્તા.
પ્રભુ મન રામ શરણુમાં ધાતાં, સ્નેહ થકી સતસંગે જાતાં,
સમતા ઉરમાં થાતાં, પાપો છૂટશે રે; તત્તા.

પદ ૩૩૪ મું રાગ સદર.

થથ્થા થીર થઇ ઝટ કરી લે ગોવિંદ ગાનને રે,
ધરી લે ધ્યાનને રે; ટેક.
થોર નકામા શીદને ડોલે, જાતું જો વાજંતે ઢોલે,
ઠગ મગતો શું ડોલે ભુલી ભાનને રે; થથ્થા.
થાંથા ! થાપણુ તારી સારી, મુકવા સારો જો વેપારી,
અંતે જાઇશ હારી, ધર ધર કાનને રે; થથ્થા.
થુંબડાં કેમ હઠીલા ખોદે, ચોરાશીને ચડવા ગોદે,
જન્મ મરણુને રોદે, ખોઇશ જાનને રે; થથ્થા.

થાક ! થાક ! રખડયો બહુ રોંગા, પ્રભુરામ ભજી લે દિલ ઢાંગા,
જીવ જશે જડ જોંગા, ચુકયો તાનને રે; થથથા.

પદ ૩૩૫ મું રાગ સદર.

દદ્દા દેહ દઈ દે દીનજનોને દાનમાં રે,
ધસ મેદાનમાં રે; ટેક.
દયા દાન ને દીનતા દેવી, દુનિયામાં દેખાય ન તેવી,
દિલમાં દપટી દેવી, સમજી સાનમાં રે; દદ્દા.
દશમન દેવું દર્દી દમવા, દુષ્ટ વચન દુર્જનનાં ખમવા,
દુઃખ દારિદ્રો શમવા, રહેવું ધ્યાનમાં રે; દદ્દા.
દામ દાટમાં દોષ કરીને, દંભ દાખમાં દ્વેષ ધરીને,
દાવાગ્નિમાં ફરીને, મરમાં માનમાં રે; દદ્દા.
દીન દયાળ દયાધન દેવા, દામોદર દેખી કર સેવા,
પ્રભુ રામ રટ લેવા, માડી તાનમાં રે; દદ્દા.

પદ ૩૩૬ મું રાગ સદર

ધદ્ધા ધન ધુતવાની ધાણીમાં ધસવું નહીં રે,
શીદ ફસવું મહીં રે; ધદ્ધા.
ધન ધુતે ને ધીરજ આપે, ધીંગા ભૂલાવું ના માપે,
ધુળ ધમાવે પાપે, નહિં ઠસવું તહીં રે; ધદ્ધા.
ધાણીમાં ધુતારા ઠાંસે, ધરણી ધામ હરે હોય પાંસે,
ધોકો મારે વાંસે, નવ હસવું ચહી રે; ધદ્ધા.
ધસનારાએ તો ધુળ ફાકી, ધાક હજુ ના લાગે પાકી,
ધંધવિષે દે ઢાંકી, કાં ભસવું કહી રે; ધદ્ધા.
ધરણી ધરનું ધ્યાન લગાવે, ધણી નામની ધુન મચાવે,
પ્રભુ રામ ભજાવે ત્યાં, વસવું સહી રે; ધદ્ધા.

પદ ૩૩૭ મું રાગ સદર.

નન્ના નેહ કરી લે નારાયણના નામમાં રે,
પરમ સુખ ધામમાં રે. ટેક.

નિરંકુશ નફ્ફટ નહિં થાવું, નિશ્ચય નિર્ગુણ પંથે ધાવું,
નામ નિશીદિન ગાવું, ઠરવું ઠામમાં રે; નગ્ના.
નાથ નિરંજન નયણે નીરખી, નિષ્ઠુર નારી છોડી હરખી,
પરમેશ્વરને પરખી, વસવું ગામમાં રે; નગ્ના.
નાક નકકી અંતે જાવાનું, નિઃશંક થાસે જે થાવાનું,
નકટા નથી ધાવાનું, અવળા કામમાં રે; નગ્ના
નમ્ર થઈ નીરંજન પાસે, નીર્મળતાથી ધા ઉલ્લાસે,
પ્રભુ રામથી નાસે, શાને હામમાં રે; નગ્ના.

પદ ૩૩૮ મું રાગ સહર.

પપ્પા પ્રીત કરી લે પરમેશ્વર પદ પડી પડી રે,
ચોંપે ચડી ચડી રે; ટેક.

ગર્ભવાસ દુઃખની કર યાદી, ઉમ્મરની કર માં બરબાદી,
ભુલ ન ભાન પ્રમાદી, આડો અડી અડી રે, પપ્પા;
ઉપર ટાંગા માથું હેઠું, રૂધીર મળતું માનું એઠું,
તોય ન સ્થિર મન બેઠું, છોતા છડી છડી રે; પપ્પા.
પ્રથમે દેખાડી પડછાયા, તેમાં ફાંસી તારી કાયા,
ખેલ જુએ છે માયા, પાસે ખડી ખડીરે; પપ્પા.
પરવશતા તેં માની પાપી, તેથી બંધ શકયો નવ કાપી;
મોહ શકયો નહિં માપી; ભાઠે ભડી ભડી રે; પપ્પા.
રાજ તજી જંગલમાં જામ્યો, કામી કષ્ટો વિણુ શું કામ્યો,
અમથો હાથ ઉગામ્યો, લોંડા લડી લડી રે; પપ્પા.
નિજ અનુભવ અંતરમાં પામી, રામ પ્રભુજન ભજ બહુ નામી;
હાંક ન વાતો કામી, વંઠલ વડી વડી રે; પપ્પા.

પદ ૩૩૯ મું રાગ સહર.

ફફફા! ફંદ દોરડી ખેંચી રાખી ખાટકી રે,
ઘરના ઘાતકી રે; ટેક.

હાથે અવળી પાડી ગાંઠો, નાહક ઝાલી રાખ્યો સાંઠો,
દેખાશે નહીં કાંઠો, ભવમાં ભાટકી રે; ફેફ્ફા.
બેઠો ફાંસી કંઠે નાખી, આવરદા ખોવાણી આખી,
સ્નેહે શીરપર રાખી, મૃગજળ માટકી રે; ફેફ્ફા.
ખોટે લાભે કાઢી હડીયો, મન જાણે છૂટો પણ જડીયો,
મોહ માંચડો પડીયો, અધવચ ત્રાટકી રે; ફેફ્ફા.
મૂકયા નહિં તેં મનના મેલો, આખર હેઠે આવ્યો રેલો,
તોય ન સમજ્યો ખેલો, જગના નાટકી રે; ફેફ્ફા.
અથડાયો આશાને ઓરે, લાંબો થઈને સૂતો ઘોરે,
રાખી ઝાલી જોરે, ભીક્ષા વાટકી રે; ફેફ્ફા.
પ્રભુરામ રટવા જો મંડે, તાર બીજાને તર તું પંડે,
નહીં તો જમડા દંડે, કહુ છું ઝાટકી રે; ફેફ્ફા.

પદ ૩૪૦ રાગ સદર.

બબ્બા ! બાંડો બનીને બકમાં બાતાં બડી બડીરે,
મેળવ કડી કડી રે; ટેક.

બાઝે શાને જુલમી ઝુંડે, ચાલ્યો જા માં પંથે ભૂંડે,
ટાલ પડી છે મુંડે, જુતીયાં જડી જડી રે; બબ્બા.
બેલપ નહિં કરવાની જાયા, બચ્ચાં દેખાડે કુડ માયા,
રીબા માં રઝવાયા, દુઃખમાં દડી દડી રે; બબ્બા.
આવી જા ભ્રમ તજીને ભાને, સ્વરૂપ ભુલ્યો ધર તે ધ્યાને,
રઝળે રાને શાને, રોબડ રડી રડી રે; બબ્બા.
અંતે ઉર પસ્તાવો થાશે, વાત નહિં મુખથી ઉચરાશે,
કાયા માયા જાશે, સાવ સડી સડી રે; બબ્બા.
કાળે તો લીધો છે ઘેરી, ઝટ જો અંતર અણુઘટ ડેરી,
થા માં નિજનો વેરી; નાહક નડી નડી રે, બબ્બા.
વેળા વીતી પાછી નાવે, ચોંપે ચેતે તે જીવ ફાવે,
રામ પ્રભુ ભજ ભાવે, ઘટમાં ઘડી ઘડી રે; બબ્બા.

પદ ૩૪૧ મું રાગ સહર.

ભભ્ભા ભગવતને ભેટ્યાની આ તક અડાકડી રે,
કર માં લડા લડી રે; ટેક,
ભક્તિ ખાંડે જો નહિં લડશે, તો, રણમાં માથું રડવડશે,
મુદગળ જમના પડશે, માથે ધડા ધડી રે; ભભ્ભા.
ભજતાં હમણાં હરકત નડશે, તો જમદ્વારે જઇ જીવ ચડશે,
ચાબુક ફટકા જડશે, પીઠે ફડા ફડી રે; ભભ્ભા.
સતસંગે જો વાળ્યા ગોટા, અંતે ખોટ ખટકશે ખોટા,
શીરપર જમના સોટા, પડશે તડા તડી રે; ભભ્ભા.
હાલ ભલે તું ઝોલા ખાશે, આખર સહુ સાચું સમજાશે,
કાળ મૂશળની થાશે, ભારે ભડા ભડી રે; ભભ્ભા.
કર સ્થિરતા જીવરૂપ તોતાની, ઘોર ખોહમાં ઘુડ પોતાની,
માયાના છોતાની, કરમાં છડા છડી રે; ભભ્ભા.
અંતરથી આશા તજવામાં, લપટ લાલચીયા લજવામાં,
રામ પ્રભુ ભજવામાં, ઝટ કર ચડા ચડી રે; ભભ્ભા.

પદ ૩૪૨ મું રાગ સહર.

મમ્મા ! મોહન મેળવ મચ્યો મામલો કડા કડી રે,
કર ઝટ પડા પડી રે; ટેક.
મોહ ધુળના ભર માં ધોબા, મોત સમે થાવાનાં તોબા,
આવે જ્યારે ઝોબા, જબરા ઝડા ઝડી રે; મમ્મા.
હમણાં વાત ન સાચી લાગે, આંખ ઉઘડસે ડાચું ભાગે,
થપ્પડ જમની વાગે જ્યારે, થડા થડી રે; મમ્મા.
બોઘા બેઠો ભરશું ડબરી, તારાથી તો સારી શબરી,
જમ ઝાપટની જબરી; થાશે તડાફડી રે; મમ્મા.
ધીરજ છુટી જાશે ધીરની, વીરતા વંઠી જાશે વીરની,
જમ આંગણુ શઠ શીરની, હોશે હડા હડીરે; મમ્મા.

હરી રસ પીતાં શાને થાકે, કાયાના છાકે શું છાકે,
આખર અંધ ન પાકે, કુટલ બદામડીરે, મમ્મા.
ભક્તિથી જમડા ભય પામે, રામ પ્રભુ ભજ ભીતર હામે,
પ્રેમ ભક્તિ જમ સામે, ફોડ ફટાકડી રે; મમ્મા.

પદ ૩૪૩ મું રાગ સદર.

યય્યા ! યમની હાકલ વાગી, ટાંણું અડે કડે રે,
કર મન કડે ધડેરે; ટેક.
ઠેકી જાને ત્રીગુણી ઉંબરા, રામ રસાત્મક ખાને ઢુંબરા,
કર્મોના ડુંગરા પર, શાને ચડે પડે રે; યય્યા.
પગથી ચડી જા સપ્ત પદીની બીક મટાડી મોહ મદીની,
શા માટે ભવ નદીની, ભુંડી ભડે ચડેરે; યય્યા.
સમજી જા તત્વો ધર્મોનાં, વેદ શાસ્ત્ર કેરા મર્મોનાં,
નાહક ક્યાં કર્મોનાં, બંધનવડે સડેરે; યય્યા.
અભિમાનથી અમથો બંધા, હું પદ છુટે હરિથી સંધા,
હાથે કરીને અંધા! કેમ પડે હડે રે; યય્યા.
અહંકારનું ઘર છે ખાલી, ગયાં કર્મનાં વૃક્ષો ફાલી.
કર્મ તાંતણા ઝાલી; ફોકટ લડે રડે રે; યય્યા
નિર્મ મતામાં ડેરા દીધા, ખાટયા રામ પ્રભુ રસપીધા,
અહંભાવથી કીધા, કામા નડે નડે રે; યય્યા.

પદ ૩૪૪ મું રાગ સદર.

રર્રા ! રીઝવી લે રઘુવરને પુજી પાવડી રે,
પકડજે બાવડી રે; ટેક.
જગપતિ સેવા પ્રયાગ પ્રાચી, શ્રીવર સેવામાં રહે રાચી,
હરિહર સેવા સાચી, જનની માવડી રે; રર્રા.
સેવા કરવા ના પરવાર્યો, તેને જમડે ગરદન માર્યો,
જગ બાજી તે હાર્યો, સેવા નાવડી રે; રર્રા.
હરિ પૂજે તે નિત્ય ઉદાસી, ઘેરે બેઠે મથુરાં કાશી,
આરાધન અવિનાશી, અમૃત વાવડી રે; રર્રા.

એકે નહિં નડતા ત્રિતાપો, સાંપડવાના નહિ સંતાપો,
ગોવિંદનો ગોલાપો, સ્વર્ગિય આવડી રે; રૂડી.
સેવામાં નહિં વૃત્તિ જેની, બાળ્યા જેવી બુદ્ધિ એની,
દેહ નકામી તેની, તૂટલ તાવડી રે; રૂડી.
પ્રહલાદે રીઝાવ્યા દેવા, ધ્રુવને મળિયા મીઠા મેવા,
પ્રભુ રામની સેવા, સાચી આવડી રે; રૂડી.

પદ ૩૪૫ રાગ સદર.

લહ્યા ! લોભે લક્ષણ કેરી જાશે ઘટા ઘટી રે,
કર માં પટાપટી રે. ટેક.
પુલણજી થઈને ફુલકામાં, હું પદમાં પાપી પુલકામાં,
લંપટ લપટી જા માં, કરતાં ચટાપટી રે; લહ્યા.
ફોક ફજેતીના શા ફાંકા, રાગ ન રોફે રજણુ રાંકા,
મોહ માનની વાંકા ! કર માં ભટાભટી રે; લહ્યા.
મુક મમતા જગરૂપ ઝુલડાંની, કામ ક્રોધ કંચન કુલડાંની,
માયાના કુલડાંની, ખોટી ફટા ફટીરે; લહ્યા.
રંજાડે રાંકો શી આશે, તૃષ્ણા ઘરમાં સ્વારથ છાશે,
કજીયાને ફંકાશે, કર નવ કટા કટી રે; લહ્યા.
બુરાઈ છોડી શુરો થાતું, ભજન ભાવનું બાંધી ભાતું,
મદ મત્સરની જાતું, જીવડા ! છટા ? વટી રે; લહ્યા.
વ્હાલાં તે સમજી લે વેરી, તક્ષકથી પણ જબરાં ઝેરી,
પ્રભુ રામ ધુન કેરી, ઝટ કર બટા ચટી રે; લહ્યા.

પદ ૩૪૬ મું રાગ સદર.

વળ્યા ! વેરાગી થા, જાગી જા, વરણાગીયા રે,
જીત્યા જાગીયા રે; ટેક.
વામા ભાળી વાંકો ચાલે, લટકાંમાં લેવાતો હાલે,
ઝટપટ જમડા ઝાલે, હડ ! હિણુ ભાગીયા રે; વળ્યા.
મોહક માનુનિ રૂપ પ્રકાશે, દોડી મર કાં તેની વાંસે,
ડાચું અંતે વકાશે, અંધ વિરાગીયા રે; વળ્યા.

વેશ ધરીને જા માં વંઠી, અંતર ઉંધી ગાંઠો ગંઠી,
પ્રિયતમ પ્રીતિ કંઠી, બાંધ સુભાગીયારે; વળ્યા.
કીર્ત્તન કંઠે રાખી ગોખી, થઇ બેઠો શું બાંડા શેખી,
આપે ઓખી તો ગા, શું દુર્ભાગીઆરે; વળ્યા.
મેશ લગાડી હાથે મોઢે, ઢીલ જડયું તેં પાપી લોઢે,
નિજ કર્મોના કોઢે, જોડા વાગીયારે; વળ્યા.
ત્યાગી દે તન મને અનીતિ, મન વચને કર્મે ધરી નીતિ,
કર પ્રભુરામે પ્રીતિ, આજ અભાગીયારે; વળ્યા.

પદ ૩૪૭ રાગ સહર.

શરશા! શોઠ તજીને શબ્દાતીત પિછાણુ જે રે,
ઉર દ્રઢ આણુ જે રે; ટેક.
સદગુરૂ પાસે શબ્દો શીખી, નાખ નાખ માયા પટ વીખી,
સાન ધાર છે તીખી, પુર પ્રમાણુ જે રે; શરશા.
પ્રથમ સાંભળી લેવી વાણી, અંતર ધરવી ધીરજ આણી,
વિચાર ઘાણી ફેરવતાં, સુખ માણુજે રે; શરશા.
વિચાર સાથે વિવેક રાખી, સ્વાદ અનુભવ લેવો ચાખી,
આત્માનંદી ઝાંખી, થાતાં જાણુજે રે;
વૃત્તિ તૃપ્ત બનીને વળશે, બ્રહ્માનંદે મન દ્રઢ મળશે,
મન્મથ બળશે ને ટળશે, મોકાણુ જે રે; શરશા.
ગુરૂ પ્રતાપે ગમ સમજાશે, જુદાં તે ભેળાં થઇ જાશે,
અનુભવ પ્રકાશ થાશે, ઉગશે ભાણુ જે રે; શરશા.
પ્રભુરામ ધુન લાગી રહેશે, પ્રેમ નદીમાં ઝીલકા દેશે,
તુંહી તુંહી મન કહેશે, લેશે લ્હાણુ જે રે; શરશા.

પદ ૩૪૮ મું રાગ સહર.

બચ્ચા! ષટ શાસ્ત્રોના ભેદ બધા ભગવાનમાં રે,
હરિના ધ્યાનમાં રે. ટેક.
નાક કટાની નાત્યો ઝાઝી, તે સંગે ના રહે તું બાઝી,
પ્રીત કરી લે પાજી, હરિગુણ ગાનમાં રે; બચ્ચા.

સ્ત્રી સાથે તાળોટા પાડે, અક્કલ શું આપી છે ભાડે,
ચડી ચડીને તાડે, પડ કાં તાનમાં રે; ખખ્બા.
હીજડનો હોકારો ખોટો; બકવે મોટો કરવે છોટો,
પઢ ! શું વાળે ગોટા, પડ મેહાનમાં રે; ખખ્બા.
કાં સાચી શીખ માને જુઠી, બુદ્ધિ બેલ બની છે બુઠી,
હોડ વાળીને મુઠી, આવી ભાનમાં રે; ખખ્બા.
ધન્ય કમાણી કરને ધીંગા, રમતે રહી જા માં રૂઠ રીંગા,
ટગ ડાળે કાં ટીંગા, મુઢ અભિમાનમાં રે;
પ્રભુ રામ પ્રિયતમની પાસે, પ્હોંચી જા ભય પામી ત્રાસે,
આઘો નાસે તો લેખું હેવાનમાં રે; ખપ્પા.

પદ ૩૪૯ મું રાગ સદર.

સસ્સા ! સતસંગતનો સ્વાદ ચાખ તું સામટો રે,
થા માં ભામટો રે; ટેક.
સ્નેહ સરસ કર સંતો સાથે, તક આવી છે ઉત્તમ હાથે,
બ્રહ્માંડો માથે છે, જમ શત્રુકટો રે; સસ્સા.
વિચાર કરવો ગ્રહ ઘાતોનો, કાળ કરાળ તણી લાતોનો,
ઉધાર મુખ વાતોનો, કરવો નહીં સટો રે; સસ્સા.
સંત સંગ જો નહી થાવાનો, તો જીવ જમ હાટે જાવાનો,
ઉધાર થાવાનો, ન સૂતો માંડે ચટો રે; સસ્સા.
સજ્યા દીકરા પાછળ છો દે, ભલે ખરચના ખાડા ખોદે,
ભજન વિનાને સોદે, મટશે નહી બટો રે; સસ્સા.
ચતુર્ભુજ હૃદયમાં ચાંપી, પ્રેમ ભાવની છાપો છાપી,
કાળ ભુતની કાપી, ઝટ લેવી લટો રે; સસ્સા.
સતસંગે ભય જાતા વીતી; ભવભયની પણ ભાગે ભીતિ,
જન પ્રભુ રામે પ્રીતિ, એ સાચો પટો રે; સસ્સા.

પદ ૩૫૦ મું રાગ સદર.

હહ્હા ! હરિગુણ ગાન કરીને હરખે ગાજજે રે,
શત્રુ ગાંજજે રે; ટેક.

ગુણ ગાતાં ગોવિંદો મળશે, હરિજનથી જો હૈયું હળશે,
અખિલ પાપો પળશે, સરશે કાજ જો રે; હરુ.
ગુણવંતાનું ગાણું ગાવું, ગાંડા ! એમાં શીદ લજાવું,
તેણે ખરૂં શરમાવું, ખાય અખાજ જો રે; હરુ.
લક્ષ્મી વરથી નોખો પડતાં, હરામની ખાડે આખડતાં,
ભ્રષ્ટ જનોથી ભડતાં, સાચો લાજ જો રે; હરુ.
ભજવો ભવપતિ છોડી શેખી, સૌને સરખાં લેવાં લેખી,
દીનનાં દુઃખડાં દેખી, દીલમાં દાઝજે રે; હરુ.
અંતરનો અંતર કર સાખી, અનુભવમાં બુડ ઉમર આંખી,
પ્રેમે પકડી રાખી, સીધી પાજ જો રે; હરુ.
લોક ખીજે તો છોને ખીજે, તું તો હરિરસ પાજે પીજે,
પ્રભુ રામજી રીઝે, ગરિબ નિવાજ જો રે; હરુ.

પદ ૩૫૧ મું રાગ સદર.

ભેળા ! વેળા એળે જાતી પાછી વાળજે રે,
પ્રીતિ પાળજે રે; ટેક.
ઓચિંતો ઉઠી તું જાશે, મરવું તે મિથ્યા નહિં થાશે,
તરશે હરિગુણ ગાશે, ત્રોડી જાળને રે; ભેળા.
કાળ ઝપાટા માથે મારે, એમાંથી નહિં કોઇ ઉગારે,
રામ ભજે જો ત્યારે, મારે કાળને રે; ભેળા.
વીજળી કેરા થાય ઝપાટા, કાળ ચક્ર તેમ દેય સપાટા,
માર ન મુઢ ગપાટા, નાથ નિહાળને રે, ભેળા.
જેની મુંછે લીંબુ લટકે, તે નવ કાળ ઝપટથી છટકે,
જબરાને દેય ઝટકે, મારી ફાળને રે; ભેળા.
પ્રમાણુ એનું કદી ન થાયે, જોરાવર હારી ત્યાં જાયે,
પકડી પકડી ખાયે, બુઢા બાળને રે; ભેળા.
કાળ ધ્રુજે રઘુવરની હાકે, રામ પ્રભુ ભજ પાયે પાકે,
નામ ચોકી ઘર નાકે, ભીતિ ટાળને રે; ભેળા.

પદ ૩૫૨ મું રાગ સહર.

ક્ષજ અક્ષર અક્ષર અવિનાશીની ઓળખાણુનો રે,
પ્રાણુ પીછાણુનો રે; ટેક.

ત્રિગુણુ વિષે ભુતો સહુ ક્ષર છે, ત્રિગુણાતિત અવ્યય અક્ષર છે,
પુરૂષોત્તમ તે પર છે, સિદ્ધ સુજાણુનો રે; ક્ષજ.

સૂર્ય પ્રકાશે તેને તેજે, ચંદ્ર પ્રકાશ ગ્રહે તે હેજે,
નિશ્ચય કરી જીવ લેજે, શુદ્ધ પ્રમાણુનો રે; ક્ષજ.

અગ્નિમાં આતપ તે એની, જળમાં રસની શકિત તેની,
સાર ખરો મન લેની, વેદ પુરાણુનો રે; ક્ષજ.

ગગને શબ્દ સ્વરૂપે ગાજે, પવને વાવાનું બળ રાજે,
સઘળે એમ બિરાજે, પ્રિયતમ પ્રાણુનો રે; ક્ષજ.

પૃથ્વિમાં તે ધારક શકિત, ભકતોના હૃદયોમાં ભકિત,
નોખી અનોખી વ્યકિત, વાદ અજાણુનો રે; ક્ષજ.

તત્વમસિ પદ તે અવિકારી, સમ પ્રભુ ભજ ભવભયહારી,
દ્દઢ આશ્રય દિલ ધારી, લે પદ ત્રાણુનો રે; ક્ષજ.

પદ ૩૫૩ મું રાગ સહર.

જ્ઞજ અક્ષરમાં એકજ જ્ઞાન જ્ઞેય જ્ઞાતા બને રે,
કર સ્થિરતા મને રે; ટેક.

જ્ઞાન મટી વિજ્ઞાન થવાથી, જાણુ પણાનું જાણુ જવાથી,
સદગુરૂ સાન દવાથી, પામ પ્રતાપને રે; જ્ઞજ,

અભિન્ન ભાવે ભમવું ભૂમાં, ભેદ ન લેશે તેને તુંમાં,
પડવાનું નહિં પૂમાં, તજ સંતાપને રે; જ્ઞજ.

જાળ જળે ને કાળ ટળે જ્યાં, ભેદ ગળે ને વેદ વળે ત્યાં,
જ્ઞાન ધ્યાન ક્યાં, કહેવું જ અમાપને રે; જ્ઞજ.

કીડી કુંજર એકજ ભાસે, ભિન્ન ભાવ સર્વાંશે નાસે,
ધાસ ચાસ પાસે, પેખે જગ બાપને રે; જ્ઞજ.

આત્મ દર્શને હૈયું હુલસે, વચને બિમ્બંભરજી વિલસે,
આપ આપમાં ઝીલશે, ભુલી આપને રે; જ્ઞાન.
વાણી અટકી પડતી મારી, મન પણ વળતું કરી લાચારી,
રામ પ્રભુ લે તારી, જપતાં જાપને રે; જ્ઞાન.

પદ ૩૫૪ મું રાગ ભૈરવ.

સીતા પતિ સ્વામી સહાય કરો, સહાય કરો, મારી વ્હાર કરો, સીતા.
દુઃખ દરિયામાં ડુંબું હરિ હું, વાહાલા વેગે હાથ ધરો; સીતા
અવર આધાર ન મારે પ્યારા, આશ્રય એક હરિ તારો ખરો, સીતા.
જો તક ચાલી ગઈ તો પછીથી, પસ્તાવો પ્રભુ રહેશે ખરો, સીતા.
દાસ પ્રભુ તુજ શરણુ પડયો છું, સંકટ સ્વામી હરોજ હરો, સીતા.

પદ ૩૫૫ મું. રાગ સદર.

વંદે રઘુપતી જગ તે જીતે, તે જીતે જગ તે જીતે, વંદે. ટેક
ભવભય છૂટે, ભેદજ ત્રુટે, ભાવ ધરી ભજતાં પ્રીતે; વંદે.
ભકત જનોના, હૃદય કમળના, ભૃંગ ભજે ભારી ભીતે; વંદે
નામ હરિનું, કામ કરિનુ, મોત કરે સારી રીતે; વંદે.
તાપ ત્રિવિધિ, ટાળી દે રિદ્ધિ, રામ પ્રભુ રહીને ચિત્તે, વંદે.

પદ ૩૫૬ મું રાગ સદર.

જગયામિનિ! હે જીવ જાગ અરે, જાગ અરે જીવ જાગ
અરે; જગ.
નભ મંડળમાં, દામિની પેરે, દેહાદિક ઝબકાર કરે, જગ
સ્વપ્ના જેવા, જન્મ મરણથી, શું પામે સંતાપ ખરે; જગ.
મૃગજળ બુડયો, મિથ્યા માન્યું, ડંખે રજુ સાપ ન
કોઇ મરે; જગ.
સ્વપ્નાનું દુઃખ, જાગે જાશે, સંત વેદાદિક સાખ ભરે; જગ.
જાગ્યાથી ત્રય, તાપો નાશે. રામ સુધા પ્રભુ પ્યાસ ધરે; જગ.

પદ ૩૫૭ મું રાગ સહર.

પ્રભુ પ્રિયતમ પ્યારા પ્રાત થયો, પ્રાત થયો પ્યારા પ્રાત
થયો; પ્રભુ. ટેક.

હે રઘુનંદન પોઢી રહ્યા શું, આ રજની અંધકાર ગયો; પ્રભુ.
બંદીજન ગુણ ગાન કરે છે, સુંદર કીર્તી વળી વિજયો; પ્રભુ.
નારદ નાદે, શારદ શબ્દે, વિલસાવે જગમાંહે જયો; પ્રભુ.
નિગમાદીકની વાણી ગાને, વ્હાલા પામી પરાજયો; પ્રભુ.
દાસ પ્રભુ પતિ રામ જગાવા, શોર કરૂં કહો નાથ કયો; પ્રભુ.

પદ ૩૫૮ મું રાગ સહર.

પ્રભુરામ કૃપા ભવ રાત ગઇ. રાત ગઇ, ભવ રાત ગઇ; પ્રભુ. ટેક.
ઉર થકી નહિં ખસસે કદાપી, નામચિંતામણી પ્રાપ્ત થઇ. પ્રભુ.
નામ કસોટી, કંચન મનને, વારંવાર કસીશ લઇ; પ્રભુ.
પરવશ માની ઇંદ્રિયો હસતી, કબજે થઇ હસસે ન કંઇ; પ્રભુ.
દાસ પ્રભુ મન ભ્રમર નિરંતર, વસશે રામપદ કંજ જઈ; પ્રભુ.

પદ ૩૫૯ મું રાગ સહર.

અવગુણ જનના હરિ જો લેશો,
જો લેશો હરિ જો લેશો; અવ. ટેક.
ભજન તમારૂં માની અકારૂં, નાહક સો દેશે ઠેંશો, અવ.
પંથ તમારો ઉજડ થનારો, દ્વાર પછી શું દઇ દેશો; અવ.
વ્યવહાર છુટે, પેઢી ત્રુટે, પરમેશ્વર પછી ક્યાં પેસો; અવ.
દાસ પ્રભુ ભજુ રામ દયાળુ, બળવંતા દીલમાં બેશો; અવ.

પદ ૩૬૦ મું રાગ સહર.

જનના અવગુણ હરિ શે લેશે,
શે લેશે હરિ શે લેશે; જન. ટેક.
સેનાની શી જાત હતી તે, નાથ જવાબ શું ના દેશે જન.
પારાધીનાં કર્મો કહેતાં, રામ સંતાઇ શું રે'શે; જન.

વાનર રીંછ ન્હાનાં મોટાં સૌ કીધાં અતિ ભારી પ્રભુને વેશે, જન

દાસ પ્રભુ ભજ રામ દયાળુ, પ્રેમ પિયુષથી ઊભા એશે. જન.

પદ ૩૧૧ મું. રાગ સદર.

અવગુણ પણ ગુણ થઇ જાશે,
થઇ જાશે, ગુણ થઈ જાશે; અવ. ટેક.
ચંદન વનમાં બીજાં ઝાડો, ચંદન ભાવે વ્હેંચાશે, અવ.
લોહું પારસને અડવાથી, પારસ રૂપે તે થાશે; અવ.
દોષ બધાં ભુંડાં ભંગાશે, જો હરિ શરણે જીવ ધારશે, અવ
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, પ્રેમ પિયુષ પ્રિતમ પાશે, અવ.

પદ ૩૧૨ મું રાગ ભૈરવી.

મન જન્મ મરણનો ફેરો, ટળવા ટાળો મન ફેરોરે; મન. ટેક.
ઝેર ઘણાં ને વેર ઘણાં વળી, કજીયાના કાળા કેરો,
સુધા સુશે સાટામાં ઢોળી, થા માં સાવ નમેરો રે; મન.
ઘટાં ટોપે ઘન સેન શત્રુનું, ઘાટો ઘાલ્યો ઘેરો રે,
ઘેરામાંથી છુટી છટકી, ઉલટું એને ઘેરો રે; મન.
જોર કરીને જમડા ઝાઝું, ઉઘરાવે છે વેરો,
વેરામાંથી પળત પળાવા, છોડો જગનાં વેરો રે, મન.
વારંવાર મરણના ફેરા, એ છે મનનાં ઝેરો,
અમૃતમય બનવાને પ્યારા, મનનાં ઝેરો ઝેરો રે; મન.
મારૂં તારૂં મનથી મૂકી ભિન્ન ભાવ નહેરો,
પ્રભુસમ ભાવ કરીને સૌમાં, રામ શરણમાં હેરો રે; મન

પદ ૩૧૩ મું રાગ ભૈરવ.

રઘુવીર પદે પ્રિય પ્રેમ ધરો, પ્રેમ ધરો, પ્રિય પ્રેમ ધરો,
રઘુ. ટેક
જન્મસફળ કરવા આ જગમાં, ભજન સુધાં જરી પાન કરો, રઘુ.
રામ નામે સહુ કલેશ કપાશે, પાપ પયોનિધિ પાર તરો, રઘુ.

[illegible] ધર્મ કહ્યું છે, [illegible] ના મર્મ; રઘુ.
જ્ઞાન કથા શુણી ભરમે ભુલી, [illegible] શી કરે; રઘુ.
સોની શરમ પડે છે, જેને તેને ભજતાં કેમા ડરે; રઘુ.
પ્રભુ મન ભજતાં સર્વ કપાશે, રામ કૃપાથી કર્મ થરો; રઘુ.

પદ ૩૬૪ મું રાગ ભૈરવી

હરિદાસ બનો મન મારા, અવળા ચાળા નહીં સારા રે, હરિ. ટેક

દાસ બન્યામાં દોષ ન આવે, દીન પ્રભુને પ્યારા,
દીન બનીને દોષ બધા તું, નાંખ નિધિમાં ખારા રે; હરિ
શીલ અને સંતોષ ધરીને, સદગુણ સર્વે સારા,
સાર ગ્રહી સૌમાંથી સાચો, શુદ્ધ કરો આચારા રે; હરિ.
શાંત સ્વભાવ સરળતા મૈત્રી, ભેદે પાપો તારા,
આત્મ પ્રમાણે સો પ્રાણીમાં, જો, ખા, કાં પેજારા રે; હરિ.
ભાંગ ભાગ રે ભાંગ ભલા તું, આ ભવ ભયના ભારા,
પ્રભુ પ્રિય રામ શરણ ગ્રહી લે, વિનવું વારં વારા રે; હરિ.

પદ ૩૬૫ મું રાગ આશાવરી.

ભુખલ ભુંડ ભવે ભવે ભટક્યો રે, ભલા ભલા ભાવ થકી
વટક્યો, ટેક.

વિષ્ટા ખાવા વહાલ ધરીને, મીઠો મેવો પટક્યો,
શીતળ નિર્મળ નીર ન ભાવે, ડાબર નીર ગટક્યો રે; ભુખલ.
આત્માનંદનો પ્યાલો પાપી, હાથ થકી છટક્યો,
શાંતિ સૂખના સ્થાન તજી તું, ઉંધે શીર લટક્યો રે; ભુખલ.
રસના સ્વાદ ને સુગંધી લેવા, ખોળેથી ભટક્યો,
ઇંદ્રિય સુખના આનંદમાં તું, ફોકટમાં ફટક્યો રે; ભુખલ.
છટકી ભટકી લટકી ફટકી, ચમડા નહીં ચટક્યો,
પ્રભુ ભજ્યા વિણ કાળે તુજને, ઝંઝેડી ઝટક્યો રે; ભુખલ.

પદ ૩૬૬ મું રાગ ભૈરવી. (જઇને કહેજે સભામાં ન આવું)

ધા ધા અરે હો હરિ દીન બંધુ,
હરિ દિન બંધુ, હરિ દિન બંધુ; ધા ધા. ટેક.
મન માને નહિ માધવ મારૂં, થઇને ભમે છે સદા
ખીન ખંધુ; ધા.
વિષય કથાનું અજન આંજી, ચહીને મરે છે મહામંદ અંધું, ધા
હાર્યો હરિ હું એ મુઢ મનથી, આશા ખરી એક આરત
બંધું, ધા.
મોળપ મારી મન નહિં લેજો, પ્રભુપતિ રામ મહાસુખ
સીંધુ; ધા

પદ ૩૬૭ મું. રાગ ભૈરવી ઠુમરી.

કાં ફ્રર ખુણે ખાંચે રે, મન શિવવિણુ શીંદને જાચે, ટેક.
દીન દયાળુ દુઃખ દારિદ્ર હરની, સન્મુખ કેમ ન નાચે રે; મન.
કાળકુટથી દાઝે દેવાસુર, ઝેર પીધું શીવ સાચે રે; મન.
દારૂણુ દુઃખ દેનાર ત્રિપુરને, બાળ્યો બાણુની આંચેરે. મન.
કલ્પતરૂ સમ, અઢળક દાની, વેદ પુરાણો વાંચે રે; મન.
કાશી મરત તે જીવ ગતી પામે, મુની દુર્લભ મન રાચે રે, મન.
લોભ મદ મોહ ને ક્રોધ મત્સરને, કામને મારે તમાચેરે; મન.
દાસ પ્રભુ શિવદ્વાર પડીને રામ ચરણુ રતિ યાચેરે; મન.

પદ ૩૬૮ મું રાગ સોરઠ ગઝલ.

કુસંગમાં કલેશો ઘણા, સુસંગમાં શાંતિ મળે,
હાની કુસંગે છે અતી, સુસંગથી લાભો રળે; કુસંગ.
ઉંચ થાય નીચ કુસંગમાં, સુસંગ નીચા ઉચ્ચ થશે,
બંધન થશેજ કુસંગથી, સુસંગથી છુટી જશે; કુસંગ.
કુસંગ દીલ ડુભાવશે, સુસંગ આનંદ આપશે,
મન મેલું થાય કુસંગમાં, સુસંગ કાળપ કાપશે; કુસંગ

કુસંગમાં અપકીરતી, સુકીરતી સુસંગ છે,
કર્મ નાશા તે કુસંગ, સુસંગ, સાચી ગંગ છે કુસંગ.
કુસંગ કામાદિ વધારે, નાશ થાય સુસંગમાં,
કુસંગ ઢંગ મુકાવશે, સુસંગ રાખે ઢંગમાં; કુસંગ.
કુસંગ ને સુસંગની, સમજણુ ધરીને ધ્યાનમાં,
પ્રભુરામ સંગી સાથનાં પ્રિતે મળો ગુલતાનમાં; કુસંગ

પદ ૩૬૯ મું રાગ સહર.

કુસંગમાં કષ્ટો મળે, સુસંગમા સુખ થાય છે.
મોહોબત કરો જેવા જને, તેવો જ લાભ પમાય છે; કુસંગ,
તેલ વેળુમાં નથી, જળમાં કહો ઘૃત કયાં હતું,
મિથ્યા વલોવી પીલતાં, ફળ જે મળે જગમાં છતું; કુસંગ.
વૃક્ષ મોટું આંબલી પણુ પાન નાનાં જો મળ્યાં,
છુટાં છવાયાં વાંકડાં, ખાટાં ફળો સહેજે રળ્યાં; કુસંગ.
છે ઝાડ નાનું કેળનુ, પત્રો મળ્યાં મોટાં મહા,
ફળ એક સંગે લાગતાં, મીઠાં મધુરાં જો અહા? કુસંગ.
ઉચ્ચ વાયુને પ્રસગે, ધુળ આકાશે જતી,
નીચી ગતીવાળા જળેથી, કીચરૂપે તે થતી; કુસંગ.
મરશે અમર કુસંગમાં, સુસંગથી મૃત જીવ-તું,
પ્રભુરામ સંગી સાથમાં, પ્રેમે ભળી જા જીવ તું; કુસંગ.

પદ ૩૭૦ મું. રાગ હવે જોઇ જોઇ પ્રિતિ તમારી ભલા. એલય

ભજો રામ રામ, રામ રામ, રામજી ભલા,
બીજી વેગળી કરોને જ વશગી બલા; ભજો.
ઉંચ ને નીચનું નેહું નહી જ્યાં,
સારા ને નરસા છેજ નહિ ત્યાં;
એવા તજીને શું ઘરમાં ઘલા. ભજો.
સમતા ત્યાગી ભકતને કાજે,
વિષમપણુાના સાજો સાજે;
એકે કળા નહિં, કસ્તા કલા. ભજો.

પાળે પોતાના કરી પ્રીતેથી,
નિવાજતા રૂડી રૂડી રીતેથી;
એને વિસારી શું ભમશો ગહલા. ભજો.
દયા કૃપામૃતનો સુખ સિંધુ,
ન્યાલ કરે આપીને એક બીંદુ,
શું ઠાઠે રહે એને ભજવા ઠલ્લા. ભજો.
ઉત્તમ રીતી નીતી સીધી જાણી,
આનંદ સાગર હેતે પ્રમાણી;
પ્રભુરામ નામોની કરંજો હલ્લાં, ભજો.

પદ ૩૭૧ ગઝલ. વિદેશ વાટ જાઉં છું. એ લય.

મોહ મુક મોહ મુક મોહ મુક તું,
ચબાવલા પણાંવિષે કાં ચિત્ત ચુકતું; મોહ
મરણુ માર આકરો, ન દ્વાર ચુક તું,
મમત, માન, મંદમતિ, બંધ ફુક તું; મોહ.
ડોળ ને દિમાકમાં ન ડાંડ ડુક તું,
ભ્રષ્ટતા કરી ભમેલ શીદ ભુંક તું; મોહ.
વિષયના વિલાસ પરે જીવ થુંક તું,
ખેરના ઈંગાર હાથ ! કેમ મુક તું; મોહ.
આપદા હજાર કરી કેમ હુંક તું,
સમજ સમજ સાનમાં હો ! જીવ ! શુક ! તું; મોહ.
સાર તો ગણી અસારમાં ન સુકતું,
ધાર પ્રભુરામ ચિત્તમાં અચુક તું; મોહ.

પદ ૩૭૨ મું રાગ સહર.

રામ રામ રામ રામ રામ રામજી,
રામ રામ રામ રાન રામ રામજી; રામ.
હે કૃપાળ હે દયાળ સુખ ધામજી,
હે મયાળ હે રસાળ હે અકામજી; રામ.

આજ અનેક એક રામ રામ ભામજી,
અગુણુને સગુણુ વિશ્વના વિશ્રામજી; રામ.
વિચિત્રતા સૂચીત શુભગ્ર ગુણુ ગ્રામજી,
આનંદ ધામ આપનાર એક નામજી; રામ.
નામ છે અનેક તોય છો અનામજી,
ભકત ભયો માંગતું સુરામનામજી; રામ.
રામ નામ કલ્પવૃક્ષનો આરામજી,
સંતના ત્રિતાપ ટાળી દે આરામજી, રામ.
નામથી મુકાવતાજ માઠી મામજી,
નામથી વધારતા સુપ્રેમ કામજી; રામ.
નામનો પ્રતાપ પાય પ્રેમ જામજી,
રામ પ્રભુ દાસ પોષજો, હું વામજી; રામ.

પદ ૩૭૩ મું રાગ બુલબુલ ગઝલ.

સુવેલ શૈલપર સ્વામી, ઉતારા કીધ બહુ નામી,
સેનાની ભીડ બહુ ભારી, જય જય રામ વિજયકારી; સુવેલ.
સુંદર શૈલ શૃંગ દેખી, અતિ ઉતંગ શુભ પેખી,
આસન ત્યાં શ્રાય તૈયારી, હરિવર રૂપ બલિહારી; સુવેલ.
કોમળ કુંપળાં, તરૂવરના, સુમન વિધવિધ રંગોનાં,
ઉપર ધરતા જ મૃગ છાલા, વિલસી લક્ષ્મણ લાલા; સુવેલ.
કપીશ ઉછંગ શીરધારી, બીરાજે રામ સુખકારી,
વામે ચાપ અતિ શોભે, જમણે ભાથું મન લોભે; સુવેલ.
સરાજ કરે સુધારે બાણુ, કહે લંકેશ મંત્રો કાન,
અંગદ હનુમાન બડભાગી, ચરણુ ચાંપે અનુરાગી; સુવેલ.
પ્રભુ પાછે લખણુ આછે વીરાસનથી બીરાજે છે,
કટીએ શોભતું ભાથું, ધનુષ શર હાથ સોહાતું; સુવેલ.
એ રીતે રાજતા શ્રીરામ, કરૂણાશીલ ગુણુના ધામ,
ધન્ય પ્રભુ ધન્ય તે પ્રાણી, રહે આ ધ્યાન મન આણી; સુવેલ.

પદ ૩૭૪ મું. રાગ સદર.

પતીપદ પ્રેમની કેલી, પીયુષ સુમેઘની એલી;
દેનારી દંભને ઠેલી, સુધાફળની ફળે વેલી. ટેક.
ગતિ સ્વર્ગે કરી દે છે, કુડાં કપટી છો નીંદે છે,
જમાવે જુક્તિ મય જેલી, સુધા.
બહુ જોયું જગતમાં આ, ગણ્યું સધુ ઠગતમાં આ,
ન દીઠી પ્રેમની થેલી; સુધા.
સરે સહુ કાજ ત્યાં ધાતાં, નહીં નિસ્વાર્થી કો થાતાં,
મળે નહીં કોઈ મન મેલી; સુધા.
ગરજનાં યાર તો દીઠાં, જેવાં દારૂ તણું પીઠાં,
વિષયની ચોળવે શેલી; સુધા.
મુકી દે જુઠ આ પ્રીતિ, ફુંકી દે આશ ધર નીતિ,
પરમની પ્યાસ કર પહેલી; સુધા.
મહદ આનંદમાં ઝુકી, ચપળતા ચિત્તની ચુકી,
રહે પ્રભુશમમાં રેલી; સુધા

પદ ૩૭૫ મું. રાગ સદર.

અરે વીરા ! જુઓ જાગી, સ્વદેશે આગ શી લાગી,
બન્યા શીદ ઉંઘના રાગી, સ્વભૂમીના ન અનુરાગી; અરે.
ખરા વીર ખેલતા ખાંડે, વિદેશી ખાંડને ખાડે,
પડયા મોહ્યા પલિત ખાંડે, નકામું ખાંડણું ખાંડે; અરે.
થયો સંહાર સાધનનો, સહિત સુધર્મને ધનનો,
સુદેશે વાસ નિર્ધનનો, પડયો ટોટોજ ઇંધનનો; અરે.
વદું હે માતરમ માહારી, અરે આશી દશા તારી,
ન લેતું કો તને તારી, તનુજો તો રહ્યા હારી; અરે.
રઘુવીર હે ! પ્રભુ પ્યારા, ન રહે જો નાથજી ન્યારા,
કરો સુખ શાંતિના કયારા, ભૂમિમાં ભાર નહીં સારા; અરે.

પદ ૩૭૬ મુ. રાગ સફર.

અરે હું છેતરાયો છું, જગત પ્રેમી સમજવામાં,
થઇ એ પ્યારમાં અંધો, શિથિલ થયો રામ ભજવામાં; અ
બતાવ્યો પ્રેમનો રસ્તો, પ્રથમમાં પ્રેમથી જેણે,
ગઈ તે માત વ્હાલી હા ! દગો દીધોજ શું તેણે; અરે.
પુરા પ્રેમે પ્રથમ પાળી, પઢાવ્યા પ્રેમના પાઠો,
અરે અંતે શું તે ચાલી, કરી ઠાલા સહુ ઠાઠો; અરે.
સુકે સુવાડતી મુજને, રહી પોતેજ ભીનામાં,
ઠગ્યો શું હાય ! એ માડી ! જખમકારી જ સીનામાં; અરે.
રૂધિરમય હાડ ચામ થકી, દીધું દુધ પ્રેમમય વ્હાલે,
અહો ! એ વ્હાલ વિસારી, ગઈ એ ધાન શું સાલે; અરે
અરે ! મા'રો મધુર, મીઠો, ચકુડો ગીગલો કહેતી,
અહા ! છેદી મધુર ગ્રંથી, ન અટકે ધાર નયન વહેતી; અરે
ખરો એ પ્રેમ જો હોયે, કહો કેમ ત્યાગ થઈ શકતો,
કદી મા'રે મને સાચો, હશે તો શું ! કવિત બકતો; અરે
હવે હરિ ! માત તાતજ તું, સગાં સ્નેહી કુટુંબી તું,
રઘુવીરમાં બધું માન્યું, બીજું પ્રભુદાસ કહે તે શું ! અરે

પદ ૩૭૭ રાગ ગઝલ ઈંદ્રસભાની.

તુંહી તુંહી તુંહી ખરો, તુંહી તુંહી તુંહી,
તુંહી તુંહી ખરોજ રામ તું તુંહી તુહી; તુંહી
અખંડ એક તું અનાદિ, દ્વૈત જયા નહિં,
અગમ્ય ઇશ અક્ષરા, ન જન્મ છે જહીં; તુંહી
નિરામયી, નિરાશયી, ન અંજનો તહીં,
આકાર નિરાકારનો ન, ભેદ ત્યાં કહીં; તુંહી
મન વાણી ઈંદ્રિયો નહિં, ગતી કરે અહીં,
તે પાર પાર પાર તું, છો સર્વમાં સહી; તુંહી
પ્રમાન પહોંચતી કદી, પ્રતાપમાં દહી,
પ્રભુ પ્રભુ પદે પડે, પ્રશાંતિને ચહી; તુંહી

પદ ૩૭૮ મું રાગ ગઝલ બુલબુલ.

સરલ ભાષા સરલ રીતી, સરલ ચિત્ત ને સરલ નીતિ,
સરલતામાં જ સુપ્રીતિ, જતા શુભ સંત જગ જીતી.
સરલ શાસ્ત્રો વિચારે છે, સરલ નિયમો સુ ધારે છે,
સરલ મન લેશ ના ભીતિ; જતા.
સરલ બુદ્ધિ સરલ શુદ્ધિ, સરલ વૃત્તિ નહી ઉંધી,
સરલ યશ સાથ સુ કીર્તિ; જતા
સરલ કામા તજી રામા, સરલ સુસ્થાનમાં ધામા,
સરલપણુમાં કરી સ્થિતિ; જતા.
સ્વભાવે છે સરલ સારા, સરલ સુપંથ છે પ્યારા,
સરલતાથી પીડા વીતી; જતા.
સરલ છે સર્વ સંતોનું, સરલ સુધ્યાન મહંતોનું,
મનોવૃતિ નથી બ્હીતી; જતા.
સરલપણુમાં સ્થીતિ કીધી, વિકારોને રજા દીધી,
કરી છે નાશ અપકીર્તિ; જતા.
સરલ પ્રભુરામના પ્યારા, જગતના સંત આધારા,
નથી ગુણુની જરા ઈતી; જતા.

પદ ૩૭૯ મું. રાગ બીહાગ ગઝલ

નિજ દાસના દોષો કદાપિ, હોત હેતા મન વિષે,
કરા મૂખ વાલી, નાથ ! કહોને રામ માર્યા શે મિષે; નિજ.
જપ યોગ યજ્ઞ વિનાજ કેવળ, પ્રેમ જો ચ્હાતા નથી,
મુનિ નિકર તજી ગોપી ગ્રહે, કેમે રમ્યા કહોને કથી; નિજ.
ભકત પણુ રાખી ઘણું, ભક્તિ પ્રભાવ ન દાખ–તે,
તો કઠણુ કર્મનો માર્ગ કાપીયાં, જડ જનો કેમ રાખ તે; નિજ.
જો પુત્ર નામે નામ લેતાં, અજામીલ ન તારતે,
કળિમાં કહો જમદૂતને, કાળે મુખે કો મારતે; નિજ.
જગવિહિત જો પતિત પાવન, બિરદ હોત ન સામનું;
પ્રભુદાસને સુખ દેત કો, શ્રીરામ પદ નિજ ધામનું; નિજ.

પદ ૩૮૦ મું. રાગ સહર.

મુજ મિત્ર જુનો ક્યાં ગયો, વિછવો થયો બહુ કાળનો,
શું હું ભુલ્યો કે તે ભુલ્યો, ભય ભારી લાગે કાળનો; મુજ.
પ્રિય સંગ સ્નેહીનો હતો, નહોતો કદી ભય કાળનો,
એ મિત્રથી આઘો થયો, હું ખાજ થાઉ કાળનો; મુજ.
સ્મરણ સંગ સુગંધ જામી, કાળ છે એ કાળનો,
મનમાં રમે પ્રકટે નહિં, બોલાવતો બહુ કાળનો, મુજ.
હે રામ ! પ્યારા મિત્ર તું, ઝટ કવળ કરજે કાળનો, .
પ્રભુરામ પાસે આવીને, તું ત્રોડ ફાંસો કાળનો; મુજ.

પદ ૩૮૧ મું. રાગ સહર.

આ કદમમાં દમ બદમ તું દમ દઢાવી ક્રોડને,
આદમ બનીને એકદમ હરદમ આશા છોડ ને; આ.
મન વિષે ભૂત આશાનું, વળગ્યું તે કાઢી ઝોડને,
ખાડે ખરાબેથી ખસી, બેસાવ ખામી ખોડને; આ.
નરદમ નિરાશામાં રમી, સૌ આશ તંતુ ત્રોડને,
એ નિરાશા તેજ આશા, આશ હંડી ફોડને; આ.
સૌ આશના તંતુ મીલાવી, દોર જાડું જોડને,
બાંધ સીતારામ પદમાં, હાર્યમાં મન હોડને; આ.
બહુ બાથ ભીડ બળે કરી, તું રહા, સનમની સોડને,
પ્રભુરામ દીન દયાળુ છે, કરૂણાળ પૂરે કોડને; આ.

પદ ૩૮૨ મું રાગ સહર.

ભજ ભાવથી ઘનશ્યામને, મીઠા મધુરા મોરલા,
મીઠા મધુરા ! મોરલા, મીઠા મધુરા મોરલા; ભજ. ટેક.
સુખ નિર્મળું જળ જ્યાં ભર્યું, આકાશ મન વિષે ઠર્યું,
તેં ચિત્ત કાં ત્યાં ના ધર્યું ! મીઠા.

જો લહેર શીળી આવતી, સુખ શાંતિને પ્રસરાવતી,
તારે મને કાં નાવતી ! મીઠા.
આ પ્રેમ જળ વરસી રહ્યું, વરસી વળી જાતું વહ્યું,
કેમ જાય છે તુજથી સહ્યું; મીઠા.
અજ્ઞાનતામાં આંધળો, બેઠો બની કા પાંગળો !
જામાં બની વડ વાંગળો; મીઠા.
ગારો ગમે શું ગાંડીયા, કાં ખેલ ઉંધા માંડીયા,
માર્ગો સીધા શું છાંડીયા ? મીઠા.
વેરાન વગડે હાય કાં ! ગોથાંજ ગારે ખાય કાં !
વિણુ રાગ વંઠી જાય કાં ! મીઠા.
ઝટ સાર સમજી લે હજી, શુભ સાધનો લેને સજી,
જંજાળ જગ દેજે તજી; મીઠા.
પ્રભુધામ મેઘ વિષે જરી, તું પ્યાર તો જોને ધરી,
સ્નેહે કરી લેને વરી; મીઠા.

પદ ૩૧૭ મું. રાગ સફર.

નિદ્રા વિષેથી જાગતાં, ભય સ્વપ્નનો વીતી જતો,
જે મોહ રાતે જાગીયો, જગ તેજ સાધક છે છતો. ટેક.
મનથી ઉપાધી છોડીને, વૈરાગ વ્હાલો લેખતો,
સંસાર સૌ છુટી ગયો; જગ.
મદ માર્ગ મૂકી વેગળો, ઝટ કામથી છુટો થતો,
અભિમાનથી આઘો થયો: જગ.
ક્રોધ કાઢી લોભ વાઢી, લોક લાજ લજાવતો,
કુળ માન છોડી જે ફરે; જગ.
બળ બહુ ધરી વિવેકનું, પરમાર્થનેજ વધારતો,
મન મોટપેથી મોકળું, જગ.
વાઢી ગળું ભેદો તણું, અહંકારનેજ પછાડતો,
વૈતાર દીધા છે ઠોકરે; જગ.

સો શોક સંશય ઠહેમને, પગ આલીનેજ ઉછાળતો,
સંકલ્પ વધ જેણે કર્યો; જગ.
ભવસિંહને લપડાકથી, જે મારી માન મુકાવતો,
પ્રભુ રામ દાસ બની રહે; જગ.

પદ ૩૮૪ મું રાગ લહર.

છે જ્ઞાન, સારા સારનો, વિચાર જે કરતો નથી,
ચિત્તમાં ચળેલો આળસુ, જગમાં મરે મિથ્યા મથી; ટેક.
સાવધ છતાં સમજે નહીં ચિત્ત સ્થિર થઇ રહેતું નથી,
નવરો ન થાતો આળસે; જગમાં.
પરલોક ક્યાંથી મેળવે, પુરસદ કદી મળતી નથી,
જીવમાં ભરેલો આળસે; જગમાં.
વિચાર તો ડુબી ગયા, આચાર તો રહેતા નથી,
અભ્યાસ ડુબે આળસે; જગમાં
પરમાર્થ નીશાની નહિ, મન મેલ કંઈ જાતો નથી,
નિત નીમ છુટે આળસે; જગમાં.
ખુબ ખાઇ પીને ઉંઘતો, મનવાસના જાતી નથી,
મેલું થયું મન આળશે; જગમાં.
મન ભૂત વળગ્યું ભાસતું, વળગાડ,તો જાતો નથી,
બનતો દીવાનો આળસે; જગમાં.
નિશ્ચય રહે એકે નહીં, વિવેક લેશે ત્યાં નથી,
આયુષ ગાળે આળસે; જગમાં.
પ્રભુરામ શરણે આળસુ, થઈને જનો જાતા નથી,
રગડાય રઝળે આળસે; જગમાં.

પદ ૩૮૫ મું રાગ ગજલ પીયુને તજાવનાર એલય.

વા’લીડા વહેલેરી વાહારૂ કરજો મારી રામ;
કાપો કાપો કષ્ટ મારાં, સુંદર વર શ્રીરામ; વ્હાલીડા.
કુડે કપટે કલેશો કીધા, કીધું સુખડું શ્યામ,
હવે નહિં ખેલું કુડા, દાવો ઘનશ્યામ; વ્હાલીડા.

જીવન ! જગમાં બાહેર જુઠાં, કામ કર્યાં અસી હામ,
આજ થકી ગઇ ગુજરી ગત, કરવાને બીડી હામ; વ્હાલીડા.
ઓધો બાંડો ઓથઠ થઇને, કુળ બોળી કર્યું કુનામ,
દાસ પ્રભુ પતિ રામ ભરોસો, સ્નેહ કરો સુનામ; વ્હાલીડા.

પદ ૩૮૬ રાગ ગઝલ. નાગનકે ખરચે નાગ ઉસ્સે પ્યાર મત કરના. એ લય.

દરકાર દુનીયાની દીલ નવ કરો જરી,
સર્વ ચીજ સાથ નાથે રાખી છે ભરી, દરકાર.
પૃથ્વિ પનોતી પાથરો, સુવો સુખે કરી,
હસ્ત ઉશીકે રહે જુઓ જરી ધરી; દરકાર.
સરોવરો નદી વિશાળ સ્વામીએ કરી,
જળ પાન કેરે કાજ, અંજળી કરે ધરી; દરકાર.
વસ્ત્ર વલ્કલો તણાં, દીધાં કૃપા કરી,
લજા ટળે મજા મળે ન થાય આકરી; દરકાર.
વનસ્પતિ ફળો ઘણા, દીયે લળી લળી,
વણુ માગે; ભીખ માગતો તું શું ફરી ફરી; દરકાર.
સર્વ સાજ તુજ કાજ, આ રચ્યા હરી,
પ્રભુ પ્રભુનો પ્રેમ અંતરે રહો ધરી; દરકાર.

પદ ૩૮૭ મું ગજલ, ઘરસેં ઇંહાં કૌન ખુંદા એ લય.

પંથીડા પ્રેમનો સંદેશો, સ્વામી પાસ કહે,
ભુમિમાં દાસ તારા ખાસ, દુઃખો ભાર વહે; પંથીડા.
રહે ઉદાસ નડે આધિ, વ્યાધિને ઉપાધિ,
કુટુંબી કાશ કરે, જાડી જાડી જાળ બાંધી; પંથીડા.
ભારે ભવ પાસમાં બંધાયો બાંહી કોણુ ધરે,
નિરાશા થાય ઝાઝી, આશા કોની નાજ કરે; પંથીડા.
હવે ભવનાથ હાથ, ઝાલી ઝટ સાર લેજો,
પ્રજાપતિ રામને આ, પ્યારથી સંદેશ કહેજો, પંથીડા.

પદ ૩૮૮ મું રાગ બનજારા.

દીનબંધુ અકળક હાની, હરિવાર કરો છો શાની. ટેક
હું કલેશ ઘણા પ્રભુ પામું, તમે જુઓ કૃપા કરી સામું,
હવે છેક ગયો છું રાની; હરિ.
જીવ મારો અતિ ગભરાયે, સંસારે ન શાંતિ થાયે,
પણ વાત ખરી નહીં માની; હરિ.
વ્યવહારે વળોંધ્યો વહાલા, હું કષ્ટ કરૂંછું ઠાલાં,
નવ રહે જોર કે કાની; હરિ.
હવે થાકયો ભટકી ભટકી, ચિત્ત લાગી તમારી ચટકી,
પ્રભુ ઉડાવી દો હવે વ.ની; હરિ.

પદ ૩૮૯ મું રાગ સદર.

બળવાન ભક્તિનું ખાનું, એ નથી જગતમાં છાનું. ટેક.
ભલે પઢો પુરાણ અઢારા, ઉપનિષદ્ અપરંપાર,
વદો વેદ મુખે અતિ સારા, બહારના ઠાઠ, ટકે નહિં
ટાટ, સુખ છે શાનું; બળવાન.
બ્રહ્મચારી ધરતો ભગવાં, બાવે હોળીના ફગવા,
આચારો જગને ઠગવા, અંતરે હોળીની ઝાળ, શીર
પર કાળ, શુદ્ધ હિત શાનું; બળવાન.
ઇંદ્રિય ઉદરને ભરતાં, ઘરબારી ઘરમાં મરતાં, મનમાં,
મોટાઈ ધરતાં, શાની મોટાઈ, પાપ રહે છાઈ
ખાલી છે ખાનું; બળવાન.
વનમાં વસતા વેરાગી, સંસારે મન અતિ રાગી,
ભ્રમણા ભવની નહીં ભાગી, વૈખાન–સો કહેવાય
તણાતા જાય, જોર અતિવાનું; બળવાન.
કર ડંડ કમંડળ લીધાં, ભગવાં ભાવેથી કીધાં, તો
ફરજ શાનાં સીધ્યાં, પ્રભુ ભજ્યો ન આત્મારામ;
સંન્યાસી ધામ, સિધ શીદ માનું; બળવાન.

પદ ૩૯૦ મું રાગ સહર.

મન અરજ કરૂં તુજ પાસે, વળવું નહિં ઉંધી આશે,
વળશે તો ખતા ખુબ ખાસે, તરશે ગોવિંદ ગુણ ગાશે, મન. ટેક.
રઘુવર અંકિત ઝટ થાજે, ગુણ ગાન હરિનાં ગાજે,
નથી તું કામાદિક કાજે, કરજે સંતોનો સંગ, રાખજે રંગ
ફસીશ નહીં ફાંસે; મન.
રાઘવની વસ્તિ કરજે, મોહાદિકને પરહરજે, રઘુવર સુંદર,
વર વરજે, ચંચળતા તારી ખોઈ, પાપને ધોઇ, ભટક
નહિં ભાસે; મન.
સર્વે સુખ ત્યાંથી મળશે, શાંતિનો સાગર રળશે,
બ્રહ્માનંદે ઝટ ભળશે, દે લક્ષ ધરીને ધ્યાન, રાખીને તાન
ભડક માં ત્રાસે; મન.
ગુણને અવગુણ દે મુકી, નિરગુણ સગુણ જા ચુકી,
પડ રામચરણ પર ઝુકી, પ્રભુદાસ બની જા ખાસ, પ્રેમની
પ્યાસ ધરે સુખ થાશે; મન.

પદ ૩૯૧ મું રાગ સહર.

આ ઓસડ છે હિતકારી, જીવરામ રામ જપ જારી. ટેક.
સંસાર ઘોર સાગરમાં, કર પ્રેમ રામ નાગરમાં,
છે નામ નાવ સુખકારી; જીવ.
કળિયુગ રૂપ રોગો ભારી, નવ જાતું તેથી હારી,
સેવી લે અવધ વિહારી; જીવ.
નહી યોગ વિરાગો બનશે, નાહક કર તું સાધન શે ?
ભજ ભાવે ભવ ભયહારી; જીવ.
સાધન સિદ્ધિ કર એક, ભજનામૃત પીવું નેક,
રઘુવરમાં કર દીલદારી; જીવ.
શમ દમ યમ સંયમ સાચા, પણ ભક્તિ વિના છે કાચા,
લે પ્રેમ સમાધિ ધારી, જીવ.

જે હોય ભલો કે ભુંડો, લોભી લંપટ કે લુંડો,
રટે રામ, થશે અવિકારી; જીવ.
કામી ક્રોધી ને કપટી, મદમાં જ ગયેલો લપટી,
લક્ષ્મી વર લે નિસ્તારી; જીવ.
આકાશ કુસુમ જગવાડી, મેલી દે ધાટી ઝાડી,
પ્રભુરામ પરે જા વારી; જીવ.

પદ ૩૯૨ મું રાગ સદર.

ધુમરની એલ્લી દેખી, અમથો કર માં તું શેખી. ટેક.
દીકરા નારી મરમાળી, ગંધર્વ નગરને ભાળી,
લે મનમાં મિથ્યા લેખી; અમથો.
શુણી માત પિતાની વાણી, મૃગ જળવત લેજે જાણી,
મરમાં આભાસે પેખી; અમથો
ઘર બાર ગુબારા ખોટા, ઝાકળમાં જળના ટોટા,
જાણી સત થા માં તેખી; અમથો.
પ્રભુરામ પદે પડી જાવું, મિથ્યા મૂઢ શીદ ફસાવું,
નહીં કરવી વૃત્તિ અદેખી; અમથો.

પદ ૩૯૩ મું રાગ સદર.

આ વાત ખરી મન લેની, તું દે દે દે કંઈ દેની. ટેક.
કરી પૂન્ય કરાવ્ય બીજાને, જીભડીએ જશ લઈ જાને,
તું બાંધ્ય ધર્મ ધ્વજાને, કોટડીએ પડયું રહેનાર, સમજ
મન સાર, નથા મન વ્હેની; આ વાત.
સોળે શણગાર સજાવ્યા, કદી વેશ વિવિધ ભજાવ્યા,
એક નાક વિનાજ લજાવ્યા, ધર્મ ધનનું નાક, ધણીની
ધાક, ધરી દીલ દેની. આ વાત.
એ દાટયું દરાંયે જાશે, ધરણીમાં તેજ સમાશે,
નહીં તારાથીજ ખવાસે, દંડ દે રાજ, ચોર લુંટે
લાજ, બાળી દે વન્હિ. આ વાત.

જોબન જન ધનના તોરે, તણુમાં મનવા જોરે,
આવી જા આ શુભ કોરે, પ્રભુરામ હરિ દે દાન;
તન દે માન, રામ મૂખ કહેની. આ વાત.

પદ ૩૯૪ મું રાગ સદર.

પ્રીય રામ નામ ઉર ધારો, એ એક ખરો છે આરો. ટેક
કદી ભાવ કુભાવે રટતાં, વિષયાનંદમાં કદી લટતાં,
એ નાવ બતાવે કિનારો; એ એક.
અંતર ગ્લાનિ બહુ ભારી, ધ્રુવનામ જપ્યા નિમધારી,
મટયો મરણુ જન્મનો મારો; એ એક.
અતિ મોહ મદિરા પીતી, ગુણીકા ગઇ છે જગ જીતી,
નિસ્તાર થનારો તારો; એ એક.
ભયથીજ વિભીષણુ ભાગ્યા, જઇ રામ પદે ઝટ લાગ્યા,
એણે સફળ કર્યો જન્મારો; એ એક.
રોહીદાસ, મીરાં, સુર માધુ, ધીર વીર કબીરા વ્યાધુ,
મુકિતનું પદ દેનારો; એ એક.
હરીશરણે જાને પ્રાણી, તું મેલ મોહનું પાણી,
બન શાંતિ શુખ લેનારો; એ એક.
પ્રભુ રામ રંગ ઝટ ભીંજા, સંસારે શઠ શું પીંજા,
થા પ્રેમામૃત પીનારો; એ એક.

પદ ૩૯૫ રાગ ધડુસલો.

ભકતો ભજન બેઠા આદરી રે, કહો શુણનારો કોણ,
હાંકે તડાકા વાતના, બહુ મુકે છે મોણ;
ભકિત ભવાઇમાં જઇ પડી.
હી હી હી હી હી ઠીઠી કરે રે, હાથ તાળી લેવાય,
બોલ્યા ભજન કેવી જાતનું નહીં ધ્યાને દેવાય; ભકિત.
ભકતો જાણે કાંઇક આપશે રે, તેથી કરતા લલકાર,
એબી ગાનારી રામકી, કરે ભારે પલકાર; ભકિત.

મંજીરાંની ઠોર વાગતી રે, તંબુરાનો રણકાર,
તો પણ શ્રોતાના કાનમાં, નથી જાતો ભણકાર; ભક્તિ.

શ્રોતા લવે વાતો મૂખથી રે; રહે રામામાં ધ્યાન,
બીડી તમાકુને પાનમાં, ભૂલ્યા ભક્તિનું ભાન; ભક્તિ.

ઝોલા ખાતા કોઈ જાગતા રે, કોઈ ઉંઘે છે આપ.
બોલે ભજન એની પાસ જે, તેનાં પૂણ્યાં છે પાપ; ભક્તિ.

ભકતો નાણું માટે આરડે રે, વખત શ્રોતાનો જાય,
નવરા બેઠા હોય નાગડા, ભાવે ભજનોમાં ધાય; ભક્તિ.

પેટનાં પાંપળાં થાય છે રે, બધો ખોટો છે ડોળ,
આઘો આઘો પ્રભુરામ છે, બધી મોટાંની મોળ; ભક્તિ.

પદ ૩૯૬ મું રાગ મરશીયો.

આવ આવરે આનંદ સાગરે ઝીલવા,
મૂઢ બેઠા શું રેતી પીલવા રે; આવ ટેક

આવતાં કાં અંતરમાં હારે, ચડી જા કાં ખરાબે ખારે,
અહીં ઝાટકા નહિં કોઈ મારે રે, આવ.
નથી કરવી મજુરી ભારે, નથી ગુણો ઉપાડવી તારે,
ઘણો વિનવું વારે વારે રે; આવ.
હળ હાંકવું નથી દીન આખો, નથી દેફાં ઉથામવાં લાખો,
કુટ માં તું નકામી કાખો રે; આવ.
નથી ખોદવી પડતી માટી; નથી વણવી પડતી પાટી,
નથી કાપવી ઝાડી ઘાટી રે; આવ.
દળવાનું નથી ત્રીસ પાલી, નથી જાવું પચાશ ગાઉ ચાલી,
નથી ખેંચવા કોશ ભર્યાં ખાલી રે; આવ.
નથી ઉપાડવાં ધુળનાં ડાલાં, નથી ફોલવાં ભાર બે કાલાં,
નથી ખાવાં શત્રુનાં ભાલાં રે; આવ.
બીક પામે શું કામે નકામી, ફરે ભાગતો શાને હરામી,
ભજી લે તું ભાવે બહુ નામી રે; આવ.

ભજનમાંહે ડુબી જા તું પ્રાણી, બ્રહ્માનંદનો સ્વાદ લે પીછાણી,
પ્રભુ રામ નામની કર લ્હાણું રે; આવ.

પદ ૩૯૭ મું રાગ સદર.

જાગ જાગરે, આવી છે ઉંઘ શી આવડી,
પુજી લેને પ્રભુરામ પાવડી રે, જાગ. ટેક.
કરૂણાળુ કેશવ નથી કાચા, અખિલ વિશ્વના સ્વામી સાચા,
કદી મિથ્યા ન થાય તેની વાચા રે, જાગ
પરઉપકારે હરિ પૂરા, નથી એકે વાતમા અધુરા,
દૈત્ય દ્રષ્ટિથી દેખાય છે બુરા રે; જાગ.
ક્રિયાહીણના કામ પણ કરતા, ભુંડા ભ્રષ્ટોના પેટ પણ ભરતા,
વિષમ ભાવો દિલે નથી ધરતા રે; જાગ.
દાઝ દીનની ઝાઝી આણે, ખરી ખેપા કરે ખરે ટાણે,
અક્કલ મૂકી તું બેસમા અડાણે રે; જાગ.
શીલા ચર્ણરજે કરી નારી, મહા પાપ શાપ તાપથી તારી,
સુખે સ્વામીના ધામમા સીધારીરે, જાગ.
પશુ પામર પોતાના જાણ્યાં, તેની સાથે વીનોદ સૂખ માણ્યાં,
મહારાજની સભામા વખાણ્યાં રે, જાગ.
વિશ્વ દ્રોહીને શરણે રાખે, મહા પાપીને મૂકે ન લાખે,
જમનાં તો ડાચાં ભાંગી નાખે રે; જાગ.
મહા ઉંઘમાં ઘોર માં ઉધા, માયા જાળમા જીવ નવ રૂંધા,
પ્રભુ રામ રસમાં બૂડ બુંધા રે; જાગ.

પદ ૩૯૮ મું રાગ સદર.

માન માન રે મડદા મરે શું મોભામાં,
ઘણા ગડદા વાગ્યા તું લોભામાં રે; માન.
જીંદગાની ગાળી તેં નકામી, હડકાયો થયો તું હરામી,
કરી વિચાર ખોળ જીવ ખામી રે; માન.
લટકાળીમાં લોભે લેવાણો, ક્રુર કંજુસીયો તું કહેવાણો,
નથી રોકડો દાને દેવાણો રે; માન.

ગંદાં ગોબરાં છોકરાં તેડી, લાજ લાજ બંડ બેસતાં મેડી,
દેખ હાલી તારી જાતી હેડી રે; માન.
માત પિતાના લાડમાં ભૂલ્યો, કુટુંબકાજે કરજમાં ડુલ્યો,
બહુ વાગી અંતરમાં હુલ્યો રે; માન.
ભાઈ ભાંડરૂમાં ભાવ બાંધ્યો, સગાં સર્વે સાથે સ્નેહ સાંધ્યો,
બધાં સ્વાર્થિ મળ્યાં તને રાધ્યો રે; માન.
બેન પસલી માગે છે કોડે, લીધા પછી મારે તને જોડે,
તારી પાછળ ન કુટવા દોડે રે, માન.
મોહી જામાં ભત્રીજા ભાણુામાં, સહુ સ્નેહી થયા છે નાણુામાં,
કામ નાવે કો આકરા ટાણુામાં રે; માન.
જોઈ લે તું મામી માસી કાકી, ધન ધુતવા રહ્યાં છે તાકી,
છાણીયાં માંન રાખશે બાકી રે; માન.
પ્રીત ખોટી કરે મામા કાકા, પ્રેમ નામના પણુ છે ફાકા,
કામ ટાણે બને બધા વાંકા રે; માન.
સર્વ ત્યાગી તું શરણે જાને, બન્યો બેહેરો શું સાંભળે ન કાને,
પ્રભુરામ ગુણુ આમ તો ગાને રે; માન.

પદ ૩૯૯ મું. રાગ ગુરૂરાજ મારા ઘડપણુમાં ગોવિંદને ગાશું એલય.

નથી પ્રિત રિત રામ સમ કોની,
ખરૂં માન પ્યારા, જીવડા વિચારી જરા જોની; ટેક.
વાટ મુનિઓ જુએ બેઠા બેઠા, રામ આવે આ મારગે કેઠા,
હરિ ભીલ્લડીને દ્વાર ત્યાં પેઠા;
ગીધ્ર સાથે મિત્રાઇ તો નીભાવી, ખરા દિલની લાગણી દીપાવી,
પરધામે દીધો મોકલાવી, ખરૂં.
દુખિયારો સુગ્રીવને દીઠો, કરી આપ્યો અભય પદ ચીઠો,
મન માન્યો ગણ્યો ઘણો મીઠો; ખરૂં.
થાળ પીરસી માતાજી પધાર્યાં, ભલી ભાતે ભોજન નિરધાર્યાં,
બોર મીઠાં શબરીનાં સંભાર્યાં; ખરૂં;

મુનિ મોક્ષને હાથ તે નાવે, પ્રેમનાતે અભિન્નતા બતાવે,
રીંછ વાનરથી પ્યાર તે લગાવે; ખરૂં.
ત્રણ લોકે નથી કોઇ એવો, ગોતી આપો કો છે એના જેવો,
ત્રણે કાળમાં મળે નહીં તેવો; ખરૂં.
એ કુપાનો કંદ ના જાણ્યો, ગંદો ગેંગાનો સંગ જો વખાણ્યો,
મુવો માતાને મારતાં માણ્યો; ખરૂં.
પ્રભુરામ પ્રેમમાં લીન થાતું, શરણ સીતા પતિનું સ્હાતું,
ચિતે ચીવટ રાખીને સ્હાતુ; ખરૂં.

પદ ૪૦૦ મું રાગ સહર.

કરી લોકો બધાની ચપરાશું,
ચુકયો ચામ ચુંથી, કરવાનું કામ ખર ખાસું, ટેક.
બહુ વાતોના ટલ્લા માર્યા, મુવા બાપના બાપ સંભાર્યા,
રઘુ કુળપતિ રામજી વિસાર્યા; ચુકયો.
થયો ડાહીરામમાં દોઢ ડાહ્યો, બહુ કાવા કુસંબાથી નાહ્યો,
નહીં સાચો રસ્તો શઠ સાહ્યો, ચુકયો.
ગપ ગોળા ચલાવ્યા શુરે, ઘણું પીધું અફીણુ ચકચુરે,
બહુ બ્હેકયો મિજાજ ભરપૂરે; ચુકયો.
નફ્ફટ નારના નાચમા ફુલ્યો, ઘણો ભાંગરો વાટતાં ભૂલ્યો;
ડાટ વાળયો ડાહાપણમાં ડુલ્યો; ચુકયો
રંડા સાથે રાતો ઘણી ગાળી, પળે સાંભળયા નહીં વનમાળી,
ટણક ટંટાની ટેવ નવ ટાળી; ચુકયો.
નથી માળા મિનિટ એક થાતી, છૈયાં છોકરાંની ભરી ભાતી,
નથી જોતો જડ જીંદગી જાતી, ચુકયો.
હરી સેવામાં હાડકાં ધ્રૂજે, નિત્ય બાયડી છોકરાં પુજે,
દિન આખો બેઠો ધાણી ભુંજે; ચુકયો.
ભુંડ ભડકયો ભજનથી ભુંડા, કરી લવરી ઉમરપુર લુંડા,
આપદાના ઉપાડીયા ઝુંડા; ચુકયો.
ઘણો ભાટકયો હાજી થા બંગા, નાહી લેને ભકિત ફુપિ ગંગા,
કહે રામના રંગમાં રંગા; ચુકયો.

માફ માગ જે કીધિ અનીતી, પ્રભુરામ ભજવા કર પ્રીતિ,
ઝટ જાશે જગતમાં જીતી; ચુક્યો.

પદ ૪૦૧ મું રાગ સહર.

ઓડ જઇને બાવળીયે ઘસાયો,
બુરાં કાજ કરી અડચણમાં આંધળા ફસાયો. ટેક.
અંધા અંતરની આંટીઓ તારી, ઘણી ઘુંચવી ખરી ન નિવારી,
એમ જાળ બધી હાથે વિસ્તારી; બુરાં.
કોઇ કાળથી અજ્ઞાન લાગ્યું, જાય ફેલાતું જ્ઞાન તેથી ભાગ્યું,
અંતકાળમાં ખાસડું વાગ્યું; બુરાં.
જ્ઞાન નાશે સ્વરૂપ તો ભુલાણું મહા માયાને હિંચકે ઝુલાણું,
ચિત્ત ! ચેત મોહમાં શું પુલાણું; બુરાં.
રહ્યો વાંદરો ઘડે હાથ ઘાલી, નથી કરતો કેમે મુઠી ખાલી,
બહુ પાડે બરાડા ઠાલી ઠાલી; બુરાં.
એમ વળગ્યો વિષયને વ્હાલા, તને વળગ્યા ન તેહ છે નમાલા,
નહીં અમથા મુઝાવું મને ઠાલા; બુરાં.
કોઈ ઝાડવાને બાથ ભીડે, પછી બુંબ પાડે બહુ પીડે,
નહી છુટકો થાય ઘણી રીડે; બુરાં.
મૂકે આપે તો આપદા છુટે, ઝટ ઝાડનો સંબંધ ત્રૂટે,
પછી ચોર નહિ જંગલે લૂટે; બુરાં.
સમજ રાખી સુધાર કામ તારૂં, પ્રભુરામ આશે થાય સારૂં,
અંતકાળે છે કામતો અકારૂ; બુરાં

પદ ૪૦૨ મું રાગ સહર.

માથે મોચડાં લેય કાં માગી,
જીવન જાય જરી, જોને જંજાળી જીવ જાગી. ટેક.
સુખ માની સદા જેમાં સદા બેઠો, તેણે દુઃખે પછાડીયો હેઠો,
તોય તેજ પંથમાં કેમ પેઠો; જીવન.
ઘણા ગુણશાળી ગુંચાણા, મહા માનવાળા મુંઝાણા,
નથી આગના ભભુકા બુઝાણા; જીવન

ઠાઠ માઠની ભાઠમાં ભડે કાં, ઘણા લોભે લોકોથી લડેકાં,
પાપ ખાડમાં હાથથી પડે કાં; જીવન.
ચોરે બેસી કીધી બહુ ચાડી, ભર ચોકે પીધા દારૂ તાડી,
અંતે ત્રુટવા લાગી તારી નાડી; જીવન.
લુંટફાટને લફંગાઇ કીધી, જગત સ્નેહની સુરા સ્નેહે પીધી,
નહીં વાટડી સ્વધામની લીધી, જીવન.
ભવે ભોવાઇમાં ભાવ રાખ્યો, સુધા સ્વાદ નહીં સ્નેહથી ચાખ્યો,
ભવ બાધો ગમાર ખોઈ નાખ્યો, જીવન.
નદી આશા તૃષ્ણાની ભારી, તેમાં ગળકાં ખાધાં ઝોડ ! જારી,
નહિં તરવાની વાત તેં વિચારી, જીવન
હવે વાયદા કરમાં વ્હાલા, તજી દેને બધા ઠાઠ ઠાલા,
ભજી લેને પ્રભુ રામ લાલા; જીવન.

પદ ૪૦૩ રાગ મારો રામ ગયો વનવાસ રે.

જેને દીન જનોપર નેહરે, દાની દુજો દેખું નહિં. ટેક.
સુરાસુર નાગ નર મુની મોટા સ્વામી ઝાઝા, આખર,
વખતે દેછે છેહરે; દાની.
ત્રિકાળ ત્રિભુવન માહે વેદો વિચારી કહે, બાનું નિભાવે,
રાખી સ્નેહરે; દાની.
જાચે જન તુજને પછી, જગને જાચ્યું ન જોયે,
મન એમ માની પડયો ગેહ રે, દાની.
પથરા પંખી ને ઝાડો, પશુને પોતાનાં કીધાં,
નિજ પદ દઇ જમને દીધી સેહરે; દાની.
પ્રભુરામ મારો કહેજો, ગરિબ નિવાજી થજો,
રામ રટણુની લાગી લેહરે; દાની.

પદ ૪૦૪ મું. રાગ સદર.

સમજી લે સ્વામીનો સ્વભાવરે, ભલપણુ એવું બીજે નથી. ટેક
સમજયાથી સ્વામી રીઝે, અંતર ભકિતથી ભીંજે,
એવી સમજણુ તું ઉરમા લાવ રે; ભલ.

શોચ સઘળા તે ટાળે, પાપના પાહાડ બાળે,
ગરીબ નિવાજ શરણે આવ રે; ભલ.
માથું માધવને ખોળે, નાખી દે નહીં તે રોળે,
પડ જોડી હાથ તો ઝટ ફાવ રે; ભલ.
કુડાં કર્મો ના જોશે, પોતાનો જાણી પોષે,
લ્હોશે આંસુડા ધરી ભાવ રે; ભલ.
નામ ચિત્તમાં જો ઠરશે, કરૂણાળુ કરૂણા કરશે,
હરશે કુભાગ્યના કુદાવરે; ભલ.
નહીં દે નિજ દાસ મરવા, ભારે ભવનિધિ તરવા,
પ્રભુરામ આપશે સુ નાવ રે; ભલ.

પદ ૪૦૫ મું રાગ સદર.

ચેતીને ચોંક ચિત્તમાં ચોર રે, ચમડા શાને ચોંટી રહ્યો. ટેક.
ખાતર તેં દીધું ખાસું, હવે નથી કામ લાસું, જોતાં
જોતામા થશે ભોરરે, ચમડા.
ગણેશીયો ભીંતમાં ખોસ્યો, મનમા રહી જાશે હોસ્યો,
લેવાં નથી બાઇ કેરાં બોર રે, ચમડા.
એક બે પાણા કાઢયા, છાતીને જોરે વાઢયા,
એટલું થતામાં મચ્યો શોર રે; ચમડા.
ઘર ધણી જાગ્રત થઇને, ધડકીને ધોકો લઇને,
જો જો કરે છે શોર બકોર રે; ચમડા.
ચોકીવાળાઓ ચોંકયા, ભાગ, ભડ ! ભાલા ભોંકયા,
સંતાયાનો જ નથી ઠોર રે; ચમડા.
મમતે તું ચડમાં ઠાલો, કામ નહીં આવે ઢાલો,
ઠોલ માં જાડા થડનો થોર રે; ચમડા.
વસમી છે વેળા વીરા, જમવા નથી જ શીરા,
જીવડા ન ચાલે જરી જોર રે; ચમડા.
સંભાર તું સાચો સ્વામી, બળિયો બંદો બહુ નામી,
શરણમાં તેની સાથે તોર રે; ચમડા.

પ્રભુરામ પાસે પુગી, નામ મોતીડાં ચુગી,
સુખથી શાંતિમાં તું ઘોર રે; ચામડા.

પદ ૪૦૬ મું રાગ સદર.

પરમાનંદ સાગર મધ્યે વાસરે, તરશે ભુલવી તુંડ મુવો. ટેક.
જાણ્યા વિણુ ખાધાં ગોથાં, ઝાઝાં ઉથામ્યાં પોથાં,
થોથામાં સ્થાન કીધું ખાસ રે; તરશે.
ઝાંઝવામા જળ જાણી, દોડીયો દુંખીયા પ્રાણી,
મટી નહિં મૂઢ તારી પ્યાસ રે; તરશે.
નાહ્યો ડુબ્યો તું તેમાં, ગળકાં બહુ ખાધાં એમા.
જેમાં જળનો જ નથી વાસ રે; તરશે.
ભૂલ્યો તું ભાન ભારી, જો જો જડ તું વીચારી,
ભડકયો દેખીને ખોટા ભાસ રે, તરશે.
આત્મ સ્વરૂપ ચુકયો; કુસકો નકામો ફુકયો,
સિંહ થઇ ચરવા ચાહ્યું ઘાસ રે; તરશે.
ભૂલ સૌ ભાંગી જાયે, કહું તે કરવા જે ધાયે,
પ્રભુ રામ દાસનો થા દાસ રે; તરશે.

પદ ૪૦૭ મું રાગ સદર.

જાગો જાગો છો જાગ્યા જોગ રે, બંધુ મારા જાગી જુવો. ટેક.
કુંભકરણુની નારી, નિદ્રાથી તજો યારી, વિધવાથી શોભે
નહિં સંજોગ રે; બંધુ.
કુંભકરણુની પેરે, ઉંઘશો ત્યાં મોત ઘેરે, કાળ કરાવશે
વિજોગ રે; બંધુ.
કાળ જો મુકાવે અંતે, છોડો નહિ શાને ખંતે, ભાવે છે
ભુડા શાને ભોગરે; બંધુ.
પ્રભુદાસ નિંદ્રા ત્યાગી; થાવું જોઇએ વિરાગી, રામનામનો
લ્યો જોગ રે; બંધુ.

પદ ૪૦૮ મું રાગ સદર.

જીવડા વળગી છે જંજાળ રે, હરિથી આઘો જ્યારે થયો.
જીવડા. ટેક.
દેહ ઘર માન્યાં મારાં, માયાનાં જે નગારાં, ભૂલ્યો સ્વરૂપ
ભરતાં ફાળ રે; હરિ.
ભમણામાં દુઃખ પામ્યો, ઝાઝો ઝાઝો તું જામ્યો, સુખના
સ્વપ્નામા હરખ્યો બાળરે; હરિ.
આકુળ વ્યાકુળ તું થાતો. તો પણ આઘો તુ ધાતો,
ખોટી તે પકડી લીધી ડાળ રે; હરિ.
અનેક તેં જન્મો લીધા, કામા ત્યાં અવળા કીધા, વિપત્તિ
તો વેઠી તેં વીશાળ રે; હરિ.
વ્હાલા વીચાર પ્યારે, સુખ તું પામ્યો છે ક્યારે, જયાં
ત્યા ત્રુટી છે તારી પાળ રે; હરિ.
બોઘલા ! બુદ્ધિ એવી, ભાળી ભોવાયા જેવી, ડાબા ! તે
બાળ, મૂઢતા ટાળ રે; હરિ.
ભુલવણી ભવની ભારે, કચડા તો શોક ભારે, લીધો નહીં
પંથ તે રસાળ રે; હરિ.
પ્રભુરામ દ્વાર પડી, બેસ નિજ સ્થાને ચડી, સળગી ઊઠયું
છે લે સભાળ રે; હરિ.

પદ ૪૦૯ મું રાગ સદર.

મારો અવતાર એળે વહી જાયરે, ભવમાં ગોથાં ખાધાં ઘણાં. ટેક.
ગાન સુણી શબરીનુ, મોહે છે મન મૃગલીનુ, બાણુ વાગેને
જીવ જાય રે; ભવ.
મચ્છ ને સ્વાદ ભાવ્યો, હેલે આરોગે માંઝો, તરફડતા મોત
એનુ થાય રે; ભવ.
તેજ જોવામાં પ્રીતિ, મોતની નથી ભીતિ, પતંગ દીવામાં
હોમાય રે; ભવ.

સ્નેહ સુગંધે સાચો, ભમર કમળમાં રાચ્યો, હાથીના
મુખમાં ચવાય રે; ભવ

હાથી વિષયે અંધો, કરિણીથી કરતા ધંધો, ખાડે પડિ ને
બંધાય રે; ભવ.

એક એક રસ એને, મારે કુમોતે તેને પાંચેથી કેમ
છુટાય રે; ભવ.

પાંચે વિષયનાં પાપો, રામકૃપાથી કાપો, દાસ પ્રભુ તો
શરણું ચ્હાય રે; ભવ.

પદ ૪૧૦ મું રાગ સદર.

દેવત્વને પામતાં, નયણે આંસુ ધાર વહે ટેક.

એની સુશીલ ! મારી, હતી તું સૌને પ્યારી,
સુખનાં ફળો તો હજુ જામતાં, નયણે.

લાડકડી માત પિતાની, હરનારી બહુ ચિંતાની,
દયા,ના ધરી શું અમને ડામતા, નયણે.

સસરાના કુળની શોભા, રાખી જાળવતી મોભા,
અંતર નહિં પાપ કેરી શ્યામતા, નયણે.

રખડાવ્યાં સૌને એની, ચિંતા નવ કીધી કોની,
ત્યાગી સ્વભાવની શું સામ્યતા: નયણે.

પ્યારનો ઝરો સુકવ્યો, પ્રેમ અધરથી મુકવ્યો, કેમ દીધી
તેં છોડી ક્ષામ્ય તા; નયણે.

પ્રભુરામ રૂઠયા શાને, પોકાર ન શુણ્યો કાને,
કાળની ન ટાળી કેમ વામતા, નયણે.

પદ ૪૧૧ મું રાગ વાટ જુએ છે મીરાં રાંકડી.

રામજી મીઠડા જો લાગતે દીલમા મારા, રામજી મીઠડા જો
લાગતે ટેક.

ખટરસ ખાટા તો થાતે, નવ રસ મનમાંથી જાતે,
ઝાઝેરા જોડા નહિં વાગતે; દીલમાં.

નારી દીઠી ના ગમતે, શોક સંતાપ શમતે,
મનની ભ્રમણાઓ મારી ભાગતે; દીલમાં.
નાણું ના ચિત્તમાં રમતે સાધુ સંતોને નમતે,
ઘેરે ઘેરે ભીખ નહીં માંગતે; દીલમાં.
પ્રભુરામ પ્યારા બનતે, ગણુતે પ્રિય જીવન ધન તે,
અંતરમાં જયોતિ રૂડી જાગતે; દીલમાં.

પ્રહ્લાદ આખ્યાન.

પદ ૪૧૨ મું રાગ લાવણી.

કશ્યપ માસે દીતિ આવી, કરે યાચના કંથતણી,
પ્રિય પતિ પૂત્ર વિના પ્રજળું છું, અંતર વ્યાધિ વ્યાપિ
ઘણી; કશ્યપ.
એવા પુત્રો અમને આપો, શોકય સાલ સૌ દૂર કરે,
દેવોને દમ ભીડે ઝાઝો, જે મન મારૂં શાંત કરે; કશ્યપ.
કશ્યપ કહે સુણો સતી સાધવી, સંધ્યા કાળ છે કાળ ખરો,
પુત્ર દુષ્ટતા રૂપ થશે, જરી શાત થઇને શાંતિ ધરો; કશ્યપ.
સમજાવે મુનિ સારી રીતે, સ્વાર્થી કામી સમજે નહીં,
કામાગ્નિ બાળે છે જેને, કાળ અકાળ ગણેજ નહિં; કશ્યપ.
મુનિ લાચાર બન્યા, સ્ત્રિને ત્યાં, પૂત્રદાન દઇને કહે છે,
ત્રિલોક પીડે પુત્રો તમારા, સતી વિસ્મય થઇને રહે છે; કશ્યપ.
પાપ રૂપ ઉદરમાં આવ્યા, ઉલ્કાપાત જગત થાતાં,
પ્રભુ પ્રભુ આ પાપજ લાગ્યુ, લેખી પ્રસવે નહી માતા; કશ્યપ.

પદ ૪૧૩ મું રાગ બનજારા.

વીત્યાં સો વર્ષો જયારે, ભય પામ્યા લોકો ત્યારે. ટેક.
સૌ વિનવે સતીને સાથે, કરો રહેમ અમ માથે,
સતી પ્રસવ કરો અત્યારે; ભય.
સૌ કષ્ટ પામતાં જાણી, દીલમાજ દયા ઘણી આણી,
કરે પ્રસવ સતી તે વારે; ભય.

એ પુત્રો પ્રગટ ત્યાં થાતા. મહાકંટા ને મહામાતા,
ઉત્પાત કરે જગ ભારે; ભય
હિરિણ્યાકશ્યપ ને હિરિણ્યાક્ષ, દેખે તે કરતા ભક્ષ,
ગૌ બ્રાહ્મણને સંહારે; ભય.
દેવ દુઃખ પામતા દેખી, ધરી વરાહ રૂપ વિશેખી,
હિરિણ્યાક્ષ દૈત્ય હરિ મારે; ભય.
ભ્રાતાનું મૃત્યુ જાણી, હિરિણ્યાકશ્યપ રીસ આણી.
જાતો તપ કરવા ભારે; ભય.
બ્રહ્મા તપ તેનું જોઈ, મનમાં જ રહ્યા છે મોહી,
વર દેવા આવ્યા ત્યારે; ભય.
પ્રાતઃસંધ્યા કે બપોરે, કોઈ શસ્ત્ર અસ્ત્રના જોરે,
નમ મૃત્યુ ન થાયે કયારે; ભય.
એવમરતુ વર તો આપ્યો, દૈત્ય પોતાનો કરી થાપ્યો,
પ્રભુ દેવ હરીને પુકારે; ભય.

પદ ૪૧૪ મું રાગ રામગ્રી.

દૈત્ય નગર રેઢું રહ્યું, દેવો વિચારે વાત,
આ કાળ છે હવે આપણો, ચાલો કરીએ ઘાત; દૈત્ય.
સૈન્ય થયુ સુર સાબદું, ઘેર્યું નગર તેવાર,
દૈત હતા જે ચોકીયે, મારી કીધા ઠાર; દૈત્ય.
કબજ કરી શત્રુ શહેરને, રાણી પકડી સાથ,
ઈંદ્ર ચાલ્યો છે ઉતાવળો. અમરાવતી પાથ; દૈત્ય.
નારદ મલ્યા તેને વાટમા. કહે છે ઈંદ્રને આપ,
સુરપતી શુ કરવા કરે, આ સ્રીને સંતાપ; દૈત્ય.
આના ગર્ભમાં બાળ છે, તે તો કરશે ઉધાર,
મન કર્મ વચનેથી કરી, ભજશે એ કિરતાર; દૈત્ય.
છોડાવી રાણી લઇ ગયા, આશ્રમે મુનિ નાથ,
ગર્ભને જ્ઞાન દેતા ઘણું, ગાતા હરિગુણ ગાથ; દૈત્ય

સો ઉપદેશ ત્યાં સાંભળ્યો, મુનિ ગાયો જેહ,
પ્રભુ પ્રભુ જપતો ગર્ભમાં બાળ કરીને નેહ; દૈત્ય.

પદ ૪૧૫ રાગ સોરઠની ગજલ.

નિજ નગર ખાલી દેખીને સંતાપ પામ્યો દૈત્ય ત્યાં,
આવીને જોયુ મહેલમાં, નારી મળી નહી જોય ક્યાં; નિજ.
નાઠા ને ભાગા અધમુવા, આવ્યા બધા તાં સેવકો,
દૈત્ય પુછે દાસને, જીત્યું નગર એ દેવ કો; નિજ.
સાંભળી સો સેવકોથી, ઇંદ્રની આડી રીતિ,
મનમાં કર્યો નિશ્ચય ખરો, હવે ટાળું જગમાંથી નીતિ; નિજ.
રાક્ષસી સેના લઇને, ઇંદ્રપુર ઘેર્યું જઈ,
કંઈ માર્યો કાપ્યા નાશીયા, ત્યાં કળાપીટ થઈ રહી; નિજ.
દેવો ગયા મેરૂ તળેટી, ભજન કરતા રામનું;
અમરાવતીમાં દૈત્ય બેઠો; સુખ છે ઘણું ધન ધામનું; નિજ.
ત્યાં આણુ પોતાની ફરી, આવ્યો પછી નિજ શહેરમાં,
મુની લાવી રાણી સોંપતા, સો મહાલતા બહુ લેહેરમાં; નિજ.
દીન વીત્યે ત્યાં પુત્ર પ્રગટયો, પ્રહલાદ નામ ધર્યું ખરૂં,
પ્રભુરામ રીતિ બાળની, પીતા કહે તે નવ કરૂં; નિજ.

પદ ૪૧૬ મું. રાગ લાવણી.

પાંચ વરસને બાળક તેને, પિતા નિશાળે મૂકે છે,
કહ્યું ન માને ગુરૂતણું તે, રામ નામ નવ ચુકે છે; પાંચ.
ભણે ભણાવે છે બીજાને, રામ નામ જે રઢીયાળું,
કરવાને ઉદ્ધાર અન્યને, ટેક ભકતની કરૂણાળું; પાંચ.
ગુરૂ ન બુઝયા, અંતર ખીજયા, રાજાને જઈ રાડ કહી,
તારો પુત્ર ન માને મારૂં, વંઠયો વંઠી જાશે વહી; પાંચ.
માતા પિતા બહુ સમજાવે, બીક દેખાડે બહુ બળથી,
રમત ગમત ને મીઠા મેવા, દે કામો કરવા કળથી; પાંચ.

સમજાવી ગુરૂજીને મનાવી, પુત્ર શીખતાં પ્યાર કરી,
દાસ પ્રભુ રામા રઢ લાગી, છુટે નહીં તે મનથી જરી; પાંચ.

પદ ૪૧૭ મું. રાગ ધન્યાશ્રી.

મૂરખ મુઢ ગમાર, બાળા, મુરખ. ટેક.
શરમ તજી શત્રુને સંભારે, અંતે થાશે ખુવાર; બાળા.
મારી મારી હાથ દુઃખ્યા પણ, સમજે નહિજ લગાર; બાળા.
ધોલા ધુબા પાટુ મારી, ચોંટીયા દીધા ચાર; બાળા.
જો જો હવે ન કરતો એવુ, આવું છું આ વાર; બાળા.
પ્રભુ ગુરૂજી ઘેર ગયા છે, પ્રહલાદ શીખવે સાર; બાળા.

પદ ૪૧૮ મું. રાગ બનજારા લાવણી.

પ્રહલાદ કહે પ્રિય બાળો, જરી વાત મારી મન ભાળો. ટેક.
આ અગમ નિગમની વાતો, સમજાવુ પ્યારા ભ્રાતો,
જેથી જન્મ ફરી નવ થાતો, જુણી સમજો સર્વે સાર,
ધારી દીલ પ્યાર, ખાવી નહિં ગાળો. જરી.
હું તું મારૂં ને તારૂં, નિજ માત પિતા અધ્યારૂ,
અંતરનું સૌ અધારૂં, એ ખોટો ખેલ ખરાબ;
જીવના ખ્વાબ, જગતની ઝાળો, જરી
સંસારજ અસારજ ખોટો, એમાં છે ગડબડ ગોટો,
મૂકો માં એમાં હોટો, એક રામ નામ નીરધાર,
કરે તે વહાર, ખાય નહીં કાળો, જરી.
ચિતમા ચિંતન તે કરતાં, પ્રગટે છે ધ્યાને ધરતાં,
મૂકો નહીં તેને મરતા, પ્રભુ રામ નામનું નાવ;
ભજો કરી ભાવ, ટેક દઇ તાળો. જરી.

પદ ૪૧૯ મું રાગ દોહરા.

ગુરૂ ઘરમાંથી આવતાં, જોયો સર્વે ખેલ;
નિશાળ આખી સો કરે, રામ નામની રેલ.

પીંખડીએ પ્રહલાદને, પકડી ચાલ્યા આપ;
ચાલ્ય સોંપુછું આ ઘડી, જયાં બેઠા તુજ બાપ.
રાજા પાચે જઇ કહે, તારો સુત સંભાળ;
પોતે બગડયો તો બળ્યું, બગડયાં બીજાં બાળ;
રઢ લાગી છે રામની, કરતો નહીં કંઇ કામ.
જપતો તારા વેરીને, પલ પલ લેછે નામ.
કોપ કર્યો અસુરાધીપે, બોળો સાગરમાંહ્ય;
પાહાડેથી પાડો ભલે, અગ્નિ બાળો કાય.
હાથી પગ એ બાંધીને, ચીરી નાંખો બાળ;
મારો કોઇ રીતે કરી, આણો એનો કાળ
દૈત્યો દોડયા સામટા, કરે ઉપાય અનેક;
કાળ ન આવે કારમો, તજે ન કેમે ટેક.
રાણીને રાજા કહે, આ શત્રુ છે બાળ;
ઝેર પાઇને લાવ્ય તું, કેમે એનો કાળ
વિષે હળાહળ ઘોળીયું, માત પુત્રને દેય;
પ્રભુ પ્રભુ મનમાં ભજી, પુત્ર માતને કહેય.

પદ ૪૨૦ મુ. રાગ ધનાશ્રી.

માતા ! શાને આપે ત્રાસ. માતા ટેક.
રક્ષણ મારૂં રામ કરે છે, વિઘ્નો મારાં તેજ હરે છે,
હું છુ એનો દાસ; માતા.
ઝેર કરોમાં કાળો માતા, દીકરા માને કડવા ન થાતા,
તું કરમાં કડવાશ; માતા.
ખોટો પ્યાર કરી વિષ પા મા, પાપ તણી ભાગી તું, થા માં,
થઈ નારદની દાસ; માતા.
પ્રભુ પ્રભુ મુખથી પોકારી, ઝેરજ પીધું બહુ સુખકારી,
થયો જ નહિં નિરાશ; માતા.

પદ ૪૨૧ મું રાગ દોહરા.

ઝેર પીધે પણ નવ મુવો, રામ કરે રક્ષાય,
ચર્તુભુજ ચોકી કરે, કોથી નહીં ભક્ષાય.
તાતો તાત થયો ઘણો, ઉછળયો આસન આપ,
તીખી કાઢીને અસિ, પૂત્ર પરે કરી ત્રાપ.

પદ ૪૨૨ મું રાગ કાચબો કહે છે કાચબીને એ લય.

રાજા–કમુળ તું કુળમાં જાગ્યો, ઘા તો અંતરમાં વાગ્યો,
કાળ કાં મુખથી માગ્યો, તેં તો મારો તાલ બગાડયોરે. ટેક.
અકલહીણુ તું આપ કહે છે, રામ રહે સૌ માહ્ય,
આ ઘડીયે આ વખતે તારો, રામ ગયોછે કયાંય ?
બ્રહ્માંડેથી મેંજ ભગાડયો; તેં તો.
કાપી કરૂં છું કટકા તારા, જોઉં રાખે કેમ,
ધગતે થંભે બાંધુ તુજને, કેમ રહેશે તું ક્ષેમ;
સુતો સિંહ તેંજ જગાડયો. તેં તો.
રાડ પાડે ને ત્રાડ કરે છે, મુઠી મારે સ્થંભ,
દેવ ડરે છે મનમાં ઝાઝું, થાયે અતિ વિશ્રંભ;
મહા થંભ આ ધગાડયો. તેં તો.
રાજા કહે તું વહેલો થઇને, રામ તારો તે દેખાડ,
જોઉં કેવો છે જબરો જોધો, કરવી મારે રાડ;
પ્રભુ ખોટો નેહ લગાડયો; તેં તો.

પદ ૪૨૩ મું. રાગ દોહરા.

અત વખત આવી રહી, મન ધડકે નહીં બાળ;
દાનવ હોકારા કરે, દેતો મોટી ફાળ.
પ્રહલાદ–હું માં તુંમાં સ્થંભમાં, ખડગે કરતો નાદ;
રામ આવે છે આ ઘડી, કરતો તુંને સાદ.
રાજા–ઝટ કર ઝાઝી વાર શું, દઉં ઝાટકે ઝટ;
મારૂં તારા રામને, પટકું તુજને પટ.

પકડીને પ્રહલાદને, મારી થંભે મુઠ;
અસુર અફાળો થઈ રહ્યો, બુદ્ધિ થઇ છે બુઠ.
પ્રહલાદ–આરત સ્વરથી ઓચરે, મુખથી કરે પુકાર;
સાર કરોને શામજી, વાર ન કરો લગાર.
સૌ સ્થળમાં આવી તમે, પ્રાણ બચાવ્યો સત્ય;
રાખો રાખો રામજી, જાશે તારી પત્ય.
બસ બસ મારૂં થઈ રહ્યું, સિંહ ગાય લે ઘેર;
જળ થળમાં રક્ષા કરી, શું કરતા હરી દેર.
ત્રીજી વારે તોરથી, મુઠી મારી બંડ;
કડકડાટ થયો કારમો, કડ કડીયું બ્રહ્મંડ.
ટેર કરે પ્રહલાદ ત્યાં, સાંભળ ત્રિભુવન ભૂપ;
વાહાર કરો હરિ ભકતની, લઇને નરસીંહ રૂપ
કડકડાટ સ્થંભ ફાટીયો, જોઇ રહ્યો એ ભૂપ;
અચાનક અદભુત આ, પ્રગટયુ નરસિંહ રૂપ.
દૈત્યો હાળે વાટે થયા, ભાગ્યા ભડ ભડેડાટ;
ત્રાડ પડે નરસિંહની, ગર્જે છે હડેડાટ.
પકડયો દઇત્ય દોટું દઇ, નાંખ્યો ખોળે સાર;
નખ મોટાથી આંતરો, કાઢયાં તેનાં બહાર.
માળ ગળે નાખી કરી, કીધું છે અટ્ટ હાસ;
પુષ્પ માળ બહુ વરસતા, દેવો વામી ત્રાસ.
સ્તુતી કરે છેટા રહી, હીમત છુટે આપ;
પડખે નવ પહોંચી શકે, તેજ તણોજ પ્રતાપ.
શિવ ચાલ્યા સામે ગયા, સાથે લઈ પ્રહલાદ;
રક્ષા કરજો દાસની, ત્યાગી આ ઉન્માદ.
દાસ બંને જોયા થકી, અંતરમાં આનંદ;
મુખ મલકાવી મલપતું, હસતા આનંદ કંદ.
કર માથે મુકી કરી, અભય કર્યો નિજ દાસ;
પ્રભુ ગાય શીખે ને સાંભળે પામે વૈકુંઠ વાસ.

સંપૂર્ણ.

પદ ૪૨૪ મું રાગ પ્રભાતિ ઝુલણા છંદ.

રઘુપતિ રાઘવા, ભક્ત ભય ભાંગવા, દુષ્ટોને દાઘવા આવ્ય દોડી,
ભાનુ તારૂ બળી, છાજતું વળી વળી, લળી લળી પ્રેમથી પ્રીત
જોડી; રઘુ.
કલ્પ દ્રુમની તળે, આશ જો નવ ફળે, કેમ તેને ફળે કો બિચારા,
દ્રુમ મહિમા ઘણો, અતીત્ર શોહામણો, શામળા શું કરે છે
વિચારા; રઘુ.
ક્ષીરસાગર તીરે આવતો ધીર ધરે, ક્ષીર આશા કરે કેમ ખાલી,
ખાલી જો આશ ગઈ, લાજ તેની ગઇ, તેમ તારી થઇ, પ્રીત
ઠાલી; રઘુ
દીન વત્સલ સુણી, ધારીયો તું ધણી, પ્રીત પુરવ ગણી શરણુ રાખો;
દીનનો દીન પ્રભુરામ છું દીન હું, પ્રેમથી પીન કરી પણ દાખો;રઘુ

પદ ૪૨૫ મું રાગ સહર.

રઘુપતીરામ, સુખ ધામ નીષ્કામ પ્રિય, હામ હૈયે ધરી શરણુ જાવું,
મહ્તની મામમા ક્લેશીઆ કામમાં, જામ તે મૂર્ખનો શીદ
થાવું; રઘુ.
અટપટી ખટપટો દ્દસહવી દુઃખની, મૂખની મોજપે નાલજાવુ,
ચટચટી ચિત્તમાં રાખીને ઝટપટી, લટપટી રામ સતમૂખ ધાવું; રઘુ.
જન્મ દીધો તને ધન્ય કર્ય માતને, ગીત ગોવિંદનું શેન ગાવું,
વલખીને વિષયમાં વાનરા ! વ્હાલથી, દોર મીથ્યા મને કેમ
સ્હાવું; રઘુ.
અરર અળખામણા, કુળ લજામણા, ભોટ થઇ ભામતા કેમ ખાવું,
વામના કામના ત્યાગીને કામના, રામના શરણુમા કર્ય તું
ઝાવં; રઘુ.
વાર બહુ વાર વાર્યો કરે નહિં કદી, હાય! હાર્યો કરે તોય ભાવું
દાસ પ્રભુ રામમાં હાર પણ છે ભલી, નામ લેતાં હજી ઠીક
થાવું; રઘુ.

પદ ૪૨૬ મું. રાગ સફર.

ઉઠ ઉંઘ્યો ઘણું ઘોઘરા ઘરડીયા, ઘણુ કાઢયો ગધા ગમ ખાખી,
જાગીને જો તને ઉંઘ શે આવતી, આળ પંપાળ માયા
ઉપાધિ; ઉઠ.

રેન સ્વપ્નના તણુા ખેલ ખોટા ખરા, ભાસતા ભ્રમમાં ભેદ ગાજા,
મોજ મથા મથી માણુઆં મોહમાં, રામ રે રામ તું રામ
માજા; ઉઠ.

રંકમાં રંકની, શંક શાને ધરે, રુડમાં રૈજ રણમાં રહે શું ?
ઘારણુ વળ્યું ઘોરતાં, ઘેન વાધ્યું ઘણું, આપની જાણુ ઉંઘે
થશે શું ?; ઉઠ.

સુખ નહિં દુઃખ નહિં, લાભ હાની કશી, ટાઢ તડકા તણા
તોર(તોર) શાનાં?,
રામ રટ લાગતાં, સ્વપ્નને ત્યાગતાં, પ્રભુ પદે રાચતાં શેક
શાના ?; ઉઠ.

પદ ૪૨૭ મું રાગ સફર

આવ્ય આતમ હીરા, બેસ બનીને ધીરા, વાત વીરા કહું
આજ સાચી,
જીવને શીવનો ભેદ ભાગું બધો, મોહ માયાતણી વાત કાચી, આવ્ય
દેશને કાળનાં વસ્તુને વહાલનાં, બંધને બાંધીયો જીવ જાણો,
અજ્ઞ અલ્પજ્ઞને સાર સમજે નહી, પ્રકૃતી જીવની તે પ્રમાણો,
આવ્ય.

દેશને કાળને વસ્તુ વળગે નહીં, તજજ્ઞ વિજ્ઞાન ઘન વિશ્વવ્યાપી
જાણુતો સર્વને સરસ સૌમાં કરે, અખિલ બ્રહ્માંડ શકતો ઉથાપી,
આવ્ય.

ઉર કરે વાસ પણુ સર્વથી વેગળો, જે નિરાકાર સાકાર કહાવે,
હોય નિર્ગુણ પણુ ગુણનિધિ ભાસતો, વિશ્વના ત્રાસને તે ત્રસાવે; આવ્ય.

પરખી તે પરમ ને ધારી ધીર ધરમને, ભાંગીને ભરમને મનથી ભજાવો,
પ્રભુ પતી રામ સુખ ધામને સેવીને, ક્લેશ કરનાર સંસાર
તજાવો; આવ્ય.

પદ ૪૨૮ મું રાગ સહર.

રામ આદર કરે, ધન્ય તે નર ખરે, જ્ઞાન પાણી ભરે પાસ તની,
જ્ઞાન ગુણુશીલનો તેજ શીરોમણી, રામમાં આશ ને પ્યાસ.
જેની; રામ.

વાનરાં, રીછડાં, ભીલડાં, ગીધડાં, જ્ઞાન લીધું હતું કયાં કહેની,
નામ લેતા થયા પરમ પાવન બધાં, નામ માળા જપે લોક
એની, રામ.

કેવટે અટપટી લટપટી ચટપટી, વાણીથી વાત કહી પ્રેમ વહેની,
આદર્યો રઘુવરે, સાદરો પુરી ખરે, કેમ કીધી નહિં પાછી
પેની, રામ

નામમાં પ્રેમ વિશ્વાસ બાનાં પરે, ખાસ ખાયસ કરી વાત બેની,
પ્રેમ વિશ્વાસ પ્રભુરામ નામે ધરી, રામ ધામે મહા સુખ
લેની; રામ.

પદ ૪૨૯ મું. રાગ સહર.

ભાટકયો ભવ ભવે, લોંડીયા શું લવે, અંત આવ્યો હવે
દેખ દોંગા,
દહન થાતો હવે, આશ ધગતે તવે, કાવ્ય કવિયો કવે જાણુ
જોંગા; ભાટકયો.

જીંદગી ગાળવે, છીતલાં ચાળવે, ગર્થવો પાળવે, જોર દાખ્યું,
મોહનને માળવે, લોભને ડાળવે, તેખને તાળવે, ચિત્ત રાખ્યું; ભાટકયો.

હું પદે હુંકીયો, ફંદના ફુંકીયો, ખરપેરે ભુંકીયો, હાય અંધા,
માર્ગ તેં મૂકીયો, ચાલ તું ચુકીયો, વિષયમાં ઝુકીયો, નીચ
ખંધા; ભાટકયો.

મુક તું માનને, ચુક માં ધ્યાનને, ફુંક માં જહાનને, આગમાંહે,
બાળીને કામને, ભજ ઘનશ્યામને, પ્રભુ પતિરામને, આલ માંહે; ભાકટયો

પદ ૪૩૦ મું. રાગ સદર.

કર્મની કાશમાં, ધર્મની ધાંસમાં, ચર્મના ચાસમાં ખુબ ખેલ્યો,
બર્મના ભાસમાં, પરમની પ્યાસમાં, મર્મની આશમાં, ઠામ
ઠેલ્યો; કર્મની.
શર્મને શાન ને શુદ્ધ ને બુદ્ધ ગઈ, યુદ્ધ માંહે મચ્યો મોહ જાળે,
ક્રોધ જબરા થકી હારતાં હોડમાં, કોડમાં બાપનું મોહું
વાળે; કર્મની.
રમખાણુ બુંબાણુ ધમશાણુ શાનું કરે, થોર ખરસાણુ વાડે પડે શું,
જાવું મશાણુ ત્યાં શાણુપણુ રહે નહીં, નેકમાં નાક કાપી
નડે શું; કર્મની.
છાશની આશમાં, ધ્યાસ વધી ગયું, પાસ જમનો પડયો કંઠ ભારે,
શ્વાસ નીકળી નહીં વાંસ પેશી ગયો; ઉદ્ધરે મુદ તું વઠ
માં રે; કર્મની.
માન રે માન મન ભાન ભૂલે નહીં, રાન વેરાન હેરાન થા શું,
પ્રભુ પદે રામને, છોડી મદ કામને, આવ્ય રે આવ્ય હેરાન
થા શું; કર્મની.

પદ ૪૩૧ મું રાગ દીનનો દયાળ તજી કોને શરણુ જાવું. એ લય.

ગરિબનો નિવાજ ગણી, તારૂં શરણુ સ્હાવું,
પ્રણુતપાલ બાલ મતિ, બાળ રૂપ ધ્યાવું; ગરિબ.
જેને જાણુતાં જરાય, જગત આ જણાયે,
જેને ભાળતાં જરાય, વિશ્વ આ ભળાયે; ગરિબ.
વચન બાણુ પતિ એક, અખંડ વ્રત ધારી,
અનંતને ઉધારનાર, વિશ્વના વિહારી; ગરિબ.

ભમી ભમીજ ભટકમાં હું, ભુધરા ભમાયો,
ભક્તિવત્સલ ભાળ વિના, હરી હરા હણાયો; ગરિબ.
ચડી ચડીને ચક્ર માંહે, સ્થિર તો નહિં ઠરાવું,
રમણુ રમાનાથ તજી, ક્યાં કરૂં જઇ રાવુ; ગરિબ.
રંજન રંકનો તું રામ, હુ છું રંક તારો,
પ્રભુ પ્રભુપતિ પ્રાર્થના છે, તારો તારો, તારો; ગરિબ

પદ ૪૩૨ મુ રાગ દીનકો દયાળ છોડી કોને.

જાનકીશની કૃપાથી, જીવ જાગશે,
વારવાર કર વિચાર, ભેદ ભાગશે; જાનકીશ.
જાણજે સુજાણુ જીવ, મોહ ત્યાગશે,
પલ પલ રટી રામ પદે, પ્રેમે રાગશે; જાનકીશ.
સ્વપ્ન મોહ રાત્રિનાંજ, સહજ ભાંગશે,
કુવાસના કુરોગ શોક, થી વિરાગશે. જાનકીશ.
રામ પ્રેમ ભાનુનો, પ્રકાશ લાગશે,
દાસ પ્રભુ રામ શરણુ, સ્થાન માગશે; જાનકીશ.

પદ ૪૩૩ મુ રાગ સદર.

રામ પ્રેમ ભાનું હૃદય, ઉદય થાય છે,
તિમિર તરૂણુ મોહ રાતનુજ ખાય છે. રામ.
નયન કામ ક્રોધ ઘુવડના મીચાય છે,
ખળ પુરૂષ હૃદય કુમુદ, સંકુચાય છે. રામ.
તારાગણો મનારથોનું, તેજ જાય છે,
અજ્ઞાન રૂપ ઇંદુની, જ્યોતી જાય છે. રામ.
ચકોર દભ દ્વષ જંગલે ભરાય છે,
લોભ મદ ચોરના ઉદ્યમ હરાય છે. રામ.
પ્રેમ સુ પ્રભાત રામ, શરણુ થાય છે,
પ્રભુપતિ શ્રી રામ ગુણુ ગાન ગાય છે. રામ.

પદ ૪૩૪ મું રાગ સદર.

રામ પ્રેમ ભાનુ હૃદય ઉદય આ થયો,
મોહ અંધકાર હૃદય, બહાર તો ગયો. રામ
કામ ક્રોધ રાક્ષસો, પરે થયા જયો,
લોભ માન ચોર, પામીયા પરાજયો રામ.
ત્રિવિધ તાપ પાપ આ પ્રતાપથી દહ્યો.
ધીર શત્રુથી ન જાય, તાપ આ સહ્યો. રામ.
પરમ પ્રેમનો પ્રકાશ, વિસ્તરી રહ્યો,
દાસ પ્રભુ રામ પ્રેમમાં ગયો વહ્યો. રામ.

પદ. ૪૩૫ રાગ. ગરબી. (રંગમાં રંગમાં રંગમાંરે એ લય.)

રામજી રામજી રામજી રે ભજ ભાવે કરી મન રામજી ટેક.
સંસાર સાગર પાર ઉતારે, એવું હરીનું નામજી રે, ભજ.
નરકે નાખે સગા કુટુંબી, આ ધરણી ધન ધામજી રે, ભજ.
રામને નામે પાહાણુ તરે છે, લેખ ટગે છે વામજી રે, ભજ.
ભજને ભાવ ભલેરો રાખો, ત્યાગી મનના મામજી રે; ભજ.
ઠામ દે સારૂ નામ રૂપાળુ, લેવુ સુંદર શ્યામજી રે, ભજ.
દાસ પ્રભુ ભજ શ્રી રઘુવીરને, છોડી ક્રોડા કામજી રે, ભજ.

પદ ૪૩૬ મું રાગ સદર.

રામનાં રામનાં રામનાં રે, ગુણ ગાન કરો શ્રી રામનાં. ટેક.
માયા મમતા મનથી મેલો, છોડો ચિંતન ચામનાં રે, ગુણ.
ચ્પાડ ઘડે શાને અથડાતા, કથનો કરતાં કામના રે, ગુણ.
ફાતડ થઇને ફટકી ફરોમાં, ત્યાગો સાથ ના નામનાં રે, ગુણ
ભત્રી ભાડે ભાઇ મરો માં, કરી વગોણું ગામનાં રે; ગુણ.
ગોવિંદ ગોવરધન ગિરિધારી, ગાન કરો ગુણ આમનાં રે, ગુણ.
દાસ પ્રભુ તે નાદ ઉતારે, મોટા મહિપતિ જામના રે; ગુણ

પદ ૪૩૭ મું રાગ સોહિની.

તાપમાં તાપમાં તાપમાં રે, જીવ સઘળા બળે છે તાપમાં. ટેક.
આગરૂની ક્યા અગ્નિ લાગી; મન સળગે પરિતાપમાં રે, જીવ
લોક લજજાના લાગ્યા અંગારા, ભડકે બળે છે ત્રિતાપમાં રે; જીવ.
નાત જાત કુળ હોળીની ઝાળે, અંતર બળે છે સંતાપમાંરે, જીવ.
વિદ્યા ધનનું ધીખે અંગીઠું દાઝે છે ચિત્ત ઉતાપમાં રે; જીવ.
માન ને મદ દાવાનળ જંગાળે, રામ વિમુખ બની તાપમાં રે, જીવ.
દાસ પ્રભુ મન થાય શીતળતા, રામ નામના પ્રતાપમાં રે, જીવ.

પદ ૪૩૮ મું રાગ સદર.

થાય છે થાય છે થાય છેરે, દાદ દેતાં દયાળ વાર થાય છે ટેક.
વાર લગાડો માં વ્હાલાજી, ઘડીયે ઘુંટ ભરાય છે રે, દાદ.
પળ જાતી પાછી નવ આવે, અંતર અતિ ગભરાય છે રે; દાદ.
ગભરામણમાં ગોથાં ખાધાં, વેળા ખરી વીતી જાય છે રે, દાદ.
ધીંગડ મલ ધાઓ ધુધકારી નયણે નીર ઉભરાય છે રે, દાદ.
રોતાં રોતા રાત વીતે છે, મન મારૂં તો મુંઝાય છે રે, દાદ.
રામ પ્રભુ વ્હારે ઝટ વળજો, જીવન જોત બુઝાય છે રે; દાદ.

પદ ૪૩૯ મું રાગ સદર.

પાવડી પાવડી પાવડી રે, પુજો પ્રાતે પ્રભુજીની પાવડી, ટેક.
સેવા સાધન જો નહિં કીધું, મારી મહૂતની માવડી રે, પુજો.
સો ત્રિશા શોભે નહિં કેમે, આટા વિનાની તાવડી રે; પુજો.
નીર વિનાની છેક નકામી; સુંદર બાંધેલ વાવડી રે, પુજો.
ચાહુ કરીને ચોવટ કરવા, બેસો નહિં જઇ ચાવડીરે; પુજો.
ચાંખડી છે ચતુર્ભુજની રૂડી સુંદર સ્વર્ગની ગાવડી રે, પુજો.
સેવે પ્રભુપતિ રામની પાવડી, રીતિ રૂડી તેને આવડી રે; પુજો.

પદ ૪૪૦ મું રાગ સદર.

ઝાટકો ઝાટકો ઝાટકોરે, જમદ્વારે જતાં પડે ઝાટકો. ટેક.
તત્પરતાથી ત્રેવડ કરજો, નહીં આવે ત્યાં નાટકો રે; જમ.
પાપો કરતાં પાછળ હઠજો, પાખંડે કાં પાટકો રે; જમ.
ઘાટ ઘડામાં ઘટમાં અવળા, રાખો ભજનનો ચાટકો રે; જમ.
અરે અનાડી થઈ કાં અંધા, ભુંડી ભાઠે ભાટકો રે; જમ.
શામ રડાવે એ જમડાને, શીરપર મારી ઝાટકો રે; જમ.
દાસ પ્રભુ તન મન વચનેથી, રઘુવરને ભજતાં ટકો રે; જમ.

પદ ૪૪૧ મું રાગ સદર.

ભાટકયો ભાટકયો ભાટકયો રે, ભવમાંહે ભજન વિના ભાટકયોરે. ટેક.
રામ ભજન તેં હૃદે ન ધાર્યું, ઉંચે ચડીને ત્રાટકયો રે. ભવ.
આખી ઉમર અમથી આળી, મિથ્યા મોહે પાટકયો રે. ભવ.
વેષ વિવિધ કર્યા મન માન્યા, મરણ લગી કો ના ટકયોરે ભવ.
હરિહર હેતે નહી સંભાર્યા, ઝાલ્યો ભીખનો વાટકયો રે. ભવ.
સાચો મારગ ભુલતાં જમડે, ઝઝેડીને ઝાટકયો રે. ભવ.
દાસ પ્રભુ રઘુવર ભજનારો, કે જગમાં દાતા ટકયોરે. ભવ.

પદ ૪૪૨ મું રાગ સદર.

ચૂલમાં ચૂલમાં ચૂલમાં રે, ચેતી ચાલો પડો નહિં ચૂલમાં. ટેક.
મોહમદે મસ્તાનો થઇને, અમથો અમથો ઝૂલમાં રે; ચેતી.
ડાહાપણમાં દીવાળું કાઢી, ડોળે ઝાઝો ડૂલમાં રે; ચેતી.
મધુરૂં મધ માખવનું મેલી, ફુલ દેખાને ફુલમાં રે; ચેતી.
ભોગ બધા રોગો જેવા છે, તે ભોગે તું ભૂલમાં રે; ચેતી.
ફુલેથી નીકળી ચૂલે પડય માં; રાચ ન બત્તી ગુલમાં રે; ચેતી.
દાસ પ્રભુ જટ આવી જાને, રામસુનામના પૂલમાં રે, ચેતી.

પદ ૪૪૩ મું રાગ સદર.

ઢોલશે ઢોલશે ઢોલશે રે, મુવા કેડે આંખો કાગ ઢોલશે. ટેક.
મોત પરાણે ઉંઘ ઉડાડી, આંખો તારી ખોલશે રે, મુવા.
વાત ભલે કર જાઝી હમણાં, મોત નહિં વાતો છોલશે રે; મુવા.
નાગ કાળોતરા જેવો તારી, કાળ સામો થઇ ડોલશે રે, મુવા.
અહીંયા બડબડ કર બકવાદો, જમ સાથે શું બોલશે રે; મુવા.
કૃષ્ણજીને કોઇ કામ ન આવી, સોળ હજારકે સોલશે રે, મુવા.
રામ શરણ પ્રભુ રહેશે તરશે, બીજા ફોતરાં ફોલશે રે; મુવા.

પદ ૪૪૪ મું રાગ સદર.

ખોળ માં ખોળ માં ખોળ માં રે, વિના રામધણી બીજો ખોળમાં. ટેક.
સાકર સુંદર સ્વાદ તજીને. શું રાચે મન ખોળમાં રે, વિના.
સાચો સ્વારથ સમજી લેને, અમથો ટાટાં ટોળમાં રે; વિના.
કાચ વિષય લેવામાં નર તન, ચિંતામણીને રોળમા રે, વિના.
શેરી શૂરા સતની ત્યાગી, જા માં પાવૈયાની પોળમાં રે; વિના.
બાંડા બોથડ થઇને બ્હેકી, કુળ બાધુ તું બોળમાં રે, વિના.
દાસ પ્રભુ ચિત્ત ચટકો રાખી, રામામૃતને ઢોળમા રે; વિના.

પદ ૪૪૫ મું રાગ સદર

ખોજ માં ખોજ માં ખોજ માં રે, ખુટલ ખાસા ખળને તુ ખોજ માં ટેક.
માળા છાપાં તીલક તાણી, મિથ્યા મરે ઘણા બોજમાં રે. ખુટલ.
માનુની સાથે લટકાં મટકાં, કરતાં હીંડે બહુ મોજમાં રે; ખુટલ.
રામલીલાના રંગીયા ભારી, જગ ક્રિડા કરતા હોજમાં રે, ખુટલ.
લે લાખો પણ પાઈ ન આલે, ગણુની કરાવે છે લોજમાં રે; ખુટલ.
ભક્તિનો કાંઇ ભેદ ન જાણે. વઢે વૈષ્ણવની ફોજમાં રે, ખુટલ.
ઢાંગી ધુતારાને ઢંગે ભુલીને, કામી કુત્તા સામું જોજમાં રે; ખુટલ.
દાસ પ્રભુ શઠતાને તજી જા, રામાનુરાગીની ખોજમાં રે, ખુટલ.

પદ ૪૪૬ મું રાગ સદર.

જ્યાનમાં જ્યાનમાં જ્યાનમાં રે, જીવ જંઝો ઉતરમાં જ્યાનમાં. ટેક.
સુખ સાચું હરિજનને સંગે, નથી સ્વર્ગોના ઉદ્યાનમાં રે જીવ.
હરિજન સેવા હાથે ન થઈતો, ધૂળ પડી તારા ધ્યાનમાં રે; જીવ.
સંતોખ્યા નહિ સ્નેહે સંતો, આગ ઉઠી આખ્યાનમાં રે; જીવ.
ભકતો પરે ભલો ભાવ ન રાખ્યો, બુડી મુવો શીદ બ્યાનમાંરે; જીવ
જીવડા જમની ઝપટ પડે ત્યારે, રહેશે તરવારડી મ્યાનમાં રે,જીવ.
સાદર સંતો લે સન્માની, જા જા ગળી રામ જ્ઞાનમાં રે; જીવ.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, શાને મરે છે અજ્ઞાનમાં રે; જીવ.

પદ ૪૪૭ મું રાગ સદર.

ઢોર છે ઢોર છે ઢોર છે રે, રામ જાણે નહિં જીવ ઢોર છે. ટેક.
ગદી કાયામાં મોહે મરે છે, એને અંધારૂં ઘોર છે રે; રામ.
રામ ભજે તન મોક્ષની સીડી, નહીં તો નરકનું દ્વાર છેરે, રામ.
ગળફા લીંટને લાળે ભરેલું, તેનો મિથ્યા તોર છે રે; રામ.
પાચ પરૂ મળ મુત્રને કિલ્લે, બેસી રહે ખરો ચોર છે રે; રામ.
હાડ પિંજર આ ચામે મઢેલું, તેની ઉપર શું જોર છે રે; રામ.
દાસ બની પ્રભુ રામ શરણ જા, એજ ખરૂં એક દોર છે; રામ.

પદ ૪૪૮ મું રાગ સદર.

મુંડમાં મુંડમાં મુંડમાં રે, જમદ્વારે જોડા જડે મુંડમાં. ટેક.
નાહકમાં આ હુક ડુબાવી, પડ માં પાપના કુંડમાંરે; જમ.
કાળ કોપે તો પલમાં પછાડે, પાટુ મારે એક ડુંડમાં રે; જમ.
મોટાનું અભિમાન મુકાવે, મારે તમાચો તુંડમાં રે; જમ.
હાથી ને ઘા અંગે ન લાગે, વશમો વાગે શુંડમાં રે; જમ.
વિષ્ટા ખાવા જઇને લોંડા, શીદ ગણાય છે ભુંડમાં રે; જમ.
દાસ પ્રભુ ભજ રામ કૃપાળુ, અમથા પાટલા મુંડમાંરે; જમ.

પદ ૪૪૯ મું રાગ સહર.

લાજમાં લાજમાં લાજમાં, ભુલવીને મરે મન લાજમાં. ટેક.
ઘર ધંધામાં કુડીયે આડે, નાવે ભજનના વાજમાં રે; ભુલવી.
સુખ ઉપાડવા ગંધું ન લાજે, લાજે સ્મરણના સાજમાં રે; ભુલવી.
રંગી છે.કરાં તેડતાં ન લાજે, લાજે કેળવતા કાજમાં રે; ભુલવી.
સંસારી નારીથી ન લાજે, લાજે શ્રીરામ નામ પાજમાં રે; ભુલવી.
આમથી લાજ મરીને ભુંડું, લેખાતું કાળના ખાજમાં રે; ભુલવી.
લાજ તજીને રામ ભજી લે; પ્રભુ મન મરમાં અંદાજમાં રે; ભુલવી

પદ ૪૫૦ મું રાગ સહર.

દોડતાં દોડતાં દોડતાં રે, ધરી તૃષ્ણા પ્રાણી બધાં દોડતાં; ટેક.
ધનની ધાંખના કોને લાગી, પુત્રો પરે પ્રીત જોડતાં રે; ધરી.
કાયાની લઘુતા વળગી કોને, માયામાંહે માથું ફોડતાં રે; ધરી.
ઘરબારી ઘરમાંહે ફસાયાં, નારીનો નેહ નથી છોડતાં રે; ધરી.
પાંચે વિષયના પચરંગી પ્યાલે, ડુબ્યાં નથી આગ ત્રોડતાં રે; ધરી.
દુઃખમા સુખ માનીને ભટકે, દુઃખને નથી વખોડતાં રે; ધરી.
દાસ પ્રભુ પતિ રામને ભજવા, મનડું મહેથી ન મોડતાં રે; ધરી.

પદ ૪૫૧ મું રાગ સહર.

ચેતજો ચેતજો ચેતજો રે, ચિત્તે ચિંતા ધરી ઝટ ચેતજો; ટેક.
મરવું નથી એમ મિથ્યા માની, રહેવું નહીંજ અચેતજો રે; ચિત્તે.
આપટ જબરી પડશે જમની, કરશે નહીંજ સચેતજો રે; ચિત્તે.
કાળ ઝડપમાં ઝડપા શાને, સૌ માટે છે બેતજો રે; ચિત્તે.
કાળ કરાળની દાઢે ચવાતાં, રહ્યા નથી કો બચેતજો રે; ચિત્તે.
ધંતર મંતર દોરા ધાગા નકામા, વ્હેમનું લાકડું વચ્ચે તજો રે; ચિત્તે
દાસ પ્રભુ ભજો રામ કૃપાળુ, સંતો સાથે રાખી હેતજો રે; ચિત્તે.

પદ ૪૫૨ મું રાગ સહર.

હેત જો હેત જો હેત જો રે, દુઃખમાં ન ડુબત હાલ હેત જો ટેક.
બુંધા અથવગ્ર શાને ભટકત, નામ નારાયણ લેત જો રે, દુઃખમાં,
નાહક હેતરાં ફુંક્યાં ન હોત તો, થાવું ન પડતે ફજેત જો રે; દુઃખમાં.
જીવને જન્મમરણ ના વળગત, રઘુવર શરણે રહેત જો રે; દુઃખમાં.
કર્મો કુંઠે આગળ કેમે ? કથા કેશવની કહેત જો રે; દુઃખમાં.
બળો બાંધ્યાની રીત નઠારી, મનને મનાવીને તજો રે; દુઃખમાં.
દાસ પ્રભુ રામ દયાળુ, કુડી કાયરતા કેમે તજો રે; દુઃખમાં.

પદ ૪૫૩ મું રાગ સહર.

ઓ તજો ઓ તજો ઓ તજો રે, ઉંધા કાયા કેરી ઉંધી ઓ તજો; ટેક.
પાપી પંથે પળવાની આ, પવડે ડુબાડનાર પો તજો રે; ઉંધા
ખોટના વેપલા આદરવાની, ખાના ખરાબીની ખો તજો રે; ઉંધા.
વરસ ધે ધમશાણ કર્યાની, હાથે ઝાલેલી ઘો તજો રે; ઉંધા.
ભુતાવળમાં ભળવા માટે, ભવાને ખિંનો ફાં ભો તજો રે; ઉંધા.
ગભરામણમાં શું ગુંથાઇ, ગોવિંદ નામની ગો તજો રે; ઉંધા.
દાસ પ્રભુ ભજો રામ દયાળુ, મિથ્યા જગ હો હો તજો રે; ઉંધા.

પદ ૪૫૪ મું. રાગ સહર.

પીસ માં પીસ માં પીસ માં રે, ઝોલા ખાતો ખાતો ચક્કી
પીસ માં; ટેક.
ખોટ જરી જો આંખો ખોલી, ભારી આવ્યો છે ભીસમાં રે; ઝોલા.
સાચું ઝટ સમજાશે જયારે, પડશે ફટકો શીશમાં રે; ઝોલા.
આંખનાં પડળો એક સપાટે, ઉઘડી જશે કાળ ચીશમાં રે: ઝોલા.
ક્યાંથી આગળ ભાગશે ઝટકો, અગડે મીંડે વીશમાં રે; ઝોલા.
માનવ થઇને મુઢ રહ્યો તો, શીદ જનમ્યો નહીં કીશમા રે; ઝોલા.
દાસ પ્રભુ ઝટ રામ ભજી લે, કાળ જાય છે રીશમાં રે; ઝોલા.

પદ ૪૫૫ મું રાગ સદર.

વાઢશે વાઢશે વાઢશે રે, જીંદગીની દોરી જમ વાઢશે; ટેક.
જોર ન ચાલે ને તરફડે ઠાલે, કંઠ ઝાલી કાળ કાડશે રે; જીંદગી.
આશા બચ્યાની, જુક્તિ રચ્યાની, રાખી ચડે તું માઢશે રે; જીંદગી.
નદી વહેતીમાં, ધગતી રેતીમાં, ઉંડો ઉંડો તને ગાઢશે રે; જીંદગી.
શરદી સહજે, જીવ ન સહેજે, સુખે સ્હેવાશે ટાઢશે ? રે; જીંદગી.
દુઃખ દેશે સુખ લુટી લેશે, જમદુત ઝાઝા દાઢશે રે; જીંદગી.
દાસ પ્રભુ ઝટ રામ ચરણુ પડ થઇને ફરે છે સાંઢશે રે; જીંદગી.

પદ ૪૫૬ મું રાગ સદર.

કાગ છે કાગ છે કાગ છે રે, કુડા કલેશી કામી જીવ કાગ છે. ટેક.
વિષય ઝેર રગેરગ વ્યાપ્યું, જેવા ઝેરી જગ નાગ છે રે; કુડા.
વાત ન સારી મુખમાં તેને, સદા હોળીના ફાગ છે રે; કુડા.
સંતોષ સુખ તો દેશવટે છે, ઝાઝા તૃષ્ણાના ત્રાગ છે રે; કુડા.
જોખમ ભારે ભવજળમા છે, ખાસ ડુબ્યાની જાગ છે રે; કુડા.
ઇશ્વરપદ આઘું છે તેને, જગમાં જેને ઘણો રાગ છે રે; કુડા.
દાસ પ્રભુ ઝટ રામચરણુ લટ તો તરવાનો લાગ છે રે; કુડા

પદ ૪૫૭ મું રાગ સદર.

બાગ છે બાગ છે બાગ છે રે, રામભક્તિ નંદનવન બાગ છે ટેક.
દેખી મર માં ભવજળમાં તું, તેનુ પાણી તો અતાગ છે રે; રામ.
આ બગીચે આવ્યાનુ સાધન, સાચુ પ્રેમ ને વિરાગ છે રે; રામ.
સુખ શાંતિ ને પરમાનંદના, એકાકાર ત્યાં વિભાગ છે રે; રામ.
આવું સ્થળ છોડીને ભટકયો, કુટેલ તેનાં ભાગ છે રે; રામ.
આવે ઘણા પણ નવ સાંકડ છે, વધતો વિશાળ બહુ માગ છે રે; રામ.
દાસ પ્રભુ ઝટ રામ ચરણુ લટ, સદા અખંડ સુભાગ છે રે; રામ.

પદ ૪૫૮ મું રાગ સદર.

છાક છે છાક છે છાક છે રે, હરિ ભકિત વિના ખોટા છાક છે ટેક.
નર દેહે ભકિત જો ભૂલ્યો. નિશ્ચે કપાવ્યું નાક છે રે; હરિ.
ભકિત વિના ન્હાવામાં ડુબ્યો એજ ખરો નાપાક છે રે; હરિ.
વાસના વેરીને મારવાની, ભકિત ભારે હાક છે રે; હરિ.
પવિત્ર પૂરો પ્રાણી સાચો, વાસના કીધી જેણે ખાક છે રે; હરિ
પ્રેમ ભકિત વિણ સર્વે સાધન, મીઠાં વિના મોળાં શાક છે રે; હરિ.
દાસ પ્રભુ ઝટ રામ ચરણ લટ, માથે ધણીની ધાક છે રે; હરિ.

પદ ૪૫૯ મું રાગ સદર.

પાકછે પાકછે પાકછે રે, પ્રેમી ભકતા ખરેખરા પાક છે. ટેક
પરમ પદમાં પહોંચવાની, રામ નામ ધૂનની ડાક છે રે; પ્રેમી.
પ્રેમને પંથે પળીયા તેને, ચાલવાનો નહી થાક છે રે, પ્રેમી
જે ચાલ્યા તે પહોચ્યા પ્રીતે, તેજ ખરા ચાલાક છે રે, પ્રેમી.
ચતુરભુજને રસ્તે ચડીયા, જબરા તે ચબરાક છે રે; પ્રેમી.
ભવ ભુલવણી માંહે ભટકે, તેજ ભારે હાલાક છે રે; પ્રેમી.
દાસ પ્રભુ ઝટ રામશરણ લટ, વિત્યા જાયે જો કલાક છે રે; પ્રેમી.

પદ ૪૬૦ મું રાગ સદર.

ફાંદમાં ફાંદમાં ફાંદમાં રે, જમદુતો મારે પાટુ ફાંદમાં. ટેક.
અધો થઇને હું પદ માંહે, જામાં ફસી તું ઉફાંદ મા રે; જમ.
નિશાન તાકી શાને મરે છે, મિયાં ભાઈ તણા ચાંદમા રે; જમ
અકરમ કેરી કળથી અંધા, શાને ભરે પાપી નાંદમાં રે; જમ.
ધુળની ઉપર લીંપણુ કરતાં, નાહક છાંદણું છાંદમાં રે; જમ.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, વિષ્ટા વિષયની વાંદમાં રે; જમ.

પદ ૪૬૧ મું રાગ સહર.

છાંટ માં છાંટ માં છાંટ મા રે, મોહી જા માં મીઠાંની
છાંટમાં. ટેક.
શ્રીવર સરખા સંતો મૂકી, ભળમાં હોળી ખોટમાં રે; મોહી.
વિષય ગળીના કુંડે ડુબી, છાંટા ગળીના છાંટમાં રે; મોહી.
અમૃત કુંભ તજીને અધા, ઝેર વિષયનું વાંટમાં રે; મોહી.
અલબેલો થઇને આથડ મા, બાંધી ફણીધર ફાંટમાં રે; મોહી.
વંઠેલા તુ વળગી રહે માં, શીરા પુરીના વાંટમાં રે; મોહી.
પ્રીતી કરી લે પ્યાર ધરી લે, રામ સુખામના બાંટમાં રે; મોહી.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, બીજાં નિશાનો આંટમાં રે, મોહી.

પદ ૪૬૨ મું રાગ સહર.

બાંધમાં બાંધ માં બાંધમાં રે, બળવંતાથી બાકરી બાંધમાં. ટેક.
વિઠ્ઠલવરથી વેર ન કીજે, લુચ્ચા લેખાઇ મહાંધમાં રે; બળ.
કજીયો કેશવથી નવ કરવો, કુડા કહેવાઇ કામાંધમાં રે; બળ.
કમળા પતિથી કાશ ન કરવી, કપટી ગણાઇ ક્રોધાંધમાં રે; બળ.
માધવ સાથે માયા ન ચાલે, માની મના માં મોહાંધમાં રે; બળ.
લક્ષ્મીવર લાંચ્યો ના લેતો, ભુંડા લેખામાં લોભાંધમાં રે; બળ.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, જા માં બળી વિષયાંધમાં રે; બળ.

પદ ૪૬૩ મું રાગ સહર.

સાંધ માં સાંધ માં સાંધ માં રે, શઠતામાં સાચો સ્નેહ
સાંધ માં. ટેક
રોચાપેરે રઝળી શાને, ગોબા ગણુ માં રતાંતમા રે; શઠ,
ધુતારાના ઢોંગ મચાવી, લોભી લેખામાં ધર્માંધમાં રે; શઠ.
ભૂધરની ભક્તિથી ભડકી, જા માં ગણાંઇ જ્ઞાનાંધમાં રે; શઠ.
કર્મઠ નામ પડાવે શાને, કોડા કૈકાશી કામાંધમા રે; શઠ,

કાળ ઝપાટો વસમો આવશે, પડશે ઝટકો કાંધમાં રે; શઠ.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, રાખનું રાંધણું રાંધ માં રે; શઠ,

પદ ૪૬૪ મું રાગ સદર.

કાઠ માં કાઠ માં કાઠ માં રે, કુડી બાળો કરોળિયા કાઠમાં. ટેક.
હાથે કરીને હૈયા કુટ્યા, પોતા તણું ગળું વાઢમાં રે; કુડી.
અમર થયો તું માને શાને, બેઠો ચડી કદી માઢમાં રે; કુડી.
જીવ જનમથી છે જ ચવાયો, વિકાળ કાળની દાઢમાં રે; કુડી.
તારે હાથે તારે કાજે, ખાડા ઉંડા તુ ગાઢ માં રે; કુડી.
શઈને હરાયો તું હડકાયા, ઓખર કરવા આઢમાં, કુડી.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ બામાં રહી બીજી ઢાઢમાં. કુડી.

પદ ૪૬૫ મું રાગ સદર.

ઠાઠમાં ઠાઠમાં ઠાઠમાં રે, નહિ ઠપકો ખાજે ખોટા ઠાઠમાં. ટેક.
ગુમાન શાને કાજે કરવું, હતી કયારે મુડી ગાંઠમાં રે; નહિ.
પારસ મૂકી મોહે મરે કાં મૂઢ લોઢાની લાઠમાં રે; નહિ.
ભુંડી ભવાઇ બાલે કરીને, બોળા ભટક માં ભાઠમાં રે; નહિ.
વિષયી જનની વાતો ખોટી, કાને ધરી લેશ આંઠમાં રે; નહિ.
રામ રટયા વિના વરસો વીત્યાં, ધૂળ પડી એંશી આઠમાં રે; નહિ.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, પ્રીતિ કરી નામ પાઠમાં રે; નહિ.

પદ ૪૬૬ મું રાગ સદર.

કાનમાં કાનમાં કાનમાં રે, કુડા કપટી કહું વાત કાનમાં. ટેક.
જીંદગી ઝાંઝવાં જેવી જાણી, ભટકી મર માં શનમાં રે; કુડા.
જાણુ જુવાની ઝાકળ જેવી, ગાળ માં મદિરા પાનમાં રે; કુડા.
ધન દોલત વીજળી ઝબકારો, જા માં તણાતો તાનમાં રે; કુડા.
સુત દારા જેમ છીપમાં રૂપુ, સમજી આવ જરી સાનમાં રે; કુડા.
વર્યા સુત વ્યવહારે લપટી, ધુળ તુ નાંખમાં આનમાં રે; કુડા.
દાસ પ્રભુ ભજ રામ કૃપાળુ, રાખ વૃત્તિ જરી દાનમાં રે; કુડા.

પદ ૪૬૭ મું રાગ સહર.

રાખજો રાખજો રાખજો રે, રૂડી રામ રટયાની રીતિ રાખજો. ટેક.
નિંદામાંથી થઇને નવરા, દુઃખને દરિયે નાંખજો રે; રૂડી.
કિર્તન વિણુ કદી ક્લેશ ટળે નહિ, શાસ્રો દે છે શાખજો રે; રૂડી.
વિષય કથા રસ સ્વાદ તજીને, આ અમૃતરસ ચાખજો રે; રૂડી.
સા સ્વાદોમાં સ્વાદજ સારો; મીઠો મીઠો દ્રાખજો રે; રૂડી.
એ રસ સ્વાદે બની મસ્તાના, દુઃખ દીલે નહીં દાખજો રે; રૂડી.
કુડની કાશ કરીને નકામી, કેમ કુટો છો કાખજો રે; રૂડી.
દાસ પ્રભુ એ રસમાં ડુબો, અંતર ઉઘડે આંખજો રે; રૂડી.

પદ ૪૬૮ મું રાગ સહર.

તરફડે તડફડે તડફડે રે, જીવન જાણ્યા વિના જીવ તડફડે. ટેક.
કજીયાખોરો, કજીયા કરતાં સૌ જગજનથી ચડભડે રે; જીવન.
સાચી વાતો સમજે નહિં ને, ઉલટો સામો બડબડે રે; જીવન.
હાંડલાં ખાલી જેવો જાતે, ખાલીખમ પણ ભડભડે રે, જીવન.
છપનીયાના મેઘની પેઠે, મિથ્યા ચડીને ગડગડે રે; જીવન.
ટાઢ ચડી માયાની ઝાઝી; મોહ શિયાળે હડબડે રે; જીવન.
દાસ પ્રભુ રઘુવર નહિં ભજતાં માયા ગારે સડબડે રે; જીવન.

પદ ૪૬૯ મું રાગ સહર.

દડવડે દડવડે દડવડે રે, દુઃખ દ્રોહે ડુબી જીવ દડવડે; ટેક.
રઘવાયો થઇ રઝળે ભારી, રાન વેરાને રડવડે રે; દુઃખ.
ખુરમા ખાવા ખાંત ખરી છે, ખાયે નહીં ને ખડબડે રે; દુઃખ.
હડકાયા કુત્તાની પેરે, હડકાયો થઇ વડવડે રે; દુઃખ.
મોહના ખીલા મનથી ન કાઢે, ઉલટી મોહની જડજડે રે; દુઃખ.
નિંદા કરવા નવરો ભારે, કિર્ત્તને હાડકાં કડકડે રે; દુઃખ.
સમજાવ્યો સમજે નહિં કેમે, સામો ક્રોધે ફડફડે રે; દુઃખ.
દાસ પ્રભુ હરિભજ કહેતાં કાં ? ઉભો ઉભો પડપડે રે; દુઃખ.

પદ ૪૭૦મું રાગ સદર.

દોડ માં દોડ માં દોડ માં રે, દીનાનાથ તજી દૂર દોડ માં.
વિષયે ચિત્ત ચોડીને ચોબા, વિશ્વપતિને વખોડ માં રે; દીના.
વિસરી જઇ ગોવિંદનાં ગીતો, ગામ ગપાટાં ગપોડમાં રે; દીના.
સજ્જનતાનું પદ ચૂકીને, લેખા માં શંખ લપોડમાં રે; દીના.
નટવરનો જે નેહ અનાદિ, વંઠીને વેવલા વછોડ માં રે; દીના.
પરમેશ્વરનો પ્રેમ પુરાણો, તૃષ્ણા તોરે તરછોડ માં રે; દીના.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, રાખની રાબડી ઘમોડ માં રે; દીના.

પદ ૪૭૧ મું રાગ સદર.

ગાંડીયાં ગાંડીયાં ગાંડીયાં રે, ગિરધારીતણું અમે ગાંડીયાં; ટેક.
સમજુ સરવે સૂખે વસજો, શાણપણું અમે છાંડીયાં રે; ગીરી.
ડા'પણમાં તમે ડુબી મરજો, ઘેલાનાં હાટ અમે માંડીયાં, ગીરી.
આર-જાંગી છે આબરૂ તમને, અક્કલ હિણું અમે ડાંડીયાં રે; ગીરી.
બુદ્ધિ બળતો તમને સોંપ્યું, બુદ્ધિ બૂઠાં અમે બાંડીયાં રે; ગીરી.
માયા અખંડ સુભાગ્ય તમારૂં, અમે પ્રપંચેથી રાંડીયાં રે; ગીરી.
રામ પ્રભુ શીર સ્વામી અમારો, છો રહ્યાં બાંડીયાં ખાંડીયાં રે; ગીરી.

પદ ૪૭૨ મું રાગ સદર.

છાંડવી છાંડવી છાંડવી રે, છેક છળ ને કપટ રીતી છાંડવી ટેક.
સાકર કરથી ફેંકીને કાં, રેતી ખાંડણીયે ખાંડવી રે; છેક
મધુ-સુદન પદ મૂકીને કાં, લેવી માયાની માંડવી રે; છેક
રઘુકુળનંદન નામ તજી કાં, ભુંડી ગાળો મૂખે ભાંડવી રે; છેક.
રામ પ્રભુજન છાંડે તેની, નથી રહી રાંડ રાંડવી રે; છેક.

પદ ૪૭૩ મું રાગ સદર.

બાંડીયા બાંડીયા બાંડીયા રે, બેલ બોધો બને કેમ બાંડીયા; ટેક.
બેલ બનીને છેલ ન થાતું, ટેલ ન ટાણું કુંબાંડીયા રે; બેલ.

ઘુરચા ડુચ્ચા વાળે શાળે, ડાળખી [illegible] બાંઠીયા રે; બેલ.
માયા રાખે ખરસમ લોટયા, તેને કાળે નિંદે ખાંડીયા રે; બેલ.
ગોબા ગોટા ધાલે અમથો, ગોવિંદ ગાતાં ગાંડીયા રે; બેલ.
માધવ મનમાં મસ વ્હાલા કર, મોકાણુ વાદ કાં માંડીયા રે; બેલ.
રામ પ્રભુજન ઉગર્યા જેણે, છંદ કુચ્છદો છાંડીયા રે; બેલ.

પદ ૪૭૪ મું રાગ સહર.

વાદમાં વાદમાં વાદમાં રે, વાધરી તો મરે વૃથા વાદમાં ટેક.
લોભી લફંગા લંપટ લુંટા, લીપણું કરતા લાદમાં રે; વાધરી.
વંઠેલાને વાદજ વ્હાલો, લેખુ તેનું મનુજાદમાં રે; વાધરી.
ઉંધે ઘેરાયા ઇંદ્રણુશી, સ્વપ્ને બકે છે ઉન્માદમા રે; વાધરી.
વગર વિચારે ફાંફાં મારે, શુન્ય વિવેકી વિવાદમાં રે; વાધરી.
પરબ્રહ્મરી ઓળ લે આણી, અવિનાશી અપવાદમાં રે; વાધરી.
પ્રભુ પતિરામે પ્રીતી જેની, સમજે તે રસાસ્વાદમાં રે; વાધરી.

પદ ૪૭૫ મું આરતી.

જય જય સુરસરી માત, જગ પાવનકારી,
પુણ્ય રૂપ તું સાચી, પાપો હરનારી; જય જય હે ગંગે.
વિષ્ણુ પદ પંકજની, પરાગ જળરૂપે,
વહન કરે દુઃખ ટાળો, અવાજ નહિ છૂપે; જય જય.
ત્રિપુરારી શિર ધામ, ગૃહિણી પણ તેનાં,
બ્રહ્મ કમંડલે વસતાં, અસ્નાશં એનાં; જય જય.
સગર સુતો ઉદ્ધારક, જાન્હુની કન્યા,
નરમુની કિન્નર યક્ષ, સુર કહેતા ધન્યા; જય જય.
સુકૃતિ જન સૌ સ્નાન, કરે ત્યાં જ્ઞાન થતું,
મદ મોહાદિકનું ઝટ, સત્યાનાશ જતું; જય જય.
સ્વર્ગ તણું સોપાન, જગમાં, તું સાચું,
ધવળ ઉછાળા તારા, જોઈ જોઈને રાચું; જય જય.

મહિમા રૂપ અનૂપ, વર્ણન નથી થાતું,
દર્શ સ્પર્શ કે પાને, પાપ હઠી જાતું; જય જય.
અમિત દાની હે માત, રઘુવરની ભક્તિ,
દાસ પ્રભુને દેજો, સહુ સારી શક્તિ; જય જય.

પદ ૪૭૬ મું રાગ લાવણી ગઢ ઘેરાણો મારો રઘુવર એ લય.

ગુરૂગમ પ્રીછી સાન સુતીખી, શીખી રાખો હૈયામાં,
નાહકમાં કાં ખ્વાર થાઓછો, હાય ! છોકરાં છૈયામાં; ગુરૂ.
ક્ષર અક્ષર કીલ્લાનાં દ્વારો, ખોલીને ભાગો ભાઇ,
એક અક્ષરાતિત ઓળખો, દીલમાં દઢત્તર ઠેરાઇ, ગુરૂ.
બાવનનો આ ખેલ રચાયો, બા ! વનમાં નહી રહી જાવું,
બાર તોડી ચોબાર ગણીને, બહાર જઇ બહારે ધાવું; ગુરૂ.
ભણે ગણે ને બણે પંડિતો, તો પણ પાર નહિં લાગે,
સદગુરૂ સાન સમજતાં સહજે, જીવડો ઝટ ઝબકી જાગે; ગુરૂ.
પૂરી પ્રીતિથી પદ પકડી, મચવો પૂર્ણાનંદ સહી,
ભેદ ખેદ ને કેદ છેદતાં, ભ્રમણામાં ફસવુંજ નહિં; ગુરૂ.
જગ જે જીવન જાણે સાચું, જુઠું એ સમજી લેવું,
વિશ્વ મરણ માને ત્યાં જીવન, જાણી શાંત બની રહેવું; ગુરૂ.
કર્મ કોટ પર ચોટ લગાવી, ખોટ ન ખાવીને ધસવું,
પાયા ખોદી પછી નીરાંતે, આનદે ચકચુર હસવું; ગુરૂ.
જન પ્રભુરામ સુનામ ગ્રહીને, કાળ શીરપર ધાવ કરો,
દયા દાન દીનતા દિલ રાખી, સદ્ગુરૂ શરણે ભાવ ધરો; ગુરૂ.

પદ ૪૭૭ મું રાગ સદર.

ગોટાળે ઘુંચવા નહિ ગંડુ, ટોટા અંતે પડવાના,
મૂકી દે મનમાંથી મૂંડા, ખાટો ગોળા ઘડવાના; ગોટાળે.
ગીતો ગોવિંદાનાં ગાતાં, નફ્ફટ છતાં મર કાં લાજે,
હાથે જીભ દીધી જગનાથે, પોતાને ભજવા કાજે; ગોટાળે.

છેલ બટાઉ બનીને છોગાં, રોગાં રાખી ફરવું કાં,
જો ફરવું તો હરિવર ભજતાં, ખાઈ શરમને ડરવું કાં; ગોટાળે.
ગાળા ગાળી મારા મારી, કરતાં ઇજત ન જાય જરી,
તો ત્રીકમનું કીર્તન કરતાં, રહે લાજ તું કેમ ધરી; ગોટાળે.
મૃડ સમોવડ થઇને ભૂંડા, શબ્દો ડાચે બહુ ભસતો,
અરે આબરૂમા અથડાઇ, અવિનાશી ભજતાં ખસતો; ગોટાળે.
જૂઠું બોલે જૂઠું ચાલે, એમા લાજ નથીજ જતી,
તો ભજને શુ બોથડ તારી, લાજ ઝાટકે નાશ થતી; ગોટાળે.
મરવાના ધધા કરવામા, શુરો થઈ આગળ ધાતો,
તરવાના કામા આચરતાં, કાયર થઇ છૂપી જાતો; ગોટાળે.
ટણક ટેવ ટાળી દે ઉંધી, સીધી વાતો સમજી લે,
લાજ મુકી મર્યાદા ચુકી, શામ પ્રભુ જન તું ભજી લે; ગોટાળે.

પદ ૪૭૮ મું રાગ સદર.

જો વૈરાગ્ય વસે અતરમાં, હરીવર મળશે હેલામાં;
વિણુ વૈરાગે વસમુ પડશે, ભવસાગરના ઠેલામા. જો૦
કીચડ મોહતણો જયારે બુદ્ધિ, તુજ તરી થાશે ખાસી;
સર્વ વિષયમાથી મન ઉઠે, નિર્વેદ બનશે પ્યાસી. જો૦
એ નિર્વેદ વિરાગજ સાચો, કાચો કેમે નહિ થાશે;
સૂર્ય ભભકને અભ્ર શું ઢાંકે, પારસ પટ પરખાઇ જાશે. જો૦
અગ્નિના તણુખા પેઠે, વૈરાગ અંતરે પ્રગટ થતાં;
ગંજ પાપના સ્પર્શ થવાથી, ખાખરૂપ થઇ સર્વ જતાં. જો૦
રંગ સુરંગ સુ અંગે ઘાટો, ઘેરો ઝટ ચડવા માંડે;
ક્રોડ ઉપાય કર્યાથી કેમે, ક્રમ પોતાનો નવ છાંડે. જો૦
હૃદય નિશાને વિરાગ ગોળી, જ્ઞાન તમંચેથી વાગે;
ગાંઠ દેહમાં અહં ભાવની, ત્રૂટે રસ લુટવા લાગે. જો૦
રસમય જીવન બની રહેને, રસવૃત્તિમા રામ રમે;
ઝટ પ્રભુ પેખે આપ આપમાં, ગરીબ નિવાજી ગતિ ગમે. જો૦

પદ ૪૭૯ મું રાગ સહર.

આજ્ઞા આવી અખિલેશ્વરની, ધ્વનિ ઉઠયો ઉંડાણેથી;
ઉઠ ઉઠ થા શૂરવીર જીવડા, નીકળી જા જગખાણેથી. આ૦
કામ નથી આ, કાયર કર્યાનું, કાં મનથી નથી સમજાતું;
મૂક મૂક જૂનો બંધન પર, સાવ સ્વતંત્ર બની જા તું આ૦
ભય કાઢી બીક મૂળથી કાઢી, શક્તિ મ્હારી સમજી જા;
વિશ્વંભર શું ભુલું ન તુજને, જાણી પીડા પટ તજી જા. આ૦
કરી નોકરી ખરી આકરી, આજ લગી નથી રહી ખામી:
હવે નોકરી મારી કરવા, આવ આવ આશા વામી. આ૦
સાધન સર્વ સજાવી આપુ, શંકા ધરવી તારે ના;
મારાં આનાં બહુ બળિયાં છે, આશંકા તું ધારે ના આ૦
ખાધાની નહિ ખોટ પડે, તું અનુભવ કરીને લે દેખી;
વ્યવહારિક પરમાર્થિક તારૂં, સર્વ સુધારૂં લે પેખી આ૦
એક વચનમે એક બાણુ છે, એક પત્નિવ્રત અતિ પ્યારૂ;
એહ વચન આ વેળા પાળું, બીર્દ સમજ જીવડ મારૂં. આ૦
થા તૈયાર શું વાર લગાડે, બાળી દે બધન બુગાં;
પ્રભુજન સ્વામી રામ વચન છે, કાર્ય કરી દઉં સા પુરાં. આ૦

પદ ૪૮૦ મું રાગ સહર.

ગજ ગુણકા ગોવિંદે તાર્યો, પ્રભુ રામ છે એના એ,
સુગ્રીવનાં સંકટ નીવાર્યાં, પ્રભુ રામ પણ તેના તે; ગજ.
શબરી શોકનિવારક સ્વામી, ફરી રહ્યા ઠામે ઠામે,
કષ્ટવિદારક જે બહુ નામી, વસીયા છે ધામે ધામે; ગજ.
ચીર પાંચાળીનાં પુરનાર, ભરેલ છે સ્થાને સ્થાને,
કપટપર કરુણા કરનારા, છે ભરપુર તાને તાને; ગજ.
વિશ્વપતિ વૈકુંઠ નિવાસી, ભરીયા છે નાકે નાકે,
ભજન કરવા યોગ્ય વિલાસી, મળે પ્રેમ પાકે પાકે, ગજ.

એકજ તેને જુજવા જાણી, મૂઠ ગણુ માં તું બે ના બે,
રામ પ્રભુ ભજવા એંધાણી, આપું તું છો લે ના લે. ગજ.

પદ ૪૮૧ મું રાગ સદર.

પ્રેમવિના પરમેશ્વર છેટો, આવે નહીં કદી પાસે રે,
પ્રેમ હૃદયમાં પ્રકટે તેની, પાસે પ્રભુજી ઝટ જાશે રે; પ્રેમ.
વ્રજવનીતાની પ્રીત થકી, વ્રજ વલ્લભ વશ વરતાણો રે,
સાચી પ્રીત રહે મન જેને, તેથી નથી છુપાણો રે; પ્રેમ.
નીર વિનાનું સર્વ નકામું, મનથી મીન પ્રમાણે રે,
અભગ ભાવ ધરે જળ ઉપર, જળની જુકતી જાણે રે; પ્રેમ.
પતંગ પ્યાર ધરી દીપકમા, અંગ આપનું હોમે રે,
ચંદ્ર વિશે ચિત્ત તો ચકોરનુ, ચોંટી રહે છે જેમે રે; પ્રેમ.
લાખો ગાઉ રહે સુરજ પણ, કમળ ખીલે છે તેથી રે,
મેઘ ધડુકે છે આકાશે, મોર પ્રસન્ન છે એથી રે; પ્રેમ.
પય પાણીની પ્રીતિ સરસ છે, એક રસ થઇ જાતાં રે,
તે રીતે પ્રીતી પ્રાણી કરતાં, ઇશ સ્વરૂપી થાતાં રે; પ્રેમ.
એવી પ્રીત અતરમાં રાખી, રઘુવર શરણે પડવું રે,
પ્રભુ પતિ રામકૃપા પામીને, જમની સાથે લડવું રે; પ્રેમ.

પદ ૪૮૨ મું રાગ સદર.

જ્ઞાન થણુ ગોટાળું દીસે, વિચારવા જીવ તક લે, તું,
સાધન સાધ્ય વિચારી જોવા, મૂરખ મનવા મન દે તું; જ્ઞાન
વાણી વદવી કઠણુ કહાવે, સમજણુ કઠણુ અતી ભારે,
કરવાની જ કઠણુતા કહેતાં, હૈયું હામ તજીહા રે; જ્ઞાન.
સાધન વાત નથી કાંઈ સહેલી, વદતાં પણુ વાણી અટકે,
લકડખોર ન્યાયે કદી થાતાં, પણુ ત્યાંથી છેવટ છટકે; જ્ઞાન.
વીઘ્ન અનેક રહ્યાં છે એમા, મન ટેકાવોણું વટકે,
માયા જાળ બિછાવે જબરી, ઉપાય એકે નાજ ટકે; જ્ઞાન.

દેવ રહ્યા દરવાજે ચોકી, ખુટલ કામ કરે ખોટું,
વિષય વાસના વાયુ શત્રુ, ઘાલે ઘરમાં દુઃખ મોટું; જ્ઞાન.
એમ છતાંએ કદી પહોંચ્યા તો, મોત અને મુક્તિ સરખાં,
હરિ કહે "જીવ પ્રેમ વિનાનો, ભાવે નહિ" શીદ તું હરખા; જ્ઞાન.
કુસકાનું ચુરમું ઘીવોણું, ખાતાં કંઠજ છોલાસે,
રસીયાને રસવિણુ નહિ ગમતું, ન્યાય રીતે એ બોલાશે; જ્ઞાન.
નાહકનાં ફોફાં શું ચાવે, રસા સ્વાદ તો છે બીજે,
પ્રભુરામ પ્રેમીજન ચાખે, ભક્તિ રસ ભિતર ભીંજે; જ્ઞાન.

પદ ૪૮૩ મું રાગ સહર.

નાસ, નાસ પડ માં નીચ સંગે, દોષ વળગશે દીલ આઝા,
કુસંગમાં કુચ્છંદ લાગશે, રહેશે નહી લેશે માઝા; નાસ.
ગળી કુંડમાં કાળપ લાગે, એમાં અચરૃત શું થાતું,
દેખી પેખી પડવા કાજે, કુર કુટીલ નહિં ધાતું; નાસ.
મસાણુમાં જાનારાને જો, ભૂતાવળ દેખાય કદી,
જીવ અચંબો કાં પામે છે, મિથ્યા વાદ વિવાદ વદી; નાસ.
કુસંગે સંતાપ સાંપડે, અજબ નથી એ વાત નવી,
આદિ અનાદિકથી ગયા છે, અનુભવિયા વિદ્વાન કવી; નાસ.
દુરજન દુખ દઈ નહે નાંખે, એ સ્વભાવ તે એનો છે,
સ્વભાવ ટાળયો કદી ન ટળસે, નિશ્ચય કીધો તેનો છે; નાસ.
શ્વાન ભસે શું થાય અચંબો, હાથી નહીં ક્યારે ભસસે,
ભસે શ્વાનની સામો તેને, સમજુ જન સહજે હસસે; નાસ.
બચી જાય જે ભાગે ભાવે, ભુંડા લોક થકી ભડકી,
નિર્ભય થઇ મન મંદિર માંહે, બેસે દઇ દીલની ખડકી; નાસ.
અંદર બાહેર જો અજવાળું, કરવાની ઈચ્છા કરીયે,
પ્રભુરામના નામ મણીનો, દીવો ડેલીમાં ધરીયે; નાસ.

પદ ૪૯૪ મું રાગ સહર.

સીતારામ સ્વરૂપ બતાવું, સમજે તે સુખીયા થાશે,
અંતરમાં આનંદ ઉછળશે, ભૂલ બધી ભાંગી જાશે; સીતા
ભેદ નથી એ બે નામોમાં, એકરૂપતા એની છે,
વેદ કહે પોકાર કરીને, ત્યારે શંકા શેની છે; સીતા.
અગ્નિ ઝાળ જણાયે નામે, નોખાં નોખા જગ જાણે,
સાચા સમજુ જે જન હોયે, એકરૂપતા ઉર આણે; સીતા
નથી ચાંદની ચંદ્રવિનાની, ચંદ્ર ચાંદની વીણ ક્યાં છે,
સમજે તેને સાચું ભાસે, મર્મવાત બધી ત્યાં છે; સીતા.
સૂર્ય નથી કીરણોથી નોખો, નામ માત્ર એક છે નોખું,
ખોજ કરે આસી તે નરને, સમજ્યા જેવું છે ચોખુ; સીતા.
છોળ ઉછળતી સિંધુ માંહે, જોતામાં જુજવી ભાસે,
વિવેકથી વિચાર કરે તો, તે જળરૂપ ઠરી જાશે; સીતા.
નરને નરની શક્તિ એવાં, નામ જુજવાં છેજ પડયાં,
શુદ્ધ વિવેકી જનની આંખે, નોખાં કદીયે નાજ ચડયાં; સીતા.
સીતારામ અભિન્ન એમ છે, જુક્તિથી જીવ લે જાણી,
પ્રભુરામ તે સીતા, સીતા, રામ રૂપ લે ઉર આણી; સીતા.

પદ ૪૯૫ મું રાગ સહર.

આ સંસાર સદા હરિવરમાં, રહે બીજરૂપે સાચો,
હોય નહી તે આ દુનિયામાં, બનવાનો સંભવ કાચો, આ.
દુધ વિષે ઘી રહે એક રસ, જુજવું લેશ જણાય નહી,
કાર્યરૂપમાં નોખે રૂપે, ખરૂ થાય તદ્રુપ સહી, આ.
બાદળ ચોમાસે વરસતાં, વૃષ્ટી કરતા જાય વહી,
વિલીન થાતાં લેશ બાદળું, આકાશે દેખાય નહી; આ.
હોય બીજમાં તોજ બને છે, ઝાડ જબર ફળ દેનારૂં,
ફળ આપી લય થાયે ત્યારે, બીજ રૂપમાં રહેનારૂં; આ.

એમ જગત આ ઇશ્વરમાંથી, મધ્યકાળમાં દેખાતું,
અંતે એમાં લીન થાય છે, એક રૂપ ત્યાં લેખાતું; આ.
ભિન્ન નથી કારજ કારણથી, આગળની લહેરો પેઠે,
શબ્દ અર્થ સમતા સમજાયે, વિચારતાં સ્થિર થઇ બેઠે; આ.
કાર્ય અને કારણની એકતા, ન્યાય શાસ્ત્ર કહે છે સાચી,
નાહક નોખાં માની માનવ, મૂરખ શીદ રહે રાચી, આ
સીતારામ કહ્યામાં જુદાં, એજ અનોખાં જે જાણે,
પ્રભુરામ રસ ઝીલે તે જન, બીજા શીર ફૂટે પહાણે; આ.

પદ ૪૯૬ મું રાગ લહર.

બહુ નામીનું નામ ન એકે, બધાં નામ શ્રીવરનાં છે,
બહુ રૂપીનું રૂપ ન એકે, બધા રૂપ શ્રીધરનાં છે; બહુ.
બહુ ગુણશાળી ગુણ ન એકે, બધા ગુણ વિશ્વંભરના,
બહુ ભેદીનો ભેદ ન એકે, બધા ભેદ એ ભૂધરના; બહુ.
એક છતાં પણ અનેક ભાસે, એ લીલા લીલાધરની,
નટવા પેઠે વેશ ઘણા લે, એજ ખુબિ છે હરિવરની; બહુ.
પહેરે છે પોશાક જુજવા, આપ એકનો એકજ છે,
ખેલ કરે ખેલાડી ખાસો, સમજ્યાનો વિવેકજ છે; બહુ.
વિશ્વપતિની વિચિત્ર રચના, સમજે તે નર જાણે છે,
વિશ્વ આપમાં આપ વિશ્વમાં, રસીઓ રંગે માણે છે; બહુ.
કળા તિતની કળાજ ન્યારી, રમતા અળગો પોતે છે,
સૂક્ષ્મ રૂપ બને તે ભક્તો, ગોવિંદાને ગોતે છે; બહુ.
આદિ અંતમાં એ અવિનાશી, તેવો મધ્યે જો દેખે,
અનંત રૂપક એનાં જાણી, આત્મરૂપ સઘળો પેખે; બહુ.
દ્રષ્ટા દ્રશ્ય અને દર્શન પણ, આપે આપ બને હરી,
પ્રભુરામ પરખે પ્રીતેથી, જન્મ બંધન થાય દૂરી; બહુ.

પદ ૪૮૭ મું રાગ સહર.

રામ રામ શ્રીરામ રટી લે, ભવજળ પાર જવા પ્યારા,
હરિ હરિ શ્રીકૃષ્ણ કહી લે, લેશ ન કર મનથી ન્યારા; રામ.
રટતાં રામ સુમંગળ થાશે, જાશે જન્મ મરણ તુટી,
ખરે ટાંકણે કામ આવશે, બગડયાની એ છે બૂટી; રામ.
ઘંતર મંતર જંતર મિથ્યા, જોર ન ચાલે કોઇ તણું,
દવા બવા ને હવા નકામી, એક નામનુ જોર ઘણું; રામ.
પ્રીત કરી પરમેશ્વર ભજતાં, અવગુણ આઘેરા ખસશે,
ભક્તિ કરતાં ભૂધરજીની, અંતરમાં આવી વસશે; રામ.
વિશ્વાસે ભવ દરીયા માંહે, વ્હાણ ચલાવ ન જા ચુકી,
અવિનાશી આશ્રય દ્રઢ રાખી, બીજા સર્વે દે મૂકી, રામ.
માન માન મન માન મટાડી, મર માં માને મૂઢ મડા,
મનમોહન મંદીરમાં મ્હાલી, મૂકી દે મનથી દમડા; રામ
ઉધાર થાશે ઝટ જીવ જૂઠા, ઝૂડ બધાં નાશી જાશે,
કદી વળગશે કોઇ કદાપી, તે જોડા ઝાઝા ખાશે; રામ.
ઇશ્વરની ઓળખાણ કરી લે, વીર વરી લે વ્હાલ ધરી,
આ અવસર જો ગયો હાથથી, પાછો નાવે કો દી ફરી; રામ.
સમરણ સર્વેશ્વરનું સાચુ રસ-બસ પ્રેમે થઇ જાવું,
શરણાગત પાલકને શરણે, સ્નેહ ધરી ઝટપટ ધાવું; રામ
પ્રભુરામ સુખધામ શ્યામ છે, નામકરી લે તું પ્યારૂં,
મહાસાગર પારે ઉતર્યાનું, રામનામ મોટું બારૂં; રામ.

પદ ૪૮૮ મું રાગ સહર.

શુર થઇને કરી લડાઇ, જગ મચાવ્યો કદી ઝાઝો,
કિંમતથી હુંશીયાર ગણાયો, શુર શસ્ત્રથી બધુ બાઝો; શુર
રાન વેરાન વળી વગડામાં, રગડાતાં મન નહી થાકયો,
પહાડતણાં શીખર કુદવામાં, લેશ ધરીનહીં કદી ધાકો, શુર.

વાવા ઝોડાંનાં તોફાનો, ફાની ડર કદી નવ ખાતો,
સાગર સફરો કરવા કોડે, હોંશ ધરીને મર ધાતો, શુર.
મંદર મેરૂ મૂળથી ખેંચે, આભ જમીન કરે ભેળા,
સાગર પોતો અજલીયેથી, તો પણ વશમી છે વેળા; શુર.
સૌ કરવા શકિત ધરતો પણ, ભજન કર્યું નહીં ભાવ ધરી,
રામ પ્રભુ અંતર નહી રાખ્યા, જીવતર માહે ધુળ ભરી. શુર.

પદ ૪૮૯ મું રાગ સદર.*

બાળ રૂપે રવી જઇ ઝડપ્યો તમ, વ્યાપિ રહ્યો ત્રૈલોક મહિં,
ત્રાસ પડયો બ્રહ્માંડ વિષે આ, સંકટ ટળે કોઇ નહિં;
વિનતી દેવોની સુણી કાને, રવિ તજી દઇને કષ્ટ હર્યું,
કો નહી જાણે નામ તમારૂં, સંકટ મોચન દેવ ધર્યું;
વાલીની ત્રાશ કપીશ વસે ગિરિ, આપ સદા પ્રભુ પંથ જુઓ,
ચૌકી મહા મુની શાપ દીધો નહિ તો, કપિ કોણ વિચારે સુઓ;
દ્વિજ રૂપે રઘુવર લઇ આવી, દાસનું સંકટ દૂર કર્યું,
કો નહીં જાણે નામ તમારૂં, સકટ મોચન દેવ ધર્યું.
અંગદસંગે સીતા સુધ લેવા, જતાં કપીશે આમ કહ્યું,
સીતા સુધ લીધા વિણ આવે, જેણે મરવા નકી ચહ્યું;
શોધી થાકયા ત્યારે સીતા, સુધ લાવ્યાને કાજ સર્યું,
કો નહીં જાણે નામ તમારૂં, સંકટ મોચન દેવ ધર્યું.
રાવણ ત્રાસ દીયે સીતાને, રાક્ષસીને કહી શોક હર્યો,
તે વખતે હનુમાન જઇ રજનીચર, પ્રાણ પરોજ કર્યો;
સીતા અગ્નિ માગે, મુદ્રિરૂપ, અગ્નિ વિટપેથી ખર્યું,
કો નહીં જાણે નામ તમારૂં, સકટ મોચન દેવ ધર્યું.
રાવણસુતથી રાડ થતાં, લક્ષ્મણ ઉર બાણ પડયું જાણી,
વૈદ સુષેણ સહિત ઘર લાવ્યા, દ્રોણાચળ આપ્યો આણી;
લક્ષ્મણ પ્રાણ બચ્યા, સંજીવન મૂળ ઘસી ઘામાંહે ભર્યું,

---

* શ્રીમદ્ તુલસીદાસજી કૃત સંકટ મોચન હનુમાનાષ્ટકનું રૂપાતર.

કો નહિં જાણે નામ તમારૂં, સંકટ મોચન દેવ ધર્યું.
રાવણ યુદ્ધ કર્યું ભયકારી, નાગપાશ નાંખ્યું ભારી,
શ્રી રઘુનાથ સહિત દળ સાથે, મોહ સમાધિ બહુ ધારી;
ખગપતિ ને હનુમાને આણ્યા, બંધ વિદારક નામ ઠર્યું,
કો નહિં જાણે નામ તમારૂં, સંકટ મોચન દેવ ધર્યું.
અહિરાવણ લક્ષ્મણ રઘુવરને, લઈ પાતાળે પેસી ગયો,
દેવી પુજી બળી દેવાને, મંત્ર કરી તૈયાર થયો;
સ્હાય કરી હનુમાને સારી, અહિરાવણ સહસેન મર્યું,
કો નહીં જાણે નામ તમારૂં, સંકટ મોચન દેવ ધર્યું.
કાર્ય કર્યાં દેવોનાં મોટાં, વીર મહાન વિચાર કરો,
હું કંગાલ તણું દુઃખ કયું જે, હરી શકો શકો નહિ? નાથ હરો;
રામ પ્રભુ તુલસીશ કૃપાએ, નામ પ્રતાપે જગત તર્યું,
કો નહિં જાણે નામ તમારૂં, સંકટ મોચન દેવ ધર્યું.

પદ ૪૯૦ મું રાગ સહર.

કાળ નગારાં ગડગડે માથે, નોબત ડંકા દેવાતા,
કાન ફુટ્યા શું બહેરો થયો તું, કાન નહીં કાં દેવાતા; કાળ.
મોત નિશાનો ફરકે ફરતા ! અંધા આંખો શું ફુટી,
ઝપટ પડે જમરાજ તણી, આ કાળ અચાનક દે કુટી; કાળ.
આંખો બહેરો થઈ આથડમાં, થડમા ઘા બહુ કારી છે,
અમર નથી આ કાચી કાયા, મોત તણો ભય ભારી છે; કાળ.
રક્ષક સર્વે ભક્ષક થાયે, કાળ ગતી અવળી થાતાં,
સાંફગી નર્ફે મની ફટકારે, ધડક ધડક તું હજી ધાતાં; કાળ.
તનના તાણા ઢીલા પડીયા, મનના મોહોરા ભાંગી ગયા,
બુઢ પણમા બેઠી તાગ, સગા કુટુંબી કોન થયા; કાળ.
ચડપ ઝડપમાં કાળ ઉપાડે, હેતુ હડસેલી દેશે,
જીવ જવા પછી આ તન તારૂં, વ્હાલાં સૌ ફુંકી દેશે; કાળ.
ફુલ રકાબીમાં કરમાતાં, કાઢી તાજાં જેમ ભરે,
પ્રેમ તારો પરવારી પછીથી, અન્ય પ્રેમ તે સ્થાને ધરે; કાળ.

માટે મનવા મમતા મેલી, મરડ મરડ તું મરડામાં,
પ્રભુ પ્રિય સ્વામી રામ ભજીને, કાળ મુખે તું કરડામાં; કાળ.

પદ ૪૯૧ મું રાગ સદર.

ચિંતા શાની ચિત્તમાં ધરતો, પડનો નથી કાં પ્રભુ શરણે,
અધમ ઉધારણ ભવભય હારણ, રાખે રામ તને ચરણે; ચિંતા.
પાપ કર્યામાં પાછું ન જોનો, શેતો અતે ત્રડ કરી,
ધંધામાં ધમકારા દેનો, હરિ રટનો નહીં માંડ કરી; ચિંતા.
ભાંડ કુભાંડ ઘણેરાં કીધાં, મીધા મારગ છેડીને,
પરવાર્યો નહીં પેટ ભરાતું. જગમાં દોડી દેડ ને; ચિંતા
ઉંડા જળમાં ડુબે શાને, થાને તત્પર તરવાને,
રામ પ્રભુ ભજ ભાવ ધરીને, રમારમણ વર વરવાને, ચિંતા.

પદ ૪૯૨ મું. રાગ સદર.

અવસર જ્યાં વિતે નહીં ત્યાં તું, થાને તત્પર તરવાને,
મૂરખ મન મુંઝાય નકામું, શને ઇચ્છે મરવાને; અવસર.
જળ વિણ જો જીવ જાશે તારો, પછી સુધા શું કામ કરે,
ક્ષેત્ર સુકાયા પછીનો વર્ષા, વર્ષેથી શું અર્થ સરે; અવસર.
રાંડયા પછીના ડાહાપણને, નાખો જઇ ઉંડે ખાડે,
મુવા પછીની માલ મતા, શું દ્વાર સ્વર્ગનું દેખાડે; અવસર.
તન તરૂવરને પ્રાણ પંખીનો, યોગ બન્યો ઉત્તમ આવો,
રામ રામ પ્રભુ રામ નામની, ધ્વની કરીને ગુણ ગાવો; અવસર.

પદ ૪૯૩ મું. રાગ સદર.

મન મમતાળુ વાડે ન રહે, પરવાડેથી પાછું ફરે,
વટકી વટકી વાડામાંથી, વગડામાં વલ–ખાઇ મરે; મન.
ઘડી ઘડીમાં ગોથાં ખાતું, ઘડી ઘડીમાં સ્થાન ઠરે,
ધૂળધમ્યાને ધંધે લાગી, ધોરી થઇ ધકમાર કરે; મન.

હાથી હોદે પલમાં બેસે, પલમાં ગર્ષ્વ માથે ચડે,
કદી ચડી ઉંચેથી પાછુ, ખાડામાં ખટકાઈ પડે; મન.
રાગી વિરાગી રંગો ધરતું, જુજવા જુજવા પળે પળે,
ગરબડ ગોટા વાળે વશમા, ખેંચાતું અતિ બળે બળે; મન.
સ્વર્ગ સિધ લોકોમાં જાતુ, કદી નરકોમાં વાસ વસે,
હાલક લોલક લક્ષણવંતુ, લાખેણું થઈ લાંઠ ખસે; મન.
અવળ ચડિલું આડું એવું, સારૂં નરસું નહી જોતું,
દાસ પ્રભુ બની રામ ચરણનો, મનની મોળપને ખો તું; મન.

પદ ૪૯૪ મું રાગ સહર

સંત પ્રતાપે સર્વે સાચાં, સાધન સિદ્ધ બને ખાસાં,
મેલી મમતા રાખી સમતા, મનનાં કાઢો આ કાંસાં; સંત.
સદ્‌ગુરૂ દેવતણી જે સમશ્યા, સમજે સારો ભાવ ધરી,
અંતર જયોતી જાખે ઝટપટ, ખટપટ જાયે પરી પરી; સંત.
ફળ મીઠા તો હાથે આવે, જમતા જમતાં હાશ થશે,
એ ફળના ભક્ષણથી પ્યારા, જમડા ઘસતા હાથ જશે; સંત.
અડસઠ તીરથ ઘેરે આવે, ધ્યાન ધરે મનમા ધારી,
એ તીરથના સ્નાન થકી, મટી જાતી જન્મમરણ વારી; સંત.
એ સંતોનાં શરણા લેવા, જાગ જાગ થા અધિકારી,
પ્રભુ રામ ગુરૂ છે કરૂણાળુ, અંતર રાખો અવિકારી; સંત

પદ ૪૯૫ મું રાગ સહર.

સત આધાર સમોવડ નહીં કો, સત આધારે સર્વ રહ્યું,
સત ત્યાગે બ્રહ્માંડજ ભાગે, ખલક પલકમાં જાય વહ્યું; સત.
વાયુ સત વચને બંધાણા, વાતા જગ નિજ માન રહી,
બાર મેઘ પણ નિજ માઝામા, વરસે વારવાર મહી; સત.
સૂર્ય ચંદ્રમા ઉદય થઈને, પ્રકાશ કરતા પ્રેમ ધરી,
ચાલે છે નિજ મારગ ચોંપે, ચુકે નહી કદી સત્ય ધરી; સત.

ધરણીને આકાશ વિશાળા; ભાર શેષ માથે મુકે,
પુરા પુરૂષ એ મોટા મોટા, પણ પોતાની નવ ચૂકે; સત.
સમુદ્ર સાતે જબરઃ જાતે, જો ચુકે ધમશાણુ કરે,
પ્રભુ નિજ સ્વામી, રામ વચનથી, નિજ મર્યાદે સ્થિર ઠરે; સત.

પદ ૪૯૬ મું રાગ સદર.

સૌ બળિયાનું બળ છે સ્વામી, શકત તણી એ છે શકિત,
મોટાની મોટપ બહુ નામી, ભકત તણી એ છે ભકિત; સૌ.
બુદ્ધિવંત તણી તે બુદ્ધિ, ડાહ્યાનું ડહાપણુ તે છે,
શુદ્ધિવંત તણી એ શુદ્ધિ, સૌ જણુમાં આપણુ એ છે; સૌ.
સુજન જનોની એ સજ્જનતા, રંજનની તે રંજનતા,
મહાજનોની તે મહાજનતા, અંધ જનોની એ જનતા; સૌ.
વિરતા વીરની ધીરતા ધીરની, શાણાનું છે શાણુ પણું,
શાંતિ શાત તણી શ્રી ધરની, શ્રી જ્ઞાનિનું જાણુપણું; સૌ.
માન મતિનું ભાન ભાનિનું, ધ્યાન ધ્યાનીનું અવિનાશી,
તાન તાનીનુ દાન દાનીનું, ગાન ગાનીનું ઘટવાશી; સૌ.
યોગ યોગીનો ભોગ ભોગીનો, દેહ દેહીનો ભયકારી,
નામ નામીનું ધામ ધામીનું, ગેહ ગેહીનુ જયકારી; સૌ.
સત્યવાનનું તે સત સાચું, ગત્યવાનોની એજ ગતિ,
પ્રેમ પ્રેમીનો જય જય વંતો, રતિવંતની તેજ રતા; સૌ.
ભય ભયનો નય નયનો પ્યારો, વ્હાલાનું તે વ્હાલ ખરૂં,
સૌ આનંદનો આનંદ છે, અંતર ભાવે એજ વરૂં; સૌ.
પ્રભુતા પ્રભુની વીભુતા વિભુની, હામ હામીની સુખકારી,
દાસપણું પ્રભુદાસ તણું છે, કામ કામીની દુઃખહારી; સૌ.

પદ ૪૯૭ મું રાગ સદર.

ધન્ય ધન્ય સુમિત્રા માતા, પ્રભુ શરણે સુતને પ્રેર્યો,
જે વચનામૃતના ઉપદેશે, રામ શરણુ જઇને ઠેર્યો; ધન્ય.

બંધન સ્નેહ તણાં કાપીને, છાપી છાપ પ્રતાપી ખરી,
પ્રાણાધિક સુત વન મોકલતાં, જરા નહિં મનમાંજ ડરી; ધન્ય.
સર્વંશ ત્યાગી કરી બડભાગી, રાગી રામ રસ માંહે કર્યો,
વિષયવાસના દુર ખંખેરી, રામ પ્રેમ સંભાર ભર્યો; ધન્ય.
કુડ કપટની જાળ તજાવી, વેષ ધરાવ્યો વેરાગી,
સુતને બોધ કરી પોતે પણ. રામચરણ થઈ અનુરાગી; ધન્ય.
માત મળો તો એવી માતા, સુતને શીવપદમાં ઠેલે,
બીજી જગમાં હડહડ થાતી, વિષયજાળમાં હડસેલે; ધન્ય.
કવીકુળ અગમ જગતમાં જેની, કીર્તિ ઝગમગતી ઓપે,
દાસ પ્રભુ વર્ણનથી હારે, ચાહ ચિત્ત કરતું ચોપે; ધન્ય.

પદ ૪૯૮ મું રાગ સદર.

નિરભાગી જનને ભાવે નહિં, ઉતમ ચીજ પડી પાસે,
ગંગા પાસે બેશી મૂરખ, ખોદે કુપ જળની પ્યાસે; નિરભાગી.
આમ્રવૃક્ષ કુંપળીયાં સારાં, ઉંટ ભાવે કંકોળ ચાવે,
કાઢે પાછું પેટ થકી કદી, આમ્ર પત્ર ભુલથી આવે; નિરભાગી.
દ્રાક્ષ પાકતાં રોગ ચાંચમાં, થાય કાગ છે દુર્ભાગી,
ત્યાગ કરે મીઠી વસ્તુનો, લીંબોળી સારી લાગી; નિરભાગી.
સાકરમાં વિષ કીડો મરતો, ખરનિજ પ્રાણુ ગરીત્યાગે,
સાગર ખારામાં મચ્છ પડીયો, મીઠે જળ મરવા લાગે; નિરભાગી.
હિણભાગી હૈયાના ફુટયા, મૂઢ જનો વિષયે મળતાં,
રામ પ્રભુ ભજને કદી જાતાં, નિદ્રા ખોળે જઈ ઢળતાં; નિરભાગી.

પદ ૪૯૯ મું રાગ સદર.

ભજ ગોવિંદં, ભજ ગોવિંદં, ગોવિંદં ભજ મૂઢમતિ,
મૃત્યુ સાન્નિધ્ય આવે ત્યારે, રક્ષા કોથી નાજ થતી; ભજ.
બાળપણે ક્રિડાઓ કીધી, તરૂણે તરૂણી પ્રેમ ધર્યો,
વૃદ્ધે ચિંતા લાગી ઝાઝી, બ્રહ્મપદે નહીં ભાવ ભર્યો; ભજ.

અંગ ગળ્યું ને મુંડો પોળો, દશન વિનાનું થયું હાચું,
વૃદ્ધે દંડ લીધો પણ આશા, પિંડ ન મૂકે એ કાચું; ભજ.
વારંવાર મરે ને જન્મે, જનુની જઠરે શયન કરે,
આ દુઃસ્તર સંસારે નિશ્ચય, હરિકૃપાથી કામ સરે; ભજ.
દિન રજની સંધ્યા ને પ્રાતઃ થાતાં શિશિર વસંત ફરી,
કાળ રમે આયુષ ક્ષય થાયે, તોય ન મૂકે આશ પરી; ભજ.
મુંડાવી ચુંટાવી કેશો, ભગવાં સંન્યાસીજ ધરે,
અંધ થઈને ફરે ભટકતો, ઉદર નીમિત્ત બહુ વેષ કરે; ભજ.
વૃદ્ધવયે શું કામ વિકારો, સૂકે નિર શું સાર રહે,
ક્ષિણ વિત્તે પરીવારજ શાનો, જ્ઞાને શું સંસાર કહે; ? ભજ.
આગળ અગ્નિ પીઠે ભાનુ, નિશી દાઢી ઝુડતા જહાનું,
કરતલ ભિક્ષા તરૂતલ વાસે, આશા પાશ ન મુક શાનું; ભજ.
જ્યાં લગી જર મેળવવા શક્તિ, નિજ પરીવારો પ્રેમ ધરે,
દેહ જર્જરી ભૂત થતામાં, ઘેર ન પૂછે વાત ખરે; ભજ
ચુંથાની કંથા લે ધારી, પાપ પૂન્યનો માર્ગ તજી,
તું નહિં હું નહિં જગ ખોટું છે, શું કરવા કર શોક હજી; ભજ.
માયા મોહાવેશે મોહી, નારી સ્તન શું મન પ્રોતો,
એ સૌ માંસ મજ્જાદિ વિકારો, જરી વિચાર કરી જોતો; ભજ.
વિષ્ણુ સહસ્ર ગીતાના પાઠો, શ્રીપતિ મનમાં ધ્યાન ધરો,
સજ્જન સગતમાં ચિત્ત દઈને, દીન જનોને દાન કરો; ભજ.
જેણે કિંચિત્ ગીતા જાણી, ગંગાજળ લવ પાન કર્યું,
હરિ સેવા જેણે કીધી ત્યાં, જમદુતનું નહિં કાજ સર્યું; ભજ.
હું કોણ તું કોણ ક્યાંથી આવ્યો, જનની જનક કયાં છે મારે,
એ સૌ સાર અસારજ સમજી, સ્વપ્ન ગણી તજ સંસારે; ભજ.
કાંતા પૂત્ર કહો કોનાં છે, આ સંસાર વિચિત્ર અતિ,
કોનો તું કયાંથી આવ્યો છે, તત્વ વિચારો વિમળ મતિ; ભજ.

---

* ચર્પટ પંજરીકાનું ભાષાતર.

ગંગા કાંઠે અજીન બિછાવી, તરૂમૂળે જઈ વાસ કરો,
સર્વ પરિગ્રહ ભોગ તજીને, સૂખમાં કાં ન વિરાગ ધરો; ભજ.
ચર્પટ પંચજરીકા ભાષાંતર, જ્ઞાન વિરાગ દીયે ધાડું,
દાસ પ્રભુ મન રામ ભજીને, દીલની દુગ્ધાને દાડું; ભજ.

પદ ૫૦૦ મું રાગ સોરઠ ત્રીતાલ.

દેવા! ભવ દરીયામાં ડુબું બહુ લાચાર છું રે,
દુઃખી અપાર છું રે. ટેક.
મોહ વમળમાં મારી બેડી, ગોથાં ખાય ચડું નહિં ખેડી,
સાગર મધ્ય નકેડી. નિરાધાર છુ રે; દેવા.
વિષય વાસના વાયુ ફુંકે, ચોગરદમ સુસવાટે હુંકે,
મોત થવાનું ઢુંકે, અતિશય ખ્વાર છું રે; દેવા.
કુકર્મ માલ ભર્યો અતિ ભારી, નથી ચાલતી એકે કારી,
નિશ્ચય કાળ શિકારીનો શિકાર છું રે; દેવા.
કાળસિંહ ઉગામે થાપા, નજર નાંખતાં ન મળે ત્રાપા
બેલપ કર જગ બાપા, બહુ બેજાર છું રે; દેવા.
મદ ખડકે અથડાશે આજે, કરગરતો તુજ કરૂણા કાજે,
માધવ મદદે ધાજે, ઇન્તેજાર છું રે; દેવા.
રામ પ્રભુજન વ્હારે ધા, તો, અટકુ અધવચ ગોથાં ખાતો,
કૃપા કરી કર રહ્યા, તો, ઉતર્યો પાર છું રે; દેવા.

પદ ૫૦૧ મું રાગ સહર.

હા ! ગુરૂદેવ ગુણાતીત રૂપ જગત્માં ગાજતા રે,
છે અતિ છાજતા રે. ટેક.
જ્ઞાનનિધિ ગુરૂદેવ દયાકર, આનંદામૃત અવધિ સાગર,
છુટે ચુરાશી આકર, બાને બિરાજતા રે; ગુરૂદેવ.
શાંતિ શીતળતા સુખ સારૂં, કૃપા સુધા મળવાનું બારૂં,
અંતરનું અંધારૂં, ભવભય ભાંજતા રે; ગુરૂદેવ.

હરીના જીવ માયામાં મરતા, ગુરૂકૃપાથી સહેજે તરતા,
શમતા ચિત્તે ભરતા, ચરણે લાગતાં રે; ગુરૂદેવ.
ન તરે ગુરૂકૃપાવિણુ યદી જો, બ્રહ્મ રૂદ્રસમ હોય કદી કો,
પ્રભુ ગુરૂ રામ પદિ કો, સહેજે તારતા રે; ગુરૂદેવ.

પદ ૫૦૨ મું રાગ સદર.

હા ! સ્વારથિયો સંસાર, જગત્ શુ સાર છે રે ?
પ્રપંચ અસાર છે રે. ટેક.
બંધવ માત પિત સુત નારી, મતલબની સૌ જાળ પસારી,
ફાંસી આ વિસ્તારી તારી ધારજે રે; સ્વારથિયો.
ફાંસી ન તુટે આયુષ ખુટે, માલ, મતા, ધન સર્વે લુટે,
પ્રાણાંતે નવ છૂટે, વસમી ધાર છે રે, સ્વારથિયો.
માતપિતા કહે પુત હમારો, બેન કહે એ ભાઈજિ મારો,
નારી સ્વામી ધારો, ખોટો પ્યાર છે રે; સ્વારથિયો.
રામરટણમાં મન દ્દઢ રાખો, જગ્તજાળ નવ મનથી ઝાંખો,
રામ પ્રભુ મુખ ભાખો, સર્વે સાર છે રે, સ્વારથિયો.

પદ ૫૦૩ મું રાગ સદર.

મુરખ મનવા સમજી, ભજી લે હેતે હરી હરી રે;
ફટકયો ફરી ફરી રે. ટેક.
શ્રવણે અંતર શુદ્ધજ થાશે, કિર્ત્તનથી તુજ કલેશ પળાશે,
સ્મરણે શાંતી થાશે, ભજ મન હરી હરી રે; મુરખ.
પદ સેવ્યે સંકટ સૌ નાસે, અર્ચનથી અંખી દુર જાશે,
વંદે સુખડાં થાશે, ભજ મન હરી હરી રે; મુરખ.
દાસ્યભાવ પ્રભુને છે પ્યારો, સખ્યભાવ અતિ પ્રેમ વધારો,
આત્મનિવેદન સારો, ભજ મન હરી હરી રે; મુરખ.
સર્વ સાર ફળ પ્રેમલક્ષણા, ભક્તિ ઉદય હિણ થાયે હમણાં,
પ્રભુ પ્રસાદે ભ્રમણા જાયે, પરી પરી રે; મુરખ.

પદ ૫૦૪ મું રાગ સદર.

હા ! ખરેખરી ખામી છે ખળતા ક્ષમા કરો રે,
દયા દિલમાં ધારો રે. ટેક.
કામનીમા મન અતિ લોભાણું, હજુ પણ એથી નથી ધરાણું,
હરિ કરો ઉપરાણું, અવગુણ કરી પરો રે; ખરેખરી.
ક્રોધ લોભ લાલચમાં લપટયો, ખરા માર્ગથી ખરોજ વટકયો,
ન ગયો મનનો મટકો, ચટકો ચિતે ધરો રે; ખરેખરી.
પાપ પરાયણ પાપી પાપી, આજ્ઞા સરવે તારી ઉથાપી,
અંતર જાળો કાપી, વ્હારે વ્હેલા વળો રે; ખરેખરી.
પતિપાવન બ્હાનુ તારૂ, રક્ષણ કરજો રામા મારં,
પ્રભુ તારૂ ભવ બારં, પીંખડી કરે ધરો રે; ખરેખરી.

પદ ૫૦૫ મું રાગ સદર.

ભોળા ! ભ્રષ્ટ બનીને ભટક નહીં ભવસાગરે રે'
તરકટ ત્યાગજે રે. ટેક.
જો બનતો જોબનમાં જારી, જારીમાં વળગે છે પ્યારી,
મધુ પ્યાલા ભરી ભારી, પાશે જાગજે રે; ભોળા.
મદ્ય માંસનું ભક્ષણ સુઝે, ધુતતણા વિચારો ઝુઝે,
મિન મારણ મન ગુઝે, ભડકી ભાગજે રે; ભોળા.
ચોરી ચાડીમાં લપટાશે, દુશ્મન તારે શીર ઝપટાશે,
ભ્રષ્ટ વિચારજ થાશે, જળ ઝટ તાગજે રે; ભોળા.
એક ચરણ ચુકયો ચિત્તેથી, ભટકાશે ભુંડી ભોંતેથી,
ઝટ ચેતી પ્રીતેથી, પ્રભુપદ લાગજે રે; ભોળા.

પદ ૫૦૬ મું રાગ સદર.

જગ ઉપહાસ કરે શ્રીરામ સહે ઉપહાસને રે,
આ પરિહાસને રે. ટેક.

ભગત જગતને ઠગતો ભુંડો, લુચ્ચો લોભી લંપટ લુંડો,
પલે પડયો પરભુડો, રમા નિવાસને રે, જગ.
નાગો નકટો નિંદાખોરો, અંતર કાળો બાહેર ગોરો,
મનખોરો આ ભજતો, વૈકુંઠ વાસને રે; જગ.
પરદારા પરધન હરનારો, અકરમ કુડા આ કરનારો,
જુઓ જુઓ ભજનારો, લક્ષ્મિ નિવાસને રે, જગ.
મન એનું અભિમાને મરતુ, ભ્રષ્ટ ભોગી ભગેરી ફરતું,
નર્ક નાક બંધ કરતું, પાપી વાસને રે; જગ.
શઠ સેવકની પ્રીતિ રૂચી, રાખે રામ સદા એ કુંચી,
શ્વપચ પ્રભુ કરે શુચી, રઘુવર દાસને રે; જગ.

પદ ૫૦૭ મું રાગ સદર.

જે જન જાપ કરે તન તાપ ટળે મનમાં ઠરે રે,
રામ કૃપા કરે રે. ટેક
ઘા ઘણુના પડે લોહ કઠોરે, જાપ પાપ લોઢું ઠઠોરે.
કાપે શાપ નઠોરે, જીવ જરણા ધરે રે, જે જન.
કાળમીઠ કાળા પથરામાં જાપ દોરી કાપે સથરામાં,
ઘર્ષણુથી કથળામાં, ભ્રાંતિ શું ભરે રે, જે જન.
મન કરિ વિષય અનળ વન બળતો, જાપ સરે તે તાપજ ટળતો,
સહજાનંદે ભળતો, મન માળા ફરે રે; જે જન.
સર્વ યજ્ઞમાં જાપ ઉત્તમ છે, સર્વેશ્વરનું રૂપ સત્તમ છે,
રામ પ્રભુજ ખત્તમ છે, પ્રેમામૃત ઝરે રે, જે જન.

પદ ૫૦૮ મું રાગ સદર.

મન ! મૂઢ કહ્યું નવ માને, ભાને ભૂલતું રે,
ન જ્ઞાને ખુલતુ રે. ટેક.
આ કાયા પળમાં પડી જાશે, કાળ કરાળ ગળીને જાશે,
જોઓ જીવનો થાશે, ફૂર મા કુલતું રે; મન.

દીલમાં દુઃખ્યા વળગી ઝાઝી, કુડે કપટની કાળપ બાઝી,
અતર ઉઠયુ દાઝી, જોને મૂલ તું રે; મન.
કરમાશે કાયા ને માયા, આ ખોટી માયાની છાયા,
ટુટયા તારા પાયા, શુ થા ડુલ તું રે; મન.
મન હુ કરૂ હું કરૂં હોકારે, મિથ્યા શું કરવા પોકારે,
કાઢી મન ઠોકા, રે ! જા માં ઝુલતું રે; મન.
સાચા સતો તુ સેવી લે, શું ફર તું મુરખ મુખ બીલે,
પ્રભુજન રામ લવી લે, થા માં ગુલ,તું રે; મન.

પદ ૫૦૯ મું રાગ સહર.

મન ! અભિમાન તજીને, દિન બનીને દાસ થારે,
શાને ઘાસ ખારે. ટેક.
મહીપાળો જે મોટા મોટા, તેના ઉડયા ધૂમે ગોટા,
માન મેલ લગોટા, પ્રેમી પાસ થારે; અભિમાંન
હુંપદમા રહેનો જે મહાલી, તેની ગઈ ઠાકડીયો ઠાલી,
ઉડી પલકમા લાલી, શાને લાસ થારે; અભિમાન.
માલ મતા ધન મેલી મોટું, ચાલ્યા લાગી જમની ચોટું,
સહેવાશે નહીં ઝોટુ. શુ મન ફાંસ થારે; અભિમાન.
કૌરવ રાવણુ કસજ જેવા, કોટી કોટી ચાલ્યા કંઇ તેવા,
મળે ન લેવા દેવા, હવે મન હાશ થારે; અભિમાન
તલ તલનાં લેખાં લેવાશે, જવાબ એકે નહિ દેવાશે,
રામ પદે રહેવાશે, પ્રભુ જન ખાસ થારે; અભિમાન.

પદ ૫૧૦ મું રાગ સહર.

ગર્ભે ગુણ ગોવિદના ગાતો, રટતો રામનેરે,
હા ! સુખ ધામને રે. ટેક.
ઉદર છેહ થતામાં તારી, મૂઢ મતિ ગઈ છે શું મારી,
પકડી મનથી પ્યારી, વળગ્યો કામને રે; ગર્ભે.

લઈને લોંડા શું શું આવ્યો, માતાને મફતે તું ધાવ્યો,
શાને કરપીણ કહાવ્યો, ઠેલી ઠામને રે; ગર્વે.
મારૂં મારૂં કરીને હાર્યો, કરી કમાણી પણ પરવાર્યો
હૈયે નહીં હરવાર્યો, હારી હામને રે; ગર્વે.
શાને કરતો તાણુમ તાણે, એક દીવસ જાવું જ મશાણે,
ઉઠ ઉગમતે ભાણે, ભજ ઘનશ્યામને રે; ગર્વે.
નામ ધયું તે નિશ્ચે પડશે, ચડી ચડીને કયાં તું ચડશે,
રામ પદે પ્રભુ મળશે, આનંદ ધામને રે; ગર્વે.

પદ ૫૧૧ મું. રાગ સદર.

અંતર આખ ઉડાવો પ્રેમ પ્રેમ ને પ્રેમની રે,
જીવ પર રહેમની રે. ટેક.
અંતરમાં ઉઘડે જો લાલી, બહાર ઠાઠ રહેશે નહી ઠાલી,
લે મનમાં મન મહાલી, વાત ન વ્હેમની રે; અંતર.
વાવે હોય હવાડે આવે, મૂળ પીયે ડાળો દીપાવે,
મન તનને શોભાવે, લગડી હેમની રે; અંતર.
સાચે પાયે ઘર દૃઢ થાશે, બીજ વિનાના ફળ શું ખાશે,
વહેલો વંઠી જાશે, ચિંતા તેમની રે; અંતર.
અંતર બાલી, પડતાં ખાલી, તનની ઉડી જાશે લાલી,
રામ પ્રભુ દે તાલી, આશા ક્ષેમની રે; અંતર.

પદ ૫૧૨ મું રાગ સદર.

અવળી રીત જગત ભક્તોની આ દેખો જરી રે,
મનન મનમાં કરી રે. ટેક.
સેવક સ્વામીથી છે મોટા, જુઓ જુઓ જ બલાવું જોટા,
લેશ નથી એ ખોટા, વાતો છે ખરી રે; અવળી.
રામ કુપ જળ ઉંડું ભારે, વાસણ જીવ બને છે જ્યારે,
ફાંસે લાગે ત્યારે સત દોરી ધરી રે; અવળી.

સંત મેઘને રામજ સીંધુ વરસાવે જ કૃપામૃત બિંદુ,
કાજ સકળ ત્યાં સીધ્યું, ચાલી જે સરી રે; અવળી.
રામ ભાવના ચંદન સાચું, સંત પવન વિના સૌ કાચું,
લેન પ્રભુ જન લાંચુ, વહેલો લે વરી રે; અવળી.

પદ ૫૧૩ મું રાગ સદર.

જીવ શીવ ભેળા ભળતાં એકાકારી થાય છે રે,
વેદો ગાય છે રે ટેક.
વિવિધ ઘાટ માટીના જેવા, પૃથ્વીમાં મળતાં તે જેવા,
નામ મળે નહી લેવા, સમ થઇ જાય છે રે, જીવ.
લવણુ પુતળી સાગર જાતી, મળતાંમાં જળમય થઈ જાતી,
કેમ કહે ઓળખાતી એજ ઉપાય છે રે; જીવ.
કપુર કાંકરો ઘાટ ગમે તે, પવન પ્રસંગે સર્વ શમે તે,
પછી નહીંજ ભમે તે, તેમ કૃત્રાય છે રે; જીવ.
કાષ્ટ ઘાટ છે વાંકો ચુંકો, જરી અગ્નિમાં લઇને કુંકો,
લીલો કે કદી સુકો, અગ્નિ થઇ જાય છે રે; જીવ.
ઘટ મઠની ઉપાધિ ગળતા, મહદાકાશે સહેજે મળતાં,
રામ પ્રભુમાં ભળતાં, તદ્રુપથાય છે રે; જીવ.

પદ ૫૧૪ મુ રાગ સદર.

મારૂં રામરટણ મન લાગ્યુ, બીજું નહી ગમે રે,
ખોટયો નહીં ખમે રે. ટેક.
આ સંસાર બન્યો છે ઝેરી, વ્હાલાં દેખાયે છે વેરી,
લાગી ભજનની લ્હેરી, દુઃખો નહીં દમે રે; મારૂં.
ભોગ રોગ સરખા દેખાયે, સ્વાદ સર્પસમ મન પેખાયે,
રહે કરમ રેખાયે, મનમાં નહી રમે રે; મારૂં.
મમતા ત્રાગો ભેળા કીધા, રામશરણમાં બાંધી દીધા,
સીધા મારગ લીધા, ભ્રમમાં નહીં ભમે રે; મારૂં.

જેને જગત્ કહે છે સારૂં, તે સૌ લાગે ખારૂં ખારૂં,
રામ ભજન મન પ્યારૂં કલેશો ત્યાં શમે રે; મારૂં.
ખોટ પડી ખાતામાં ઝાઝી, અતર એથી ઉઠયુ દાઝી,
રામ પ્રભુ થઇ રાજી, કરજો સૌ જમેરે; મારૂં.

પદ ૫૧૫ મું રાગ સદર.

કોઇથી કર્મ વિનાનાં કર્મો કદી ન થવાય છે રે,
સત્ય કહેવાય છે રે. ટેક.
બગલાને મચ્છો બહુ પ્યારાં, મુક્તાફળ લાગે જ અકારા,
માન સરોવરદ્વારા, ભુખે મરાય છે રે; કોઇથી.
જગજીવન ઘી જીવ જીવાડે, જવરવાળાનો જીવ નશાડે,
ઘાંચી ઘી ન લગાડે, તેલ પીવાય છે રે; કોઇથી.
માખી કમળને કદી ન સુંઘે, આસુરી જન ભજનને ઉંઘે,
કાગ કપુર નવ ચુગે, વિષ્ટા ખાય છે રે; કોઇથી.
હતભાગી ભક્તિ નહિં બુઝે, ક્ષુદ્ર દેવ સેવા મન સુઝે,
રામ પ્રભુપદ પૂજે, પૂત થવાય છે રે; કોઇથી.

પદ ૫૧૬ મું રાગ સદર.

હરિજન હરિવર શરણે આવી, હાંસલ ખાટજો રે,
દોષો દાટજો રે. ટેક.
જન્મ મરણનું આ ખત ફાડી, જમદૂતોથી રાડ જગાડી,
રામ ભજીને દહાડી, ઓષડ વાટજો રે; હરિજન.
ચુર્ણ ચતુર્ભજ નામ છબીલું, મધ માધવનું નામ રસીલું,
રામ નામ રંગીલુ, ચાટણ ચાટજો રે; હરિજન.
મુંડ ખરી મનની મુંડાવી, દીલના દોષોનેજ ગુડાવી,
પ્રેમ રંગ ઉડાવી, છાંટા છાંટજો રે, હરિજન.
જગધન જે કહે છે તે કાચું, મૂખપર વાગે ભાગે ડાચું,
રામ પ્રભુ ધન સાચું, સાટાં સાટજો રે, હરિજન.

પદ ૫૧૭ મું રાગ સહર.

જન ! મન ભાવ ધરી ભક્તિનાં ખાતાં ખોલજો રે,
હરિ હરિ બોલજો રે. ટેક.
પેઢી શરાફ તણી એ ભારી, શામળ શાહ ધણી લે ધારી,
શાખ કરી બહુ સારી, પાકું તોલજો રે; જન.
શમ દમ વ્રત નિમ વસ્તુ ખાસી, નહીં રાખો તો થાશે હાંસી,
જાશે કયાં તુ નાસી, વાગે ધોલજો રે; જન.
વણજ કરો વેપાર ભજનના લેવડ દેવડ સાથ સજ્જનના,
જનમનરંજન નામ તણો દઇ કોલજો રે; જન.
પોલં પોલ પ્રપંચો કાઢી, હરામ નીતિ મનથી વાઢી,
રામ આંટ કરી ગાઢી, દોઢા ડોલજો રે; જન.

પદ ૫૧૮ મુ રાગ સહર.

ધંતર મંતર તજીને ઢોંગ, ધણી શરણે રહો રે,
મરવા શું ચહો રે. ટેક.
કાળ કરાળ પડે જવ પુંઠે, ગણુતી ચાલે નહી ત્યાં ગુંઠે,
મારી બાંધે ઠુંડે, પૂરે ના વહો રે; ધંતર
કામ ન આવે કોઇ ઉકાળા, વૈદ સૈદના લેશ બખાળા,
સમજી જઇ સકાળા, હરિ હરિ કહો રે, ધંતર.
અસર કરે નહીં એકે ફાકી, ફાકો તો રહે નહી કંઇ બાકી,
સમજ ધરીને પાકી, હરિ શરણું લહો રે; ધંતર
ગોળી નહીં દેખાડે હોળી, અંતરમાં પ્રગટાવે હોળી,
કવાથ કટુ સહુ ઢોળી, નામ નકકી ગ્રહો રે; ધંતર.
જંતર જોર નકામું જાણો, અંતર રામ ધરો સપરાણો,
સાર પ્રભુ મન આણો, સંકટ શું સહોરે; ધંતર.

પદ ૫૨૯ મું રાગ સુદર.

મારે અંતર જ્યોતી જાગી ભ્રમણા ભાગતી રે,
વૃત્તિ શગતી રે ટેક.
ઢોંડી ધીંમ ઢોંડી ધીંમ નોબત વાજે, તાલ મૃદંગ સુચંગો ગાજે,
વાજીંત્રોના સાજે, સુરતી જાગતી રે; મારે.
અનહદ નાદ ઉઠ્યો અંતરમાં, રાગ સુરાગ ચડયો જંતરમા,
સદગુરૂના મંતરમાં, શાંતિ લાગતી રે; મારે.
ધમ ધમાટ ધમકારો કારી, ઝમ ઝમાટ ઝમકારો ભારી,
તનમનાટમાં ન્યારી, પ્રિયતમમાં ગતિ રે; મારે.
ઘોરઘટા ઘનની ગડગડતી, ચપળા ચમકે ચાળે ચડતી,
ઝરમર ઝરમર ઝડ પડતી, ઝાળો ભાંગતી રે; મારે.
માન મુની મનનું જ મુકાયે, રણકો રૂપિ સ્વપ્ને નહિં થાયે,
યોગી કદી ન કમાયે, માણું સા ગતિ રે; મારે.
તરબોળે તનમન આનંદે, રસ બસ થાતું બ્રહ્માનંદે,
અનહદ પરમાનદે, ઝળકે જાગતી રે; મારે.
ભેદ ગળ્યાને વેદ વળ્યા ત્યાં, અંતર આત્મારામ મળ્યા જ્યાં,
ભિન્ન પ્રભુ ભળવું ક્યાં, અભિન્ન આ ગતી રે; મારે.

પદ ૫૩૦ મું રાગ સદર.

દેવા ! ડરકણ હું ભડકણ હું છરકણ હું અતિ રે,
ચરકણ છે મતિ રે. ટેક.
ઢળકણ હડકણ ખરપણ સાચો, ગળપણમાં ખડપણમાં રાચ્યો,
જડપણથી બહુ નાચ્યો ક્યાં કરશો ગતિ રે; દેવા.
વટકણ લટકણ છટકણ છેલો, રડકણ હડકણ પળકણ પહેલો,
જળકણનો જ્યમ રેલો, વાતો છે છતી રે; દેવા.
ધડકણ બટકણ સરકણ મોટો, ઝટકણ કટકણ ઝટકણ ખોટો,
અટકણ આંખ ન જોટો, પાપી હું પતિ રે; દેવા.
મરણ પરણનું ભરણું ભારે, અશરણ શરણ તરણ શા ત્યારે,
કરણ પ્રભુ પુકારે, રામા દે રતી રે, દેવા.

પદ ૫૨૧ મું રાગ સદર.

મનવા ! અઢળક દાની શંકરસમ કો છે નહિ રે,
અખિલ જગમાં કહિ રે. ટેક.
દેવું દેવુ દેવું જેને, ત્રિકાળમા ભાવે છે તેને,
ના કહેતા નહિં કેને, જા શરણે સહી રે; મનવા.
માર મારીને પાછો થાપ્યો, અધિકાર અદકેરો આપ્યો,
અગતિના જગ વ્યાપ્યો, પ્રેમે જા વહી રે; મનવા.
યોગ યજ્ઞ ને જપ તપ કરતાં, જે ગતિ માગે મુનિયો ડરતાં,
જડચેતન જીવ મરતાં, દે કાશી મહિં રે; મનવા.
ઇશ ઉદાર ઉમા પતિ એવા, તજી જાચે જે મીઠા મેવા,
તેને કહેવા કેવા, સંજ્ઞાના લહી રે; મનવા.
બીજાને જાચેથી ઓથા, કેમે પેટ ભરાય ન ભોથા,
દસ ચરણનો શ્રા પ્રભુ, ભક્તિ લે ચહી રે; મનવા.

પદ ૫૨૨ (અ) મું રાગ સદર.

ચાલો ચાલો સંત સમાગમ સ્નેહેથી કરો રે,
મન મોદે ભરો રે. ટેક.
દેહ ત્રણે ધર્મોસહ ન મળે, ત્રિગુણવાડી ફાલેફે ન ફળે,
ત્રણે અવસ્થા ગળે, રળો રસનો ભરો રે; ચાલો.
ત્રિતાપ ત્યાં તો ગોત્યા ન જડે, ત્રિદોષના દોષો ત્યાં ન નડે,
સેવન કરવાવડે, ઘડે મનને ધરો રે, ચાલો.
યોગ વિયોગ ન ભોગ ન ભોગી, તનમનના રોગો નહિં રોગી,
થઈને સાચા યોગી, યોગીને વરો રે; ચાલો.
વ્યાકુળતાનો વંશજ વાઢે. અસતોષ અંતરથી કાઢે,
કરડાઈ જમ દાઢે, વિણુ મોતે મરો રે, ચાલો.
સંતસમાગમ સુંદર સારો, ઉગરવાનો એકજ આરો,
રામ પ્રભુ મન ધારો, ચારો આ ચરો રે; ચાલો.

પદ ૫૨૨ (બ) મું રાગ સદર.

હૈયે હામ ધરીને હરિજનથી હળતા હજો રે,
ખરી ખળતા તજો રે. ટેક.

અમથા આપદમાં ઓરાણા, ચિત્તના ચોરોથી ચોરાણા,
અંધાથી દોરાણા, દુઃખ જળતા થજો રે; હૈયે.

જે જન અંધાથી દોરાતા, ચિત્તના ચોરોથી ચોરાતા,
આપદમા ઓરાતા, નહિ છળતા સજો રે; હૈયે

અંધા અંધાથી દોરાશે, ચિત્તના ચોરોથી ચોરાશે,
આ પદમાં ઓરાશે ત્યાં ભળતા લજો રે, હૈયે

ચિત્તના ચોરોથી ચોરાવુ, હાથે આ પદમાં ઓરાવું,
અંધ થકી દોરાવું, તજી ગળતા ભજો રે; હૈયે

જો મન અંધ બની દોરાયુ, નિશ્ચય આ-પદમા ઓરાયુ;
ચિત ચોરે ચોરાયું, તજી ટળતા જજો રે, હૈયે

અંધ બની ભજને દોરાજો, સંત વચનથી ચિતે ચોરાજો,
રામ રંગે ઓરાજો, પ્રભુ રળતાં મજો રે; હૈયે.

પદ ૫૨૩ મું રાગ સદર.

મનજી ! માન મુકીને માન, દિવસ વહી જાય છે રે,
કાં અથડાય છે રે. ટેક.

જો ! જો ! જન્મ ગયો જીવ હારી, હરદમ હાથે કરી ખુવારી,
કાળ કરી તૈયારી, આયુષ્ય ખાય છે રે; મનજી.

ઝેર હળાહળનુ બીજ બોયું, મોઘું આ માનવ તન ખોયુ,
હાથ ન આવ્યું ટોયું; શું હરખાય છે રે; મનજી.

બચપણ અણુસમજણમાં બાળ્યુ, જોબન જોરૂ સંગે ગાળ્યુ,
અંતે મોઢું વાળ્યું, નહિં ઉપાય છે રે; મનજી.

વચલી વય ધન અર્થે ગાળી, વૃદ્ધપણે વૃત્તિ થઇ કાળી,
ઉમર આગે બાળી, કાં હડકાય છે રે; મનજી.

ઘડપણમાં જે હિંફરો આવે, હાડો બાંય ન હાડ હડાવે,
સમજણ હજીએ નાવે, મૂઠ મરડાય છે રે; મનજી.
મદન મોહ નદ મમતા મેલી, કરૂણાળુંથી કરી લે કેલી,
રામ પ્રભુ તક છેલી, કાં ઠેલાય છે રે; મનજી.

પદ ૫૨૪ મું. રાગ સદર.

હઠીલું ! મન ! શીખામણ માને તો સાચી કહું રે,
પ્રિય નિત્યે ચહું રે. ટેક.

વિમુખ થઇ પરમેશ્વર પદથી, છટકી ભાગે છે જે હદથી,
મરે મોહને મદથી, બળશે તે બહુ રે; હઠીલું.

દૂર થઇ કો સુખ ન પામ્યો, જયાં ત્યાં ત્રય જ્વરમાંહિ જામ્યો,
લેશ નથી કોઇ કામ્યો, સાચું છે સહુ રે; હઠીલું.
માને નહિં મન વાત લગારે, વીનવું છુ હું વારંવારે,
ઉથલા ઝાઝા મારે, દુઃખ કયાંથી દહુ રે; હઠીલું.
મેલે નહિં મરડાટ મદીલું, ચૂકે નહિં ચમકાટ ચડીલું,
છટકે છેલ છબીલું, જવર શાથી જહું રે; હઠીલું.
સમજાવે શાન્તિ ના ધરતું, ઇચ્છામા આવે તે કરતું,
ફરે મોકળુ ફરતું, ભાર ઘણા વહું રે; હઠીલું.
રામ પ્રભુ એક તારી આશા, મટાડ આ મનના નિશાસા,
કર ખંખેરી ખાશા, શર્ણ પડી રહું રે; હઠીલું.

પદ ૫૨૫ મું રાગ સદર.

અસ્ત ઉદય અટકાવાની આશા નવ રાખજો રે,
સંકટ સાંખજો રે. ટેક.
જન્મ્યું તે નક્કી જ જવાનું, ઉગ્યું તે તો આથમવાનું,
ચડીયું છે પડવાનું, દૃષ્ટિ નાંખજો રે; અસ્ત.
ફુલ ખીલ્યું તે કરમાવાનું, બહુ વિચાર ભરમાવાનું,
તન ધન ક્ષય થાવાનું, દિલમા રાખજો રે; અસ્ત.

આવે તે આખર જવાનું, વૃષ્ટિ જળ હરિયે વહેવાનું,
શરીરનું ઝટ રહાવાનું, ટાંણુ ઝાંખજો રે; મસ્ત.
જતી રહે જુવાની ડાલે, અન્યથા મોહે શાને મ્હાલે,
જેમ હેશે જીવ બાલે, થાશો ખાખજો રે; મસ્ત.
મસ્તીને મરડાટ તજો તો, સંત સંગમાં સ્નેહ સજો તો,
ભવ ભયહાર ભજો તો, ખુલશે આંખ જો રે; મસ્ત.
નારાયણનું નામ જ લેતે, દીન જનોને દાનજ દેતે,
રામ પ્રભુ રસ હેતે, ચિત્તે ચાખજો રે; મસ્ત.

પદ ૫૨૬ મું રાગ સોહર.

રમત કરી રગડાયો હે! રંગીલા ? રાગમાં રે,
આ જગ બાગમાં રે. ટેક.
વિષયી જનની વાંસે વળીયો, પુરા પાપી પંથે પળિયો,
ભૂતાવળમાં ભળિયો, કામી આગમાં રે; રમત.
ચિંતા સ્વાદ ખરો ચિત્ત ચાખ્યો, દોષ અન્યનો દિલમાં દાખ્યો,
ભાવ ભલેરો રાખ્યો, મદરૂપ નાગમા રે; રમત.
શામળિયા ! તુજ સ્નેહ વિસાર્યો, વંઠેલાનો સંગ વધાર્યો,
ધર્મ ખરેખર ધાર્યો, ફાગણ ફાગમાં રે; રમત.
સંત તણો ઉપદેશ ન માંન્યો, ત્રિવિધ તૃષ્ણા તાપે તાંન્યો,
હાથે કરી જડ ! આંન્યો, જમના ભાગમાં રે; રમત.
તાંદુલ વિણુ રહ્યો તું રૂઠી, લીધા ત્યાંતો વરસ્યો ત્રૂઠી,
મારી પાસે મુઠી પણ, અન્ન માગ માં રે; રમત.
આરત માંહે વેનવું આજે, પાળ મને બાવાના કાજે,
રામ પ્રભુ પ્રિય થાજે, કડવો લાગ માં રે; રમત.

પદ ૫૨૭ મું રાગ સોહર.

રમતાં રમતાં રામ રમકડું લક્ષ્યે લાધીયું રે,
કંઠે બાંધીયું રે. ટેક.

પ્રેમ પયોધિ પ્રકટયું પહેલું, પ્રેમ રંગ રસબસ રંગેલું,
અતિ આનંદે ખેલું, ઉરમાં વાધીયુ રે; રમતાં.
પ્રાપ્ત કરેલ કબીર ધીરાએ, નૃસિંહ સહુ પ્રેમી વીરાએ,
તુલસી નઝીર મીરાંએ, સ્નેહે સાધીયું રે; રમતાં.
દયો પ્રીતમ પીપો તે પામ્યા, જલા તુકા ને કમાલ કામ્યા,
જય દેવાદિક જામ્યા, સાંકળ સાંધીયુ રે, રમતાં.
લાલો લખમો લીળલ દેવી, સમર્થ એ જાણ્યુ તે સેવી,
સાક્ષી કેટલી દેવી, ટાળી વ્યાધિયું રે; રમતાં.
એજ રમકડે રમતાં રમતાં, ભ્રમ ભાગીને ભમતાં ભમતાં,
સાધુ સંતને નમતાં, બાળી ઉપાધિયુ રે; રમતાં.
ખોટ વિષયની ખમતાં ખમતા, દ્વૈત ભાવને દમતાં દમતાં,
રામ પ્રભુમન ગમતાં, ઉર આરાધિયું રે; રમતાં.

પદ ૫૨૮ મું રાગ સદર.

બળવંતાનાં બાનાવિણુ બ્હોતેરે બાળીયાં રે,
શું નહિં ભાળીયાં રે. ટેક.
હાથેથી તક આધી ઠેલી, અંતે રંગ ગયો સહુ રેલી,
પાછળ પોક્રો મેલી, ઓઢી ફાળિયાં રે; બળવંતા.
સત કામે ચરણો નવ ધાયા, સળગાવ્યાં જે ભવનો છાયાં,
અમથા અમથાં ગાયાં, ગદ્ધા ઢાળિયાં રે: બળવંતા.
પશ્ચાતાપ થતો ના પાજી, ઉપર જાતાં રહે શું ગાજી,
બગડી બાજી ફોકટ, ફોફાં ચાળિયાં રે; બળવંતા.
દેખી નહિં તે હાલી હેડી, આખર જમડે લીધો તેડી,
પડયાં રહ્યાં શઠ મેડી, મહીર માળીયાં રે; બળવંતા.
દુઃખી થયો સમજ્યો નહિ તેણે, લેણે સાચો ખોટો દેણે,
ખાટયા, જગમા જેણે, વચનો પાળિયાં રે; બળવંતા.
રામ પ્રભુ ભજ પહેલી પળથી, કોડા ! કોડે ખા માં કળથી,
બંધ કરી દે બળથી, જમનાં જાળિયાં રે; બળવંતા

પદ ૫૨૯ મું રાગ સહર.

આશા! આધી થા આધી થા, હઠ અળખામણી રે;
કુંગ લજામણી રે. ટેક.
ભૂંડું કરમા હે! ભમરાળી, ભ્રમણા ભરમાં હે ! ભ્રમવાળી,
ઘોંચ ન પેટે પાળી, ભુત ભડકામણી રે; આશા.
માર ન આંખો હે! મચકાળી, બતાવમાં લાલચ લટકાળી,
મર મર મર મચ્છરાળી, ગામ ગજામણી રે; આશા.
કુડી કર કાં કરનો લટકો. ભુંડી કર કાં ? મૂખનો મચકો,
બાળો દે તુજ બચકો, દીલ દઝામણી રે; આશા.
કરડી ખા માં બચકે બચકે, અડતાં મારૂ અંગજ અચકે,
સાણુ સડેથી વચકે કાં ? અભડામણી રે; આશા.
ફુંદી ફુદે ફાસી ફસકે, ચોગઠમાં ઘાલી પણુ ચસકે,
હાય હવે તો બસ કે', ડૂક ડરામણી રે; આશા.
જીવવાની જો ઇચ્છા તારી, તો કરને પ્રભુ રામે યારી,
એ પદમાં ન અકારી; ખાસ વધામણી રે; આશા.

પદ ૫૩૦ મુ રાગ સહર.

જીવડા ! દુઃખના દિવસો દેખી ચાલ ડરી ડરી રે,
ધીરજ ધરી ધરી રે. ટેક.
પાપી ! હાથે પેટજ ચોળી, પીડા કાં ઉપજાવે બ્હોળી,
નાખ ન અમૃત ઢોળી, કુથલી કરી કરી રે; જીવડા,
છોડી દે ટણુકોની ટોળી, જો લાજે છે ડાઢી ધોળી,
પી ન હળાહળ ઘોળી, પ્યાલા ભરી ભરી રે, જીવડા.
સળગાવી તેં ખડની કોળી, તેમાંથી ઉડી છે હોળી,
લે ઝટ ખામી ખોળી, કયાં છે ખરી ખરી રે; જીવડા.
પ્હેરીને શું બેડો ચોળી, જમને દે ચાંચડવત ચોળી,
ફેરવ ભીખની ઝોળી, શાને ફરી ફરી રે; જીવડા.

જ્હાણુ કાળનાં દેને ચોળી, માર છાતીમાં જ્ઞાનજ ગોળી,
મર માં ડહાપણુ ડો'ળી, જોને જરી જરી રે; જીવડા.

મૂઢ મતી રાખે શું ભોળી; હે હે મન પ્રભુ રામે રોળી,
સુખે જમ ઘી પોળી ઠાંમે ઠરી ઠરી રે; જીવડા.

પદ ૫૩૧ મું રાગ સહર.

જોંગા ! જો ! જો ! જનમાં તનમાં ધનમાં શું વળ્યું રે,
રોંચા ! શું રળ્યું રે. ટેક.

ભવઘંટીએ બહુ ભરડાતાં, મોહમદે મૂરખ મરડાતાં,
કાળ મુખે કરડાતાં, બળ બાધું બળ્યું રે; જોંગા.
ઠઠ્ઠાબાજીમાં ઠરડાતાં, જોબન વનમાં જડ ઝરડાતાં,
ટંટામાં ટરડાતાં, ટાણુ તો ટળ્યું રે; જોંગા.
ધન કાજે ધંધે ધરડાતાં, ખોટ ખરાબીમાં ખરડાતાં,
અંતે બળું ઘરડાતાં, અમૃત તો ઢળ્યું; જોંગા.
ચપળા ચિંતામાં ચરડાતાં. તૃષ્ણાને તોરે તરડાતાં,
હડ હડ થઇ હરડાતાં, પાપ નથી પળ્યું રે; જોંગા.
કુંટુંબને કાંટે કચડાતાં, ભાર્યા ભાઠામાં ભચડાતાં,
માયામાં મચડાતાં, મૂરખ શું મળ્યું રે; જોંગા
દુઃખ દાવાનળમાં દબડાતાં, રામ પ્રભુ જનથી અબડાતાં,
જંજાળે જકડાતાં, જીવતર એ જળ્યું રે; જોંગા.

પદ ૫૩૨ મું રાગ સહર.

આપો આપ વિચારી લે આવી જગ ઉંબરે રે,
આખી ઉમરે રે. ટેક.

કયા વેપારો કરતાં ફાવ્યું, ખોટ ગઇ કે ફાંસલ આવ્યું,
શું નુકસાન મુકાવ્યું, કાપી ઉંદરે રે; આપો.
ખાતે ચઢયાં છે આપો કેવાં, જમે થયાં જે પુન્યો જેવાં,
સાચે સાચાં તેવાં, ગણી લે ઉત્તરે રે; આપો.

નીચા કામો કેવાં કીધાં, ઉંચા કેવા મારગ લીધા,
જવાબ લે સીધા, આંક્ષુ; કઇ ઉપરે; આપો.
ખાતે જમે કર તું ઢીલે, બેસી મરમા ડાચે ઢીલે,
સરવાળો નોંધી લે, મન જે ઉચરે રે; આપો.
પૂન્ય ભરી કોઠારે આખે, પાપ કરજને ફેડી નાખે,
ખાતું ચોખુ રાખે, તે જગ ઉદ્ધરે રે, આપો.
પુન્ય કરી અર્પણુ પ્રભુ રામે, ભક્તિ વેપારે જે જામે,
અખંડ શાંતિ પામે, જમથી ઉગરે રે; આપો.

પદ ૫૩૩ મું રાગ સદર.

બાંડા! બ્રાંડી બાટલીઓનાં ચુકવે બીલકાં[1] રે,
ધર્મે[2] નીલર કાં રે. ટેક

વંઠી જાવામાં મન વાધ્યુ, અવિનાશીનુ પદ નવ લાધ્યું,
મંદીર એક ન બાંધ્યું, બાધી મીલ[3] કાં રે; બાંડા.

જનરંજનથી આઘો ખસતો, સાધુ નામ પડે તો ભસતો,
હોંસે જઇને વસતો, સીમલા હીલકા[4] રે; બાડા.

સ્વદેશ સેવામાં નવ મળતો, સંત સગમાં શે નવ ભળતો,
વિલાયતી ઝટ ગળતો, પાપી! પીલ[5] કાં રે, બાંડા.

મોહી રહ્યો પરદેશી માલે, કલમો થઇ શુ કાળ હવાલે,
લખવા હાથે ઝાલે, કોડા! ક્વીલ[6] કાં રે; બાડા.

પરોપકારે દાનત ખોટી, ધન સંચ્યાની વૃત્તિ મોટી,
તીજોરી પર ચોટી, લોભી સીલ કાં રે; બાંડા.

અંતે પણુ કરી વ્હાલી વેઠો, પ્રેમે નહિં પ્રભુરામે પેઠો,
મોત સમે મુઢ બેઠો, કરવા વીલ[8] કાં રે, બાંડા

---

૧ આંકડો. ૨ શૂન્ય ૩ મૂત્રયત્ર ૪ ટેકરી ૫ ગોળી
૬. પીછું. ૭ ટાંચ ૮. વસીયત નામું.

પદ ૫૩૪ મું રાગ સદર.

જીવડા જંજાળે જકડાયો ફંદોમાં ફસ્યો રે,
કાળે ત્યા ડસ્યો રે; ટેક.
આપો આપ રચ્યા તેં ફાંદા, કુચ્છંદ કર્મો વળગ્યા છાંદા,
શુ કાઢયા શઠ કાદા, ધીંગો થઈ ધસ્યો રે; જીવડા.
વ્હેમ પારણે બહુ ઝુલાણુ, મન મમતે મદમા ફુલાણુ,
ભુંડા ! ભાન ભુલાણું, સ્થાનકથી ખસ્યો રે, જીવડા.
સગપણુ સમજી સારૂં સારૂ, બકયો મોહમા મારૂં મારૂં,
વળ્યુ કહે શું તારૂં, ભાષણુ ભલાં ભસ્યો રે, જીવડા.
વૃત્તિ વાળી નાખી રાટી, વિવેકથી શકતો નથી વાંટી,
ઝાઝી પાડી આંટી, સંશયમાં ઠસ્યો રે; જીવડા.
ચાહી રહ્યો લટકા ચટકાને, શુણ્યા ન સંતોના ફટકાને,
મન કંચન કટકાને, જ્ઞાને ના ઘસ્યો રે, જીવડા.
સ્વામી રામ ખરાનો ખેસી, પ્રભુપદમાં પ્રેમે જા બેસી,
પાપી પંથે પેસી, હેકડ શુ હસ્યો રે, જીવડા.

પદ ૫૩૫ મું રાગ સદર.

શાંતિ સત્વ ગુણી જનની જગમા ઝળકી રહે રે,
નિશ્ચળતા ગ્રહે રે. ટેક.
પરમેશ્વરના પુરણુ પ્રેમી, વિવેકવાળાને, નહિ વ્હેમી,
નિત્ય કુશળ ને ક્ષેમી, દુ:ખ સહુનાં દહે રે; શાંતિ.
પંથ મુકિત નીર્મળ દેખાડે, જન્મ મરણુના દુ:ખ મટાડે,
દિલ આનંદે રમાડે, મજુરી ના ચહે રે; શાંતિ.
પરમારથમા ભભુકે પ્રીતિ, ટાળી દે ભવ ભયકર ભીતિ,
જન મન ઝટલે જીતી, વચન સુધા વહે રે; શાંતિ.
ઓળખાણુ આત્માની આપે, અગાધ ભવજળ સહજે માપે.
સહુના સંકટ કાપે, આપે અતિ સહે રે; શાંતિ.
ભજે ભજાવે સારંગ પાણી, બ્રહ્મજ્ઞાનની દે એંધાણી,
વિધિ નિષેધ ત્રય વાણી, કર્મ કથા કહે રે; શાંતિ.

રીઝાવે દેવાધિ દેવા, મરજી લેવા નહી પણ દેવા,
રામ પ્રભુ જન એવા, ભટકે ગ્રહે ગ્રહે રે; શાંતિ.

પદ ૫૩૬ મું રાગ સદર.

ઠાલા ઠાઠ તજી સહુ જાયે ઠગને કાકરો રે,
જમભય આકરો રે; ટેક.
બગસમ કરવી નહીં બદમાશી, ઝટ લેવા રઘુવર ઉપાસી,
ફરવી લાખ ચુરાસી, વસમી આકરો રે, ઠાલા
જબરો જમરાજા મદમાતો; દમે બધું પણ જમ ન દમાતો,
આફરડા ઉદમાતો, કેવળ કાં ? કરો રે; ઠાલા.
બચવા આશન એકે પાઇ, જ્યાં ત્યાંથી જીવ જાય ફસાઈ,
આંચો જેમ કસાઈ, હાથે બાકરો રે; ઠાલા.
બની જવું હરીજનના સગી, આખર વેળા આવે તંગી,
જકડી જબરા જંગી, જમના ચાકરો રે, ઠાલા.
સ્નેહ ધારવો સતો સાથે, દાન પૂન્ય કરી લેવુ હાથે,
પડે ન પાછી માથે, જમની ટાકરો રે, ઠાલા.
છેવટ સુવું પડશે ચેહે, માટે સાધન કરો સ્વદેહે.
રામ પ્રભુજન સ્નેહે; નામ લીધા કરો રે, ઠાલા.

પદ ૫૩૭ મું રાગ સદર.

હે ! મતિ ! મમતાળુ મદવાળી મોહક માકડીરે,
થા તું રાંકડી રે. ટેક.
મિથ્યા ગર્વ ધરીને બુરી, સંકલ્પોની વસાવી પુરી,
થા ન સગર્ભા શૂરી, બની જા પાંકડી રે; હે મતિ.
આડી અવળી અતિ અથડાણી, વંઠેલાઈ કરી વટકાણી,
સરલ થઇને શાણી, મટ મુઢ વાંકડી રે; હે મતિ.
કુટીલપણે કાં જાતી છટકી, પડશે અંતે પૂરી પટકી,
ફોકટ ફંદે ફટકી, ફર માં ફાંકડી રે; હે મતિ.

સ્થુળ તું બન માં થઈને ઝેરી, સુક્ષ્મપણે ઝટપટ જા ઠેરી,
સ્વર્ગાપુરની શેરી, શ્યામા ! સાંકડી રે; હે મતિ.
વૃથા વાદમાં શાને વંઠે, ગુમાનના ગાંઠા કાં ગંઠે,
વશમી પડશે કંઠે, જમની આકડી રે, હે મતિ.
માથે મોટી બીક મરણુની, કર ચિંતા સંસાર તરણુંની,
જન પ્રભુ રામ ચરણુની, છોડે કાં ? કડી રે; હે મતિ

પદ ૫૩૮ મુ રાગ સદર.

પાપી ! પીંડ પછાડી કાં ? ભાંગે નીજ પાંસળી રે,
જા મન કા ? ચળી રે. ટેક.
માની માયામાં શું મઝા છે, પૂર્વ પાપની તેજ સજા છે,
માયા એજ અજા છે, સંત એ આંચળી રે; પાપી.
કાં એની કરતો તું વેઠો, ફેંક ગળેથી ફાંસો હેઠો,
શાને એ ઘા પેઠો, ઝ્હેરી કાંચળી રે, પાપી.
આસડ ઠોક અવિદ્યા માથે, તું કાં ભીડી રાખે બાથે,
વિદ્યા કર ઝટ હાથે, જે એકાચળી રે; પાપી.
નિત્ય અવિદ્યાથકી ડરીને, શુદ્ધ સત્વ દિલ ભીતર ધરીને,
અમૃત રસ પી ભરીને, પ્રેમળ ત્રાંસળી રે; પાપી.
સંત સંગમાં સ્નેહજ સાંધી, નાખ અવિદ્યા હાથે રાંધી,
શ્રીપતિ પદ લે બાંધી, રસભર સાંકળી રે, પાપી.
ભજ પ્રભુ રામ ભલા સદ્દભાવે, મેળવ તારે તાર સુરાગે,
સાંભળ સુસ્વર વાગે, અનહદ વાંસળી રે, પાપી.

પદ ૫૩૯ મું રાગ સદર.

સીતારામ વિના નથી કોઈ આપણું આ જગે રે,
સહુ સ્વાર્થે ઠગે રે. ટેક.
પ્રાણુ હોય ત્યાં પાસે ધાતાં, મ્હારો મ્હારો કહીને ખાતાં,
આખર વેળા થાતાં, સર્વે વગે સગે રે; સીતારામ.

અંતે દેતા હેઠે ઢાળી, બેસી રહે સહુ આંખો ચોળી,
જીવને નાખે રોળી, જમડા મારગે રે; સીતારામ.
જમ મારગની જબરી જ્વાળા, થતા ચાલતાં ચરણો આળા,
જવું પડે પગ પાળા, ત્યાં ખુલ્લે પગે રે, સીતારામ.
બારે સૂર્ય તપે ત્યાં માથે, માર પડે જમડાને હાથે,
અન્ય નહિ સગાથે, ધરતી બહુ ધગે રે; સીતારામ.
સૂક્ષ્મ પીડા મૂખ કથી ન જાતી, આપદથી ઉભરાતી છાતી,
અંતર એવી થાતી, વ્યાધિ રગે રગે રે; સીતારામ.
જમ પ્રભુ રામ વિના કશુ વદમાં, મરી ન જાવું મોહે મદમાં,
પહોંચી જા તે પદમાં, જ્યોતિ જ્યાં ઝગે રે; સીતારામ.

પદ ૫૪૦ મું રાગ સદર.

જીવડે! જાગી જાણી જોઇને કુળ બોળ્યું [1]ઢગે રે,
ચિત્ત ચોડયુ ભગે રે. ટેક.
સમજ્યો તે ન શકયો સ્વીકારી, કાઢી ન જગની જાળ ધિક્કારી,
રોબડ રહ્યો વિકારી, દ્વેષી થઇ દગે રે; જીવડે.
કરી ભૂલ જાણી નવ છાડે, ગર્વ ગાંઠડી ગઠીં ગાડે,
સ્થિર મન કરવા માંડે, પણ ત્યાથી ડગે રે; જીવડે.
વારંવાર ઘણો ઘુંચવાણો, દોલતની લાતે ઝપટાણો,
તો પણ મૂઢ લલચાણો, નાણા ને ઢગે રે; જીવડે.
દેખી પેખી નાક વઢાવ્યુ, ચિંતામણી લોઢાથી મઢાવ્યું,
સત્યાન્યાશ કઢાવ્યુ, સ્નેહ ધરી સગે રે; જીવડે.
કહો મુર્ખ એ કહેવો કેવો, જડે ન જોટો આ જીવ એવો,
જ્ઞાની ભરતે જેવો, ભાવ ધર્યો મૃગે રે, જીવડે.
જીવડા હજીએ ચેતી જા તુ, જન પ્રભુ રામ પદે ઝટ ધાતું,
નથી વાવણું થાતું, હરિદ્રાગે વગે રે; જીવડે.

---

૧. બળદે.

પદ ૫૪૧ મું રાગ સહર.

એ જન ખરા વિવેકી સાર અસાર વિચારતા રે,
દ્રઢતા ધારતા રે. ટેક.

કાયરતા ન વિચારે ધારે, તત્વ વિચારે વારંવારે,
ચંચળ મન જે ભારે, તેને મારતા રે; એ જન.
કામાદિકથી ક્લેશ ન પામે, કુંચ્છદના મછવાને વામે,
રાગદ્વેષની સામે, થાય, ન હારતા રે, એ જન.
હર્ષ શોકને હાંકી કાઢે, વિષય વાસના મૂળજ વાઢે,
મરે ન માયા ઢાઢે, બહુ ધિક્કારતા રે; એ જન.
ક્રિયા વચન મન એકજ રાખે, સુજનપણાના સ્વાદજ ચાખે,
તજે ન શાંતિ લાખે, અતિ વધારતા રે; એ જન.
સ્વકર્મ ધર્મા–ચરણે ધીંગા, પડે ન પાપે થઇને રીંગા,
જુઠ ન હાંકે ધીંગા, અગ્નિ ઠારતા રે, એ જન.
આત્મ વિચાર ભરે મન હામે, મંગળમય જીવનમાં જામે,
પ્રેમ ધરી પ્રભુ રામે, તરતા તારતા રે; એ જન.

પદ ૫૪૨ મું રાગ સહર.

આત્માની ઓળખાણુ બતાવું સમજો સાનમાં રે,
રમજો તાનમા રે. ટેક.
શ્રવણે શુણે મુખેથી બોલે, વિવિધ ભાત ઇ લે વાદો લે,
શીર ડોલાવી ડોલે, એ ગુલતાનમાં રે, આત્મા
ચરણે ચાલ ચટકતી ચાલે, કરથી કામા કરતો ઉહાલે,
નાકે સુંઘે વ્હાલે, ધરવો ધ્યાનમા રે; આત્મા.
સર્વ કર્મ દેહે તે કરતો, દેહ વિના નિજ રૂપે ઠરતો,
કરતો ભરતો હરતો, રહીને મ્યાનમાં રે; આત્મા
ચાર દેહ પીંડે બ્રહ્માંડે, સાવધનાથી જે જન છાંડે,
આત્મ તત્વથી માંડે, મળવા માનમાં રે; આત્મા.

ત્યાં રહેવાની એકજ વૃત્તિ, શકે પ્રસારી તે પ્રવૃત્તિ,
ત્યાંજ કરે નિર્વૃત્તિ, મળે મહાનમાં રે; આત્મા.
ત્યાં સુધી તો સઘળું કાચું, જન પ્રભુ રામ રળે પદ સાચું,
જમનું ત્રુટે ડાચુ, એ ઉદ્યાનમાં રે; આત્મા.

પદ ૫૪૩ મુ રાગ સદર.

આત્મા ! અનુભવમાં નવ આવે સહુને સહેલથી રે,
મનના મેલથી રે. ટેક.
સહજ પ્રકાશ પડે નહિ છાયા, કો–વિદો કથણીથી કા'યા,
જ્ઞાની પણ ઘુચવાયા, ખોટા ખેલથી રે, આત્મા.
નિર્મળ મન પર તત્વ નિહાળે, ભ્રમર કમળનો ભભકો ભાળે,
ગેંગો ગોટા વાળે, ગંદાં ગેલથી રે; આત્મા.
અમળ આપ પ્રતિબિંબ પ્રકાશે, મેલામાં કશું એ નવ ભાસે,
વંઠેલ વળગે આશે, માયા વેલથી રે; આત્મા.
જ્ઞાન બકે અનુભવ નવ જાણે, તત્વોનાં ચીથરાં બહુ તાણે,
પડે નર્કની ખાણે, ખર બદફેલથી રે; આત્મા.
કરે આશ હાકયાની વાતો, નહિ સતોષ જરી મન થાતો,
ધન ધુતવા જીવ ધાતો, કપટી ટેલથી રે; આત્મા.
જન પ્રભુરામ વિના અતિ ભટકે, પારસમણી પથ્થરથી પટકે,
ખોટ ન ખટકે, રમતાં રગે રેલથી રે, આત્મા.

પદ ૫૪૪ મું રાગ સદર.

જો જો ! ઝઘડા જગમા, જમીન જર જોરૂ તણા રે,
જામ્યા નહિ મણા રે. ટેક,
દશા દેખજો દુર્યોધનની, રાવણ જેવા શૂરા જનની,
ખાખ ઉડી ગઇ તનની, ત્રૂટયા તાતણા રે; જો જો.
સુત બળિયા બહુ બન્ને દિતિના, જેના સરખા ધરશે ક્ષિતિના,
જડે મરણની મિતિના, ચાલ્યા ગયા ઘણા રે; જો જો.

જર જોરૂ જમીને જડ ટાળી; ઉંડાં મૂળો નાખ્યાં ગાળી,
બેઠા મોઢાં વાળી, અંતે બહુ જણ્યા રે; જો જો.
દીધા દાખલા ચેતવવાના, માત્ર નથી કંઇ સાંભળવાના,
એવા હાલ થવાના, જીવ તું શું તણ્યા રે; જો જો.
જોરૂ તો જમ કેરૂં ઘર છે, જમીન એ તક્ષક વિષધર,
કોટ નર્કનો જર છે, તેમાં કાં ? ચણ્યા રે; જો જો.
જર જમી જોરૂ દૂર કરી લે, દિલમા દ્દઢ વૈરાગ ભરી લે,
જન પ્રભુરામ વરી લે, અમથો કા હણ્યા રે; જો જો.

પદ ૫૪૫ મું રાગ સદર.

મનવા ! મર્મ બતાવું, ગાયત્રી સુખાકાર આ રે,
ભવ ભયહાર મા રે. ટેક.
મન ક્રમ વચને મૂક હિરણ્ય, तत्सवितार्वु र्भर्गोवरेण्यं,
સ્મર વશી શાંત અરણ્ય, ઝટ જગ પાર થા રે; મનવા.
भर्गो वरेण्यं धि मही ધ્યાને, धियोयोन મન મસ્તાને,
રમરતાં એકજ તાને, ગુણ આગાર રહ્યા રે, મનવા.
ॐ भुर भुव स्वः વ્યાહૃતિ, જપ પ્રથમે ધારીને સુરતિ,
જ્યોતિં જે ઝગમગતિ, એ અવિકાર ગા રે; મનવા.
देव सवितु तत् દિલધારી, તેજો-મયમાં કરી દિલદારી,
प्रचोदयात् વિચારી, ભણી નિરધાર ધારે, મનવા.
આંઘતે ઓંકાર સ્મરીને, ભજી લે અંતર જામી હરીને,
ફોકટ ફંદે ફરીને, શું જીવ માર ખારે; મનવા.
ગાનારા તારે ગાયત્રી, ત્રિપદા જપ એ પૂજા પત્રી,
રામ પ્રભુજન યંત્રી, એ સુખ સાર સ્હારે; મનવા.

પદ ૫૪૬ મું રાગ સદર.

હૃદયે રામ રમાડયા, જીવ કરવાનું કરી ચુકયો રે,
વિષય પરે શુકયો રે, ટેક.

પુરણુ લીલા દીલમાં પ્રકટી, વિષયવાસના નાઠી નકટી,
લેશ પડે નહિં લપટી, સત પથે ઢુક્યો રે; હૃદયે.
દઢ આશ્રય હરિનો બંધાયો, સત નામે સ્નેહે સધાયો,
દંભ ઢોળ રંધાયો, મદ મનથી મુકયો રે; હૃદયે.
રામ સેવ માનસી સ્વીકારી, હરિ ગુરૂ સંત ગણ્યા સુખકારી,
ફંદ ફાળકો ભારી, ભડ થઇને પુકયો રે; હૃદયે,
શ્રદ્ધા ગુરૂને હૃદયા સાથે, બાથ નાને પકડયા બાથે,
મેખ મારી જમ માથે, હરિ શરણે ઝુક્યો રે; હૃદયે
અનન્ય ભાવે ભકિત માંડી, કુડ કપટની કાની છાંડી,
કહું પીટી ને ડાંડી, જીવ તે નહિં ડુકયો રે, હૃદયે.
પ્રેમી રંગ મજીઠી જામ્યો, જન પ્રભુરામ પદેજ વિરામ્યો,
પંચાનન પદ પામ્યો, શૂર બની હુંકયો, હૃદયે.

પદ ૫૪૭ મું રાગ કેરબો.

ભવમાં ભાવેથી ભુધરની ભક્તિ આદરો રે,
ભક્તિ આદરો રે, પૂરે સાદરો રે; ભવમાં ટેક.
ભાવેથી ભજનામૃત પીતાં, અંતર શાંત થાય,
કૃપા કરે રઘુવીર કૃપાળુ, કલેશ રહે નહિં કાય; ભવમા.
જન્મરણુની જાળજ તુટે, મન આનંદ મસ્તાનુ,
રામકૃપાથી દુર્લભ શુ છે? દુઃખ રહે પછી શાનુ; ભવમાં.
વિષયાગ્નિ જ્વાળાઓ સમશે, મન મલીનતા ટળશે,
પાપ શાપ સૌ દૂરજ થાશે, મન સુખસાગર મળશે, ભવમાં.
સુખ દુઃખ ખોટાં ભવસાગરમા, સુખ સાગર સુખ સાચું,
પ્રભુરામ કૃપાબ્ધિ ભજવા, કાઇ ન રાખો કાચુ; ભવમાં.

પદ ૫૪૮ મું રાગ ગભરામણ મુન્ને ઘડપણુમાં આવે છે ઘણી રે. એ લય.

રો માં રો માં મમ માતા, મન શાંતિ ધરો રે. ટેક.
દેખી દુઃખ ભારી રે, મનમાં મારા ઘા કારી રે,

દીલે દુઃખ બહુ ઉભરાયે, મન તારૂં તો ગભરાયે,
આ સંકટ વસમું સહેવું, કારી કર્મ થશે રે; રે માં.
લાચાર બન્યો છું માતા રે, આજ્ઞા નથી દીધી ત્રાતા રે,
નહીં તો દુષ્ટોને મારૂં, રાવણનું બળ સંહારૂં,
માતા ત્યારે મન જાણો વાયુ પુત્ર ખરો રે; રે માં.
જરી ધીર ધરો પ્રિય માડી રે, મરશે એજ અનાડી રે,
આવે છે રઘુરાયા, સંગે સુગ્રીવની સહાયા,
રાવણ મુવો માનીને, મન શોચ હરો રે; રે માં.
શુરવીર વાનર છે ઝાઝા રે, રાક્ષસની મોડે માઝા રે,
લંકાગઢ ગગન ઉછાળે, મેરૂને મહી પર ઢાળે,
બળસ્વામીનું બહોળું છે, કરો શોક પરો રે; રે માં.
હોત આજ્ઞા દીધી નાથે રે, મારત રાવણને હાથે રે,
ઉડાડી દઈને લંકા, લઈ તમને જાત નિશંકા,
આજ્ઞા ભંગે મન ડરતું, માતા સ્થિર ઠરો રે, રે માં.
આજ્ઞા એકજ માગું રે, ફળ ખાવા મન અનુરાગું રે,
ફળ ખાઈ વાડી ભાંગી, લંકામાં મેલું આગી,
પ્રભુ રામ પ્રતાપે રાખ કરૂં, લંકાનાં ઘરો રે; રે માં.

પદ ૫૪૯ મું રાગ જાજા કહેજે સભામાં ન આવું.

ગા ગા ગુમાની હરિગુણ ગીતા,
હરિગુણ ગીતા, હરિગુણ ગીતા; ગા ગા. ટેક.
ગાન કરી લે, ધ્યાન ધરી લે, જમદૂત આવે છે ઓચિંતા; ગા ગા.
જીવ ડરી લે, શીવ વરી લે, ખડકાશે ખળ આખર ચીતા; ગા.
લાભ જરી લે, છાબ ભરી લે, મૂર્ખ નકામી કરે શીદ ચીંતા, ગા.
તાપ તરી લે, પાપ હરી લે, જીભે જપી લે પ્રભુ રામસીતા; ગા.

પદ ૫૫૦ મું રાગ સદર.

પા પા હરી રસ પ્રેમે કરીને, પ્રેમે કરીને; પ્રેમે કરીને; પા પા ટેક.
પા પી પ્રીતે, સ્થાપી ચિત્તે, સુખરૂપ શાંતિ સ્થાને ઠરીને; પા.

પાપી થા માં ધંધે ધામાં, ચાલ જરી જીવ જુઠા ડરીને; પા.
ઓજ ન જાશે કામ સુ થાશે, પાન કરી લે સુપ્રેમ ધરીને; પા.
નામ ગજાવી, લોક લજાવી, જીતી જજે પ્રભુરામ વરીને; પા.

પદ ૫૫૧ મું રાગ સદર.

નાગા ! નડે કા નકામો નકામો
નકામો નકામો, નકામો નકામો; નાગા ટેક.
ફંદે ફસાઇ, ઠામી કસાઈ, ઘરમા ઘસાઇ, કરે કૂર કામો; નાગા.
નેહ નસાવી, લોકો હસાવી, જાત ઘસાવી, રળે કેમ દામો; નાગા.
મર માં હરામી, થઇ બદનામી, કહું બહુ ખામી, તજી દે તું ધામો; નાગા.
મફત મરાઇ, ઉંધો ધાઇ, પરઘર ભાઇ, ન નાખ તું ધામો; નાગા.
શાંત થઈ જા, રાખ જરી ઠા, હાય હવે કા! ચૂથ ન ચામો નાગા.
પ્રભુપતિ રામે, પ્રીતિ જામે, પાપો વામે, ગા ગુગ્રામો; નાગા.

પદ ૫૫૨ મું રાગ સદર.

રહા રહા ચડીલા ચતુર્ભુજ ચિત્ત,
ચતુર્ભુજ ચિત્તે, ચતુર્ભુજ ચિત્તે; રહા. ટેક.
ઉમર ચાલી, જાતી ઠાલી, કોઇ ન વાલી, થવાનું હીતે; રહા.
મર મા ખાલી, જાશે લાલી, ઉધાં પાલી, રહે કાળ વીતે; રહા.
ગોટા ઘાલી, ઝુંડા ઝાલી, પાપી ડાલી, ભરે કેમ વિત્તે; રહા.
પાઇ ન આલી, જાવું હાલી, તો પણ બાલી, ન જા ખંડ બ્હીતે; રહા.
મતિ સુઠ કાલી, થયો ન સુ ચાલી, કરીને કુચાલી ન આખર જીતે. રહા.
વૃત્તિ ન-માલી, ટાળ મુવાલી, ભજી લે વિલાલી પ્રભુરામ પ્રીતે; રહા.

પદ ૫૫૩ મું રાગ સદર.

ધામે ન જામે કુઠામે વિરામે,

કુઠામે વિરામે, કુઠામે વિરામે, ધામે. ટેક.

ચાહિન આમે ચીંતા ડામે, નઠામે વિસામે સુતામે ન પામે, ધામે.

થઈ બદનામે કરી બદ હામે, કુજામે, કુકામે, કુહામે કુમામે, ધામે.

વૃત્તિ હરામે, ધર મા મામે, કુનામે કુગામે કુઠામે કુધામે; ધામે.

પ્રીત સુઠામે કર પ્રભુ રામે, સુજામે સુકામે સુહામે, સુધામે; ધામે.

પદ ૫૫૪ મું રાગ સદર

કાબા ! કહે તેં કરી શુ કમાણી,

કરી શું કમાણી, કરી શુ કમાણી, ટેક.

ધરણીધરનુ ધ્યાન ધર્યું કે, ધધે ધાપે ધૂળ ધમાણી, કાબા.

આ ભવ, સફરે પાર તર્યો કે, ભવનિધિ માહે હોડી વમાણી, કાબા.

જુજવી વૃત્તિ વલખે છે કે, અતર દૃષ્ટિ થતાં સહુ શમાણી, કાબા.

પ્રભુ મન રામનુ ભજન બન્યુ કે, નાહકવેપલે ખોટ ખમાણી, કાબા.

પદ ૫૫૫ મું રાગ સોરઠ ત્રીતાલ.

બે બેં કરે તોય, બોકડુ ન છૂટે,

બોકડું ન છૂટે, બોકડુ નછૂટે, બે બે. ટેક.

જીવ બકરૂ ને કાળ કસાઈ, કૂર હાથેથી કદી ના વછૂટે, બેં બે.

પલપલ છરં.યો ફરતી કઠે, જીવિત ખજાનો જ કાળ એમ
લૂટે, બે બેં.

સ્નેહની સાંકળો ડોકે બાંધી, તાણે ઘણુ તોય કેમે ન ત્રૂટે, બેં બે.

પ્રભુપતિ રામ જો ંહારે ચડ તો, કાળ શુરાને અકાળેજ કુટે; બે બે.

પદ ૫૫૬ મું રાગ ભેરવી સદર.

તોબા કહી દે તલેલાટ મૂકી,

તલેલાટ મૂકી, તલેલાટ મૂકી, તોબા. ટેક.

રમવું હાવે, કામ ન આવે, કર હરિ ચિંતન જા નહીં ચૂકી, તોબા.
વ્હાલાં વેરી લેશે ઘેરી, જીવ જતા દેહ દેશેજ ફુકી, તોબા.
વૈદ ન–કામા સેઠ ન–હામા, લાગે નકામે ન ગોળી ન ભૂકી, તોબા.
પ્રભુપતિ રામે સુંદર શ્યામે, જા જા જા જીવ જા ઝટ ઝૂકી, તોબા.

પદ ૫૫૭ મું રાગ સદર.

થાં થા રહી ગયું ધામજેજ મીઠું,
ધામજેજ મીઠું ધામજેજ મીઠું; થાં થા. ટેક.
બ ધાણી બની વિષય સુરાનો, ગોત તો ફરે કાં ગમાર. દારૂ પીઠું, થાં થા.
કુથલીમાં કંજુસ ન થાતો, ખાતો રહે શુ બીજાનુ અજીઠું, થાં થા.
કામી કરી બહુ કાશ નકામી, કહેતો ખરો કયા ખરૂં સૂખ દીઠું, થાં થા.
મમતા મૂકી ચિતા ચૂકી, પ્રભુભજ રામ, સુ નામજ મીઠું, થાં થા.

પદ ૫૫૮ મું રાગ સદર.

હા હા કરે તોય નાખે હલાલી,
નાખે હલાલી, નાખે હલાલી, હા હા. ટેક.
કાળ ન મૂકે તક નવ ચૂકે, જમની છેજ અનાદિ જલાલી, હા હા.
પરખ્યા નહિ તેં ભૂલ કરી તે, શઠ સંસારીજ સાચા કલાલી, હા હા.
મોહે ફૂલ્યો મદમાં ઝુલ્યો, કોડા' કરી કોયલાની દલાલી, હા હા.
પ્રભુ મન રામે સુખમય ધામે, દિલ દૃઢ રાખી તજી દે વિલાલી, હાહા.

પદ ૫૫૯ મું રાગ કાનડો.

જો ! જમ જીવની રગ ઝપડી, રોળી નાખે છે રગડી. ટેક.
શૂરા પૂરાને શરમાવે, હરવે તગડી તગડી,
બળીયા પણ જમની, આગળથી, ભાગી નશકે દગડી; જો.
બહાદૂરનાં કરે બારમાં, જીવ શકે શું ઝઘડી,
ક્રોડપતિનાં કામ ચૂકાવે, વિસરાવી દે લગડી, જો,

સૂર્ય તપાવે બાર કળાનો, શીરે આગની સગડી,
અભિમાનીનાં માન મૂકાવે, જ્યારે જમથી બગડી; જો.
હલક હલક હલકાર થાય ત્યાં, શકે રોકાઇ ન ઘડી,
હલક શુણુતાં જમદૂતોની, હાંજા પડતા ગગડી; જો.
લપાટ મારી લખપતિ લૂટે, નાખે ગરદન મરડી,
બચે નહીં કોઇ કાળ ઝપટથી, થાય નજર જો કરડી; જો.
હીમત્તવાન હઠી જાયે છે, પડતી જાતી પઘડી,
ભજવાને પ્રભુરામ સુપ્રીતે, જો લેશે પીછવી છ ઘડી,

પદ ૫૬૦ મું રાગ સદર.

જીવ ! જરમાં જો દિલ જડશે, તો જુતીયાં ઝાઝી જડશે. ટેક.
જર જર કરી જર જર તન થાતા, જમદ્વારે જઇ પડશે,
નખોદીયા નાણુાને માટે, બહુ નુકશાની નડશે, જીવ.
જરના ઝઘડા જગમા જોને, પુત્ર પિતાથી લડશે,
ધન ધન ધંખી પ્રાણુ છૂટતાં, માથે ઓઢી રડશે, જીવ.
આવેલો જીવ ખાસ ખામણે, જટ ઝખી ઝટ ખડશે,
જર અર્થે ઘમસાણુ મચાવી, ઉંધા ઘાટો ઘડશે, જીવ.
જરની જોખમદારી જબરી, જે તુજ માથે ચડશે,
એ માથાને ખાડણીયામાં, ઘાલી કાળ કુટડશે; જીવ.
જર નિછારામાં જીવ જોગા, સડી ગયા કઇ સડશે,
અભડાયો છોવાયો જીવ મન, થી પણુ જરને અડશે, જીવ.
જરની ભાઠે જો ભગેરી, ભુંડો થઈ તું ભડશે,
જર પ્રભુરામ ભુલાવી મારે, જમ ચરણે શીર હડશે; જીવ.

પદ ૫૬૧ મું રાગ સદર.

અવિનાશી અનુગ્રહકારી, હે માયા જાળ વિહારી ટેક.
જનની ઇચ્છા તું જાણે છે, જો વિશ્વેશ વિચારી,
કર નિરોધ નારાયણુ મનનો, વિનતી ઝટ સ્વીકારી; અવિનાશી.

રંચ પરિશ્રમ નથી પડવાનો, હે અગ્નિ આ હારી,
કૃપા દયા પ્રેમામૃત શકિત, તેનો તુ કોઠારી; અવિનાશી.
ગર્જ ખરી પડતાં આ અરજી, હરજી મેં વીસ્તારી,
તેમ કૃપાધન કૃપા કરી તું, લે નિજ જન નિસ્તારી; અવિનાશી.
ઘડીએ ઘુંટ ભરાયે વ્હાલા, કરે વાર શું ધારી,
ત્રેવડ કર તક તાતી આવી, દે દે સર્વ સુધારી; અવિનાશી.
વિષમ વખતમાં વિઠ્ઠલ મારા, કર્મ તણી ગતી ન્યારી,
બચાવ બાપા કરી પ્રતિજ્ઞા, ગણી પ્રાણથી પ્યારી; અવિનાશી.
નાથ હાથ ગ્રહિ રાખી સાથે, લે તારી બલીહારી,
પાળ પ્રભુજન સમ દયાળુ; પ્યારા પર ઉપકારી, અવિનાશી.

પદ ૫૬૨ મુ. રાગ સહર.

જીવ! હાલક લોલક થામા, સ્થિર થા જરી બાપુ કથામાં. ટેક.
દિવસ બધો દમગાણુ મચાવ્યાં, માડયાં ખોટાં નામાં,
હરી ભજતાં તો હાશ થઇ જા, મૂકી નામાં ઠામાં; જીવ.
ખેતીવાડી કરી નોકરી, રોળાયો ધંધામાં,
ભજન પ્રસગે હે! ભાગેડુ, અવળે ધંધે ધામાં; જીવ.
ખાધા ખત્તા કરી ખંધાઇ, આ ટાણે તો ખામાં,
શાંત થઇ હરિરસમાં બૂડી, જા પણ કોઠા! કામાં; . જીવ.
થાકયો નહી રઝળાયો દીન આખો, હમણાં થાકી જા માં,
એક ચિત્ત થા નાથ ભજનમાં, રાખ ન મન બીજામાં; જીવ.
વાળી લે વંઠલ વૃત્તિને, ઝેર વિષયનું પા માં,
એક તાનથા ભૂલી તન મન, પ્રેમે જગ બાપામાં; જીવ.
પળ પણ પ્રીતી પરમેશ્વરમાં, ધારી લે જગ વ્હામાં,
જન પ્રભુરામ ભજી લે ભાવે. ગંદુ ગાણુ ગા માં; જીવ.

પદ ૫૬૩ મું રાગ સફર.

હવે રામ રસાળ બચાવો, માં ! માયા પાસ નચાવો. ટેક.
ભવ દરિયામાં ડુબું ભારે, કેશવ કર લંબાવો,
માયા જળ ગંભીર ઉછળે, લહરી મોહ હઠાવો; હવે.
મોટા મચ્છ વિષયની વાંછા, ડાચું બંધ કરાવો,
કામ ગ્રાહને કાપો વ્હાલા, નાહક શીદ સતાવો; હવે.
અન્ય ઇંદ્રીયોના જે વિષયો, જળચર તેહ દબાવો,
ભ્રમણા ભમરી પડતી ભારી, ખડકે કેમ ચડાવો; હવે.
બેડી બૂડી જાશે મારી, શ્રીવર શું તરસાવો,
ક્રોધ દંભ તૃષ્ણા કુર પવને, મરૂં હજી કાં નાવો; હવે.
તમ શીર ભાર મૂકી હું બેઠો, તો પણ કાં રઝળાવો,
લાજ જશે વ્યવહાર ત્રુટશે, પેઢી કાં ઉપડાવો; હવે
જન પ્રભુ હુજ અજાણ પોકારૂં, રામ કૃપા દરશાવો,
કરૂણાળુ કરૂણામૃત વૃષ્ટિ, કિંકર પર વરસાવો; હવે.

પદ ૫૬૪ મું રાગ સફર.

વળગે વિષ વેલી, તરૂ કો, મૂકી ભકિત રસ રૂકો. ટેક,
ચિંતામણી ચિત્ત માંહે ચોટી, ચાહે કંકર ચરૂકો,
કામધેનુ દ્વારેથી હાંકી, લાવે વ્હાલાં વરૂ કો; વળગે.
અમૃત રસસર સ્નાન કરંતાં, ચુથે પાચ પરૂ કો,
હિમત્તવંત તજી વોળાવું, ગોતે જઇ ગભરૂ કો; વળગે.
માગે માલ મફતનો શાને, છોડીને નિજ ઘરૂ કો,
શાંતિ તજી આફતમાં પડવા, ઉપાય કરશે શરૂ કો; વળગે.
નક્કર નગદી નરેડી ફેંકી, શોધે પંઢ બરૂ કો,
દાતા દ્વાર મુકીને ગોતે, મારવાડનો મરૂ કો; વળગે.
બ્હાદુરીની વાત બકીને, બનવા ઇચ્છે ભીરૂ કો,
હદયે રંગ જમાવી પાકો, ગોતે શીદ ગેરૂ કો; વળગે.

પાંડવ સૈન્ય અબળ સામીને, સંહારે નહિં કુરૂ કો,
જન પ્રભુરામ મલ્યા ભક્તિમાં, જાય શોધવા શુરૂ કો; ભજ્યો.

પદ ૫૬૫ મું રાગ સહર.

જીવ ! જા ભૂલી નિજ બળને, શું વળગે શઠ નિર્બળને. જીવ. ટેક.
વિષયવાસના વરી વેગળી, છોડ વૃત્તિના વળને,
જગ સામેથી મૂખ ફેરવી, વિઠ્ઠલ સન્મુખ વળને; જીવ.
ચિંતાને ચતુરાઇ તણી તું, તજી દે ઝટ અળવળને,
ટળવળાટ તૃષ્ણાનો છોડી, હરિ સામો ટળવળને; જીવ.
આપ બળે અભિમાન ઉપજતું, મૂકી દે મન મળને,
માન તજી નિર્માન થઇને, શઠ ! મળી જા નિર્મળને; જીવ.
કામ ક્રોધ મોહાદિક શત્રુ, મૂક હાંકી એ ખળને,
એ છળનારા પાપી પ્રૌઢ, સુદ તું તેને છળને; જીવ.
ચોંપ કરીને ચેત ચડીલા, હેતું તપાસી તળને,
અગાધ ઉંડું આ ભાસે તે, તાગી લે ભવજળને; જીવ.
ભિશાચીયાંની પ્રિતિ છોડી, દૈવી પ્રેમે પળને,
જન પ્રભુ રામ પદે હેતેથી, ઢોંગ તજી તું ભળને; જીવ.

પદ ૫૬૬ મું રાગ સહર.

વ્હાલપ કર વિઠ્ઠલ વરવા, જીવ ! શું બેઠો જડ મરવા, વ્હાલપ. ટેક.
મંડયો શાને હાથ અકર્મી, કામો કુડા કરવા,
દંડયો જમડે વારંવારે, તોય ન લાગે ડરવા; વ્હાલપ.
અથડાયો અપવાદ ચડયા બહુ, જોઇએ ચિત્ત ધરવા,
પછડાયો પાપી તું પૂરો, હજીએ માંડ સુધરવા; વ્હાલપ.
જાળ બધી જંજાળ જગ મિથ્યા, કેમ કરે દુર પરવા,
ઝાળ અચાનક ગળવી લાગે, શીદ જાગ્યો એ પરવા, વ્હાલપ.
હડકાયા પેરે કાં જાહડે, પાપે પેટજ ભરવા,
ભડકાયા બહુ જો ભોડચમાં, ભત્તા ફૂંદે ફરવા, વ્હાલપ.
ભ્રાંતિ ટાળી ભવભય ભાળી લાગ હજી સ્થિર ઠરવા,
શાંતિ રાખી સુખ રસ ચાખી, ચાહ કરી લે તરવા; વ્હાલપ.

સત્ય શિખામણ તું સાંભળ આ, શ્રવણો રાખી શરવા,
નાચી રહે પ્રભુ રામ નામ છે, સમરથ પાપો હરવા; વ્હાલપ.

પદ ૫૬૭ મું રાગ સદર.

વરઘોડો નહિં વર ઓળો, એ મહા મોહની છોળો. વર. ટેક.
જાન નહિં પણ જહાન જાય છે, સમજે નહિં જીવ ભોળો,
કોડો કામી કન્યા મુખડે, માંડી બેસે ડોળો; વર.
ઢોલે વાગ્યું જાય ન દેખે, દિવસ ખાસ છે ધોળો,
મન લલચાયું માનુની માંહે, તેથી પડીયો મોળો. વર.
સાસુ સમજાને સાને કાં, જમાઇ નિજ કુળ બોળો,
સાંબીલે ખંડાશો શાને, ઉમર રાખે રોળો; વર.
ત્રાકો તીખી ભોંકાશે કાં લાભ અલાભ ન તોળો,
મંથન થાશે આ રવાઈથી, સુધા જામ કાં ઢોળો; વર.
ધુંસર કાંધે પડશે વશમું, શાને શીર ખંજોળો,
જોતર ડોકે બધાવાનું જીવતર કાં ઝખકોળો; વર.
ખાસ ખોટ ખાવાનું ખાતું, આતે શીદને ખોળો,
છો સમજુ પણ મૂઢ જીવ પેઠે, ટાંટાં કેમ જ ટોળો; વર.
અમુલ્ય માનવ દેહ નકામો, કરવા કાં વિષ ઘોળો,
રામ પ્રભુજન ભજી ચુકાવો, કાળ તોપનો ગોળો; વર.

પદ ૫૬૮ મું રાગ સદર.

ગુરૂ ગોવિંદ નામ ગજાવો, સામગ્રી શુદ્ધ સજાવો. ગુરૂ. ટેક.
સમજે નહિં તેને શાંતિથી સમજણ દઇ સમજાવો,
દૃષ્ટાંતો સિદ્ધાંત બતાવી, તૃષ્ણા તાર તજાવો; ગુરૂ.
શર્મ મુકાવી ધર્મે ઝુકાવી, ભક્તિ વેશ ભજાવો,
લાજે દાઝે કોઇપણ રીતે, લોભી નરને લજાવો; ગુરૂ.
આપ ભુલી ભગવતમાં ડુબી, નાચો તાલ બજાવો,
કત ગુરૂ. ઝુંપડી પર ભજનોનાં, ભાવિક છાજ છજાવો;

ઢમ ઢમ ઢીનો નાથ દઢાવી, દ્વેષી દીલ ઢઆવો,
ધ્વનિ મચાવી ગગન ગજાવી, જન પ્રભુ રામ રીઝાવો; ગુરૂ.

પદ ૫૬૯ મું રાગ સદર.

મન ! કેમ થયું છે હઠીલું, શ્યા ચતુર, મટી તું ચડીલું, ટેક.
અંધારે ઓળખ વિણુ માને, વિષય વાડ ઝટ પીલું,
સિદ્ધ સ્વરૂપ અસલ છે તારૂં, નથી સુરઘીનું પીલ્લું; મન.
ભવ ચીચોડો ભરડી લેવા, ચહે ગોળનું ભીલું,
એજ મનોરથ મૂર્ખ-પણાનો, થા કા દિન દંભીલુ, મન.
ઢીલા લમણા ઢીલી વૃત્તિ, કર માં ડાચુ ઢીલું,
હિણુપત લાગે ચટ ચેતી જા, વાદલ રહે ન વીલું; મન.
આમ ઉફાંદ કરે કાં ઉંધા, શુ લાગ્યુ છે ટીલું,
વળ છોડી દે વાનર ! તારા, મટ મટ મન આટીલું; મન.
મોહે માને જગ બગીચામાં, બાગ બાગ બની ખીલું,
એ સઘળા તુજ અવળા ચાળા, નથી થાવું કાંઈ લીલુ; મન.
સમજ ઉતાર ગળે સંતોની, મટી જા મુઢ તંગીલું,
પ્રભુમય રામ રસાયન ચાખી, રંગે બન રંગીલું; મન.

પદ ૫૭૦ મું રાગ સદર.

કુર કાળે ઘાલ્યો ઘેરો, સન્મુખ ચઢી શત્રુ ઘેરો. ટેક.
સેન કરે સુસવાટ સામટું, રંગ દીસે અતિ ઘેરો,
એ ભડ કોટી ઉપાય કરો પણુ, થશે નહિં આઘેરો; કુર.
જીવડા તું જાગી નવ જોતો, ચડયો અમલનો ટેરો,
થપડ વાગે ત્યાં અંતરનો, ફાટી પડશે ટેરો; કુર.
ત્રુટી પડશે એક તડાકે, કુડ કુંટુંબી કઠેરો,
મહેલ મજાના મૂકી અંતે, શબવત ચેડે ઠેરો; કુર.
જોને જમ રાજાએ તાણ્યો, તુજ પાદરમાં ડેરો,
સંગ કુસંગ થવાથી તારી, ડાકે પડીયો ડેરો; કુર.

આખર અળગાં સહુ થવાનાં, છિન ભર્યો બહુ ફેરા;
તેનાથી છુટા પડતાં માં, જીવ આંસુડાં ફેરા; ફુ.
કર્મ ફળે તૃષ્ણા ત્યાગીને, દે ચુકવી સહુ વેરા,
પ્રભુજન સ્વામી રામ ભજી લે, વિસરી વ્હાલપ વેરા; ફુર.

પદ ૫૭૧ મું રાગસહર.

ભજ ભાવે જીવ બહુ નામી, બોથડ થઈ બહુ બદનામી; ભજ ટેક.
કોઈ ન તારૂં તેમાં વળગી, ખોળ કરી તે ખામી,
જાલીમ જીવડા શું વાળ્યું, કરતાં કાકી કામી; ભજ.
સૂનો આ સંસાર સત્ય તેં, માન્યો વસતોં વામી,
અહંકારમા અંધ બનીને, હેકડ થયો હરામી; ભજ.
તાણી બાંધ્યો તંત નકામો, કરતાં કાશ નકામી,
અંતરમાં આનંદે ઉભરી, શોધ્યો નહિં અનામી; ભજ.
પૂર્વજન્મનાં પાપો પૂરાં, પકડ્યાં એજ હજામી—
કીધી પણ છૂટયો નહીં કોડે, રહ્યો ભોશથી જામી; ભજ.
અંતરજામી ઇશ્વરનો તું, પાડ ચૂકયો છે પામી,
ઓળખ એ અવિનાશી હેતે, યાદ કરી જમ હામી; ભજ.
પ્રભુજન સ્વામી રામ પદે જા. વિષયો થકી વિરામી,
સાધન આશા તજી કહી લે, રામ નમામી નમામી; ભજ.

પદ ૫૭૨ મું રાગ સહર

દીનબંધુ દુઃખ હરનારા, વિનવું વ્હાલે વરનારા. દીન. ટેક.
જન મનવનમાં રામ તમે છો, સિંહરૂપે ફરનારા,
કામ ક્રોધી ગીદડશું થાશે, કષ્ટ અતિ કરનારા; દીન.
જગ ચોપટમાં રમતાં મારા, દાવ નથી પડનારા,
પઘડે ઘા હું નાથ ભુલું છું, આજ થશે હરનારા; દીન.
આ સંસારતણી શતરંજે, મુવા બધા મરનારા,
જીતાવા હરિ મારી બાજી, બનો શત્રુ દમનારા; દીન.

આ મુજ બેડી જુના માંહી, દેવ દયાળ ધરનારા,
આમાંથી લે હરિ ઉગારો, ભાર નથી ભરનારા; દીન.
પાપ ન મારાં મનમાં લેશો, જે ઝાઝાં નડનારાં,
મોહન મોટપ લેશ તમારી, થશે વ્હાર ચડનારા; દીન.
હરિ વર શૂરા છો જગસ્વામી, જમથી નથી ડરનારા,
પ્રભુરામ કર પકડો પ્રીતે, છો તારક તરનારા; દીન.

પદ ૫૭૩ મું રાગ સોરઠ.

સહુ બેડા આશ અટેલી, મહ મોહ મતી મેલી, સહુ. ટેક.
કૃપણપણે કંજુસીઆ કપટી, કરે કંચને કેલી;
વધે ધાંખના ધનની ધાંધે, દીધો ધર્મ ધકેલી; સહુ.
તનમનાટ તીક્ષ્ણ છે તનમાં, લોરે વૃત્તિ તમેલી;
ત્રિવિધી તાપે નિત્ય તપે છે, તૃષ્ણારૂપ તપેલી; સહુ.
ખબાબ ખરાબ ખરેખર કરતાં, ખાસ રહે છે ખેલી;
કુભાગ્યમાં શું અરે કુટીલતા, દેવે છેજ લખેલી; સહુ.
ઠરણાનું ઠેકાણું ઠાવકું, હેય ઠાઠમ ઠેલી,
ગેંગાના ગોટાની ગાંઠો, દીલમાં છે ગઠેલી; સહુ.
ફાલતુના ફોકટના ફંદો, ગયા વિશ્વમાં ફેલી;
તો પણ લીધી વાત ન મૂકે, તજે નહી ભાહેલી; સહુ.
ઉછાળતા વિષયોની ઇચ્છા, જે જે હતી હવેલી;
સમજે નહિં શઠ અંતે સાચો, રામ પ્રભુજન બેલી; સહુ.

પદ ૫૭૪ મું રાગ સોરઠ.

દાસાનુદાસ પદ પ્રીતિ, કરતાં ટળતી ભવ ભીતિ. દાસા. ટેક.
હરી દાસના દાસ ચરણમાં, સ્નેહ પ્રેમ પર પ્રીતિ,
જમ[illegible] જન જનની સેવા, [illegible] [illegible]; દાસા.
શ્રી વર સેવકના સેવકની, સેવ સરસ એ રીતિ,
સાધન [illegible] [illegible], [illegible] પ્રેમ પ્રતિતી; દાસા.

એજ કર્મને યોગ સમાધિ, એજ ન્યાય ને નીતિ,
એજ ધર્મનું વર્મ અભેદી, અળગી કરે અનીતિ; દાસા.
ચતુર્ભુજ ચાકર ચાકરની, સેવા એજ સુરીતિ,
કરી ચાકરી ચારે જુગમાં, જીવ ગયા જગ જીતી; દાસા.
નારાયણ નોકર નોકરના, પદમાં હોય અપ્રીતિ,
નકટા નફટ નરની ફોકટ, ગઇ આવરદા વીતી, દાસા.
પ્રભુરામ સુદાસ દાસના, પદપંકજમાં સ્થીતિ,
કરી, કલ્યણ કમાવુ કોડે, સાચી એજ સમીતી; દાસા.

પદ ૫૭૫ મું રાગ સદર.

મન રાચ રામ નવ રંગે, રંગી મન ન્હાને ગંગે. મન. ટેક.
ગંગ પાપ કાપે છે મોટાં, મન મસ્તાન ઉમંગે,
ભાવ ધરી ભવસાગરમાં તું, બેસ રામ ઉછંગે; મન.
ચક્ર વિચિત્ર વિશ્વનું ભારે, તેમા ચડમા ચગ,
ચમક ચમક તું ચોર ચડીલા, જોર ન કરવું જંગે; મન.
વિષયવાસના વૃક્ષ નઠારૂં, તે ડાળે શું ટંગે,
ડોધા, ડાળ બટકણી તુટે, પડશે કુપ કુસંગે; મન.
હીરા માણુક મોતી પીરોજા, જગ ઠગાય એ નંગે,
રત્ન નામ રઘુવરનુ સાચું, ઓપાવી લે અંગે; મન.
ભોળાયો ભૂલ્યો જે જુડા, તુટી પડશે તંગે,
દમ દમ દામોદર દીલ ધારી, દોરાવુ નહી દંગે; મન.
ખાઇ ખાઇને ખોટ લગાડી, આખર જાગ્યો ખંગે,
ઢોર ધમા ધમ શાની કરતો, લાજય લપુડા ઢંગે; મન.
ગંગ સંગ છોડીને બંગા, ભંગી ભળ માં ભંગે,
પ્રભુ મન સ્વામી રામ સમરવા, જા જા જા સત સંગે; મન

પદ ૫૯૬ મું રાગ સદર.

રટ મન રામ રામ સુખકારી, તજી વિષય વાસ દુઃખકારી. ટેક.
રામ નામ નવ નેહ મેઘસમ, માનીને શુભકારી,
બાપૈયાં સમ બનીને રટી લે, નામ ઘણું ગુણ કારી; રટ.

સરિત સરોવર જળ સમ બીજાં, સાધન છોડ વિકારી,
રામ નામ જળ સ્વાંતિ, સુધાસમ, પી પી પી અધિકારી; ૨૮.
મેઘ ભલે પાષાણુ પછાડે, અધિક ગણે હિતકારી,
ચાતક રટણુ વધે પ્રિતિ વધતી, સ્નેહ તણી સીતકારી, ૨૮.
મતિ અતિ રામ નામમાં રાખો, ભવ છૂટે ભયકારી,
પ્રભુ પતિ પ્રેમ ઘટા છવરાવે, વૃત્તિ બને લયકારી; ૨૮

પદ ૫૭૭ મું રાગ સદર.

મન ભજ ભજ રામ કૃપાળા,
ભવ ભય હર દીન દયાળા. મન. ટેક.

નેત્ર કંજ મુખકંજ કંજ કર, ચરણુ કંજ અરૂણાળા,
અગણિત કામ અમિત છબી અંગે, નીલકંજ રઢીયાળ; મન.
તિલક વિશાળ રસાળ ભાલમાં, શીશ મુકુટ શોભાળા,
કાને કુંડલ અંગ વિભુષણુ, બાળ છતાં મોભાળા, મન.
પીતાંબર દ્યુતિ દામિનિ નિંદક, કંઠે મણીની માળા;
ભુજ પ્રલંબ શર ચાપ ધર્યાં છે શત્રુજીત પણુ બાળા. મન.
દશરથ નંદન જે જગવંદન, કોશલચંદ કરૂણાળા,
રઘુનંદન દશ શીશ નિકંદન, રઘુવર રામ કૃપાળા; મન.
શંકર શેષ મુની મનરંજન, ગંજન કામ કરાળા,
દાસ પ્રભુ હૃદયે ગ્રહી રાખો, મોહનજી મરમાળા; મન.

પદ ૫૭૮ મું રાગ સદર.

પ્રભુ સંતપરે બલિહારી, જુગ જુગ કીર્તિ વિસ્તારી, પ્રભુ. ટેક.
ભાષા સરલ સરલ શબ્દો છે, સરસ અર્થ બહુ ભારી,
કાન સરલ નિષ્કામ સરલ મન, સરલ હૃદય અવિકારી; પ્રભુ.
સરલ સ્વભાવ સરલ વિચારો, સરલ વૃત્તિ સુખકારી,
જ્ઞાન સરલ ને ભક્તિ સરલ છે, સરલ બુદ્ધિ હિતકારી; પ્રભુ.

સરલ ભક્તિ ભાગવતનું મુક્ય છે, નિયમ સાધન નકામું,
કે ઉપદેશ સકલ શાંતિથી, ચિત્ત સરલ સદાચારી; પ્રભુ.
સરલ શ્રવણને સરલ કીર્તનો, સેવા સહજ ભ્યારી,
સરલ મનન ને સરલ નિમાણ, સરલ દાસ વૃત્ત ધારી, પ્રભુ.
આત્મ નિવેદન સરલ કર્યું છે, સરલ પ્રેમ પ્રીતી સારી,
સરલ સરલ ને સરલ મનુથી, આત્માનંદ વિહારી; પ્રભુ.
સરલ સંત શ્રીરામ રૂપ છે, સહુ જનને ઉપકારી,
પ્રભુ પ્રણામ તે સંત ચરણમાં, જન્મ કોટી અઘહારી. પ્રભુ.

પદ ૫૭૯ મું રાગ સફર.

ધન્ય સંતરૂપ શ્રી હરીને, જગ પાવન કરતા ફરીને ધન્ય. ટેક.
શમ દમ ક્ષમા ભક્તિ સુખદાયક, શીતળતા અતિ ધરીને,
જગ જીવોને કરે સચેતન, કામ ક્રમ વીચરીને; ધન્ય.
પરઉપકારે પ્રીતિ ઘણેરી, સ્વાર્થ સહુ પરહરીને,
ધનદ થકી અધિકા ધનવંતા, મારે લાત પરીને; ધન્ય.
અતિ અનન્ય ઇશ્વરમાં ભક્તિ, એક કામ કરીને,
રઘુવરમાં મન રમતું તેનું, જગથી ન જાય ડરીને; ધન્ય.
મૃગજળ જેવું જગ મન જાણે, અંશ ત્રાસ સંહરીને,
આશ એક વિશ્વાસ એક છે, સહજે જાય તરીને; ધન્ય.
રાગ ન રોશ ન માન મદાદિક, ભક્તિ પંથ સંચરીને,
દીલના દોષ બધા બાળ્યા છે, કૌશલચંદ્ર વરીને; ધન્ય.
રામરૂપ સ્વાંતીમાં મનને, રાખ્યું ચાતક કરીને,
દાસ પ્રભુ એ સંત ચરણમાં, પડુ મન મોદ ભરીને, ધન્ય.

પદ ૫૮૦ મું રાગ સફર.

પસ્તાશો પેટ ભરીને, ભજશો નહિં ભાવ ધરીને, ટેક.
એવોને દુર્લભ નર તન આ, મળશે નહીં ફરીને,
એસો તેર મારી પોતજ ખાશો, અમથાં કાજ કરીને, પસ્તાશો.

સ્વર્ગ નર્ક અપવર્ગ નિસરણી, સટકી જાય સરીને,
ઉત્તમ સાધન કરીલો હરદમ, ભજી ભાવેથી હરીને. પસ્તાશો.
હરીવરથી કરી હેત હઠાવો, જમ દૂતોની છરીને,
કાચે કુંભ ભર્યું જળ તેતો, ઝટપટ જાય ઝરીને; પસ્તાશો
કામધેનુ દુધ માટે તજીને, ખોળો શીદ ખરીને,
હરિ વિમુખ સુખ સાધન કર મા, મોત કુમોતે મરીને;પસ્તાશો.
કુપથ કુતર્ક કુસંગ તજીને, સત્સગે સચરીને,
પ્રભુ પતિ રામ કૃપાથી સહજે, તરત જશોજ તરીને; પસ્તાશો.

પદ ૫૮૧ મું કુરંગમાં ભરતે ભાવ ભર્યો એ લય.

બિછાવ માં, પાપી તું જાજમો; ટેક.
જ્યાં પાપો બાવળીયા ફાલ્યા,
એવા મારગ જેણે ઝાલ્યા,
ચાલ્યા જો આજમો; પાપી.
મનમાં પાપે પ્રીતિ કર માં,
પેશ નહિ પાપોના ઘરમાં,
ભર માં તું તાજમો; પાપી
કરી નાખ પાપોને ટુકડાં,
ક્યાં બચાં વધશે જેમ કુકડાં,
ટુકડાં છે વ્યાજમો, પાપી.
પાપી મન વશ, શે ! ન રખાતું,
કેમ ન અમૃત જીભે ચખાતુ,
ખાતું કાં માજમો; પાપી.
ઝટપટ કરી લે રૂડાં કામા,
પ્રભુ રામ રટ મુકી રામા,
સામા, ઉભા જમો; પાપી.

— —

પદ ૫૮૨ મું રાગ સહર.

જપો મન રે ! સીતા રામ હરી. ટેક.

નાવ ખરૂ ભવનિધિમાં તરવા,
સાધન એક સિદ્ધિયો વરવા,
કરવા, કાશ પરી; સીતા.
સંયમ, યોગ ને યજ્ઞ સમાધિ,
તેને વળગી કજી ઉપાધિ,
આધિ, આધી કરી; સીતા.
શઠ સાધુ જ્ઞાની અજ્ઞાની,
રામ રટે થાતા વિજ્ઞાની.
શાની ખોટ ફરી; સીતા.
દાસ પ્રભુ જપનુ કરી ઝાવુ,
સમજ સમજ શઠ શું સમજાવુ,
જાવુ, જલદી તરી, સીતા.

પદ ૫૮૩ મું રાગ સહર.

પ્રેમ ધરો ! સીતારામ પદે. ટેક.

ત્યાગ વિરાગ ન લાગ કળિમા,
અમથા વસ્ત્ર શુ બોળ ગળીમાં,
પળિમાં ધૂળ વદે, સીતા.
પ્રમવિના સાધન સૌ નરસું,
રામ રતન તજી જાચે જરશું ?
મર શુ ? મોહ્રમદે; સીતા.
રામ પ્રેમ મણી તજ કાં અંધા,
કલ્પતરૂ એ કા નહિ બંધા,
ખધા, આળ્ય હદે; સીતા.
પ્રેમ મણી જગઝેર ઉતારે,
પ્રેમ પ્રભુ મરતા જ ઉગારે.
સારે, સ્નેહે સદે; સીતા.

પદ ૫૮૪ મું. રાગ બાળા ! જા તું તપોવનમાં. એ લય.

પ્યારા ! તરતાં ત્રાસ પડે. પ્યારા ટેક.

ભવજળ નિધિનાં મોટાં મોજા, એ ઉપડે નહિ હુથી બોજા,
બાઠામાંજ બડે; પ્યારા.
બાઠાં ઝાઝાં ભય ભારે છે, જળચર ઝડપી ઝટ મારે છે,
તાણ્યો તે જાય તડે; પ્યારા.
તરણી ત્રુટક્ષ સઢ નથી સારો, નાવીક મૂર્ખ મળે નહી આરો,
હરકત એવી નડે; પ્યારા.
દોરી દોરડાં સર્વે સડેલા, માલમ માંહે માંહે લડેલા,
દડવડતાજ દડે; પ્યારા.
ત્રીકમ તેવડ એકે નવ મારે, તારણ થઇને જો તું તારે,
તરણી બંધાય કડે; પ્યારા.
સાધન ખુટયાં, કાળે કુટયા, દાસ પ્રભુજી ભાગ્યજ કુટયાં,
તરવું તારા વડે; પ્યારા.

પદ ૫૮૫ મું રાગ સદર

પ્રાણી ! પાપે પેટ ભરે, પ્રાણી, પાપે. ટેક
અણધારી આપદને અંધો, જાણી જોઇને વરે, પ્રાણી.
નંદનવનની અમૃત વેલી, મુકી કાટા ચરે, પ્રાણી
નામ નારાયણ નાણું છોડી, બાંધે જીવ જરે; પ્રાણી
મોહન મુરતી મન ન ધારે, માયામાં જ મગે; પ્રાણી.
ધરણીધરનુ ધ્યાન તજીને, ધનનુ ધ્યાન ધરે; પ્રાણી
પ્રભુપતિ રામ ન કીધા વ્હાલા, તુબો કયાથી તરે; પ્રાણી

પદ ૫૮૬ મું રાગ સદર.

ભાઇ ! જો તક ચાલી જાય, ભાઇ. ટેક.

તક જાતાં તું પણ જવાનો, અને આડી નથી રહેવાનો,
હાથ હરામી ધાય; ભાઇ.

તક વિત્યા પછીનો પસ્તાવો, કરતાં એમ મળે નહીં માવો,
જીંદગી ખાલી ખાય; ભાઈ.
તક પર જો વરસે તો સારૂં, પાછળ વરસે થાય નકારૂં,
ખોટી ખેતી થાય; ભાઈ.
તકમાં ત્રેવડ ખાસી કરવી, આખર આપદ અમથી ધરવી,
દુ:ખ ન દીલ ખમાય, ભાઈ.
તકને તાને પ્રભુ દીલ રાખી, અંતરમાં રસ લેવા ચાખી,
ગુણ ગોવિંદના ગાય; ભાઈ.

પદ ૫૮૭ મું. રાગ સદર.

પ્યારા! મરતો મન મટકે, પ્યારા. ટેક.
મોટપ મનમા મામ ઘણી છે, મરતાં મડદા કોણ ધણી છે,
ભવમાં શું ભટકે; પ્યારા.
હાથ પડે જમને તું જ્યારે, કોઇ બચાવ કરે નહીં ત્યારે,
અમથો શું વટકે; પ્યારા.
જેને મારા કહે તે ન્યારાં, રહી આપે છે દુઃખના ભારા,
આખર કો ન ટકે, પ્યારા.
મા'રૂં મારૂં મનમાં કર માં, માની મનવા માને મર માં,
લીબે શું લટકે; પ્યારા.
દાસ પ્રભુ સાચાનો સંગી, રામ ખરો રક્ષક બહુ જંગી,
જમને દે ઝટકે; પ્યારા.

પદ ૫૮૮ મું રાગ સદર.

મનવા! ખોટ નહીં ખટકે, મનવા. ટેક.
દેખ દીવાળું આવ્યુ ભારે, કેમ કરી જાવાશે પારે,
હાય હજી અટકે, મનવા.
લીધું પણ દીધું નહીં કોને, કાળપ મુખની કેમ ન ધોને,
વિષયરસો ગટકે; મનવા.

પાપ કરજ પોષે નહિ વ્હાલા, પુન્ય કરો ના કેમ નમાલા,
સમજીને સટકે; મનવા.
લાલચમાં લેવાણો લોંડા, એથી માર દીયે જમ ગોંડા,
ચેતી જા ચટકે; મનવા.
દાસ પ્રભુ ચેતી લે ચિત્તમાં, હામ ન હૈયે રાખો વિત્તમાં,
છેવટ શું છટકે; મનવા.

પદ ૫૮૯ મું રાગ સદર.

માની ! થા માં અભિમાની, માની. ટેક.
મનમાં માની થાતા મોટા. એક પલકમાં ઉડયા ગોટા,
જા માં તુ રાની; માની.
મોટપણે બહુ રહેતા મહાલી, ઠાઠડીયો ગઇ તેની ઠાલી,
ઉડી ગઈ વાની, માની.
હું પદમાં હાર્યો તું પદને, હાય હઠીલા તજીદે મદને,
આ દુનિયાં ફાની; માની.
ગાંઠ ગડાકુ કયાં છે ગોબા, દોલતખાં થાતો શું ડોબા,
એ છે નાદાની; માની.
વેશ ધરે પણ દેશ નથી જયાં, લેશ નભે નહી વેશ ખરો ત્યાં,
શું જોતો પાની, માની.
રામ પ્રભુ ભજ થઇને તાની, હાય હવે થઇ બહુ હેરાની,
રાખ હવે કાની; માની.

પદ ૫૯૦ મું રાગ સદર.

પ્યારા ! મરતાં માર પડે, પ્યારા. ટેક.
જમદુતો દુ:ખો બહુ દેતા, આજીજીથી પણ નથી રહેતા,
જોર કરી પકડે; પ્યારા.
માર ઘણો મુગદળનો મારે, ભાલાં ભચો ભચ ખુંચે ભારે,
બાંધે બહુ જકડે; પ્યારા.

ધગ ધગતી રેતીમાં ચાલે, ટીંપુ પાણી પણ નહી આલે,
જીવ અતિ ફફડે; પ્યારા.
નીચે અગ્નિ ઉપર ભાનુ, તપતાં તાપ સહે જીવ શાનું;
શ્વાસ ઉડે ભભડે; પ્યારા.
કષ્ટ અનેક ન વર્ણન થાયે, પાપી જીવ થકી ભોગવાયે,
ફરવું નહી ફકડે, પ્યારા
દાસ પ્રભુ સમજે તો વારૂ, રામ શરણ રહેવામા સારૂ,
ખોવું નહીં જમડે; પ્યારા.

પદ ૫૯૧ મુ રાગ ધનાશ્રી.

રામકૃપાથી ફરે, વિધિના અંકો, રામકૃપાથી ફરે. ટેક
આપ બુડે બીજાને ડુબાડે, પથર પાણી તરે, વિધિના.
અબુધ અજ્ઞાની વાનર રીછો, મંત્રી થઈ મંત્ર કરે; વિધિના.
સાગર કોઈથી ઠેક્યો ન જાયે, હનુમત ફાળ ભરે, વિધિના
અરધુ બળ આકર્ષે વાલી, એકજ બાણે મરે, વિધિના.
દાસ પ્રભુ અવળા અંકો પર, રામજી છેકા કરે, વિધિના.

પદ ૫૯૨ મુ રાગ સદર.

દુષ્કૃત દિલથી ત્યાગ, મન તું, દુષ્કૃત દિલથી ત્યાગ. ટેક.
નામનો અગ્નિ દિલ પ્રકટાવી, દિલના દોષો દાગ; મન તું.
ગુરૂના શબ્દે દ્રોહ જવાળાથી, સ્વપ્ન તજી તું જાગ મન તું.
તે જન જગમાં ફરે મતવાલા, પ્રેમી લગની લાગ; મન તું.
નામની જચનાથી જીવ જાગે, મુકતી ન મોંઘી માગ; મન તું.
પ્રભુ હરિ રામા શરણ રહી જા, તોડી બીજા ત્યાગ મન તું.

પદ ૫૯૩ મું રાગ સદર.

ભજતો નથી ભગવાન, ભાવે કરી, ભજતો નથી ભગવાન. ટેક.
નવ માસ ગર્ભે અધો મુખ લટક્યો, ભુલી ગયો શુ ભાન, ભાવે
તે દુઃખ અલ્યા કેમ વિસાર્યું; શાને ન આવે સાન; ભાવે.

જઠરાગ્નીની જ્વાળાઓથી, માંડ બચ્યો છે જાન; ભાવે.
હરિજન જોઇને હાંસી કરીશું, છેક ન થા તુ નાદાન; ભાવે.
દાસ પ્રભુ જમદ્વારે જાતાં, ધાક ઉઘડશે કાન; ભાવે.

પદ ૫૯૪ મું રાગ સદર.

વેળા ન પાછી વળે, હરામી જીવ, વેળા ન પાછી વળે. ટેક.
શીશપર કાળ સદા ગરજે છે, સાજ સવાર ગળે; હરામી જીવ.
ચાર દહાડાનુ ચાંદરણુ આ, પલ પલમાં જ પળે, હરામી જીવ.
નરદેહ મોંઘો મોતી જેવો, ઘટીમા શુ દળે; હરામી જીવ.
કાચને સાટે પારસ ઠેંચે, મૂરખ મન શુ રળે; હરામી જીવ.
દાસ પ્રભુ ભજ સીતા પતિને, લાગ ન એવો મળે; હરામી જીવ

પદ ૫૯૫ મું રાગ સદર.

ટેક ન તારી મેલ, મરદ બની, ટેક ન તારી મેલ, ટેક.
ત્રિવિધ તાપ કદી તાવે તો પણ, ખોટા ન કરવા ખેલ; મરદ બની.
મોડું કે વ્હેલું મરવું સાચું, કરવી ભજનની રેલ; મરદ બની
દીનતા નહીં દુઃખમાંહે ધરવી, છોડી દેવા બદફેલ; મરદ બની.
દાસ પ્રભુ સીતાપતિ ચરણે, ટેક ન ટળવી સહેલ; મરદ બની.

પદ ૫૯૬ મું રાગ સદર.

શું મુખ લઇને બોલ, અક્કલના ઓઘા, શું મુખ લઇને બોલ. ટેક.
સ્વારથ કાજે શ્વાનની પેઠે, કરમાં ડોલા ડોલ; અક્કલના.
પિંડને માટે પાપો કર્યાં તેં, તેથી ઘટયો છે તોલ; અક્કલના.
શંખલા સાટે શઠ તે ગુમાવ્યું, રામ રતન અણમોલ, અક્કલના.
દાસ પ્રભુ આતમધન ખોયું, વાગી માથામાં ધોલ; અક્કલના.

પદ ૫૯૭ મુ રાગ સદર.

મૂખ ન કાળુ બતાવ, મૂરખ મન, મૂખ ન કાળુ બતાવ. ટેક.
લોક લજ્યાનો કુંડ ઉંડો છે, તેમાં થયો ગરકાવ; મૂરખ મન.

લગડું આ લખ ચોરાશીનું, શાને તું માથે ચડાવ્ય. મૂરખ મન.
રામચરણ રજ મુકી મોંઘી, રાખ ન હેતે લગાવ્ય; મૂરખ મન.
દાસ પ્રભુ મન થઇને હરામી, હીરો શું કામ ફગાવ્ય; મૂરખ મન.

પદ ૫૯૮ મું રાગ સદર.

વાળ્યો આડો આંક, અભાગી જીવ, વાળ્યો આડો આંક. ટેક.
માધવ મણી મફતનો મેલી, લસણ લીધું થઈ વાંક; અભાગી.
આશામાં અફળાઈ મરે છે, કહે છે થાશે કાક; અભાગી.
સિંહ સ્વજાતે જાણુ ન તેથી, અજ થઇ બેઠો રાક, અભાગી.
સાખ લોઢાની સાંકળે તારી, તેલ ન તોળે ટાંક; અભાગી.
દાસ પ્રભુ જા રામ શરણુમાં, મેલી મનનો લાંક, અભાગી.

પદ ૫૯૯ મું રાગ સદર.

રઘુવર સીતા રામ, ભજ મન, રઘુવર સીતા રામ. ટેક.
વાલી સરખો વીર વિદાર્યો, સુગ્રીવ સ્થાપ્યો ઠામ; ભજ મન.
રાવણને રણજંગે રોળ્યો, દેવનાં કીધા કામ, ભજ મન.
વિભિષણને રાજ દઇને, સુખથી વસાવ્યો ધામ, ભજ મન.
ક્રુર કુટીલની કાશો કાઢે, ગરીબ નિવાજક નામ, ભજ મન.
દીન દયાળુ બાનુ દેખી, હેતે વધારી હામ; ભજ મન.
દાસ પ્રભુ મન રામ ચરણુમાં, પામી જા વિશ્રામ; ભજ મન.

પદ ૬૦૦ મું રાગ સદર.

રઘુવર નામ ઉદાર, ભજ મન, રઘુવર નામ ઉદાર. ટેક.
નામ પ્રતાપે પ્રેમ ધરીને, અંતર શત્રુ વિદાર; ભજ મન.
રામ હોય ત્યાં કામ ન આવે, છે જુમે બરદાર; ભજ મન.
નામ હજારોમા લે જાણી, રામ નામ સરદાર, ભજ મન.
ચોકી પહેરો પાકો ફરે છે, ખાસ છે ખબરદાર, ભજ મન
પેઢી લુંટાવા કદી ન દેશે, છે બહુ આબરૂદાર; ભજ મન.
દાસ પ્રભુ મન રામ વિનાનો, જુઠો જાણુ મદાર; ભજ મન.

પદ ૬૦૧ મું રાગ સદર.

રામ વિમુખ ગતિ દેખ, મુઢ મન, રામ વિમુખ ગતિ દેખ ટેક.
જેની સભામાં વેદો વાચે, બ્રહ્મા લખે પુઠી લેખ, મુઢ મન.
શીત્ર પુજાત્રા સામા આવે, એ કૌતક પશુ પેખ; મુઢ મન.
દાનવ દેત્ર દયામણું ડાચાં, ઉસે જેવા ભેખ; મુઢ મન.
એવા રાવણનાં ભાગ્ય જ નાઠાં, રામની વાગી મેખ; મુઢ મન.
સુખ સંપત્તિમાં હાર થઇ સહુ, ત્રુટયો જબરો તેખ, મુઢ મન.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, છેકે કરમની રેખ; મુઢ મન.

પદ ૬૦૨ મું રાગ સદર.

વંઠયા છે વ્યવહાર, જગતમાં, વંઠયા છે વ્યવહાર. ટેક.
સ્વપ્ને ધર્મનું નામ મળે નહિં, ભ્રષ્ટ થયા આચાર; જગત્
અધરમ અંદર ધસતો આવે, વેદ વિરૂદ્ધ વિચાર; જગત્.
વિપ્રો વેષ ધરી ઠગનારા, સમજે ન સારા સાર જગત્
નીચનું લેવું, નીચનું ખાવું, નીચાં કરમ નિરધાર; જગત્
જીવન નીચું કામા નીચા, નીચતામાં જ વિકાર, જગત્
દાસ પ્રભુ એક રામ કૃપાથી, બચવાનો જ આધાર, જગત્

પદ ૬૦૩ મું રાગ સદર.

રામ ભજન સુખકાર, જગતમાં, રામ ભજન સુખકાર, ટેક.
આળસ અંગેથી ઉડાડી, કર તેની દરકાર; જગત્.
પ્રેમ પુરો પ્રકટાવી પ્રીતે, ભજવો ભત્ર સરકાર; જગત્
પુર્વે કરેલાં પાપો ટાળે, નામ સરસ શ્રીકાર, જગત્.
પ્રભુ પતિ રામ ભજનમાં ભજ તુ, ભાવે કરી લલકાર; જગત.

પદ ૬૦૪ મું રાગ સદર.

રામ ભજનની ટેવ, સુખદ છે, રામ ભજનની ટેવ; ટેક.
જીક્કર આજી જગની છોડી, કરવી હરીની સેવ; સુખદ છે.

સ્નેહ સુધા રસપાન કરીને, રીઝવવા જગ દેવ; સુખદ છે.
રસના સ્વાદે લુબ્ધ ન થાવું, ખાવાં ન ભજીયાં શેવ; સુખદ છે.
પ્રભુ પતિ રામે રાચી રહેવું, જેમ રહ્યા જગદેવ; સુખદ છે.

પદ ૬૦૫ મું રાગ સદર.

ભક્તિ વશ ભગવાન જગતમા, ભક્તિ વશ ભગવાન, ટેક.
ભક્તિ ભલી ભાળે જે જનમાં, તેની સાથે તાન; જગતમાં.
ભક્તિથી ભભુકે દિલ જેનુ, તેનું ધરે હરી ધ્યાન, જગતમાં.
ભક્તિ રંગે ઝીલે જન જે, માધવનુ તે મકાન; જગતમાં.
ભક્તિ બળે પ્રભુ રામ રીઝાવે, વિશ્વે એક મહાન, જગતમાં.

પદ ૬૦૬ મું રાગ સદર.

પડદા દિલના ફાડ, પ્રમાદી પ્રાણી, પડદા દિલના ફાડ. ટેક.
પડદા પડીયા પ્રૌઢા પાપી, પેખાતો ન પહાડ; પ્રમાદી.
પડદામા કાં પેશી રહે છે, લપટ લોલ લબાડ; પ્રમાદી.
પડદા ફાટે જેહ પુરૂષના, જ્ઞાન હીમે ગળે હાડ, પ્રમાદી.
પડદા રામ પ્રભુજન તોડે, પરમેશ્વરનો પાડ; પ્રમાદી.

પદ ૬૦૭ મું રાગ સદર.

તે મુખ ચપટી ધુળ, ભજન ભૂલે, તે મુખ ચપટી ધુળ. ટેક.
જન્મ નકામો જગમાં લીધો, ઉપજ્યો પાંસા શુળ; ભજન.
મરૂતે ભારે મારી માડી, પાકયો પેટ કુમુળ; ભજન.
ફાટી પડી મા કેમ ન જણુતાં, પ્રકટયું પાપી સ્થુળ; ભજન.
જન પ્રભુ રામ ભજી લે ભાવે, સાચું સુખનુ મુળ; ભજન.

પદ ૬૦૮ મું રાગ સદર.

ખાલી ખેપ કરી, ભજન વિના, ખાલી ખેપ કરી; ટેક.
મનખો ખોયો ખાસો ખધા, ભટકયો પેટ ભરી; ભજન વિના.
હાથ પસારી અંતે ચાલ્યો, બાંધે પાપ ધરી; ભજન વિના.

નીમકહરામ થયો જીવ ઢોંગા, ચાલ જરા તો ડરી; ભજન વિના.
જન પ્રભુ રામ ભજી લે ભાવે, સ્થાનક સ્થિર ઠરી; ભજન વિના.

પદ ૬૦૯ મું રાગ સદર.

હૈયે હુલાવી હુલ, હાથે કરી, હૈયે હુલાવી હુલ; ટેક
પાન તમાકુ બીડી હોકો, કાં ફુંકી ચંડુલ, હાથે.
નિશાબાજીમાં રાત દિવસ તું, ષઢ મચ્યો મશ ગુલ, હાથે.
કોયલા ચાવ્યામા બહુ રાચ્યો, થુકી નાખી તાંબુલ; હાથે.
ફોફા ખાંડયાં ફાંફાં માર્યા, ફોકટ મારી પુલ; હાથે.
જન પ્રભુરામ કરી પોતાનો, કરિવર પેઠે ગુલ, હાથે.

પદ ૬૧૦ મું રાગ સદર.

કીધું ન કર્જ વસુલ, ભક્તિ કરી, કીધું ન કર્જ વસુલ; ટેક.
સાન ન આવી ભાન જ ભૂલ્યો, રાની ગયો બીલકુલ; ભક્તિ.
કાફર ! ઉમરભર કમીલાની, કીધી વેઠ કબુલ, ભક્તિ.
સમજાવ્યો સમજ્યો નહિં ઠોઠા, ઓઘો બન્યો બીલકુલ, ભક્તિ.
મોક્ષ મહા ફળ ફેંકી નાખ્યું, મોહી ગયો ગ્રહી ફુલ; ભક્તિ.
જન પ્રભુરામ ભજી લે પ્યારા, એજ ઇલ્લાહી રસુલ; ભક્તિ

પદ ૬૧૧ મું રાગ સદર.

ખોઇ કમાણી કુલ, કુંભડો કરી, ખોઇ કમાણી કુલ; ટેક.
માનવ તન ખોયુ ખર ખાસુ, જેનું મોંઘું મૂલ, કુંભાડો.
હરી ન ગાયા, દીધો હરીયે, સુંદર સ્વર મંજુલ, કુંભાડો.
જગ રાજે રહી ચૂકી ગયો તું, જગરાજાના રૂલ[1] કુંભાડો.
કર્યો વીચાર ન આયુષ્ય બત્તી, થાશે પળમાં ગુલ, કુંભાડો.
જન પ્રભુરામ રટણ કર વ્હાલા, હે ! જીવડા બુલબુલ, કુંભાડો.

---

૧ રૂલ=કાયદા.

પદ ૬૧૨ મું રાગ સદર.

હરિ ભજનારો ધન્ય, ભાવે કરી, હરિ ભજનારો ધન્ય; ભાવે કરી. ટેક.
જે તક ચૂકે માયા ન મૂકે, તેને નામે શૂન્ય; ભાવે કરી.
ભજન વિના ભવ નિધિ તરવાનો, છે નહિં મારગ
અન્ય; ભાવે કરી.
સ્વામી ભજાયા વિષય તજાયા, એથી અધિક નથી
પૂન્ય ભાવે કરી.
ભજન વિનાની વળગે કંઠે, વ્યાધિ વિષયો જન્ય; ભાવે કરી.
જન પ્રભુ રામે જો મન જામે, સહજે બને મહા મૂન્ય; ભાવે કરી.

પદ ૬૧૩ મું રાગ સદર.

ટારીહુ નહિં ટરી, ઉપાધિ કછુ, ટારીહુ નાહિ ટરી; ટેક.
જયો જયો ત્યાગન ત્યોંહિ કૂમાવત બાત ગઇ બીગરી; ઉપાધિ.
જયો તો આશા ત્યાંતો ત્રાસા, એસી અજીત ખરી, ઉપાધિ.
ઝઘડા લાગત જીવ ન જાગત, ગીર પડી પઘરી; ઉપાધિ.
અટકત, ભટકત, લટકત, ઝટકત, બીત હી જાત ઘરી; ઉપાધિ.
મન મસ્તાના યહી સૈતાના, બૈઠ ન શાન્તિ ધરી; ઉપાધિ.
પ્રભુજન સ્વામી, રામ અકામી, કરૂણા કયોં ન કરી; ઉપાધિ.

પદ ૬૧૪ મું રાગ સદર.

સંકટ સર્વ સહેજ, પાપી પંડે, સંકટ સર્વ સહેજ; ટેક.
હાથે કીધાં સાથે આવ્યાં, દીલડું નિત્ય દહેજ; પાપી.
ગદ્ધાપર બોજો નાંખે તો, સુખ દુઃખથી તે વહેજ. પાપી.
પૂર્વનાં પાપો પૂણ્યાં પૂરાં, આપદ તેની રહેજ; પાપી.
પ્રીતિ કરી પાપી કામામાં, કોને જઇને કહેજ; પાપી.
મળવાનું દુઃખ નક્કી મળશે, ચાહે કદી ન ચહેજ; પાપી.
એમાં પણ પ્રભુરામ ભજે તો, સાચો લાભ લહેજ; પાપી.

પદ ૬૧૫ મું રાગ સદર.

ઠીક બન્યો છે લાગ, વ્હાલા મારા; ઠીક. ટેક.
હું સમ મહ મહાન ન તમસમ, ત્રોડી ન દેજો ત્રાગ; વ્હાલા.
ગરિબ ન ગોતે મળશે બીજો, કેવળ કામી કાગ; વ્હાલા.
રંકને રામ કરોને રજન, આવ્યો આપને ભાગ; વ્હાલા.
બાનાં સાચાં કરવા બીજી, કયાં જડવાની જાગ; વ્હાલા
ત્રેવડ કરશો નહિં જો ટાણે, શુણુત્રા પડશે ફાગ; વ્હાલા.
રામ પ્રભુજનનેજ બતાવો, પરમાનંદીય બાગ; વ્હાલા

પદ ૬૧૬ મું રાગ સદર.

ઘોંચી કટારી પેટ, ભક્તિરસે, ઘોંચી કટારી પેટ ટેક.
ઉગરવાની આશ ઉરે ના, જઇ પૂગ્યા બ્રહ્મ બેટ; ભક્તિરસે.
ત્રાસ ટળ્યો, ભવ ભાસ બળ્યો, થઈ, ભગવંતાથી ભેટ; ભક્તિરસે.
કેડે બાધે કામ ન આવે, અનુભવ આવ્યો નેટ; ભક્તિરસે.
ઝળહળ જ્યોતિ નિત્ય ઝગી રહી, જોઇએ ન તેલ દીવેટ;ભક્તિ.
કાચી કાયા માયા વણુસી, મળી મેટમાં મેટ, ભક્તિરસે.
જન પ્રભુ રામભજન રસ ભીજી, પુરૂં કીધુ બજેટ; ભક્તિરસે.

પદ ૬૧૭ મું રાગ સદર.

બાળ્યું હ્રદયનુ રેણુ, ભકિત તાપે, બાળ્યું હૃદયનું. ટેક.
સંગ છુટયો અહંકારજ ત્રૂટયો, નીચાં ઢળીયાં નેણુ, ભકિત તાપે.
હોળી ઠારી લાધી બારી ત્રાસ ટળ્યો જીવ લેણુ; ભકિત તાપે.
પ્રાણુ સર્પને કબજે કીધો, પકડી પાચે ફેણુ, ભકિત તાપે.
ગગન ગુફામાં ઝટ સભળાયા, સર્વેશ્વરના વેણુ; ભકિત તાપે.
જન પ્રભુ રામ ભજન રસ એતો, સાચા સુખનો દેણુ; ભકિત તાપે.

પદ ૬૧૮ મું રાગ સદર.

દીધું ઉડાડી ઘેન, ભક્તિ ધૂને, દીધું ઉડાડી ઘેન; ટેક.
મોહ કુરાત મટી ગઈ મિથ્યા, ચિત્તમા પામ્યો ચેન; ભકિત ધૂને.

ઝોલાં ખાવાં કેમ પડે હવે, કયા છે કાળી રેન; ભક્તિ ધૂને.
ઉઘ ઉડી ઉર નાદ થવાથી, આવ્યો અવસરે એન; ભક્તિ ધૂને.
આફરહું આવીને મળીયું, સહુ સાધનનુ સેન; ભક્તિ ધૂને.
માયા નદીમા પુર છો આવે, ખેચી શકે નહિં વ્હેન; ભક્તિ ધૂને.
માધવ પદમા દીધી બાંધી, મન ઘોડાની રેન; ભક્તિ ધૂને.
જન પ્રભુરામ ભજન એ મારા, ભ્રાત, પીતા, મા, બેન; ભક્તિ.

પદ ૬૧૯ મુ રાગ સદર.

જગમા જબરા ઝુંડ, વિષયનાં, જગમાં જબરા ઝુંડ; ટેક.
કામ કથા રસ કોટિકના જ્યાં, ભરિયા ઉંડા કુંડ; વિષયનાં.
ક્રોધાદિક વીષ્ટા ઢગલા પર, ફરમાં મન રૂપ ભુંડ, વિષયના.
વિષ્ટા લાલચમાં લપટાઈ, ખો માં લક્ષણ લુંડ, વિષયના.
ભાલો મારી કાળ શીકારી, કરતો હૃદયમાં વુડ,[1] વિષયનાં.
જીવ જોંગા કા ઘુસે એમાં, ગોથક પાડા મુડ, વિષયનાં
ભજ પ્રભુ રામ રસાળ નહિં તો, ત્રુટી પડશે તુડ; વિષયના

પદ ૬૨૦ મું રાગ સદર.

ગમતી શાને ગંધ, વિષયની, ગમતી શાને ગધ. ટેક.
ભુંડ ! સ્વભાવે બુદ્ધિનાં તો, બાર થયા છે બધ, વિષયની.
ઘુવડ વૃત્તિમાં વસવાથી, આંખ થઇ છે અધ, વિષયની.
ગોળી નાકે ગેગા ઘાલી, આવે નહિ દુર્ગંધ, વિષયની.
ધોકા ખાતા પણ ના છોડે, હાય ! ગધ્ધાના ધંધ; વિષયની.
નાનપણાનો નેડો લાગ્યો, ત્રુટે ન તેથી સબધ; વિષયની.
હજી પ્રભુરામ ભજીને ભાવે, લે પદકજ સુગધ, વિષયની.

પદ ૬૨૧ મું રાગ સદર.

જાવુ જરૂર મશાણુ, જગત્મા, જાવું જરર મશાણુ, ટેક.
તન તનુજા અનુજા અહિં રહેશે, ફરે કાળની આણ; જગત્માં.

---

* ૧. જખમ.

જાયા, માયા, કાયા કોઈની, સાથ ન જાયે જાણુ; જગતમાં.
દોલત દોલત મારી ભાગે, જમડા કાડે ઘાણુ, જગતમાં.
મિથ્યા મોહે મરવું શાને ? શું કરવુ રમ ખાણુ; જગતમાં.
સમજે તો સમજાય બધુ આ, જયાં લગી દેહે પ્રાણુ; જગતમા.
જન પ્રભુરામ સ્વરૂપ જાણે તો, પહોચે પદ નિર્વાણુ; જગતમાં.

પદ ૬૨૨ મું રાગ સદર.

સીતા રામ હરી, વદ વદ, સીતા રામ હરી, ટેક.
જન્મ નકામો કરમાં જીવડા, ફોકટ ફ‍દ કરી; વદ વદ.
પાપી પળ પણ પીંડ વિષેથી, કરને આશ પરી; વદ વદ.
મન ઘોડાને લે તું પકડી, શાને જાય ડરી; વદ વદ.
કાશ કલ્પના મૂકી મનથી, ક્ષણ તો જા તું ઠરી; વદ વદ.
જગ જજાળે જોડા માથે, ખાધા પેટ ભરી; વદ વદ.
જન પ્રભુરામ ભજી લે ભાવે, આવે ન વખત ફરી; વદ વદ.

પદ ૬૨૩ મું રાગ સદર.

હરિ ભજવામાં જોર કરી લે મન, હરિ ભજવામા જોર; ટેક
નબળું થા માં નાથ ભજતાં, હે ! ભાગેડુ ! ઢોર; કરિ લે મન
સબળું થઈને સ્મર સ્વામીને, સ્થિર થા બેશી ઠોર, કરિ લે મન.
કમળો કાઢી નાખ નમાલા, દે દે ત્રોડી તોર; કરિ લે મન.
લલકારી ગા ભજનો ભાવે, છૂપ ન થઈને ચોર; કરિ લે મન.
હિમત રાખી હરિવર ભજતાં, લે પકડી સત ડોર; કરિ લે મન.
મન પ્રભુ રામ રસાળ તરૂપર, બેસ તજી દઈ થોર; કરિ લે મન.

પદ ૬૨૪ મું રાગ સદર.

રેલવ રસની રેલ, ભજન રસે, રેલવ રસની રેલ; ટેક.
ઉભરાવી દે અતર વૃત્તિ, ટાળી મનના મેલ, ભજન રસે.
પ્રેમળ ભાવ દઈ ભભુકાવી, કરી મુક રેલ છેલ; ભજન રસે.

રસમાં નાહિં જા જીવ ભીંજી, કરીને સાચો ખેલ; ભજન રસે.
ગોવિંદાનાં ગીતાં ગાતાં, મન ગમતાં કર ગેલ; ભજન રસે.
અતર ભાવ ઉછાળી હેતે, ઠરડાઇ આધિ ઠેલ; ભજન રસે.
જન પ્રભુ રામ ભજી લે ભાવે, બાંડપણું તજી બેલ; ભજન રસે.

પદ ૬૨૫ મું રાગ સદર.

લે ચોળી દિલ બાખ, રસાળી, લે ચોળી દિલ બાખ; ટેક.
ઉપર ચોળ્યે કામ ન ચાલે, અંતરનો રસ ચાખ; રસાળી.
ઉપરના આડંબર સઘળા, ઉડે દરિયે નાખ; રસાળી.
એક એકડાવોણું બીજાં, મીંડાં મિથ્યા લાખ; રસાળી.
એક અંકની સાથે સર્વે, આપે અદકી સાખ; રસાળી.
અંતર સત તો બાહિર સાચું, ખોટે ઉંડે રાખ; રસાળી.
જન પ્રભુ રામ ભજી લે ભાવે, મેલી મનની માખ; રસાળી.

પદ ૬૨૬ મું રાગ સદર.

રક્ષણ કરશે રામ, અમારૂં, રક્ષણ કરશે રામ; ટેક.
કોઈ કદી અમ પડખે ન ચઢજો, છે નહી કોઇનું કામ; અમારૂં.
છે પરવા નહિ લેશ વિધિની, છોને રહ્યો વિધિ વામ; અમારૂં,
જગ રૂઠે ત્રુઠે દરકાર, ન, ત્યાં ન અમારે કામ; અમારૂં.
જન પ્રભુરામ સબળ શીર, સ્વામી, સુખમય આઠે જામ; અમારૂં.

પદ ૬૨૭ મું રાગ સદર.

રામ તણું ફરમાન, હમારા, રામ તણું ફરમાન; ટેક.
ભાન ન ભૂલો, માને ન ઝુલો, ન થવું ના ફરમાન; હમારા.
ધ્યાન લગાવો સાન સુ લાવો, મુકી કપટ કુફરાન; હમારા.
તન્મય થાવું ઝીલતા જાવું, કરી પ્રેમામૃત પાન, હમારા.
પ્રભુજન સ્વામી, રામ રીઝાવી, લેવા, દેવું દાન; હમારા.

પદ ૬૨૮ મું રાગ સફર.

દીન જનોને દાન, દે દે, દીન જનોને દાન. ટેક.
ધનવંતોને ધક્કે મારી, દે રંકોને માન; દે દે.
મોટાનાં મુખ બાળ્યાં જેવાં, ગરીબ ઘણા ગુણવાન; દે દે.
સ્વર્ગસુધી સાક્ષી પુરે છે, એવા છે નિર્માન; દે દે.
ટુકડો ખાઈ આશિષ આપે, તે સામું કર ધ્યાન; દે દે.
દોલત્તવાળાને લત લાગી, થઇ ભટકે બેભાન; દે દે.
પ્રભુ રામ દીન વત્સલ બાનું, રાખે કરવા સાન; દે દે.

પદ ૬૨૯ મું રાગ સફર.

જપ મન, રામ મંત્ર મહારાજ, જપ મન. ટેક.
રામમંત્રથી પાપ પયોદા, તરત થશે તારાજ; જપ મન.
રામ મંત્ર જપવા મદ છોડી, લેશ ન થાનું નારાજ; જપ મન.
રામ મંત્ર મુકે તો મૂરખ, ભગશે દુઃખ ભારાજ; જપ મન.
રામ મંત્ર રટવાના વેદે, બહુ બાંધ્યા ધારાજ; જપ મન.
રામ મંત્ર માળા જપવાને, આવ્યો જગત્માં આજ, જપ મન.
રામ મંત્ર પ્રભુ દાસ બનીને, જપ જપ જપ સુખસાજ; જપ મન.

પદ ૬૩૦ મું રાગ સફર.

થયા છો, જમ ઘેરે મેમાન. ટેક.
જન્મ ધરીને જીવ હરામી, હાય ! ધર્યું અભિમાન; થયા છો.
જગજીવનને જાણ્યા નહિં ને, ધર્યું વિષયનું ધ્યાન; થયા છો.
ભટકો છો ભુંડી હાલતમાં, ભાન નથી કંઇ સાન; થયા છો.
ગોવિંદને ગર્ભે દીધેલો, કોલ ભુલ્યા બેઇમાન; થયા છો
જામીન જબરો જમ રાજા છે, કહ્યું ધરે નહિં કાન; થયા છો.
દાસ પ્રભુ બચવા હઠ રાખો, રામ રટણનું તાન; થયા છો.

પદ ૧૩૧ મું રાગ સહરે.

ફેરવ, રામ મંત્ર મન માળ, ફેરવ. ટેક.
રામ મંત્ર રિદ્ધી દેનારો, બીજું આળ પંપાળ. ફેરવ.
રામ મંત્રથી ઝટપટ નાશે, જગની જે જંજાળ; ફેરવ.
રામ મંત્રથી ભવ ભય ત્રાસે ઝટ અંતર અજવાળ; ફેરવ.
રામ મંત્રમાં આળસ રાખી, શુ માથું ખંજવાળ; ફેરવ.
રામ મંત્રમાં કષ્ટ કહે શું? શું બનતો દંભાળ; ફેરવ.
રામ મંત્ર પ્રભુ મનમાં રમાવો, રામ લેશે સંભાળ; ફેરવ.

પદ ૧૩૨ મું રાગ સારંગ (સુણો જશોદાજી એ લય.)

માધવ મમ નાથ ! સાચવજો સબંધ પરાત્પરનો પ્રભુ !
રાઘવ લ્યો સાથ, સંગાથી જીવના છો સાચા હે વિભુ. ટેક.
હું આડધડે અવળો ધાયો, માંડયો નહી પૂજનનો પાયો,
ફરૂ ફટકી ફંદે રઘવાયો, માધવ.
કષ્ટો પડતાં પણ નવ કાયો, પકડી બેઠો વાદળ છાયો,
અંધારામાં અતિ અથડાયો; માધવ.
લંપટ લાલચમાં લપટાયો, ઝૂડની ઝપટોથી ઝપટાયો,
દુસ્મનનાં દળથી દપટાયો; માધવ.
લુંડો લક્ષ્મીમાં લલચાયો, ગોટાળામાં બહુ ઘુંચાયો,
તમ ગુણનો ગ્રથ ન વચાયો; માધવ.
ભાળી ભલ ભાવો ભડકાયો, હરિ ! હિત હણતાં પણ હડકાયો,
ખોડચમાં અંતે ખડકાયો; માધવ.
વંઠી વગદાં વીણતાં વ્હાયો, ચુગલી ચાડી મારગ ચ્હાયો,
પ્રભુરામ બચાવો કર સ્હાયો; માધવ.

પદ ૧૩૩ મું રાગ સહર.

હે ! રામ રસાળ, રીસ કરી છોડો મા છબીલા દાસ છું,
હે દીન દયાળ, દયા કરો દુઃખિયારો દીન હું ખાસ છું. ટેક.

મમ કઠિન કર્મ કેરાત્ર આળો, ખુંઠાઇ બુદ્ધિની ટાળો,
વંઠી જાતી વેળા વાળો; હે.
ચૂકાવો ચિત્ત તણા ચાળો, ત્રોડી નાખો જાડી જાળો,
ઓલવી આપો આપદ ઝાળો; હે.
કર્યો વ્હાલો મેં કામો કાળો, મુજ મનમાં અંધારા ખાળો,
પુર પાપનુ પ્રીતેથી ખાળો. હે.
મુજ મુખમાં ભરી ભુંડી ગાળો, જગ ઘંટીનો ગોતું ગાળો,
હરી હાડ જ્ઞાન હીમે ગાળો; હે.
ફરતો ફદે કરતો ફાળો, નથી રાખી કાળ તણી ફાળો,
ઠેકયા બહુ કૂપ ભરી ફાળો; હે.
ચડીઆ હુ પર અગણિત આળો, ભમમાં ભટકુ ભુધર ભાળો,
પ્રભુરામ ગણી નિજ જન પાળો; હે.

પદ ૬૩૪ મું રામ સદર.

રઘુનંદન રામ, વામ ઘણો પણ પોતાનો પ્રભુ પેખજો,
ધરી હૈયે હામ, કામ તરફ નવ જોશો જન નિજ લેખજો. ટેક.
દુઃખીયો દીન દુબળો છુ દરદી, મન મોહ તણી વ્યાપી શરદી,
નવ ચાલે નાથ ! જમા મરદી; રઘુનદન.
સકટ શોષ્યા મેં ઝાઝી સદી, ભ્રમણા સર્વે ગઇ છે જ સદી,
મન રંગાયુ પાપી હળદી; રઘુનંદન.
ચિતાએ નાંખ્યા છે ચગદી, નથી હાથ કરી સાચી નગદી,
એક વાડે ફેર રહ્યો જ ગદી; રઘુનંદન.
કીધી જીંદગી મેં હાય ! રદી, વીંતંડા વાદ વિવાદ વદી,
પોતે પોતાનો થયો મદી; રઘુનંદન.
છું કામક્રોધ કંકાશ નદી, બહુ ભાવે શુણવી અવર બદી,
આવ્યાં નહાં કામ કુટુંબી કદી; રઘુનંદન.
અતિ ભીંસાતો બારે ગડદી, નિજદાસ બચાવો દો વરદી,
પ્રભુરામ ચડો વ્હારે જલદી; રઘુનંદન.

પદ ૬૩૫ મું રાગ સહર.

જીવ ! મરણુવડે, શુ સમજી ભય પામે શાણો થા જરી,
આ દેહ પડે, મોહવિના સંભ્રમ ભયનો ક્યાં છે ફરી; ટેક.
ઠેકું ભાંગીને ધૂળ થઇ, શું ચીજ એમાંથી ચાલી ગઇ,
સમજી લે સમજુ પાસ જઇ; જીવ.
હિમ પીગળતાં જળ રૂપ થયું, કશું પણ તેમાંથી નાજ ગયું,
સમજે નહિ જેનું કુટલ હૈયું; જીવ.
જુજવા સોનાના ઘાટ હતા, એગાળે લગડી રૂપ થતા,
શાને રડી કૂટી ખાતી ખતા; જીવ.
દરિયાનાં મોજા શાંત થયાં, જળરૂપ બન્યાં નથી ક્યાંઇ ગયાં,
પોતાને રૂપે સ્થિર રહ્યાં; જીવ.
બી ખોવાણું ઉગતાં વૃક્ષો, ફળમાં તે દેખે છે દક્ષો,
મન મોહ ધરે છે જડ જક્ષો; જીવ.
દઢ જ્ઞાન ગ્રહી જીવ રાખ મને, નુકશાન થવાનું છે ન તને,
પડે પીંડ નક્કી પ્રભુ રામ બને; જીવ.

પદ ૬૩૬ મું રાગ સહર.

જીવ મોત થકી, કાં ભડકીને ભાગ નથી બીજું થતું,
મન થા ન જક્કી, અણ સમજણમાં ભૂલ્યો રૂપ હતું છતું; ટેક.
છીપે રૂપું ભાસ્યું ભારી, પાસે જાતાં છીપ અવિકારી,
શુ નાશ થયું વદ વિચારી; જીવ.
આકાશે વાદળના ગોટા, વિખરાઇ જતા પળમાં ખોટા,
પણ ગગનતણા ન પડયા ટોટા; જીવ.
સૂરજ કિરણે મૃગજળ ભાસે, જળ બીંદુ ન જોયું જઇ પાસે,
પણ સૂરજ નાશ શું થઇ જાશે; જીવ.
સ્વપ્નાના ખેલ ગયા ચાલી, જાગ્યા ને ચીંતા શું ઠાલી,
તન ઠાઠ ઠગારા, સહુ ખાલી; જીવ.

વરઘોડે વંધ્યાસુત ચડયો, મૃત્યુ પામ્યો વાજીથી પડયો,
પણ બ્રહ્મ જગમાં નાજ ઘડયો; જીવ.
થઇ પુટયો જળમાં પરપોટો એમાં પાણીને નહિં ઝોંટો,
ભ્રમણાએ ભ્રમ ભાસે મોટો; જીવ.
એવું તન આ જાતાં ત્રૂટી, કશું જાય નહિં મુળમાં ખૂટી,
પ્રભુરામ રસાયણ લે લુંટી; જીવ.

પદ ૬૩૭ મું રાગ સદર.

હે ! જગ સરકાર, શ્રવણે ધરફરિયાદો મારી આ સમે,
હે ! સત ! સરદાર ! આંખો આડા કાન કરીશું મને હમે, ટેક
ભટકાવી શા માટે મારે, હેરાન કર્યો મુજને મારે,[1]
કરવી રાડો ક્યાં જઇ મ્હારે; હે.
આ ભવમાં ભય ભાસે ભારે, બીંહાઇ મરૂં છું હું બારે,
તું સ્વપ્ને પણ નહિં સંભારે; હે.
અરજી સાંભળ જગ આપારે, વણસ્યું મુજ વિષયી વેપારે,
ઝટ ઉતારને ભવજળ પારે; હે.
આખર આવી છે આવારે, શું વ્હાર કરંતાં કોઈ વારે,[2]
હરી ચેતી ચડ ચટપટ વ્હારે; હે.
ચડી જા માં વ્હાલા વિચારે, અટકી રહે માં તું આચારે,
તરૂં જો તુ દોરી સંચારે; હે.
તું સાંધ તાર પ્રેમી તારે, શી અગત્ય છે પ્યારા ત્હારે,
પ્રભુરામ તરૂં જો તું તારે; હે.

પદ ૬૩૮ મું રાગ સદર.

હે ! શામળ શાહ ! સ્નેહ કરી સંતાપો શાને રાંકને,
મુજ દિલના દાહ, ઠારો ઠારો ઠારો વિસારી વાંકને; ટેક.

---

૧. કામે ૨. અટકાવે.

હું પડયો આપને આધારે, ઉતરવા ભવસિંધુને આરે,
શું મુંઝાવશો મુજને ખારે; હે.
હરિ ગુતવા દેજો નહીં ગારે, પહોંચાડી આપો કીનારે,
વિનવણી કરૂં વારે વારે; હે.
સંકટ પામું છું સંસારે, મુંઝાઇ મરૂં છું વિચારે,
ગોથા વાળે મન વિકારે; હે.
પોતાનું તજાય નહિં કયારે, નાખો પાણી સૂકલ કયારે,
પાલવશે પડશે જળ જયારે; હે
સ્વામી ન સેવકને ધિક્કારે, ફટકેલ ગણી નવ ફિટકારે,
કિંકર લેખીને સ્વીકારે; હે.
મોહનજી મન મ્હારૂં હારે, તમે તજશો જાવું કયાં મ્હારે,
પ્રભુરામ ધરો કંઠે પ્યારે; હે.

પદ ૬૩૯ મું રાગ સહર.

શુણી આરત નાદ, સેવકને સંભાળ સદા શ્રી નાથજી,
હરિવર દે દાદ, રહ્યો ભરોસે હુતો સોંપી હાથજી. ટેક.
વલવલતો હું ન્હોરે આઠે, ન મને જગમાં કોઇપણ ગાંઠે,
બળ અર્થ નથી મ્હારી ગાંઠે; શુણી.
જીન જલ્દી ધર તુરીને કાઠે, તું ન્હોળો બળિયો છે કાઠે,
જો જહાજ ત્રૂટે મ્હારૂં કાંઠે; શુણી.
મને પીડા થાય ચિત્તને ચાઠે, ભમણા થાતી તારાં ઠાઠે,
તોય વળગી રહું તુજ સ્થ ઠાંઠે; શુણી
અઠ કામ સાર સારે માઠે, તરણી ભટકાતી ભત્રભાઠે,
બેસી જા હરિ વાજી બાઠે; શુણી.
મને મોહ પમાડયો મન લાંઠે, મોહ્યા વિષયી શેરડી સાઠે,
મેં નર્ક વર્ષ ઝીકયાં સાઠે; શુણી.
પીઆ પાઝું પીકના પાઠે, કર પ્રત્રીણ પ્રીતિ રસ પાઠે,
પ્રભુરામ નથી છુટકો નાઠે; શુણી.

પદ ૬૪૦ મું રાગ બિહાગ.

સંજોગ સૃષ્ટિમાં સખા, સરખા મળે ના કોઇને,
સરખા મળે ના કોઇને, સરખા મળે ના કોઇને; સંજોગ.
દીલના દયાળુ દામ વિણુ, બેસી રહે છે રોઇને,
ચીંતા. વિષે ચતુરો ઘણા, જાતા જગે જીવ ખોઇને; સંજોગ.
જાણે હજારો હુન્નરો, જર વિણુ બેઠા ઠોઇને,
બુદ્ધિમતા વિણુ બેલપે, ચાલ્યા અવસ્થા ખોઇને; સંજોગ.
કોઈ કાવ્ય કરતા કોડથી, પરમેશ્વરે મન પ્રોઇને,
હારી જતા એવા જનો, અરસીક જગને જોઇને; સંજોગ.
જ્યાં હામ છે ત્યાં દામની, દેખી કદી ના સોઇને,
જ્યાં દામ છે ત્યાં હામના, બેઠાજ હાથો ધોઇને; સંજોગ.
કચરાય છે પુલો સુગંધી, જાણુમાં નવ કોઇને,
સમજુ જનો સાધન વિના, બેઠા કરે હાય ખોઇને; સંજોગ.
ક્રમ જગતનોજ અનાદિ એ, કરવું કશું જી! વગોઈને,
પ્રભુરામ પુર્ણ કૃપા વિના, જાવુંજ નીર વલોઇને; સંજોગ.

પદ ૬૪૧ મું રાગ સોરઠ-

ગાવું કહો કો પાસ જઈ, સમજે ન કોઈ ગાનમાં,
એ રોગ રગ રગમાં ભર્યો, રડતો રહું છું ચાનમાં. ટેક.
જો સ્વાર્થની વાતો કરે તો, લોક આવે તાનમાં,
સમજે નહિં નિઃસ્વાર્થતા, રડતો.
મદમાં મચેલા મૂંડીયા, મરતા મહા મન માનમાં,
ચાહે ન કો નિર્માનતા; રડતો.
કિમીયાગરોની વાતને, ઝટ લોક ધરતા ધ્યાનમાં,
ઇચ્છે ન ભીખારી થવા; રડતો.
કોઈ દેવ દીકરો દેય તો, લોકો ભજે બેભાનમાં,
વૃત્તિ ન થાતી વાંછણી; રડતો.

સહુ સ્વાર્થ સાધુ સૃષ્ટિમાં, મંત્રો પુંકાવે કાનમાં,
પરમાર્થ તો જાણે નહિં; રડતો.

વેપાર વૃત્તિ વાધતી, ભક્તિ તણી દૂકાનમાં,
નિષ્કામતા દીઠી નહીં; રડતો.

હે રામ ! પ્રભુ જન જાચતો, ફરતો ફરૂં મેદાનમાં,
દે દે સુબુદ્ધિ વિશ્વને; રડતો.

પદ ૬૪૨ મું રાગ સદર.

જીવ જીતસે જગમાં જબર, સીતાપતિને પૂજશે,
સીતાપતિને પૂજશે, સીતાપતિને પૂજશે; જીવ. ટેક.
શ્રીરામ પૂર્ણ પ્રતાપથી, શુભ સ્વર્ગ સુરભી દૂઝશે,
જમડા જશે જખ મારીને, સુખ વાટ સારી સુઝશે; જીવ.

લાચાર કાળ બની રહે, તાકાત શી કે ઝૂઝશે,
પહેલાં પડેલા ઘાવ તે, રઘુવીર પ્રેમે રૂઝશે; જીવ.
જગનાથ જીવન જીવનું, જાણે તું જીવડા જૂજ શે,
જો ટાંટીયા કૂર કાળના, સન્મૂખ થાતાં ધ્રૂજશે; જીવ.
એપતીત પાવન નાથની, ફરકી કદી જો બૂજશે,
તો જન્મ ફેરો ટાળશે, પકડે ન ભીડી ભૂજશે; જીવ.
કરૂણાળની કરૂણા થકી, આનંદ કોકિલ કૂજશે,
અંધા અબુઝ અભાગીયા, જાણે ન તેની બૂઝશે; જીવ.
પ્રભુરામ નામ પ્રતાપજો, મન શાંત રાખી [1]બૂઝશે,
અજ્ઞાન આગ અનાદિની, તે અલ્પકાળે [2]બૂઝશે; જીવ.

પદ ૬૪૩ મું રાગ દિનનો દયાળ છાંડી. એ લય.

કુર હે કબાડી કહે, કેમ મ્હારૂં મ્હારૂં,
ટાંટીયા પસારી પડયો, કોણ હતું તારૂં; કુર.

---

૧. જાણશે. ૨. ઠરી જશે.

જગત સૂખ ધંધ હજી, લાગતું ન ખારૂં,
અંતરે કુઆશનું, પડેલ પાપ ધારૂં; કુર.
કાં કરે વિચાર નહિં, આશ અ.ગ ઠારૂં,
શાંઠ ના કુભાંડ કુડું, કેમ થાય ન્યારૂં; કુર.
હે! નખોદીયા ન લાય, શીદ ચિત્ત ન્યારૂં,
હાથ આ ચડેલ જાય, જગતવિધિ ખારૂં; કુર.
શઠ ઉપાય શું સુઝે હું, "ખર ઘણુંય ચારૂં"
હજી વિચાર કાં થતો, "હું જીતી બાજી હારૂં;" કુર.
રામ પ્રભુ નિત્ય ચહે, "સહુ જીવોનું સારૂં"
પ્રેમથી પુકારી કહે, "આવ શરણ તારૂં;" કુર.

પદ ૬૪૪ મું રાગ સદર.

ચેત! તું ગમાર, ચિત, કેમ રહે ચોંટી,
કાં વિણાવ ગોંદરે, ગમાર ગંડુ ગોટી; ચેત.
ના ભિખાવ ઘેર ઘેર, ટૂક ટૂક રોટી,
સાનમાં ન સમજ શીદ; છોડ ટેવ ખોટી; ચેત.
ના લગાવ કલ્પના, કપાળ કાશ સોંટી,
વ્હાલથી કરી વિચાર, વૃત્તિ રાખ મોટી; ચેત.
આ કરાળ કુર કાળની, તું કાપ ચોટી,
આ કરાળ કાળ સાથે, કેમ કીધ કોટી; ચેત.
ખાસડાં ખવાય રીત, એ ખરીજ ખોટી,
છંદમાં કુ બુદ્ધિ ના, ભમાડ ભૂંડ છોટી; ચેત.
કપટ કલેશ કામ કરી, જન્મ લીધ કોટી,
રામ ભકિત રસ જળે ન, લેશ ચાંચ બોટી; ચેત.
જમડાની જીત થાય, સર્વ લેય ઝોંટી,
રટતાં શું રામ નામ, જીભ વળી ત્રેટી; ચેત.
વિષય વાસના, વિકાર, કેમ ભરી લોટી,
દાસ પ્રભુ રામ પદે, જા જરી તું લોટી; ચેત.

પદ ૬૪૫ મું રાગ સારંગ.

સારા ગ્રહ દૂર થતાં, ચંદ્ર આવે ઘાતી,
સમજ શે ન આવતી, કઠોર થઇ છાતી; સારા.
મગરૂરીને માનની, ભરે શું ભાઇ ભાતી,
ખોંસી શુ રાખે પેટ, કપટનીજ કાતી; સારા.
કરતાં ક્રુર આજ કાજ, જીંદગી ખોવાતી,
કરથી કર ને ભલાઇ, વ્હેતી નદી જાતી; સારા.
પૂર ચાલ્યુ જાય તોય, પાળ કાં ન થાતી,
પસ્તાવો થાય પછી, ખોઈ તક તાતી; સારા.
હે ! મતી વિમૂઢ બની, ખોટ કેમ ખાતી,
વેળા વીત્યાની વાત, શું ન ઓળખાતી; સારા.
મમતીલી મંદ હજી, ક્રુર માં મદમાતી,
પ્રભુરામ ચર્ણ રજે, કેમ ના. શમાતી; સારા.

પદ ૬૪૬ મું રાગ બિભાસ.

રાખવો ભરોસો ભારી, રામ છે દયાળ,
રામ છે દયાળ, સ્વામી, રામજી રસાળ. રાખવો ટેક.
ગૌતમની નારી તારી, વિશ્વે કીર્તિ વીસ્તારી,
કેવટ દોસ્તી સ્વીકારી, લેશે તે ભાળ; રાખવો.
શબરીના શોક ટાળ્યા, ગીધના દોષો બાળ્યા,
વાનરને રીંછો પાળ્યાં, એજ લે સંભાળ; રાખવો.
જગમાં જાહેર વાતો, ખુલ્લે ખુલ્લી છે આતો,
કોડા ! તું કેમ કાતો, તજતાં જંજાળ; રાખવો.
અનાથનો નાથ એ છે, દીનનો દયાળ જે છે,
પ્રભુરામ સ્વામી તે છે, અકામ કૃપાળ; રાખવો.

પદ ૬૪૭ મું રાગ સહર.

ભક્તિને ખાંડે ભાઇલા, ખાંતેથી ખેલો;
ખાંતેથી ખેલો, ખાસા, કરો ખૂબ ખેલો; ભક્તિ. ટેક.
બરછી ભાનાની ધારી, કિર્તનની લઇ કટારી,
અંતરમાં મારી હારી, જાતો જે ઘેલો; ભક્તિ.
તપની તોપો બહુ ઢાળો, જ્ઞાનના ગોળા ઉછાળો,
કામના કિલ્લો બાળો; વહેલો તે પહેલો; ભક્તિ.
ભજનોના ભાલા ફેંકો, ભાલના અંકો છેંકો,
મસ્તીમાં ખડેકો ઠેકે, તક નાજ ઠેલો; ભક્તિ.
વીરતા રણુમાં બતાવે, શત્રુ મારી હઠાવે,
ધ્વનિ નામની ગજાવે, પ્રભુરામ ચેલો; ભક્તિ

પદ ૬૪૮ મું રાગ સહર.

ગોવિંદા હું તો કરતો આપની ગુલામી,
આપની ગુલામી, સ્વામી, ખોળ જો ન ખામી. ગો. ટેક.
શુરા વાલીને માર્યો, કાયર સુગ્રીવને તાર્યો,
તેથી વિશ્વાસ ધાર્યો, શરણુમાં અનામી; ગો.
ભાઇને મરાવનારો, વિભીષણુ કીધો પ્યારો,
ભરોસો પડયો તમારો, બન્યો અનુગામી; ગો,
અવળાને સવળા કીધા, દોષ તો ઉડાવી દીધા,
શરણે જે આવ્યા સીધા, અજ્ઞ કે હરામી; ગો.
ધરો હાથ રામ લાલા, પ્રજુ ઠાઠ મારા ઠાલા,
કપટી પણુ કીંકર વહાલા, ચર્ણમાં નમામી; ગો.

પદ ૬૪૯ મું રાગ સહર.

દીનનો દયાળ હું તો દેખતો ન બીજો,
દેખતો ન બીજો ક્યાંથી, લાવું પછી ત્રીજો; દીન. ટેક.

વનમાંહિ વનચર ચરતાં, કર્યા મહા કામ કરતાં,
લડતાં મરતાં નવ ડરતાં, જીવ! એ ખુબી જો; દીન.
દૈત્યોના દીન વાળ્યા, ભીલડાંના શોક ટાળ્યા,
ગીધના ત્રિતાપ બાળ્યા, કૃપા નાથની જો; દીન.
મેલાં ને ચોખાં કરતો, દુઃખીયાંનાં દુઃખ હરતો,
પાપી પાપો પરહરતો, કરી ખાતરી જો; દીન.
સમરથ એ સ્વામી મ્હારો, પ્રભુરામ પ્રાણ પ્યારો,
રહે નહિ લેશ ન્યારો, ભજે ભાવથી જો; દીન.

પદ ૬૫૦ મું રાગ સહરે.

રામજી! રમાડો રંગે, રહેમ ખુબ લાવી
રહેમ ખુબ લાવી, વ્હાલાં, ભાન તો ભુલાવી, રામજી. ટેક.
રંગમાં ડુબાડી દે જો, બાનું તો નિભાવી લેજો,
ફરકાવી, નેજો, રહે જો, પ્રેમમાં ઝુલાવી; રામજી.
કંગાલો પર છે પ્રીતિ, શરણે રાખ્યાની રીતિ,
જુઓ જાય વેળા વીતી, શરણ લ્યો બુલાવી; રામજી.
પડયો હું પુકારૂં અહીં, થાકયો બહુ ભાર વહી,
નિરાશા છરાથી નહિં, નાખજો હુલાવી; રામજી.
દોષો વિસારો મારા, થાજો માં નાથ ન્યારા,
હેજો પ્રભુરામ પ્યારા, દ્વાર તો ખુલાવી, રામજી

પદ ૬૫૧ મું રાગ નજર કરો નાથ જરા નિરખી લ્યો નારી.

ગુરૂ અનેક વિશ્વમાં ગણ્યા નહીં ગણાયે,
હુન્નરો હજાર, શીખવે, ગુરૂ ઘણાયે, ગુરૂ. ટેક.
ચમત્કાર જાદુ તણા, વળી મંત્રોની જાળ,
શીખવે સભા રીઝાવવા, મોહે બુઢા બાળ,
કીમીયો બતાવનાર પણ ગુરૂ ગણાયે; ગુરૂ.

દવા શીખવે રોગની, વાજીંત્રોના તાલ,
નજર બંધનાં તંત્ર તે, જાગ, ઠગવાના ખ્યાલ,
ગાન તાન નાચ શીખવે, ગુરૂ જણાયે; ગુરૂ.
જુવા બનાવે ધૂણતા, જંતર મંતર મંત્ર,
જુજવી જુજવી જાતના, પેટ ભર્યાના તંત્ર,
ભવનિધિ ન પાર મળે અધવચે હણાયે; ગુરૂ.
માતા પિતા શીખવે, તે પણ ગુરૂ લેખાય,
એવા ગુરૂ આ જગતમાં, દૃષ્ટે બહુ દેખાય.
શિષ્ય ગુરૂ બેય મોહપૂરમાં તણાયે; ગુરૂ.
બાળક નાનું હોય ને, જનોઇ તેને દેય,
ફુંકી મારે કાનને, અર્થ કશો નવ લેય,
વૈતરણી પૂરમાં બહુ મજા મણાયે; ગુરૂ.
કોડે કોકજ કાપતા, દિલ અજ્ઞાન તમામ,
બ્રહ્મજ્ઞાન ઉપદેશથી, એક કરે પ્રણામ,
જેથી ભજન ભાવનો સુકોટ તો ચણાયે, ગુરૂ.

પદ ૬૫૨ મું રાગ સહર.

સ્વાર્થની સંસારી બધાં, ઢોલકી બજાવે,
સ્વાર્થથી ભલાઇ કરી, વેશ તો ભજાવે; સ્વાર્થ ટેક.
સ્વાર્થ ભરી ભિતર, મઢી, ઉપર પ્રેમની ખોળ,
સ્વાર્થ રંગમાં ઝીલતી, દુનિયાં થઇ તરઓળ,
સ્વાર્થ સ્નેહનાં જશ્ન, સહુ સગા સજાવે; સ્વાર્થ.
સ્વાર્થી નિશાનો ફરકતાં, ડંકે પ્રેમી નાદ,
સ્વાર્થ સિદ્ધ થાતાં બને, નાદ બધા બરબાદ,
સ્વાર્થ સરે સ્નેહી જુના, સ્નેહને તજાવે, સ્વાર્થ.
સ્વાર્થ નિધિમાં ઝીલકા, બહુ મારે આ લોક,
સ્વાર્થ નીર ખૂટી જતાં, સ્નેહ સર્વ છે ફોક,
સ્વાર્થની સગાઇ બુરી, લાજને લજાવે; સ્વાર્થ.

સ્વાર્થે શુરા થઇ ફરે, જગવે જંગી શાડ,
સ્વાર્થ મટે કાયર બની, છુપવા શોધે વાડ,
સ્વાર્થનીજ ઝુપડીનાં, છાજ સહુ છજાવે; સ્વાર્થ.
સ્વાર્થે દુખ દે સામટું, જ્યારે માંદો સૂત,
સ્વાર્થ સરે પળી છાશ પણુ, દે ન કરે હુડધૂત,
સ્વાર્થ વિના કોઇ સંતશેરીએ ન જાવે; સ્વાર્થ.
સ્વાર્થે નારી માનતી, નાવલીયો મુજ પ્રાણુ,
સ્વાર્થ મટે ફટકી જતી, માંડે તે મોકાણુ,
સ્વાર્થ તજી રામપ્રભુજન ધ્વનિ ગજાવે; સ્વાર્થ.

પદ ૧૫૩ મું રાગ સદર.

ગર્થ વિના સ્નેહ સગાં, સાંધતાં ન કોઇ,
ગર્થ ચક્રવતી રાજ્ય, જગત લેવું જોઇ, ગર્થ. ટેક.
ગર્થ ગાંઠ નવ હોય તો, પંડીત મૂર્ખ ગણાય,
ગર્થ ગાંઠમાં હોય તો, મૂર્ખો ડાહ્યા થાય.
ગર્થ નીજ વાળી બેઠું, વિશ્વ બધું ખોઇ, ગર્થ.
ગર્થ હોય માતા કહે, " તુ વ્હાલો મુજ પ્રાણુ, "
ગર્થ જતાં બકતી ફરે, " માંકું તારી કાણુ. "
ગર્થ ટળે સ્નેહ સગાં નાંખતાંજ ધોઇ; ગર્થ.
ગર્થ દેખી બેની વદે, " માડી જાયો વીર, "
ગર્થ ન ભાળે તો ભસે, " પીટયો છે જ ફકીર. "
ગર્થમાં ગમાર જગત, ચિંત્ત રહ્યું પ્રોઇ; ગર્થ.
ગર્થવાન જ્ઞાની બને, ગર્થ વિનાનો મૂઢ,
ગર્થ રહિત જુવાનીયા; લેખાયે તે બૂઢ.
ગર્થ વિના વાત બીજી જગતમાં ન જોઇ; ગર્થ.
ગર્થે ગર્વી બાંધીયા, ગંધાયા જ હજામ,
ગર્થ વાત વિસરી જઈ, ભજ ભજ ભજ પ્રભુરામ
ગર્થ હૈયા પીટમાં ન, જીવ રહે રોઇ; ગર્થ

પદ ૬૫૪ મું રાગ સહર.

ગર્વથી ગુમાન તો ગમાર ગ્રહે ગાંડા,
ગર્વના ગુલામ બન્યા બ્હેંકી ગયા બાંડા, ગર્વ. ટેક.
ગર્વે વિનય વિસારીને, સઘળે કરે વિરોધ,
ગર્વ ગાંઠ પડતાં ગળે, ઉતરે નહિં જરી બોધ.
ગર્વ આગ્નના હિલે, પીએ ઘણુાય ટાંડા; ગર્વ.
ગર્વે વિવેક નાચતાં, વળે વિચારે હાટ,
ગર્વે ગર્ધવસેન થઇ, પછડાયે જઇ પાટ.
ગર્વથી જ રાખે ઝાલી, કામ ક્રોધ દાંડા; ગર્વ.
ગર્વે લોભ વધી જતો, મોહ આવતો ધાઇ,
ગર્વ પુત્ર મદ જન્મતાં, બેસી જાતી બાઇ.
ગર્વે અદેખાઈ કરી, ક્રૂર થતા ખાંડા; ગર્વ.
ગર્વે ગોઠા વાળ માં, કાંઇ નાવશે કામ,
ગર્વ છાક છોડી બધા, ભજ ભજ ભજ પ્રભુરામ.
ગર્વ તજી ભક્તિ સુધાના ભરી લે હાંડા, ગર્વ.

પદ ૬૫૫ મું રાગ સહર.

અર્થ સરે વિશ્વવિષે, વૈહ બને વેરી,
અર્થ મહારાજ ખરો, સર્વ લીધું ઘેરી, અર્થ. ટેક.
અર્થે માતપિતા મળ્યાં, સુતદારા પણુ તેમ,
સગાં સંબંધી સર્વનું, સમજી લેવું એમ.
અર્થ મટે ઝાડુ મારતાં, ન થાય દેરી; અર્થ.
મા'રો મા'રો સહુ કહે, જયાં લગી જેને કામ,
અર્થ સિદ્ધ થાતાં બકે, " બાળો એનું નામ "
અર્થ વિના સામું કદી, જોય ન કો હેરી, અર્થ.
અર્થે સગપણુ કાઢીને, મળતાં માને સુખ,
અર્થ ટળે સગપણુ બળે, જોશે નહિં કોઇ મુખ.
અર્થની બનાવટુ આ જગત બધું ઘેરી; અર્થ.

અર્થ વગર આશી મળે, અર્થ રહિત કરૂણાળ,
રામ પ્રભુ સ્વામી ખરા, કારણુ વિના કૃપાળ.
અર્થ સર્વ સિદ્ધ કરે લક્ષ્મીપતિ હરી; અર્થ.

પદ ૬૫૬ મું રાગ સહર.

અરજ ધરો ધ્યાન હરિ, ભાગશો ન છેટા,
ભાગવાની રીત નહિં, છો ન એકલા પેટા, અરજ. ટેક
ત્રિલોકમાં તમ સમ નહિ, ત્રિભુવનપતિ દયાળ,
ગોતું કયાં ગૌલોકમાં, હૃદયે રહ્યા રસાળ.
શખ્યા મુજ શીર શીદ, કાળના ઝપેટા; અરજ.
નિરાધાર આધાર છો, ગરીબના નીવાજ,
બાંધી જન હિત કારણે, રામ નામ શુભ પાજ.
મુક્યા માયા, વડે શુ, કામ મોહ ટેટા; અરજ.
દિન બંધુ દિન વત્સલા! હે! દામોદર રાય!
પ્રાણી છોડયો હાથથી, તેનાથી શું થાય.
જમડા આ જીવ ઉપર, દેય છે સપેટા; અરજ.
વાત તમારા હાથમાં, સુધારજો શ્રી રામ,
પિતા સૂત અવગુણ ન લે, કદી હોય છો વામ.
રામ જગ્ત બાપ પ્રભુ, જન બધાય બેટા; અરજ.

પદ ૬૫૭ મું રાગ સહર.

ભજન કરો રામનું ન, મૂકજો વિસારી,
અંતમાં જવાનું નકી, હાથ તો પસારી. ભજન.
નિર્ધન નાણું નાથજી, હાથ કરી લ્યો હાલ
નબળી વેળા કામનું, નગદ રોકડો માલ.
ખ્યાલમાં નહીંજ કદા, થાવું અવિચારી; ભજન,
ક્ષણ ક્ષણ જાપ જપી લ્હો, હૃદયે ધરવું ધ્યાન,
ગુણ સાગરના ગાનથી, ખુલ્લે મનનું ધ્યાન.
આન ગુરૂજ્ઞાનનીજ, લેવી ટીલદારી; ભજન.

અખિલ પાપ આથાં કરે, પહોંચાડે ભવપાર,
રંજન કરતા શંકને, ઉદ્ધારના સરદાર,
હાર ખશ હૈયાતણા, ભક્ત ભીડ હારી; ભજન.
રામભક્તિ રેખા વિના, વૃથા જ્ઞાનને યોગ,
જપ તપ સાધન સર્વ તે, જેવા દેહે રોગ,
ભોગ પ્રભુરામ ભજ્યાનો, મળ્યો છે ભારી; ભજન.

પદ ૬૫૮ મું. રાગ ભૈરવ.

હરિ તે પદ મમ શિર ઉપર ધરો,
ઉપર ધરો શિર ઉપર ધરો; હરિ. ટેક.
જે પદ લક્ષ્મિ ઉર પર ધારે, નિકળે જ્યાંથી ગંગ ઝરો, હરિ.
જે પદ શંભુજીની સંપત, જેવડે પાંડવ ઘેર ફરો; હરિ.
જે પદ સ્પર્શે શીલા તારી, જેથી વ્રજ વનમા વિચરો; હરિ.
જે પદ ગોપીજન સુખદાયક, જે પદ વાગ્યાં બિમ્બ શરો; હરિ.
જે પદ ગો લોકે રમે રાસે, જેથી નાસે શોક પરો; હરિ.
તે પદપંકજ પ્રભુ શિર રાખો, રામ રસાળ કૃપાળ કરો; હરિ.

પદ ૬૫૯ મું રાગ સદર.

પ્રભુ દર્શન વિણુ, બેહાલ અતિ,
હાલ અતિ બેહાલ અતિ, પ્રભુ. ટેક
રામ રામ ચહુ દિશ પોકારૂં, ચેન પડે નહિં ચિત રતિ; પ્રભુ.
વ્યાકુળતાથી વલખું વ્હાલા, શાંતિ મને નથી લેશ થતી; પ્રભુ.
અંગે અંગ અંગારા ઉઠયા, દર્શન વેણી ગહન અતિ; પ્રભુ
જંગલ જેવું જગત જણાતું, ધારી શકું હરિ! કેમ ધૃતિ, પ્રભુ.
તું દગ મારી તે ખોવાતાં, અંધ બની મનની વૃત્તિ; પ્રભુ.
રામ પ્રભુજન પાસે પ્રકટી, કર ગ્રહી કર કરૂણાની કૃતિ; પ્રભુ.

પદ ૬૬૦ મું રાગ સહર.

પ્રભુ પ્રકટ થવામાં, કોણુ ક્ષતિ,
કોણુ ક્ષતિ, પ્રભુ કોણુ ક્ષતિ; પ્રભુ. ટેક.
શ્યામ સત્તા સહુ સ્થળમાં સાચી, ગુપ્ત નથી પણ છેક છતી; પ્રભુ.
સેવક સન્મુખ મુખ દેખાડે, નાથ હશે શું લાજ જતી; પ્રભુ.
અવિકારીને આગરૂ શાની, જોને વિચારી વિશ્વપતિ; પ્રભુ
ગરિઅનિવાજક પણ જાણીને, ધસતો આવુ શર્ણુ પ્રતિ; પ્રભુ.
લાજ હશે નહિં આજે ન તારે, કોઇ કાળે પણ કયાંજ હતી; પ્રભુ.
રામ પ્રભુજન પાસે પ્રકટી, પદપકજ દે વિમળ મતિ; પ્રભુ.

પદ ૬૬૧ મુ રાગ સહર.

રઘુરામ વિના નથી મારી ગતિ, મારી ગતિ, નથી મારી ગતી.
રઘુ. ટેક.
કોને કહું ને કોને શુણાવું, જાણી શકે કોણુ મારી કૃતિ; રઘુ.
હરી દયાથી શઠ સાધકની, સુધરી ગઇ થઇ વિમળ મતિ; રઘુ.
કૃપા કટાક્ષે ઝાખીને વ્હાલા, દેજો ધરાવી દિલમાં ધૃત્તિ; રઘુ.
ભવજળ આ તરણીવિણુ તરવા, નાથ કરી દો અમળ વૃત્તિ; રઘુ.
ઢીલ ન કરજો કષ્ટો હરજો, ભરપુર ભરજો ચિત્ત રતિ; રઘુ.
પોતાનો કરી લેજો પ્યારા, દીન દયાળુ પ્રભુ રામ પતિ; રઘુ.

પદ ૬૬૨ મું રાગ સહર.

ભવનાથ વિના દુઃખ કોણુ હરે,
કોણુ હરે દુઃખ કોણુ હરે; ભવનાથ. ટેક.
સ્વાર્થ પોતાના સહુજન સાધે, કો પરમાર્થ કદિ ન કરે; ભવ.
સગાં કુટુંબી સ્વાર્થે શોચે, દિલ ન પરની દાઝ ધરે; ભવ.
કામ કાઢે બધાં પોતપોતાનું, કાજ સરે કરે દૂર ખરે; ભવ.
પ્રભુપતિ રામે જો મન જામે, અંતર આગ સમૂળ ઠરે; ભવ.

પદ ૬૬૩ મું રાગ સહર.

રઘુવીર વિના સુખ ક્યાં છે અરે,
 ક્યાં છે અરે સુખ ક્યાં છે અરે, રઘુ. ટેક.
દુનિયામાં છે દુઃખ ભરેલું, મળતાં આંસુ કેમ ઝરે; રઘુ.
સુખ પણ અંતે દુઃખરૂપ થાતું, મદમત્ત થઈ જીવ કાં વિચરે; રઘુ.
દેવાદિક પણ દુઃખમા ડૂબ્યા, કાગ ભગે ઉભા થથરે; રઘુ.
પ્રભુપતિ રામે જો મન જામે, સુખ શાતિમા ઉર ઉભરે; રઘુ.

પદ ૬૬૪ મું રાગ સહર.

મૂઢ માન ધરી મન હુંકી મરે,
 હુંકી મરે મન હુંકી મરે, મૂઢ ટેક.
મિથ્યા માને ભૂલી ભાને, ષંઢ બે ભાન બનીને ફરે; મૂઢ.
ઢીકા પાટુ ખાવું પડતું, તોય તોફાનો કરી વિફરે; મૂઢ.
ડુબ્યું ડુબ્યું તળિયે બેઠું, ભુંડુ ભવનિધિની સફરે; મૂઢ.
પ્રભુપતિ રામે જો મન જાયે, બુડયું ત્યાંથી મનડું તરે; મૂઢ.

પદ ૬૬૫ મું રાગ સહર.

સમ જ્ઞાન વિના જીવ ના ઉધરે,
 ના ઉધરે જીવ ના ઉધરે; સમ. ટેક.
સમ્યકતા મન પામે, પ્રૌઢા, આસનથી કદી ના ઉતરે; સમ.
સમતા શાંતિ સ્થિરતા વ્યાપે, વાસ નહિં જનુની ઉદરે; સમ.
વિષમપણાની વાસ મળે ના, શબ્દ કહો ક્યાંથી ઉચરે; સમ.
પ્રભુપતિ રામે જો મન જામે, લાભ ખરો આખી ઉમરે; સમ.

પદ ૬૬૬ મું રાગ સહર.

પ્રભુ રામ વિના કશું કાં ઉચરે,
 કાં ઉચરે કશું કાં ઉચરે; પ્રભુ. ટેક
ફોલી ખાધા જીવડા ઝાઝા, જગ ઠગ નામ રૂપી ઉદરે, પ્રભુ.

નામ હરિનું જપવું હેતે, લાભ બડો અવની ઉપરે; પ્રભુ.
નામ રહસ્ય જે જીવ પામ્યો, આવ્યો ભલે જગને ઉંબરે; પ્રભુ.
પ્રભુ પતિ રામે જો મન જામે, નામ પ્રતાપે તે ઉગરે; પ્રભુ.

પદ ૬૬૭ મું રાગ સહર.

સતસંગ કરે જીવ કાજ સરે,
કાજ સરે જીવ કાજ સરે; સત. ટેક.
સંતને મળતાં હેતે હળતાં, ભડકી ભૂંડા કેમ ડરે; સત.
સંતથી ભાગી હે ! દુરભાગી ! તપ કાં તુંડા! ત્રિવિધ જ્વરે; સત.
સંત વિના શઠ શાંતિ ક્યાંથી વિંધાતાં વિષયીજ શરે; સત.
પ્રભુ પતિ રામે જો મન જામે, સંત પ્રતાપે સહજ તરે; સત.

પદ ૬૬૮ મું રાગ સહર.

મન પેસ નહિં ઘર પાપી ઠરે,
પાપી ઠરે ઘર પાપી ઠરે; મન. ટેક.
વિષય કથાના ઉકરડા છે, છાઇ રહ્યું નિંદા કચરે; મન.
કચરા પટી કામાદિકની, જામી છે ઉકરડા પરે; મન.
ગદ્ધા આંટા ફેરા મારે, ઓખર કરતાં પેટ ભરે, મન.
પ્રભુપતિ રામે જો મન જામે, ફેરો મટે જનુની જઠરે; મન.

પદ ૬૬૯ મું રાગ સહર.

જગ જીવ જીતે, પ્રભુરામ વરે,
રામ વરે પ્રભુરામ વરે. જગ. ટેક.
વિષસમ જાણી પ્રીતે પ્રાણી, વિષય કથા દિલથી વિસરે; જગ.
ખટપટ તજતાં ઝટપટ ભજતાં, વ્હેમ તણાં વાદળ વિખરે; જગ.
પ્રેમ સુધા નિધિમાં ઝીલે મન, કોણ ચડે કર્મી ડુંગરે; જગ.
પ્રભુપતિ રામે જો મન જામે, ફેર નહિં ભવના ચક્રે; જગ.

પદ ૬૭૦ મું રાગ રામ ભજન અનુરાગ સજનમાં સોઈ આવ્યા.

હરિ ભજતાં શરમાયા, એ જન અભડાયા. અભડાયા. ટેક.
આભડછેટ અંગે અગ એને, વાડામાં વટલાયા; એ.
વટલાઇ વ્યાપ્યો વપુમાં વશમો, સૂતકમાં સપડાયા; એ.
સોળે દીવસે સુતક ન ઉતરે, સદા સૂતકી કાયા; એ.
મન મંદિર મશાણ જ એનું, ચિત ચેહ ખડકાયા; એ.
સ્પર્શ ન કરવો કદીપણ કોઇએ, ભજન શુન્ય ભડકાયા; એ.
મડાં મૂખ એવાનાં બાળો, લાજ ભૂતે ભરખાયા; એ.
પલીત એ નર પ્રેત બરોબર, ભવ ચકીએ ભરડાયા; એ.
પ્રભુરામના રટણ વિનાના, મફતે મૂઢ મરડાયા; એ.

પદ ૬૭૧ મું રાગ સદર.

ખોટા ખેલો ન ટકે, દેશે જમ ઝટકે, જમ ઝટકે. ટેક.
તુંડમીજાજી! પુરા પાજી! ગરલ ગધા કાં ગટકે; દેશે.
કામી! જમદ્વારે જ કપાશે, કાયા કટકે કટકે; દેશે.
મમતીલા! મન દેખ વિચારી, તૃષ્ણા તારો ત્રટકે; દેશે.
જમનાં બંધન છે જોરાવર, બળીયાથી નહિ બટકે; દેશે.
લેવાતો જા માં લંપટ તું, લુંપી લલના લટકે; દેશે.
પ્રભુરામ રસ ચાખ રસાળો, સ્મરણ થકો કાં સટકે; દેશે.

પદ ૬૭૨ મું રાગ સદર.

વંઠેલ વળતો નથી વાર્યો, ભુંડા ભવ હાર્યો, ભવ હાર્યો. ટેક.
જુદો જગજીવનથી પડીયો, ત્યારે જમડે માર્યો, ભૂંડા.
દેહાદિકમાં મમતા બાંધી, આત્મા ભાવ વિસાર્યો; ભૂંડા.
સુત વનિતામાં વ્હાલ વધારી, શ્રીવર સ્નેહ વિદાર્યો; ભૂંડા.
વિષય વિષમ દાઢે ઠગરાગો, આત્મા અગ્નિ ઠાર્યો, ભૂંડા.
અંબાડી હાથીની છોડી, હાય! ગધેડા ચાર્યો; ભૂંડા.
પ્રપંચ પૂરે પેઠો પાપી, જળ પણ નહિ પરવાર્યો; ભૂંડા.

વિવાહ વેળા વરસી કીધી, ઢોંગા હાહાડો સાચો; ભૂંડા.
પ્રભુરામ હજી ભજી લે ભાવે, શો મનસૂબો ધાર્યો; ભૂંડા

પદ ૧૭૩ મું રાગ સદર.

ઉમર તો આખી બાળી, ભજ મન વનમાળી, વનમાળી. ટેક,
બાંડા બાળપણું તો ખોયું, અજાણપણુમાં હાળી; ભજ.
બળી જુવાની જુવતી સંગે, રસભર લેનાં તાળી; ભજ.
ઘડપણમાં ઘેલડ થઇ ધાયો, ચેહ ન સામી ભાળી; ભજ.
હડકારે નહિ કોઇ તથાપિ, લવ લવ ટેવ ન ટાળી; ભજ.
શિથીલ થઇ ઈંદ્રિયો તોંયે, વાતો ગમે રસાળી; ભજ.
હું પદમાં અથડાઈ મુવો તુ, ગર્વે આયુષ ગાળી; ભજ.
વાનર! વલખાં હજુ શું મારે, ઝટલે વૃત્તિ વાળી; ભજ.
પ્રભુરામ રસ પીને પ્યારા, નશાડ ટીલી કાળી; ભજ.

પદ ૧૭૪ મું રાગ સદર.

હાથે કરી ઉંધો લટકે, ખોટ જ એ ખટકે, એ ખટકે, ટેક.
ચતુર્ભુજનુ ચિંતન ખોટું, ચાહ ચતુરાં ચટકે; ખોટજ.
પથર લેવા પહેલો દોડે, પારસમણીને પટકે, ખોટજ.
વનિતાથી વ્યવહાર વધારે, ત્રિકુલ વરતાં વટકે; ખોટજ.
આત્મભાવથી આઘો ભાગે, આડો અવળો અટકે, ખોટજ.
ફંદ વધારી ફાંસી બાંધે ફોકટ ફાટી ફટકે; ખોટજ.
ભ્રમમાં ભૂત સમોવડ થઇને, ભૂતળ માહે ભટકે; ખોટજ.
છદ કુચ્છદ સ્વચ્છદે ચરતો; છૂપી રીતે છટકે, ખોટજ.
પ્રભુરામ રસ ચાખે નહિં ને, મોહે લટકે મટકે; ખોટજ.

પદ ૧૭૫ મું રાગ આજ શ્યામ મોહલીનો બંસરી બજાયકે.

ગમાર ગર્વ ધારી કાં કુમાર્ગમાં મચી રહે, ?
કુમાર્ગમાં મચી રહે, કુમાર્ગમાં મચી રહે; ગમાર. ટેક.

દીધાં હરી કૃપા કરી, મુસાફરીનાં સાધનો,
ભમેલ ભૂત ભાટકી, ભરે કુભાર કાં વહે; ? ગમાર.
વિચાર સાર ધાર વાર, વાર હાર શું અરે,
સુધાર કાર ઠાર આગ, ચર્મ ચિત્ત શું ચહે; ? ગમાર.
ગુમાનમાં ન ભાન સાન, ધ્યાન કો રહી શકે,
અપાર છાર ભાર પંઢ ! હું પદે જ શું સહે, ? ગમાર.
લલ્લાટમાં લખેલ લેખ, નાથ છેકી નાખતા;
રામ પ્રભુ રામ રામ એકવાર જો કહે; ગમાર.

પદ. ૬૭૬ મું રાગ આશા ગોડી.

નાથ તજી કેમ ભટકે, કૃપણમતિ, નાથ તજી કેમ ભટકે, ટેક.
ત્રિવિધિ તાપે મર કાં પાપે, વસ્તુ વિલોકી વટકે; કૃપણ.
કલ્પલતા ભક્તિ રૂપ ભારે, લપટાતાં શીદ છટકે; કૃપણ.
આશા કપટી વેલ ગળામાં, ઘાલી ગંડુ લટકે; કૃપણ.
લાલચ ગારે શાને લબદા, ખોટ ન ખંધા ખટકે, કૃપણ.
તૃષ્ણા તાડી તુંડ મિજાજી, ! તૃપ્ત ન થાતાં ગટકે; કૃપણ
પ્રભુપતિ રામ રસાળ રટી લે, ચેતી જા ચિત્ત ચટકે; કૃપણ.

પદ ૬૭૭ મું રાગ સદર.

પેઢલીએ રહ્યું મીઠું, મુરખ શું, પેઢલીએ રહ્યું મીઠું, ટેક.
ઉછૂંખળ થઈ આથડતો કાં, જગ સુખ લાગે શું મીઠું; મુરખ.
રામ રસાયણ રસ મુકીને, શોધે કાં સુરા પીઠું; મુરખ.
ચોટી રહેશે કાળજે કોડા, વિષય અડદનું પીઠું; મુરખ.
ઝટ મનમાં પ્રભુ રામ સ્મરી લે, દશમું દ્વાર ન દીઠું; મુરખ.

પદ ૬૭૮ મું રાગ જોડી તેં ના જોઇ માડી.

ભલાં મન માન ભલુ થાશે, દુરિત દુઃખ દાહ દૂર જાશે,
અંતર અંગીઠાંના ભારે, ભડકા, ઓલાશે; ભલાં.

કહ્યું જો માનીશ તું મારું, થશે કલ્યાણ કુશળ તારૂં,
ભવસાગર તરવાનું સારું, જડશે ઝટ બારું; ભલાં.

થા થા રામચરણુ રાગી, બની જા ખુશંદ બડભાગી,
પ્રતાપ જાણી રામનામનો, કળી જાશે ભગી; ભલાં.

બીકણુ કળિ પાસે નહિં આવે, નહિ પાપે તાપે તાવે,
વિના પ્રયાસે મુક્ત થવા, નિજ પ્રભાવ બનાવે; ભલાં

રામ સુ નામે થા રાગી, બની સંસારે વૈરાગી,
તો ઉંધા લેખ લખતાં વિધિને, જાય લપડ લાગી; ભલાં.

જમીને રામ નામ લાડુ, ભરીને ઉદર ચલાવ ગાડું,
નહી માગવી પડે ભીખ, ઘરઘર પાડી રાડુ; ભલાં.

ખજાને રામ રતન સાચું, સચ તે વિણુ બધું કાચુ,
ભરપુર ભર નહિં લેવી પડશે, વ્યવહારે લાંચું; ભલાં

દીપ છે રામ મણી ભારે, નહિ લોભી વાયુ ઠારે,
ભટકીને નહીં મરવું પડશે, પાપી અંધારે; ભલાં.

સુધારસ રામ નામ સારૂ, કરી લે મનવા તું પ્યારૂં,
મૃત્યુ ભય ભાંગે બનશે, અમૃત જીવન ચારૂ; ભલાં.

નહી કો વાતે પડે ટોટો પકડશે નહિં તૃષ્ણા ટોટો,
કલ્પવૃક્ષ પ્રભુ રામ નામનો, આશ્રય લે મોટો; ભલાં.

પદ ૬૭૯ મું રાગ વ્હાલા વેગે આવો રે.

મિથ્યા નાની માયા રે, ખોટી જાણી કાયારે,
માટી મણી માંનવી હે જી,
માનો માનો, માટીનાં મેડી ને મ્હેલાત, મિથ્યા. ટેક.

ફોકટ ફંદ ફસી ફના, કરતાં શું આનંદ,
બંધાણા તે છુટીયા નહિ છુટયા કુચ્છંદ
કાશ કર્મની વાધતાં, વધી પડયો આકૃંદ
ભુલ્યા તે ભરમાયા રે, માટી.

જબરી માયા જાળમાં, જડતાથી બંધાય,
મોચી મનમાં ચામડું, જેમ નહીં ગંધાય,
શઠતાથી શઠતા વિષે, એમજ શઠ સંધાય,
તોપણ નહિં શરમાયા રે. માટી.
કલ્પાંતો કર્મો તણાં, કરતા મૂર્ખ ગમાર,
સેતાનો શર્મો, તણાં ઝડપે પ્રેત ચમાર,
મર્મ ભેદ મર્મી તણા, સમજે નહિ લગાર,
એ ચેહે ખડકાયા રે. માટી.
સંતોષે રાચે નહિં તૃષ્ણામા અતિ તાન,
તોષ વળે નહિં દીલને, આશામાં ગુલતાન,
દોષ દેખતા અન્યના, એવા જીવ સેતાન,
ભ્રષ્ટ બની ભડકાયા રે. માટી
સંગ કરે નહિ સત્યનો, અસત્યમાં બહુ ભાવ,
પચ વાત માને નહિં, મદનો નથી અભાવ,
મંચ મોહ મન ભાવતો, હેતે કરે નિભાવ,
સેતાનો સપડાયા રે. માટી.
મેલી મમતા મન થકી, પામો પરમાનંદ,
બંધીખાનું બાળીને, માણો બ્રહ્માનંદ,
જન પ્રભુરામ દયા કરે, મટે મતિ જે મંદ,
વિખરે વાદળ છાયા રે. માટી.

પદ ૬૮૦ મું રાગ પ્યારીને કહેજે તું પ્રણામ.

વળજો વ્હારે રઘુનાથ, રઘુનાથ, મારા નાથ રે, વળજો. ટેક.
દેહ ડુંગરીયો મારો ડોલવા લાગ્યો વ્હાલા,
દેજો જી આધાર ધારી હાથ, ધારી હાથ, મારા નાથ રે; વળજો.
ડેરી જુનવાણી પડી, જાવાની થઈ છે વ્હાલા,
દેવને બચાવો નામુ માથ, નામું માથ, મારા નાથ રે; વળજો.
માંડયું સુકાવા જુનું, સરોવર મારૂં વ્હાલા,
મચ્છને ઉગારો રાખી સાથ, રાખી સાથ, મારા નાથ રે; વળજો.

અંત વેળાની મારી, અરજી શુણીને વ્હાલા,
જન પ્રભુરામ લ્યો સંગાથ, લ્યો સંગાથ, મારા નાથ રે; વળજો.

પદ ૬૮૧ મું રાગ પ્રભાતી.

એક અદ્વૈતના ફોતરા ફાકવા, ચોખલા નાખ કાં જીવ ફેંકી,
બ્રહ્મના જ્ઞાનમાં બુદ્ધિ બુંઠી બને, જીવડા જાય છે કેમ બ્હેકી; એક
પાન અમૃત મુકી ઝેર પીવા જતાં, મૂરખા મોહ મમતે મરાવા,
કાળ આવે જદા કામ નવ આવતું, જ્ઞાન છૂપે ખુણામાં ભરાવા; એક.
પ્રેમ દઢ નેમથી વ્હેમ ત્યાગી દઈ, ભક્તિ ભાવે ભરો દીલ ભારી,
જન્મના બંધથી છૂટવા કાજ એ, ખાસ ઔષધ ખરૂં હિતકારી; એક.
પ્રેમને તાતણે બધ થઈ બારણે, પારણે વિશ્વનો ભૂપ ઝૂલે,
પ્રેમ એ ભૂલીને જ્ઞાન ઝાલી રહે, હાટ એનુ જગે ખાસ ડુલે, એક
સગુણ નિર્ગુણ પરે નાથજી રાજતો, ગુણ ગણ્યો કેમ તેના મપાયે,
કાર આકારનો જેહનો જગતમા, છાપખાને ઘણેરો છપાયે, એક
પ્રેમરૂપે પ્રભુ રામજી આપ છે, પ્રેમ નાતે રહે હાથ જોડી,
તેહના પ્રેમના પાસમાં પડ મના! નાખ બીજા બધા પાસ ત્રોડી; એક.

પદ ૬૮૨ મું રાગ સદર.

પૂર્ણ પરમેશ્વરા; એક તું ઇશ્વરા, વિશ્વ રાખે મહા શક્તિ ધારી,
હાજરા હજુર તું શેઠીયો મજુર તું કિલબ. ને શૂર તું ચક્રધરી; પૂર્ણ.
બોલનો બ્હારથી દેખું અત્યારથી, પણ પરાપરથી શબ્દ ગાજે,
વાણી ત્યાં શું કથે, બેસીયો તું રથે, હાંકવા તું મથે સર્વ છાજે; પૂર્ણ.
શ્વાસ ઉશ્વાસમા, રસ ભર્યા રાસમાં, ભ્રમણ ના ભાસમાં નાદ તારો,
આ નથી આ નથી, એ બકું બહુ મથી, હે! રથી! એ બધો
વાદ મારો; પૂર્ણ.
માહુરા વાદમાં દીલ ઉન્માદમાં, લોક મરજાદમા પંથ ભૂલ્યો,
વિષમ વિવાદમા ચક્ર વિખવાદમાં, કરની યાદમાં ઠીક ડુલ્યો; પૂર્ણ.

સમજ ગઈ સહુ બળી, સાન પણ ગઇ ટળી, વેગળી થઇ ગઇ
બુદ્ધિ સારી,
ધૈર્ય ના રાખીને શાંતિ ખોઇ નાખીને, ચાખીને ઝેર પીધું વિકારી, પૂર્ણ.
ઝેર ચડયું જયારથી દુષ્ટ વિચારથી, ત્યારથી ખોઇ લાધે નચાવી,
પ્રકટ પ્રભુરામ તું સ્વામી નિષ્કામ તું, નિર્મળા નામ તું લે બચાવી; પૂર્ણ.

પદ ૬૮૩ મું રાગ સદર.

કંસના કાળ વિક્રાળ હે ! કાનુડા ! કાળ મારો કરે કેમ કાળા !
મારીયો મામલો એવડો તું ભલો, આદિના એહવા તુજ ચાળા; કંસ.
માસી ધવરાવવા હેતથી આવી ત્યાં, દુધ પીધું અને મોત દીધું,
અન્યની તો દયા આવવાની કશી, સમજની વાત દૃષ્ટાંત લીધું, કંસ.
ખબર તુજ કાઢવા મામલે મોકલ્યા તે બધા પ્રાણનો દંડ પામ્યાં,
પાસ તુજ આવતા કો નથી ફાવતાં, જેટલાં આવીયા કાળ કામ્યાં, કંસ
માતને તાતને, કેદમા મુકીને, એકલો ભાગીયો મધ્ય રાને,
વ્હાલ બીજા પરે આવશે વાત એ, માનવી માનવે કોણ નાતે, કંસ
ઘર તજી ગોપિકા ઘેલુડી આથડી, રાતડે આંસુડે રોતી મેલી,
ક્રુર કામા કર્યા કેશવા તેં ઘણા, અસલથી ટેવ એવી પડેલી, કંસ.
નંદ જશોમતિ મેલીયાં રઝળતાં શુદ્ધ લેવા ફરી વખત નાવ્યો,
નેહ તુથી કરી સળગવું બહુ ફરી, તોય મારે મને તુજ ભાવ્યો; કંસ.
વ્યંગ વચને પ્રભુજન બકે તેહની, રીસ રાખે ઘટી લાજ જાશે,
રામજી રીસ નહી રાખજે કૃષ્ણજી, મેળવી લે મને નિત્ય રાસે; કંસ.

પદ ૬૮૪ મું રાગ મન માયાના કરનારારે.

મહા મોહે મદે મરનારારે, બુરા હાલ અંતે તો થનારા, મહા ટેક.
મૃગજળ પાછળ દોડી મરતાં, સંકટ શઠ સહેનારા,
આશા બધી આ જગની જૂઠી, અમર નથી રહેનારારે; બુરા.
જળમા ગગન ઘટાના જેવી, ખોટી બાજી ખેલનારા,
રંગે ઢંગ ભૂલીને ભમતાં, સાચાં સૂખો ઠેલનારારે, બુરા.

તલવારે ત્રણ કુમક લટકે. યુદ્ધે શુરા ચઢનારા,
જમને દડે સહુ ઝપટ્યા, જમરા જોધા વઢનારારે; ભુરા.
કાજે કોળીયો કરીને કરડ્યા, નાટકમાં નાચનરા,
રાખે રેળાયા રાકને રાણા, ભૂખે ભોગે મચનારારે; ભુરા.

કાજી પાજી કે પામર પુરાણી, વેદાંતના વાંચનારા,
બચ્યા નથી કે બચતા નથી વળી, કોઇ નથી બચનારારે; ભુરા.

સાજ સજ્યા પ્રભુરામ ભજ્યા તે, સ્થિર ઠામે ઠરનારા,
ચોપે ચેતી ચડીલાઇ ચુકી જા, ભુંડે ભાઠે ભડનારારે; ભુરા.

પદ ૬૮૫ મું રાધે કૃષ્ણ ભજન વિના અપના કોઇ નહિં.

સીતારામ રટણ કરી, જીવડા જા તું તરી. ટેક.
અવર ઉપાય કશા કામ નહિ લાગે ને, એકેનું જોર નહિં
ફાવેરે; જીવડા
અંતરની આશા સર્વે ઉંધી વળવાની તું, મિથ્યા કાં મોહ
મચકાવે રે; જીવડા.
કર્મોની જાળ અમથી હાથથી બાંધતા રે, તન મનને કેમ
અભડાવે; જીવડા.
હાથે તેં સાથે સર્વે આવશે, તારી જોને, લણવાનું એવું જેવું
વાવે રે; જીવડા.
એકે બડાઇ ઓધા ચાલશે નહિ જ્યારે, કાળ દાઢોંમાં ઘાલી
ચાવેરે; જીવડા
દ્વેષ દંભાદિક દિલનાં હડસેલી નાખ વ્હાલાં, પ્રભુ રામ સ્વામી
ભજ ભાવે રે; જીવડા.

પદ ૬૮૬ મું રાગ સદર.

સીતારામ વગર નહિં, મદદે કોઇ ચડે. ટેક
સ્વાર્થે મળેલા સગા સ્નેહી સબંધીને, સ્વાર્થનો સ્નેહ
જણાવે રે; મદદે.

કામ પોતાનું હોય જ્યાં સુધી જેને, વ્હાલામાં નામ તે
ગણાવે રે; મદદે.
વેદડો વેરી થાનો અર્થ સીધ્યા પછી તો, અંતે તો ઉંઠાં સહુ
ભણાવે રે. મદદે.
પરમારથની લેશ ગંધ મળે ના ક્યાંહિ, સ્વારથના તાંતણા
તણાવે રે; મદદે.
ગરજના યાર ગધ્ધા ગીધડા જેવા જન છે, પતર તે પ્રેમની
અણાવે રે; મદદે.
પ્રેમને નામે મીંડુ વાળીને, બેઠા બાંડા, ચોવટના ચોતરા
ચણાવે રે; મદદે.
હેત હૈયે ના દીઠું, જેવું દારૂનું પીઠું, પૂન્યના પ્હાડ તે
ખણાવે રે; મદદે.
સ્નેહ જુઠાની દોરી કંઠમા ઘાલી ગાંડા, કેમ તું આતમા
હણાવે રે; મદદે.
બાંધવા બેઠાં તને દેખ આ સ્નેહી તારાં, સ્વારથનાં દોરડાં
વણાવે રે; મદદે.
સ્નેહ જો બાંધ સાચો પ્રભુરામ પદમાં પ્યારા, માણે તું મોજ
બહુ મણાવે રે; મદદે.

પદ ૬૮૭ મું રામ મોહ્યું મન માયાને માટે રે.

બ્રહ્મરસ પીજો રૂડી રીતે રે,
બની આપ ત્યાગી, ખરી પ્રીતે રે. બ્રહ્મ. ટેક.
કેશરી સિંહ તણી ત્રાડે રે,
અજા છુપી જાય જઇ વાડે રે;
નાસે ગજ ત્રાસી એ ચાડે રે. બ્રહ્મ.
લડે હાથમાં શીર જે રાખી રે,
મુખે તે લડાઇ જીને આખી રે,
રહે તે સ્વાદ ખરો ચાખી રે બ્રહ્મ.

બની મરજીવા મોતી આણે રે,
ધરી કંઠ સુખડાં તે માણે રે;
ખરી તક ચુકે નહિં ટાણે રે. બ્રહ્મ.
અંતર કરતલ સાગર સાતે રે,
ભક્ષા ભરી રાખે ભલી ભાતે રે;
ત્રીવેણી તે ડુબે ન કોઇ વાતે રે. બ્રહ્મ.
ભવાઇ જગ ભુગળ પેખે રે,
માયા મૃગ ઝાંઝવા જળ દેખે રે;
ફોડે ચીર જમનું જ્ઞાન મેખે રે બ્રહ્મ.
પીવો રસ પાવો કરી ખુબી રે,
મૂકી મન માયાની મગરૂબી રે;
રહો પ્રભુ રામ રસે ડુબી રે. બ્રહ્મ

પદ ૬૮૮ મું રાગ ઘેલાં ભલે થયાં રે એ લય.

બ્રહ્મરસ ભોગવ્યો રે, ભ્રમણા ભાગી ભવભય ભગ્યો,
જુગતે જોગવ્યો રે, તૃષ્ણા ત્યાગી ત્વં તમ ત્યાગ્યો. ટેક.
પ્રપંચ પાપ પતી ગયા, માપે વ્યાપ્યો આપ,
સોહમસ્મિ સમજ્યુ પછી, શુદ્ધ બની ગઇ ખાપ, બ્રહ્મ.
વ્યષ્ટિ શમી સમષ્ટિમા, ગઇ બન્નેની એબ,
પીંડ ગળ્યું બ્રહ્માંડમાં, બ્રહ્માંડે પીંડ ગેબ; બ્રહ્મ
અનેક એકજ ભાળિયું, ભાળ્યુ એક અનેક,
તત્ત્વમસિના તાનમાં, ગુલતાન વૃત્તિવિણુ છેક; બ્રહ્મ
નિજાનંદના નૂરમાં, દેખી સર્વે ચીજ,
સર્વ ચીજમાં નિજાનંદનું, અભેદ ભળ્યું બીજ; બ્રહ્મ.
વૈખરીના વિસ્તારમાં, પેખ્યો પરા પ્રદેશ,
પરા પ્રદેશે પેખી જે, સૂક્ષ્મ વૈખરી વેશ; બ્રહ્મ.
રામ પ્રભુ પ્રભુગમ પા, એકાકાર અભેદ,
બ્રાહ્મ શબ્દ ધાટો છૂટયા, પટ ત્રુટી ગયે કેદ; બ્રહ્મ.

પદ ૧૮૯ મું રાગ, કાચઓ કહે કાચઝી એ લય.

હાલો ને હેલી વસતાં હેતે, ઘાટી જ્યાં વનરાય,
ઝાડમાં માળો ઘાલીયો ઘાટો, સુખમાં દહાડા જાય;
પ્રીતિમાં લેશ ન ટોટો, નારી નર નેહ છે મોટા રે
ખાય પીએને ખુશીયો કરે, રંગે રમે દિનરાત,
સ્નેહની સાંકળમાં સપડાયાં, ભૂલી ગયા નિજ જાત;
કુજાતી નારની સંગે, બધાણું અંગથી અંગે રે.
રમતાં વીત્યાં વર્ષો ઝાઝાં, હાલો હોલીને આધીન,
મુખમાંથી માગ્યું આપે લાવી, છે બન્યો છે દીન;
હોલી થઇ ગાભણી જ્યારે, માન્યો આનંદ ત્યારે રે.
ઈંડાં મુકયાં તેમાથી સેવાતાં, પ્રકટયાં પંખી પ્રણ,
પ્રેમ બધાયો બેઉનો એમાં, એજ વળી મોકાણુ;
દીઠે ખુશી વાધતી ભારી, હરખ્યાં બેઉ નરને નારી રે.
ચણુ લેવા બચ્ચાંને માટે, એક દીને બેઉ જાય,
પાછળથી પારાધી પહોચ્યો, જાળે બચ્ચા બાંધી જાય;
એવામાં આવીયાં બન્ને, જોઇ દુઃખ પામતાં મને રે.
હાય હૈયાપીટ કરતી હોલી, રોતી રોતી ધાય,
પકડી પાડી પારાધીએ, હોલો કરે હાય હાય;
હવે શું થાશે મારૂં, થયુ જગઝેર આ ખારૂં રે.
ટળવળેને કળકળે બહુ, રડવડે ભુલી ભાન,
“હાય મારો તો નાશ થયો છે,” એમ બકે બેભાન;
ઝલાણો જાળમાં જંગી, સ્થિતિ તો થઇ કઢંગી રે.
જીવ હોલો ને બુદ્ધિજ હોલી, વૃત્તિઓ બચ્ચાં છેજ,
કાળ પારાધી મોતની જાળે, પકડી પાડે એજ;
શીખામણુ હૃદયે રાખી, કરી લે નાથની ઝાખી રે.
બુદ્ધિ બચ્ચામાં જીવ લોભાણો, તેથી વળીયો દાટ,
મોહ મૂકે તો ઉખડે વેગે, અંતર લાગ્યો કાટ,
ભજે પ્રભુરામ જે ભાવે, ચડે નહી કાળને દાવે રે.

પદ ૧૯૦ મું રાગ, નવે કાં કરી ન્યારો એ રાય.

ધાર ધણી શીર સાચો, જીવડા, ધાર ધણી શીર સાચો! હેજી. ટેક.
માત પિતા સુતનાં ધણી થાતાં, એ સંબધ અસાચો, હેજી.
કાળ બાજની ઝડપ વાગતાં, સ્નેહ જણાવે ટાચો; જીવડા.
ધણીપણુ પતી સ્ત્રીનુ કરતો, પ્રેમ તાંતણો કાચો, હેજી.
હાથે ઢોળી નાખે હેઠે, વાગે મૃત્યુ તમાચો; જીવડા.
ચાર દીવસના ચાદરણામાં, મનજી ! ભઇ શુ રાચો, હેજી.
પ્રપચના ધણી એવા જેવા, નટવા કેરા નાચો; જીવડા
ધણી ચાકરો જગના જૂઠા, જૂઠ સ્નેહ શુ જાચો, હેજી.
રામ પ્રભુજન ધણી ધાર જ્યા, દેવી ન પડે લાંચો, જીવડા.

પદ ૧૯૧ મું. રાગ શીદ કલ્પાવો સતાવો હું છુ રંક જુવો જરી.

શરમાશે તે અમડાશે ને હડકાશે ન ગાશે હરિ ગુણ ધારી હામ ટેક.
મરડાશે ચરડાશે ટરડાશે ઠરડાશેગાતાં ગોવિંદ ગાથ,
વટકાશે વટલાશે સપડાશે ઝડપાશે જમડાની જંગી બાથ, શરમાશે.
મરડાવા ચરડાવા ટરડાવા ઠરડાવા આપ્યો નથી હરિદેહ,
વટકાવા વટલાવા સપડાવા ઝડપાવા પડવા પડે ચેહ; શરમાશે
મરડાવું ચરડાવુ ટરડાવુ ઠરડાવું ગડુ ગુમાનીનું કામ,
વટકાવું વટલાવુ સપડાવુ ઝડપાવુ, ગદ્ધાના ધંધ તમામ; શરમાશે.
મરડાયા ચરડાયા ટરડાયા ઠરડાયા પડીયા તે નર્કની ખાડ,
વટકાયા વટલાયા સપડાયા ઝડપાયા, ભાગી ગયાં એનાં
હાડ; શરમાશે.
મરડાતા ચરડાતા ટરડાતા ઠરડાતા, ઉડી ગયાં એનાં નામ,
વટકાતા વટલાતા સપડાતા, ઝડપાતા, જડતાં નથી એના
ઠામ; શરમાશે.
મરડાટે ચરડાટે ડરડાટે ઠરડાટે, બોળાયું બાધું કુળ,
વટકાતે વટલાતે સપડ તે ઝડપાતે, ઉપડી ગયા ઉંડા મૂળ; શરમાશે.

મરડાતો ચરડાતો ટરડાતો ઠરડાતો, શાને ધરિ અભિમાન,
વટકાતો વટલાતો સપડાતો ઝડપાતો, અંધા ભૂલ્યો કેમ ભાન, શરમાશે.

મરડાતાં ચરડાતા ટરડાતા, ઠરડાતાં જઇ પડયો જમડાને દ્વાર,
વટકાતાં વટલાતાં સપડાતાં ઝડપાતાં, ખાધા ખંધા ખુબ
માર; શરમાશે.

મરડાયાં ચરડાયાં ટરડાયાં ઠરડાયાં, ઉડી ગઇ એની રાખ,
વટકાયાં વટલાયાં સપડાયાં ઝડપાયા, કાળ ઝપાટામાં લાખ, શરમાશે

મરડાયું ચરડાયું ટરડાયુ ઠરડાયું કેમ કબાડી તું દીલ,
વટકાયુ વટલાયુ સપડાયું ઝડપાયું, આયુષ કરતાં ઢીલ, શરમાશે.

મરડાઇ ચરડાઈ ટરડાઇ ઠરડાઈ, કાઢયુ તે સત્યાનાશ,
વટકાઇ વટલાઇ સપડાઈ ઝડપાઇ, ભજ પ્રભુ રામજી ખાસ, શરમાશે.

પદ ૬૯૨ મું રાગ માઢ.

સ્વામી સદા સુખકાર, દયાળુ, સ્વામી સદા સુખકાર,
છે સર્વોતમ સરદાર, દયાળુ, સ્વામી સદા સુખકાર. ટેક

આપ અજીત છતાં પણ ઇંદ્રિયો, જીતનારો જે થાય,
બુદ્ધિ સમાન રાખે સહુમા તે, આપને જીતી જાય, દયાળુ

કામના છોડી કીર્તન કરતા, ભકતોના સમુદાય,
બ્રહ્માદિક માથુ કુટે પણ, કોથી ન ભક્ત જીતાય; દયાળુ.

આત્મ સ્વરૂપનું દર્શન દઇને, એવા જનને આપ,
જીતો છો તે દીનબંધુ રૂપી, બાનાનો જ પ્રતાપ, દયાળુ.

ઉત્પન્ન કરવું પાલન કરવુ, લય કરવામા ખાસ,
રમતો રૂડી આપની એ સહુ, લીલા માત્ર વિકાશ, દયાળુ.

આપના અંશના અંશ વિષેથી, પ્રજાપતિઓ રચાય,
ઐશ્વર્યનાં જુજવા અભિમાને, ચડસા ચડસી ન્હાય; દયાળુ

કારણ મૂળ અને મહા કાર્ય, અથવા સૂક્ષ્મ ને સ્થૂળ,
વિશ્વના આદિ અંત ને મધ્યમાં, રહેનારા છો મૂળ, દયાળુ.

કાર્યના આદિ અંત ને મધ્યે, જે વસ્તુ રહેનાર,
તે વસ્તુ તે ધ્રુવ ખરી છે, ન્યાય તણો તે વિચાર; દયાળુ
એ ન્યાયે પણ ધ્રુવ પ્રભુપતિ, આપ રસાળા રામ,
દ્રવો દયા કરી દાસની ઉપર, હે વ્હાલા વિશ્રામ; દયાળુ.

પદ ૬૯૩ મું રાગ સિંહાનો કનરો. પીલુ

મન સોનુ ને જ્ઞાન કસોટી, માંડો મોહ તજીને કસવા. મન. ટેક
ખાસા ક્ષેત્ર વિષે આવીને, ખુટલ થઇ નવ લાગો ખસવા; મન.
ચપળાના ચમકારા ભાળી, ચોર બની ચાહો કાં ચસવા; મન.
સુખ દુઃખમા સમતા મન રાખો, ઇચ્છો નહિ રોવા કે
હસવા; મન.
મારૂં તારૂં છૂટે મનથી, તો નહિ તક ચોરાશી ફસવા; મન.
મન હરિમા ને હરિ મનમાંહે, વિશ્વંભરમાં નિત્યે વસવા; મન.
ક્ષય વાસનાનો કરવો ખાસો, પાછો ન લાગે ઠાસો ઠસવા; મન.
અભેદ ભક્તિમા દ્રઢ જામો, ભેદ ન આવે સામો ભસવા; મન.
પ્રભુ મન રામે રોળી નાખી, ધીંગા થઇને મંડો ધસવા; મન.

પદ ૬૯૪ મું રાગ સદર.

જગજીવનમાં જીવ લગાડો, અમથો ખેલ બધો ન બગાડો. ટેક.
કાળાતરથી ઘોરે જડુ, એ જીવને ઝટ જાગી જગાડો; જગ.
હાય બગાસા શાને ખાવા, આળસને અંગેથી ભગાડો; જગ.
પ્રમાદ પાપી પડે પેઠો, એનુ જોર જરી તો ઘટાડો; જગ.
સ્વપ્નામા સહુ સૃષ્ટિ જામી, મોહ મહાની રાત મટાડો; જગ.
વિષય વિષે વૈરાગ ધરીને, દિલનાં દ્રદ્રોનેજ દઝાડો; જગ.
ઉલ્લુસીના માથા માથે, જન પ્રભુરામ (નગારાં) વગાડો; જગ.

પદ ૬૯૫ મું રાગ સદર.

પ્રેમ પ્રયોગ પીછાણી પ્યારા, બંધન જગનાં કરી દે ન્યારાં.
પ્રેમ. ટેક.

નવધા સાચી કોઇ ન કાચ્ચી, પ્રેમ વિના નહિ આવશે આરા, પ્રેમ.
વાલમ વશ વરતાવા કાજે, પ્રેમ તણાં સાધન બહુ સારા; પ્રેમ.
ફુલ નાનાવિધ ભમરો સૂંઘે, બંધ કમળવીણુ નહીં કરનારાં; પ્રેમ.
અજીત જીતાયે અબંધ બધાયે, પ્રેમળ પાસે રહે નહી ન્યારા; પ્રેમ
તોડે ન ત્રુટે છોડે ન છૂટે, પ્રેમ અતિ બળ અન્ય અકારાં; પ્રેમ.
પ્રભુપતિ રામ સુ પ્રેમે બાંધી, જીવન ક્રમના કરી લે સુધારા; પ્રેમ

પદ ૬૯૬ મું રાગ સદર.

સ્વાભાવિક બળ પ્રેમનુ આવે, હરીવરને તે હોસે ભાવે. સ્વા ટેક.
દુનિયામાં તો કારણુ કાજે, પ્રેમ પર-પર પ્રેમી લાવે; સ્વાભ.
ક્રૂસ વિષે કોઈ રાચી રહે છે, તેથી તેને ભજતા ભાવે, સ્વાભા
અન્ય જનો ગુણુ દેખી રીઝે, તે માટે રમતા તે ફાવે સ્વાભા
સામગ્રી ભાળીને સારી, કોઇ કોઇ જન તો સ્નેહે બોલાવે, સ્વાભા.
ત્રિગુણુ વિકારી સ્નેહ જગતનો, દુરજનિયાં રમતાં તે દાવે; સ્વાભા.
તજીને વિકારો થઇ અવિકારી, પ્રેમ ઝલે પ્રભુ રામ ઝૂલાવે, સ્વાભા.

પદ ૬૯૭ મું રાગ બનજારા.

રઘુનંદન અવધ વિહારી, લેજો આ અર્જ સ્વીકારી. ટેક
અવિનાશી કરવા અરજી, આવ્યો બનીને બહુ ગરજી,
મરજી શું વ્હાલા ! ધારી, લેજો.
જગ જંગલમાં કાં નાખ્યો પદકંજથી આઘો રાખ્યો,
ચાખ્યો વિષરસ મે ભારી; લેજો
બહુ ચક્રે ચડયો અથડાતાં, હરિ હેત તજી પછડાતાં,
ઘસડાતાં ગયો હું હારી; લેજો
વશમી વેળાના સ્વામી, બેહ્રપ કરજો બહુનામી,
ખામી સહુ દેજો સુધારી, લેજો
અપરાધ હરિ નહિ જોશો, દ્વારેથી ન દેજો ઠોસો,
ભોશો માં વેળા સારી; લેજો.

જેવો તેવો હુ તમારો, ભલે ભર્યા અપાર વિકારો,
તારો, હરિ પર ઉપકારી, હેનો.
શરણાગત બાનું પાળો, સહુ દોષો મ્હારા ટાળો,
ઝાળો જગની ઘો ઠારી, હેનો.
જો વીતી વેળા મારી, હરિ જાશે લાજ તમારી,
પ્યારી કરી ન કરો ન્યારી, હેનો.
હે રામ દયા દિલ આણી, પ્રભુ પાપ હરો જન જાણી,
માણી અતિ મોજ નઠારી, હેનો.

પદ ૬૯૮ મું રાગ સદર.

કર વિચાર પામર પ્રાણી, કરી જગમા શી શી કમાણી. ટેક.
પિતુ માત સેવ સુખકારી, તે સાથ નથી દિલદારી,
તરણી ભાઠે અથડાણી, કરી.
કુળ કંટક પેરે પાકયો, બુરાં કામ કરી નવ થાકયો,
મતિ મૂઢ અતિ અભડાણી, કરી.
હઠીલાઈ વિષે હઠ રાખ્યો, સતસંગત સ્વાદ ન ચાખ્યો,
ગયુ નામ નગનું પાણી; કરી.
બેઠો ઉદ્યમથી હારી, આળસમાં રાખી યારી,
ધધા કીધા ધૂળ ધાણી; કરી.
સગપણ સ્ત્રી સાથે સાધ્યુ, કુળ બાધે વેરજ બાધ્યું,
વઠેલી વધો હિણુ વાણી; કરી.
રાડે રઝળાવ્યો રાને, પણ બીજી વાત ન માને,
એ જડતાની એધાણી, કરી.
વલખા માર્યાં ભવ આખે, ને રતન રોળીયું રાખે,
બહુ શીરપર વાગી વાણી, કરી.
અનુભવ કર તું ઝટ તાજો, મટી જા રોગી થા સાજો;
પ્રભુ રામ નામ કર લ્હાણી, કરી.

પદ ૬૯૯ મું રાગ બનજારા લાવણી.

મુખ રામ રામ બોલાશે, અંતર અગ્નિ ઓલાશે. ટેક.
ઝટ જવાળા પડશે માઠી, લાગે નહિ શીર જમ લાઠી,
વળશે શાંતિ જે નાઠી, એ સત્ય છેજ ઉપાય, સિદ્ધ જો થાય;
કાળ નવ ખાય, કામ થઇ જાશે અંતર.
નહીં કામ ઝાડવું ફુલે, ચડવુ ન ક્રોધને ચૂલે,
અતરના તાળાં ખુલ્લે, ભાગશે ભેદ, નાસશે ખેદ;
છૂટશે કેદ, ભસ્મ ભય થાશે. અંતર.
નહિં લોભ પવન ત્યા નડશે, નહિં માયા વાદળ ચડશે,
જીવ મોહ ખાડ નહિ પડશે, ઉઘડશે ભાગ, ફાવશે લાગ;
થશે અનુરાગ, દોષ દૂર નાશે. અંતર.
મદ મમતા વ્યાધિ મટશે, દ્વેષાદિક અતિશય ઘટશે,
રસના પ્રભુ રામજ રટશે, થશે દિલ શાત, ભાગશે ભ્રાંત;
મળે શ્રી કાંત, આપ ઓળખાશે. અંતર.

પદ ૭૦૦ મું રાગ બનજારો.

જીવ જો ગઢ આ ઘેરાણો, મૂઢ મમતે કાં લેવાણો, ટેક.
કામાદિક કટ્ટા વેરી, ગઢ લીધો તેણે ઘેરી,
કદી ચેત ન તો ભેળાણો, મુઢ.
શત્રુ ચડી આવ્યા જબરા, જડ તોપણ કેમ ન ગભરા,
સજ કર શમ દમ શુભ બાણો, મુઢ.
આશા પળની કા રાખે, માર્યા વિણ મુકે ન લાખે,
ભમણામાં શુ ભરમાણો; મુઢ
આ કીલ્લો ત્રુટી પડશે, નહિ કંકર ગોત્યો જડશે,
જાશે ખુટી પાણી દાણો; મુઢ.
નિર્દયતા મૂકી દેને, ભમતું મન વાળી લેને,
શીર કુટ માં લઈ કર પ્હાણો; મુઢ.

ચિત્ત ચોડી દે પ્રભુરામે, સ્થિરતાથી ઠર નિજ ઠામે,
હરિ શરણે થા સપરાણો; મુઢ

પદ ૭૦૧ મું રાગ ગઝલ.

ફકીરી દીલ કર પ્યારી, તજી દે વેશ વિકારી,
જરી લે જાત વિચારી, ઉપાયો એજ છે કારી; ફકીરી.
નથી કોઈ કોઇનું જગમાં, ગણુ મા તું ખરા ઠગમાં,
ન દોષો રાખ તુ દગમા, વલોવા વ્હા નહિં વારી; ફકીરી.
અરે હે ! પ્રાણુ પખીડા, જરા તું ધારને ક્રીડા,
પતાવી પાપની પીડા, બધા દે થાક વિસારી, ફકીરી.
પુરા માં પીજરે પ્યારા, નકામાં ચૂંથ મા ગારા,
ફરે જમના જગે મારા, ઝપાટે નાખશે મારી; ફકીરી
ઉપરનો ઠાઠ છે ઠાલો, નકામો ચાવ માં પાલો,
બની નવ બેશ તું કાલો, જવાનું અંતમાં હારી; ફકીરી.
ભસુત ઉડાવ અંતરમા, વૃત્તિ કા બાધ તું જરમાં,
ખરે લેખા નહિં ખરમાં, નહીં કર લેશ લાચારી; ફકીરી.
વગોણુ વિશ્વમાં જોણું, પરાયા પાપનું ધોણું,
રઝળતી રાડનું રોણુ, ન કરવું ધીર લે ધારી; ફકીરી.
પ્રભુ પ્રિય રામને ભજતાં, વિકારી વાતને તજતાં,
સુસગે સાજ સુ સજતાં, હરિ લેશેજ નિસ્તારી, ફકીરી.

પદ ૭૦૨ મું રાગ ક્ષત્રિ કલંક.

બન્યો બળદ બોળ્યું તે બધુ બાપ, લજાવ્યુ કુળ માનવીનું રે,
ફટકાવ્યો તને સ્વારથિયો સાપ, ન પીધું જળ જહાનવીનું રે;
મલકાયો દેખી મોટા મોટા મહેલ, મચાવ્યો જંગ જોર થકીરે,
પલટાયો કરી પાપ તણી પહેલ, નચાવ્યો નાચ્યો ગયો છકીરે.
ફટકીને ફર્યો ફાતડાની પેર, જનમ બધો હારી ગયો રે,

જગ બાધા સાથે કરી બેઠો વેર, કુજેત કુંદે પડી થયો રે;
ભલું કામ નવ કીધું ધરિ હામ, ભુંડામાં પ્રીતિ ઝાઝી કરીરે,
કામધેનુ દુધ મુકીને હજામ, ગયો તું ગોતવાને ખરી રે.
પંડીતાઈમાં પલીતા પાપી મેલ, પાખંડી પ્રાણી પેટ ભરા રે,
થોથાં ઉથાર્યાં કરીને ખોટા ખેલ, જોને આવી પહોંચીછે જરારે;
વીરુધા વરાહાં વલોવ્યુ ખાર નીર, નકામો જન્મ ખોયો ખંધારે,
કામ આવ્યાં નહિં દેવ દેવી પીર, હરામી હોડી મુવો અધારે.
બધી બાજી બગડી છે બડ બેલ, બધાયો બળ ઝાઝું કરીરે,
હવે મુકી દેને કીધા ઘણા ગેલ, વધ્યા છે માથે મોટા અરીરે;
પ્રભુ રામ ભજવાની રીતિ રાખ, રમતો છાડે રૂડું થશે રે,
રામ રસાયણ રૂડી રીતે ચાખ, દુશ્તિ દૂર થઈ જશે રે.

પદ ૭૦૩ મું રાગ ભેખરે ઉતારો રાજા ભરથરી.

માવણ પીવણમાં રહ્યો, હરખે લીધુ, ન નામજી,
સોળાં નવેંઢનાં શાલીયા, ઉંધાં ચાલ્યાં તમામજી
જાગી જોને જડ જીવડા. ટેક
જોને વિચારી જરી વાતડી, સમજી લે મન સારજી,
થોકો કરવાનુ છાણુ તે, શુ છે ચીજ વિચારજી; જાગી.
હાડ ભર્યા તારા અંગમાં, અડતાં શું અભડાયજી,
મુખના દાંત શેના બન્યા, અમથો કાં હડકાયજી; જાગી.
હાથી દાંતનો ચુડલો, સુવાસણને સુહાયજી,
બીજા પ્રાણીના હાડને, અડતા કેમ છુવાયજી, જાગી
મળને મુતર ભર્યું પેટમાં, તેથી નહીં વટલાયજી,
હાથ ડાબો આઘો કાં ધરે, સમજણ વિણ છલકાયજી; જાગી.
પીતાંબર થયુ કીટથી, તે પવિત્ર ગણાયજી,
તેજ કીડા અપવિત્ર કાં, તારા મનમાં જણાયજી; જાગી.
મમતા મેલી ને મન તણી, પરહર પાખંડ ભ્રમજી,
આચારે અવગતિયો થઇ, અમથો કર માં શ્રમજી; જાગી.

મૂળ જાણી લેને મુરખા, ટાળી સંશય વ્હેમજી,
પ્રભુ પતિ પાસ પડી રહે, રામ રાખશે રહેમજી; જાગી.

પદ ૭૦૪ મું રાગ સદર.

ભેખ રે ધરોને મન માહિલા, તજી તનડાની આશજી,
સારૂં શું લાગે છે બાયલા, કેમ મૂકે ન કાશજી; ભેખ રે. ટેક.
હાશ રે કરીને હતાશ થઈ, છોડી દેને રતાશજી,
બાશ બનીને બાવલા ઠાંસો ઠેઠ ન ઠાંસજી, ભેખ રે.
રંગ પતંગી છે અગનો, તેનો ત્યાગે તુ સંગજી,
ખંગ વળી ગઈ ખોટડા, શું ચડાવતો ચંગજી; ભેખ રે,
ધૂમર વરસે ધરણી પરે, ઢાંકે સુર પ્રકાશજી,
આ અજ્ઞાન ધૂમરથકી, ઢકાયો અવિનાશજી, ભેખ રે
ટાળો એ ઝાકળ જોરથી, દૃષ્ટે સુર દેખાયજી,
અજ્ઞ મટીને પ્રજ્ઞ થતાં, પ્રભુ આપ પેખાયજી; ભેખ રે.
અંગ જુવે શાને આંધળા, રજ મનમા લગાડજી,
રંગ ચડે મનમાં ખરો, ત્યારે ખુલ્લે કમાડજી; ભેખ રે.
ભભુત ઉડાવો પ્રેમની, ચોળો તન મન વાણુજી,
અંતર આખ ઉડયા પછી, ખુલે ખાસી ખાણુજી, ભેખ રે.
શીંગી શેલી શીવ નામની, કોપીન કેશવ નામજી,
અંતરજામીનો અંચળો, માળા માધવ રામજી; ભેખ રે.
ઝોળી વાળો જગદીશની, ખપ્પર નામ ખરારિજી,
બાંધ જટા જીવનજી તણી, ડંડો દેવ મુરારિજી; ભેખ રે.
શંખ પુંકી શ્રીવર નામનો, જગમા અલખ જગાવ્યજી,
લોટ ભીખી લક્ષ્મી વાસનો, અંતર જયોતિ જગાવ્યજી; ભેખ રે.
પ્રેમનો રંગ ચડે ખરો જોગ, સાચો કહેવાયજી,
દાસ પ્રભુરામ રંગમાં, ડુબા ડુબ થવાયજી; ભેખ રે.

પદ ૭૦૫ મું રાગ રવી ઉદય આં ઘડીયે થાશે.

રવી કુળ કમળ દિનેશ ભજી લો, પ્યારા સાજ સજી લો,
લાભ હજી લો રે, સાતે વાર ભલા ટેક.
ચંદ્રવદન રઘુવરનું નિરખો, અતરમાં અતિ હરખો,
સ્વરૂપ પરખો રે; સાતે.
મંગળરૂપ માધવનું ભાળી, વારવાર નિહાળી,
દો મળ બાળી રે; સાતે.
બુધ ગુરૂ હરિની સેવા કરવી, શાંતિ ચિત્તમા ભરવી,
પ્રીતિ ધરવી રે; સાતે.
ગુરૂ પ્રતાપે પાપ પ્રજાળો, વિષયવાસના ટાળો,
નિયમો પાળો રે, સાતે.
ભૃગુપતી સમ શરણુ ગ્રહી સાચુ, જમનું ભાંગો ડાચુ,
એ વિણુ કાચું રે; સાતે.
શનૈઃ શનૈઃ શુભ ધર્મે ધાવુ, ભવનિધિ પારે જાવુ,
લેશ ન કાવુ[1] રે; સાતે.
પ્રભુસમ ભજવામાં પ્રીતિ, પાળે પૂરી નીતિ,
નહી જમ ભીતિ રે, સાતે.

પદ ૭૦૬ મુ રાગ સદર.

રવીવારે રવી કીરણો પેખો, આખ ઉઘાડી દેખો કાઢી મેખો રે,
મૂરખ માન તજો. ટેક.
સોમવારે સોમ વૃત્તિ ધારી, વિનવો હરિ મુરારી,
દીલ કરારી રે; મૂરખ.
મંગળવારે મંગળ મૂરતી, યાદ કરો દિલ સુરતી,
આનંદ પુરતી રે; મૂરખ.
બુધવાર બુદ્ધિ દેનારો, સર્વ થકી છે સારો,
પ્રીતિ વધારો રે; મૂરખ.

---

૧. હારવું.

ગુરૂવારે ગુરૂપદ રજ ધારી, મોહ મટાડો ભારી,
લેશે તારી રે; મૂરખ.
શુક્રવારે શુક્ર સુજ થાશે, હેતે હરિ ભજાશે,
દુઃખ પળાશે રે; મૂરખ.
શનીવારે શની ગ્રહ માઠો, તજવા ઠાલા ઠાઠો,
પઢવા પાઠો રે; મૂરખ.
આતે વાર સદા શુભ કરતા, પ્રભુ હરિ રામ સમરતાં,
ચિત્ત ધરતાં રે; મૂરખ.

પદ ૭૦૭ મું રાગ મહા કુમારિકા છે રૂપાળી.

ભાવ ભક્તિમા રાખ ભાળી ભાળી. ટેક.
હાડ ચામનો બનેલ દેહ તારો, તેને મિથ્યા માને શાને સારો,
છુટી જાય, વૃથા ધાય, ખતા ખાય, અરે હાય, રહેશે મોઢું
વાળી; ભાવ.
પંચ મહા ભૂત ભેળાં ભળેલાં, ટકે કેમ મૂળમાંથી સળેલાં,
ઝાઝા ભાગ, ત્રુટે ત્રાગ, ડસે નાગ, ફુકે આગ, વ્હાલાં દેશે
બાળી; ભાવ.
જેને માને મારૂ તે બીજાનું, બીજો માને મારૂં તે ત્રીજાનું,
અંતે કોનુ ન થાય, જીવન જાય, ખોટી છાંય, હાય હાય,
જીવન દે માં ગાળી; ભાવ.
મોહ મમતા મનેથી કાઢી નાંખી, જરી ભક્તિ સુધારસ ચાખી,
પ્રભુ દાસ, બની ખાસ, તજી આશ, પ્રેમ પ્યાસ, ધરી દેને
તાળી; ભાવ.

પદ ૭૦૮ મુ રાગ જોઇ જંગલ આભારી.

ગયો જન્મ જગ હારી, શી વલ્લે તારી, ગયો. ટેક.
મનમાં મનોરથ ખોટા કરીને, કરી તાહારી ને મા'રી; (૨) શી.
મનના રોગે રોગી થયો તું, એ છે વશમી બીમારી; (૨) શી.
હોમ્યું ઘી ઝાઝું બળતી અગ્નિમાં, નહીં જળથી તે ઠારી; (૨)શી.

ખાવું સુવું બીક સ્ત્રિ સગમાં હે, બન્ને પશુ આચારી (૨) શી.
નર પશુ વચ્ચે ફેર ન બીજો, જોને મનમાં વિચારી; (૨) શી.
ઘાસ ન ખાતો, કીધો, થયા છે, હરિ પશુ ઉપકારી; (૨) શી.
પ્રભુપતી રામને શરણે પડીને, કરી લેને લાચારી; (૨) શી

પદ ૭૦૯ મું રાગ માયા મોહનની નારી રે, અકલ ગઇ નર ક્યાં ઉડી.

સંતો ગુણ જેના ગાયે રે, રામ રામ મન રામ ભજો,
વેદોથી વર્ણન થાયે રે, રામ
સ્થાનક એ વિણુ નથી બીજું રે, રામ.
કાં તેથી ચાહે ત્રીજું રે, રામ.
શીવ બ્રહ્માદિક પણ સેવે રે, રામ.
ઉદ્ધાર ઘણો છે દેવે રે, રામ.
શુક સનકાદિક પણ રટતા રે, રામ.
પ્રેમે હજી પણ નથી ઘટતા રે, રામ.
ચપળા ! ચપળી રીત છોડી રે, રામ.
મન વચન કર્મ રહી જોડી રે, રામ.
કરૂણાજી કરૂણા કંદજ રે, રામ.
ઝટ ત્રોડે ભવના ફંદજ રે, રામ.
ચિંતામણી ચિંતન આરૂ રે, રામ.
ભકતોના ભય હરનારૂં રે, રામ.
ષટ સર્પ ભમે રઘવાયા રે, રામ.
દેવાસુર તેથી ખવાયા રે, રામ.
સેવાથી સુખ અતિ દેતા રે, રામ.
ઉર અવગુણ એક ન લેતા રે, રામ.
પ્રભુ રામ વિમુખ દુઃખ મળશે રે, રામ.
સન્મુખ થાતા સુખ રળશે રે, રામ.

પદ ૭૧૦ મું રાગ સહર.

મન મૂઢ શીખામણ માનેરે, વિમુખ ન થાવું રઘુવરથી.
હરિ વિમુખ રહે છે શાનેરે, વિમુખ.
હરિ વિમુખ થશો જો આપે રે, વિમુખ
નર્કો નહિં સ્થાનક આપે રે, વિમુખ.
શશી હરિપદથી થયો આઘો રે, વિમુખ.
ક્ષયરોગી થયો બહુ ઘાંઘો રે, વિમુખ.
રવી નભ ભટકે પદ છોડી રે, વિમુખ.
રાહુ પકડે ત્યાં દોડી રે, વિમુખ.
ત્રય લોક પુનિત કરનારી રે, વિમુચ.
ગગા ન મટી વહેનારી રે, વિમુખ.
જીવ વિમુખ થયો છે જ્યાંથી રે, વિમુખ.
ભવ ભટકણ વળગી ત્યાથી રે, વિમુખ.
વેદો સિદ્ધાત વદે છે રે, વિમુખ.
"સુખ શાતિ રામ પદે છે," વિમુખ,
ઝટ છાડી છળને કપટો રે, વિમુખ.
પ્રભુ રામપદે જઇ લપટો રે, વિમુખ.

પદ ૭૧૧ મુ રાગ વ્હાલા વેગે આવોરે દયા દિલે લાવોરે.

વાણી તારી જાણી રે, શાણી સુ પ્રમાણી રે,
કહાણી મુખે શુ કહુ હે જી;
ન કહેવામા સહજે કહેવાઇ જાય (૨) વાણી ટેક.
આજ અચાનક આ કૃપા, પ્યારા તુજ પેખાય,
દીન દયાળુની દયા, દષ્ટિ દિલ દેખાય,
લક્ષ્યા લક્ષ્ય પરે ખરી લગની આ લેખાય,
દિલ હરિએ ઠેરાણી રે. કહાણી.
ઉભરી ઉભરા આવતા, જયમ સાગરમાં લ્હેર,
રસમય મોજાઓ વડે, કીધી લીલા લ્હેર;

અમૃતમાં ઝબકોળીને, બાળ્યુ જગનું ઝેર,
રસવૃત્તિ ઉભરાણી રે, કહાણી.
રગ રગ ભભક ભરી દીધી, મ્હેર કરી મહારાજ,
નિશો નિશાએ શો ચડયો, સમજું નહિ શીરતાજ;
પ્રણુય નિશાનો સાંભળ્યા, સીધ્યા સઘળાં કાજ,
કરૂણા સરિ છલકાણી રે. કહાણી.
ગોદ રમાડી મોદમાં, આપ્યો પૂર પ્રમોદ,
વત્સલતાથી વાલમા, વ્હાલે કર્યો વિનોદ;
ગગન ગુફા વરસાવીયાં, ગરિબનિવાજ પયોદ,
રામ પ્રભુ જન જાણી રે. કહાણી.

પદ ૭૧૨ મુ રાગ નાથ કૈસે ગજકો બંધ છુડાવ્યો.

મુરખ મન કેમ કાયર બની થડકે, તારા શ્વાસ સુકાય કાં
સડકે. મુરખ. ટેક.
પડછાયામા વૈતાળ માની, ભૂર બની કેમ ભડકે,
પડછંદે પડઘા સાંભળીને, હૈયું હજી કેમ ધડકે, મુરખ.
આરસી માંહે પ્રતિબીંબ ભાળી, શ્વાન સમું શીદ લડકે,
ભાસ અનોખા નોખા સમજી; કૂદે પડીને શું કૂડકે, મુરખ.
ભૂમિ મરૂમા સાગર દેખી, ચડ કાં કલ્પના ખડકે,
ભેંસ ગાયો બાપ દાદે નહોતી, છાશ વલોવે કા ઝડકે; મુરખ.
આપે રચીને મનોરથ સૃષ્ટિ, ખડકો ગગનમાં ખડકે,
એ અવળાઇ બધી મન તારી, શીદ સુકાવિણુ તડકે; મુરખ.
અંતરમા હોળી સળગાવી, કેમ બળી જા, તે ભડકે,
સાપજ સીંદરી માંહે સમજી, કેમ હઠીલા ન અડકે, મુરખ.
વગર ભયે તુ વંઠી જઇને, શીદ આવ્યુ છે વડકે.
ભજ પ્રભુરામ રમા પતિ મનવા, ચૂંથે ચાળા કેમ ચડકે; મુરખ.

પદ ૭૧૩ મું રાગ સદર.

હરિ ! હરિ ! એવી કૃપા કયારે કરશો, જાણી કિંકર કર શીર
ધરશો, હરિ. ટેક.
થભેથી પ્રકટી પ્રહલાદ બચાવ્યો, એમ કયારે સંચરશો,
હાથી ઉધાર્યો હરિ પદ પ્યાદે, વ્હારે તે કયારે વિચરશો; હરિ.
દ્રુપદિ વસ્ત્ર પુરીને નિવાજી, રંકને શુ પરહરશો,
ભિષ્મને કાજ પ્રતિજ્ઞા ત્રોડી, એવા કયારે હરિ ઠરશો; હરિ.
મ્હાર થયા દામાજીને માટે, વ્હાર કર્યામાં શુ ડરશો,
સુગ્રીવ અર્થ શુરા થયા આજે, ફાતડ થઇને શું ફરશો; હરિ.
વિભિષણને બહુ ભભક બતાવી, ભાવ એવો શું ન ભરશો,
મોટા મોટા સહુ લાગેલા સારા, ગરિબ શું લાગું છું નરસો; હરિ
કરૂણા કર્યાની ટેવ પડી છે, અકરૂણપણુ શું આચરશો,
જબરાને જ્યોતિ રૂપ દાખ્યું, દીન નહીં શું આદરશો; હરિ.
દીન ટળે જો દુનિયામાંથી કોને જઈ નાથ વરશો,
જન પ્રભુ રામ ગણી દીન પાળો, કરૂણામૃત પય વરસો; હરિ.

પદ ૭૧૪ મું રાગ સદર.

નથી કાને પડતી શુ વિનતી આ મારી, બન્યા બેહેરા શું
અવધ વિહારી, નથી ટેક.
બેહેરા નથી અને કાને પડે છે તો, દેજો જવાબ વિચારી,
અરજીનો ઉત્તર મળવામાં, આવડી શી લાચારી, નથી
કરગરતાં રડતાં હુ તો થાકયો, હૈયે ગયો છેક હારી,
પાપી ગણી રખે નાથજી આપે, ઠેલ્યો હશે હડકારી; નથી.
સેવા તે કયાંથી આદરૂં વ્હાલા, આગ બળે છે અકારી,
બળતાને દેખી ન બચાવો, આતે શી રીત તમારી, નથી
ટળવળતાં દેખી કેમ દયા નથી, આવતી હે ! અવિકારી, !
નામ દયાળુ ધરી બેઠા મોટું, ખોટું શુ કરશો અઘારી ! નથી.
દેવ દયાનિધિ વ્હાર કરો તો, આપત્તિ કોણ બિચારી,
વિશ્વપતિ કેમ વગદાં વીણાવો, ટેવ તમારી ન સારી, નથી.

જન પ્રભુ રામ બનો બિરદાળા, સેવકને લ્યો સ્વિકારી,
દાસના દોષ દેખી દીન બંધુ, ધકકો ન દેજો ધિકકારી, નથી.

પદ ૭૧૫ મું રાગ સદર.

હવે હરિ છુટકો થાશે ન છોડે, પ્રીત બાંધીને અધવચ ત્રોડે,
હવે. ટેક.

માયાજાળે જીવ જકડાઇ, ચડીયો ચિંતા ઘોડે,
દોડી દોડી થાકયો પાર ન પામ્યો, આખો આવી ગઇ ઓડે; હવે.
મૂકી બધાં બળ આપનું બળ તે, મારૂ માની બેઠો કોડે,
ખસવાનો નથી બારણામાંથી, છો મારી કાઢો જોડે, હવે.
આપને ભાવું તેવો કરી લ્યો, વાનર રીંછની ગોડે,
છોડવાથી નહિ છોડી શકાશે, નિત્ય રહીશ હુ જોડે; હવે.
પ્રાણી પોતાનો જાણી પાણી ગ્રહી, લેજો ન મારજો રોડે,
હોડ કરો તો મારૂં ગજું શું, હારી જઇશ હું હોડે; હવે.
બચ્ચાં અળગાં નાથ ન કરીએ, રાખી માસમ સોડે,
લાજ માબાપની જાય બચ્ચાંનું, માન જો બીજા મોડે, હવે
પેટ સમાણું તેહ સુખેથી, સમાઇ શકે છે રસોડે,
જન પ્રભુરામ જેવો તેવો પાળો, નાખો ન વાઘની બોડે; હવે.

પદ ૭૧૬ મું રાગ ભજન.

રામ ભજન ધુન, ખુબ પડે ત્યા જીરે, ભકતો મારા,
ભાવેથી ભેળા થાયજી. ટેક.

તપની તોપો ને તાલ તમંચામાંથી; જ્ઞાન ગોળા છુટા થાયજી,
શમ દમ સાધન તીક્ષણ તીરો, બિરાગ ધનુષ છોડાય, ભજન.
મોહના મ્યાનમાથી કાઢી કટારીયો, કૃષ્ણના નામની કહેવાયજી,
કાઢી કાઢી સુરા સન્મુખ ધાતા, કાયર નાઠા જાય; ભજન.
તીખી તલવારો ત્રીકમ નામની, ઝાટકા ઝાઝા થાયજી,
ઢાલ નગારાં ને ત્રંબાળું ગાજે, ભેરી નાદ બહુ થાય. ભજન.

શૂરા ભક્તો જે વહાલા ભજનના ભોગી, આગે આગે ધાતા જાયજી,
કાયર કાને આંગળી દેતા, નાસતાં ગોથાં ખાય; ભજન.
ઝાલરી વાગતાં હરિ ભગત અને, બૂમ પડે રજપૂતજી,
કાને સાંભળી ન કાઢે હડી તો, કુળમા કહેવાયે કપુત, ભજન
કપુત કહેવાતાં મોત ભલુ ભાઇ, રણુમા સન્મુખ ચાલોજી,
પ્રભુ હરિના દાસ બનીને પ્યારા, રામ ભજન રંગ માહાલો;ભજન.

પદ ૭૧૭ મુ રાગ મોહની મેંજાની, વ્રજ ભુમિ. એ લય.

ગુરૂના દેશમા આવો અમારા સગી, ગુરૂના, ટેક.
આનંદ આપ આનંદ ભુમિમાં,
આપે છે આનંદ લા'વો; અમારા.
આનદ સાધન, આનંદ સિદ્ધિ,
પ્રકટાવે આનંદ ભાવો; અમારા.
આઠે પહોર આનદ મચાવે,
કાઢે આનદનો માવો; અમારા.
લેતા આનંદ દેતા આનંદ,
ખેલે આનદના દાવો, અમારા.
ગરજે આનદ વરસે આનદ,
ન્હેતો આનદ સ્હાવો; અમારા.
આનદ બ્રહ્માનંદ પરમાનદ,
રામ પ્રભુ મન ચ્હાવો; અમારા.

પદ ૭૧૮ મું રાગ મન કાયકુ કરે કલપના રે. એ લય.

જીવ અમથો શાને ટોકારે, કાઢી દે મનના ઠોકા, જીવ. ટેક.
અવતાર ધર્યો શા માટે રે, સમજ્યો નહિં કેમ સપાટે,
હિંચે શું બેઠો ખાટે રે, જમ ઝડપે એક ઝપાટે,
બહુ વાગે વસમા ધોકારે; જીવ.

મન મોહે શું માત પીતામાં રે, બોધા બળમાં વપીતામાં,
જરી ભાવ ધરી ગીતામાં રે, તું આખર આમ છીતામાં,
જઈ જળનિધીમાં શું ઝોકારે; જીવ.
તને કો કહે નહિં મ્યા'રો રે, ઉલટો ચલવે છે મારો,
મન ચોડીને જ ધમારો રે, શું બેઠા શાક સમારો,
બહુ ખાધા ખાસા ધોકા રે; જીવ.
હવે હાશ થઇ હરિ ભજવા રે, વિષયોની વાસો તજવા,
સો સાજ સ્વર્ગના સજવા રે, ભર રામ નામનાં ગજવાં,
પ્રભુરામ શરણુ જઇ રોકા રે; જીવ.

પદ ૭૧૯ મુ રાગ જમ દે નિત્ય ઝપાટા રે.

આ કૌતુક કળીયુગનાં રે, જોઈ કોઈ ચેતો ચેતો ચેતો. આ. ટેક.
પાપ રૂપ કળિયુગમાં ક્ષત્રી, પાપ પરાયણ થાતા,
વેદ વિરોધી વિપ્રો ઠગતા, સમર થકી ડર ખાતા; આ.
ધર્મ તજી અધરમમાં દોડે, વહેવાર વિચારો નીચા,
આજીવિકા આચાર નઠારો, પડયા કળિને કીચા; આ.
માન અને અભિમાન જાતિનું, ટળી ગયું આ ટાણે,
ભોજન યવનો ભેળા કરતાં, દીકરી વહેચે નાણે; આ.
મલેચ્છાદિક શુદ્રાદિક જાતિ, શૂર કહાવે ક્ષત્રી,
શૂર ગયું ને ભુર થતામાં, પૃથ્વિ થઇ નિઃક્ષત્રી; આ.
ક્ષત્રી મટીને ખતરી બનતાં, ગઇ રાજની છત્રી,
રાજપૂત રજપૂત કહાવે, છળ કપટોના તત્રી; આ.
અધમ સ્વામીના દાસ બની, ફહેરો ભરતા થઇ સંત્રી,
હાય ! અરે ! બુધોની બુધ્ધિ; હરી ગઇ શું વત્રી; આ.
સેવા કરનારાને ત્યા, પોતે સેવક થઇ રહેતા,
વાત રામ અવતાર તણી, સાભળતાં હું પદ લેતા: આ.
ફંદ થયા અતિ મંદ થઇ, ક્ષત્રી વણસાડયા કળિયે,
દાસ પ્રભુ એક રામ કૃપાથી, ગઇ તે પાછી રળિયે; આ.

પદ ૭૨૦ મું રાગ સહર.

આ કૌતક કળિયુગનાં રે, જોઇ કોઈ ચેતો ચેતો ચેતો. આ. ટેક.
બ્રાહ્મણ ભ્રષ્ટ થયા સૌ પહેલાં, સાચા મારગ છોડી,
વેદ વેચીને ધર્મ દોહીને, હરિહર પુજા મોડી; આ.
ભૂત પ્રેતની પૂજા કરતા, ધંતર મંતર ધગા,
વેષ રૂડોને કામ કુડાં છે, ઓઢે પણ છે નાગા; આ.
કોયલ સરખી વાણી વદતા, કાગ થકી પણ ભુંડા,
ધન હરવાને ઢોંગ મચાવી, જગન કરાવે લુંડા; આ.
ખટ કર્મો કહે પણ નહિં કરતા, દાન સેવાથી લેતા,
પૂજન પાઠનું પાનું વાળી, દાન કદી નહિ દેતા; આ.
ધર્મ ધર્યો કન્યા વિક્રયનો, ગુલામ કરતા બાળા,
હાય ! કસાઇ કંપી ઉઠે, એવા અવળા ચાળા; આ.
છળ કપટેથી ધન હરનારા, પાપ પરાયણ કોડા;
ધોળે દહાડે દીવો લઈ, કુવે પડી ખાતા જોડા; આ.
પર અપકારે પુરેપુરા, જુઠે જુઠ જવાબી,
મૂઢ બન્યા પણ દંભ કરીને, કરતા હમ નવાબી; આ.
ધર્મ તીર્થને મંત્ર રૂપ, મહિદેવ બગાડયા કળિયે,
દાસ પ્રભુ એક રામ કૃપાથી, ગઇ તે પાછી રળિયે; આ.

પદ ૭૨૧ રાગ છોડો તર્ક વિતર્ક ઉભી આ એ લય.

કાશ કલપના કાઢ મનેથી ખાધી ખોટ ભારી, કાશ. ટેક.
રખડયો સુખ લેવા રાન, હાય ! મન થયું અતિ હેરાન,
રઝળતો રખડે શું વેરાન, ભાન ભૂલી જ ગયો ભારી; કાશ.
ખર મિત્રાઇ કરી બેભાન, લાત ખાતા નવ આવ્યું ભાન,
મફતમાં મૂર્ખ ધરે ગુમાન, માન શું હાય ! ગયો હારી; કાશ.
નારીમાં મન મોહ્યું તારૂં, તેનું ફરતું ફરે ન્યારૂં,
બતાવે નર્કતણું બારૂં, ખાડ જો કેવી ભરી ખારી; કાશ.

દીકરા દીવાળે કરતાં જ, દી ફર્યા દીવાળે મરતાંજ,
તન ધન તારૂં તે હરતાંજ, સ્નેહમાં શું મરતો ધારી; કાશ.
સગાંનો સ્નેહ બધો ખોટો, જાણુજે ત્યાં પડશે ટોટો,
કાળ જ્યાં પકડે નળગોટો, લોટ પ્રભુ રામશરણુ વારી; કાશ.

પદ ૭૨૨ મું રાગ લાગ્યું મારૂં ગિરિધારીસે ધ્યાન એલય.

દેખો દેખોજી, માયા સ્વરૂપી મોટો કુપ શાને બાઇ ડુબી મરો
રે જી, ટેક.

અંધારીયા કુવામાં અંધકાર, વ્યાપો ઘણુ કાળથીરે જી,
જળ ન દેખાયે ઝીણી દ્દષ્ટ ડરોને એની ફાળથીરે જી; દેખો.
ધુધવે છે ધુવડ અપાર, ચમગાદરો ચમકાવતીરે જી,
છીપાં કરે છે અતિ [illegible] ભયથી ધમકાવતીરે જી; દેખો.
નવરંગી ભકિત પહેરો ચીર, વેરાગી જ્ઞાન ઘાટમાંરે જી,
પ્રેમ પલીતા લીયો હાથ, સદ્દગુરૂજીના સાથમાંરે જી; દેખો.
પ્રેમ પલીતાને પ્રતાપ, અંધાં તો જાયે ના–સતીરે જી,
પ્રભુને પ્રભુ પદમાંહી, શ્રદ્ધા રૂડી ભાસતીરે જી; દેખો.

પદ ૭૨૩ મું રાગ સદર.

જોને જોનેજી, માયા સ્વરૂપી મોટો ભુપ, આવે છે ડંકા
દેઇનેરે જી. ટેક.

જુઓ જુઓ ચડતું એનું સેન, જગતને રજાડતુંરે જી,
મારે મારે કામાદિકનાં બાણુ, ભકતોને ભગાડતુંરે જી; જોને.
હણે હણે તપસી મોટા ભૂપ, વેરાગી ચાળા ચુંથતારે જી,
તાની મુવા છે ઘડી માંહે, ભાગે છે જટીયાં પીખતારે જી;જોને.
આવે આવે વશમી એની ધાર, જપ તપ ધ્યાની ચુકતારે જી,
લડવૈયા છે એના અતિ કુર, કોને નહિં મુકતારે જી; જોને.
ખુલી ખુલી ખાંડાં કેરી ધાર, ફરોને ભક્તિ ભાવથીરે જી,
પ્રભુ પ્રભુ જપો મુખે રામ, ડરો ન એના ઘાવથીરે જી; જોને.

પદ. ૭૨૪ મું રાગ મીરાં મન મોહન શું માન્યું રે. એ લય.

મારૂં મન માધવમાં મળિયું રે, મળિયા મળિયા શ્રી મોહનલાલ
મોજે મન માન્યું. ટેક.
ભવ દુઃખ ભાગ્યું ને ધ્યાન લાગ્યુ, ધ્યાને ધ્યાને ધણી નામ,
શાંતિ સાગર સ્નેહે પામતાં, હવે, દુઃખનું લેશ ન ઠામ; મોજે.
અષ્ટસિદ્ધિ નવનિધિ સરવે, કરે ગો-લાપો આપ,
સાધક સાધન સાધ્યનો જયાં, એકાકાર અમાપ, મોજે.
સુખનો છેડો વળી અવધિ આનંદનો, મુખેથી નવ બોલાય,
આપે અનુભવે આપને તેનો, પડદો શી પેરે ખોલાય; મોજે.
હું તું મારૂં તારૂં એક છે મન, પરમાનંદે તરબોળ,
પ્રભુપતિ રામે કરૂણા કરી છે, રસની છે છાકમ છોળ; મોજે.

પદ ૭૨૫ મું રાગ સદર.

તારૂં ધન ધૂળ સ્વરૂપે થાતું રે, ધસમાં ધસમા વસમું છે ધન
જાણુ, ધન અંતે ખોટુ. ટેક.
ઢોંગ કર્યા તેં તો ધનને કાજે, નામ કર્યું બદનામ,
તે ધન ધરણીમાં રહ્યુ તારે; કાંઈ ન આવ્યું કામ; ધન
ધૂતારાનુ નામ ધરીને, ખોટી કરી તેં શાખ,
માયા મૂકી સૂતો મશાણે તારી, ઉડી ગઈ ત્યાં રાખ; ધન.
કપટ કરીને નાણું રળવા, મૂકી દીધી તેં લાજ,
અર્થ સર્યો નહિ એકે તારો, નાહક આવ્યો વાજ; ધન.
દોઢીયાં માટે કાઢી દેવાળું, મેલી ઉંધી તેં પાઘ,
તે દોઢીયાં તો દાટયાં રહ્યાં તને, પકડી ગયો કાળ વાઘ; ધન.
પૈસા કાજે પ્રેત થયો તું, અમથો મૂઢ ગમાર,
પૈસા પેટીમા પડયા રહ્યા તુ તો, પહોંચી ગયો જમદ્વાર; ધન.
નીતિ અનિતિ ગણી નહી તેં, દોકડા ભેળા કીધ,
હાથ ખંખેરી ગયો સ્મશાને તારી, આંખો ફોલે ગીધ; ધન.

સોનું ને રૂપું હીરાને મોતી, રહ્યાં ભંડારે છેક,
આખર કુટલ હાંડલી ભુંડા, કામે આવી તારે એક; ધન.
હાશ થઇ જા આશ તજી ધા, દામોદર દરબાર,
ભજ પ્રભુરામ રસાળ સ્વામી, ધધેથી ઝટ પરવાર; ધન.

પદ ૭૨૬ મું રાગ શરણુ પડયો છું હરિ તારે.

મન મારૂ મોહ અતિ પામે, સદ્દગુરૂજી મારા,
ગુરૂજી પધારે પરગામે, પ્રભુ પ્યારા,
મળતાં વહાલા તે અતિ લાગે, સદ્દગુરૂજી મારા;
વછવો થાતાં તો દીલ દાગે, પ્રભુ પ્યારા,
બ્રહ્માની પાસ પ્રભુ માગે, સદ્દગુરૂજી મારા;
સત્સંગ લખતો નહીં ભાગે, પ્રભુ પ્યારા,
કદી મળે તો પ્રીત ન થાજો, સદ્દગુરૂજી મારા;
પ્રીત થતાં છેટા ન જાજો, પ્રભુ પ્યારા,
છેટા થતામાં જીવ જાજો, સદ્દગુરૂજી મારા;
સંત વિજોગે વિષ પાજો, પ્રભુ પ્યારા,
પણુ વિધિ છેજ બહુ અવળો, સદ્દગુરૂજી મારા;
માગ્યુ આપે ન થાયે સવળો, પ્રભુ પ્યારા,
જલજ જળો જળમાં થાયે, સદ્દગુરૂજી મારા;
ગુણુ તો નોખાજ ગવાયે, પ્રભુ પ્યારા,
સંત અસંત જગમાં નિપજે, સદ્દગુરૂજી મારા;
ગુણુ તો જુદાજ તેના ઉપજે, પ્રભુ પ્યારા,
પણુ બન્ને જીવના લેનારા, સદ્દગુરૂજી મારા;
એ ગુણુ એક છે દેનારા, પ્રભુ પ્યારા,
અસંત મળે તો પ્રાણુ છુટે, સદ્દગુરૂજી મારા;
સંત વિજોગે જીવન ત્રુટે, પ્રભુ પ્યારા,
કહેતી કહે લોક જાઝા, સદ્દગુરૂજી મારા;
આધારે નથી એવી માઝા, પ્રભુ પ્યારા;

આપ પધારો છો આજે, સદ્દગુરૂજી મારા,
દાસ પ્રભુ તો ઉભો લાજે, પ્રભુ પ્યારા,

પદ ૭૨૭ મું રાગ ગો લોક ગોકુલ રે.

અપરાધ જ બીજો રે, અહોળો છે બળવંતા,
શું મનમાં ખીજો રે, પ્રણુત પ્રિય ભગવતા; અપરાધ.
વિયોગ થતાં માં રે, પ્રાણુપતિ પ્રિય પ્યારા;
લોભાઇ લતામાં રે, પ્રાણુ ગયા નહિં મારા; અપરાધ.
વિરહાગ્નિ જ્વાળે રે, સમીર નિશાશા છે,
શરિર રૂ બાળે રે, પછી શું ત્રાસા છે; અપરાધ.
પણુ નેત્ર ચડીલાં રે, નિજ હિત વારી વરસે,
ક્ષણું ન ખડીલાં રે, પ્રિય દર્શન તરસે; અપરાધ.
અપરાધ એ તેનો રે, ક્ષમવો પ્રિય મારા,
આશ્રય છે જેનો, તે કરજો વ્હારા; અપરાધ.
ભરૂસો ભારી રે, ધરી મનમાં રહું છું,
પ્રભુ આશ તમારી રે, દુખ દારૂણુ સહું છું; અપરાધ.

પદ ૭૨૮ મું રાગ સાચા સબંધી રે શ્રી ગોકુલ કયારે જાશું.

વ્હાલા વીરા રે, અવગુણુ કયારે તજશો. ટેક.
ખોટું બોલ્યામાં ખોખુ ખોવાયુ, તો પણુ મન ધાતું રઘવાયું,
સદ્દગુણુ કયારે સજશો; વ્હાલા.
દાંત પડયા થઇ દાઢડી ધોળી, હૈયામાં સળગે છે હોળી,
હરિવર કયારે ભજશો; વ્હાલા.
મન મોળું ને દિલ છે દોંગું, હાય ! કીધુ કાં જીવતર જોગું,
વૈભવ ખોયો અજ શો; વ્હાલા.
હજીએ સમજ્યામાં છે સારૂં, આગળ આવે વશમું બારૂં,
હારીને આથડશો. વ્હાલા.
મમતે કાં મરી જાતા બાપુ, ઘાલી ગળે બેઠા શું રાંપુ,
કુળ અંતે શું લજવશો; વ્હાલા.

મારૂં મારૂ મૂકી દઇને, જન પ્રભુરામ સુનામ લઇને,
ભજશે તે ઝટ તરશે, વ્હાલા.

પદ ૭૨૯ મું રાગ સહર.

બાંધવ બેહી રે, બળવંતો લે જાચી. ટેક.
ભૂખલને જે ભીખે તેની, બુદ્ધિ બગડેલ કાચી; બાંધવ.
કંજુસને જાચે તે સામે, નાખે કંજુસ ડાચી; બાંધવ.
જાચી લે જગ જીવન જેની, જગ દાતારી સાચી; બાંધવ.
પાપે પેટ ભરે કાં પાપી, નાહક ખુંદી નાચી; બાંધવ.
માગણુ માટે મોહન ઘર છે, ખાસી સાચી પ્રાચી; બાંધવ.
પ્રભુજન સ્વામિ રામ ભજવા, રહેવું નિશ્ચય નાચી; બાંધવ.

પદ ૬૪૫ મું રાગ સહર.

સમજુ શાણુા રે, સર્વેશ્વરને સ્હાજે. ટેક.
જગવનમાં ભટકાતાં વ્હાલા, ખાધી ખોટ ન ખાજે; સમજુ.
ચપળાનું ચિંતન ચૂકીને, ચપળા પતિને ચ્હાજે. સમજુ.
પ્રેમામૃત પોતે પી પૂરણુ, બીજાને પણુ પાજે; સમજુ.
અટવીમાં અટવાતાં પડતાં, હરિહર જપતા જાજે, સમજુ.
દમ દમ રટવા દીન દયાળુ, તાલ બન્યો છે તાજે; સમજુ.
વેઠ વ્હાલાંની મૂકી વ્હાલે, વ્હેલા વ્હેલા થાજે; સમજુ.
ધૂન મચાવી રામ રામ રામની, જન પ્રભુ રામજી ગાજે, સમજુ.

પદ ૭૩૧ મું રાગ સહર.

લોભી લપટરે; લાલચમાં શું લબદા, ટેક.
અંતે ધુળની ધુળ થવાની, વ્હાલા વિષ્ણુમાં વગદાં, લોભી
ધનના થેલા લેઇ મશાણે, કોઇ ગયા છે ન-કદા, લોભી.
કોઇ દટાણુા નહી ટ્રેઝરીમાં, કે શીર બાંધ્યુ ન તદા; લોભી.
આંખ છતાં હું આંધળો માનું, ડુંગરા દેખે નજદા; લોભી
કર કંકણુ ને આરશી શાની; નાણું કોઇનું ન સદા; લોભી
સાટાં ખોટાં કરતાં ખંધા, શાને કરતો કદદા; લોભી.
જન પ્રભુરામ ભજીને શાને, ફરજો કરતો ન અદા; લોભી.

પદ ૭૩૨ મું રાગ સાદર.

વંઠેલ વ્હેમીરે, વ્હેમ તજી દે વામી; ! ટેક
વ્હેમની વાતે વેવલો થાતાં, મેપલે આવી ખામી; વંઠેલ
નિત્યે ઉઠીને વ્હેમ વગોણું, શું ? કર કોડા કામી; વંઠેલ.
એક શું ! વળગે, ચાચે ભુતને, ભેદ અધો જા મામી; વંઠેલ.
કેથાકે આભડછટ શાની, સમજુ જાને વિરામી; વંઠેલ.
હામ ન દે તું ભુંડા જીવાને, થા સતનો અનુગામી; વંઠેલ.
જેમ ગારામાં ગદ્ધો થઇને, જીવડા જામાં જામી; વંઠેલ
રાખી લે પ્રભુ રામ ભરોસો, ભજ ભજ ભજ ભુંડુનામી; વંઠેલ

પદ ૭૩૩ રાગ નાગર નંદજીના લાલ. એ લય.

આખર કોઇ નાવે કામ,
હામ ન ચાલે લડવાની કાળ સામે, આખર; ટેક.
જેની ગોળા છૂટે ઝાઝા, સહન કરે કો માર,
જબરાને ઝંઝેડી નાખે, જમડા મારે ઠાર, ઠાર, ઠાર; આખર,
જોર ન ચાલે જોરાવરનું, ખળમાં થાચે ઘાત,
જમ કાકાની ઝાપટ જંગી, વાગે વશમી લાત, લાત લાત; આખર
ચેત અચેત સચેત થઇને, હરિવરથી કર હેત;
નહિ તો લાખ ચોરાશી ફરશે, નાહક થાસે પ્રેત, પ્રેત, પ્રેત આખર
ગુન્હા કર્યા તે ગરીબ થઇને, માગી લેને માફ;
તો બળવંતો બેલપ કરશે, કરશે રસ્તો સાફ, સાફ, સાફ આખર.
વિનવી જોને વિશ્વંભરને, દયા દીનતા રાખ;
ભક્તિરસનો ભાવ ધરીને, સ્વાદ-રસીલો ચાખ, ચાખ, ચાખ આખર
ભવપતિને ભજવામાં ભૂંડા, શાની લાગે ખોડ,
દુનિયામાંથી દીલ દૂર કરીને, પ્રભુરામમાં ચોડ, ચોડ, ચોડ આખર

પદ ૭૩૪ રાગ ધીરાની કાફી.

બીજું પાપ છોડું રે, મોટું એક પેટતણું;
મામો નહિ ખોટું રે દોડું મન મારે ઘણું; ટેક.

પેટને કાજે વેઠ કરે છે, ભાર ઉપાડે મજૂર,
તોય ન પેટ ભરાતું પુરૂં, મળતો ટાંક ખજુર;
શૂર થઈ તોપણરે, જીવ કહે ન્હાડ ખણું બીજું.

નરમાથી કોઇ નારી થઇને, નાટકમાં કરે નાચ,
તોય ન ડબરી હાય! ભરાતી, કોઈ ચુંથે પરૂ પાચ;
લાંચ કોઈ ખાતારે, લાજે નહીં લુડ અણુ. બીજું

સાધુને સંન્યાસી થઈને, ફરતા પેટજ કાજ,
કડછી બરછી કલમ ચલાવે, એ ડબરિનું રાજ;
વાજ ઘણા આવ્યારે, કહો કેટલાક ગણુ. બીજું.

ખેતી વાડી ધંધો ધાપો પેટવિના નવ હોય,
પાપી વળગ્યું પેટ ન હોયે, કામ કરે કાં કોય,
બેટો પેટ માટેરે, કહે હું તો બાપ હણુંરે. બીજું.

દેશ વિદેશ વસે પેટ માટે, ચાકર થઇ ચગદાય,
વાઘ દીપડાને મુખ માથું, પેટને કાજ ઘલાય,
પાપી પેટ કાહાણીરે, વાણીવડે શું હુ ભણું. બીજું,

જપ તપ સાધન સર્વે થાતાં, પેટ તણા સહુ ભેદ,
જન પ્રભુરામ ભુલીને ભટકે, પેટતણો એ ખેદ,
કેદ પડયા પડયારે, ભુલી ગયા આપપણું, બીજું.

પદ ૭૩૫ મું રાગ સદર.

વાદળ કેરી છાયારે, કાયા નથી કામતણી;
ભૂલ્યા ભરમાયારે, આત્મહિત હાથે હણી; ટેક.

તન છાયાના જે પડછાયા, પળમાં પલટી જાય,
મૂરખ મનને જ્ઞાન રંક તે, જડ એમાં જકડાય;
ખાય બહુ જુત્તારે, કુત્તા કરે નાવે કણી. વાદળ

પલકે પ્રકટી લય થઇ જાતો, ચપળાનો ચમકાર,
અંધ અભાગી ઊંધ મતિના, જુઠ ધરે અહંકાર,
ચાર ભવ લાગે, વધે જમ કુંત અણી. વાદળ.

મૃગજળ પીવા મુઢ મરઘલાં, કરતાં કોડા કોડ,
તન ધન પાછળ જે જન ધાતા, એ પણ એની ભોડ,
સોડ તાણી સૂતારે, ધુતા કુડ કોટ ચણી. વાદળ.
શશલાનાં સીંગડાની વાતો, સાચી માને લોક,
હાથ ન આવે કોને કયારે, અંતે મુકે પોક;
હેક આ કુજેતીરે, નેતી રહ્યા વેદ ભણી. વાદળ.
વંધ્યા સુતના વરઘોડામાં, મોહ ધરેજ વિમૂઢ,
બાજીગરની બાજી ખોટી, તત્વ રહ્યું છે ગુઢ;
મૂઢમતી થઇ છેરે, ગઇછે જીવ આકળ ભણી. વાદળ.
અકળ કળા અવિનાશી કેરી, સમજે તે સમજાય,
જન્મ અકારત ખોયો આંધા; તો પણ કાં ન લજાય;
હાય જવું વારીરે, ધારી પ્રભુરામ ધણી; વાદળ.

પદ ૭૩૬ મું રાગ સહર.

ભકિત રસ પીતાંરે, ધાવું હરિ ધામ ભણી;
બેવું નહિ બ્હીતાંરે, ગોવિંદ સુ નામ ગણી ટેક.
અજર અમર રસ પ્રેમે પચાવી, બનવું બહુ હુશિયાર,
જ્ઞાન હિમાલયે હાડકાં ગાળી, દેવી તજી તકરાર;
યાર ! કરી સેવારે, દેવા પાપ પ્હાડ ખણી, ભકિત.
નિજ અનુભવને ખાસ હવારે, ચાળી લેવું જ્ઞાન,
ધીર ધરી ધરણી ધર કેરૂ, ધરવું ધીંગું ધ્યાન,
સાન ગ્રહી તીખીરે, લિંખી દેવી આશ પણી. ભકિત.
ગગનાકાર બની વિજ્ઞાને, થાવું અવિચળ આપ,
શરણુ પકડવું સદગુરૂજીનું, કેમ નડે પછી પાપ,
શાપ નવ લાગેરે, ભાગે મદ માન ફણી. ભકિત.
કમળ વસે જળમાં એ રીતે, વસવું જગમાં ખાસ,
લેપ ન લાગે એકે અંગે, અંતર શુદ્ધ આભાસ;
દાસ બની જાવુ રે, ખાવું સુખ ધાન્ય ખણી. ભકિત.

દિલ દરીયો હરિનામ રવૈયો, કુર્મ અકામી બુદ્ધ,
નિવૃત્તિ કેરૂં નેતરૂં ઝાલી, કરવું મંથન શુદ્ધ;
શુદ્ધ થઇ રહેવુંરે, લેવું નવનિત છણી. ભક્તિ.
રેલ છેલ કરીને રસની, ઝીલવુ આઠે જામ,
આપ ભૂલીને જાવું ડુબી, મચવું મૂકી મામ;
હામ ધરી હૈયેરે, લેયે, પ્રભુરામ મણી. ભક્તિ.

પદ ૭૩૭ મું રાગ સહર.

શીખામણ આપું રે, શાણા મન માન ખરી,
ચુકાવી જમ ચપું રે, જાને ભવપાર તરી. શી.
જેવો આ ઉપદેશ હું આપું, તેવુ થવા ધર ધ્યાન,
કેમ કરે તું કલેશ નકામા, સાંભળ વાત, ન કાન;
સાન જરી નાવેરે, ફાવે તારી સાથે અરી. શી.
કાશ કરે કકાશ ન ટળશે, મળશે નહિં મહારાજ,
શું અણુસમજુ ઉંધું ભટકે, મુર્ખ બની શીરતાજ;
વાજ હું તો આવ્યો રે; ફાવ્યો નહિ તુંથી જરી. શી.
તારા બંધ બધા તું છોડે, જો જરી થઇ હુંશીયાર,
તારા પાપે અમથો મુજને, મારી કરે બેજાર;
પ્યાર થકી કહુ છું રે, હવે છું શીખ સારી કરી. શી.
શોક ભરેલો થોકે થોકે, અંતરમાં દીન રાત,
એ અપરાધ બધા છે તારા, કર કાં મારી ઘાત;
વાત કહું સાચી રે, કાચી મતિ કર ને પરી. શી.
કર તું કામા કરથી કુડા, દે કાં બીજાને દોષ,
શબ્દ ઉચારે મૂખથી જેવો, તેવો તો પ્રતિઘોષ;
તોષ કાં ન રાખે રે, ચાખે નહિ સ્વાદ હરી. શી.
દુર્ગુણ દુર કરી લે દેખી, આંખ ઉઘાડ લગાર,
તુંજ વિકાર તજે તો વ્હાલા, સન્મૂખ છે અધિકાર;
પાર ઘણી ચીત્તે રે, કહે પ્રભુરામ હરિ. શી.

પદ ૭૩૮ મું રાગ સદર.

સીતારામ સાચા રે, શાને શઠ બીજું વદે,
બીજા ઓથ કાચા રે, ખેંચા માં તું ખાસ મદે; સીતા. ટેક.
કામ ક્રોધાદિક કરને આઘા, બાઘા મૂક બડાઇ,
મત્સર મોહ મદાદિક સંગે, જા માં તું અભડાઇ;
ખાઈ અતિ ઉંડી રે, ભૂંડી મતી કેમ સદે. સીતા.
શત્રુ તારા વશ વરતાવી, માર્ગ કરી દે સાફ,
યોગમ જીવ ઘેરાયો તેથી, મળતો નથી ઇન્સાફ;
બાફ બહુ લાગે રે, વાગે જુતી આવ હદે. સીતા.
માર્ગ ભૂલાવે સ્વામી ઘરનો, એવો ક્રુર અહંકાર,
વેગે એને હાંકી કાઢી, બેસ બનિ અવિકાર;
કાર તો વધારી રે, ધારી આવ મૂળ કદે. સીતા.
ક્ષણ ભંગુર આ કાયા કાચી, સાચી કેમ મનાય,
જો સાચી તો નજરે તારી, હીંડી ગયા છે ઘણાય;
હાય! હજી ઉંધારે, ધંધા મૂકી કેમ ન દે. સીતા.
ઓચિંતો આવીને પકડે, અંતે કાળ કરાળ,
બ્રાહ્મણ કે ભંગી નહી લેખે, શું બુઢા શું બાળ;
ફાળ અતિ મોટી રે, છોટી નહિ જાણ હૃદે. સીતા.
પરમેશ્વરના પગ લે પકડી, ભજ રાખીને ભાવ,
કોલ કરેલા ગર્ભ વીષે તે, બોલે બોલ નિભાવ,
આવ શીશ નામી રે, સ્વામી પ્રભુ રામ પદે. સીતા.

પદ ૭૩૯ મું રાગ સદર.

માયા કૂપ કાણો રે, પાણો બાંધી કેમ પડે,
ખૂટયો પાણી દાણો રે, શાણો થઈ શીદ સડે; માયા. ટેક
હરિ ભજને કાં હીણો થાતો, ધાતો ધધે ધીટ,
કીટ થવા કાં નર્કે જાતો, ન્હાતો છાતી પીટ;
વીટ બની બેઠો રે, બેઠો કરી મોહ વડે. માયા.

કર્ન કઠણ શાં જાગ્યાં જોગા, ઢોંગા વાઢ્યો ઢાટ,
ઘાટ ઘડે મનમાંહે મોંઘા, સોંઘા લેખ લલાટ;
વાટ ખરી ભૂલ્યો રે, ડૂબ્યો ભવ ભાઠે ભડે. માયા,
ઉંઘે પંથે ધાતો અંધા, ધંધામાં ધૂળ નાખ,
બળીયો થઈ કાં બંગા! બધા, રંધા કાં પડી રાખ;
ભાખ ભલી વાતો રે, લાતો ખાઈ કેમ લડે. માયા.

મૂક પૂળો મન મૂઢ પ્રપંચે; સંચે શાને શાપ,
પાપહરણ સાધન શું વંચે, પંચે તજ પરિતાપ;
કાપ કુડી જાળો રે, ઢાળો કરી આવ ઘડે. માયા.

સાધન સર્વે સુખનાં છોડી, દોડી કાં લે દુઃખ,
સુખની સંધી હાથે ત્રોડી, જોડી લજાવ ન કુખ;
મૂખ શું દેખાડે રે, ખાડે પડી કેમ ખડે. માયા.
અધિક ઉમંગે જા સત સંગે, ઢંગે સર્વ સુધાર,
સાર ગ્રહી લે સઘળે અંગે, ગંગે ન્હા નીરધાર;
ભાર હરિ ધારે રે, વ્હારે પ્રભુ રામ ચડે. માયા.

પદ ૭૪૦ મું રાગ જીવ કરી લેને વિચાર જીવન થોડા.

જીવ! જખમારી જમદ્વાર જાવું થાશે;
પડશે જમડાના માર, જબરા વાંસે.
માથે પાપોના ભાર, કેમ ખમાશે,
ત્યાં આંખો તારી ગમાર, ઉઘડી જાશે.
રંગે રઘુવર કર યાદ. ટેક

દુર્ગુણના દરિયામાં ડુબ્યો, તેની શીક્ષા થાય,
પાણી ટીપું પાયું ન કોને, ત્યાં તરશે જીવ જાય;
કોઈ ન પાશે, જીવ.

ધુતી ધુતીને ભંડારે, ઘાલ્યા ઝાઝા દામ,
પાઈ ન આપી તે પણ કીધું, ઉંધા! ઉંધુ કામ;
મરવું ત્રાશે; જીવ

ભીખી ભીખીને કોઠારે, સંચ્યું પુષ્કળ માલ,
ટુકડો પણ દીધો નવ કોઇને, લઇ મુક્યો નાદાન !
ત્યાં શું ખાશે; જીવ.

રાખીશ નહિં ખાવા પીવાની, આશા રાખડ ! રૂઠ !
નક્કી માનજે કે પરલોકે, મળવાની નથી મૂઠ;
પછી પણ છાશે. જીવ.

અધા ધંધે બહુ બંધાયો, વળગ્યા વ્યાધિ થોક
છુટે નહી તે છોડી ચાલ્યો, મેલી પાછળ પોક,
નર્ક પડાશે. જીવ.

સમો ચુક માં સમતા રાખી, ભજી લેને પ્રભુરામ,
તો ત્રય લોકે લઇ શકે નહિં; કાળ કદી તુજમામ,
જો ગુણ ગાશે, જીવ.

પદ ૭૪૧ મું રાગ સરણ પડયો છું હરિ તારે એ લય.

સાધન કરી લે મન સાચું, અંતરના ખોટા,
કામ રહેશે સૌ કાચું; મન મોટા.
આવ્યો ખાલી ને જાશે ઠાલો, અંતરના ખોટા.
ચાલ રૂડેરી જીવ ચાલો; મન મોટા.
જાવાનુ ટાણું થાશે જયારે, અંતરના ખોટા.
કામ ન આવે કોઇ ત્યારે; મન મોટા.
પાપ ને પુન્ય પાસે રહેશે, અતરના ખોટા.
વાલ વીંટી તે કાઢી લેશે; મન મોટા.
વ્હાલાં નથી છે સહુ વેરી, અંતરના ખોટા.
લુટવા મેલ્યાં છે ઘેરી ઘેરી; મન મોટા.
શ્વાન ગીંગોડા લોહી પીતા, અંતરના ખોટા.
તારૂં પીયે છે માતા પિતા; મન મોટા.
ભાઇ ભલા ન કોઇ થાયે, અંતરમાં ખોટા.
મેલી મશાણે ચાલ્યા જાયે; મન મોટા.
નારીની પ્રીત છે નકામી, અંતરના ખોટા.

મરતાં નહીં થાયે સહુગામી; મન મોટા.
બેની કહે છે મારો ભાઈ, અંતરના ખોટા.
શેરી સુધીની છે સગાઈ; મન મોટા.
સ્નેહી સગો છે રામ સાચો, અંતરના ખોટા.
દાસ પ્રભુએ રંગે રાચો; મન મોટા.

પદ ૭૪૨ રાગ જીલ્લા કહિલેતે વિચાર જીવન થોડ.

જકડશે જમને દરબાર, જુતી ઝાઝી,
મૂકી જાવું ઘરબાર, મરને લાજી.
કહે કેશવપરે કરી ભાર, શાને ખાજી,
ગણુ તારો તું આભાર, બગડી બાજી.
જપી રામ રામ જીવ જાગ ટેક.

ખેતીવાડીમાં ખડકાણો, ખ્વાર થયો ખર ખાસ,
ડાચાં ઉપર મોચડાં વાગ્યાં, થયો ન તો પણ હાશ
પુરો પાજી; જકડશે

રાંડોનો ઓલાપો કીધો, રંડોચા ! થઇ ચંક,
બુડી મર શું મૂચ્છો, મરડે, નેટ વઢાવ્યું નાક
મરકાં ગાજી. જકડશે.

કિંકર કંચન કામ ક્રોધનો, થતાં થયો તું ફજેત,
કાછડ-છૂટા ! ઉમર ગાળી, હજી હઠીલા ! ચેત
વાત ન છાજી, જકડશે,

ગંજીફા ચોપાટ બાજી તેં, કૂટયાં આખી રાત,
જુગટામાં જુતીયાં ખુબ જડીયાં, હાર્યો ભવ ભલી
ભાત, થા નહી રાજી; જકડશે.

અનર્થમાં અંજાયો અંધા, સાથે પુટયાં ભાગ,
હૈયા ફુટા હાથે કરીને, બહુ સળગાવી આગ,
મરીયો દાઝી; જકડશે,

વસ્ત્રવિના રખડયો તું નાગો, નહીં કરવાનાં કીધ,
પેટ પુરણુ નહી અનાજ મળીયું, પણુ આરોગી લીધ
લૂખી ભાજી, જડશે.

નામ બોળ્યું બાપ દાદાનું, ફોકટ કીધા ફંદ,
કુમતિ કાપી શ્રદ્ધા રાખી, ભજી લે રઘુકુળચંદ,
કર ઝટ રાજી, જડશે.

પ્રેમ પલાણુ ભજનનો ઘોડો, જ્ઞાન વિરાગની રેન,
ચડી દોડ પ્રભુ રામ રીઝવવા, મટે મોહની રેન,
કર પ્રિત તાજી, જડશે.

પદ ૭૪૩ મું રાગ સાધન કરી લે. મન સાચું. એ લય.

ઉદ્ધાર કેમ હરિ કરશો, રઘુનંદન વ્હાલા,
ચુકો શું ચિત્તમાં નવ ધરશો ? રામ લાલા.
વંઠયો બહુ વ્હેમ કેરી વાતે, રઘુનંદન વ્હાલા.
ભજન બન્યું નહિં ભલી ભાતે; રામ લાલા.
ચોરી ચુગલી ને ચાડી કીધી, રઘુનંદન વ્હાલા.
સતોને ગાળ ઘણી કીધી; રામ લાલા.
કપટી કુટીલ ક્રોધી કુડો, રઘુનંદન વ્હાલા.
કામી કંકાશી પાપ મૂડો; રામ લાલા.
લોભી છું લાલચુ લુંડો, રઘુનંદન વ્હાલા.
ભરમાયો ભ્રમણા માંહે બુંડો; રામ લાલા.
મોહ મત્સર ને મદમાં છાકયો, રઘુનંદન વ્હાલા.
પર ધન પર દારા હીડું તાકયો; રામ લાલા.
પરના અપકાર કરવા શૂરો; રઘુનંદન વ્હાલા.
નથી એકે વાતમાં અધુરો, રામલાલા.
તનમન વચને છે પાપ ખ્યારું. રઘુનંદ વ્હાલા.
હિંસાઓ કરતાં નહીં હારૂં, રામલાલા

લેવું ને દેવું ખોટે ખોટું, રઘુનંદન વ્હાલા
ખોટું ખાવું ને પીવું. રામલાલા.
નરકો ત્રાસે છે મારા પાપે, રઘુનંદન વ્હાલા.
વસવાનું ઠામ નહિં આપે; રામ લાલા.
પતીત પાવન નામ તારૂં, રઘુનંદન વ્હાલા.
દાસ પ્રભુએ બળ મારૂં; રામ લાલા.

પદ ૭૪૪ મું રાગ સબુર સબુર સબુર સબુર.

ન ફુલ ન ફુલ ન ફુલ ન ફુલ, ફાતડા ફજેતી થાય. ટેક.
તારે ખાતે ખોટ જાય, જગત તો જોવાને ધાય,
હાય હાય શે ખમાય, ન ભુલ ન ભુલ ન ભુલ ન ભુલ; ફાતડા.
ગાંઠની મૂડી ગુમાય, વ્યાજ તો ભેળું તણાય,
પેઢીએ દીવાળું હાય, ન ડુલ ન ડુલ ન ડુલ, ન ડુલ, ફાતડા.
નામ શાહનુ ફીટાય, પાઘ તો ઉંધી વીંટાય,
દેશમાં ડુંડી પીટાય, ન ઝુલ ન ઝુલ ન ઝુલ ન ઝુલ, ફાતડા.
રામ જો ધણી ધરાય, શાખ સાચી જો કરાય,
તો પ્રભુપતી વરાય, કબુલ કબુલ કબુલ કબુલ; ફાતડા.

પદ ૭૪૫ મું રાગ મરાઠી લાવણી.

હે મૂરખ મનવા, સમજ સમજ તો સારૂં. ટેક.
આ સંસાર અસાર વિચારી, નફટ બની નફટામાં,
નાક કટાની પેઠે તારી, ગણુતી છે નકટામાં; હે.
નાક કપાવીને ઘી ચાટે, નવે નાક દીવાળી,
વૃત્તિ તારી વલખે વાટે, વળતી ના કદી વાળી, હે.
નાક વિનાના છાક નકામા, શું છાકે છે છદે,
છંદે દ્વદે શ્રેય નથી તુજ, ફોકટ ફસ માં ફંદે; હે.
[1]નવ સાતે શૃંગાર ઘેર પણ, નાક વિના ન વસા તે,
સાધન સર્વે શોભે ન તારાં, કદી ભટકે ભવ સાતે; હે !

---

૧ સોળ.

સત્ય સાર ઝટ સમજી લેને, કર માં કુડાં કર્મો,
પ્રભુરામ પ્રિયતમને પકડી, પાળો રૂડા ધર્મો;

પદ ૭૪૬ મું રાગ દીધાં છોડી પીતા માતા.

અરે ક્યાં ઉંઘ ગઇ ઉડી, નિશા જગરૂપ શું ગુઢી,
નિંદ્રામાંથી ઝડપ જાગ્યા, વચન ગુરૂ દેવનાં વાગ્યાં ટેક.
ગઇ ઉડી સકળ સુરતી, ન કરવી રહી કર્યાં કુરિત,
ભયાદિક ભૂર થઇ ભાગ્યાં; વચન.
ગઇ આશા નિરાશા ક્યાં, ગયા સાંશા નિશાશા ક્યાં, !
સરો તૃષ્ણા તણા તાગ્યાં; વચન.
મહાદિક મષ્ટ રહિ નાઠા, પડયા પીઠે ઘણા ભાઠા,
અધમના હાડકાં ભાગ્યાં; વચન.
ખુની જે કામ ક્રોધાદિ, કુકર્મો જે પ્રતિવાદિ,
તમાચે મારીને ટાંગ્યાં; વચન.
જમીન જર તન તનય જોરૂ, મહા માયા તણા છોરૂ,
નપુંસક નાસવા લાગ્યાં; વચન.
ત્રિતાપિ ફાંસી પટ ત્રુટી, ગઇ હિસ ગાઠ ઝટ છુટી
ત્રિકર્મો હારૂનય હાર્યાં; વચન.
ઉજડ મૂકયા બધા રસ્તા, લીધા રસ્તા ખરા વસ્તા,
પ્રભુરામે અનુરાગ્યાં; વચન.

પદ ૭૪૭ મું રાગ સહર.

પુરા ઉપકારની સામો, કરે અપકારની હામો;
ન રાખે ભીતરે ભીતિ, બળો આવી બુરી રીતિ. ટેક.
પરાર્થે પ્રીત ના થાયે, અવસ્થા આળસે જાયે;
ગવાયે ગર્વની ગીતી, બળો આવી બુરી રીતી.
બને કલ્યાણ ના હાથે, મહે પાપો ગ્રહે માથે;
ઉમર આમથી જતી વીતી; બળો આવી બુરી રીતી.
ખરી શઠતા કરે પાજી, ઉપર જાતાં રહે ગાજી;

થતી ના સંતથી પ્રીતિ, બળો આવી બુરી રીતી.
અજ્ઞ આ મોહની રાતે, ઉંઘે ઉધા બલી બાલે;
ન વૃત્તિ સ્વપ્નથી બ્હીતી, બળો આવી બુરી રીતી.
પ્રભુ પ્રિય રામના પ્રેમે, દ્રવે ના ન્હાણુકા કેમે;
જગત બાજી ન લે જીતી, બળો આવી બુરી રીતી.

પદ મું ૭૪૮ રાગ સહર.

નથી કો ધર્મમાં ધાતાં ઉઠી બેઠાં નથી થાતાં,
ચહે સહુ લાડવો લેવો, કહો કેડો પડયો કેવો. ટેક.
બગાસાં ખાય બહુ બેસી, અશક્તિ અતરે પેસી;
ન ટાળે કો બુરી ટેવો, કહો કેડો પડયો કેવો.
હળે ના કોઇની સાથે, ભરે છે આભને બાથે,
કરે કંઇ ખ્યાલ બુઠ એવો, કહો કેડો પડયો કેવો.
મળે મિષ્ટાન્ન તો રાજી, લડે મળતાં લુખી ભાજી;
ખરેખર ખેલ છે એવો, કહો કેડો પડયો કેવો.
પચાવે પારકું નાણું, કુમાણું ના ગણે ટાણું;
ગમે ના દોકડો દેવો, કહો કેડો પડયો કેવો.
ખરી પ્રીતિ પ્રભુ રામે, ન દીઠી કોઇ પણ ઠામે;
ગયા ભાગી બધા દેવો, કહો કેડો પડયો કેવો.

પદ ૭૪૯ મું રાગ મહર.

બંધો સબધ છે ખોટો, ખરેખર પ્રેમનો ટોટો,
શીરે સતાપનો સોંટો, અસારે સાર તે શું છે. ટેક
ભટકવુ આ ભવે ભેદે, નહિં ભમણા જરી છેદે,
પછી મરવું સદા ખેદે; અસારે.
અરે આ પેટને કાજે, કરે કુડ કર્મ ના લાજે,
અમારો ગર્વથી ગાજે, અસારે.
રીબાવું રોગથી ભારી, કરી સ્ત્રી પૂત્રથી યારી,
નહિ છૂટયા તણી બારી; અસારે.

ધરા ધન ધામનો ધોખો, ન થાતો માર્ગ તે ચોખો.
વધે વંઠયા તણા શોખો, અસારે.
કરે કર્મો કરી મરવું, નરકની ખાડમાં પડવું,
અશાંતિમાં અતિ ફરવું; અસારે.
બળે ક્રુર કામથી તનડુ, જળે છે મેલથી મનડું,
ચહે તોય "અન્યને કનડું;" અસારે.
નકામા ચામડા ચુંથી, વિષયની વાસના ગુંથી,
ન સારૂ થાય જીવ તુથી; અસારે.
બને કો રંક કે રાજા, થતા કો રોગી કે સાજા,
મરે સહુ મર ડુબી જા જા; અસારે.
પ્રભુ પદ રામનુ પકડો, પુરી પ્રીતિ વડે જકડો,
ફરો કા ફંદમા ફકડો; અસારે.

પદ ૭૫૦ મું રાગ ગઝલ બિહાગ.

જયાં જયાં શ્રવણુ દઇ સાંભળું, ગેબી અવાજો ગાજતા,
ગેબી અવાજો ગાજતા, ગેબી અવાજો ગાજતા, જયા. ટેક.
શ્રવણે શુણુ પણ તે ઉણુ, સપૂર્ણ તો કઇ અન્ય છે,
એ પૂર્ણતાના પ્રેમના; ગેબી.
શુણુવાપણું શ્રવણે રહ્યુ, શ્રવણો વિનાની વાત આ,
સહુ શબ્દ પારે સ્નેહના; ગેબી.
શુણુનાર નહીં શ્રવણે નહિ, શુણુવા તણું પણ લેશના,
આતો ત્રિપૂટી પારના; ગેબી.
ગાજે ગગન વેણુ અવાજો, છે જુના નિત્યે નવા,
આશ્ચર્યતાના તાનમા; ગેબી.
ભાને રહ્યું કે ના રહ્યું, ગુલતાનના તોફાનનું,
મસ્તાન આત્મિય ભાવમાં; ગેબી.
આનંદની લહરી ખરી, આવે ન, રસના કહી શકે,
પ્રભુ રામ બ્રહ્માનંદના; ગેબી.

પદ ૭૫૧ મું રાગ વીદેશવાટ જાઉં છું.

ગજાવવી જગે સુકીર્તિ સગુણ રામની,
ભજાવવી ભલી સુ ભક્તિ, સગુણ રામની; ગજાવવી. ટેક.
અખંડ સુખ પામવા હરિ કથા કરી,
દઢાવવી પુરી સુ પ્રીતિ સગુણ રામની; ગજાવવી.
ભજનમાં ન ભૂલવું હમેશ આદરી,
ઠસાવવી સુભાવનાજ સગુણ રામની; ગજાવવી.
બ્રહ્માંડ મૂકવુ ભરી સુકીર્તનો થકી,
વસાવવી મને સુવાસ સગુણ રામની, ગજાવવી.
આશ કાશ ત્રાસ દીલથી પરાં કરી,
ધરાવવી સુ આશ પ્રભુ સગુણ રામની, ગજાવવી.

પદ ૭૫૨ મું રાગ લાવણી.

ૐકાર બિંદુ સહચાર, જગત આધાર, વિશ્વ વિસ્તાર
ધરો ધીર ધ્યાને;
કામાદિ મોક્ષ સુખ મળે, ઠરો સ્થિર સ્થાને; ૐકાર
વિષ્ણુ સ્વરૂપિ અકાર, શીવ ઉકાર, અંતે મકાર, કમળ
ભવ સ્થાને,
ત્રય ગુણ ઐકય ૐકાર, સમજવું સાને; ૐકાર.
ૐકાર ચાપ લઇ હાથ, આત્મ શર સાથ, બ્રહ્મસંગાથ
લક્ષ લઇ મારો.
એ લક્ષ્યે તન્મય થાવ, સ્વરૂપ સંભારો; ૐકાર
ત્રયવાણી પાછી પળનાર, મન ન મળનાર, ઇંદ્રિય
લાચાર, આનંદનિધિ સારો
પ્રભુ ભવભટકણથી ટળો, તરો આ આરો; ૐકાર.

પદ ૭૫૩ મું રાગ જોડી તેં નવ જોઇ માડી એ લય.

રામ વિજયકારી, કૃપાળુ, રામ વિજય કારી,
મણીમય સિંહાસન પર રાજે, રામ વિજય કારી. રામ.

લજાયે કામ કોટી અંગે (૨) શોભા અતુલિત પાર
ન આવે, સુખ સાગર સંગે; રામ.
અંકુશ ધ્વજ કંજ કુલીશ રેખા, (૨) જલજાક્ષ ચરણની
શોભા જાણે જે દેખ્યા; રામ.
કટીપર પીતાંબર ધારી, (૨) કટીમેખલા ઘુઘરી ઘમકે,
મુની મન હરનારી; રામ.
નાભી ગંભીરતા શું કહેવી, (૨) જમુનાજીની ભમરી સમ
છે, તે જોવા જેવી; રામ.
ઉપવિત પીત અતિ શોભે, (૨) પદિક હાર વનમાળા
મુક્તા, મણીની મન લોભે; રામ.
ભ્રગુ લાછન ઉરમાં સારૂં (૨) સિદ્ધ યોગી તાપસ સાધકનાં
મંગળ કરનારૂ; રામ.
કમળ કર મધ્ય ધનુષ્ય બાણો, (૨) આભુષણને દીપાવે
તન, સુંદરતા ખાણો, રામ.
કંબુ સમ કંઠ અધર રાતો, (૨) કુંડલ શ્રવણે નીરખી
ધ્યાની, ફરતો મદ માતો; રામ.
દંતની પગત શી દાખું, (૨) પોપટ ચાંચ લજાયે તેવી નાસા
ઉર રાખું; રામ.
નીલકમળ દળના જેવાં, (૨) નેત્ર કૃપામૃતને વરસાવે
જુવો જુવો કેવાં; રામ.
બીરાજે તિલક લલીન ભાલે, (૨) મુકટ મણીમય ઉત્તમ
શોભા, નીરખું છુ, વ્હાલે રામ.
શરદ મયંક વદન સોહે, (૨) આનદામૃત ઝરતું જોતાં, મન
મારૂં મોહે; રામ.
પરીક્ષક પુરુષ પ્રભુ પેખે, (૨) ધ્યાન જ્ઞાન ને માન મસ્તીમાં,
સફળ જન્મ લેખે; રામ.

પદ ૭૪૪ મું રાગ મરાઠી ચાલની સાખી જેવો

હા ! ચોપટની બાજી હરિવરશે થાયે રાજી. ટેક.
શાણપણ શું શેખીમાં છે!ગાંડાં ગરજુ ગમાર,
માર ખાસડાં ખાવાનો છે, જમ હાથે જખ માર; ચોપટની.
જખ મારી જીવ જાવું અંતે, આ ટાણે મરડાય,
ભરડાશે, કચડાશે તારૂં, અંગ ચીંચોડા માય; ચોપટની.
ચીચોડામાં ચવાઇ છોતા, નીકળી જાશે દૂર,
દૂર દૂર તું નાચીશ શેનો, ભટકી ભુંડા ભુર. ચોપટની.
ભૂર ભુરાયો થઇ ભરમામાં, શરમ શરમ શરમા,
શરસમ રમણીસાથ રમે શુ, કીચડમાં કળ માં; ચોપટની
કીચડ આ કારમો કઠણ છે, ડુબ્યા કાંઇ ડોબા,
ડોબો થઇને ડુબી મરતાં, કર તોબા તોબા; ચોપટની
તોબા ત્રાહી ત્રાહી પુકારી, પડતાં પડતાં પ્રાણી,
હરણ શોક ભય હરિ હેતેથી, હાથે લેશે તાણી; ચોપટની.
હાથ હરિ તુજ તારણ ધરશે, કરશે કંચન કાયા,
કીચડ કચરા કાઢો તારા, વહેલી કરશે માયા; ચોપટની.
માયાના મંડાણની માથે, માધવ રાય મહાલે,
પ્રણતપાળ પોળે પોતે તો, જોર કોનુ નવ ચાલે, ચોપટની.
ચાલે ચલાવ્યું હલે હલાવ્યું, કરે કરાવ્યું સઘળા,
રમા રમણ પ્રભુરામ ભજીલ્યો, કારજ સીધે સઘળાં; ચોપટની.

પદ ૭૪૫ મું રાગ લાવણી બનજારા

વ્હાલા ! વ્હાર કરોને વહેલી, થાજો બળતાના બેલી,
આ વાત હરિ છે છેલ્લી, છેલ્લી પણ છે પ્રભુ વહેલી, વ્હાલા
વાર કરો માં વાલમા, વહાર કરો હરિ રામ,
વાર લગાડેથી પ્રભુ, વણસે મારા કામ,
કરી કળિયુગમાં કુડકેલી, ખરી ખાંતેથી (ખુબ) ખેલી,
ગમમાં ગોવિંદ ગેલી, ઘોઘી બુદ્ધિ બની ઘેલી; વ્હાલા.

બળવંતા હું બહુ બળું, તાપ ત્રિવિધ અમાપ,
તપ્યો ઘણો તું તાવ્યમાં, કાપ કાપ રે પાપ,
જંજાળે કીધી જેલી, ટંટામાં ટળક્યો ટેલી,
ઠોકર ખાધી નહી ઠેલી, હવે આવ્યો તારી ડેલી, વ્હાલા.

વિશ્વપતિ વગદાં કર્યા, વાધા વારંવાર,
લાખ લાજ કરી કાખની, ફુંડો છુ કિરતાર,
તપતો તાપે હું તેલી, પાપોની બાંધી થેલી,
આજ્ઞા તારી હરિ પેલી, બહુ કીધી છે બદફેલી, વ્હાલા.

બદફેલીમા બાપનું, બોળયુ બોહોળું નામ,
વિષયે વાનર થઈ ફર્યો, જાણે આખું ગામ,
હવે ચાલ કુચાલો મેલી, પકડી છે પાકી વેલી,
પ્રભુરામ કૃપામૃત એલી, કરો રામ રામ રગ રેલી વ્હાલા.

પદ ૭૫૬ મું રાગ લાવણી મુજ ઉપર ગુજરી એ લય.

જીવ જરા જપીને બેસ, પરખ હરિ હીરો,
ઓઘડ ઉતાવળ કરમાં, થાતું ધીરો; જીવ.
નાના રંગ રત્નો ભર્યાં, ઝવેરી સંતે,
સ્થિર થઇ જઇને તું બેસ, માંગજે ખંતે, જીવ.
ખરી ખંત વિના નહી, ખોલે ઝવેરી પેટી,
તું ભાવ કરી ભળી જઇ, પગે પડ લેટી, જીવ.
એ હીરા અણમુલ જોઇ, ખરીદો ખાસા,
જેમાં મુલ્ય ન લાગે લગાર, ભાંગે ભવ પ્યાસા; જીવ.
ગુરૂસંત કૃપાથી રામ નામ, મણી મળીયો,
પ્રભુ રામ ચરણ બની દાસ, ઢાળમાં ઢળીયો; જીવ.

પદ ૭૫૭ મું રાગ સદર.

દામોદર દિન દયાળ, હો કૃષ્ણ કૃપાળા,
આનંદ નિધિ હો રસાળ, પ્રભુ પ્રેમાળા.
હરિ કૃપા કરો ભગવાન, રામ રઢીયાળા,

નિજ ભક્ત કરે શુભ ગાન, જપે નિત માળા,
ચડો વહાર કરો નહીં વાર, બનો બીરદાળા,
કરો વહાર તો શાની વાર, હરિ બળવાળા.
ગજને ઉધાર્યો પરિધાન, પુષ્પની માળા,
પ્રભુ રામ શરણ દે વચન, પુષ્પની માળા.

પદ ૭૫૮ મું રાગ લાવણી.

જીવ સમજી લે મન આ છે, જળના જેવું,
પડે જેહ જાતનો રંગ થાય તે તેવું
વિષયી જન સંગે, વિષયે વલખા મારે,
સાધુને સંગે, સ્વર્ગે ચડવા ધારે
મન પરવશ થાય વિષયમા જ્યારે જ્યારે,
નહી લેશ ભાન પણ રહે, પાપીને ત્યારે
બહુ ભોગ ભાવશે, ભાવ નહિ ભગવતમા,
જંજાળે ઘણું જકડાવે, મૃગજળવત્માં
ભૂખ્યા કુતરા સમ ભટકે ખાવા વૃત્તિ,
પડે લાકડીઓના માર, ધરે નવ ધૃત્તિ
પડી ટેવ કુટેવ ન જાય, થાય હેરાને,
નહીં માને જરી ફીટકાર, રઝળ-તુ રાને
થઇ વ્યાકુળ ભમતું ભુંડ નર્કની ખાણે,
જગજીવન જપવા કાજ, જુક્તિ નવ જાણે.
જો મળે સંતનો સાથ, બને તે સાધુ,
આ પ્રપંચ છૂટી જાય, મળે ઝટ માધુ.
પુરી પ્રેમભકિત ભભુકે, સંતોને પ્રતાપે,
પછી લેશ તપે નહિં તેહ, ત્રિવિધના તાપે.
પ્રભુરામ કૃપા જો થાય, થાય સહુ સારૂ,
તો સુધરે સઘળાં કાજ, બચ્યાનું બારૂ.

પદ ૭૫૯ મું રાગ સહર.

બકવાદ તજી દે તોલ બોલ તું તારા,
સમજાવું શાણો થાને જીવડા મારા.
" ઓલ્યુ " " પેલું " " હું " " મારૂં " આની મરમાં,
બાંધી શુ બુદ્ધિ બેઠો બોધા ઘરમાં.
એ ઘર છોડીને જાવું જંગલ અંતે,
તું ખોટ ખાય કાં ખાસી ખંધા ખંતે.
નારીમાં ધાર્યો નેહ ગોતશે બીજા,
મૂકી દે તેનો પ્યાર હરિરસ પી જા.
બેલપ કરવાને શકત નથી જરી ભ્રાતા,
મરવાને ટાણે કામ ન આવે માતા.
રંડા રાંડે રંડાપો પાળે શાની,
પછવાડે ઠરવા દેય ન તારી વાની.
લૂટી ઝુંટી ધન જાય ભોગવે ભાવે,
પૈ એક ન તારી સાથ કદાપિ આવે.
છો-બનીયાં છૈયાં-કાજ ત્રુટી ત્રણ થાતો,
એ છૈયાં હૈયામાં જબરી, ભરી ઘાતો.
વઠલમાં બાંધી ત્રેહ, ન કૂટ કપાળે,
ઠુંઠે ભેળા થઈ ઘાલી, તન પરજાળે.
તારે કાજે ઉચાટ કરે નહિં કોઇ,
નિજ સ્વાર્થ બતાવે સઘળાં પુંઠે રોઇ
હજી સમજ સમજ જીવ, શેષ વાત કહું સાચી,
સંસારી જનનો સ્નેહ, વાત એ કાચી.
પ્રભુજન પ્રિયતમને ગોત, જ્યોતિ જ્યાં ઝળકે,
એ રામ રસાળ દયાળ, ભકત ચિત્ત ચળકે.

પદ ૭૧૦ મું રાગ સદર.

જગનાથ ગ્રહી લે હાથ સાથ લે રાખી,
હું રગડાતો અથડાતો દે કાં નાખી.
બહુ જન્મ થયાં હું રઝળું છું જગ રાને,
અતિ રઝળપાટમાં ભૂલી ગયો છું ભાને
દુઃખમાં દબડાયો કચડાયો કૂર કામી,
ધાયો નથી ન્હાયો હાય ! કરી બદનામી.
નથી શર્મ ધર્મને મર્મ ગયો હું ભૂલી,
કુડ કર્મ કરીને ભ્રમણામાં રહ્યો ડૂલી.
સાને સમજાવે સંત ન ખંતે સમજું,
ભાવેથી હે ! ભગવાન ! તને હું ન ભજું.
કર્યો કેર કરીને વેર ઝેર દિલ ભરીયું,
નથી શાંત દાંત થઇ કાંત ! જરી મન ઠરીયું.
કરૂણાળુ ! લે સંભાળ ટાળ દિલ ભ્રમણા,
મેં ભટક્યામાં ભવનાથ ! જ રાખી ન મણા.
હે ! ત્રાહી ! ત્રાહી ! ગોવિંદ ! પાહિ ! પ્રભુ પ્યારા !
હે ! રઘુપતિ ! રામ ! રસાળ કાપ દુઃખ ભારા.

પદ ૭૧૧ મું રાગ હરિ ભજતાં શરમાયા એ જન એ લય.

શરમાવું શું હરિ ભજતાં શઠતા સહુ તજતાં, સહુ તજતાં, ટેક.
લાજ ન લેશે ખાવી ખોટી, સારા સાધન સજતાં. શઠતા.
હવાઇ નરથાં કોઇપણ કાળે, હાથવડે નથી બજતાં; શઠતા.
ભજ પ્રભુરામ શરમ મુકીને, નીચ કુંસગે ન જતાં, શઠતા.

પદ ૧ લું ગઝલ કવાલી એકતિરફેંક તાજા બાંકી કમાન વાલે, આપનજતન બચાના જબ જાનતનસે નીકલે એ લય.

ફિકરી બની ચુકીછું, ચાહે બોલે તું ન બોલે. ટેક.
તુજપ્રેમથી પીડાતાં, તુજવાટમાં ચડાતા,
બદનામ થઇ ચુકીછું; ચાહે.

તુજપ્રેમની કટારી, વાગી કલેજે ભારી,
ઘાયેલ થઇ ચુકીછુ. ચાહે.
ફરતી ફરે સ્વચ્છંદે, મસ્તાન તુજ છંદે
ભાને ભુલી ચુકીછુ, ચાહે.
ગુલતાનતા બનીછે, હુ રંક તુ ધની છે
વ્હેંચાણુ થઇ ચુકીછુ. ચાહે.
ધક્કો ભલે તુ મારે, પડવું પદેજ તારે
ખફગાન થઇ ચુકીછું, ચાહે૦
તારે મણિ તરૂંતો, પ્રિય રામજો વરૂતો
કુરબાન થઇ ચુકીછું. ચાહે.

પદ ૨ જુ રાગ સદર.

વ્રજરાજ આજ જાતા, નેણા થયાં નઠોરા ટેક
ગઇ નેત્રની પ્રતિતિ, સંગે ઉઠી ન લાગ્યાં,
સુરરાજ આજ જાતા; નેણા૦
રૂપનાં રસીક થાતા કરણી ન કીધ એવી
અસુરારી આજ જાતા, નેણાં૦
સર્વાંગ શ્યામતાના, ખળ શ્યામ શ્વેત રહીને.
રસરાજ આજ જાતા. નેણાં૦
ઉપમાજ મીન મીથ્યા, લાધી ન કામ કીધુ
હૃદયેશ આજ જાતાં, નેણાં૦
આંસુ હવે શુ ઢાળે, ટાણું શક્યા ન જાણી.
ગોપ્યેશ આજ જાતા, નેણાં.
મણિરામ સાચવ્યોન', કુબ્જા ગૃહેજ પુગ્યો.
મથુરેશ આજ જાતા. નેણાં૦

પદ ૨ જું ગઝલ રાગ સદર.

જ્ઞાની ગુરૂ અભાવે, સમજાયનાજ ગીતા. ટેક
અતિ રોગ કાળ માહે, ઘીતો પચે ન તેમે;
અહુ પાપના પ્રભાવે. જ્ઞા૦

જાતે કઠોર તેથી, રહ્યાણો જળે ન ભીંજે;
હઠવાન હા ! સ્વભાવે. સ૦
સમજે શુણે કહે છે, કરણી ન થાય તેથી.
અદ્વૈતને અભાવે સ૦
મણિરામ ભેદ ભાંગે, સમજાય તોજગીતા,
ભેદી બુરા સ્વભાવે સ૦

પદ ૪ થું ગઝલ રાગ સહર.

વેદાતના ગપાટા મારે મુખે ઘણાયે ટેક
ગપમા ગમાર ગાડું, હાકે ન ચાલનારૂં,
શઠતા તણા સપાટા મારે૦
વાતે વહ્યા વલુણે, જળને વૃથા વલોવે,
શાબ્દીક એ ઝપાટા મારે૦
ચૈતન્યતો દુરે છે જડતા જડાઇ જાડી;
કંઈ ચાવળા ચપાટા. મારે૦
મણિરામને કટાક્ષે, સહુ સિદ્ધ કાજ થાતાં
ધિક ધાંધલે ધપાટા. મારે૦,

પદ ૫ મું ગઝલ રાગ સહર.

વાચે ન લાભ થાયે વેદાત વાત એવી. ટેક
વેદાત દાંત સાચો, હોયે ગૃહીજ લેશે.
પાઠે ન લાભ થાયે વે૦
બહુ વાદ છે નકામો, કરવો ઘટેજ કામો,
શુણે ન લાભ થાયે. વે૦
જ્યાં સાધ્ય સાધનોની, જે ઐકયતા પિછાણે
તેથી સુલાભ થાયે વે૦
વેદાત રામ થાયે, સ્વાનુભવે સ્વભાવે.
મણિ શાંતિ લાભ થાયે વે૦

પદ ૬ મું ગઝલ રાગ સદર.

ત્રિપુટી તણા અભેદે, વેદાંત જ્ઞાન સાચું. ટેક
વાણી સમા ન ક્રામા, મનના વિચાર સામ્યે;
એ ભાવના અભેદે. વે૦
જ્યાં ભિન્નતાન ભાસે, એ ભેદ છે અનોખો;
એ ભેદના અભેદે. વે૦
કહેણી અને સુરહેણી, સરખાં રહે સહજમાં
વિજ્ઞાનમાં અભેદે. વે
છડવા ન કુસકાને, શ્રમ એ વૃથાજ છે છે
મણિરામ હા! અભેદે. વે૦

પદ ૭ મું ગઝલ રાગ સદર.

આત્માર્પણે અમારૂં, મણિરામ રૂપ વિશ્વે. ટેક.
વસુધા કુટુંબ માની, વિચરાય છે અમાને,
કૃષ્ણાર્પણે અમારૂં. મણિ૦
એનો સુબધુસારા, વિશ્વે વસ્યા અમારા,
સ્વાત્માર્પણે અમારૂં. મણિ૦
સૌના સુખે સુખીહા! સૌના દુઃખે દુઃખીહા!
બ્રહ્માર્પણે અમારૂં. મણિ૦
મણિ યજ્ઞ માત્રનોએ, સાધ્યો સમાનતામાં,
રામાર્પણે અમારૂં. મણિ૦

પદ ૮ મું ગઝલ રાગ સદર.

થા સ્થીર આત્મભાવે, ભજરામ રામ સીતા. ટેક.
ખમવાની લ્હાણુ લેવી, હરિભક્ત ભાગમાં છે,
ધરધીર આત્મભાવે. ભજ૦
ખુંદી ખમેજ ભુમી, વાઢયાં વનો ખમે છે,
ત્યમ શાંત આત્મભાવે. ભજ૦

જળ સાગરે સમાતું, તે રીત ચિત્ત ચ્હાતું,
મનફીર ! આત્મભાવે. ભજ૦
સૌ દુઃખ સુખ સાંખી, સમતા મનેજ રાખી,
હા ! વીર ! આત્મભાવે. ભજ૦
ના હાણુ લાભ જાણી, આનંદ લેતું માણી,
વિશ્રાંત આત્મભાવે. ભજ૦
મણિરામ નામનો આ, બાધી નિપુણ કઠે,
ગુલ્તાન આત્મભાવે. ભજ૦

પદ ૯ મું ગઝલ રાગ સદર.

જોવું જગે રહીને, પણ હા ! અસંગ રૂપે. ટેક.
ધન માલ કે કુટુંબી, બહુ મેળવેલ સત્તા,
ખોવું જગે રહીને. પણ૦
વળી પાપ કર્જ કાળું, પુણ્યો પુરાં કરીને,
ધોવુ જગે રહીને પણ૦
સ્વાર્થી દુઃખે ડુબેલાં, વ્હાલાં વફનું આસું,
લ્હોવું જગે રહીને. પણ૦
મણિરામને ભજંતાં, દુઃખ દર્દથી દબાતાં,
રોવું જગે રહીને પણ૦

પદ ૧૦ મું ગઝલ રાગ સદર.

જડતું ન વર્તમાને, ગોત્યુ અરે ! હવે તો. ટેક.
મસ્તાનતા થયેલી, શયતાનતા ગયેલી,
લાધે ન વર્તમાને. ગો૦
તત્પર થતાં ત્વરાથી, તન્મય બનેલ આત્મા !
દેખું ન વર્તમાને. ગો૦
તલ્લીનતા સ્વમાણી, જાણી ન જાણુતાંએ;
ભાસે ન વર્તમાને. ગો૦
મણિરામ ગુમ થાતાં, કયાં કોણ શાથી દેખે,
જાણું ન વર્તમાને. ગો૦

પદ ૧૧ મું ગઝલ રાગ સહર.

આવી રહે ન બાકી, વિજ્ઞાનરૂપ થાતો. ટેક.
જો બાહ્ય ભીતરે હો ! થોળીજં બાખ સાચી,
આવી થવું ન બાકી વિ૦
મમકાર દેશવટે, જાતા સુરામે ગાથા,
આવી ન હોય બાકી વિ૦
આત્મૈકયતા બની તો, ફાકી અરે ! સુધાની,
ખાવી ન હોય બાકી. વિ૦
મણિરામ સિંધુ ઝીલે, ખડકીજ ખોલવાની,
ચાવી ન હોય બાકી વિ૦

પદ ૧૨ મું ગઝલ રાગ સહર.

ક્યા કેમ ભુત ભાળુ, બાળ્યા ભુતાદિ ભૂળો. ટેક
સ્વાત્મિયતા સ્વભાવે, થઇ સિદ્ધના કરાણી.
ક્યાં કેમ ભૂત બાળું બા૦
જગમિંત્ર શત્રુ દેખે, આત્માજ ત્યાંજ ભાળ્યો,
ક્યાં કેમ પુત પાળું. બા૦
ના ભુત ભુત પુતે, પરમાત્મ સાગરે તો,
ક્યા કેમ તુત્ત ટાળું બા૦
યમરાજમાં અભેદે, મણિરામ રૂપ દેખું,
ક્યાં કેમ દ્રુત ખાળુ. બા૦

* પદ ૧૩ ગઝલ મું રાગ સહર.

જીવીત ઝેર કીધાં, જાતા જયા પ્રસાદે, ટેક.
હીરો ગયોજ ઉઠી, રામે શકયા ન ત્રૂઠી,
કાળાજ કેર કીધા, જાતાં૦
જુના સબધ છોડી, સૌ સ્નેહ પાસ ત્રોડી,
વ્હાલાંથી વેર કીધાં, જાતાં૦

* જુનાગઢ નિવાસી વડનગરા નાગર ગ્રહસ્થ જયાપ્રસાદ નૃસિંહ-પ્રસાદ જોશીપુરા સાથેના લેખકના સ્નેહ સ્મરણાર્થે લખાયેલ જન્મ સંવત ૧૯૨૬ આસો શુદિ ૧૦ અવસાન સંવત ૧૯૭૦ પોષ શુદિ ૯

કલ્પાંત હા ! ભવાની, ફરતી રહે ન જુની,
હા ! કેડ ભેર કીધાં; જાતાં૦
દિન આથમ્યો અકાળે, એ ખ્યાલ દિલ બાળે,
આ ! શા ! ઝમેર ! કીધા; જાતાં૦
સેજે હતી સુરમ્યા, શુળા ભર્યાજ તેમા,
અંગાર ખેર કીધાં, જાતાં૦
મણિ મિત્ર સંગ મુકી, બદલ્યા અહા ઉતારા,
હા ! રામ ઘેર કીધા; જાતાં૦

પદ ૧૪ મું ગઝલ રાગ સહર.

જગરૂપ વનથી ઉડયુ ! પ્રિય ! પ્રાણ ! પંખી હા ! હા ! ટેક.
ચાહી ભુલાણી જુની, સ્નેહાળ દિલ છેદ્યા,
પ્રગતિ થવાજ ઉડયુ, પ્રિય૦
સાથે ન કાંઇ લીધુ, ભક્તિ સુભાતું બાંધી,
હર્ષે બનેલ ઉડયું; પ્રિય૦
રાતે રજા બધાની, લીધી હરિ સ્મરીને,
મન મોહ મુકી ઉડયુ, પ્રિય૦
રામે સ્વ દિલ ચોડી, માયા બધી નિવારી,
મણિ રામ ધામ ઉડયું, પ્રિય૦

પદ ૧૫ મું ગઝલ રાગ સહર.

અમનસ્ક હાલતે હા ! કયાંથી પદાર્થ ભાવો, ટેક
નિજરૂપતા પ્રકાશી, વિલસી રહ્યો વિલાસી,
ચિતે અચિત્તતામાં; કયાં.
થાતાં અનન્ય નક્કી, તે ભાન એ ભુલાણું,
બુદ્ધિ અબુદ્ધિ રૂપે; કયાં
નાહંમ કુતોસ્તિ અન્યે, આનંદ શાંત સિંધુ,
હું ભાનના અભાને; કયાં.
મણિતા મણિ વિનાની, સ્વય; રામનામ નાના,
સંવેદ્યતા સ્વભાવે; કયાં.

પદ ૧૬ મું ગઝલ રાગ સહર.

પરમેશ્વરાપરાથી, કર સિંહનાદ સાચો, ટેક.
ચક્રો તમામ ભેદી, દે દોષ જાળ છેદી,
વિશ્વેશ્વરા પરાથી; કર૦
ત્રિકુટાચળે ચડાવી, જ્યોતિ ખરી ઝગાવી,
મથુરેશ્વરા પરાથી; કર૦
જ્યાં છે હજાર દળનું, શુભ પદ્મત્યાં પુગાડી,
અમરેશ્વરા પરાથી; કર૦
મણિરામમાં રમાવી. ભ્રમમાં નહિ ભમાવી.
અવધેશ્વરા પરાથી; કર૦

પદ ૧૭ મું ગઝલ રાગ સહર.

અખિલેશ્વરા ત વ કરે, મેં નાડ નાથ સોંપી; ટેક.
ભવભીમ રોગનો તું, સુરવૈદ સત્ય જાણી,
ભુવનેશ્વરા ત વ કરે; મે.
તેને તપાસ વ્હાલે કરને ખરી ચિકિત્સા;
વિભુ વ્યાપકા ત વ કરે; મેં૦
દેજે દવા મજાની, અનુપાન શુભ સંગે;
પ્રભુ પ્રાણ! હા! ત વ કરે; મેં૦
કરી દે નિરોગ દહીં, ટાળી કુરોગ મારા,
મણિરામ હા! ત વ કરે; મેં૦

પદ ૧૮ મું ગઝલ રાગ સહર.

રઘુવીર સ્વામી મારા, હું તો ગુલામછુંજી; ટેક.
વ્હેંચાણુ હાથ એને, થાતાં ન મ્હાર દેખું,
રણધીર સ્વામી પ્યારા; હું૦
મમતા જડે ન ગોતી, ધણીને પદે ઝુકાતાં,
શુરવીર સ્વામી મારા, હું૦

છે હાથ વાત મારી, એ નાથને બધીએ,
રઘુવીર સ્વામી મારા; હું૦
મણિરામના સુયોગે, હું તું ટળ્યું ત્વરાથી;
સુ સ્થીર સ્વામી મારા; હું૦

પદ ૧૯ મું ગઝલ રાગ સહર.

ધરણી ધરા ધરાનો, હે ભાર આ ઉતારી; ટેક.
મેધા મહિ દબાતિ, જાતી રસાતળે હા!
લક્ષ્મીવરા ધરાનો; હે૦
ભુભાર ના ખમાતો, પોકાર હાર તારે,
રાધેશ આ ધરાનો, હે૦
ગો રૂપ રાડ પાડે, શ્રવણે પડે ન શાને,
સીતેશ આ ધરાનો, હે૦
મણિ આશ્રયે જતારે, વસુધાજ રામ આવી.
વ્રજેશ આ ધરાનો; હે૦

પદ ૨૦ મું રાગ સહર.

નિકળે ન કોઇ વાતે, ખુંચી ગયેલ ખ્યાલો; ટેક.
ખોળું તમામ ખોખું, એ બાચકા ધુમાડા,
ખસતા ન કોઇ વાતે; ખુંચી૦
ઉપદેશ ધાર તીખી, લાગી કટાર જેની,
હઠતા ન કોઇ વાતે, ખુંચી૦
ખોળી જગ્યાજ ખાલી, ત્યાં સ્થાન સ્થિર કીધું,
ચસતા ન કોઇ વાતે; ખુંચી૦
હૃદયે મણિ જડાયું, ત્યાં રામ રૂપ થાતાં,
જામ્યા ભલેરી ભાતે; ખુંચી૦

પદ ૨૧ મું ગઝલ રાગ સદર.

સરકાર વિશ્વના હૈ! આશા ધરીજ તારી. ટેક
ચાતક સમાન ટેકે, ધરી ધીર એક તાને.
દરકાર દેવ દેવા ! આશા.
લખ્યું ન હેય કે હે, મરજી મહાન તારી,
અવિકાર વિશ્વ સ્વામી, આશા.
તું તારકે ઠુડાડે, સોંપ્યું સુકાન તુજને,
અવિનાશ એક દેવા ! આશા૦
મારો મણિ તું વ્હાલા! પથરા બીજા બધાએ,
પ્રિયરામ ધામ દે દે. આશા૦

પદ ૨૨ મું ગઝલ રાગ સદર.

નેણુબાણુ મારશો મા, કપટી કુટીલ કાના; ટેક
કપટે ભરેલ બાણો, મારી ન કાન તાણો,
છળ ભેદ તુજ જાણ્યો; ને૦
કુટિલાઇ કામ કામે, દીઠેલ આઠ જામે,
મામિકતા મહાને; ને૦
પંપાળ મારીને કાં, અમશો દિલાસો દે કાં,
ફસવી ફરેલ ફંદે; ને૦
જાણ્યુંજ હેત તારૂં, સ્વાર્થી સબંધ સારૂ,
મારૂં મરેલ માંગે; ને૦
રંજાડ કાં ગરીબો, આવે ભરાઇ હીબો,
ભાંસ શાખ રાખ રાની; ને૦
મણિરામમાં બતાવી, પ્રભુ ! આપતા સતાવી,
કુરંકાં ! કુમોત કામી; ને૦

પદ ૨૩-મું ગઝલ રાગ સહર.

વ્હાલાં ! ચકોર જો જો, આ તો મયંક ઉગ્યો. ટેક૦
આતે મયંક છે કે, રામજી સુ અંક એતે,
પ્યારાં ! ચકોર જો જો. આ૦
એ અંકમાં વિરામી, દગ બાંધને ખબામી;
સ્નેહી ! ચકોર જો જો. આ૦
સ્વાદુ સુધાજ ચાખી, લે લે સુધ્યાન રાખી;
પ્રેમી ! ચકોર જો જો આ૦
એક તાર સાંધ્ય વ્હાલાં, મટકા ન માર ઠાલાં;
બાપુ ! ચકોર જો જો. આ૦
હાં હાં ! સ્વમન મારાં, ખીલ્યાંજ ભાગ્ય તારાં;
બાળાં ! ચકોર જો જો. આ૦
જ્યોત્તિ મણિ સ્વરૂપે, ઝળકીજ રામ રૂપે,
બાબાં ! ચકોર જો જો. આ૦

પદ ૨૪ મું ગઝલ રાગ સહર.

તૈયાર દેહ તલ્પે, લેવા રજા તમારી. ટેક.
તનનીજ એ તૈયારી, મન માનતું ન લેશે;
તન સંગનાજ તલ્પે. લેવા૦
રકઝીકમાંજ દેહે, જાણ્યુંજ હુંજ જીત્યો;
તેથી ત્વરાથી તલ્પે. લેવા૦
મન લેશનાજ હાર્યું, દેહે કર્યુંજ ધાર્યું;
મનના ચહેજ સ્વલ્પે. લેવા૦
મન મુકી દેહ ચાલે, મન પાછકંજ મ્હાલે;
ખોખું ધસેજ ખાલે. લેવા૦
નદી નીર વેણી જેવી, તન મન વિનાનું તેવું;
આહે ન ચાલે તલ્પે. લેવા૦

મણિરામ ભેળું મનતા, તન ઢોર છે હરાયું;
ભટકે ભમેલ તલ્પે. હેવા૦

પદ ૨૫ મું ગઝલ રાગ સહર.

ધાર્યું ન થાય કોનુ, પ્રબળાજ રામ ઇચ્છા. ટેક.
છે ના સ્વતંત્ર કોઇ, સૌ યંત્રમાં ચડેલાં;
ઈચ્છયુ ન થાય કોનું. પ્ર૦
સંયોગને વિયોગે, બહુ શાંતિ દિલ રાખો;
ચાહ્યુ ન થાય કોનું. પ્ર૦
મળવું થવું વિછુટાં, નિયમો મહાન વિશ્વે,
માગ્યું મળે ન કોનું. પ્ર૦
હા ! પંચભુતને એ, માત્રે જુદાજ પાડે;
તેમાં ન શોચવાનું. પ્ર૦
પણ ઐક્ય આત્મનું તો, સૌ દેશકાળ વસ્તુ;
માં છે બની રહેલું. પ્ર૦
સ્વજનોતણા સુયોગે, સ્વજનોતણા વિયોગે,
મણિરામ રામ બોલો પ્ર૦

પદ ૨૬ મું ગઝલ રાગ સહર.

સ્નેહાશ્રુ મેઘવરસે, હેતાં રવાનગી હા ! ટેક
પ્રિય નીરના વિયોગે, ફાટેજ પક એવુ,
દિલ છે ન મારૂં આ ! હા ! હેતાં૦
દિલ દુષ્ટતા એ મારી, જાણે વિધિજ તેથી,
આપેલ યાતના હા ! હેતાં૦
જો દાઝ હોય ના તો, કંઇ લાજ હોવી જોઇએ,
અહિં તો કશુંય છે ના; હેતાં૦
વશમી વિટંબણામાં, પડતાં નક્ષેભ થાતો,
ના ધૃષ્ટતાથી લાજી; હેતાં.

સૌ આત્મ રૂપ મારાં, મુકી કઠોર ભાગું,
એની ક્ષમાજ યાચું; લેતાં.
મણિરામની કૃપાથી, પાછાં દિદાર દેખું,
પ્રિય ! હા ! તથાસ્તુ બોલો; લેતાં.

પદ ૨૭ મુ ગઝલ રાગ સહર.

માગું કઠોરતાથી, વ્હાલાં વિદાય આપો; ટેક
છલકાય અશ્રુ નેત્રે, જોતાં તથાપિ હું તો,
યાચું કઠોરતાથી; વ્હાલાં૦
છે વજ્ર પાડતુ આ, નિષ્ઠુર કાલજું આ,
ભીખું કઠોરતાથી, વ્હાલા૦
છે પુર ભાવનુંને, છો આપ ભાવ મુર્તિ
હું તો કઠોરતા છું; વ્હાલા.
કુમળાં સુભાવમાં ના, શોભે કઠોરતા હા !
તેથી કઠોરતાને, વ્હાલાં૦
નિધિભાવનોજ છોળે, મમદિલનાવ બોળે,
સ્નેહિ કઠોરતાને; વ્હાલા૦
મણિભાવ રૂપ સાચું ગણી રામ દિલ રાખો,
ભુલો કઠોરતાને; વ્હાલા૦

પદ ૨૮ મું ગઝલ રાગ સહર.

દિખલાવું સાન સાચી, છો માનજો ન માનો; ટેક.
મણિલાલ પુષ્પ સંગે, લાગે ન રંગ અંગે
સ્વયમાત્મ સાન સાચી છો૦
અંગુલિનેત્ર ખોસે, દ્વય ચંદ્રતેજ જોશે,
દ્વયતાન સાન સાચી; છો૦
કુંડળ કડાં વિકારી, સૂવર્ણ નિર્વીકારી,
અવિકાર સાન સાચી; છો૦

મુક્તિ વિષેજ ચાંદી, ભ્રમ એજ હા અનાદિ,
બ્રહ્માપાર સાન સાચી; છો૦
રવી એક કોટી ઘટમાં ભાસે ન લેશ ઘટમાં
બહુનાજ સાન સાચી; છો૦
માનો ન લાભ હાની માનો ન લાભ હાની
મણિરામ સાન સાચી; છો૦

પદ ૨૯ મું ગઝલ રાગ સહર.

હરીરામ પ્રેમ મસ્તી, હા, હા અલૌકિકાતે;, ટેક.
કલ્યાણ વન ભડાકા, વસ્તી વીષે કડાકા
માને મસાણ વસ્તી; હા૦
જગ જ્યાં રૂવે હસે ત્યાં, હસતાં જગે રૂવે ત્યા,
મદવાન ઝુલે હસ્તી, હા૦
ચૈતન્ય ભાન જડમાં, નિજનાથ રૂપ ખડમાં,
નાસ્તિ ન અસ્તિ અસ્તિ; હા
પ્રિયતા- સુઅસ્તિ ભાતિ, બ્રહ્માંડમાં વિભાતિ,
નાબૂતની પરસ્તી; હા૦
ભક્તિ બજાર ખુલ્લુ મન, આથડેજ ભુલું
જ્યાં પ્રેમ સાન સસ્તી, હા૦
મણિરામ રામ નામે, સૌ સાધનો વિરામે
નેતીજ ધોતી અસ્તિ, હા૦

પદ ૩૦ મું ગઝલ રાગ સહર.

ફરમાન થાય તારૂ, હાજર હજુર ઉભુ; ટેક.
પ્રીય ભક્ત કાજ સારૂ, છોડું બધુંય મારૂ
આકૂળા નવેણુ તારૂં; હા૦
મમ ભક્તથી ન જુદો, મમ ખાસ એજ સુદો
બીજુ બધું અકારૂ; હા.

સ્મરણે જવાબ આપુ, દુરત્વ દુઃખ કાપું,
વૈકુંઠ માની ખારૂં; હા૦
લક્ષ્મી ગમે ન દીઠી, નવ શેષ દ્રષ્ટિ મીઠી
વિષરૂપ વિશ્વ ધારૂં; હા૦
પકડાય હસ્તિ સુંડે, વિશ્વાસ ના ગરૂડે
મમ ત્રાણ કીધ ન્યારૂં; હા.
સ્મરતાં અનન્ય ભાવે, મણિરામ તો બચાવે,
બળવાન વ્હાનું પ્યારૂં, હા૦

પદ ૩૧ મુ ગઝલ રાગ સદર.

સફળા થયેલ આજે, યદુ શૃંગની સુયાત્રા, ટેક.
સરિતા વહે ત્રિવેણી, આનંદ ઘાટ શ્રેણી,
સોપાન શુભ્ર રાજે; યદુ૦
વિજ્ઞાન ભક્તિ સારા, મજબૂત આ કિનારા,
વેણી પ્રવાહ ગાજે; યદુ૦
વળી રમ્ય આ ગુહામાં, સ્નેહે પ્રવેશતામા,
સૌ સિધ્ધ થાય કાજે; યદુ૦
યદુરાજ શૃંગ સ્પર્શે, આનંદ ઉર હર્ષે,
બહુરંગ કુંજ સાજે; યદુ૦
પુનેમશર્દ ચંદ્રે, મન હા ! ચકોર કેંદ્રે,
ડરનાજ કાળ બાજે; યદુ૦
યદુ શૃંગ પાદ પદમે, મણિશીર વેષ છદમે,
ધાર્યું અહા ! શું ભ્રાજે ! યદુ૦

પદ ૩૨ મું ગઝલ રાગ સદર.

મસ્તાન ! પ્રેમ ! બાળા ! ના રો ન રો હવે તું, ટેક.
સ્વાત્મૈકયતા સ્વભાવે, ધ્વનિ પાસ આજ આવે,
ધર ધીર શાંત ! બાળા ! ના૦
તારાં તપેલ આંસુ, દેખી દબાય હાંસુ,
ગાંભીર્ય ધાર બાળા ! ના૦

સ્વાનંદ સ્વાદ ચાખી, વિરહાગ્નિ હેતું નાંખી,
જાણી અભેદ બાળા ! જા૦
તુજ આંસુડા ન ઢળતાં, રસ આત્મનોજ ગળતાં,
મમધૈર્ય જાય બાળા ! જા૦
તવ હસ્ત તેજ મા'રો, હું છે પ્રવાહ તારો,
સ્વય ભિન્નતા ન બાળા ! જા૦
એ રામ વાણી જાણી, મણિ રૂપ હે સ્વમાણી,
તદ્રૂપતા તું બાળા ! જા૦

પદ ૩૩ મું રાગ ગઝલ સહર.

ના મૂઢથા ગુમાની, કરી દેહનો ભરૂસો, ટેક.
ઘડયુ તેજ ભાંગવાનું; જાયુંજ તે જવાનું,
સમજો ન લાભ હાની; કરી૦
કરમાય ખીલનારૂં, આવેજ તે જનારૂ,
ખોમાં ન ખર જુવાની; કરી.
તન મન ધને ન છાકી, જા ! કર તપાસ પાકી,
એ રાખ, શેલી, વાની; કરી૦
એ આશ્રયે હળીને, અવળે પથે પળીને,
ખો ના તું જીંદગાની; કરી૦
તૃષ્ણા પુરે તણાઇ, વિષયો વડે હણાઇ,
જા શીદ મૂર્ખ રાની; કરી૦
મણિરામ રામ ભજતાં, કામાદિ દોષ તજતાં,
મરમાં મવાલ માની; કરી૦

પદ ૩૪ મું ગઝલ રાગ સહર.

તુમાં મળેલ મન આ, મરતાં ન મૂકનારૂ. ટેક.
પરખેલ પ્રેમ સ્વામી ! પ્રીતિ ગયેલ જામી,
તુમાં વળેલ મન આ, મરતાં૦

છો ખોટ હોય ખાતે, છોડું ન કોઇ વાતે,
તું માં રળેલ મન આ; મરતાં૦
તજ તું ન તોયે છોડું, અન્યે ન હેત જોડું,
તુંમાં ભળેલ મન આ; મરતાં૦
બીજો ન ભાસ થાતો, તું હુ સ્વરૂપ ન્હાતો,
તુંમાં હળેલ મન આ. મરતાં૦
જયાં છે ન ભાવ નોખો, સ્વાત્મૈકય ભાવ ચોખો,
તુ માં ગળેલ મન આ; મરતાં૦
તંતુંજ તેજ હુંહું, હુંહુજ તેજ તુંતું;
મણિરામ રેલ મન આ; મરતા૦

પદ ૩૫ મું ગઝલ રાગ સહર.

હોકે ફકીર બંદા, દિલગીર કયોં તુ હોતા. ટેક.
ફાકી ફિકર કી ફાકી, ફિર કયા રહા હે બાકી,
બનરેં અમીર બંદા; દિલ૦
કફની ગલેમેં ડારી, કર લે ખુદાસે યારી,
બનજા બઝીર બંદા; દિલ૦
ગમ ત્યાગ દે તું દિલકા, આધાર ધાર કીલકા,
હોજા મજૂર બંદા; દિલ૦
અલ્લાહ કી મજૂરી, કરકે બના હજૂરી,
બનજા હજૂર બંદા; દિલ૦
સબમેં સનમકું દેખી, મન ત્યાગ દે તું શેખી,
નાહો ગરૂર બંદા; દિલ૦
આદમકી દેહ પાઈ, મણિ રામ રામ ગાઈ,
મનસૂર હોતું બંદા; દિલ;

પદ ૩૬ મું ગઝલ રાગ સહર.

અફગાન બન ગયા હું, દિલ હાથસે છુટા હે. ટેક.
ઈશ્કે શરાબ તેરા, ખાના ખરાબ મેરા,
હયવાન બન ગયા હું; દિલ૦
મદમે ફિરૂં ફકીરી, કરકે; ચલું અમીરી,
સયતાન બન ગયા હુ; દિલ૦
દિખલા દિદાર પ્યારા, મહાણુબયે હમેરા,
ગુલ્તાન બન ગયા હું; દિલ૦
રિશ્વત ન ચાહુ કૌડી, ધન માલ ધુળ લોંડી,
મસ્તાન બન ગયા હુ; દિલ૦
હાજર ખડા હજુરે, મિલકે રહા હું નુરે,
સુલ્તાન બન ગયા હુ; દિલ.
મણિરામ પ્રેમ જામેં, નહિ ભાન કૌન થામેં,
કુરબાન બન ગયા હુ; દિલ.

પદ ૩૭ મું ગઝલ રાગ સહર.

કરવી વગાર તારી, બસ ! આશરોજ તા'રો; ટેક
તું માત તાત મા'રો, તું ભ્રાત સાથ સારો,
કગાલ હુ છું ભારી; બસ !
કોડી ન મૂલ પામું, જોકે ન જોતું સામું
ચાલે ન મારી કારી; બસ !
કોપિન છે ન પુરી, ત્રય થીગડે અધુરી,
તોયે ન જાઉં હારી; બસ !
મીઠાં વિનાની ભાજી, ખાતાંય થાઉ રાજી
પરવા ન અન્ય ધારી; બસ !
નવ જ્ઞાન ભક્તિ જાણું, સેવા ન હું પિછાણુ,
બચવા ન બીજી બારી; બસ !

દરકાર કોઇની ના, મણિરામ નામ વિના,
ઝટ ઝાળ નાખ હારી; બસ !

પદ ૩૮ મું ગઝલ રાગ સહર.

ઠેકડી ભલે કરે કો, દાસી બની હું તારી, ટેક.
પદ પંકજે જ ચોટી, રહું ના ચહુંજ રોટી,
ખોટી કહે ભલે કો દાસી૦
જ્યા ત્યાંજ નાદ તારો જીવ હા ! શુણેજ મા'રો,
ગાંડી ગણે ભલે કો; દાસી૦
સ્વર સાંભળી હું દોડું, જગ ત્રાગડાજ ત્રોડું,
ઘેલી વદે ભલે કો; દાસી૦
માશુક મજા હું માણું, આશક પ્રજેશ જાણું,
મારો જુતિ ભલે કો; દાસી૦
ભણકાર વાગતા હા ! મસ્તી ખુમારી માં હા !
કુત્તા ભલે ભસે કો; દાસી૦
મદમાં કરિ શી ડોલું, મણિરામ રામ બોલું,
ધુત્તા બકે ભલેકો; દાસી૦

પદ ૩૯ મું ગઝલ રાગ સહર.

પાશેર પેટ માટે, પાપો અમાપ કીધાં, ટેક.
કીધી કમાણી કુડી, ધૂળ તો ધમાણી પૂરી,
તન પોષવાજ માટે; પાપો૦
આવે ગયું ન પાછું, જાણ્યું ન તોય માણ્યું,
ધન ધૂતવાજ માટે; પાપો૦
દોષો થકી ડર્યો ના, ભલ ભાવના ભરી ના,
વ્હાલાં વરૂજ માટે પાપો૦
અણમોલ હા ! મણિને, નહિ રામ રૂપ જાણ્યો,
દેહાત્મ ભાવ માટે. પાપો૦

પદ ૪૦ મું ગઝલ રાગ સદર.

ઓછું ખમીર ખાંતે, એથી અતિ ઉદાસી, ટેક.
સુખના સ્વતંત્ર દીઠું, પુરાન કોડ કીધા,
બેસાય ના નિરાતે; એથી૦
સંકલ્પ શોક ભારા. હૃદયે ભરાય ઝાઝા,
સાંધ્યો ન તાર તાતે; એ૦
નિશ્વાસ નાંખવામાં, હેતુ કશા સર્યા ના,
મન હા ! થયું ન શાંતે એ૦
ઇર્ષા અપાર વાધી, મણિરામ સાવ છેટે,
ભટક્યો ભમેલ ભ્રાંતે; એ૦

પદ ૪૧ મું ગઝલ રાગ સદર.

સૂતો અરે ! અભાગી, આ ઉંઘ તો ઉડે ના, ટેક.
સારૂં થવાનું શાથી ! સમજ્યો ન સાર સાચો,
પસ્તાય ના અભાગી; આ૦
પરતંત્રતા પુરીમાં, પૂરાઈ ના રહેતું,
ધૂંચા ન હે ! અભાગી ! આ૦
છાકે છકી ન જાતું ! કપટે કપા ન કામી !
જીવ જાગને અભાગી ! આ૦
વિશ્વાસ રાખી રામે, મણિ નામને ગજાવી,
વૈરાગી થા અભાગી ! આ૦

પદ મું ૪૨ ગઝલ રાગ સદર.

વશમી પડેલ વેળા, ધીંગા ધણી પધારો, ટેક.
કરવા ધણીપણાથી, આ દાસને સનાથે,
આ આકરી કુવેળા; ધીં૦
બૂડેલનેજ તારો, મરતાં બુરો બચાવો.
કઠણાઈ કાળ વેળા; ધીં૦

દીવાળીયો થયો છું, પેઢી હવે ચલાવો,
મુશ્કેલ મારી વેળા; ધી૦
મણિરામ આશ્રયે છું, જગ આશ્રયોજ છુટયા,
મરણાંત કાળ વેળા. ધી'

પદ ૪૩ મું ગઝલ રાગ સદર.

નારાયણા સુશબ્દે. જમ ઝુડ છુટી જાતું, ટેક.
આમેવ અંતકાલે, ભજ મુકત થા હરિ કહે
રઘુનાથ નાથ શબ્દે; જમ૦
ભવના ભયાદિ ભાગે, સ્મરતાં પુરા સ્વરાગે,
ઓંકાર એક શબ્દે; જમ૦
કહી ભાવકે કુભાવે, ઇર્ષા પ્રમાદથી એ,
કૃષ્ણેતિ એક શબ્દે; જમ૦
મહિમાં સ્વનાથ નામે, મહિમા નથીજ છાનો,
મણિરામ રામ શબ્દે; જમ૦

પદ ૪૪ મું ગઝલ રાગ સદર.

ત્રય શુળ ભેદનારૂં, આતો ત્રિશુળ તારૂં, ટેક.
ચૈતન્યથી જ ચળકે, સ્વાત્મૈકયના સુ ઝળકે,
અંધારૂં ટાળનારૂં; આ૦
જેમાંથી ચંદ્ર પ્રકટે, એવુ સુધા ભરેલું,
ત્રય તાપ ઠારનારૂં; આ૦
અગ્નિ ત્રયે ફળાંમાં, તેથીજ આગ રૂપે,
સહુ પાપ બાળનારૂં; આ૦
રામેશ્વરા સ્વશક્તિ, મણિનું જ એ બનેલુ,
નિજરૂપ આપનારૂં. આ૦

પદ ૪૫ મું ગઝલ રાગ સદર.

કિરણો કૃપાથી વેરો, હે ! સુર્ય કુળ સ્વામી, ટેક.
અંધી સુગાઢ જામી, તેમાં નથીજ ખામી,
રશ્મી કૃપાથી વેરો; હે !.
જડતા જડાઇ જીવે, ટળશે ન આપ પાખે,
સ્ફુરણો કૃપાથી વેરો; હે !.
તલ્લીન ઝીલવાને તૈયાર હુંજ ઉભું,
જ્યોતિ પ્રકાશ પાડો; હે !
મણિરામ અંતરે દો, દારિદ્રકાં નડે છે,
ઉજ્જાશ કુંજ કરજો; હે !

પદ ૪૬ મું ગઝલ રાગ સદર.

દરિયો દયા તણો તું, હેતે ઝીલાવ વ્હાલા, ટેક.
સ્નાને સ્વઅર્થ સારી, શરણેજ ખેંચી લેને,
દરિયો કૃપા તણો તું; હેતે૦
તારા વિના ન મારૂં, વિશ્વે ન કોઇ પેખુ,
દરિયો સુપ્રેમનો તું; હેતે૦
આધાર એક સાચો નોધારનોજ તું છો,
દરિયોજ સ્નેહનો તું; હેતે૦
ઉદરે મણી સમાવી, દે રામ રૂપતામાં,
દરિયોજ ભાવનો તું; હેતે૦

પદ ૪૭ મું ગઝલ રાગ સદર.

સુખે સુવેજ બચ્ચું, નિજ માતને ભરોસે. ટેક.
બીજી ન વાત જાણે, માતા બળી પિછાણે,
આનંદ માને બચ્ચું; નિજ૦
ફરિયાદ માત પાસે, માતા કને જદાદે,
માગે સ્વચ્છંદ બચ્ચુ; નિજ૦

મસ્તાન કાહુ ઘેલું, બોલે બટાક હેતે,
ભય ના ધરેજ બચ્ચું; નિજ૦
મણિમાત પ્રેમ રૂપે, ત્યમ રામ રૂપ માણે,
ગુલ્તાન તાન બચ્ચું; નિજ૦

પદ ૪૮ મું ગઝલ રાગ સદર.

છે બાળકો તમારાં, જાણિ હરિ! બચાવો, ટેક.
વિણ જ્ઞાન જીવનો આ, ઉગર્યા તણો ન આરો,
છે છોકરાં તમારાં; જા૦
નિજ રૂપ જ્ઞાન દઈને, ઉધ્ધાર આપ કરજો,
છે લાડકાં તમારાં; જા૦
કરૂણા સરિ સુપટને, વિસ્તારજો દયાથી,
છે કાલુડાં તમારાં; જા૦
મણિ માગણું જ રમવા, કૃપયાથી રામ દેજો,
છે બાલુડાં તમારાં; જા૦

પદ ૪૯ મું ગઝલ રાગ સદર.

સંસાર સાગરે હા! ભય ભીમ પામું ભારે, ટેક.
આશયમાં ન ખામી, મમતા કુમચ્છ મોટા,
ભવરૂપ સાગરે હા! ભય૦
કામાદિ ભાઠ મોટી, ત્રુટયાં અનેક વ્હાણો,
જગરૂપ સાગરે હા! ભય૦
જ્યાં ઝુંડ મોહ મદનાં, પકડેજ જીવ હાથી,
તેથી ભવાબ્ધિમાં હું; ભય૦
મણિ રામજી પ્રતાપે, ભવસિંધુ સુકવોને,
શાંતિ અખંડ આપો; ભય૦

પદ ૫૦ મું. ગઝલ રાગ સદર.

સંધ્યા પવિત્ર કાળે, સ્વીકારજો પ્રણામો, ટેક.
પ્રણમું હજાર વારે, પ્રણમે અને સુપ્રેમે,
સંધ્યા સમાન કાળે; સ્વી.
નમને અભેદ થાતાં, છાયા ટળે અકારી,
સંધ્યા સ્વતાન કાળે; સ્વી.
મનને મળાય મોદે, ઐક્યાનુરાગ સાથે,
સંધ્યા સ્વતંત્ર કાળે; સ્વી.
મણિરામ ગુરૂ દેજો, આશીષ આપ મોંઘો,
સંધ્યા સ્વગાન કાળે; સ્વી.

પદ ૫૧ મું ગઝલ રાગ સદર.

ચકડોળ ચિત્ત ચારૂ, શાને થતું હશે એ, ટેક
સમજાય સિદ્ધ વાતો, પરખાય પ્રિય નાતો;
ભ્રમમાં પડી નઠારૂં; શાને૦
એ મર્મ ભેદ જાણે, જાણ્યા પ્રમાણે માણે,
તોયે હરિ અકારૂં; શાને૦
મધુરૂપ આપ પોતે, સ્વાદે સુધા સ્વરૂપે,
છે છે છતાંય ખારૂં; શાને૦
મણિ ગાન તાન સારાં, શુણી રામ ભાવ સાચો,
પ્યારૂં જ સારૂં ન્યારૂં; શાને.

પદ ૫૨ મું ગઝલ રાગ સદર.

યામીક અંતરાત્મા ! વિશ્વે વસી રહ્યો તું, ટેક.
જ્યાં જ્યાં પડંતી દૃષ્ટિ, સ્વરૂપમાં જ ઠરતી;
સર્વ સ્થળે સ્વઆત્મા. વિ૦
સ્વાતંત્ર્ય રાજ જાણી; આનંદ લે તું માણી;
રાજ્યે અભેદ આત્મા. વિ૦

જોતાંજ ભિન્ન ભાસે. શોથી સ્વમાં સમાતું;
બહુ નામીરૂપ આત્મા. વિ૦
વિશ્વાનું ગાન એવું, વાગે વગાડ જેવુ;
એ તંતુ તાર આત્મા. વિ૦
લેશી નહું સુધારૂં, શાને કહી વધારૂં;
છે તેજ છેજ આત્મા. વિ૦
પુરૂં કરે પ્રતાપે, મણિરામજી સ્વભાવે;
મસ્તાન પ્રેમ આત્મા. વિ૦

પદ ૫૩ મુ ગઝલ રાગ સહર.

હું તો પલીત પાપી, દોષો અનત મારા, ટેક.
પાપે ન પાછું જોયું, ધન બાપનુય ખોયુ;
ભ્રમમાં ભમેલ પાપી. દો૦
વૃત્તિ રહી પિશાચી, રઝળેલ હુ રડુ છુ,
પલટું ન નોય પાપી. દો૦
દોંગાઇ દંભ દ્વેષે, જોગાઇ જોર જુલ્મે,
ખાસો બનેલ પાપી. દો૦
મણિરામ નામ તારૂં, વિષપાપ ટાળનારૂ;
તેથી બચાવ પાપી. દો૦

પદ ૫૪ ગઝલ રાગ સહર.

થઇને અતિત વ્હાલાં ! નિજ આત્મ રૂપ જાણો; ટેક
શાબ્દિક સાન સાથે, સ્વાનુભવો મિલાવી,
લહિને પ્રતિત વ્હાલાં ! નિ.
માયા તણા પ્રદેશો, વશમા વિશાળમાંથી,
થાવું વ્યતિત વ્હાલાં ! નિ૦
અતિતે પ્રતિત નાવે, વ્યતિતે થવાય ના તો,
થાજો પતિત વ્હાલાં ! નિ૦
જેવાં બનાય તેવાં, મણિરામ થાય પુરાં
તો જો અજીત વ્હાલાં ! નિ૦

પદ ૫૫ મું ગઝલ રાગ સદર.

એકાંત ભાવ આત્મા ! પ્રિય ! હા ! સ્મરૂં સ્વભાવે; ટેક.
અવધિ સુયોગ લાંબી, લાગે છતાં સુભાવે,
ભજવું રહેલ આત્મા ! પ્રિ.
હા ! ભોજને ન ભાવે, ટાણે તથાપિ આવે,
એ સાન શાંત આત્મા ! પ્રિ.
સમસ્યા સ્વિકાર સાચો, થાતાં હઠાય ના, ના,
હે ! પુર્ણ ! પુર્ણ ! આત્મા ! પ્રિ.
અવધે પુગે પ્રતાપી, વિઘ્નો બધાંય વાઢી,
મણિરામ એજ આત્મા ! પ્રિ.

પદ ૫૬ મું ગઝલ રાગ સદર.

ગંભીર નાદ ગાજે, સ્વારી ચડી હરિની; ટેક.
ગરૂડે ચડયા છબીલા, ગિરિધારી નાથ આ! હા !
શુ ! સામ મંત્ર ગાજે; સ્વા.
એ વેદની રૂચાઓ, પાંખો ગરૂડજીની
બોલે સુનાદ ગાજે; સ્વા.
શાં ! દુંદુભી બજે છે દૈવી નગારખાને,
ધ્વનિ સાજ સાથ ગાજે, સ્વા.
નિજદાસને બચાવા, મણિરામજી પધારે,
એ ઘોષ દિલ ગાજે, સ્વા.

પદ ૫૭ મું.ગઝલ રાગ સદર.

નેણબાણુ વાગવાથી, ઘાયલ થયેલ હૈયુ, ટેક.
મૂર્ત્તિ મહા મધુરી, દીલે જડાઇ પૂરી,
ભ્રુભંગ વક્રતામાં; ઘા.
શું શ્યામતા સુહાગી, ભૂલે વિરાગી રાગી,
ચંદ્રાનને ચકોરી; ઘા.

કોટી લજાય કામો, વ્હાલા તણો વિસામો,
સુ અંગ સંગ સાંગે; ઘા.
ઘાની પીડા ગમેલી, આતપ બધી શમેલી,
હિંચ્યે દિદાર દેખી; ઘા.
ફાકી ફીકરની ફાકી, ફકિરાઇ કીધ પાકી,
મસ્તાન ગુલતાને, ઘા.
તીખે શરે વિંધેલુ, દીલ આ બનેલ ઘેલું,
આરામ આહ ના, ના, ઘા.
આશા તમામ ત્યાગી, નૈરાશ્ય લેહ લાગી,
નૈરાશ્ય આશમાંહે; ઘા.
માણી મજાજ એમાં, જાણી ખુબીજ તેમાં
ઉપચાર ના કરાવું; ઘા.
પ્રભુતા પુરીજ પેખી, સૌમ્યતા સુરેખી દેખી
મણિરામ ઈક્ષણામાં; ઘા.

પદ ૫૮ મું ગઝલ રાગ સહર.

આ કાગળો બટાયા, રેલાય રંગ જો જો, ટેક૦
બહુ કામ કાટ જામ્યો, કાળે અનાદિ એથી,
સાજો બધા કટાયા; રે૦
થઇ ના તપાસ ક્યારે, પડ પાપનાં વધંતાં
થર પુન્યના હટાયા; રે
આ એક છત્ર રાજ્યે, કુસપથી અરે! રે!
પડતાં વધી ફુટાયા; રે૦
નવરાશ ના મળેલી, વળી આળસે મરાતાં,
મણિરામના રટાયા; રે.

પદ ૫૯ મું ગઝલ રાગ સહર.

જગજીવને જણાવી, પ્રિતી પુરાતની હા ! ટેક.
આભાર પાડશાનો, માનુ ન માનવાનો,
જગજીવને પિછાણી; પ્રી.
નિજ પોત તો પ્રકાશ્યું, એમાં ન ઉપકારે,
જગજીવને બતાવી; પ્રી૦
સ્વાભાવિકિ સ્વરીતી,-આજે નિભાવવાને,
જગજીનને દશાવી; પ્રી૦
મણિરામ પ્રેમનાતો, વિશ્વે જણાવવાને
જગજીવનને દઢાવી; પ્રી૦

પદ ૬૦ મું ગઝલ રાગ સહર.

પ્રિય ! માન માન સાચુ, જગજીવને કહેલું, ટેક.
તે મુખ મારી વાણી, વદતી ગણી સ્વનાતે,
હે ! આત્મ ! માન સાચું; જ.
જે જે કહ્યું તને તે, તે સત્ય સત્ય સત્ય,
હે ! પ્રાણ ! માન સાચુ; જ.
જે મેં કહેલ એને, તેણે તને કહેલું
હે ! સ્વાત્મ માન સાચું; જ.
અખિલરથે મળીને, ઉપદેશ આજ આપ્યો,
મણિરામ ! માન સાચું; જ.

પદ ૬૧ મું ગઝલ રાગ સહર.

વંઠી ન વેશ બાળો, મિથ્યા મહાભિમાને; ટેક
એ વેશના વગોણાં, ન કર્યાં કર્યાથી સારાં,
ગંઠેલ ગાંઠ બાળો; મિથ્યા.
છે ગાંઠની ગુમાની, છુટે બનો કૃતાર્થી,
કંઠે લગાવ્યું બાળો; મિથ્યા.

વંઠેલ હેત આણી, મિત્રતા સ્વરૂપ ત્યાની,
કંઠી ગૃહો ન બાળો; મિથ્યા.
મણિરામમાં નિહાળી, વૃત્તિ તથા નકામી,
ગંઠી બધીય બાળો; મિથ્યા.

પદ ૬૨ મું ગઝલ રાગ સહર.

ગમતી નથી ગુમાને, એ સિદ્ધ વાત સાચી; ટેક.
મશ્ડાટમાં મદાંધે; મુશ્કેલ ભીડ ભવની;
શમતી નથી ગુમાને; એ૦
કંકાશ કલેશ કષ્ટો, ને ક્રોધ કામની તો;
કમતી નથી ગુમાને, એ૦
મુકેલઠુંઠ જેવી, વૃત્તિ હરામની તે,
નમતી નથી ગુમાને; એ૦
મણિરામમાં અરેરે! બુદ્ધિ બુરાઈવાળી,
રમતી નથી ગુમાને; એ૦

પદ ૬૩ મું ગઝલ રાગ સહર.

જનનો પુકાર જાણી, સ્વામી ચડયાજ વ્હારે; ટેક.
શી ધામધુમ જામી, પુગ્યા ગરૂડ ગામી;
જનરાડ સાંભળીને; સ્વા.
ગગન ઘુરે નિશાનો, ઘન નાદ શા ધડાકા;
જનદાદ આપવાને, સ્વા.
ભુ ભુધરોજ ડોલે, જયકાર વિશ્વ બોલે;
જનને જરૂર જાણી; સ્વા.
રખવાળ રામ પુરણ મણિ હાથ કીધ હેલે;
જન ભીડ ભાંગવાને. સ્વા.

પદ ૬૪ મું ગઝલ રાગ સદર.

સંભાળ ટાણું સાચું, પ્રભુ ! શીર પાદ તારે, ટેક.
ખેતી ખરી સુકાણી, પછી મેઘ છે નકામો,
એ જાણ ટાણુ સાચું; પ્રભુ.
કાર્તિક માસ માંહે, ડાહ્યો વૃથાજ કણબી,
વિતવા શું દેય ટાણુ ? પ્રભુ.
તરસેજ તન તજ્યું તે, મરતાં સુધા સરે શું ?
જાણી પિછાણ ટાણુ ! પ્રભુ.
ટાણું મળે ન નાણે, નાણું મળેજ ટાણે,
મણિરામ રાખ ટાણુ; પ્રભુ.

પદ ૬૫ મું ગઝલ રાગ સદર.

ખાવું ગમે ન ખાણું, હરિ હા ! વિયોગ તારે, ટેક.
રસ અમૃતે ભરેલું, ભલ ભક્ત એ રચેલું !
ગાવું ગમે ન ગાણું; હરિ !
સુણતાં થતો અચંબો, એવું અરે ! મને તો;
જોવું ગમે ન જોણું; હરિ.
પરમાર્થ ખાતરે કે, સ્વાર્થી સબંધ સારૂં;
રોવુ ગમે ન રોણું; હરિ.
વિરહેજ રામ તારા, મણિ હાલ કાંકરાના.
આવ્યું ગમે ન ભાણુ; હરિ.

પદ. ૬૬ મું ગઝલ રાગ સદર.

ઉત્પાત આજ હૈયે ! કો જાણનાર ના ના. ટેક.
ઉકળે ઉનામણો શો ! જ્વાળા ઉઠેલ ઝાઝી;
કલ્પાંત આજ હૈયે ! કો.
ઉછળેજ શોક સિંધુ, લોહાય લોઢ ભારે;
તોફાન થાય હૈયે ! કો.

ઉચળે સુશાંત વૃત્તિ! આવી વસે અશાંતિ;
ફડફાટ આજ હૈયે! કો.
મણિરામ જાણનારો, તેયે ભુલી ગયો શું?
વલખાટ આજ હૈયે! કો.

પદ ૬૭ મું ગઝલ રાગ સહર.

હે! રંકના નિવાજી, બાનું બતાવ તારૂં; ટેક.
જો લાજ જાય તારી, વાયે ઉડી અરે! ઓ!
હે! દીનના દયાળુ? બા૦
હા! આબર તણા તો, આ કાંકરાજ થાતાં
પાપો પ્રજાળનારા! બા૦
ઇજતે જતાં તું શેનો! અસ્તિ રૂપે રહેશે.
અધમો ઉદ્ધારનારા! બા૦
વ્યવહાર આમ ત્રુટે, મણિરામ શે ખમાશે!
હે! ભક્તવસ્તલાતું! બા૦

પદ ૬૮ મું ગઝલ રાગ સહર.

દિલ દર્દ કો ન જાણે, એવી દશા અમારી; ટેક
પ્રસુતા પીડા ન વંધ્યા, સમજે હજાર વાતે,
હમદર્દી ભેદ જાણે; એ૦
કદી છોઇ શેરડીના, વાગી, કૃપાણ કેરો,
એ ઘાવ શું પિછાણે; એ૦
અમ વાત વિશ્વ પાસે, બ્હેરાકને નગારાં
વાગે છતાં ન જાણે; એ૦
મણિરામ અંતરે છે, ગતી ખાસ જાણનારો
જાણે રહે અજાણે; એ૦

પદ ૬૯ મું ગઝલ રાગ સહર.

આશી બધીરતા આ, ફરિયાદ કો સુણે ના; ટેક.
હરિ! કાન કેમ ફુટયા, કે દ્વાર બંધ કીધા,
આવી અધીરતાની, ફ૦

ફરિ યાદ આપવાને, કીધો પ્રયાસ પુરો,
તોયે ન ધીર જાણી; ફ૦
નાપાકના પ્રપંચો, પુરા પડ્યા ન અંતે,
બાજી બધી રમાણી; ફ૦
મણિરામ ! સાંભળે કે, નાના, તથાપિ મનતો,
બેઠું સ્વધીર ધારી, ફ૦

પદ ૭૦ મું. ગઝલ રાગ સદર.

રઝળાવ માં ન વનમાં, છુટતું નથી તને હા ! ટેક
ભારે ભવાટવીના, ભયકાર બીડવાળા;
ભટકાવ માં ન વનમાં; ધ.
કાંટા કુસંગ કેરા, ખુચે પગે હરિ ! એ !
રખડાવ માં ન વનમા; ધ
વરૂ વાઘ રૂપ વ્હાલા, વીંટી વળ્યા અરે ! રે
અટવાવ માં ન વનમા, ધ.
પંથે ચલાવી, પ્રીતે, મણિરામજી હવે તું,
અટકાવ મા ન વનમાં, ધ૦

પદ ૭૧ મું ગઝલ રાગ સદર.

કોરાય કાળજું આ, પંચાત કોઇને શુ, ટેક
ઘા છો પડો ઘણાયે, દરકાર કોણ રાખે,
ભેદાય કાળજું આ ! પ
ભાલા ખુચે ભલેને, દેખાડજો દયાના,
છેદાય કાળજું આ ! પ
તીખી કટાર છોને, નિષ્ઠુર થઇ ચલાવો,
છો કાળજું કપાયે; પં.
મણિરામ તિવ્ર બરછી, વાગે ભલેય તીરછી,
ભોકાય કાળજું આ ! પં.

પદ ૭૨ મું ગઝલ રાગ સદર.

અવધિ ગયેલ વિતી, કો આશ્રયે રહું હું, ટેક.
અવધે રહેલ આશા, ધારી ઘણી તણી તે,
તક તો ગયેલ વીતી; કો.
અવલંબને અરે ! હું ! જીવીત ધારતી તે,
મુદતે ગયેલ વિતી, કો.
ભારે ધરી ભરૂસો. વિશ્વાસ રાખતી તે,
વેળા ગયેલ વીતિ; કો.
મણિરામ જે પળે તું, મળવા સુ આશ આપી,
પળ તે ગયેલ વીતી; કો.

પદ ૭૩ મું ગઝલ રાગ સદર.

પ્રભુ દાસ તો દબાયો, દોડો બચાવવાને, ટેક.
વ્યામોહ ભુધરે હા ! ચગદાય અંગ મારૂ,
હું દાસ તો દબાયો; દોડો.
છુંદાઉં છું છબીલા, એ પીડ આકરી છે,
છું દાસ તો દબાયો; દોડો.
કાયા કૃપાળ મારી, કચરાય કષ્ટ પામું,
હરિદાસ તો દબાયો; દોડો.
તું કાઢ તે તળેથી, હે ! રામ ! દીનબંધુ !
મણિ ! દાસ તો દબાયો, દોડો.

પદ ૭૪ મું ગઝલ રાગ સદર.

ભુંડો ભલોય તારો, છોડાય ના ન છુટું. ટેક.
બુરાઇમાં બળેલો, કે શીંગથી સળેલો,
લુડો લબાડ તારો; છો.
છો છાલકો છકેલો, તું છાછરો ગણે કે,
ઉંડો છતાંય તારો; છો.

છો પુણ્ય પુંજ પ્રાણી, કે પાપનો જ પુરો,
સુંડો તથાપિ તારો; છો.
છો કાંકરો મણિ કે, તું રામ માન તેવો,
ઝુંડો ગૃહેલ તારો; છો.

પદ ૭૫ મું ગઝલ રાગ સદર.

મરમાળ વાત માની, સ્વીકાર સ્વાનુભવથી, ટેક.
મર્મી સુસંત શિક્ષા, સત્યાગૃહે શુણીને,
શરમાળ ! શાંતિદાતા; સ્વી.
કરવા સુભાવ સેવા, પ્રિય પ્રેમની અરે તું,
કરમાળ પુષ્પ સ્નેહી ! સ્વી.
ભ્રમમાં ભમાઇ ભુડા ! ઉતરો કુવે ન ઉંડે,
ભરમાળ થા ન ભાઇ ! સ્વી.
મણિરામ પ્રેમ રૂપે. આરોપવા ઉભેલો,
વરમાળ પ્રેમ ભકિત; સ્વી.

પદ ૭૬ મું. ગઝલ રાગ સદર.

પડતા પ્રભાત પંખી, રટ રામ રામ સીતા, ટેક.
મંગળ રાત્રી વીતી, મંગળ વ્હાણું વાયું,
હા! જાગ જાગ ! પંખી; રટ.
અરૂણોદયે પકારો, હૃદયાતિમીર નાસે,
સુબુદ્ધ સવાર પંખીઃ રટ.
સ્વજાત સાથ શોધે, સ્વપ્રાણ ! હા! પ્રબોધે.
ર્હો ફાટતાંજ પંખી; રટ.
આનંદ શું ! નિશાનો, સુર્યોદયે સંતાયો,
આ અસ્ત ! ચંદ્ર પંખી; રટ.
સ્વાતંત્ર્ય ડાળે બેશી, સ્વાનંદ લ્હેતું માણી,
સ્વાત્મૈક્ય પ્રાણ પંખી; રટ.

પરખાશય પિંજરૂં પણ, સ્વતંત્ર સ્થાન તારૂં,
છો છુટ ઉડ પંખી; ૨૮.
પ્રણુયાત્મ પંખી પ્યારા ! વ્હાલા ! વિખુટાં પડતાં,
મણિરામ રૂપ પંખી, ૨૮.

પદ ૭૭ મું ગઝલ રાગ સહર.

પ્રથમે ગૃહી શુભેચ્છા, ચઢ જ્ઞાન ભુમિકા હા ! ટેક.

સુવિચારણા જગાવી, તનુમાનસા દ્રઢાવી,
ક્રમમાં કરી કમાણી; ચઢ૦
સત્વાપતી સમુદ્રે; આપત્તિ સર્વ વામી,
ખરી બ્રહ્મ નિષ્ટતામાં; ચઢ૦
સકિત અસં; પદાર્થી, નો જયાં અભાવ ક્રમથી,
વરિયાન બ્રહ્મ વિદ્દતા, ચઢ૦
તુર્યા ઝગે મણિ શી, જે છે અભીન્ન રામે,
બ્રહ્મ વિદ્વરિષ્ટતાતે; ચઢ૦

પદ ૭૮ મું ગઝલ રાગ સહર.

મરશુ, તથાપિ તરશું, સંસાર સાગરે હા ! ટેક.

અવળા બુરા ઝપાટા, ખાશુંજ ખોટ ખાતું,
ભરશુ, તથાપિ તરશું; સં૦
વિષયાગ્નિ જ્વાળ ઉઠી, એવે બુરે બગીચે,
ફરશું, તથાપિ તરશું; સં૦
વ્યવહાર કામ કાજે, સંસારની ઉપાધી,
કરશું, તથાપિ તરશું; સં૦
મણિ રામજી ભજંતા, કદિ કાળનેજ દેખી,
ડરશું, તથાપિ તરશું, સં૦

પદ ૭૯ મું ગઝલ રાગ સહર.

હરિદાસના દિદારે, સ્વાનંદ મેઘ વરસે. ટેક.
સ્વાર્થી સગાઈવાળાં, ડાચાં ન દેખવાનાં,
પ્રિય દાસના દિદારે; સ્વા.
કંકાશીયાં કળાપી, દુરકાળ મુખ સારાં,
જન દાસના દિદારે; સ્વા.
વરસે સુધા સુવેણું, પ્રેમે ભરેલ નેણું,
એ દાસના દિદારે; સ્વા.
મણિરામ દિલ ચળકે, કિરણે પ્રકાશ આપે,
નિજ દાસના દિદારે; સ્વા.

પદ ૮૦ મું ગઝલ રાગ સહર.

ત્રુટે ન તાણવાથી, સ્વાનંદ તાર સાચો. ટેક.
લંબાઇ ના મપાતી, ચોડાઈ ના જણાતી,
ખુટે ન ખોળવાથી, સ્વા.
સંધાણુ રેણુ વોણુ, ઐકયાત્મતા સ્વ જાગ્યુ,
છૂટે ન છોડવાથી; સ્વા.
વીજળી કને જનારાં, બળતાંજ તેમ કોપી,
લુટે ન કો લુટારા; સ્વા.
મણિરામ તંતુ એતો, ખાતા ઘણા ઝપાટા,
મજબુત એમ થાતો; સ્વા.

પદ ૮૧ મું ગઝલ રાગ સહર.

સુફળા થજો સુયત્નો; સુખ ધામ પંથ જાતાં; ટેક.
વિઘ્નો બધાં વિરામે, સર્વે સહાય પામું,
નફળા થજો ન યત્નો; સુ૦
સાધન બનો સહજમાં, માર્ગે ત્વરાથી ચાલું,
વિફળા થજો નયત્નો; સુ૦

શુભ કામમાં સહાયે, મહદો મહાન મળતાં,
અફળા થજો નયત્નો; સુ૦
મણિરામ યાચનાએ, આશા ધરી કહુ છું,
ફળદ્રુપ થાય યત્નો, સુ૦

પદ ૮૨ મું ગઝલ રાગ સદર.

બગડી ગયેલ બાજી, સુધરે હરિ વિના ના. ટેક.
અવળું બધું સુધારે, પાપો બધા સિધારે,
અવળી પડેલ બાજી; સુ.
દાણું જવાય ચુકી, વિશ્વેશ યાદ આપે,
ઉંધી થયેલ બાજી; સુ.
બગડયા તણી સુબુદ્ધી, એ બાપલા ! સ્વહાથે,
વિફરેલ જેહ બાજી; સુ.
મણિરામ વ્હાર સાચી, કરતો સુદાસને તે
વહેલ સાવ બાજી; સુ.

પદ ૮૩ મું ગઝલ રાગ સદર.

જંજાળ મુકવાની, વાતો મુખે રહે છે; ટેક.
વાતો કરે ઘણાયે, થાયે ન લેશ એમાં,
પંપાળ મુકવાની; વા.
વાતે ન કામ થાતું, જાણે છતાં ન થાતું,
માયાજ મુકવાની; વા.
મુકાય નાજ કેમે, વળગે ઉપાધી ઉલટી,
એ જાળ મુકવાની; વા.
મણિરામની કૃપાએ, સહજે છુટે; જ શંકા,
બીજાજ મુકવાની; વા.

પદ ૮૪ મું ગઝલ રાગ સહર.

પતવ્યું પતાવડે તે, સારૂં, ગણ્યું સ્વમાની, ટેક.
સારો પતો પતાનો, ડર જ્યાં નહિ ખતાનો,
ચલવ્યું પતાવડે તે; સા.
પ્રિયનો પતોજ પુરો, મળતાં સ્વરગ ઉઠે,
ઠેલ્યું પતાવડે તે; સા.
પત્રે પતો, પતો તે, પત તું પતે સુપત્રે,
પઠવ્યુ પતાવડે તે; સા.
મણિરામનો જ, પતો, મુશ્કેલ તે મળતાં,
શાંતિ પતાવડે તે; સા.

પદ ૮૫ મું ગઝલ રાગ સહર.

થાનાર થઇ ચુકેલું, હાવાંવિચાર શાનો, ટેક.
પાણી પીધું પછી કો, ઘર પુછવા ન જાયે,
હોનાર હો ચુકેલું; હાવાં.
જેવું થયું થયું તે, કદી ના થયુંજ થાશે,
બનનાર બન ચુકેલું; હાવાં.
છો થાય જે થવાનું, તેની ન લેશ પરવા
ભાવી બની ચુકેલુ; હાવાં.
મણિરામની બજારે, લીલામ થઈ ગયેલુ,
મનદાસ થઇ ચુકેલું; હાવાં.

પદ ૮૬ મું ગઝલ રાગ સહર.

ખાવિંદ એક તારે, હાથે ખપી ગયો છું; ટેક.
કોઇ કહે ન મારો, મારૂં ગણું ન કોને,
માલીક એક તારે; હાં.
સંબંધમાં ગણે ના, કહેતો નથી સબંધી,
જગ શેઠ એકતારે; હા.

ત્રુટયા બધાય તારો, તેથી થયેલ તારો,
પ્રાણેશ એક તારે; હો.
ખતતો થયું ગુલામી, ના ખોળ ખોટ ખામી,
મણિરામ એકતારે; હો૦

પદ ૮૭ મું ગઝલ રાગ સદર.

વલખું મરૂં તથાપિ, પ્રભુ! કાં ન આવ મદદે; ટેક.
મદદે ન આવ મદદે, પોકાર આપ દ્વારે,
તલખું, કરૂં તથાપિ; પ્રભુ.
બોલ્યા વિના તું જાણે, દિલ વાત કો ન છાની,
ન લખું અરે ! તથાપિ; પ્રભુ.
બહુ ભાર કાઢી નાંખી, મન નાવડું અરે હું,
હલકું કરૂં તથાપિ, પ્રભુ.
મણિ અલ્પતા મુકાવી, મોટાઇ રામ કાઢી,
સરખું કરૂ તથાપિ; પ્રભુ.

પદ ૮૮ મું રાગ ગઝલ સદર.

જન રાંકનોજ મેવો, શ્રી રામ નામ સોંઘો, ટેક.
વિણુ મુલ્ય છે હરાજી, ધનવાન લેય એ ના,
એ દીનનોજ મેવો; શ્રી.
અણુમોલ વસ્તુ સાચી, કો ગ્રાહકે ન થાતું,
ગુરબાં ગરીબ મેવો; શ્રી.
અફશોસ હાય! ભારે, ભાવે ન કોઇ પુછે,
ધનહિણુનોજ મેવો; શ્રી.
મણિરત્ન માં ડુબેલાં, કાં રામને પિછાણે;
મુફલીસનોજ મેવો; શ્રી.

પદ ૮૯ મું રાગ ગઝલ સદર.

મનની મહાન મંદી, કોને કહું કહોને, ટેક.
ચળ સ્થીર થાય નાના, સંકલ્પ થાય નાના,
છટકેલ છેલ છંદી; કોને.

સવળા તજે સુ પંથો, વાંચે નહિ સુગ્રંથો,
ફુટકેલ ફેલ ફંદી; કોને.
વલખાં બહુજ મારે, શાંતિ ન ધારનારૂં,
બાંકું બુરૂં સ્વચ્છંદી; કોને.
લાગેલ રોગ ઝાઝા, કેમે ન માનનારૂં,
ટેવો તમામ ગંદી; કોને.
વિક્રાળતા કરાળિ ટળતી નથીજ ટાળી,
ખાતું કુતર્ક ચંદી; કોને.
મણિરામ ચર્ણ મુકયુ, મનને મનાવ હેતે,
વિનવું અપાર વંદી; કોને.

પદ ૯૦ મું ગઝલ રાગ સદર.

હતભાગીને જગે હા ! મરણે મળે ન માગ્યું. ટેક.
દર્દી પડયો પથારી, વાધિ અતિ બીમારી,
દુર્ભાગીને જગે હા ! મરણે.
વ્હાલાં તણાં વિયોગી, રાગી વિરાગી યોગી,
દુખીયાં ઘણાં જગે હા ! મરણે.
સુખીયાં ગરીબ થાતાં, મૃત્યુ ચહે તથાપિ,
વિધિની ગતિ જગે હા ! મરણે.
ગિરિ દુઃખના દબાણે, હેરાન જીવ ઝાઝા,
રગડાય છે જગે હા ! મરણે.
પય પ્રીણુ શીર વજ્રો, પડતાં પડેછ પડશે,
ગતિ કર્મની જગે હા ! મરણે.
મણિરામને ભજો તો, સફળા મનોરથો તો,
અન્યાશ્રયે જગે હા ! મરણે.

પદ ૯૧ મું ગઝલ રાગ સદર.

થાથા, અશોક બાપુ, સુ વિચાર દિલ લાવી; ટેક.
મધમાં મિઠાશ પેઠે, તુંમાં રહું સદા હું,
થઇ જા અશોચ બાપુ ! સુ.

સોનું પીળાશ સંગે, છૂટાં પડે ન ક્યારે,
ધરી લે નિરાંત બાપુ ! સુ.
ચંદ્રે સુધા ભરેલી, આનંદકંદ એલી,
ના, થા, અશાંત બાપુ ! સુ.
રક્ષા સદા કરૂં છું, મમ દાસ પાસ હું છુ,
ગૃહી લે વિરામ બાપુ ! સુ.
નિજ આત્મબોધ પામી, શ્રદ્ધા વડે સુહર્ષે,
વિશ્વાસ રાખ બાપુ ! સુ.
એ રામવેદ વાણી, મણિ રૂપ છે ન ખોટી,
આનંદ માણુ બાપુ ! સુ.

પદ ૯૨ મું ગઝલ રાગ સદર.

હરિ ! હા ! વિયોગ તારો, હું થી નથી ખમાતો, ટેક.
ટાઢો ત્રિવિધિ વાયુ, નિશ્વાસ નાગનો એ,
વિભુ ! હા ! વિયોગ તારો; હું થી.
કમળો ખીલેલ વન તો, ભાલા સમું જણાયે,
પ્રભુ ! હા ! વિયોગ તારો, હું થી.
વરસાદ શાંત ધારા, લાગે જ તેલ ઉનું,
દેવા ! વિયોગ તારો; હું થી.
વસુધા સુધા ભરેલી, વિષ રૂપ લાગતી હા !
કાના ! વિયોગ તારો; હું થી.
રાધા રૂવે જુવે તું, એતો કુટિલતા છે,
કૃષ્ણા ! વિયોગ તારો; હું થી.
વ્રજ તો મણિજ તારૂં, રઝળાવ રામ શાને,
આત્મા વિયોગ તારો; હું થી.

પદ ૯૩ મું ગઝલ રાગ સદર.

નાદાન થાય શાને, વંઠેલ જીવ મારા, ટેક.

હા ! હા ! ગમાર આતો, આવી કસોટી વેળા,
બેભાન થાય શાને; વંઠેલ.
રણુમાં ઝુકાવ્યું ત્યારે, પાછી ન પીઠ દેવી,
બઈમાન થાય શાને; વંઠેલ.
બળવા સતી સુ ચાલી, ચાલી ન જોય પાછું,
હેવાન થાય શાને; વંઠેલ.
જીવના સટાની વાતો, વશમીજ હોય વીરા,
હેરાન થાય શાને; વંઠેલ.
ઉંડે જળે ડુબે તો, મોંઘા મળેજ મોતી,
નવ ભાન થાય શાને; વંઠેલ.

પદ ૯૪ મું ગઝલ રાગ સદર.

ભલી ભાત ભાવ સાથે, ભજવો, ભવેશ ભાઇ, ટેક.
રમણીયતા વિષયની. જોતાં પહેલ બાજુ,
નિસ્સાર ભાવ સાથે; ભજવો.
તૃષ્ણા તળાવડીને, તાગી તથાપિ ત્યાગી,
રસ રૂપ ભાવ સાથે, ભજવો.
શુભમાં અશુભ ભાને, થાતાં જવું જ જાગી,
કલ્યાણ ભાવ સાથે, ભજવો.
ભ્રમણા સમુદ્ર શોષી, વ્હેમાદિને ન પોષી,
સ્નેહાળ ભાવ સાથે; ભજવો.
મતિ ભેદ થાય ત્યારે હુશીયાર થાવું વ્હાલા,
શાંતિ સ્વભાવ સાથે; ભજવો.
મણિમાં મતિ લગાવી, દિલ રામધુન કરતાં,
પ્રેમાત્મ ભાવ સાથે, ભજવો.

પદ ૯૫ મું ગઝલ રાગ સદર.

હુબકી જવાય શાથી ? ભય તો ન સંભવે જ્યાં, ટેક.

ઉચ્ચાટ કેમ થાતો, ઉત્પાત ઉભરાતો,
ફડકી જવાય શાથી ? ભય.
દુઃખની દલીલ ખોટી, કરવી ન કામની છે,
થડકી જવાય શાથી ? ભય.
નિર્દોષમાં ન દોષો; અણુજાણતાં ન આવે,
ભડકી જવાય શાથી ? ભય.
ધર્મે ધરેલ બુદ્ધિ, ખસવા ન પામનારી,
ધડકી જવાય શાથી ? ભય.
શંકા તણાં કુ કાષ્ટો, કેરી ચિતા અરે કાં,
ખડકી જવાય શાથી ? ભય.
મણિ રામ નામ ચોકી, દિન રાત બેઠી સાચી,
હડકી જવાય શાથી ? ભય.

પદ ૯૧ મું ગઝલ રાગ સદર.

ભ્રમરા ! વચન અમારાં, શુણ શ્યામને કહે જે; ટેક.
કુમુદો હસેજ ચંદ્રે, રવી તેજ સાંખશે ના,
અલિ હા ! વચન અમારાં, શુણ.
ચરનાર માનસરની, હંસી વને વસે ના,
વ્હાલા ! વચન અમારા; શુણ.
હૃદયે રમેજ મુર્ત્તિ, ઘનશ્યામ ના વિરાટે,
રમશે, વચન અમારા; શુણ.
જે મુખ પાન ચાખ્યાં, તે કોયલા ન ચાવે,
હા ! આ ! વચન અમારાં; શુણ.
ફરી એકવાર આવો, તરસાવશો ન અબળા,
પ્યારા ! વચન અમારાં; શુણ.
મણિરામ કૃષ્ણ ગાશું. તજસે તથાપિ ચ્હાશું,
પ્રેમી ! વચન અમારાં; શુણ.

પદ ૯૭ મું ગઝલ રાગ સદર.

પ્રણમી પ્રભુ હું માગું, નિષ્કામ ભક્તિ તારી; ટેક.
આ દેહના જે દોષો, જાણી પ્રભુ ન રોષો,
વિનવી વિભુ હું માગુ; નિ૦
અનિત્ય આ સંસારે, તુજ વિણુ કો ન તારે,
પદમા પડી હુ માગું; નિ૦
શું ! સાધનો હુ સાધું, કે અંતરે આરાધું,
સ્મરી હા ! સદૈવ માગું; નિ૦
નિયમો વ્રતો ન પળતાં, સ્વર્ગી સુખો ન ગમતાં,
ફળ મોક્ષ એ ન માગું; નિ૦
તુજ વિણુ જ્ઞાન ગોથાં, ખાવાં નથીજ ગમતાં,
સાનિધ્યતાજ માગુ; નિ૦
મણિરામ દિવ્ય દ્રષ્ટિ, કરજે કૃપાળ વૃષ્ટિ
સંગાથ નિત્ય માગું, નિ૦

પદ ૯૮ મું ગઝલ રાગ સદર.

જ્યાં પ્રેમ બાણુ વાગ્યાં, લગની રહીજ લાગી, ટેક.
ગોથાં ન કામના છે, પોથાં ન કામનાં છે,
જયા સ્નેહ બાણુ વાગ્યાં, લગની.
સાધન બન્યાં બન્યાં ના, પરવા કરીન તેની,
જ્યાં પ્રિતીબાણુ વાગ્યાં; લગની.
અષ્ટાંગ યોગની ત્યાં, છે ના જરૂર લેશે,
જ્યાં હેત બાણુ વાગ્યાં, લગની.
તપ ના તપેલ તોયે, તૃષ્ણા તજાય તેથી,
જ્યાં ભાવ બાણુ વાગ્યાં, લગની.
સુસવાટ વેગ સાથે, છુટી કમાનમાથી,
જ્યાં ભક્તિ બાણુ વાગ્યાં; લગની.

તલ્લિનતા તણાં તે, મણિ રૂપ ના પ્રકાશે,
જ્યાં રામ બાણ વાગ્યાં, લગની.

પદ ૯૯ મું ગઝલ રાગ સદર.

સ્મરી સ્વાત્મ ! હા ! રમુજી, મણિ રામ રામ ઝંખું; ટેક
રમતાં રમુજ દીઠી, ચાખી ખરીજ મીઠી,
લાગે ન કો રમુજી; મણિ.
પરમાર્થ ભાવ તારો, સ્વાનુભવેજ ભાળ્યો,
ભાસે ન કો રમુજી; મણિ.
દેવા ! દિદાર તારા, દેખ્યા પછી હવે તો,
દેખું ન કો રમુજી, મણિ.
આનંદ છેલ તારી, પ્રભુ જાણી માણી સારી,
કહુ કેમ કો રમુજી; મણિ.
ધ્વનિ સાંભળ્યા હરિ ! હા, મીઠા મધુર સ્વાદુ
શુણુ છું ન કો રમુજી; મણિ
મણિ દૃષ્ટિનાજ નાખે, પ્રિય રામનામ પાખે,
જાણુ બધાંય મુજી; મણિ.

પદ ૧૦૦ મું ગઝલ રાગ સદર.

સ્નેહાનુબંધ સાચો, આપે અપાર શાંતિ. ટેક.
ત્રૂટે બધાય તારો, ત્યારેજ એક તારો;
પ્રેમાનુબંધ સાચો; આ.
સ્વર એક તારનો જ્યાં, ગગને રહેજ ગાજી;
ભાવાનુબધ સાચો; આ.
ધ્વનિમાં ન ભેદ એમાં, ધુરે અહા ! અભેદે,
અનુરાગ બંધ સાચો; આ.
મણીરામ રમ્યતાની, મીઠાશ એજ પોતે,
પ્રિતી સ્વબંધ સાચો; આ.

પદ ૧૦૧ મું ગઝલ રાગ મહર.

ખંજર ખુચેલ ખાસું, ખમશું ખમાય તેમે. ટેક.
જખમી બનેલ જીવડો, પ્રકટયો દિલેજ દિવડો,
પ્રકટેલ એ પ્રકાશે, ખ.
પરવા ન મોત કેરી, ભોંકયું ભલેય ઝેરી,
એ ઝેર જાગ્રતિમાં; ખ.
કાતીલ કંપતું છો, ક્ષણુ હા ! ન જંપતું છો,
ગમની ગમી સુગાને; ખ.
વશમું પડે ન વ્હાલે, એ વ્હાલ જોર આલે,
વાલીપણે સુ વ્હાલે; ખ.
વળી વ્હાલના અભેદે, થાશું સ્વતંત્ર કેદે,
સ્વાતંત્ર્યના સુરાજે; ખ.
મણિરામ રામ જોશું, અશ્રુ અભગ લ્હોશું,
પ્રભુ તાનમાં તણાતાં; ખ.

પદ ૧૦૨ મું ગઝલ રાગ સહર.

વૃત્તિ વિહંગ માર્ગે, ખ્યાસી પ્રસન્નતાની, ટેક.
દુખડાં ટળ્યાંની ઇચ્છા, સુખડાં મળ્યાની પૃચ્છા,
કરતા ન લાભ થાતાં, હાંસી પ્રસન્નતાની;
તાજી, પ્રસન્નતાને, વહને વહે સ્વતાને,
સ્વપ્ને ન ગધ ચાહે, વાસી પ્રસન્નતાની.
અજરામરી પ્રસાદી, મળતાં મટે વિષાદી,
ચકચુર લેહ લાગે, ખાસી પ્રસન્નતાની,
લયલીનતા અડોલે, વાણી વિનાજ બોલે,
મણિરામ રામ વાણી, રાશી પ્રસન્નતાની.

પદ ૧૦૩ મું રાગ ગઝલ સહર.

સ્વાનુભવી સ્વરંગે, પાકી અભિન્નતા તે. ટેક.
મિથ્યા બધું પ્રમાણી, એકાત્મ સત્ય જાણી,

અયમાત્મ બ્રહ્મ ભાસે, તાકી અભિન્નતા તે;
દૃષ્ટિ સમાન સૃષ્ટિ, વ્યષ્ટિ સમી સમષ્ટિ,
પ્રજ્ઞાન બ્રહ્મ પેખે, ફાકી અભિન્નતા તે.
સ્વાનંદ સ્વાત્મતામાં, પરમાત્મની સત્તામાં,
તત્ત્વમ્ અસિ સ્વબોધે, બાંકી અભિન્નતા તે;
આનંદ બ્રહ્મ રૂપે, બ્રહ્મૈવ ચાપ ચૂપે,
બ્રહ્માસ્મિતિ અત્રાત્મે, ઝાકી અભિન્નતા તે;
વ્યષ્ટિ ન દૃષ્ટિ સૃષ્ટિ, સ્વપ્ને નહિ સમષ્ટિ,
મણિરામ ભાન ખોતા, સાકી અભિન્નતા તે.

પદ ૧૦૪ મું ગઝલ રાગ સહર.

સ્વાનંદ રામ સીતા, સારી સમાનતા તે, ટેક.
તાદૃશ્યતા ત્રિલોકી, વિલસે સદા વિશોકી,
સ્ત્રવિલાસ શાંત ચિત્તે, પ્યારી સમાનતા તે.
નિંદા સ્તુતિ ન જાણે, સર્વ સ્વઇષ્ટ માણે,
એ ઇષ્ટ મિષ્ટતા તે, ભારી સમાનતા તે.
પ્રેમાશ્રુ ધાર નેત્રે, રોમાંચ થાય ક્ષેત્રે,
ભભુકે સુ ભક્તિ ભાવે, જારી સમાનતા તે.
વળી નેણુ વેણુ બાંકાં, મણિરામ પ્રેમ ટાંકાં,
છલકે સ્વરેલ છેલે, વારી ! સમાનતા તે.

પદ ૧૦૫ મું ગઝલ રાગ સહર.

હા ! હા ! અભંગ માણ્યું, પૂરી અભિન્નતામાં, ટેક.
ન ભળાય તેજ ભાળ્યું, ઢળાય તેજ ઢાળ્યું,
રંગે રહ્યો સ્વનેત્રે, ઘુરી અભિન્નતામાં.
ન જણાય તેજ જાણ્યું, ન મણાય તેજ માણ્યું,
ફેરી ભિન્નત્વ કંઠે, છૂરી અભિન્નતામાં.
બનવાની હા બની ગઈ, થાવાની હા થઇ ગઇ,

છો મોત થાય અંતે, સૂરી અભિન્નતામાં.
જેહો બ્હીતાં તે ભાગો, રણવાદ્ય નાદ જાગ્યો,
મણિરામ તુર વાગ્યાં, શૂરી અભિન્નતામાં.

પદ ૧૦૬ મું ગઝલ રાગ સહર.

સ્વાહા સહેત્ર આપ્યું, લીધું સ્વચ્છંદતામાં, ટેક.
સુધૈર્ય મંડપે હા ! શ્રદ્ધા સ્વથાંભલે આ,
પશું ભિન્નતાજ બાંધી, દીધું સ્વચ્છંદતામાં,

અદ્વૈત વેદ વાણી, જાણી શુણી પ્રમાણી,
કરકે અભિન્ન શસ્ત્રે, કીધું સ્વચ્છંદતામાં,

સ્વાત્મિયતા સુસત્રે, સ્વજ્ઞાન જ્વાળ અત્રે,
હોમ્યું અહા ! સ્વનામે, લીધું સ્વચ્છંદતામાં.

સ્વાનંદ યજ્ઞ શેષે, સ્વાત્મૈક્ય શુભ્ર વેષે,
મણિરામ પ્રેમ પ્યાલું, પીધું સ્વચ્છંદતામાં.

પદ ૧૦૭ મું ગઝલ રાગ સહર.

હા ! રેહો સુયોગ સાધી, સાચી સ્વતંત્રતામાં. ટેક.
કનડે ન કો ભુખેથી, ડરવું ન દિલ દુઃખેથી,
હા ! હા ! વસો, સુખેથી રાચી સ્વતંત્રતામાં;

કર્તવ્યતા સુશીલે, દઢતા ધરો અઢીલે,
પડજો ડગી ન ઢીલે, કાચી સ્વતંત્રતામાં.

અરજી કરેલ ચેલે; ગુરૂ સ્વસત્તાથી ઠેલે.
રંમવું સુરંગ રેલે, નાચી સ્વતંત્રમાં;

અજ્ઞા શીરે ચડાવું, કુસકા નહિં છડાવું,
હું ભંગના પડાવું, જાચી સ્વતંત્રતામાં

ફાલો ફળો સુ ધાડી, સારી સ્વતંત્ર વાડી,
ખત નાખજે તું ફાડી, વાંચી સ્વતંત્રતામાં;

મણિરામ અત્ર હા ! તું, પ્રભુનાજ તત્ર થાતું,
છો બાળ પત્ર ના તું, ચીરા સ્વતંત્રતામાં.

પદ ૧૦૮ મું ગઝલ રાગ સદર.

હા ! હા ! ઉડીશ પંખી, રહી સ્વાધિન્નતામાં, ટેક.
પ્રિય ! પ્રાણ પંખી તું તો, ઉડે સ્વતંત્ર શું તો,
પિંજર પુકારૂં હું તો, અહી સ્વાધિન્નતામાં;
ગાન તારૂં મધુરૂં, સ્વમુખે શુણ્યુ અધુરૂં,
હવે હંસ કર પુરૂં, ગૃહી સ્વાધિનતામાં.
વ્હાલા વિદેશ વાસી, દુરદેશ આવ્યો નાશી,
હા ! છો આનંદ રાશી, લહી સ્વાધિનતામાં,
વિશ્વમાં ઉડી અતે, જાશું નિજ દેશ ખંતે,
ના, ના તણાઉ તતે, અહીં સ્વાધિનતામાં.
સ્વાધિનતા સુરમ્યે, પરાધિનતા ન પેખુ,
મણિરામ પ્રેમ પૂરે વહિ સ્વાધિનતામાં.

પદ ૧૦૯ મું ગઝલ રાગ સદર.

ના ના પડિશ પંખી, ઉડી પરાધિન્નતામા. ટેક.
શોભીતું પિંજર સારૂં, ખરૂં કેદખાનું તારૂં,
ના કર પુરાવું પ્યારૂં, કુડી પરાધિનતામાં;
નળકી કુલોભ બુરી, વિના ધાર તીખી છુરી,
વળગી ગુમાવવી કાં, મુડિ પરાધિનતામાં.
ક્રુર કાળ આ શિકારી, નિરખે ન કાં વિકરી,
ઝડપાવી બાંધી નાખે, ઝુડી પરાધિનતામાં;
મદ મોહ ફાંસી બાંધી, તીખાં ઉભો તીર સાંધી,
વીંધી ઘડાવે હાથે, ચુડી પરાધિનતામાં,
બચવાની આશ રાખી, મણિરામ રામ ભાખી,
ફરી લે પુકાર પ્યારે, ઉડી પરાધિનતામાં.

મનહરમાળા.

છંદ, મનહર. ૧

અગળીના ચસકેલ, બાજી તારી તું સંકેલ;
ખગ નથી કો ટકેલ, હતા ન ઇમાનમાં.
ત્રિપાદ તડાકા મારી, વ્હાલાં કરી ધન નારી;
જા માં જગ્જહારી હીણા, ગણાઇ ઉધાનમાં.
તજી દે સ્ટુપીડ ડેમ, મુકી દે લેડી ને મેમ;
દૃઢ ધારી લેને પ્રેમ, આનંદ નિધાનમાં.
ભજ પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ
સીતારામ સીતારામ, રામ ગુલતાનમાં.

પદ ૨ મું રાગ સદર

વ્હાણુ બહુ સારૂ તારૂ, તળે પડયુ મોટું બારૂ;
ડુબી જાશે પરભારૂં, વાંક છે સુકાનમાં.
સઢ ફાટી ગયો તારો, જબરો વાયુનો મારો,
આવે ન કીનારો વાત, સમજી લે સાનમાં
જામાં તું ગાફેલ રહી, હોડી જાય આઘી વહી;
ઉપાય કરીલે સહી, બીના ધરી ધ્યાનમા. ભજ૦

પદ ૩ મું રાગ સદર.

દોરીમાં તે સર્પ માન્યો મૃગજળમાં તું રાચ્યો;
આકાશના ધાન્યો લેવા, ધાયો શું અજ્ઞાનમાં.
હોકારો હુંપદે કરી, ધાયો ધારી ઉધી ધરી;
હાથથી વછુટયા હરિ. ઘેલો થયો જ્ઞાનમાં.
તત્વમસિ તત્વ જાણુ, આત્મા બ્રહ્મ તું પિછાણુ;
અહ બ્રહ્મ જાણી માણુ, ગળી જા વિજ્ઞાનમાં. ભજ૦

પદ ૪ મુ રાગ સદર.

લુટી ઝુંટી લેજું કીધું, ન ખાધું ન કોને દીધું;
અંતકાળે લીધું દાન, ગુપ્ત તેં આ માનમાં.
બકતો અમે છે જ્ઞાની, સ્નાન સંધ્યાવાળા ધ્યાની;
લાજ નહિ માની, પઢ ! મુવો અપમાનમાં
છોડ અભિમાન છંદ, બન મા તું મંદ મદ
હતા મુની વૃંદ વૃત્તી, રાખતા નિર્માનમાં. ભજ૦

પદ ૫ મું રાગ સદર.

છો તું કદી તત્વ વિદ, કેમ કરે ઝાઝી જીદ;
ભટકવા જાય સીદ, ચીન ને જાપાનમાં.
શાંતિ ચિત્તમા તું ભર, અઘો અ ઘો ન વિચર;
સ્થિરતાથી ઠર ભાઇ, સુભગ સ્વ સ્થાનમાં
પ્રાણાયામ પુરો કર્યો, હરિહર નહિં વર્યો;
હતો ત્યાંનો ત્યાંજ ઠર્યો, પડયો તું અપાનમાં. ભજ૦

પદ ૬ ઠું રાગ સદર.

વીનંડા વિવાદ વદી, કર્યું જીવતર રદી;
આપો આપ થયો મદી, લેખુ ખફગાનમાં.
ડાહયો બન્યો ભારે કદી, પડયો પુરવાળી નદી,
અજ માર્યા આખી સદી, ઇદ રમજાનમાં.
એમા નથી રામ રાજી, ડુબે વેદીઆને કાજી;
ચતુરાઇ જાણી ઝાઝી, કુડાં કારસ્તાનમાં, ભજ૦

પદ ૭ મું રાગ સદર.

કુડાં કામ કરે આહિ, દયા નહી મનમાંહી,
નકામું જવાનું ત્યાંહી, મકકે અર્બસ્તાનનાં.
હિંસા કરે છુપાછુપ આપે પડે નર્ક કુપ,

રીઝે નહિં ખુદા, ધુપ કરે કબ્રસ્તાનમાં.
અહિંસા પરમ ધર્મ, સર્વ શાસ્ત્રનો છે મર્મ,
એજ ખરૂં વર્મ, પ્રાણી, પરના એસાનમાં. ભજ૦

પદ ૮ મું રાગ સદર.

સમાધી ચઢાવી સારી, ઉપાધી કરીને ન્યારી,
આખર ગયોજ હારી, મચ્યો જો તોફાનમાં.
જગ હરી રૂપ ખાસ, સેવા કર બની દાસ,
મુરખ શાને તપાસ, ઉંચે આસમાનમાં.
ભેદ ભાવે નહીં ફાવ, નકામો સાને સતાવ,
રામને છે એક ભાવ, અગર લોબાનમાં. ભજ૦

મનહર. ૯

હાથે કરી કુંડાં કામો, હૈયે રાખી ભુંડી હામો,
નખોદીયા ! શું નકામો, નોંધા મળવાનમાં.
અંતરે થયો હરામ, તેથી આઘા ગયા રામ,
કપટી ચડયું છે નામ, કુડા કળવાનમાં.
બેલી છે ત્રીલોક બાપ, નામે ધોઇ લેને પાપ,
જપી લે ઇ્લેથી જાપ, ગણુ બળવાનમાં. ભજ.

મનહર. ૧૦

હરાડા બળદ પેર, આવે નહીં કેમ ઘેર,
વિષયોનુ ચરે ઝેર, સુવાશે સ્મશાનમાં.
હડકાયો થયો લાગે, દેશથી વિદેશ ભાગે,
ભીખ કેમ માગે જઇ, નાતાલ સુદાનમાં
મતિ મુકી દેને કાચી, વાટ પકડી લે સાચી.
જા જા જા જા રાચી મન, ભાવે ભગવાનમાં, ભજ.

મનહર ૧૧.

શ્રી પતિ સરાહવાની, વાત તજી તરવાની;
નાહક ન ફુંકવાની, ટીબેટ ભુતાનમાં.
હરિ હાર ધાર કંઠે, નકામા ન ગાંઠા ગંઠે.
જ્હાલ રાખી વંઠે, શીહ, સોનાના બુતાનમાં,
ભવસીંધુ અવગાહ સુઝે નહીં સાચી રાહ,
ધર મનમાંહે ચાહ, ફ્ડેરા વિધાનમા. ભજ.

મનહર ૧૨.

આખો ભવ કીધીવેઠ, કહું તને શાનો શેઠ,
ચગદાણો હળ હેઠ, ગણું હળવાનમાં.
આથમી અક્કલ કોડા, પીતાંજ લેમન સોડા,
હોય તુંથી વધુ લોંડા! બુદ્ધિ હલવાનમા.
સુધરી સમજ સાર, ભજ જગ સરકાર,
ઝાઝી કરી દરકાર, ગણું કળાવનમાં. ભજ.

મનહર ૧૩.

ઉંધો પડયો પીએ નીર, અરે ઉઠી જો તું વીર;
હજુ ભર્યાં ઝાઝાં તીર, કાળની કમાનમાં.
બોધા બચવાને કાજ, ભાવ રાખી લેને આજ;
સર્વ શીરતાજ, જગ, વૈદ લુકમાનમાં.
તું તો કાળનુ છે ખાજ, ગર્જના કરી ન ગાજ;
આવી જાને પાજ, રામ, નામની મહાનમાં, ભજ.

મનહર. ૧૪

કંટાળો તું ખામાં કામી, પથર તું થા માં ચમી
થઈશ માં હરામી, તને, કહું વાત કાનમાં.
કુથલીમાં દીન ગાળે, જીંદગી નકામી બાળે;

જનમ્યો તેજ કાળે આવ્યો, કાળની દુકાનમાં.
જન્મ મૃત્યુખત ફાડ, ખાય છે તે મુક ભાડ;
કરી લેને લાડ, આવી, રામના મકાનમાં. ભજ.

મનહર. ૧૫

કાશી કાંચી અવંતિકા, મથુરાં માયા દ્વારિકા,
અયોધ્યા મૂકી ભલી કા, વસે મુલતાનમાં
મોક્ષ દેનારી છે સાત, પુરી તજીને પ્રખ્યાત;
વાસ કર માં તું ભ્રાત, પુર સુલતાનમા,
વસતાં કુશળ ક્ષેમ, થાય મળે પુરો પ્રેમ;
મુઢ કાં વધારી વ્હેમ, ગળ ગુલખાનમાં. ભજ.

મનહર. ૧૬

ભીખે ભુખ નહિં ભાગે, ઉંલટી વધારે લાગે,
નાહક કાં માગે ફરી, ઝાંઝાં જજમાનમા
મુકી દે બધી ભવાઇ, બાંધ માં કીલ્લા હવાઇ;
તું તો ગણાયો છે ભાઇ, જમના મેમાનમાં.
હીમત રાખીને ગાઢી, કર્મ કેરી જાળ વાઢી,
કુડા શબ્દ કાઢી રાખ, રામજી જીભાનમાં ભજ.

મનહર. ૧૭

બાઇલો બનીને બેઠો, જમ પાડી નાખે હેઠો;
ઘણા ચાલ્યા ગયા શેઠો રહ્યાતા બેભાનમાં,
તેજ વલે થાશે તારી, લેશે નહીં કોઇ તારી;
મનુષાવતારી થઈ, મુવો જો અભાનમાં,
દેહ ધરી પામ્યો દુઃખ, લજ્જી માતાની કુખ,
કાર્ય કર લેવા સુખ, આવી જઇ ભાનમાં. ભજ.

મનહર. ૧૮

હુંસાંની પરાણુ મુકી, રાહ વાટ ગયો ચુકી,
દીધું બાપ નામ ખુંકી, જન્મ્યો કુળવાનમાં.
આંધળા હજુ ન દેખે, આંખો ફુટી ગઇ મેખે;
કર્યું લાલી લેખે, ધુળ નાખી ખાનદાનમાં.
હડ હડ ન થા આમ, અકારો થયો હરામ;
ચોપડે ચડયું છે નામ, લુચ્ચા વળવાનમાં ભજ.

મનહર. ૧૯

ઝીકાવું જગે અકારૂં, સર્વથી જાણી નઠારૂં
લેખાવું ઘણું છે સારૂં, પ્રેમીલા મસ્તાનમાં
મમતાને મારી નાખ, આત્મ ભોગ સ્વાદ ચાખ,
દ્રઢતા દીલે તુ .રાખ, કાયા કુરબાનમાં.
બની જા તું નરવર, મટી જઈ ખાસો ખર;
પુરણુ તું પ્રીતી કર, અલ્લાહ સુભાનમાં. ભજ,

મનહર. ૨૦

છે તું છોટા થકી છોટો, દેહ પાણી પરપોટો;
આઝો વાળી ગેટો, શંખ ! લેખામાં મહાનમાં
ચમડો થઇને ચોંટો, ખેલ બધો કીધો ખોટો;
કાળે પીશ્યો ટોટો, તોય મરે શીદ માનમાં.
નકામો પડાવે ફોટો, માની નીજ મને મોટો;
હાથ ભીખ લોટો ધુળ, નાખ માં તું ધાનમાં. ભજ.

મનહર. ૨૧

ગર્ભમાંહે ગોથાં ખાતો, વલોપાત ભારે થાતો,
મનમાં મુંઝાતો જીવ, હતો તું હેરાનમાં.
જમને જામીન દીધો, ત્યારે રામે છુટો કીધો,

કેમ નહીં બીધો, શક્તિ ઓછી છે જમાનમાં.
તેજી કોરડો ન ખાય, ઇસારે સમજી જાય,
તારૂં કામ થાય, ભાવ ધર હનુમાનમાં. ભજ.

મનહર. ૨૨

બંધાણીનો બન્યો બાપ, તેથી પુણ્યાં પુરાં પાપ,
વ્યસની છપાવી છાપ, લેખાતો શ્રીમાનમાં.
માણુસાઇ ગઈ આપે, હવે તપે ભારે તાપે,
ગળ્યો ઝેરી સાપે, ખાસો ગણાયો હેવાનમાં
શુદ્ધ થઈ કર કાજ, લોકમાં મેળવ લાજ,
વ્યસનોની ચોખી નાજ, પાડી છે કુરાનમા ભજ.

મનહર. ૨૩

બુંદ તો બુદે લગાડયું, સુતું સેતાન જગાડયું,
ભારી ભુત વળગાડયુ, કુડાં કાવાદાનમાં.
ધાતુ કેરો ક્ષય થાય, લોહી પાણી થઇ જાય,
બને બળહિણુ ખાય, બુંદ કા નિદાનમા.
બાળ એવા બુરા બુંદ, એથી સારો ખાવો ગુદ,
સાંભળ કા ? કાન, મુદ, પ્રીતીકર દાનમાં. ભજ.

મનહર. ૨૪

ન્હાએ તો ચેટક કીધું, ખાવાનું ટાળ્યું છે સીધું,
ઉકળતું પાણી પીધુ, એજ મળ્યુ માનમાં;
દુધપાણી ભેળાં કરી, પીતાં મરે છે સુતરી,
જઠરા જાય છે ઠરી, પીએ અભિમાનમા.
ન્હાને દરિયામા નાખ, કાળજું કરે છે ખાખ,
મનમાં ન્હા રાખ, રામનામના વિમાનમાં; ભ.જ૦

મનહર ૨૫.

હાટ દારૂ વાળે બહુ, તોય પીતા જાય સહુ;
વાત કહું કોને લેશ, ધરે ન કો ધ્યાનમાં.
દેશ ધન ધૂતી જાય, ઉલ્લુ અનાણીને હાય;
જોડા પેટ ભરી ખાય, મરે છે મેદાનમાં.
દેશપાર કરી દારૂ, નામ માનીને નકારૂં;
વળો માની સારૂં, ભાઇ ભટકોમાં રાનમાં. ભજ૦

મનહર ૨૬.

ગાંજામાં ગુંજાય અંગ, કાંઇ નહીં રહે ઢંગ,
હાલત બને છે તંગ; રઝળે વેરાનમા.
સારા હતા ગયા સાજે, હવે તાલ બન્યો તાજે;
રહ્યો એક ગાંજે હવે, લેખના નિશાનમાં.
ફુકતાં ચલમો દાઝો, તોય નહીં કેમ લાજો;
મુકી ગુણ ગાજો, લેખું થાય છે નાદાનમા. ભજ૦

મનહર ૨૭.

વ્યસનો ઘણાં વળગ્યાં, કેમે ન થાતાં અળગાં;
વળગે મુળગાં, જે કો, ગણાયો વિદ્વાનમાં.
મુકયા નહીં કોને એણે, સારા નર ઝાલ્યા તેણે;
નીરખ્યું છે નેણે, પેઠાં મોટા ગુણવાનમા.
પાઇની કિમત થઇ, અકલ હતી તે ગઇ;
માટે ઝટ મુકી દઇ, લેખાને ધીમાનમાં. ભજ૦

પદ ૨૮ રાગ સહર.

ઓટલો અફીણે વાળ્યો, વ્યસનમાં ભવ બાળ્યો;
રે'તો નથી ખાળ્યો, ચાલ્યો બધાણીની જાનમાં.
ગપેડાંનાં લીંડા પૂર, ગળે થઇ ચકચુર;

માની થશું વીર શૂર, ઝાઝો આવે જાનમાં.
ભડ ' ભુલી જામાં ભીત્ત, મુક મુક માઠી રીત;
કરી લેને પ્રીત હરિ, નામ ગુણગાનમાં. ભજ૦

પદ ૨૯ રાગ સદર.

ચપટા ભરીને સુંઘે, ચલમે ચડાવી ફુંકે;
મુખમાં ચાવીને થુંકે, તમાકુના તાનમાં
ના પાડે શું સામો હુકે, ગધેડાની પેઠે ભુંકે;
ફાકડા શું ભુકે ખાસ, ગણાઇ સેતાનમાં.
બાંધી પ્રીતી છોડ મુકે, મુકા સાથે શીદ મુકે;
પડયો કેમ રહે સુખે, તમાકુ વિતાનમાં. ભજ૦

પદ ૩૦ રાગ સદર.

બાઇજી શ્રી પાંચ મંગ, ડોલ માં બની માતંગ;
જીવ છે વિહંગ દેહ, ઝાડવે નિઃસંગમાં.
દેહ કલઇનો બગ, કરી લે તું પીમાં બંગ;
ત્રુટી પડશેજ ટંગ, ઠેકયો જો છલંગમાં,
કર્મ ખોટાં બહિરંગ, સાચાં કર અંતરંગ;
હાથ કર સાચું નગ, ભાવ બજરંગમાં.
રટ પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતા રામ રંગમાં.

પદ ૩૧ રાગ સદર.

ચડાવ ન ચિત્ત ગંગ, ખરાબી ના ખોટા ખંગ,
દીલ થાય દંગ ભંગ, કરમાં સુ સંગમાં,
મનની દશા છે દંગ, ઉછળતાં ત્રુટે તંગ.
કહુ બજાવી મૃદંગ, પડમાં દુઃસંગમાં,
રામ પદ કંજ શૃંગ, વાસ કર મન ભૃંગ;
નાહી લેને ઝટ ગંગ, રૂપ સત સંગમાં. ૨૮૦

પદ ૩૨ રાગ સદર.

દેહનો જવાનો બળી, કાળ યજ્ઞના છે બળી,
નકામી લગાવી ગળી, દાઢી મુછ રંગમાં;
જગ સુખ માની ખારૂં, રૂઝાવ અંતર ધારૂં.
ભરેલ ઘણો છે દારૂ, કાળની સુરંગમાં,
ભડાકો ઓચિંતો થાશે, સહન નહીં કરાશે;
ઝટ લઇ જાશે જીવ, જમની તુરંગમાં. ૨૮૦

પદ ૩૩ રાગ સદર.

દેવો પડે ભારે દંડ, કરી ન શકાય ખંડ,
વૃત્તિ કરી ખંડ ખડ, રાખ માં અનંગમાં;
અનાદિ અનંત એક અનામિ અજીત છેક,
વૃત્તિ ધાર ધરી ટેક, અખંડ અભંગમાં,
પડ મોહનાં પલાળ, મનોવૃત્તિ પાછી વાળ,
વૈરાગ વૃત્તિ રસાળ રાખી લે અસંગમાં, ૨૮૦

પદ ૩૪ રાગ સદર.

બતાવું છું સામો બાબ, સારી પેઠે ભર છાબ,
ખોટા કરી ખ્વાબ, મોહ રાખ માં કુસંગમાં;
રાંધ માં રડોચા ! રાબ, દીલપર રાખ દાબ.
રઘુવીર નામ આબ, ઊછાળ ઉમગમાં,
દેવો પડશે જવાબ, જમનો ભારે જુલાબ,
પ્રેમ પંથનો પુલાવ, ખા તું ઉછરંગમાં. ૨૮૦

પદ ૩૫ રાગ સદર.

નવરાશ નિંદામાંથી, લીધી નહિ કેમે ક્યાંથી;
જનમ્યો તું જ્યાંથી, જડ! જામ્યો જોરે જંગમાં.
લબાડ લવરી કીધી, સીધી વાટ નવ લીધી;

આયુષ્ય ગુમાવી દીધી, ધૂળ પડી ઢંગમાં.
માથે પડે મોટા ઘણું, મુખે રામ નહિ ભણું;
હાથે પગે સાજો પણ, ગણું છું અપંગમાં. ૨૮૦

પદ ૩૬ રાગ સદર.

પ્રકૃતિ પુરૂષ પાર, પરખી લે પારાવાર;
પોઢ પછી ધરી, પ્યાર સુખેથી પલંગમાં.
આધા કર અવિચાર, સુવિચાર તું વિચાર;
પુરા પાળી લે આચાર, મળી જા મલંગમાં.
ભવજળ જે અપાર, કોઇ નવ પામે પાર;
રામનામને આધાર, કુદી જા ફલંગમાં ૨૮૦

પદ ૩૭ રાગ સદર.

બોળી દે માં બાધું કુળ, પુન્યમાં નાંખીને ધુળ;
સડયું તારૂ મુળ, રોગ, ભર્યો અંગે અંગમા.
હરિજન થયો શીકારી, રમતે ચકલી મારી;
ભાવ ધરી બેઠો ભારી, પ્રસાદીના નંગમાં.
કલ્યાણ ન એમ થશે, હરિકૃપા હશે જશે,
પાસેથી આઘેરો ખસે, પડમા કુસંગમાં. ૨૮૦

મનહર ૩૮.

શાણા શીખ માન મારી, ઓસડ બતાવું કરી;
થા માં તું વીકારી જીવ, ભામનીનાં ભામમાં.
કપાળે તીલક સારૂં, કોઈ ન કહે નઠારૂં;
પ્રીતિ નહીં કર વારૂં, કોશ કેરા ડામમા.
પૈસામાં પલીતો મેલ, ધન ધાંખના ધકેલ;
મનોરથ હડસેલ, મૂકે પૂળો હામમાં.

પ્રીતિકર પ્રભુરામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ નામમાં.

મનહર ૩૯.

કુટુંબ કરાવે કેર, વ્હાલાંઓ વસાવે વેર;
ઝાઝાં ભરે ઝેર, આગ મૂક એ કુનામમાં.
જગમાં કરાવે જીત, આપે બનાવે અજીત;
ખાયશ ખરી ખચીત, ધરી લે સુનામમાં.
સૂર્યથી અધિક તેજ, ચંદ્રથી શીતળ છેજ;
અમૃતનું ધામ એજ, મેળવ ઇનામમાં.
પ્રીતી કર પ્રભુરામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ નામમાં.

મનહર ૪૦

કર્મ લેખ નવ ટળે, કીધાં કર્મ કોડ રળે;
જશ કે જુતીયાં મળે, ગણે બદનામમાં.
ભાગ્ય નહીં ફેરવાય, ઢોર ચોર ભેળાં થાય;
શાને ભાવ ધરે હાય, પુટલ બદ્દામમા
આરા કેડે વારો આવે, કુચ્ચા કા નકામા ચાવે;
જીવ તો તું ફાવે સ્થિર, ઠરી જા સુઠામમાં.
પ્રીતીકર પ્રભુરામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ નામમાં.

મનહર ૪૧.

જડ ! જોડા વાગે ઝાઝા, ભાગે કેમ મૂકી માઝા;
મૂરખનો રાજા શાને, ગણાય છે ગામમાં.

મોચી પત્રાં કેરો માર, મુંડ પર વારંવાર;
પડે તોય .કાં ન હાર, પ્રીતી ધરી ચામમાં.
ઢોર હરાયાની જેમ, ભાગે ભક્તિમાંથી કેમ;
ઝાઝા લાવી વ્હેમ, પડ શાને કુડા કામમાં.
પ્રીતિ કર પ્રભુ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ નામમાં.

મનહર ૪૨.

તત્વ તું વિચાર ગુઢ, સમજી લે સાને મૂઢ;
શાને થઇ જાતો રૂઢ, મફતની મામમાં.
નહીં નર્ક સ્થાન દુઢ, ગંધાય છે જે અદુંઢ;
કપાવીને શુંઢ લેખા, માં તું મૂર્ખ જામમાં.
આશાનો ઉતપાત ભારે, તૃષ્ણા તાપે કાં ન હારે;
મર માં તુ વારે વારે, ત્રિતાપના ધામમાં.
પ્રિતીકર પ્રભુ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતારામ નામમાં,

મનહર ૪૩.

દેવનાં દર્શન મૂકી, નીતિ ન્યાય રાહ ચૂકી;
પ્રીતિ પુરાતન ફુંકી, ભૂંક શીદ ધામમાં.
દયા માર્ગે જતાં ડુકી, પાપમાં કાં પડે ઝુકી;
પ્રેમ પંથ પરે થુકી, હુંક કેમ હામમાં.
આંધળાની હારે ચાલી, ખાડમાં પડીને ખાલી;
બની બાઇ માલી પાલી, રાખની તું પામ માં.
પ્રીતિકર પ્રભુરામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ નામમાં.

મનહર. ૪૪

પાટલાનાં માથાં મુંડી, પાપની ભરીને કુંડી.
હૈયે વાસ ધરી ભુંડી, ખપ મા હજામમાં.
મેળવીને ઝાઝું વિત્ત, ભુલી જા માં ભારી ભિત;
નાહક તું મૂઢ ચિત્ત, રાખ માં હરામમાં.
સાંભળી લે સાચુ બ્યાન, મનનું ખોલી દે મ્યાન,
હરિનામ ધ્યાન કેરા, નાહી લે હમામમાં.
પ્રીતિકર પ્રભુરામ, રામ રામ રામ રામ:
સીતારામ સીતારામ, સીતારામ નામમા.

મનહર. ૪૫

મુક મગજે થી રાઇ, ભેજાંની તજી ખટાઇ;
તબીયતની તીખાઇ, છોડી ભજ શ્યામમા.
તંતને તલાક દઇ, ખંતવાન ખાસો થઇ.
સંત સાથ લઇ સ્નેહ, ધાર ઘન શ્યામમા.
સદગુરૂ પાસ જઇ, કાકા મામા મુકી ફઇ;
ગુજરી છે માની ગઇ, રાચ ગુણ ગ્રામમા.
પ્રીતી કર પ્રભુ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ નામમા.

મનહર. ૪૬

રમતની રીતી રોક, શીખ માં તું શાસ્ત્ર કોક;
નાહક હસાવે લોક, ધુળ નાંખી ઠામમાં.
ઠોકા નહિં ઝાઝા ઠોક, નીચી તું નમાવ ડોક,
પડે રોવું પોકે પોક, પડયો પંથ વામમાં.

તજી દે સંસાર શોક, ઉપાધી માનીને ફોક;
ભજ તું ઉઘાડે ચોક, ભાવ ધરી રામમાં.
પ્રીતિ કર પ્રભુરામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ નામમાં.

મનહર. ૪૭

લાખેણા ન થા તું લુંડો, અધર્મનો લઇ ઝુંડો;
તજી માયાકુપ ઉંડો, આવી જા આરામમાં.
અંતર ઉછાળા તજી, શાંતીનાં સાધનો સજી;
રઘુવીર લેવા ભજી, આવ્ય ભકિત ધામમા.
અશાંત આઘેરી ઠેલી, મમતાને દુર મેલી,
સમતાની ડેલી માહે, પેમ તુ વિશ્રામમા.
પ્રીતિકર પ્રભુરામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ નામમા.

મનહર. ૪૮

લેવા જગે લાભ હીંડો, બની ભાદ્રપદી ભીંડો
ચાક પર પીંડો ખોટ, ઝાઝી એ હંગામમાં.
સોનું પહેરે કાન ત્રુટે, કજીયામાં કર્મ ફુટે;
કાળ જીદગાની લુટે જાવું ન સંગ્રામમાં.
વાળંદનાં વાંકાં ત્રણે, કોથળીમાંથી કરડે;
નીકળવું જંતરડે, પડો ન કુઠામમા.
પ્રીતી કરો પ્રભુ રામ; રામ રામ રામ રામ
સીતારામ સીતારામ, સીતારામ નામમા.

મનહર. ૪૯

તોર તોછડાઇ થકી નર્કમાં જવાની વકી;
નાહકના વાદ બકી, પડ માં કુધામમાં.

કમાન કમીલા કેરી, સ્નેહ બણુ ચડયું ઝેરી;
શીકારી સગાં લે ઘેરી, મર માં મુદામમાં,
ભક્તિ રસ સ્વાદ ચાખ, સ્નેહ જાળ ત્રોડી નાંખ.
રંગ રૂડો રાખ ભાઇ, આવી જા સુધામમાં;
પ્રિતિકર પ્રભુરામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતારામ નામમાં.

મનહર. ૫૦

રોગ માંહે ગળ્યું અંગ, બોલવાનો નથી ઢંગ,
મુખેથી ઉડયો છે રંગ, હાલત તો વામ છે,
કાળજે થડક ભારે, હાંફણુ ઉઠી અપારે.
કાયા તિવ્ર તાપ થકી, તપેલ તમામ છે,
નાહક જીવ્યાની આશ, રાખી કરે કોણ કાશ.
દેહ ટકવાના બધા, ખોટા જ દમામ છે.
હવે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, છેલ્લા સીતારામ છે.

મનહર. ૫૧

માથે થયા ધોળા કેશ, કાને ધાક ખાસી બેશ,
આંખોમા ન તેજ લેશ, બુદ્ધિનું ન નામ છે,
હાથો હરવારી ગયા, પગો પરવારી રહ્યા.
જરાએ કરેલ આખે, અંગે નિજ ધામ છે,
મુખમાંથી દાંત ખડયા, નાડી બંધ ઢીલા પડયા;
દુબળી બની છે દેહ, જીવ્યાની ન હામ છે.
હવે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, છેલ્લા સીતારામ છે.

મનહર. ૫૨

અંતકાળ આવ્યો જયારે, સગા આઘાં થયાં ત્યારે,
ઇંદ્રિયોના દેવો નાઠા, છુટયા જ હઠામ છે:
લોકો ચપરાશ કરે, અડશો માં એને અરે.
એમાં નથી જીવ, માત્ર હાડને જ ચામ છે,
આગ કાષ્ટ કાંટીયાંની, ઝટ તજવીજ કરો;
એના તો બેલી જ હવે, એક ઘન શ્યામ છે.
તેથી પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, છેલ્લા સીતારામ છે.

મનહર. ૫૩

ક્ષય રોગ લાગુ થતા, ફેફસાં થયા છે ખાલી,
ઠો ઠો ઠો ઠો થાય ભારે, જરી ન વિશ્રામ છે;
દુખાવો છાતીમા થાય. શૂળ થકી જીવ જાય.
બલગમ પડે બહુ, લેશ ન વિરામ છે,
ગંધ મુખમાંથી ઉડે, ઝારો ચાલ્યો જાય પૂઠે;
ક્ષય કેરે હાટે દેહ, થાય આ લીલામ છે.
હવે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, છેલ્લા સીતા રામ છે

મનહર. ૫૪

ઘરડ ઘરડ થાય, ગળે જાળું ઘરડાય,
આંખો પડી ખોટી, થઇ કાયા તો નિઝામ છે;
ઠરડાણી દાંડી નાક, ના ફોરણાં ઉડે ભારી.
બચવાની વાત નહી, દાહા વાણી આમ છે,
નાડો ત્રુટવાજ માંડી, આંખો ફરી ગઇ આડી;
હવે આશ રાખે એ તો મુરખનો જામ છે.

માટે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, છેલા સીતા રામ છે.

મનહર. ૫૫

ખેન રાજ રોગ ખાસો, સાક્ષાત્ મૃત્યુનો ફાંસો,
એમાથી બચ્યાની આશ, રાખે તે હજામ છે;
આકરી ઝપટ એની, સામે મગદુર કેની.
અશ્વનીકુમારનાં એ, ઓસડો ન કામ છે
તિલાંજલી તૃષ્ણાને તો, તુરત જ આપી દીધી;
ભયકર રોગે નકી, મોત તો મુદામ છે.
હવે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, છેલા સીતા રામ છે.

મનહર ૫૬.

કીધા જગે ઝાઝા ભોગ, વાધ્યા તેથી ઝાઝા રોગ;
દુઃખને દરદ કેરૂં, દેહમાં મુકામ છે.
કાવત કૈલાસ ગયું, નિરબળ અગ થયું,
પેટના દરદ થકી, ખાધા ઘણા ડામ છે.
પુંજી પગારી બેઠા, હાથ પડી ગયા હેઠા,
મન ચકડોળે ચડયુ, ચિત્ત નહીં ઠામ છે.
હવે પ્રભુરામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, છેલા સીતારામ છે.

મનહર ૫૭.

ઉધરસ ઉટાટીયું ઉલખ, વધી છે ઘણી;
મુંઝારાની વ્યાધિ ભારે, જરી ના આરામ છે.
ખાધેલ પચે ન પેટે, હાથ ધોણું થાય નેટે;
શરીર વિષે વસેલ, રોગનું જ ગામ છે.
વૈદ મદ્દતે ન આવે, સૈદનું ન જોર ફાવે;

આમાંથી બચાવ થાવા, મનમાં ન મામ છે.
હવે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, છેલ્લા સીતારામ છે.

મનહર ૫૮.

શ્વાસ સપાટેથી ચાલે, ગઇ લાલી હતી ગાલે;
તતબર થાઓ ઝટ, જમનો પેગામ છે.
હલાં હલાં થાય ભારી, કાળની આવી સવારી;
કાળના ઘોડાને મુખે, કશી ના લગામ છે.
બાણુ સુસવાટ થાય, ગેબી ગોળા છૂટે હાય,
જીવ જમરાજ વચ્ચે, મચેલ સંગ્રામ છે.
હવે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, છેલ્લા સીતારામ છે.

મનહર ૫૯.

પાઘડી ને અંગરખું, અંગે જે ઓપે સરખું;
શાને મન હરખ્યું છે, પહેરવાને પોલકાં.
હાથી ઘોડા રથ સારા, ચડવાને કાજે તારા;
મુકી રાખે કાં નઠારાં, ચડવાને ખોલકા
મહીર મેડી ને માળ, વસવાને જે વિશાળ,
રમ્ય ને રમાળ તજી, બાધ શાંને ઘોલકા.
પ્રભુ રામ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, વિના બીજુ બોલ કાં ?

મનહર ૬૦.

પાપ ઘડો પૂરો ભર્યો, પલીત બનીને ફર્યો;
પુન્યતણા ખાતા માંહે, રાખી ઝાઝી પોલ કાં?
ફંદમાં ફસાયો ફેર, કુહડી ફરીને ખુબ;
છુટયાસો ન આરો, તોય ફોતશાં તું ફોલ કાં?

અંધ બની આપદાના, આંધરણુમાં ઓરાઇ.
ફેંકી નાખે હીરો, હરિનામ અણુમોલ કાં ?
પ્રભુરામ રામ રામ, રામ રામ રામ રામ.
સીતારામ સીતારામ, વિના બીજું બોલ કાં ?

મનહર ૬૧.

કૃપાળી રકાબી ત્રાંસ, લેતો નથી રાખી આશ,
કરી ફરી કાશ ખરી, દેછે શીદ ચોલકાં.
તજી તરવાની હોડી, દાતારનું દ્વાર છોડી;
કંજુશની પાસ દોડી, બજાવે શું ઢોલકાં.
લેને વાત કરૂ ટુંકી, શેઠ શાહુકાર મુકી;
લેવા રોટી મુકીશઠ, ભસાવે કા ભોલકાં.
પ્રભુરામ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, વિના બીજું બોલ કા ?

મનહર ૬૨.

ઢોંગથી ધમાલ કરે, ઢાંઢા જેવો બની ફરે
તોય સત્યતાનો ખોટો, બજાવે તું ઢોલ કાં?
ઠામ ઠામ ઠોઠ ઠેકડીને, ઠઠ્ઠા બાજી કરી.
ઠેંસ ઠુંઠાં સાથ ખાતા, ઠળિયા તું ઠોલ કા?
કરૂણાળુ કૃપાળુ, કેશવ કીરતન કદી.
કરવું નો'તું તો મૂઢ, દીધો ગર્ભે કોલ કાં ?
હવે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, વિના બીજું બોલ કાં ?

મનહર ૬૩.

માનવનો દેહ મળ્યો, પૂણ્ય આંબો સારો ફળ્યો;
હીરો હાથમાંહે રળ્યો, રાખમાં તું રોળ માં.
પાછો નહીં આવે કદી, પૂરે ચાલ્યું જાય નદી;

નાહકના વાદ વદી, બેઠો શાક બોળ મા.
સંગ્રામ કરી લે સાચો, બેસ માં બનીને કાચો;
ઝાઝી લઇ લાંચો શઠ, ચાચડ તુ ચોળ માં.
પ્રભુરામ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, વિના કુળ બોળ માં.

મનહર. ૬૪

ઝેર ઝડપીને ખાવા, હાથથી હેરાન થાવા
દોડી મરી બાવા, જામ અમૃતનો ઢોળ માં
શેરી શાહુકાર તણી, હેતે જા તુ તેની ભણી;
લાભ ઝટ લેને લણી, જા માં વેષા પોળમાં,
બનીને શરાફ મન, રળ રામ નામ ધન,
રઘુવીર રતન તું, વાપરી લે છોળમા.
પ્રભુરામ રામ રામ, રામ રામ રામ;
સીતારામ સીતારામ, વિના કુળ બોળ માં

મનહર. ૬૫

આવ્યો છે આ કારી દાવ, કરી લેને કારી ઘાવ;
લઇ લેને સાચો લ્હાવ, જા માં રહી ભોળમા.
પાકું કરી લેને કામ, સંભારી લે સીતારામ;
માયા મમતામાં હામ, રાખી ટાટા ટોળમાં.
કહુંતે સાભળ કાન, ધરી લેને વાત ધ્યાન,
ગાળી દે ગુમાન મુઢ, રાચ માં તુ ઓળમાં.
પ્રભુરામ રામ રામ, રામ રામ રામ;
સીતારામ સીતારામ, વિના કુળ બોળ મા.

મનહર. ૬૬

ડાહ્યો થઈ જાને ભાઈ, રાખ તું સમજ કાંઇ;
નાહકનો થઇ નાઇ, ડા'પણ તું ડો'ળ માં.

ચીખા મફતનાં ખાઇ, દક્ષિણામાં દોડે ધાઈ;
સસ્તે લેવા કાં પાઇ, બારમાં ને સોળમાં.
લાલચનું મધ તજ, ઉછળે કાં ગજ ગજ;
કામ નહીં આવે રજ, રાખ્યો ભાવ ગોળમાં.
પ્રભુ રામ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, વિના કુળ બોળમાં.

મનહર. ૧૭

ખગપતી નાથ નામ, ખજાનો તજીને આમ;
મુરખનો જામ બની, ખાતરાં તું ખોળમાં.
મુકીને અમૃત જામ, હૈયે રાખી બુરી હામ;
અંધ તું કુઠામ માંહે, હળા હળ ઘોળમાં.
કાંટા ફેર કાઢી નાખ, તોલાં પૂરે પૂરાં રાખ;
સાચી કરી હેને શાખ, ઓછું કદી તોળ માં
પ્રભુ રામ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, વિના કુળ બોળ માં.

મનહર. ૧૮

સુત જાય વિત જાય, ઘરબાર ભલે જાય;
હેરાન હેરાન થાય, મન દુઃખ નહી લે.
ધંધામાંહે ધાડ પડે, ભલે શત્રુ આવી ભડે;
નામને પ્રતાપે પ્રીતે, સર્વ દુઃખ દહી લે.
આધિ વ્યાધિ ને ઉપાધિ, ટાળી તાર લેને સાંધી;
સ્વર્ગથી અધિક સુખ, શાંતિ સ્નેહે અહીં લે.
આઠે જામ પ્રભુરામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ કહી લે;

મનહર. ૧૯

સુખ દુઃખ શીતતાપ, પુન્ય પાપ પરિતાપ,
આધિઓ અમાપ શાપ, આવે આપે સહિ લે;

માન અપમાન કહી, ખેદાન મેદાન થાય,
વ્યાધિઓના ભાર ભાઈ, સુખથી જ વહી લે.
ચિત્ત ચંચળાઇ ચપળાઇ, ચટપટ તજી;
ચાહવાની વાત ચિત્તે, એક ખાસ ચહી લે.
આઠે જામ પ્રભુ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ,, સીતારામ કહી લે.

મનહર. ૭૦

નકામા કરીને કામા, નનામી માંહે બંધાવા,
નારી પાસે શાને મૂઢ, નાચે બની નટવો;
બોધા બદનામ બદલાવ બની બહાદુર.
બહુ નામી નામનો તું, ભરી લેને બટવો,
પાપીયા પીશાચ પ્રેમ, પંથમાં બતાવી પીઠ;
પ્રીતે પાપ ખાડે પડી શીદ બન પટવો.
આઠે જામ પ્રભુ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતારામ રટવો.

મનહર. ૭૧

મિથ્યા અભિમાન થકી, મૂર્ખ મટે શીદ મચો,
માયામાં મર્યાથી મૂઢ, મોહ નથી મટવો;
ધ્રમશાણુ કરી અંતે, મશાણે જવુંજ સાચું.
વૈરાગ વિના વિકાર, કેમે નથી ઘટવો,
ખામુખા ખરાબ ને, ખુવાર થઇ ખાંત થકી;
ખોટ ખાતાંમાંહે લાવી, જમને શુ ખટવો.
આઠે જામ પ્રભુરામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતારામ રટવો.

મનહર. ૭૨

માન મદ મોહ મિથ્યા, મનમાંથી મેલી મૂક,
માધવ મુરારી નામ, નેજ મન મહીં લે;
જુઠ જોર જુલમનાં, જોતરાં ગળેથી વાઢો,
જુઠી જાળ જગની, જબર જાડી જહી લે.
સ્નેહની સાંકળો સાંધી, સત સાથે બળે બાંધી;
સ્વામી સીતારામની તું, ખાતાં માહે સહી લે.
આઠે જામ પ્રભુ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતારામ કહી લે;

મનહર. ૭૩

વિવેક વિરાગ રાખી, ભકિત રસ સ્વાદ ચાખી,
વૈતરણી પુરને તું, વાતમા જ વટી લે;
પાખંડ પ્રચડ પાપ, પ્રીતથી પ્રજાળી પુરાં
પ્રીયતમ પ્રેમનીજ, પ્યારે પાન પટી લે,
લોભ લાલચેથી લાજ, લાંચ તું લે માં લબાડ;
લાવણ્યતા રાખી લક્ષ્મીવર પાસ લટી લે.
આઠે જામ પ્રભુ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતારામ રટી લે.

મનહર. ૭૪

કમાલ કર્યા ન કામ, કામનીમાં ભૂલ્યા રામ;
લેશ નથી કામની શું, સ્નેહ બાંધો એહથી.
નર્કમાંહે નાંખનાર, જાણો માયા રૂપ નાર;
જ્ઞાનને ડુબાડનાર, નેહ ત્રોડો તેહથી.
દેહ મન વાણી એક, કરી રાખી સારી ટેક;
આદરો ઉપાય એવા, મુકત થાઓ જેહથી.

---

૧. કાપી.

આઠે જામ પ્રભુરામ, રામ રામ રામ રામઃ
સીતારામ સીતારામ. બોલો સાચા સ્નેહથી.

મનહર ૭૫.

ગોબર ખાવાની ટેવ, ગેંગાની ગતિને તજી,
સારા સારા સાજ સજી, ગોવિંદાને ગ્રહી લે;
લોંડાઇ લુચ્ચાઇ, લફંગાઈ લંપટાઇ મુકી,
લખ લુટ લક્ષ્મિના, નિવાસને તું લહી લે.
અધમ ઉધારનાર, ગરીબ નિવાજનાર,
દુઃખ દોષ દળનાર, આશરે તું રહી લેઃ
આઠે જામ પ્રભુરામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતારામ કહી લે.

મનહર ૭૬.

મિથ્યા માંહે માહે લડી, કુસંપને ખાડે પડી,
વરઘોડે ચડી નહી, લોકને હસાવવા;
નિંદાખોર નજ થવું, એમાં નથી કે'વું નવું,
નિંદા માટે નહી જવું, જીભલી સજાવવા.
રખડવું નહીં રાને, વેર કરી હા ને નાને,
ધૂળપર લીપ શાને, છાજતો છજાવવા;
મંડો પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, નામને ગજાવવા.

મનહર ૭૭.

લક્ષ્મીના લોચામાં પડયા, રોજ જે રહે છે સડયા,
ઉંડે ખાડે પડયા તેને, લાજથી લજાવવા;
મૂખપર કહી વાક, પરવા ન કરી ટાંક,
બનો નહી રાંક, દોષ, તજીને તજાવવા.

છેલાઇના છોડી છાક, સાબુત રાખીને નાક,
મારો વીર હાક, હરી, નામને ભજાવવા;
મંડો પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, નામને ગજાવવા.

મનહર. ૭૮

અનાદિ જે વેદ ખાસો, હરીથી કાં દુર નાસો,
છુટો ગુણ ગાશો હેતે, હાણને હઠાવવા
નાડ સોંપી તેને હાથ, ચરણમાં મુકી માથ,
ભીડો ભારી બાથ, દુઃખ દોષને હટાવવા.
મનમા લઇને નામ, જીભે કરી કુડા કામ,
નીતિ રાખીને હરામ, રામ ન પટાવવા.
મડો પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, નામને ગજાવવા.

મનહર. ૭૯

ભક્ત દુઃખે દુઃખ માને, ભકત સુખે સુખ માને;
ભકત લાભે લાભ માને, દોડે છે બચાવવા.
ભકતનાં સંકટ કાપે, અભકતને બાળે તાપે;
ભક્તિ ભકતનેજ આપે, જ્ઞાનને પચાવવા.
સીતાપતી સુખકંદ, ભકતને બક્ષે આનંદ;
દે પરમાનંદ, બ્રહ્માનંદમાં મચાવવા.
મંડો પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ રામ રામ, નામને ગજાવવા.

મનહર. ૮૦

વાણી ક્રિયા મન એક, ભજનની દૃઢ ટેક,
જ્ઞાનને વિજ્ઞાન નેક, પ્રેમથી પચાવજો.
સ્વધર્મમાં સ્નેહ ધારી, કર્મમાં પ્રિતી વધારી;

વૃત્તિને સુધારી મન; આનંદે નચાવજો,
પરાર્થની રાખી પ્યાસ, વિષયની છોડી આશ;
બાપતણું નામ ખાસ, બુડતું બચાવજો.
હેતે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, ધુન તો મચાવજો.

મનહર. ૮૧

ખોટા ખોટા ખ્યાલે મરી, મમતમાં મોહ ધરી,
જ્ઞાનને આગળ કરી, હરિ ન બગાવજો;
તૃષ્ણાને તરંગે ચડી, નર્ક ખાંણુ માંહે પડી.
આંધળી કાઠીને હડી, હીરો ન ફગાવજો,
અંતરેથી કાડી વ્હેમ, રાંક પરે રાખી રે'મ;
સુતેલો છે પ્રેમ તેને, સ્નેહથી જગાવજો.
હેતે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, ધૂન તો લગાવજો

મનહર. ૮૨

જર જાચવાનું મુકી, વિષયની વાસ ફુંકી,
રામ પદે ઝુકી નામ, જાચોને જચાવજો;
નોવેલ નકામાં છોડી, નીંદા તણી જાળ ત્રોડી.
રામાયણે પ્રીતી જોડી, વાચો ને વંચાવજો,
નાટકો રચ્યાની પ્રીત, તજી રાખી રૂડી રીત;
હરિહરનાં જ ગીત, રચોને રચાવજો,
હેતે પ્રભુ રા રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, ધૂન તો મચાવજો,

મનહર. ૮૩

બુદ્ધિ જેની નાઠી, તેની જાણુ દશા બેઠી માઠી,
બેલ ખેલ, બધો તે બગાડશે;

અકલ વિનાનો નર, ચકડામાં હાથ ઘાલી.
સાપ જે સુતેલો તેને, સ્નેહથી જગાડશે.
અકલનો ઓથમીર, જાય બનવા અમીર;
ઉલટો બની ફકીર, વેશને વંઠાડશે.
ખાટે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, ધૂન જે લગાડશે.

મનહર ૮૪.

વિવેક વિનાની વાત, ચંદ્ર વિના જેવી રાત;
વાતમાં થશેજ ઘાત, ચડાવી પછાડશે.
વાતનું વિવેક નાક, નાક વિના શાના છાક;
જેને નથી નાક તેને, નથતો લજાડશે.
શૃંગાર વિવેક સાચો, સોળે તે વિનાનો કાચો;
જેવી વસ્ત્ર વિના નારી; લોકને હસાડસે.
ખાટે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, ધૂન જે લગાડશે.

મનહર ૮૫.

હરામી હશજ થાય, જગજાળમાં ગુંથાય;
ચાળા ચિત્તમાં ચુંથાય, અંતે બાજી હારશે.
ધંધે ધકમાર કરે, ધર્મ ન ધીરેથી ધરે;
ઘોરીરૂપ ફરે, શાંતિ, લેવા કયાંથી ધારશે.
વગર વિચારી વાત, કરી ખાય ખાસી લાત;
મોહ રાત માંહે મરે, તેને કોણ વારશે,
જીતે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સ્નેહથી સંભારશે.

મનહર ૮૬.

પાપની લઇને પોઠ, ચાલે સામી વાગે ઠોઠ;
વીણી ખાય કોઠ, પરધામ શું પધારશે.
પોટલો પાપનો મોટો, પુન્યતણો આઝો ટોટો;
પીઠે જમ સોટો, પડે, કોઇ ન ઉધારશે.
શીરભાર ભારે લાગે, કાળના સપાટા વાગે;
જીવ નહીં જાગે સ્નેહ, શા થકી વધારશે.
જીતે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ; સ્નેહથી સંભારશે

મનહર ૮૭.

ધર્મમાં ન જેનું મન, પશુ જેવા જાણો જન;
ફરે વિશ્વવન, જમ, જોરે ઝાલી મારશે.
મૈથુન ખોરાક નીક, નિદ્રા પશુ જેવી ઠીક;
ધર્મ વિના નર પશુ, આગ કેમ ઠારશે.
ઘાસ નવ ખાય, શીંગ, પૂંછ ન દેખાય પણ;
ધર્મ હીણા નર, પશુની, ગરજ સારશે.
ખાટે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સ્નેહથી સંભારશે.

મનહર ૮૮.

ક્રોધ છે ચંડાળ રૂપ, ક્રોધ એજ અંધો કુપ;
ક્રોધથી મુવા છે, તેને, કોઇ ન ઉગારશે.
ક્રોધ વડવાનળને, પ્રકટાવે વાનર તે;
દાઝી મરે, તેજ ભાર્યો, અગ્નિ જે ઉભારશે.
ક્રોધ દુરગંધી સાચી, શીદ રહે તેમાં રાચી;
ક્રોધ સાગરે ડુબેલાને કોઇ ન તારશે,

તરે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સ્નેહથી સંભારશે.

મનહર. ૮૯

વિષયી વિષય ચાખે, કામી કુડિ કુતિ દાખે;
બાવળિયે ચિત્ત રાખે, જાતનો સુતાર જે.
આંધળો છે આંખ છતાં, અજ્ઞાની તે જ્ઞાન છતાં;
દુઃખી સુખી છતાં ગાળે, એળે અવતાર જે.
કુસંગમાં મેલી કાપ, ભક્તની છપાવ છાપ;
ભજનથી તરી આપ, બીજાને તું તારજે.
પ્રભુરામ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સ્નેહથી સંભારજે.

મનહર. ૯૦

વલખાં મારર્યાની ટેવ, રીઝે નહિં તેથી દેવ,
છોડી દે તું તતખેવ, અંતર વિકાર જે;
બન માં તું ઓઘા ડાંડ, ભજનની પેઢી માંડ.
બાવે જ્ઞાન કાંડ કેરી, હુંડીઓ સ્વીકાર જે,
વેદ શાસ્ત્ર રૂપ વન, ખાણુ માંહે રામ ધન;
ખોળ કરીને જતન, ભર્યું છે ચિક્કાર જે.
પ્રભુ રામ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સ્નેહથી સંભાર જે.

મનહર. ૯૧

નાણું હોય જાય હરિ, ભજવા ન દેય હરિ,
દોડે બાપા ખાઉં કરી, તેને જોડા મારજે;
ભુલીને ત્રીલોક નાથ, બાળકોને ભીડી બાથ.

પડી રહે તેની સાથ સાચા જ ગમાર જે,
દીકરા દીવાળીયાની, પથરના પાળીયાની;
આશ કરે લાળિયાની, અધમ ચમાર જે.
પ્રભુ રામ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સ્નેહથી સંભાર જે.

મનહર. ૯૨

નારી તો નખોદ વાળે, સંપ અને સ્નેહ ટાળે,
પ્રીતી પરજાળે તેનો. પ્રેમ ન વધારજે;
નખરાં ને કરી નાજ, કામીની બગાડે કાજ.
જરી નહીં લાજ માયા, રૂપ નકી ધારજે,
નારીના સંગીનો સંગ, પાપથી પલાળે અંગ.
ટાળે બધા ઢંગ તેની, સંગે ન પધારજે.
પ્રભુ રામ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સ્નેહથી સંભાર જે,

મનહર. ૯૩

અંતરમાં આશા વન, ઉગ્યું વધ્યું ઘાટું ઘન,
સહી દુઃખ મન તેનાં, મૂળ તો વિદાર જે;
મૂળ પાયમાલ થાય, ઝાડ તે સુકાઈ જાય.
ક્યાંથી ફળ ખાય, તેની વાત તું વિચાર જે,
ખાટલામાં પડી રહે, વાત રોગ તણી કહે;
શાંતિ નહિં લહે હોય, હમેશ બીમાર જે.
પ્રભુ રામ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સ્નેહથી સંભાર જે.

મનહર. ૯૪

આભુષણુ ભાત ભાત, જુજવી જુજવી જાત,
જાણી લેજે વાત અંતે, માટીનો અંગાર છે;
શણુગાર્યું અંગ સારૂં, તારે મન લાગે પ્યારૂં.
માને જો તું મારૂં સર્વે, બાવળ અંગાર છે,
સ્વાદ બન્યો સારો ભલે, ખાતાં કાત ભારી છલે;
આખર શી થાય વલ્લે, લશણુ ધુંગાર છે.
પ્રભુ રામ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, જીભનો શૃંગાર છે.

મનહર ૯૫.

કડાં કુડંળો ને વેઢ, પે'રીને ફરે છે ઢેઢ,
નકામી ન રાખ મેઢ, સાર ન અસાર છે;
સારી હેમ માળા ધારી, મનમાં રહી વીકારી,
હરિ નામ ને વીસારી, ફરવું નકાર છે.
કાયા પડી જાશે કાલે, ટકે ન ઘરેણું ઘાલે,
વ્હોરાનું શું નાડું ઝાલે, છુટતાં ન વાર છે;
પ્રભુ રામ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, જીભનો શૃંગાર છે.

મનહર ૯૬.

કુડાં કર્મના વિપાક, થકી થાવું ના હલાક,
વિતી જાય છે કલાક, સાજ સારા સજી લે;
ચતુર બની ચાલાક, તૃષ્ણાને દઈ તલાક,
મૂઢ મૂકીને ડીમાક, આગમ તું હજી લે.
આરાધ દેવાધિ દેવ, સાચે ભાવે કરી સેવ,
પાળી રૂડી ટેવ છેરી, વાટ જીવ તજી લે;

પ્રભુરામ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતારામ ભજી લે.

મનહર ૯૭.

સારો ઘોડો લેવા બઠ, નકામી ખાધી તેં લઠ,
ભવમાંહે પડી ભઠ, શાનો છે નૃપજ તું;
હોય કદી સાતા ચઠ, ભેળાં કરે જાર મઠ,
પાંચમ ન થાય છઠ, ખરમાં ન ખપ તું.
કોનાં છે આ ધન મઠ, શાને બાંધી બેઠો હઠ,
છુટી નથી તારી હઠ, ખોટી મારે ગપ તું;
પ્રભુરામ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતારામ જપ તું.

મનહર ૯૮.

કામ ક્રોધ કલેશ કાઢો, કુસંપ કુછંદ વાઢો,
ગજબ થશેજ ગાઢો, ખોટી મારી ગપ જો;
રાગદ્વેષમાં દબાશો, હર્ષ શોકમાં રીબાશો,
કાળની દાઢે ચવાશો, કીધી ઝાઝી લપ જો.
ન લેવો મોટપ પા'ણો, દીન બની મોજ માણો,
રખડી સુવાજ જાણો, બની બેઠા નૃપ જો;
હેતે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, સીતારામ જપજો.

મનહર ૯૯.

વિવેક વિચાર રાખી, દુઃખ સુખ સર્વ સાંખી,
જગત જાળ ફેંકી નાખી, સાધુમાંહે ખપ જો;
કાયર થવું ન કદી, પોતાના ન થવું મદી,

પ્રેમમય વાણી વદી, આઝાં તપ તપજો.
અધિર ન બનો ભાઇ, મૃત્યુની છે મોટી ખાઇ,
એક હરિ નામને, ઝડપથી ઝડપજો;
હવે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ; સીતારામ જપજો.

મનહર ૧૦૦

જોધ્ધા શૂરવીર હતા, જગમાં વિખ્યાત છતા,
શત્રુઓની સામે થતાં, ફટાકડી તાકી ના;
ખજાના ભર્યાંતા લૂટી, હાથથી ગયા વછૂટી,
કાળે માર્યા કુટી કુટી, બદામડી પાકી ના.
સર્જન ગયાજ સરી, ડાકટર મુવા ડરી,
ઉપાય ન ચાલ્યા જરી, વૈદડાની ફાકી ના;
હવે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, રામ છેલી બાકીના.

મનહર. ૧૦૧

મુરખ શું માન મા'રૂં, કોઈ નથી આંહી તા'રૂ;
વારે વારે વારૂં ઝોડ, આઝો જા તું છાકી ના.
આથડયો હરાયા પેરે. ઠરી નહીં બેઠો ઘેરે;
વહાલાં વરતે છે વેરે, તોય વૃત્તિ થાકી ના ?
લેને જગને તું જોઇ, નાહક શું બેઠો ઠોઇ;
ભેળું નહિ આંવે કોઇ, મામા માસી કાકીના.
કર પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતા રામ સીતારામ, રામ છેલી બાકીના.

મનહર. ૧૦૨

ખુટલ ખામી ઓ તારી, ખોડ ખધા જે નઠારી
મારી લપડાક મુખે, જમ જોરે બોલશે;
ડામીચ ! ડાંડાઇ ડુકરાઈ, ડોળ ડભ રાખી.
જમદ્વારે જાતા જડ, જીવ હજી ડોલશે,
છાકટા છેતરપીંડી, છેલાઇ છુપી ન રહે.
છળે છપનના પાટા, પડયા વાતો છોલ શે ?
સુખ પામે પ્રભુ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતા રામ બોલશે.

મનહર. ૧૦૩

કહું તે ધરી લે કાને, હરીને મારગે ધાને;
હેત રાખી બેઠો શાને, હીરા મોતી હેમથી.
હીરા કાચરૂપ થાસે, પાણીને મુલ્યે વેચાશે,
ગ્રાહક નહીં ઠેરાશે, મુઢ મરતે મથી.
મોતી કેરૂ પાણી જાશે, હેમ બાદલુ ગણાશે,
કાળ તો ક્રોધે ભરાશે, જ્યારે આમ તેમથી,
રટ પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ પ્રેમથી.

મનહર. ૧૦૪

મોહમાં ફસાવનાર, ક્રોધને ઠસાવનાર,
જગતને હસાવનાર, કામને જ તજવો.
ભક્તિથી ખસાવનાર, નર્કમાં વસાવનાર,
ધ્યાનને ભસાવનાર, કામને જ પજવો.
કામને નસાવનાર, જ્ઞાનમાં ફસાવનાર,
ધર્મમાં ધસાવનાર, રૂડો સાજ સજવો.

પ્રભુ રામ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ ભજવો.

મનહર. ૧૦૫

હમેશ રાખીને ટેક, તજી દઇ ઠેકાઠેક;
રામ નામ નેક, જીભપર તો નચાવવું.
છંદો છોડી દઈ છેક, ધરીને ખરો વિવેક;
રામનુ ચરિત્ર એક, સ્નેહથી વંચાવવું.
અંતરમાં રાખી ધ્યાન; મૂકી દઇ અભિમાન;
રામ જે શ્રીમાન તેનુ, કાવ્ય તો રચાવવું;
ઝટ પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ,
સીતારામ સીતારામ, નામને ગજાવવું,

મનહર. ૧૦૬

મજાના ખજાના જશે, રખડતું રાજ થશે;
કાળ સર્પ ડશે ત્યારે, બરાડશો દુઃખથી.
છેટા છડીદાર ખસે, કોઈ ન કમર કસે;
મહેલમા શ્વાન ભસે, આળોટશે સુખથી.
જમવાની સારી સોઈ, કામ નહિ આવે કોઈ;
આખર જાવુંજ ખોઇ, મરવું જ ભૂખથી.
તેથી પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, રટી લેને મૂખથી,

મનહર. ૧૦૭

ચુકો માં આવી છે તક, કરો નહી બક બક;
દાન દીનોને દયાથી, દેજો ઝટ દેહથી.
માથે મુદગળ વાગે, મુખપર લાત લાગે;

મોહમાં મરો કાં મુઢ, માયા કેરા મોહથી.
ઝપટ મારીને કાળ, ઝડપશે જોરે જ્યારે;
બળવાન નામ બાનું; બચાવશે ચેહથી.
માટે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, કહો સાચા સ્નેહથી.

મનહર ૧૦૮.

રહેવું જ નથી નક્કી, નાહક ન થાવું જક્કી;
મોતની ખરી છે વક્કી, છીંક ઠેંસ તાવથી.
જોરાવર જમ ભારે, હથિયાર વાળા હારે;
બોધા બચવાનું તારે, છે ન તેના દાવથી.
રઘુવીર જો વરાય, જમથી તો ન ડરાય;
ભવનિધિને તરાય, રામ નામ નાવથી.
માટે પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, કહો ભલા ભાવથી.

મનહર ૧૦૯.

સીતારામ સીતારામ, સીતારામ સીતારામ;
સીતારામ સીતારામ, આનંદના ધામજી.
સીતારામ સીતારામ, સીતારામ સીતારામ;
સીતારામ સીતારામ, સુખના આરામજી.
સીતારામ સીતારામ, સીતારામ સીતારામ;
સીતારામ સીતારામ, સ્વામી ઘનશ્યામજી.
રટો પ્રભુ રામ રામ, રામ રામ રામ રામ;
સીતારામ સીતારામ, સીતારામ રામજી.

રામ બત્રીશી.

: ૧ લું રાગ અંતર જામીનું નગી અંજાણ્યું એ, લય.

૨ જુઓ છો અસાર માંહે, છે બુદ્ધિ કે ભોળીરે; ટેક.
ફાં શાને ફુકો વ્હાલા ! હોંશે હોંશે ચોળીરે, સાર.
: જાળમાં અંમથાં શાને, આયુષ નાખો રોળીરે; સાર.
જ્ઞાની અથડાયે એમાં, જ્ઞાની લે સુખ ખોળી રે. સાર.
- મણિરામ સુધા સ્નેહથી, વિષના પ્યાલા ઢાળીરે; સાર.

પદ ૨ જું રાગ સદર.

પામર નરની સોબત ખોટી, મુકીદે મન મારારે; ટેક.
પામર સગે રહે ન ઢ ગે, રંગે ચડમા ન્યારારે; પા
સગે સારે ઠરે ન કયારે, પામર ભુજંગ ભારારે, પા.
ઝગડે લડે નકામી વાતે, પાપ તણા એ કયારારે; પા.
પામરતા તજી રામ ભજીલે, સજી મણીસાધન સારાંરે; પા.

પદ ૩ જું રાગ સદર.

મર્દબનો દિલ દર્દ મટાડો, ગર્દ મળોમાં બાપુરે; ટેક.
મર્દ બનો તો બાપલીયાં હું, ચર્ણ આપના ચાંપુરે. મ૦
એમ વદે છે હરિવર હેતે, સંકટ સર્વે કાપુંરે મ.
શુરવીર સુધીર બનો તો, પતે ભવાબ્ધિ દાપુંરે; મ૦
બહાદુર મણિરામ જંગમાં, ખાય નહિ ભુલ થાપુ રે મ૦

પદ ૪ મું. રાગ સદર.

સદગુરૂ પદમાં સ્નેહ કરીલે, પરમ કૃપાળુ સાચોરે; ટેક.
પુર્ણ પ્રેમ નું એ સ્થાનકછે,લેશ પ્રતાપ ન કાચોરે, સ૦
ઉપકારક પુરૂં પદ ગુરૂનું, પ્રીતે પડી જાચોરે; સ૦
નિર્મળતા નિધિએજ અગાધે, સુખમાઝીલો રાચોરે; સ૦
રામમણિ મય સદગુરૂ સ્વામી જયાં જમખાય તમાચોરે સ.

પદ ૫ મું રાગ સદર.

તજી ઘેલાઇ થાને ડાહ્યો, નાગ હાથમાં સ્હામાંરે; ટેક
રંગ રાગમાં રગદોળાવા, ધપે ધાપે ધામાંરે, તજી.
જ્ઞાનામૃત મુકીને મુર્ખા, માયા વિષ્ટા ખામાંરે; તજી.

રાગ તજી વેરાગી થા, થા, વિષય વ્યાલને મ્હામાંરે;તજી
રામમણિ કર પ્યારો પ્યારા. કંકર લેવા જામાંરે; તજી.

પદ ૬ ઠું. રાગ સહર.

ભુંડા ! ભયકર ભવઘટીમાં, ભુલવડે ભરડામાંરે; ટેક.
મોહ મમત્વે મૂઢ મરાતાં, માની મોહ મરડામાંરે ભુ.
ટણુક ટકાનો તેર થતાં એ, ટોળ હજી ટરડામાંરે; ભું.
ઝંપાપાત કરી જગ ઝાડી, ઝાંખરમાં ઝરડામાંરે; ભું.
રામમણિ મય કવચધરીને, ધા વશમા બરડામાંરે; ભુ૦

પદ ૭ મું રાગ સહર.

આ જગમાં નથી કોઇ કોઇનું, દીઠું નજરે આજેરે, ટેક.
શુણયા સ્વાર્થિ પોકારો પડતા, જેથી ધરણી ગાજેરે; આ.
હૈયાપીટ દીઠી ફોકટની, નિજ નિજ હિતને કાજેરે; આ.
જોતાં રૂદન કરંતાં વ્હાલાં સ્વાર્થી એક અવાજેરે, આ,
રામમણિ વિણુ કોનજીવનું આ માયા મયરાજેરે; આ.

પદ ૮ મું રાગ સહર.

ગંડુ છોડી દે ગાંડાઇ, સમજ ધરી થા શાણોરે; ટેક.
ધુમ બાચકા ભરતાં બાંડા, ખુટયાં પાણી દાણોરે, ગં.
લોભે બહુ લેવાતાં લોંડા, ત્રુટે તાણો વાણોરે; ગં.
શીર છાતી કાં કુટ નકામી, પકડી પ્રપચ પ્હાણોરે ગં૦
ગુલામ થા મણિરામ પદાબ્જે શું થઇ બેઠો રાણોરે; ગ;

પદ ૯ મું રાગ સહર.

મોહ ધરે માયા પર એતો, ખાસ ટણુકની ટોળીરે; ટેક,
બગલો બેઠો નદી કીનારે, નાહક નીર દે ડો'ળીરે મોહ.
ઉભરાતા અંતરથી હેતે, પી ભક્તિ રસ ઘોળીરે; મોહ.
અદ્‌ભુત ખેલ બન્યો લે જાણી, વૃત્તિ કરમાં મોળીરે; મોહ
ભજ મણિરામ સ્વભાવે શાણા, એજ જ્ઞાનની ગોળીરે;મોહ

પદ ૧૦ મું રાગ સહર.

અપરાધો અગણિત મેં કીધા, માધવ માફ કરોનેરે; ટેક.
દોષિત પણ છું દાસ તમારો હરિવર હાથ ધરોનેરે; અ૦

ભુંડો પણ ભગવાન આપનો, પ્રભુ મનભાવ ભરોનેરે. આ૦
ગાંડો ઘેલો પણ પોતાનો, મમ દિલ ઠામ ઠરોનેરે, આ૦
પાપ શાપને ત્રય વિધિ તાપો હો! મણિરામ હરોનેરે, આ૦

પદ ૧૧ મું રાગ સદર.

આજીજી અરજી અવિનાશિ, શુભી કૃપા વરસાવોરે, ટેક.
મોહન ઘન આ ચાતક ચિતને, કેમ હજી તરસાવોરે; આ.
સ્વાંતિ બુંદ દઇ મન મચ્છને, હા ! હરિવર હર્ષાવોરે; આ.
કિંકર પદ પંકજ રજ ઇચ્છે, સર્વેશ્વર સ્પર્શાવોરે; આ.
રામચંદ્ર મણિ ચકોર ચાહે, દિદાર ઝટ દર્શાવોરે; આ.

પદ ૧૨ મું રાગ સદર.

સાધન કર મન ધીરે ધીરે, કાંતું કુહકા મારેરે, ટેક.
થોડે કોળીયે જમાય ઝાઝું, કહેવત કેમ વિસારે; સા૦
આખો લાડુ ગળતાં ગોઆ, વશમું પડશે ભારેરે સા૦
ભાંગ ટાંટીઓ કાં ઉછળીને, ક્રમ સર ચડ પ્રિય ! પ્યારેરે; સા.
રામ મણિ અજવાળે ભજતું, તો બાપુ ! નહિ હારેરે. સા

પદ ૧૩ મું રાગ સદર.

સંભારી લે સાચા સ્નેહે, સ્વરૂપ નિજનું સાચુંરે. ટેક.
ક્ષણ પણ જાગૃત ખોન અવસ્થા, એ વિણ બીજું કાચુંરે; સં.
આત્મ ભાવની સ્મૃતિ ગ્રહી લે, નાવે ઉની આંચુંરે, સં.
અપરપાર પરાક્રમ પ્રકટે, તુટે જમની ટાંચુરે; સં.
સ્વાત્મારામ મણિમય સ્થિતી, ભાંગે જમનું ડાચુંરે; સં.

પદ ૧૪ મું રાગ સદર.

હરિવર સાથે હેત કરી લે, ટાણે કામે લાગેરે. ટેક.
કાકા મામા કુટુંબ કબીલો, જમથી ભડકી ભાગેરે; હ.
અંતે કામનકો આવે જ્યાં, જમનો ડંકો વાગેરે, હ,
સગાં જગતનાં સહુ બંધાણાં, નિજ સ્વારથને ધાગેરે. હ.
સ્વાર્થ રહીત મણિરામ સગો છે, રહે સાથ અનુરાગેરે; હ,

પદ ૧૫ મું રાગ સદર.

જીવડા ! જોને જાગી વ્હાલા ! જગમાં થાતી હાંસીરે. ટેક.

તો પણ કંઠે કાં બાંધે તું, ફોકટ ફંદી ફાંસી રે; જી.
ચેતી લે દિલમાં જાણ્યું છે, મૂળ રોગનું ખાંસીરે, જી.
સ્વાર્થ પરાયણુતાનું ભરમાં, ઉરમાં ઠાંશી ઠાંસીરે, જી
રામ મણિ ભજ જંજાળો પર, જોમાં નજરે ત્રાંસીરે; જી.

પદ ૧૬ મું રાગ સદર.

માર પડે કાં મરેલ માથે, આશી રીત તમારી રે; ટેક.
જરા વિચાર કરો તો વ્હાલાં, હું છુ મદ ગમારીરે; મા.
ચળેલને ચકડોળી વૃત્તિ, મારી છેજ ચમારીરે. મા.
મન ઘોડો તત્ર પ્રેમ રસાળ્યે આપો આપ ધમારીરે. મા.
જો અંધારૂ મુજમા છે તો, દિન મણીરામ તમારીરે; મા.

પદ ૧૭ મું રાગ સદર.

દાતારી તારી દેખીને, સવાલ નાંખ્યો મે તોરે; ટેક.
શું દાતારી બધ કરી કે, નકાર કીધો તેં તોરે; દા.
ધ્વજા ચડાવી તે ઉતરે ના, જો તું વિચારી તેનોરે; દા.
જાચક વાણી સફળા કરવા, દાન કાંન હરિ દેતોરે; દા.
રામ મણી વ્હાનું દીનબંધુ, મારેતો બસ એતોરે; દા.

પદ ૧૮ મું રાગ સદર.

હા ! મણિ સટકી જાય કરેથી, કરૂણા કરી અપાવોરે; ટેક
કર્મ કઠણુ નડતાં હોય મારાં, તો તે તુર્ત કપાવોરે. હા.
પામરણુ પણુ પ્રિયતમ સંગે, ઉતમ છાપ છપાવોરે. હા.
દોષ દેખીને દીન દયાળુ તાપે કેમ તપાવોરે; હા
નામ મણિ હેતેથી વ્હાલા, પલપલ રામ જપાવોરે; હા.

પદ ૧૯ મું રાગ સદર.

પંપાળી પદમાં ખેચીને, હડસેલો કાં વ્હાલારે, ટેક.
લાજ જશે અપજશીયા થાશો, ઠાકર મારા ઠાલારે, પં
બિરદ બાંધો રણુજંગે પુગી, ઘટે ન થાવું નમાલારે; પં
વેણુ કુવેણુ વડે કાં વિધો મારી વસમાં ભાલારે; પં.
રામ મણિ જબરા છો તો પણુ, કરશું કાલાવાલારે; પ.

પદ ૨૦ મું રાગ સદર.

સોંપ્યું તારે હાથે હાકમ ! મારા કરનુ કાંડુરે; ટેક
તરછોડો તોછો હાકમ છો, છતાય ગાળો ભાડુ રે, સોં.
તિરસ્કાર ધક્કા ખાવાથી, થાતું મન મુજ ગાંડુ રે; સોં.
એથી સારૂ ઝુકેલ કાપો, ગરદન પકડી ખાંડુ રે, સો.
હીરો અંતરમા પકડયો તે, રામ મણી નહિ છાંડુરે; સોં.

પદ ૨૧ મુ રાગ સદર.

ઝુકાવી ગરદન તુજ ખોળે, તું પાળે કે રોળે રે; ટેક.
આપ્યુ સુકાન તારે હાથે, તુ તારે કે બોળે રે; ઝુ.
કાપે ખોળે પિયુષ પાયે, કે તુ વિખડાં ઘોળે રે; ઝુ.
ચહુશ્રંગે આશ્રય આપે કે, છો ધુળમાં રગદોળે રે; ઝુ.
તો પણ રામ મણિપદ ત્રાણે, ચોટયું મમ ચિત ભોળેરે; ઝુ.

પદ ૨૨ મું રાગ સદર.

વિશ્વેશ્વર છે તારે હાથે, તરણુ મરણુ હા ? મારૂંરે, ટેક.
તું તારે તો તરાય ત્રિકમ, નહિ તો બુડયા બારૂં રે; વિ.
જોર ન મારૂં જરાએ ચાલે, વિચાર કરતાં હારૂં રે; વિ.
લાચારીજ વિચારી મારી, મદદ કર્યામાં સારૂ રે, વિ.
મણિમય પદ પકડયું મેં પ્યારા, રામ તજું નહિં તારૂંરે; વિ.

પદ ૨૩ મુ રાગ સદર.

મગળ સુત્ર અડો ! તું મારૂં ખરૂ પ્રાણથી પ્યારૂ રે. ટેક.
સુત્ર ન પણ તે સુત્રાત્મા છે, તોડે જોર ન તારૂં રે; મં.
છો બળીઓ પણ ગજુ ન દેખુ, ટાળે મગળ મારૂ રે; મં.
મંગળ મત્ર સુમગળ સુત્રે, વધેલ બળ મમ ધારૂ રે, મં.
રામ મણિ તવ અભિન્ન તત્વે, વળગી જોર વધારૂ રે; મ,

પદ ૨૪ મુ રાગ સદર.

મધુર મધુર વાગો મમ વીણા, સુસ્વર તાર મીલાવીરે. ટેક.
વી નાદ શુણાવો દેવી, હિરપકજ ખીલાવી રે. મધુ.
ડકનાદ તારો હે ! બંસી ! મમ દિલ દેય હિલાવીરે, મધુ.

સારંગી પ્રિય ! મારી સ્ત્રરગી, દે મમ હોષ પિલાવીરે; મધુ.
મધુરી મુરલી મણિમય દે, દે રામ રસાબ્ધે ઝીલાવીરે; મધુ.

પદ ૨૫.મુ રાગ સદર.

જીવન મારા જુવો વિચારી, જઇ શકશો નહી જોરેરે; ટેક.
માટે ભાગું ભાગુ એવી, વાણી મુકો કોરેરે; જી.
નખ શીખ રગ રગ ભરિયા ભુધર, નાહક બોલો તોરેરે; જી.
હૃદયેશ્વર ઘરમાં બાંધ્યા મે, પ્રેમળ કાચે દોરેરે, જી.
રામ મણીમય વચન તમારાં, પણ મમ કાળજ કોરેરે; જી.

પદ ૨૬ મું રાગ સદર.

શાણા સાધક ચાલ સ્વદેશે, વિદેશ મુકી દેનેરે, ટેક.
વિપરીત રીતી ત્રિદેશીઓની, સમજણ સાચીલેનેરે. શા.
સ્વદેશી સગે સગપણ સાધી ધરી લે દીલે એને રે; શા
પોતે પોતાનાં પરખીને હેતે મળવુ તેને રે; શા.
હૃદયે રામમણિ વ્હાલાથી વ્હાલો લાગે જેનેરે, શા.

પદ ૨૭ મું.રાગ સદર.

વ્હાલીડાંને દેશ જજે તું, પ્રાણ ! પંખી હા ! મારારે ટેક.
ભમતાં ભમતા પૂજ્ય ગૃહે હા ! જઇ શુણ ભજનો પ્યારાંરે વ્હા.
એ ધ્વનિ તુ મા ભરી અહિ આવી ભર મમ ઉર આગારારેવ્હા.
તો જીવન ટકશે મમ ટાણે પામીશ દર્શન તારાંરે, વ્હા.
રામ મણિ પાંખે લઈ આવી દુ:ખડાં કરને ન્યારાંરે; હા.

પદ. ૨૮ મું રાગ સદર.

પંખીડાં પંથીડા પ્યારા, પ્રિયતમ દેશે જાજોરે; ટેક.
જઇને પ્રિય પદ સ્પર્શ કર્યામા, મારા સમજો લાજોરે પં.
મધુર મધુર વાણીથી મીઠાં, આવી ગુણ ગણ ગાજોરે; પ.
હું હત ભાગી શકું ન પુગી, તમે સુભાગી થાજોરે. પં.
પ્રેમામૃત મણિરામ સરેથી, લાવી મુજને પાજોરે; પં.

પદ ૨૯ મું રાગ સદર.

વ્યાપકતા તારી શુભકારી, સર્વ જગે મેં ભાળીરે; ટેક.
પૃથ્વી પર ઉપર ને નીચે પ્રસર્યો તું બળશાળીરે; વ્યા.

અંતર બાહિર તું તું દેખુ, મતિ મમ થાય રસાળીરે ભ્યા.
કિરણો કેશવ ! ઝળકે તારાં, દિવ્ય પ્રભા યશ શાળીરે ભ્યા.
રામ મણી મય વિશ્વ નિહાળું, પદમા વૃત્તિ ઢાળીરે; ભ્યા.

પદ ૩૦ મું. રાગ સદર.

ચંદ્રામૃત ઝરતું ઝીલવાને, ચકોર ચિત્ત જાદોડીરે, ટેક.
પીતા મસ્ત થઈને રખે તું, મમ સગપણ દે ત્રોડીરે, ચં.
ના, ના, કઠોર તું એવું ના, પણ મમ ગતિ કફોડીરે, ચં.
સુધા શ્રહી મમ કાજે લાવી, પા, પા, પ્રિતિ જોડીરે; ચં.
સુલભ કરી સુધા વસુધામાં, રામમણિ ચિત્ત ચોડીરે, ચં.

પદ ૩૧ મું રાગ સદર.

વિઠ્ઠલ, વિઠ્ઠલ વિઠ્ઠલ, વિઠ્ઠલ, બધુ બેનો બોલોરે. ટેક.
વિષય કથા રસ ઠગીયા ઠાલા, ઠોઠ બની કાં ઠોલોરે; વિ.
વિઠ્ઠલ નામ ગજાવી ગગને, અંતર ખડકી ખોલોરે; વિ.
નિંદ્રામાં જાગૃત હરિ ભજતાં ખાવો શાને ઝોલોરે; વિ૦
રામ કૃષ્ણ વિઠ્ઠલ મણિ નામે, કાઢો પાપી પોલોરે; વિ૦

પદ ૩૨ મું રાગ સદર.

વધુ વદું તો વાત વધે છે, ટુકી ટચ આ છેલીરે; ટેક.
જીવભાવથી દાસ તમારો, આજ્ઞા માનું પહેલીરે, વ.
આત્મ સમજથી સમાનતામાં, રંગે રહું છું રેલીરે, વ.
દ્વય ભાવે પર અભેદતામાં, તું હુ હું તું એલીરે, વ.
રામમણી તવ નામ ભજીને, કરૂં આનંદે કેલીરે વ.

મોંઘી એકાદશી.

પદ ૧ લું રાગ પ્રેમનો પંથ છે ન્યારો ઓધવજી.

વ્રજની દશા તો વિચારો, ઉધ્ધવજી વ્રજની દશા તો વિચારો ટેક.
કરી વિચાર પછીથી આપની, યોગની વાતો વિસ્તારો. ઉ.
જે કામે માધવે મોકલ્યા છે, કામ તે કેમ વિસારો. ઉ.
વિરહ વેદના જાણો કે ! ના ? વાતનો આણોને આરો. ઉ.
વ્હાલા વિના બીજી વાત ગમેના, મણિરામ પ્રેમ પંથ ન્યારો; ઉ.

પદ ૨ જુ રાગ સદર.

ઝાઝું હરિ શુ બોલાવો, થનાર થઈ ઝાઝુ હરિ શુ બોલાવો; ટેક.
ઠેકાણે થઈ સ્થિરજે બેઠાં, તેનાં ન ચિતડાં ડોલાવો; થ.
બાંધી મુઠી લાખની રાખો, બોટની બાજુના બોલાવો; થ.
બનવાનીજ હવે નથી બાકી, કરૂણા કાન જો લાવો; થ.
કૃષ્ણ મણિરામ હે દર્શન દેવા ! ફોતરા હવેના ફોલાવો; થ.

પદ ૩ જું રાગ સદર.

જગમાં થય છે હાસી, વિચાર કાન જગમા થાય છે હાંસી.
પંપાળીને પડના મેલ્યા, કંઠે ઘાલી પ્રેમ ફાંસી; વિ.
તારણ કરવા ત્રેવડ કરતાં, નાખને નઠોર નજર ત્રાંસી. વિ.
કજીયનુ મુળ હાંસી જેવું રોગનું મુળ છે ખાંસી; વિ.
કૃષ્ણુ મણિરામ રસાયણ હેતે, પાયુ પીધુ ઠાંસી ઠાંસો; વિ.

પદ ૪ થું રાગ એજ.

રોષ રાખ્યો શીદ જોવે, રમાળને, રોષ રાખ્યો શીદજોવે ટેક.
પતિત પાવન નામ ધરીને, પાપો પુરાં કાં ન ધોવે રસાળ ૧
વ્હાલપથી પોતાના કરીને, વિઠુલ કેમ વગોવે, રસાળ ૨
પય નિધિપેરે પ્રીતમ અમારાં, કાળજા કેમ વલોવે રસાળ ૩
કૃષ્ણ મણિરામ થઈ તારા જગમાં ઘેર ઘેર શીદને રોવે રસાળ ૪

પદ ૫ જુ રાગ એજ.

ઝાઝો ન થા કાન કપટી, કૃપાળ હવે, ઝાઝો ન થા કાન કપટી ટેક.
રાજ્ય વૈભવમાં રત્નાયો થઈ લોભમા જા માં લપટી કૃપાળ ૧
દેત્ર દયાઘનદે વરસાવી, દાની રાખમાં દપટી, કૃપાળ ૨
વિયોગ બાણે વિધ માં વાલમ, ચારે દિશે ઝાડી ઝપટી. કૃપાળ ૩
કૃષ્ણ મણિરામ અમે જો મરશું તો, ધુળ ભીજાશે ચપટી કૃપાળ ૪

પદ ૬ ઠું રાગ એજ.

રાજની રીત હવે આવી, તને તો હરિ; રાજની રીત હવે આવી ટેક
સિંહાસન ચડી બેઠો હાથે, ચક્ર ધર્યું ગયો ફાવી તને ૧
ચક્રને તેજે થઈને તીખો, તનડાં નાખમાં તાવી; તને ૨

અક્કલ તારી જાણી અમે તે સોંપી કુબ્જાને ચાવી તને ૩
કૃષ્ણ મણિરામ શુરવીરતા ભારી ગોપિયોને કરી બાવી; તને ૪

પદ ૭ મું રાગ એજ.

કેમ ગમતાં ન ગામડીયાં, હઠીલા હરિ, કેમ ગમતાં ન ગામડીયાં. ટેક.
દેશ વેશ જોઈને કાં વરણાગીયા, પાડતો ફર ચામડિયાં, હઠિલા.૧
ગમતાં નથી તો ગોવિંદ શાને, બેડોળ અમને ઘડિયાં; હઠિલા. ૨
ખાતો પીતો સુતો ફરતો સાથે, રમતાં લેતો રડવડિયાં; હઠિલા. ૩
કૃષ્ણ મણિરામ બહુ કહેવું ખોટું, થોડુ કર મીઠું પગે પડિયાં;હઠિલા.૪

પદ ૮ મું રાગ એજ.

જાતો જાણુ હરિ, માટી; હૈયેથી કહિ, જાતો જાણું હરિ માટી; ટેક.
કર તરછોડી ભાગે એમાં, શાણા ગયો શુ ખાટી; હૈયે. ૧
નબળાં પર બળ વાપરી, વિઠ્ઠલ ! કપટી જાય કાં ફાટી; હૈયે. ૨
બોધલાના બળ આગળ ઝુકયો, ખાધી લુખી લુખી બાટી; હૈયે. ૩
કૃષ્ણ મણિરામ જગ જાહેર ભક્તિ, કરવાની આ પરિપાટી; હૈયે. ૪

પદ ૯ મું રાગ સદર.

કાનુડા તું પર વારી, ગોપીજન, કાનુડા તું પરવારી, ટેક.
દુર્વાસા અપવાસી જેવા, તેવોજ તુ બ્રહ્મચારી; ગો૦
કામા કરી હવે થાકયો પાકયો, તેથી બેઠો પરવારી; ગો૦
યોગાદિક હવે સુખે કરજો, સ ગે ગ્રહી સારી નારી; ગો૦
કૃષ્ણ મણિરામ રસ પીધો અમે તો, કોઈની ચાલે ન કારી;ગો૦

પદ ૧૦ મું રાગ સદર.

ભોજન ભાવે ન ભાણે, વિયોગે હરિ! ભોજન ભાવે ન ભાણે; ટેક.
વલખી તલખી રાત વીતે છે, નિદ્રા ન આવે કોઈ ટાણે; વિ૦
ત્રીકમ તું તો તંતે ભરાણો, ત્રુટયા લગી તાર તાણે, વિ૦
શાંતિ દેવા સર્વેશ્વરજી, આવ આવ આ ટ ઝટ આણે, વિ૦
કૃષ્ણ મણિરામ તીર તીખાં વાગ્યાં, જેને તે વેદના જાણે. વિ૦

પદ ૧૧ મું રામ સદર.

જ્ઞાન તો રાખ રાખ ઘરમાં, વિજ્ઞાન ધામ, જ્ઞાન તો રાખ રાખ ઘરમા: ટેક.

હેજે એ વ્હાલી કુબ્જાને, પણ અમને પરહર માં; વિ૦
પ્રેમીએ ઉપદેશી જ્ઞાને, ધિમંત બોધો ઠર માં; વિ૦
તું ઉદ્ધવને કુબ્જા ત્રિપુટી, જ્ઞાને ગણો હરિહર માં; વિ૦
કૃષ્ણ મણિરામ સંદેશો ગોપિનો, સુણી લેખા નરવર માં; વિ૦

મણિદશક.

પદ ૧ લું રાગ મનસા માલણીજીરે ગોરખ જાગતા નર સેવજી. એ લય.

કામી કાગડા જીરે કુડા ! કળકળે શું કેમ જી,
કળકળે તું કેમ, બુરા ભર્યા ઝાઝા વ્હેમ. કામી! ટેક
આપ જેવુ જગે જાણ્યું, પથ ભુલ્યો એમજી,
માખી વિષ્ટા ઉપર બેઠી. જુએ વિષ્ટા જેમ. કામી
કપટ તારૂ કારણું શુ, તે ચુકાવે નેમજી ?
વિશ્વમાં વિશ્વાસ માવે, તાણી બાંધ્યું તેમ. કામી
છળ તજીને પાધરો થા, પરેશે કર પ્રેમજી,
આપ ચોખે વિશ્વ ચોખુ, થશે મળશે ક્ષેમ. કામી
ખોજ ચિંતામણી ખાસો, થાય લોઢુ હેમજી,
સાફ કર દિલ સાફ થાતો, રામ રાખે રહેમ. કામી

પદ ૨ જું રાગ સદર.

મનવા માલમી જીરે, તારો તજી દે ઉન્માદ જી.
તજી દે ઉન્માદ, જરી તો રાખને મરજાદ. મ. ટેક
તુ વડે તો માનવી છે. ધાન તુ મનુજાદજી,
જો ઉભો જમ રૂપ આ તો, ગ્રહિ કૃપાણ જલ્લાદ મ
સુધામય તજી ભોજનો કાં જોય ખોયા લાદજી,
લાદ ખાતા કેમ કીડા ! પામતો આલ્હાદ. મ
આજ સુધી જે થયું તે, કર હિસાબે બાદજી,
ગણ ફરી તું ભુલ્યો ત્યાંથી, કર હરિને યાદ મ
કામ હિરણ્યકશ્યપુનું, ન માને પ્રહ્લાદજી,
તેમ તું કર, રામ મણિનો તો કરે વરસાદ. મ

પદ ૩ જું રાગ સદર.

બુદ્ધિ બાવરી જીરે. પાડે સુતાને શું સાદજી,
સુતાને શું સાદ પાડે થાય તું બરબાદ. બુ. ટેક
કેફ કીધી આકરીને, પોઢીયા આગ્રાહજી,
હોકારા કર કેમ ગાંડી, વધારી વિવાદ બુ.
ઘોરતા જે ઘેનમાં તે, આપશેજ વિષાદજી,
કિલ્લમાં અગાપાય છે તે, શુણે શું ફરિયાદ બુ
રાવણાનુજ રૂપને, ઉઠાડવા તજ વાદજી,
ઘોઘારા ઘરડાય ભારો, સાંભળે કો નાદ બુ.
જાગતાને સેવતો તુ, પામ સાચો સ્વાદજી,
ધીર ધારી ગોત મણિ તો, રામ હેયે યાદ બુ

પદ ૪ થું રાગ સદર.

ચિંતા તે ચિતાજી રે, પડશો પાપીયા કાં આવજી,
પાપીયા કાં આવ, દાઝે અગ્ન ચુકે દાવ. ચિ ટેક.
વગર મીંડે મૃતક બાળે, છેક ક્રોધ પ્રભાવજી,
વધે મીંડુ જીવતાંને, પ્રજાળે ફિર તાવ. ચિં.
કાષ્ટ ખડકી કલ્પનાનાં, દિલે ના પ્રકટાવજી,
સહન થાશે ઝાળ તો ના, વિષમ છેજ બનાવ. ચિં.
ઉરે પ્રકટી ફિર બાળે, કુડા કરતી ઘાવજી,
શત્રુ જાણી દૂર કરવા, શાંપ ચિત્તે લાવ. ચિં.
તજી ચિંતા આ સુગીવા, ભલો ધારી ભાવજી,
મણી મઢીત હાથ કરને, રામ નામ સુનાવ. ચિં.

પદ ૫ મું રાગ સદર.

બચવાનું નથી જીરે, જગતમાં બુડવાનું સાવજી,
બુડવાનું સાવ, સાવો ક્ઠણ છે ભડકાવ બ ટેક.
વાડ ચીભડાં ભ્રમય કરતી, ક્યાં જાઈને રાવજી,
જો વળાવો ચોર લુંટી, કરે કોણુ બચાવ. બ.

ગુરૂ બગાડે શિષ્ય વૃતનો, થાય કેમ નિભાવજી,
માત મારે પુત્રને તો, તનુજનો ન ટકાવ. બ.
ભાળી તરસ્યાં જો સુકાંયે, સુધાનુંજ તળાવજી,
પ્યાસ કેમ છીપાવશે પછી, ઝેર કેરી વાવ. બ.
જ્યાં નજર કરી દેખીયે ત્યાં, બચ્યાનોજ અભાવજી,
મુકી આશા થા મણી તું, રામમાં ગરકાવ. બ.

પદ ૬ મું રાગ સહર.

ચાલ્યા રાજવી જીરે, જેનું નવેખડે રાજજી,
નવે ખડે રાજ, એણે મુકયાં અધુરાં કાજ. ચા. ટેક.
તાપ તનના તો ટળ્યા નહિ, મથી આવ્યા બાજજી,
ભીખારી થઈ ભીખ માગી, છેક છોડી લાજ. ચા.
રત્ન મંડીત મુકુટ ભારે, ભળ્યા ધૂળે તાજજી,
ખાધુ ખવરાવ્યુ ન ધનનાં, બુડયાં દરિયે જહાજ. ચા.
લુટી ખાતા જે પ્રજા તે, બન્યા જમનું ખાજજી,
વરી પરને લક્ષ્મી ચાલી, રહ્યા કહેતા નાજ. ચા
જુઠી કાયા જુઠી માયા, જુઠા સરવે સાજજી,
રામ મણી શીરતાજ કરીને, કાળ સામે ગાજ. ચા.

પદ ૭ મું રાગ સહર.

ધીંગાણું મચ્યું જીરે, ભારે પડે જો જો રીડજી,
પડે જો જો રીડ, જામી શત્રુઓની ભીડ; ધીં. ટેક.
કાળ રાજા મહી મોટો, સેન ઉલટયાં ટીડજી,
દાવ સાંધી ચડી આવ્યો, ચડી ભારે ચીડ; ધીં.
પલ સ્વરૂપી કોટી ચોટયાં, બાણુ જેવી કીડજી,
સહન શુરાથી ન થાયે, પ્રસવ કેરી પીડ; ધીં
આગ મુકી આકરીને, જીંદગાની બીડજી,
ઉઠયું સળગી હાય ! અંધા ! શું હસે ખીડ ખીડ. ધીં.
રામજી મણી રૂપ ચોધ્ધો, સંગ લઇને હીંડજી,
અભયકર ને કરી અગવો, શત્રુ સામે ભીડ; ધીં.

પદ ૮ મું રાગ સદર.

જીવડા જાગીને જીરે, સાચા સંયમીને શોધજી,
સયમીને શોધ પૂરો, પામ તોજ પ્રબોધ; જી. ટેક.
જ્યાં ખરા ઉપદેશ કેરી, ધાર વરસે ધોધજી,
ધોઈ નાખે નીચ કીચડ, કામ સાથે ક્રોધ; જી.
મોહ મમતા તિમિરનો જે, કરે જ્ઞાને રોધજી,
પડાવે જે અજા સાથે, આકરોજ વિરોધ; જી.
કાળ સન્મુખ લડી શકવા, શરા પૂરા જોધજી,
ખોજ કરીને સંગ કરવા, નામની લે નોંધ; જી.
નિજ પ્રભામાં જે મીલાવે, આપી આપ સુબોધજી,
રામ મણીમાં " હું " પણાનો, કરાવેજ નિરોધ; જી.

પદ ૯ મું રાગ સદર.

રૂડા રામને જીરે, રીગા ! રીઝ ભજ કે ખીજજી,
રીઝ ભજ કે ખીજ તોયે, જડે ભકિત બીજ; રૂ ટેક.
ભાવથીજ અભાવથી એ, જો ભજે હરગીજજી,
નિજ સ્વભાવે નિજ રૂપે, કરે એવી ચીજ; રૂ
હા ! નિશાશા નાખતાં, સસારમાં નવ છીજજી,
ભજન છાંયે એમ ટળશે, બીક આ તપનીજ; રૂ.
ઉંધું ચતું ના જોવાતું, ઓરણીમાં બીજજી,
ભૂ પડે જળ જો મળે તો, આશ ઉગવાનીજ; રૂ.
રામ મણી ભજ કોઈ રીતે, બીજ જેવી ત્રીજજી,
જગત આખું જાણજે તું, ગગન ઝબુકી વીજ; રૂ.

પદ ૧૦ મું રાગ સદર.

હાલો હંસલાજીરે, આપણા દેશનો લ્યો પંથજી,
દેશનો લ્યો પંથ, જાણો જોઈ જૂના ગ્રંથ; હા ટેક.
કોણ તું આવેલ કયાંથી, કોણ તારો કંથજી,
કેમ અમારે શીદ આવ્યો, ક્યાં જવું ગુણવંત; હા.
વિચારી ના વાદ; કીધા, હા ! નકામા તંતજી,

ભૂલમાં ભટકાઇ મરતાં, આજ આવ્યો અંત; હા.
ચેતવા તક આજ સારી, શોમીયા કર સંતજી,
હે વહાલું લોંઠકુંને, પૂછ રાખી ખંત; હા.
જે બતાવે સ્વાનુભવિયા, સાહ મંથ સહુંતજી,
રામ મણિમય ધામ મળશે, સ્વભાવે વિલસંત. હા.

શ્રી રામ વધાઈ

પદ ૧ લું રાગ વધામણીનો.

આજનો સુદીન ઘડી શુભ છે. વધામણી. ટેક.
યોગ લગ્ન ગ્રહ તિથી સુવાર રે, સુ ભક્ત ભલા આપીયે વધામણી;
ચૈત્ર માસ શુકલ પક્ષ શાંતિદા, વ. નોમ શનીવાર સુખકાર સુ.
પુલકયાં તન રૂહ આ ચરાચરે, વ. વર્ષે વિબુધ પુષ્પ માળરે સુ.
ગગને ગાજંત દેવ દુદુભી, વ માતા મન મોદમાં રસાળરે સુ.
ઝીલે સહુ લોક તો આનંદમાં, વ પ્રેમે હિલ છેક છલકાયરે સુ.
શાતિ ને સુખ સુધા વર્ષતાં, વ હર્ષે ઉર સર્વ ઉભરાયરે સુ.
છેજ ટાઢ તાપની સમાનતા, વ શીત મંદને સુગંધી વાયરે સુ.
વિશ્વમાં પ્રકાશ પુરો જળહળે. વ. પ્રકટયા મણિરામ શુચી કાયરે સુ.

પદ ૨ જું રાગ સદર.

જઇ પુગી સભા વિષે પિતા કને વધામણી,
પામ્યા છે પરમ આનંદ રે. સુ.
વિપ્ર ગુરૂને બુલાવી દશરથે, વ. આપ્યાં સનમાન સહુ દાનરે સુ.
સુણતાં હા ! શુભ નામ જેહનુ વ. આવ્યો મમ ઘેર પ્રભુ તેજરે સુ
સમજી એ ભાવ વડે હૃદયમાં, વ. ઉછળે આનંદ નિધિ આપરે સુ.
જાત કર્મ કીધ આવી મંદીરે, વ. વેદમાં વિહિત જે અમાપરે સુ.
વેદ ધ્વનિ ગાન શંખ નાગરા, વ ભેરી શરણાઈના સુનાદરે સુ
કેતુ ધ્વજાને સુ તોરણે, વ શોભે છે અગમ આનંદરે સુ.
રાયે લુટાવી બધી સંપદા, વ. પ્રકટયા મણિરામ અવનીશરે સુ

પદ ૩ જું રામ સાદર.

દ્વાર ભીડ ભાટ સુત ચારણો, વ. ગાતા યશ ગાન અવિનાશરે સુ.
સહજે શ્રૃંગાર ધરી ભામિની, વ. ગાતીજ દે તે આશીષરે સુ.
ચિરંજીવ હો સદા ભુમી પરે, વ. દશરથ નંદન દેવરે સુ.
અબિલ અગર કેસરને કસ્તુરી, વ કકુને અરગજાનો કીચરે સુ.
જામ્યો સૌ શેરીએ શેરીએ, વ. પ્રેમ ભરી પ્રજા ભુલી ભાનરે સુ.
ધેનુ મણિ વસ્ત્ર વાજી હાથીઓ, વ. દીધાં છે દાન તો અપારરે સુ.
જે જે ચાહે તે પામતા, વ. સોનારાં હેય પારાવારરે સુ.
સત ભુમી સુર સૂર સુખમાં, વ. રાચે ગુણ ગાય મણિરામરે સુ.

પદ ૪ થું રામ સાદરે.

સુકૃત ને સુખ સિંધુ સીકરથી, વ. હરિ હરને અજની પ્રભુતાઈરે સુ.
અવધે તે સુખ સિંધુ ઉલટીયો, વ. દશે દીશા દીશે ડુબાડુબરે સુ.
સૂર્ય દેવ થંભી ઉભા ભાનના, વ. વંશના ભિકારો ગુલતાનરે સુ.
શીવ સંગ કાક રૂપિ મલપતા, વ. અવધે ઘુમે છે મસ્તાનરે સુ.
નારી નર નેહ નિધિમા ડુબ્યાં, વ વિત વિસારીને દેય દાનરે સુ.
રામમાં મતિ ને ગતિ જેહની, વ. તેની ગતિ આવીછે વિખ્યાતરે સુ.
અચળ ને અનૂપ ભકિત નાથની, વ. પામ્યાં અવતાર કર્યો ધન્યરે સુ.
એ કૃપા વડેજ રાચી રંગમાં, વ. ગાયે ગુણ રામ મણિદાસરે સુ.

પદ ૫ મું રાગ શું નટચર વસંત થૈ થૈ નાચી રહયો.

હા ! અવધે આનંદ આજ જામી રહ્યો,
જામી રહ્યો ને જમાવી રહ્યો; હા. ટેક.
મગળમાં મંગળ મચ્યું, મગળ કોશલપૂર,
મંગળ નીધી પ્રકટયા થકી, ઉછળે મંગળપૂર;
પ્રેમે નરનાર ઝીલે, આનંદ સાગરે.
જન્મેં લાભ કાક છતા પામી ગયો,
પામી ગયો ને પમાવી ગયો; હા.

સા ખેલે ભુલી ભાન, મન મસ્તાને રે,
ગઇ હું પદ કેરી સાન, તન્મય તાનેરે;
પ્રકટી રસીયાએ કર્યાં સૌને નિજ રસ રૂપ,
ભભક ભરી બ્રહ્માંડમાં, છાયું રામ સ્વરૂપ,
ગાન તાન ભાન સાન, રામ રસે રાચીયાં.
રામ મણી ચર્ણે શીર નામી રહ્યો,
નામી રહ્યો હું નમાવી રહ્યો. હા.

માણિકય પંચક.

પદ ૧ લું રાગ શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો.

દુઃખે ડુબશો જીતેલ બાજી હારશો કદિ,
હારશો કદિ કે હરાવશો કદી; દુઃખે ટેક..
તક આપી છે ત્રીકમે, હૈયે ધારી હેત,
ખોશો માં ખંધાઈથી, થઇ માનવમાં પ્રેત,
ભળશો ભુતાવડે ઉતાવળે ન બાપુડા!
ગાય છોડી ગધ્ધા નહિ ચારશો કદિ,
ચારશો કદિ ના ચરાવશો કદિ, દુઃખે.
ખરી ગોતો ન દુધને કાજ, કામધેનુ ત્યાગી,
તજી દેવતરૂ ઘર ઘર કેમ, મરવું ભીખ માગી;
ઊંધી ટેવ તમામ તે, ટાળો રાખી હામ,
પ્રસન્ન આપ પરે સદા, શુભકારક મણિરામ,
એ કૃપાળ વગર લેખ છેકાશે ના કુડા;
ના ભવાબ્ધિ પાર નાવ તારશો કદિ,
તારશો કદિ ના તરાવશો કદિ; દુઃખે.

પદ ૨ જું રાગ સદર.

તમે ભજન વિના વય નકામું ગાળશો નહિ,
ગાળશો નહિ ને ગળાવશો નહિ; તમે ટેક.
ચિંતામણિ નર તન મળ્યું, રત્ન રાંકની ગાંઠ
ફુટવા દેશો નહીં કદી, લંપટતાથી લાંઠ;

નાવડું ભવાબ્ધિ પાર પૂગવા તણું એ.
કર્મ કુડા વન્હિ વડે, બાળશો નહિ,
બાળશો નહિ ને બળા શો નહિં; તમે.
આ મોંઘું માનવ તન, દુર્લભ દેવોને,
આપ્યું છે હરિએ હાથ, શ્રીવર સેવોને;
સદ્ગુરૂ સંગ લઇ કરો, જન્મ સફળ થઇ શૂર.
અફળ કરી અફળાઇને, ભાગો મા થઇ ભૂર,
વાર વાર શું પુકારી, બોલવું ઘણું એ,
રામ મણિ વગર બીજું ભાળશો નહિ,
ભાળશો નહિ ને ભળાવશો નહિ, તમે.

પદ ૩ જું રાગ સદર.

ગ્રહી એક ટેક નેક કદિ ટાળવી નહિ,
ટાળવી નહિ ને ટળાવવી નહિ, ગ્રહી. ટેક.
બાપૈયો નિજ ટેકથી, વિશ્વ વિષે વખણાય,
સંગે હસ વિવેકથી, વેદે પણ વચાય;
ટેકને વિવેક વડે ધાવું ધર્મ પથમાં.
દિલને દઢાવી ટેક પાળવી સહી,
પાળવી સહીને પળાવવી સહી; ગ્રહી.
રીઝવવાને જગનાથ, ટેકજ ટેકો છે,
આચાર વિવેક વિચાર, એકજ એકકો છે,
વાત લીધી તજવી નહિ, તો વિશ્રાંતિ ઠામ
દેશે ખાસ દયા વડે, માયાળુ મણિરામ.
સિદ્ધ એ સિદ્ધાંત વાત, વર્ણવી સુગ્રંથમાં;
ચળિત વૃત્તિ ધૈર્યતાથી, વાળવી અહિં,
વાળવી અહિં ને વળાવવી મહિં, ગ્રહી.

પદ ૪ થું રાગ સહર.

અમે રામ નામ વગર, અન્ય જાણતા નથી,
જાણતા નથી હા ! જણાવતા નથી; અમે. ટેક
સાધનમાં પણ તેજ છે, સાધ્ય ખરૂં પણ એજ,
સાધ્ય સાધને ઐકયતા, એ વેદાંતજ છેજ;
ભક્તિ ભાલાથી ભલું ખેલવું સુજ ગમાં.
શાંતિમાં અશાંતિ રતિ આણુતા નથી,
આણતા નથી હા ! અણાવતા નથી; અમે.
જવુ ભવસાગરને પાર, નામ મૂખે લેતાં,
રકોને રાખી રીઝ, અન્નદાને દેતા;
નામ વિના લેવા તણી, સાફ ઘસીને "ના"જ
જીવ સાહત દેવા તણી; હા હા હા ને "હા"જ
શાકત સ્વયમાત્મ મણિ, રામ નામ સગમાં;
મોહ માયા મોજ મદે માણતા નથી,
માણતા નથી હા ! મણાવતા નથી, અમે.

પદ ૫ મું રાગ સદર.

આજ રામ રંગ સંગ દીલ બૂડી ગયુ,
બૂડી ગયું જગ બૂડાવી ગયું; આજ. ટેક.
રગ રગે રગમા ચડયો, ઉછળે ઉત્કટ આપ,
બ્રહ્માડે પીંડે બધું, ભાવ્યું રંગ પ્રતાપ,
વેરી વ્હાલાથી રમું, સામ્યે આનદમાં,
વેર વ્હાલ વિશ્વનુંજ ઉડી ગયુ,
ઉડી ગયું જગ ઉડાવી ગયું, આજ.
ભય ભેદાદિકનાં ભાન, દૂરતા પામેલાં,
નિર્ભયતા સાથ અભેદ, પ્રેમે જામેલા;
યોગ વિયોગ સહુ ગળ્યા, આપે આપ અભિન્ન.
રામ મણિ મળતા થયા, સશય સર્વે છિન્ન;
મસ્તિ મસ્તાન તાન માણુ સ્વાનંદમાં,
વિશ્વ ભાસ ખાસ ચીત્ત ગુડી ગયું,
ગુડી ગયું જગ ગુડાવી ગયું; આજ.

ચતુર ચોક,

પદ ૧ લું રાગ ધીરાનો ધડુસલો.

હાથી આવ્યો તો આજ શહેરમાં, કહો ખબર પડે કેમરે; ટેક.
ઉંઘતાં હતાં લોક નગરનાં, કહો જાણું થયું જેમ રે. હા.
ભુંકે ન હુંકે ન હણુહણે રે, નથી ભસવાની ટેવરે;
ભાંભરે નહિ ન છીંકોટા કરે, કોની માગે ન સેવ રે. હા.
ખરી તથી નથી હ્રાબડો રે, પડછંદો ન થાય રે;
મદ ઝરતો ને મલપતો, ઉભી બજારે જાય રે. હા.
અર્ધ નિશાએ એકલો રે, આવી પુગ્યો મુકામરે;
નિંદ્રાના ઘેનમાં ઉંઘતાં, પ્રજા જાણે ન નામ રે. હા.
ઘોઘરડા ઘરકે ઉલમાં રે, ચડી ગઇ ઘસઘસાટ રે;
હરિજન હાથીની પાછળે, પડ્યા નિંદક ત્યાં ભાટરે. હા.
ભાટ બનીને શ્વાન ઉઠીઆરે, કીધો હોકારો ખુબરે;
હાથીની ઓળખાણ આપવા, હડી મેલી ધરી હુબરે. હા.
ચાલી ચારણ માખી ટોળીઓ રે, કરે અતિ બણબણાટરે;
વહીવંચા મચ્છર પુગીઆ, કીધો ઘણો ગણગણાટરે. હા.
વહીવંચા ચારણ ભાટનાં રે, પુરાં પુન્ય પ્રતાપરે;
જાગી પ્રજા કરિ ઓળખી, પુજ્યો પુષ્પે અમાપરે. હા.
હાથી ભક્તો પ્રભુ રામનાં રે, પુજાવ્યાની ન ચાડ રે;
નિંદાખોરો પરખાવતાં, પુરો માનું એ પાડ રે. હા

પદ ૨ જું રાગ જેસલ કરી લે વિચાર. એ લય.

મનજી તજી દે ઉચ્ચાટ, તારા ઉખેડી લે કાટ,
સાચું ખાટવાનું ખાટ, હાલોને મનજીરાજ;
વ્હેમરે તજી વ્હાલા વળિયે, રૂડાંગે રસીયા રંગ રીઝે રળિયે રે.ટેક.
મનતું માન હજી એ માન, સમજી સદ્દગુરૂનો સાન,
ધરને ધણિ કેરૂં ધ્યાન; હાલોને. ૧
મનવા અન્ય આશ્રય છોડ, પ્રભુજી સાથ પ્રીતિ જોડ,
પૂરા થશે સર્વે કોડ; હાલોને ૨

મૂર્ખા ! મૂકી દે મર્યાદ, હરખા મણિ લઇ, કર યાદ
રૂડા રામ. દેશે દાદ હાલાને ૩

પદ ૩ જું રાગ જીવને સમજાવી કહુ સાચુ. એ લય.

આત્મા ! અમર સ્વરૂપ તારૂ, જાણ્યાનુ માનવ તન તો ખરૂં ખારૂં.
માણ્યાનુ માનવ તન તો ખરૂં ખારૂ. ટેક.
વિવેકે વિશાળ લ્હાલા કરી લે વિચારો, ગણીમાયિક સુખ ખારૂં જાણ્યા ૧
વિસ્નારી વિરાગવેળા ગયેલીને વાળી, કરી નેત્ર પડળન્યારૂં. જાણ્યા.૨
શાસ્ત્ર સપત્તિ સગ્રહ કરી લેતા, દેઆવો લે ઉર ધારૂં. જાણ્યા.૩
મોક્ષની ભૂખ એ સાધને લાગે, પછી ગુરૂ પદ કર પ્યારૂં જાણ્યા ૪
ગુરૂ વચનામૃત પાન કરી પ્રીતે, મૂકી દે મારૂ મારૂ જાણ્યા.૫
જાણી માણી પ્રભુરામ બધામા, મણિમય તામા સાર, જાણ્યા ૬

પદ ૪ થું રાગ સોરઠ ત્રિતાલ.

મારા અતરના આરામ અવસરે આવજો રે,
અરજ આજીજી અલબેલા લક્ષે લાવજો રે. ટેક.
જ્યારે ગેમી ગોળા છૂટે, આ કાયા ગઢ જમડા લૂટે,
દરવાજો તૂટે કે પદ પધરાવજો રે મારા૦
તન મછવો ભવદરિયે બૂડે, પ્રાણ પખી પીંજરથી ઉડે,
કાળ અચાનક ગુડે, ત્યાજ બચાવજો રે, મારા૦
આખ ફરી થાયે જ્યા આડી, નાક તણી ઠરડાયે ડાંડી,
વશમી મૃત્યુ ખાડી, હરિ ઉતરાવજોરે, મારા૦
કાળજ ફડકે શ્વાસજ ઉઠે, ઇન્દ્રિયના અધિ દેવો રૂઠે,
ત્રીકમપુરી ત્રુટે, લક્ષ રખાવજો રે, મારા૦
ઘરડ ઘરડ ઘડકો જવ ચાલે, ત્રુટે નાડી ત્યારે લ્હાલે,
ગણીને પડીયો પાલે દુગ દરશાવજો રે, મારા૦
ડચકુ આવે છેલ્લુ જ્યારે, પ્રભુતાને પરખાવા પ્યારે,
મણિમય જયોતિ ત્યારે, રામ મિલાવજો રે, મારા૦

ૐ શાંતિઃ શાંતિઃ ૐ શાંતિઃ

રામ.